Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Teraiya, Jagat R., 2011, "શૈવ પુરાણોમાં શિવનું સ્વરૂપ : એક સમીક્ષાત્મક અધ્યયન", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/891

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

Reg. No. 3950 Date of Reg. 31/07/2008

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, વિનયન વિદ્યાશાખાના સંસ્કૃત વિષયમાં
Ph.D. ની પદવી માટે પ્રસ્તુત

# મહાનિબંધ (Thesis)

:: શીર્ષક ::

"શૈવ પુરાણોમાં શિવનું સ્વરૂપ : એક સમીક્ષાત્મક અધ્યયન"

**(A CRITICAL STUDY OF DEPICTION OF SHIVA IN THE SHAIVPURĀNAS)**

:: પ્રસ્તુતકર્તા ::


**તેરૈયા જગત આર.**
ટી.જી.ટી.(સંસ્કૃત), કેન્દ્રીય વિદ્યાલય,
ઓ.એન.જી.સી., શિવસાગર,
આસામ


:: માર્ગદર્શક ::


**ડૉ. નવનીત જે. જોષી**
અધ્યક્ષ અને પ્રો.–ઈન–ચાર્જ
સંસ્કૃતવિભાગ અને અનુસ્નાતક કેન્દ્ર
એમ.બી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,
ગોંડલ


ઈ.સ. ૨૦૧૦

# CERTIFICATE

*This is to certify that the content of*
*this thesis entited.*

**"શૈવ પુરાણોમાં શિવનું સ્વરૂપ : એક સમીક્ષાત્મક અધ્યયન"**

**(A CRITICAL STUDY OF DEPICTION OF SHIVA IN THE SHAIVPURĀNAS)**

*is the original work of* ***Mr. Jagat Teraiya*** *carried out under my supervision. I further certified that work has not been submitted either partly or fully to any other university or institution for the award of any degree.*


**(Prof. Navneet J. Joshi)**
Head & Professor - in - charge
Dept. of Sanskrit with P.G.Center,
Shri M.B.Arts & Commerce college
Gondal.

# STATEMENT

I here by declare that the work incorporated in the present thesis is original and has not been submitted to any University or Institute for the award of a Diploma or Degree.

I further declare that the results presented in the thesis consideration made there-in, contribute in general to the advancement of knowledge in Sanskrit and in particuler to -

**"શૈવ પુરાણોમાં શિવનું સ્વરૂપ : એક સમીક્ષાત્મક અધ્યયન"**

**(A CRITICAL STUDY OF DEPICTION OF SHIVA IN THE SHAIVPURANĀS)**

(Jagat R. Teraiya)
Candidate

# નિવેદન

પૌરાણિક સંસ્કૃતિ ભારતની પ્રાચીનતા અને સનાતન સંસ્કૃતિનો બોધ કરાવે છે. ઋષિ મનીષાની એક ખોજ, એક વિચારધારા કે જે હજારો વર્ષ પૂર્વે આકાશની છત હેઠળ, લીલાંછમ્મ વૃક્ષો અને પવિત્રનદીઓના સાન્નિધ્યમાં, પાવન અને અલૌકિક દિવ્યવાતાવરણયુકત આશ્રમની ઉચ્ચ ભૂમિકામાં આસનસ્થ થઈ, વેદવાણી 'સર્વે સન્તુ નિરમયાઃ ''વસુધૈવ કુટુમ્બકમ્' અને 'સમાનીપ્રપા' આદિ વેદ–વચનો ઉદ્‌ઘાટિત કર્યાં છે, જે ભારતીય સંસ્કૃતિનો અજસ્ત્ર પ્રવાહ બન્યો. તે પ્રવાહનો એક વિશ્રામઘાટ અર્થાત્– પુરાણ. આધુનિક વિજ્ઞાન કદાચ હજું સૈકાઓ પછી જાણી શકે એવું સનાતન સત્ય ઋષિઓએ હજારો વર્ષ પહેલાં શોધી કાઢયું, અને તેને સામાન્ય માનવ સુધી વિવિધ રીતે પહોચાડયું, આવા જ સનાતન સત્યોમાંનું એક સત્યછે–આ પૃથ્વીની રચના સંબંધિત સત્ય. આ પરમ સત્યની શોધ, ઋષિઓએ પોતાની કઠિન અને દિવ્ય તપશ્ચર્યાથી કરી અને અનુભવ્યું કે, આ વૈશ્વિક ચેતનાને ચલાવનાર શકિત કોઈ છે, જે આ બ્રહ્માંડનું કારણ છે. તે શકિત જ આ સૃષ્ટિનું સર્જન, પાલન અને સંહાર કરે છે. આ ત્રણ શકિતઓને અંગ્રેજી માં 'GOD' કહે છે–(G=Generator,O=Operator,D=Destroyer). જેને બ્રહ્મા, વિષ્ણુ અને શિવ જેવી સંજ્ઞાઓ આપી.

ત્રણે શકિતઓનાં ગુણ આધારિત (સત્વ,રજસ અને તમસ) વિભાજન થયાં. તદનુસાર, કાર્યની પણ વહેંચણી થઈ. અન્તતઃ એ સિદ્ધ થયું કે, સત્ત્વગુણના અધિષ્ઠાતા દેવ બ્રહ્મા કે જે આ સંસારની ઉત્પત્તિ કરે છે. રજોગુણાધિષ્ઠાતા દેવ વિષ્ણુ કે જે સૃષ્ટિનું પાલન કરે છે અને તમોગુણ અધિષ્ઠાતાદેવ શિવ કે જે સૃષ્ટિનો સંહાર કરે છે. ભારતીય દર્શનમાં ત્રણે દેવોનું વિશિષ્ટ મહત્ત્વ છે, શૈવ અને શાકત સમ્પ્રદાયનો વ્યાપ ઘણો વિશાળ છે. શિવની શકિત દેવી પાર્વતી છે.

શિવની સ્તુતિ વેદોમાં 'त्र्यम्बकं यजामहे' થી લઈને પ્રશિષ્ટ સાહિત્યમાં પુષ્પદન્ત 'महिम्नः पारं ते' અને કાલિદાસ 'वागर्थाविव सम्पृक्तौ' સુધી સૌએ કરી છે. ભલે શિવ વિસર્જનકારી હોય, ભલે તે તમોગુણના અધિષ્ઠાતા હોય, તેમ છતાં શિવના કલ્યાણકારી, કરૂણામય અને અન્ય વિભિન્ન સ્વરૂપોનું વર્ણન પણ પુરાણોમાં થયું છે. શિવને સૌથી ઉદાર દેવ તરીકે પુરાણ તેમજ અન્ય પ્રશિષ્ટ સાહિત્યમાં પણ વર્ણવાયા છે. 'શિવ'નો શબ્દાર્થ જોતાં પણ 'કલ્યાણ' એવો જ અર્થ સરે છે. 'अमङ्गल्यंशीलं तवभवतुनामैवमखिलं તથા पिस्मर्तृणां वरद परमं मङ्गलमसि'–

પ્રમાણે શિવનું સ્વરૂપભલે દેખાય અમંગલ, પરંતુ ભકતોને માટે તો તેનું સ્મરણ પણ મંગલકારી છે. જો કે, ત્રણે શકિતઓ (બ્રહ્મા, વિષ્ણુ અને શિવ) ના સ્વરૂપ અને શકિતઓ વિશે પુરાણોમાં વિસ્તૃત ચર્ચા થઈ છે. એક મત પ્રમાણે, અષ્ટાદશ પુરાણોમાં દશપુરાણો શિવસ્તુતિ પૂરક છે, ચાર બ્રહ્માની અને બે–બેમાં હરિ અને દેવીની સ્તુતિ જોવા મળે છે.

આમ, સૌથી વધુ સંખ્યા શૈવપુરાણોની છે. તદુપરાંત, રામાયણ, મહાભારત અને કાલિદાસથી લઈ, કવિ જગન્નાથ તેમજ આધુનિક સાહિત્યમાં પણ શૈવપરક ચિંતન, મનન અને સ્તુતિ થતાં જ રહયાં છે. શિવનું સ્વરૂપ અગાધ અને અલૌકિક છે. આજ સુધી તેનુંવર્ણન 'ઈદમિત્થમ્' કોઈ જ નથી કરી શકયું અને કરી શકે પણ નહીં. પુષ્પદન્તનાં શબ્દોમાં કહીએ તો 'अथावाच्यः सर्वः स्वमतिपरिणामावधिगृणन्' મુજબ બધા પોતપોતાની મતિ અનુસાર શિવતત્ત્વને નિરૂપિત કરી શકે, પરંતુ તે તત્ત્વ તો અપાર, અગાધ અને અલક્ષ્ય જ છે. આ જ પરંપરાનું અનુસરણ કરતાં, વિવિધ પુરાણોમાં વર્ણિત શિવના સ્વરૂપને જ્ઞાનીઓ, મુમુક્ષુઓ અને વિચારકો કઈ રીતે વધુ સ્પષ્ટ સમજી શકે, તેવા હેતુથી એક સમીક્ષાત્મક અધ્યયન દ્વારા આ મહાનિબંધમાં પ્રતિપાદિત કરવામાં આવેલ છે.

શૈવપુરાણોમાં વર્ણિત શિવના સ્વરૂપને યથાયોગ્ય તેમજ મૌલિક રીતે વર્ણવવા માટે વાયુ આદિ એકાદશ પુરાણોનો મુખ્યતઃ સંદર્ભગ્રન્થ તરીકે ઉપયોગ કર્યો છે,જેજૂદા જૂદા વિદ્વાનો અને પ્રકાશનો દ્વારા પ્રકાશિત થયેલાં છે. તદુપરાંત, વર્ણ્યવિષયનેસુયોગ્ય ન્યાય આપી શકાય તે હેતુથી અન્ય સંદર્ભગ્રન્થોનો પણ ઉપયોગ કર્યો છે, જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી–રાજકોટ, સાંદીપનિ વિદ્યા નિકેતન – પોરબંદર, એમ. બી. કોલેજ – ગોંડલ લાઈબ્રેરી તેમજ મારા માર્ગદર્શકશ્રી ડા.નવનીતભાઈ જોશી તેમજ અન્ય વિદ્વાનો પાસેથી પ્રાપ્ત થયા છે.

મારા આ સંશોધન–કાર્યમાં સંદર્ભગ્રન્થથી લઈને નવી વિચારશૈલી, નવો દષ્ટિકોણ તેમજ નવી સૂઝ આપનાર મારા પથપ્રદર્શક ડૉ. નવનીતભાઈ જોશીને માત્ર પ્રણામ જ કરી શકું, કારણકે તેમનાં સચોટ માર્ગદર્શન, પ્રેમાળ અને વાત્સલ્યપૂર્ણ સ્વભાવ, ઉત્સાહવર્ધક સંવાદો વગર આ સંશોધનની કલ્પના પણ ન થઈ શકે. તેમજ તેમના ધર્મપત્ની શ્રીમતી આરાધનાબહેનને પણ હૃદયપૂર્વક પ્રણામ કરૂં છું તેમજ ઋણ સ્વીકાર

કરૂં છું. મારા પિતાશ્રીના આશિષ અને એમણે આપેલ સંસ્કારો પણ આ સંશોધનનાં મૂળમાં રહેલ છે. અનુજ જયદેવ અને મારી ધર્મપત્ની પૂનમ દ્વારા સંશોધન દરમ્યાન સતત ઉત્સાહવર્ધન તેમજ પૂર્ણ સહયોગ પણ ઉલ્લેખનીય છે. નીરૂપમા બહેન અને જીજાજીએ પણ મને સતત પ્રોત્સાહન અને આગળ ધપવાની ધગશ પુરી પાડી છે. આ સંશોધનકાર્યની શરૂઆતથી જ જે મારૂ પ્રરકબળ હતી, તે મારી મમ્મી આ સમયે જરૂર ખુશ થઈ, દેવલોકમાંથી મને આશિર્વાદ આપતી હશે. આ સંશોધનનો શ્રેય તેને જ આપું છું.

પ્રસ્તુત મહાનિબંધના મૌલિક શોધકાર્યથી જરૂર શૈવપુરાણોમાં વર્ણિત શિવનું સ્વરૂપ સરળતાથી સમજી શકાશે, પ્રસ્તુત શોધ–પ્રબંધને તૈયાર કરવામાં શકય તેટલી સજાગતા વર્તી છે, છતાં માનવ સહજ અપૂર્ણતાને કારણે કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો સુધીજનો ઉદાર હૃદયે ક્ષમા કરશે, એવી આશા સાથે.....

– તેરૈયા જગત આર.

# "શૈવ પુરાણોમાં શિવનું સ્વરૂપ : એક સમીક્ષાત્મક અધ્યયન"


પ્રકરણ–૧ પુરાણનો અર્થ અને વિકાસ

પ્રકરણ–૨ પુરાણ–લક્ષણ અને વિભાજન

પ્રકરણ–૩ શૈવપુરાણોનો સંક્ષિપ્ત પરિચય

પ્રકરણ–૪ સંસ્કૃત ગ્રન્થોમાં શિવનું સ્વરૂપ

પ્રકરણ–૫ શૈવપુરાણોમાં શિવનું સ્વરૂપ

પ્રકરણ–૬ ઉપસંહાર

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| **પ્રકરણ–૧** | **પુરાણનો અર્થ અને વિકાસ** | **૧ થી ૫૩** |
| ૧.૧ | પ્રસ્તાવના | ૧–૧૦ |
| ૧.૨ | 'પુરાણ' શબ્દનો અર્થ | ૧૧–૧૫ |
| ૧.૩ | પુરાણનો ઉદ્ભવ | ૧૬–૨૯ |
| ૧.૪ | પુરાણનો વિકાસ | ૩૦–૪૩ |
| | પાદટીપ | ૪૪–૫૩ |
| **પ્રકરણ–૨** | **પુરાણ–લક્ષણ અને વિભાજન** | **૫૪ થી ૮૩** |
| ૨.૧ | પુરાણ–લક્ષણ | ૫૪–૬૧ |
| ૨.૨ | ગુણ આધારિત વિભાજન | ૬૨–૬૫ |
| ૨.૩ | દેવ તથા સમ્પ્રદાય આધારિત વિભાજન | ૬૬–૭૧ |
| ૨.૪ | પુરાણ અને ત્રિદેવ | ૭૨–૭૮ |
| | પાદટીપ | ૭૯–૮૩ |
| **પ્રકરણ–૩** | **શૈવપુરાણોનો સંક્ષિપ્ત પરિચય** | **૮૪ થી ૨૦૫** |
| ૩.૧ | શિવપુરાણ | ૮૪–૯૩ |
| ૩.૨ | ભવિષ્યપુરાણ | ૯૪–૧૦૮ |
| ૩.૩ | માર્કન્ડેયપુરાણ | ૧૦૯–૧૨૫ |
| ૩.૪ | લિંગપુરાણ | ૧૨૬–૧૩૪ |
| ૩.૫ | વરાહપુરાણ | ૧૩૫–૧૩૮ |
| ૩.૬ | સ્કન્દપુરાણ | ૧૩૯–૧૪૪ |
| ૩.૭ | મત્સ્યપુરાણ | ૧૪૫–૧૫૮ |
| ૩.૮ | કૂર્મપુરાણ | ૧૫૯–૧૬૯ |
| ૩.૯ | વામનપુરાણ | ૧૭૦–૧૭૪ |
| ૩.૧૦ | બ્રહ્માંડપુરાણ | ૧૭૫–૧૮૦ |
| ૩.૧૧ | વાયુપુરાણ | ૧૮૧–૧૯૨ |
| | પાદટીપ | ૧૯૩–૨૦૫ |

| | | |
|---|---|---|
| **પ્રકરણ–૪** | **સંસ્કૃત ગ્રન્થોમાં શિવનું સ્વરૂપ** | **૨૦૬ થી ૨૭૭** |
| ૪.૧ | પ્રસ્તાવના | ૨૦૬–૨૧૨ |
| ૪.૨ | સંહિતાઓમાં શિવનું સ્વરૂપ | ૨૧૩–૨૩૦ |
| ૪.૩ | બ્રાહ્મણગ્રન્થો અને આરણ્યકોમાં શિવનું સ્વરૂપ | ૨૩૧–૨૩૬ |
| ૪.૪ | ઉપનિષદોમાં શિવનું સ્વરૂપ | ૨૩૭–૨૪૭ |
| ૪.૫ | રામાયણ અને મહાભારતમાં શિવનું સ્વરૂપ | ૨૪૮–૨૫૮ |
| ૪.૬ | પ્રશિષ્ટસાહિત્યમાં શિવનું સ્વરૂપ | ૨૫૯–૨૭૩ |
| | પાદટીપ | ૨૭૪–૨૭૭ |
| **પ્રકરણ–૫** | **શૈવપુરાણોમાં શિવનું સ્વરૂપ** | **૨૭૮–૩૬૭** |
| ૫.૧ | શિવ પરમતત્ત્વ તરીકે | ૨૭૮–૨૯૨ |
| ૫.૨ | શિવ તમોગુણના અધિષ્ઠાતા તરીકે | ૨૯૩–૨૯૭ |
| ૫.૩ | શકિતના અધિષ્ઠાતા શિવ | ૨૯૮–૩૧૦ |
| ૫.૪ | શિવ–શિવાનું અદ્વૈત | ૩૧૧–૩૨૪ |
| ૫.૫ | શિવનું પ્રલયકારી સ્વરૂપ | ૩૨૫–૩૩૧ |
| ૫.૬ | શિવનું કલ્યાણકારી સ્વરૂપ | ૩૩૨–૩૪૨ |
| ૫.૭ | યોગના અધિષ્ઠાતા શિવ | ૩૪૩ – ૩૫૨ |
| ૫.૮ | શિવની અષ્ટમૂર્તિઓ | ૩૫૩–૩૬૦ |
| | પાદટીપ | ૩૬૧–૩૬૭ |
| **પ્રકરણ–૬** | **ઉપસંહાર** | **૩૬૮–૩૭૪** |
| પરિશિષ્ટ–૧ | શિવ વિષયક યંત્રો તેમજ માનચિત્રો | ૩૭૫–૩૭૮ |
| પરિશિષ્ટ–૨ | શિવનાં વિભિન્ન સ્વરૂપોનાં ચિત્રો | ૩૭૯–૩૮૭ |
| પરિશિષ્ટ–૩ | સંદર્ભગ્રન્થોની અકારાદિક્રમે સૂચિ | ૩૮૮–૩૯૯ |

# પ્રકરણ – ૧

# પુરાણનો અર્થ, ઉદ્ભવ અને વિકાસ

## ૧.૧ પ્રસ્તાવના

પુરાણ સંસ્કૃતિ આપણી પ્રાચીનતા એવં સનાતન સત્યનો બોધ કરાવે છે. સનાતન સત્ય છે, ઋષિમનીષાની એ ખોજ અને એ વિચારધારા જે એમણે હજારો વર્ષ પૂર્વ આકાશની છત હેઠળ, લીલાંછમ વૃક્ષો અને પવિત્ર નદિઓનાં સાન્નિધ્યમાં પાવન અને અલૌકીક દીવ્ય વાતાવરણ યુકત આશ્રમની ભૂમિમાં આસનસ્થ થઈ વેદવાણી 'सर्वे सन्तु निरामयाः, 'वसुधैव कुटुम्बकम्' અને 'समानी प्रपा' આદિને ઉદ્‌ઘાટિત કર્યા છે. આ જ છે આપણી જીવન્તતાનો ઉદ્‌ભવ, આજ છે તે શસ્ત્ર, કે જેની ધાર ભારતીય સંસ્કૃતિનો અજસ્ર પ્રવાહ બની, અને એ જ પ્રવાહનો વિશ્રામઘાટ અર્થાત્ પુરાણ, જે આપણી જીવનયાત્રાનું પાથેય છે. પુરાણરૂપી અમુલ્ય વારસાનું સંરક્ષણ આપણી સાંસ્કૃતિક ચેતનાને પ્રતિભાસિત કરે છે.

સંસ્કૃત સાહિત્યનો મહત્વપૂર્ણ એવં અત્યન્ત વિસ્તૃત વિભાગ 'पुराण वाङ्मय' નાં રૂપે પ્રતિષ્ઠિત છે. મત્સ્ય પુરાણાનુસાર આ વિશાળ વાઙમયની શ્લોક સંખ્યા સવા પાંચ લાખ છે.[૧] અષ્ટાદશ પુરાણોનો વિસ્તાર પ્રાયઃ ચાર લાખ શ્લોકોમાં ઉપનિબદ્ધ છે, જેમાં પુરાણ પરમ્પરા પર જ આધારિત પ્રસિદ્ધ ઈતિહાસ ગ્રન્થોમાં રામાયણ અને મહાભારતનો પણ સમાવેશ કરવાથી સમગ્ર વાઙમયની શ્લોક સંખ્યા સવા પાંચ લાખ થઈ જાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સંખ્યા ઉપ તથા ઔપ પુરાણોની શ્લોક સંખ્યાને છોડી દેતાં થાય છે. સંસ્કૃત સાહિત્યની આ માત્ર એક જ શાખા ન માત્ર વિસ્તારની દષ્ટીએ, પરંતુ વિષય વસ્તુની દષ્ટીથી પણ વિશ્વ સાહિત્યમાં બેજોડ છે. જો કે વેદને જ સમસ્ત ધર્મનું મૂળ મનાય છે.[૨] છતાં પણ વેદોનો વિસ્તાર કરવાને કારણે[૩] પુરાણોની મહત્તા વેદોથી પણ વધારે છે. અલ્પશ્રુત વ્યકિતથી વેદ ડરે છે, કયાંક આ મારા પર પ્રહાર ન કરી દે.

बिभेदल्पश्रुताद् वेदो मामयं प्रहरिष्यति॥[૪]

આમ, વેદાર્થ સમભાવનાને માટે આપણે પુરાણાર્થ સમજવો પડે કારણ કે અસંદિગ્ધરૂપે પુરાણોમાં જ વેદ પ્રતિષ્ઠિત છે.

वेदार्थादधिकं मन्ये पुराणार्थं वरानने ।
वेदाः प्रतिष्ठिताः सर्वे पुराणे नाऽत्र संशयः ॥॥[५]

ભારતીય જન–માનસમાં પુરાણો પ્રત્યે અગાધ શ્રદ્ધા રહી છે. સામાન્ય સમાજ પણ તેનું આસ્વાદન કરી શકે, તે હેતુથી વિભિન્ન ભારતીય ભાષાઓમાં તેના અનુવાદ તથા સારભૂત ગ્રન્થો લખાયા. પુરાણ અને આદિકાવ્યો અનેક સ્વતન્ત્ર ગ્રન્થોનાં ઉપજીવ્ય બની ગયાં. આ જ શ્રૃંખલામાં હિન્દીભાષામાં શ્રી તુલસીદાસનું શ્રી રામચરિત માનસ, તમિલમાં કમ્બ રામાપણ અને મહાભારત, હરિવંશ પુરાણ, મત્સ્ય પુરાણ તથા ભાગવતપુરાણનાં પણ અનુવાદ થયાં છે.[૬]

આ વાતને બીજી રીતે જોઈએ તો ભારતીય સંસ્કૃતિ, સભ્યતા, ધર્મ અને દર્શનનો સ્ત્રોત વેદો માંથી વહે છે. વેદોમાં નિહિત ગૂઢ અર્થો ને જાણવાની ઈચ્છાથી શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂકત, છન્દ તેમજ જયોતિષ રૂપી છ અંગોને વિદ્વાનોએ, મનીષિઓએ વિકસિત કર્યા, આ ષડ્અંગ વેદાર્થજ્ઞાનને માટે આધારભૂમિ બની ગયાં. શાસ્ત્રીય પ્રતિભા સંપન્ન પંડિત જ આ વેદાંગોને સારી રીતે સમજવામાં સક્ષમ છે. આ ક્રમમાં વેદાર્થનું અનુસરણ કરનારી અનેક સ્મૃતિના આધારભૂત વેદાર્થનું ઉપબૃંહણ અને પ્રચાર કરવાના પરમ કલ્યાણકારી વિચાર સાથે કરૂણામૂર્તિ શ્રીવ્યાસે, કહો કે વિષ્ણુરૂપી વ્યાસે પુરાણોનું નિર્માણ કર્યું.

अष्टादश पुराणनां कर्ता सत्यवती सुतः ।

આ પ્રસિદ્ધ સૂકિત અનુસાર સત્યવતિના પુત્રએ વેદોનો વિસ્તાર કર્યો, વ્યાસ કર્યો. જેથી તેઓ 'વ્યાસ' નામથી પ્રસિદ્ધિ પામ્યા જેમનું મૂળનામ કૃષ્ણદ્વૈપાયન છે. શ્રી ભાગવત મહાપુરાણાનુસાર શ્રી વેદ વ્યાસજીએ દ્વાપર અને કલિયુગનાં સન્ધિકાળમાં ૧૮ પુરાણોની રચના કરી છે. તેથી પુરાણોનો રચનાકાળ આજથી ૫૦૦૦ (પાંચ હજાર) વર્ષ પૂર્વ માનવો ઉચિત છે. આવા મહાન ઋષિ, કે જેને કારણે પુરાણ માનવ જાતને મળ્યાં, તે વેદવ્યાસજી વિશે સંક્ષેપમાં જાણીએ તો મહર્ષિ કૃષ્ણદ્વૈપાયન વ્યાસનું ચરિત્ર લોક વિશ્રુત છે. તેઓ ઉપરિચર વસુની ઔરસપુત્રી તથા નિષાદરાજની પાલિતા પુત્રી

સત્યવતીનાં ગર્ભથી અને પરાશર મુનિનાં વીર્યથી ઉત્પન્ન થયાં. તેમનો જન્મ યમુનાના એક દ્વીપમાં થયો હતો તેથી ‘‘દ્વૈપાયન’’ નામથી પ્રસિદ્ધ થયાં. તેમનું શરીર કૃષ્ણવર્ણનું હતું તેથી તેઓ કૃષ્ણ અથવા કૃષ્ણમુની અથવા ‘‘કૃષ્ણદ્વૈપાયન’’ ના નામથી પ્રસિદ્ધ થયા છે. પરંતું ‘વ્યાસ’ એ નામ નાનું તેમજ ઉચ્ચારણ સરળ હોવાથી બધાંજ લોકોની જીભે વ્યાસ શબ્દ સરળતાથી બેસી ગયો.

વ્યાસજી બ્રહ્માના માનસપુત્ર વશિષ્ઠનાં પ્રપૌત્ર, શકિતનાં પૌત્ર, પરાશરનાં પુત્ર તેમજ શુકદેવનાં પિતા હતાં.

व्यासं वसिष्ठनप्तारं शक्तेः पौत्रमकल्मषम् ।
पराशरात्मजं वन्दे शुकतातं तपोनिधिम् ॥

આમ શ્રી વેદવ્યાસ રચિત પુરાણોની નિધી માનવજાતને મળી. આ પુરાણોને ત્રણ વર્ગોમાં વિભકત કરી શકાય છે. જેનો પ્રથમ ક્રમ વિષ્ણુપુરાણ ક્રમનું,[૭] દ્વિતીય કૂર્મપુરાણ ક્રમનું [૮] અને તૃતીય લિંગપુરાણ ક્રમનું [૯] અનુસરણ કરે છે. પ્રથમ વર્ગાનુસાર ૧૮ પુરાણોની સૂચિ આ પ્રમાણે છે–

| | | | | |
|---|---|---|---|---|
| ૧. બ્રાહ્મ | ૨. પાદ્મ | ૩. વૈષ્ણવ | ૪. શૈવ[૧૦] | ૫. ભાગવત |
| ૬. નારદીય | ૭. માર્કન્ડેય | ૮. આગ્નેય | ૯. ભવિષ્ય | ૧૦. બ્રહ્મવૈવર્ત |
| ૧૧. લૈંગ | ૧૨. વારાહ | ૧૩. સ્કાન્દ | ૧૪. વામન | ૧૫. કૌર્મ |
| ૧૬ માત્સ્ય | ૧૭. ગારૂડ | ૧૮. બ્રહ્માંડ | | |

દ્વિતીય વર્ગની સૂચિમાં છઠા ક્રમે નારદીયનાં સ્થાને ભવિષ્યનો તેમજ સાતમા સ્થાને માર્કન્ડેયની જગ્યાએ નારદીયનો આઠમાં ક્રમે આગ્નેયનાં સ્થાને માર્કન્ડેય એવં નવમાં ક્રમે ભવિષ્યનાં સ્થાને આગ્નેયનો ઉલ્લેખ છે. શેષ સૂચિ સમાન છે. માત્ર અઢ ારમાં ક્રમે બ્રહ્માંડનાં સ્થાને વાયવીયનો ઉલ્લેખ છે, જે બ્રહ્માંડનાં પર્યાય રૂપે જ ઉલ્લેખિત છે. તૃતીય વર્ગ બારમાં ક્રમ સુધી પૂર્ણ રીતે બન્નેનું અનુસરણ કરે છે. પરંતુ તેરમાં ક્રમે સ્કાન્દનો ઉલ્લેખ ન કરતા વામનનો ઉલ્લેખ હોવાથી આગળનાં ક્રમોમાં વ્યતિરેક થઈ ગયો છે. પરંતુ પુનઃ સત્તરમાં ક્રમ પર સ્કાન્દનો ઉલ્લેખ હોવાથી અઢારમાં સ્થાને બ્રહ્માંડ

આવી જાય છે.

ઉપરોકત સૂચિઓ સિવાય અમુક પુરાણોમાં અમુક સ્થળે પુરાણોનાં ક્રમ ઉપર ધ્યાન નથી દેવાયું. ઉદાહરણ રૂપે જોઈએ તો ભાગવત મહાપુરાણ – ૧૨/૭/૨૩–૨૪, દેવી ભાગવત – ૧/૭/૧૨, પદ્મ પુરાણ – પાતાલ ખંડ – ૧૧૧/૯૦/૯૪, પદ્મ પુરાણ – ઉત્તર ખંડ– ૨૬/૭૭/૮૧ માં અયાપેલી સૂચિ ઉપર્યુકત ત્રણે વર્ગોમાંથી ન તો કોઈના ક્રમનું અનુસરણ કેર છે, ન તો પરસ્પર એક બીજાનું. ભારતીય જીવનસાહિત્યનો શ્રૃંગાર 'પુરાણ' અતીતને વર્તમાન સાથે જોડનારી એક સ્વર્ણિમ શ્રૃંખલા છે, જેમાં આપણે પૂર્વે ચર્ચા કરી તેમ વિશ્વસાહિત્યનાં અક્ષય ભંડારમાં આ અઢાર પુરાણ સર્વશ્રેષ્ઠ રત્નોં છે. પ્રતિકવાદ, પરોક્ષવાદ અને રહસ્યવાદ થી અનુ–પ્રમાણિત આ પુરાણો આપણા રાષ્ટ્રીય અને સામાજીક જીવનના દર્પણ છે. પોતાની સરળ અને સુબોધ ભાષા અને પ્રબુદ્ધ કથાનકો ને કારણે અતિ પ્રાચીન હોવા છતાં નવીનતા અને સ્ફુર્તિ ઉત્પન્ન કરે છે. ' પુરાણ' એક પારિભાષિક શબ્દ છે. જેથી એ સહજ વ્યકત થાય છે કે પુરાણ એ ગ્રન્થોને કહેવાય છે, જેમાં સર્ગ (ઈશ્વરીય કૃતિ), પ્રતિસર્ગ (સૃષ્ટિ અને પ્રલય), વંશ, મન્વન્તર, વંશાનુચરિત આ પાંચ વિષયોનો સમાવેશ રહેલો હોય. પુરાણોમાં પરસ્પર શૈલી એવં ભાષાનું સામંજસ્ય હોવા છતાં પણ વર્ણ્ય વિષયોની વિશેષતાથી વૈષમ્ય પણ છે. આ જ વિશેષતાઓના કારણે પુરાણ, ઉપપુરાણ અને મહાપુરાણની શ્રેણીઓમાં તેને વિભાજીત કરેલ છે.

આપણી ભારતીય માન્યતા પુરાણોને વેદોની પ્રતિચ્છાયા કરતી તેને અતિ પ્રાચીન માને છે. અથર્વવેદાનુસાર[૧૧] યજુર્વેદની સાથે ઋક્, સામ, છન્દ અને પુરાણ ઉત્પન્ન થયા, જયારે બૃહદારણ્યક ના મતે[૧૨] ભીનાં લાકડાં સાથે સળગતી આગમાં જેમ અલગ–અલગ ધુમાડો નીકળે, તે પ્રમાણે આ મહાભૂતનાં નિઃશ્વાસથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વાંગીરસ, ઈતિહાસ, પુરાણ, વિદ્યા, ઉપનિષદ્, શ્લોક, સૂત્ર, વ્યાખ્યાન અને અનુખ્યાન નિકળ્યાં છે. અને તેથી જ છાન્દોગ્યોપનિષદ્,ઈતિહાસ અને પુરાણને પંચમ વેદ કહે છે.[૧૩] પુરાણોએ લાંબા કાળથી જ ભારતીય સમાજનો ખૂબ ઉપકાર કર્યો છે. આપણી વંશ પરંપરાગત પવિત્રભાવનાઓ તેની સાથે જોડાયેલી છે. તેથી પુરાણને અનેક રત્નોની

ખાણ કહીએ છીએ. માત્ર તેમાં દષ્ટીક્ષેપ કરવાથી વિવેકનાં જળથી તેને સ્વચ્છ કરવાથી, સહાનુભૂતિ રૂપી ધૈર્ય ધારણ કરવાથી, પુરાણો જરૂર આપણને અમૂલ્ય રત્નો આપે છે. સૂક્ષ્મદષ્ટીએ અવલોકન કરવાથી એ જ્ઞાન થાય છે. કે પ્રત્યેક પુરાણકારે પરમાત્માના વિભિન્ન સગુણ સ્વરૂપોનો સ્વીકાર કર્યો છે. સૃષ્ટિમાં તેનાં ચરિત્રો નો વિકાસ કર્યો છે. પોતાના ઈષ્ટ અને પ્રતિપાદ્યની મહિમા ગાઈ છે. અન્ય દેવતા એવં રૂપોને તેનાં સહાયક રૂપોમાં વર્ણિત કર્યા છે. એવું કોઈ પુરાણ નથી જેમાં ઈષ્ટદેવતાને મોટા મોટાં અસુરોથી યુદ્ધ ન કરવું પડયું હોય. દેવતાઓની જ કૃપાથી વરદાન મેળવી અસુરો, દૈત્યોની શકિતઓ વધી છે, અને તે જ આગળ જતાં ઐશ્વર્ય અને મદમાં શકિતનાં અહંકારથી ઉન્મત થઈ લોકોને ત્રસ્ત કરવામાં લાગી ગયાં પછી તેને મારવા માટે ઈષ્ટ દેવતાની જ મુખ્ય ભૂમિકા બને છે. આવું વર્ણન પ્રાયઃ બધાજ પુરાણોમાં મળે છે.

ભારતીય સમાજમાં એક દષ્ટીક્ષેપ કરવાથી જણાય છે કે ભારતીય સાહિત્યિક જ્ઞાન અને વૈભવ હંમેશા સમૃદ્ધિમય રહયું છે. પરંતુ સાથે સાથે અમુક કલંકો પણ હતાં – જેમકે, અસ્પૃશ્યતા વગેરે. પરંતુ અસ્પૃશ્ય આદિ પ્રદૂષણો એ માનવ મસ્તિષ્કની કમજોરીઓ હતી, જેને તપોનિષ્ઠ ઋષિ અને મનુષ્યોએ કયારેય ગણકારી નથી. કદાચ તેથી જ પુરાણોની રચના પણ કરી છે. આપણા સમાજમાં ચાર વર્ણો– બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર અનુક્રમે આ વર્ણો સવર્ણ ગણાંતા હતા. પરંતુ ભારતીય ઋષિ કે જે,

ईश्वरः सर्वभूतानां ऋृद्देशेऽर्जुन तिष्ठति ।[१४]

*अथवा*

शुनिचैव श्वपाके च पण्डिताः समदर्शिनः ।।[१५]

જેવી વાત કરતા હોય તેનાંથી આવા અન્યાયો કદાપિ સહન ન થાય. તેથી જ ભવિષ્ય પુરાણમાં આ ચર્ચા થઈ છે કે, હે બ્રહ્મન્ – ત્રિભુવનમાં જે જ્ઞાન છે, તે તો શ્રુત છે. પરંતુ શૂદ્રોની સ્થિતિ ભિન્ન છે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ને માટે ત્રણ વેદ તથાં મનુસ્મૃતિ ઈત્યાદિ અનેક શાસ્ત્ર, તેઓનાં કલ્યાણાર્થે બનાવાયા છે. પરંતુ શુદ્રોનું શું થશે? અતઃ હે બ્રહ્મન્, આપ જ કહો કે શૂદ્રગણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ કેવી રીતે મેળવે ?[૧૬] આવી ચર્ચાઓથી સ્પષ્ટ થાય છે કે પુરાણોમાં ઋષિઓએ સમાજનાં પ્રત્યેક

વર્ગની ચિંતા કરી છે અને તેનાં કલ્યાણ માટે પ્રયાસો પણ કર્યા છે. આ જ પરંપરામાં પુરાણોની રચના થઈ, કે જેથી વેદ અને ઉપનિષદ્નું ગૂઢ જ્ઞાન શૂદ્ર અને સ્ત્રીઓ પણ મેળવી શકે.

માનવજીવનને પ્રત્યેક ખુણેથી સુશોભિત કરવા માટે પુરાણોએ ખુબ જ યોગદાન આપ્યું છે. રાષ્ટ્રીય, સામાજીક અને સાંસ્કૃતિક ચેતનાના પ્રતિક પુરાણ, મુમુર્ષુ સમાજને પ્રેરણા શકિત, શિથિલ એવં અસંયુકત રાષ્ટ્રને જાગૃતિ પ્રદાન કરનાર સ્ત્રોત રહયો છે. જેમાં આપણાં જાતીય જીવનનું અભિમાન તેમજ રાષ્ટ્રીય જીવનનો ઉદાત્ત ઉત્સાહ નિહિત છે. લોક ચેતના, લોકરૂચિ અને લોકહિતની ભાવનાથી પ્રેરિત થઈ ને જ પુરાણોનું પ્રચલન થયું છે. પુરાણ આપણાં લૌકિક એવં પારલૌકિક જીવન માટે એક અનુપમ ભેટ છે. પૌરાણિક આદર્શોને અપનાવીને ચાલનારો સમાજ સદૈવ પ્રેરીત એવં જાગૃત રહયો છે. આવા સમાજની સમક્ષ તેનું આત્મ ગૌરવ અને તેનો દેશ સૌથી મહાન સિદ્ધ થયો છે. સમાજનાં આંતરિક એવં બાહ્ય કલેવરને શુદ્ધ બનાવી સત્યમ્ શિવમ્ અને સુન્દરમ્ની નજીક પહોચાડવાનું સામર્થ્ય પુરાણોમાં આજે પણ છે પરંતુ તેનાં ઉપયોગની કળા શિખવી જોઈએ.

પ્રાચીન એવં અર્વાચીન ને એક જ ધરાતલ પર રાખતાં આ પુરાણો સમાજનાં અંતઃકરણનાં અભાવોને સમજવાં અને તેને દૂર કરવામાં ખુબ જ સફળ થયાં છે. ભારતીય સંસ્કૃતિમાં શ્રુતિઓ અને સ્મૃતિઓની જેમ પુરાણોની પણ ઉપાદેયતા છે કારણકે વેદોનાં મર્મ સમજ માટે જ પૂર્વાચાર્યોએ ઈતિહાસ અને પુરાણ વાચવાની સલાહ આપી છે. સંક્ષેપમાં કહીએ તો જયાં સુધી પુરાણો નું અધ્યયન ન થાય ત્યાં સુધી ભારતીય સાહિત્યનું અધ્યયન જ અપૂર્ણ મનાય. પુરાણો દ્વારા જ સૌ પ્રથમ કર્મનો સિદ્ધાંત આપણાં સમાજને મળ્યો. 'कर्म ही प्रधान है' પછી તે વ્યકિત કોઈ પણ વર્ણનો હોય, જો તે ઉત્તમ કાર્યમાં પ્રવૃત થાય તો જાતિ તેમાં બાધક નથી થતી પુરાણકારો એ નારદ, મન્દપાલ આદિ ઋષિઓનાં ઉદાહરણો આપતા કહયું કે – આ બધા જ જાતિવિહીન હોવા છતાં પણ પોતાનાં ઉત્તમ કાર્યોથી પ્રસિદ્ધિને પ્રાપ્ત થયાં, જેથી તે સિદ્ધ થાય છે કે આ પુરાણો જ કર્મને પ્રાથમિકતા આપી અને સમાજમાં સામંજસ્ય અને સર્વને સમાનાધિકાર અપાવનારા

હતાં પુરાણોમાં વિવેચિત વિષય પણ તદનુરૂપ જ છે. પુરાણોમાં સૃષ્ટિ રચના, દૈવ શકિત તથા આધ્યાત્મિક જ્ઞાન ખૂબજ વ્યવસ્થિત રીતે વર્ણિત છે. પુરાણોમાં ઐતિહાસિક, રાજનૈતિક, ભૌગોલીક, સામાજીક અને આર્થિક દષ્ટીકોણની ઝલક મળે છે. ભવિષ્ય પુરાણાન્તર્ગત '*षष्टीकल्प*'નાં વિવેચન પ્રસંગમાં ઘોષણા છે કે વર્ણ અને જાતિનું અંતર જન્મથી ન કરતાં કર્મથી કરવું જોઈએ. શુદ્ર કુળમાં ઉત્પન્ન થઈને પણ  જો કોઈ વ્યકિત અત્યન્ત શુદ્ધ આચાર–વિચાર વાળો હોય તથા દયા–ભાવનાથી પૂર્ણ હોય તો નિઃસંદેહ તે બ્રાહ્મણ કહેવાને યોગ્ય છે. તથા તે વેદનો અધિકારી છે. બ્રાહ્મણ શબ્દથી તાત્પર્ય બ્રહ્મજ્ઞાન થી  છે. પછી  તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અથવા શૂદ્ર કોઈ પણ હોય, તે બ્રહ્મજ્ઞાનમાં પ્રવૃત્ત થઈ શકે છે. અને વેદોનું સારી રીતે અધ્યયન કરી ક્ષત્રિય, વૈશ્ય અથવા શુદ્ર વ્યકિત પણ બ્રાહમણત્ત્વની પ્રાપ્તિ કરી શકે છે. ઉદાહરણ રૂપે રાવણ, શ્વાદ, ચાંડાલ, દાસ, લુબ્ધક, ધીવરને બતાવતાં પુરાણકાર કહેવા માગે છે કે–તે લોકો ઉત્તમ કાર્યોમાં લાગી ને વેદોનાં અધ્યયન પૂર્વક પોતાનો વિકાસ કરી શકે છે. સાથે સાથે વૃષભ જાતિનાં લોકો પણ આ પ્રમાણે વેદોનું અધ્યયન કરી શકે છે.[૧૭]

પુરાણ આપણી સમાનાધિકાર યુકત ભાવનાને જાગૃત કરતા કહે છે કે– વેદોનું અધ્યયન કરી શુદ્ર પણ અન્ય દેશમાં જઈ પોતાને બ્રાહ્મણ ઘોષિત કરી શકે છે. કારણકે કોઈ પણ મનુષ્ય તેને  મનસા, વાચા, કર્મણા તેને શૂદ્ર ન કહી શકે. આ વાતનો મૂળ અર્થ એ જ નિકળે છે કે માત્ર વેદાધ્યયનથી જ બ્રાહ્મણત્ત્વની પ્રાપ્તિ નથી થઈ શકતી, અપિતુ તદનુસાર કર્મની પણ આવશ્યકતા પડે છે. કોઈ પણ જાતિનો પ્રતિભાવાન વ્યકિત સમસ્તવેદો, બે વેદ અથવા એક વેદનું યથાક્રમે અધ્યયન કરી, શુદ્ધ બ્રાહ્મણ થી ઉત્પન્ન થયેલી કન્યાથી વિવાહ કરી શકે છે. આ પ્રમાણે જ દાક્ષિણાત્ય અને ગૌડપૂર્વા જાતિઓ બની છે. તેથી વેદોનાં અધ્યયનનાં આધારે જાતિનું નિર્ધારણ પુરાણો ને માન્ય નથી.[૧૮] આમ પુરાણોએ સમાજને પ્રત્યેક ખુણેથી જોયો છે તેની સમસ્યાઓ જાણી, સમજી, તેનાં નિરાકરણો આપ્યાં છે. કેવી રીતે માનવ પ્રેમ અને સહયોગથી જીવન વ્યતીત કરતાં દરેક દષ્ટીકોણથી પ્રગતિ કરતો રહે તેમજ અંતે નિર્વાણ પણ મેળવે તે માટે મનીષિઓએ આત્મચિંતન કરી અને પુરાણોમાં તેનો નીચોડ સમાવ્યો છે. આ

ઉપરાંત પુરાણોમાં આજનાં વિજ્ઞાન સુસંગત તમામ બાબતો પ્રસ્તુત છે. તે પછી વિકાસવાદ હોય કે નગર યોજના હોય પુરાણ કહે છે કે મનુષ્યએ સંસ્કૃતિ અને સભ્યતાને કઈ રીતે વિકસિત કરી સૌ પ્રથમ તે વનચર હતો, ત્યાર બાદ તેણે ગ્રામીણ અથવા નાગરિક જીવન અપનાવ્યું. પહેલા તે પશુઓની જેમ શીત–આતપ સહન કરતો હતો, પરંતુ કાળ ાન્તરે તેની બુદ્ધિ વિકસિત થઈ અને તે શીતાતપ થી બચવા માટેનાં ઉપાયો શોધતો થયો. ધીરે–ધીરે તેણે પોતાનાં અંગોને ઢાંકવા અને શીતથી રક્ષા પામવા વસ્ત્રોનો આવિષ્કાર કર્યો.[૧૯] પહેલાં તે નિકેતન હીન અને નિકામચાર (ઈચ્છાનુસાર આહાર વિહાર કરનારો) હતો, પાછળથી તે ગૃહી અને આચારપ્રિય બને છે.[૨૦] સર્વપ્રથમ તેણે ત્યાં જ પોતાનું ઘર પર્વતો અને નદિઓનાં કિનારે બનાવ્યું જયાં તેની રૂચિ હતી. અને જયાં તેને પ્રાકૃતિક સુખ–સામગ્રી પ્રાપ્ત થતી હતી.[૨૧] પરંતુ ધીમે–ધીમે તે ખેતી, ગામ, પુર,નગર આદિનું નિર્માણ કરતો થયો. ઘર બનાવતી વખતે અન્તર્ગૃહ નિર્માણ માટે લંબાઈ અને પહોળાઈ માં સંતુલન કેમ જળવાય ? આવી વિપત્તિઓમાંથી રસ્તો મેળવવાં સંજ્ઞાઓ તેમજ પર્યાયવાચી શબ્દો પ્રયોજયાં.

પુરાણોનાં અમુક અધ્યાયોમાં સામાજિક વિકાસ, સભ્યતા એવં કલા–કૌશલનો ક્રમિક વિકાસ કઈ રીતે થયો ? તે રહસ્ય વ્યકત થયુ છે. જે મનુષ્યો એવુ માને છે કે ઈશ્વરે સ્વયં આવીને મનુષ્યને આ બધુ શીખવ્યું, તેમણે વાયુપુરાણ આદિનું અવલોકન કરવું જોઈએ. આ પુરાણોમાં સૃષ્ટિવર્ણન આદિ અસત્ય પ્રતિભાસ થાય તેવા આખ્યાનોનાં વિષયમાં સમજવું જોઈએ કે આવા વર્ણન પ્રાયઃ રૂપક શૈલી અથવાં શ્રુતિકાત્મક શૈલીમાં છે. જેને વાંચીને ઘટના સત્યતા પર ધ્યાન ન આપી તે આખ્યાનોથી પ્રતિધ્વનિત થતાં સત્ય પર ધ્યાન આપવું જોઈએ. ઉદાહરણ તરીકે જોઈએતો સમુદ્રમંથન દ્વારા એ સંકેત કરાયો છે કે અમૃત અને વિષ બન્ને આ સંસારરૂપી મહાસાગર માંથી જ નીકળે છે. કોઈ ઉત્તમવસ્તુ ની પ્રાપ્તિ અથવા આવિસ્કારમાં શકિત (અસુર) અને જ્ઞાન (સુર) અથવા સત્ય (સુર) એન રજ, તમ (અસુર) નાં પરસ્પર સહયોગની આવશ્યકતા પડે છે. પરંતુ ઉપભોગ સમયે જ્ઞાન અને સત્વગુણની આવશ્યકતા છે. અન્યથા આસુરી શકિત પ્રબળ થઈ અને વિશ્વસંહાર પણ નોતરી શકે. તે જ કારણે અસુરોને અમૃતપાન નથી કરાવાયુ

નદીઓ, પર્વતો, વૃક્ષો અને ઔષધિઓની સૃષ્ટિકથા પણ રહસ્યાત્મક છે. આ પ્રમાણે ભાવનાત્મક સૃષ્ટિ કામ, ક્રોધ, મોહ, દ્વેષ, હિંસા, અહિંસા આદિનું વર્ણન પણ છે.

અત્યાર સુધી લોકો પુરાણોની કથાઓનાં સત્યાસત્ય પર વિચાર કરી પુરાણોની ઉપેક્ષા કરી પઠન–પાઠન ની ઉપેક્ષા કરતા આવ્યા છે. પરંતુ આવશ્યકતા એ વાતની છે કે પુરાણોમાં વર્ણિત જીવન પ્રત્યે પ્રાચીન ઋષિયોના સિદ્ધાંતો, માનવની સ્વાભાવિક પ્રવૃત્તિઓ અને વિવિધ પરિસ્થિતિઓ તેમજ તેનો જીવન પ્રભાવ અને તેનાથી પ્રાપ્ત સમાજ નિર્માણ સંબંધી પ્રેરણાઓ પર જ આસ્થા રાખતો રહયો છે.

આપણા દેશમાં પુરાણોનાં પાઠનું ખૂબ મહત્ત્વ સ્વીકારાયું છે. આજ સુધી ધર્મપ્રેમી જનતાં તેને પુણ્ય–દાયક માનતી આવી છે. પરંતુ હવે ધર્મનાં વાસ્તવિક તથ્યોને સમજવાં જોશે. ધર્મ ઈહલોક એવં પરલોક બંનેથી સંબંધ રાખે છે. પુરાણોની કથાઓમાં પણ આ સત્ય સુરક્ષિત છે. તેને વાંચી અથવાં સાંભળીને પ્રત્યક્ષજીવનમાં પણ તેનો ઉપયોગ કરવો જોઈએ. પુરાણોનાં અધ્યયનથી આપણને જ્ઞાન થાય છે કે આપણાં પૂર્વજોએ કઈ રીતે મુકિનો ઉપાય શોધ્યો. આંગળીઓથી માપી–માપીને કોઠરિઓ બનાવવાનું કાર્ય શરૂ કર્યું.

'मित्वा मित्वाऽऽत्मनोऽङ्गुलैः मनोऽर्थानि प्रमाणानि तदा प्रभृति चक्रिरे'

આ પ્રમાણે માપને ક્રિયા કરતાં કરતાં જયારે તેમને માપનું જ્ઞાન થયું ત્યારે અંતર માપવા માટે તાલ, ગોકર્ણ, વિતસ્તિ, રત્નિ આદિ માપદંડ બન્યા. આ પરિભાષા બાળ કોને સમજાવવાં માટે બનાવાયી હતી.[૨૨] આ જ પ્રમાણે ધનુર્દન્ડ (ચાર હાથની લંબાઈ), ગવ્યૂતિ (બે કોસ, બે હજાર ધનુર્દન્ડ સમાન) અને આઠહજાર ધનુષપરિમાણ નું માપન (अष्टौ धनुः सहस्राणि) નિશ્ચિત કરાયું શત્રુના આક્રમણથી બચવા માટે દુર્ગ બનાવાયા તેમજ આવશ્યકતાનુસાર સૌધ, વપ્ર (ગુંબજ), પ્રાકાર, સ્વસ્તિક, દ્વાર, કુમારી પુર (અન્તઃપુર), સ્રોતસી આદિ બનાવાયા, રથ ચાલી શકે તે માટે પહોળાં માર્ગો રાજપથ બનાવાયા આ દિશામાં પણ માનવ મસ્તિષ્કે ઘંટાપથ, શાખારથ્યા (બ્રાંચ સ્ટ્રીટ), ગૃહરથ્યા (ઘરની અંદરની સડકો) આદિનું નિર્માણ કરી પોતાની આવશ્યકતા પૂર્ણ કરી અને રચના

કૈશલ દેખાડયું તે આદિમકાળમાં પણ મનુષ્યોનાં પ્રત્યેક કાર્યમાં વૈજ્ઞાનિકતા અને મર્યાદા જોવા મળે. તે લોકોએ નગર, પુર આદિનું નિર્માણ આજકાલનાં અવૈજ્ઞાનિક બેતાળા ગામો ( કે જે ભારતીય સંસ્કૃતિનું સ્થાન મનાય છે) ની જેમ નથી કર્યુ. પરંતુ લંબાઈ, પહોળાઈનું ધ્યાન રાખીને કર્યુ. વાયુપુરાણમાં આ સંદર્ભે સ્પષ્ટ કહેવાયુ છે કે, તે આદિમ માનવોને ગૃહ, ઉપગૃહ અને અન્તર્ગૃહ બનાવવાનું જ્ઞાન તેમજ વૃક્ષો અને તેમાંથી નીકળ તી શાખાઓ, ઉપશાખાઓ જોઈને પ્રાપ્ત થયું. ઘરોનું નામકરણ ગુણાનુસાર થયું. જેમકે–ઘરનું નામ પ્રસાદ પડયું, કારણકે જેને જોઈને અથવા જેમાં રહેવાથી મનને પ્રસન્નતા મળે તે.

प्रसीदति मनस्तासु मनः प्रसादयन्ति ताः ॥
तस्माद् गृहाणि शालाश्च प्रासादाश्चैवं संज्ञिताः ॥॥

वायु पुराण – (८/१.६)

તે શાળાઓમાં રહેવાથી મન પ્રસન્ન રહેતું હતું તેથી તે ઘરો અને શાળાઓને પ્રાસાદ કહેવાયા તેમજ પુરાણોમાં શબ્દોની વ્યુત્પત્તિ પણ યત્ર–તત્ર ગુણાનુસાર કરાઈ છે. જેથી આધુનિક પ્રચલિત મુકિત અભ્યુદય અને નિઃશ્રેયસ્ બન્ને જીવનનાં લક્ષ્ય હોવા જોઈએ પ્રાચીન સત્યસ્ત્રષ્ટા ઋષિઓએ અધ્યાત્મનું સમર્થન જીવનને માનવ વરદ સમજવા માટે કર્યું.

પુરાણોએ આપણને સત્યનો માર્ગ બતાવ્યો છે, જીવનનું ધ્યેય બતાવતાં કહયું કે – કોઈ પણ અવસ્થામાં નિરાશ ન થાઓ પોતાને હંમેશા ઉપર ઉઠાવવાનો પ્રયત્ન કરો, આપણા ‘સ્વ’ ને વિશ્વનાં ‘સ્વ’ સાથે સંયુકત કરી વિશ્વમાં આત્મવત્ સર્વભૂતેષુ (બધાને સમાન સમજો) ને પ્રત્યક્ષ કરી કલ્યાણનો માર્ગ પ્રશસ્ત કરો. આમ પુરાણોનાં શાશ્વત સિદ્ધાંતોને હૃદયંગમ કરવાં એ જ પુરાણ પાઠ અથવા શ્રવણનું ઉદ્દેશ્ય હોવું જોઈએ.

## ૧.૨ 'પુરાણ' શબ્દનો અર્થ

*'पुराण'* શબ્દની વ્યુત્પત્તિ પાણિનિ યાસ્ક તથા સ્વયં પુરાણો એ પણ આપી છે. *'पुरा भवम्'* (જે પ્રાચીનકાળમાં ઉદ્‌ભવ્યું છે તે) આ અર્થમાં "*सायंचिरप्राह्णेप्रगेऽव्ययेभ्यष्ट्युट्युलौ तुट् च*" (*पाणिनिसूत्र –४/३/२३*) પાણિનિનાં આ સૂત્રથી *'पुढ'* શબ્દથી *'ट्यु'* પ્રત્યય કરી *'तुट्'* નું આગમન થવાથી 'પુરાતન' શબ્દ નિષ્પન્ન થાય છે. પરંતુ સ્વયં પાણિનિ એ જ પોતાનાં બે સૂત્રો ***'पूर्वकालैक –सर्व–जरत् पुराणनव–केवलाः समानाधिकरणेन'***(૨/૧/૪૯) તેમજ ***'पुराण प्रोक्तेषु ब्राह्मण कल्पेषु'***(૪/૩/૧૦૫) માં 'પુરાણ' શબ્દનો પ્રયોગ કર્યો છે. જેથી તુડાગમનો અભાવ નિપાતનાત્ સિદ્ધ થાય છે. અર્થાત્ પાણિનિ ની પ્રક્રિયા અનુસાર *'पुरा'* શબ્દથી *'तुट्'* નો આગમ નથી થતો. *'पुराण'* શબ્દ ઋગ્વેદમાં એક ડઝનથી વધારે જગ્યાએ મળે છે. તે ત્યાં વિશેષણ છે. તેમજ તેનો અર્થ પ્રાચીન, પૂર્વકાળમાં થનાર એવો થાય છે. યાસ્ક એ નિરુકત (૩/૧૯) અનુસાર *'पुराण'* ની વ્યુત્પત્તિ છે. *'पुरा अपि नवं भवति'* અર્થાત્ જે પ્રાચીન હોવા છતાં નવીન છે તે.

વાયુપુરાણ અનુસાર[૨૩] કંઈક આમ વ્યુત્પત્તિ થાય –*'पुरा अनति'* અર્થાત્ પ્રાચીન કાળમાં જે જીવિત હતું તે. પદ્મપુરાણ[૨૪] અનુસાર આ નિરુકિત થોડી ભિન્ન છે. *'पुरा परम्परां वष्टि कामयते'* અર્થાત્ જે પ્રાચીનતાની, પરંપરાની કામના કરે તે પુરાણ કહેવાય છે. બ્રહ્માંડ પુરાણની આથી ભિન્ન એક ત્રીજી વ્યુત્પત્તિ છે[૨૫] – *'पुरा एतत् अभूत्'* અર્થાત્ પ્રાચીન કાળમાં આવુ થયું હતું. આ સમસ્ત વ્યુત્પત્તિઓની મીમાંસા કરવાથી એ સ્પષ્ટ થાય છે કે *'पुराण'* નો વર્ણ્ય વિષય પ્રાચીન કાળથી સંબંધિત હતો. પ્રાચીન ગ્રન્થોમાં પુરાણોનો સબંધ 'ઇતિહાસ' સાથે એટલો ઘનિષ્ઠ છે કે, બન્નેને મિશ્રિત કરીને 'ઇતિહાસ' નાં અત્યન્ત પ્રાચીન ગ્રન્થોમાં ઉલ્લેખ હોવા છતાં પણ સમાજમાં એવી ભ્રાન્તિ છે કે ભારતીય લોકો ઐતિહાસિક કલ્પનાથી પણ સર્વથા અપરિચિત હતાં. પરંતુ આ ધારણા નિર્મૂળ અને અપ્રમાણિક છે. યાસ્કનાં કથનાનુસાર ઋગ્વેદમાં જ બ્રહ્મ અન્તર્ગત 'ઇતિહાસ–મિશ્ર' મન્ત્ર મળે છે.

त्रितं कूपेऽवहितमेतत् सूक्तं प्रतिबभौ ॥

तत्र ब्रह्मेतिहास–मिश्रमिङ्मिश्रं गाथामिश्रं भवति ॥॥

(निरूक्त–४/६)

છન્દોગ્ય ઉપનિષદ્‌માં સનત્કુમરોથી બ્રહ્મવિદ્યા શીખવાનાં સમયે નારદમુનિએ પોતે ભણેલ વિદ્યાઓ અંતર્ગત 'ઈતિહાસ–પુરાણ' ને પંચમ વેદ કહયો છે. આ સંયુકત નામથી સ્પષ્ટ થાય છે કે ઉપનિષદ્ યુગમાં આ બન્નેમાં ઘનિષ્ઠ સમ્બન્ધની ભાવના ક્રિયાશીલ હતી. યાસ્કે પોતાનાં નિરુકત માં ઋચાઓનાં વિશદીકરણ માટે બ્રાહમણ ગ્રન્થોની કથાઓને '*ईतिहासमाचक्षते*' કહીને તેનો ઉલ્લેખ કર્યો છે. એટલું જ નહી પણ નિરુકતમાં વેદાર્થ વ્યાખ્યા[२६] સમયે ઉલ્લેખ કરેલ અનેક વિભિન્ન સમ્પ્રદાયો હતાં, જેનો સ્પષ્ટ પરિચય '*इति ऐतिहासिकाः*' નિરુકતનાં આ નિર્દેશથી સિદ્ધ થાય છે. આ સમ્પ્રદાયનાં મત મુજબ અનેક મન્ત્રોની વ્યાખ્યા યાસ્કે સ્થાન–સ્થાન પર કરી છે. ઈતિહાસની વ્યુત્પત્તિ છે – '*इति ह आस*' આવુ પહેલાં હતું, અર્થાત્ પ્રાચીનકાળમાં નિશ્ચિતરૂપે થયેલી ઘટના ઈતિહાસ દ્વારા નિર્દિષ્ટ કરાય છે.[२७] અથર્વવેદ તેમજ બ્રાહમણ ગ્રન્થોમાં આ શબ્દ '*पुराण*' થી ભિન્ન સ્વતન્ત્ર રૂપે આ જ અર્થમાં પ્રતીત થાય છે. યાસ્કે નિશ્ચિત રૂપે દેવાપિ તેમજ શાન્તનુ ની કથાને ઈતિહાસ કહ્યો છે.[२८] તેમજ વિશ્વામિત્રને સુદાસ પૈજવનનાં પુરોહિત હોવાની ઘટના ને પણ ઈતિહાસ કહયો છે. પુરાણોમાં આગળ ચાલતાં 'ઈતિહાસ' શબ્દનો પ્રયોગ નિઃસંદેહ '*इतिवृत्त*' અર્થમાં આપણે મેળવીએ છીએ. જેથી સ્પષ્ટ થાય છે કે કાલ્પનિક કથા અથવા આખ્યાનને પુરાણ નામથી અને વાસ્તવિક ઘટનાઓને ઈતિહાસ નામથી સંબોધાતી હતી.[२९] આ જ બન્નેના પ્રાચીન અર્થોમાં વિભેદની સીમા છે.

સામાન્યતઃ આલોચક ગણ મહાભારતને જ ઈતિહાસ કહે છે. કારણકે સ્વયં મહાભારત[३०] પણ પોતાને આ અભિધાનથી ઓળખાવે છે. પરંતુ રામાયણને પણ ઈતિહાસ અન્તર્ગત માનવુ પ્રાચીન શાસ્ત્રીય મર્યાદાની સીમાની બહાર નથી. રાજશેખર અનુસાર ઈતિહાસનાં બે પ્રકારો હોય છે.[३१] (૧) પરિક્રિયા,– અર્થાત્ એક નાયક વાળી કથા જેમકે રામાયણ. તેમજ (૨) પુરાકલ્પ – અર્થાત્ બહુનાયક વાળી કથા જેમકે મહાભારત.

ફલતઃ રાજશેખર 'ઈતિહાસ' નું ક્ષેત્ર સંકુચિત તેમજ સીમિત નથી માનતા બન્ને મહાકાવ્યોને આ ઉપાધિની અંદર સ્વીકાર કરી તેઓ પોતાનાં વ્યાપક દષ્ટીકોણનો પરિચય આપે છે.

## ❑ ઈતિહાસ તેમજ પુરાણની ભિન્નતા.

આ બંન્નેની ભિન્નતા સ્પષ્ટ રીતે પ્રાચીન ગ્રન્થોમાં નથી અપાઈ. મહાભારત, કે જે સ્વયં પોતાને ઈતિહાસ નહી અપિતુ ઈતિહાસોત્તમ બતાવે છે. પોતાને માટે 'પુરાણ' શબ્દનો પણ પ્રયોગ કરે છે.[૩૨] જયારે બીજી બાજુ વાયુપુરાણ, પુરાણ હોવા છતાં પોતાને પુરાતન–ઈતિહાસનાં નામે ઓળખાવે છે.[૩૩] આ વિરોધી વાતોથી સ્પષ્ટ થાય છે કે પ્રાચીનકાળમાં ઈતિહાસ તેમજ પુરાણનાં વિભાજનની રેખા ખુબજ વિસ્તૃત હતી, ધીમે–ધીમે આગળ જતાં બન્નેમાં એક નિશ્ચિત ઓળખ ઉભરાઈ આવી પુરાણ તેમજ ઈતિહાસનું ક્ષેત્ર વિભિન્ન તેમજ સ્વતન્ત્ર છે. છાન્દોગ્ય ઉપનિષદ્ (૭/૧) નાં ભાષ્યમાં શંકરાચાર્યએ આ બન્નેની ભિન્નતા સ્પષ્ટ પણે બતાવી છે. તેમનું કહેવું છે કે – પુરાણ તેમજ ઈતિહાસ બન્ને વેદમાં ઉપલબ્ધ છે. ઉર્વશી તેમજ પુરૂરવાના સંવાદને સૂચિત કરનાર *'उर्वशी हाप्सराः पुरूरवंसमेडं चकमे'* આદિ શતપથ બ્રાહમણ (૧૧/૫/૧/૧) તો ઈતિહાસ[૩૪] છે, પરંતુ *'असद्वा इदमग्र आसीत्'* ઈત્યાદિ સૃષ્ટિ પ્રક્રિયા ઘટિત વિવરણ – પુરાણ છે. શંકરાચાર્યની સંમતિએ બન્નેની પાર્થકતા સ્પષ્ટ છે. પ્રાચીન આખ્યાન એવં આખ્યાયિકાનો સૂચક ભાગ ઈતિહાસ છે. તેમજ સૃષ્ટિ–પ્રક્રિયા નું વર્ણન 'પુરાણ' છે.[૩૫] આ ભેટ સાતમી સદીમાં આચાર્ય શંકરે સ્પષ્ટ કરેલ જયારે પૌરાણિક સાહિત્ય વિસ્તૃત થઈ ચુકયુ હતું. પ્રાચીનતર ગ્રન્થોમાં આ ભેદરેખા અત્યન્ત સૂક્ષ્મ છે. જેથી પાંચમી શતાબ્દીમાં અમરકોશે પુરાણની પંચ લક્ષણાત્મક વ્યાખ્યા કરી ત્યારે તેણે ઉપલબ્ધ પુરાણોનાં વર્ણ્યવિષયને આધારે જ એવું કર્યું. આ પંચ લક્ષણ સર્વસમ્મતિએ સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વન્તર તેમજ વંશાનુચરિત માત્ર હતાં. પરંતુ આપસ્તમ્બધર્મ શાસ્ત્રનાં ઉલ્લેખથી પુરાણ તેમજ ભવિષ્ય પુરાણની પ્રાચીનતાનું અનુમાન લગાવવું યુકિત સંગત નથી. આ ધર્મશાસ્ત્ર દ્વારા પ્રદત્ત નિર્દેશોની વિસ્તૃત ચર્ચા કરવી ઘટે. જેથી સ્પષ્ટ થાયકે પ્રાચીનતમ પુરાણમાં સૃષ્ટિ તેમજ પ્રલય સિવાય ધર્મશાસ્ત્ર સંબંધિત વિષયોનું

અસ્તિત્વ પણ હતું. સંક્ષેપમાં કહી શકાય કે પુરાણમાં સર્ગ (સૃષ્ટિ), પ્રતિસર્ગ (પ્રલય), વંશ (વંશાવલી), મન્વન્તર (વિશિષ્ટકાળ ગણના) તેમજ વંશાનુચરિત (પ્રસિદ્ધ રાજાઓ તેમજ ઋષિઓનું ચરિત્ર) પ્રાયઃ ઉપલબ્ધ હતું. તેટલું જ નહી, તે ઉપરાંતના વિષયો પણ જેવાકે– દાન, તીર્થ, વ્રત, તેમજ અવતાર પણ વર્ણિત છે. જયારે ઈતિહાસનું ક્ષેત્ર તદ્દન ભિન્ન છે. ઈતિહાસ પ્રાચીન આખ્યાનોનું વર્ણન કરે છે. પરંતુ તેનું ક્ષેત્ર પણ તેટલું સીમિત નથી. અર્થાત્ તે માત્ર તિથિક્રમ અને ઘટનાનું સંકલન માત્ર નથી, અપિતુ વિવિધ વિષયોની શિક્ષા આપી, લોક વ્યવહાર નાં તત્ત્વોને પ્રગટ કરી, માનવ હૃદયથી મોહ તેમજ અજ્ઞાનનું પણ નિવારણ કરે છે.

ईतिहास प्रदीपेन मोहावरण घातिना ।
लोकगर्भगृहं कृत्स्नं यथावत् सम्प्रकाशितम् ।।

પુરાણ તેમજ ઈતિહાસનાં પ્રાચીન શાસ્ત્રીય ગ્રન્થોમાં પ્રયોગોની તુલના કરી, થોડા પરિણામો કાઢી શકાય છે. જેમકે,

(૧) અથર્વવેદ તેમજ અમુક પુરાણોમાં 'પુરાણ' શબ્દ ઈતિહાસને પણ ગતાર્થ કરે છે. સૌ પ્રથમ માત્ર 'પુરાણ' શબ્દનો પ્રયોગ અથર્વવેદ (૧૧/૭/૨૪) માં *'उच्छिष्ट'* થી શાસ્ત્રોની સૃષ્ટિનાં પ્રસંગમાં ઉલ્લેખિત છે. વ્રાત્યનાં મતે યથા અવસરે ઈતિહાસનો પૃથક્ એવં સ્વતન્ત્ર રૂપે પ્રયોગ ઉપલબ્ધ થાય છે. (अथर्व.-१५/६/१०-१०)

(૨) ઈતિહાસ એવં પુરાણોનો અલગ પ્રયોગ અનેક અવાન્તરકાલીન વૈદિક ગ્રન્થો એવં પુરાણોમાં ઉપલબ્ધ થાય છે.

(૩) એક સમયે ઈતિહાસ પુરાણને ગતાર્થ કરતો હતો (કૌટીલ્યનાં ઈતિહાસક્ષેત્રમાં પુરાણને સ્વીકારાયું છે.–'पुराणमितिवृत्तमाख्यायिकोदाहरणं धर्मशास्त्रमर्थशास्त्रं चेति ईतिहासः।' (अर्थशास्त्र-१/५)

(૪) અન્તિમ સમયમાં પુરાણ માત્ર ઈતિહાસને જ નહી, અપિતુ વાઙ્મય ને પોતાનામાં ગતાર્થ કરે છે. જે માનવનાં કલ્યાણ તથા હિતનું સાધન હોય છે.

श्रृणु वत्स प्रवक्ष्यामि पुराणानां समुच्चयम् ॥

यस्मिन् ज्ञाते भवेज्ज्ञातं वाङ्मयं सचराचरम् ॥॥

(नारदीयपुराण – १/९२/२१)

**આમ 'પુરાણ' અને 'ઈતિહાસ' બન્ને શબ્દોની પરીક્ષા કરતાં બન્નેનું સ્વરૂપ તેમજ વિકાસનાં અનુમાનમાં સહાયકતા મળી શકે છે.**[૩૬]

## ૧.૩ પુરાણનો ઉદ્ભવ

पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम् ।
अनन्तरं च वक्त्रेभ्यो वेदास्तस्य विनिर्गताः ।।[૩૭]

સામાન્ય રીતે એવું મનાય છે કે, સૌ પ્રથમ વેદોની રચના થઈ, ત્યાર બાદ તેની શાખાઓ, પ્રશાખાઓ, આરણ્યકો, બ્રાહ્મણ, ઉપનિષદ્ અને ત્યારબાદ સામાન્ય જન–માનસને વેદોનું જ્ઞાન સહજ થાય તે હેતુથી પુરાણો રચાયાં પરંતુ છાન્દોગ્યોપનિષદ્માં પુરાણોની ગણના પંચમવેદનાં રૂપમાં થઈ છે.

'स होवाच भगवो-ध्येमि यजुर्वेदं सामवेदमथर्वाणं –
चतुर्थमिति पुराणं पञ्चमं वेदानां वेदम् ॥[૩૮]

અત્રે વિચારણીય બાબત એ છે કે ઉપનિષદોમાં પુરાણોને માત્ર પંચમવેદ જ નથી કહેવાયાં, અપિતુ વેદોનાં પણ વેદ ઘોષિત કરાયા છે જે ઉપર એક શ્લોકમાં આપણે જોયું. આ સંબંધમાં ઓગણીસમી શતાબ્દિનાં અદ્વિતિય વિદ્વાન્ *'વિદ્યાવાચસ્પતિ મધુસૂદન ઝા'* નો એવો અભિપ્રાય છે કે મંત્ર–બ્રાહ્મણાત્મક વેદગ્રન્થોનાં આવિર્ભાવથી પહેલાં, અથવા તેનાં સમકાલીન જ એક 'બ્રહ્માંડ પુરાણ' નામક વેદ વિશેષ હતો. જેમાં સૃષ્ટિ અને પ્રલયનું વર્ણન હતું. તેથી જ શતપથ બ્રાહ્મણનાં આ વાકયમાં ઉલ્લેખ છે કે–*'ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वांगिरस ईतिहासः पुराणं विद्या उपनिषदः श्लोकाः सुत्राण्यनुव्याख्यानानि व्याख्यानानीति'* અહીં 'પુરાણ' શબ્દનો ઉલ્લેખ મળે છે. મત્સ્ય પુરાણનો નિમ્નલિખિત શ્લોક પણ આ વાતને પુષ્ટ કરે છે.

पुराणमेकमेवासीत्तदा कल्पान्तरेऽनघ ।
त्रिवर्गसाधनं पुण्यं शतकोटिप्रविस्तरम् ।। १ ।।
कालेनाग्रहणं दृष्ट्वा पुराणस्य ततो नृप ।
तदष्टदशधा कृत्वा भूर्लोकेऽस्मिन् प्रकाश्यते ।।२।।

પદ્મપુરાણ એવં બૃહન્નારદીય પુરાણમાં પણ આ પ્રકારના શ્લોકો મળે છે, જેથી

સિદ્ધ થાય છે કે–પહેલાનાં પ્રસિદ્ધ પુરાણગ્રન્થનાં આધારે અઢાર પુરાણોની ઉત્પત્તિ થઈ. તે જ આદિમ બ્રહ્માંડ પુરાણથી મન્ત્રાર્થોપયોગી આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક ઉપાખ્યાનોને લઈ મહર્ષિઓએ બ્રાહમણગ્રન્થોમાં સમાવી દીધાં. તેથી જ ઐતરેય બ્રાહ્મણનાં નિમ્નલિખિત મન્ત્રમાં વકતાઓનાં સિદ્ધ આખ્યાનોનું જ પ્રતિપાદન થયું છે. જેમકે– *“सोमा वै राजाऽमुष्मिन् लोके आसीदत देवाश्च ऋषयश्चाभ्यध्यायन् कथमथमस्मान्सोमो राजा गच्छेदिति, तेऽब्रुवन् छन्दांसि श्रूयां न इमं सोमं राजानमाहरतेति तथेति ते सुपर्णा भूत्वोदपतन् ते यत् सुपर्णा भूत्वोदपतन् तदेतत् सौपर्णमिति आख्यानविद् आचक्षते ।”*

જો કે બ્રાહ્મણગ્રન્થોમાં મહર્ષિઓએ જ આખ્યાનો કહયાં છે. પરંતુ તે આખ્યાનો બ્રાહ્મણગ્રન્થકર્તા મહર્ષિઓ દ્વારા રચિત નથી. કારણકે મન્ત્રાર્થનાં ઉપપાદનમાં તે આખ્યાનોનું ઉપપાદન હોવાથી તેને મન્ત્ર રચના પછીની કલ્પનાનો વિષય ન માની શકાય. તેથી જ બ્રહ્મા દ્વારા પ્રસ્તુત ચિરન્તન બ્રાહ્મણગ્રન્થોમાં નિર્દિષ્ટ પુરાણાર્થ–આખ્યાનોને બ્રહ્મકૃત્ માનીને જ પદ્મપુરાણનાં સૃષ્ટિ ખંડમાં કહેવાયું છે કે–

सूतेनानुक्रमेणेदं पुराणं सम्प्रकाशितम् ।
ब्राह्मणेषु पुरा यच्च ब्रह्मणोक्तं सविस्तरम् ।।

આ બ્રાહ્મણગ્રન્થોમાં પ્રાયઃ બધી જ વિદ્યાઓનો ઉલ્લેખ છે. પરંતું તે ક્રમબદ્ધતાથી રહિત, સૂત્રરૂપે અને અસ્પષ્ટ છે. તેથી જ તેને બુદ્ધિગ્રાહય બનાવવા માટે વિશિષ્ટ બુદ્ધિશાળી મહર્ષિઓએ પોતાની પ્રતિભાને બળે તે બ્રાહ્મણગ્રન્થોથી તે વિદ્યાઓને અલગ કરી, યુકિત–પ્રયુકિત અને સિદ્ધિ દ્વારા વિસ્તૃત કરી, લોક કલ્યાણાર્થે પ્રસારિત કરી. જેમ કપિલ અને પતંજલી આદિએ સાંખ્ય અને યોગને, વાત્સ્યાયન આદિએ કામસૂત્રને, મનુ આદિએ ધર્મસૂત્રને, ધન્વન્તરિ આદિએ આયુર્વેદને યાસ્ક આદિએ નિરૂકતને અને ઈન્દ્ર પાણિનિ આદિએ વ્યાકરણને પ્રવર્તિત કર્યા. આ પ્રમાણે જ વશિષ્ઠનાં પ્રપૌત્ર, શકિતનાં પૌત્ર, અને પરાશરનાં પુત્ર સત્યવતીનાં ગર્ભથી ઉત્પન્ન ભગવન્ કૃષ્ણ દ્વૈપાયને લોકોપકાર માટે સમસ્ત બ્રાહ્મણગ્રન્થોથી બધાજ ઉપાખ્યાનો અને ગાથાઓનું સંકલન કરીને કથા–પ્રસંગમાં આવેલ કલ્પશુદ્ધિઓને પણ ઠીક કરી, લૌકિક આખ્યાનોથી તાલમેલ

બેસાડી, પૂર્વોકત બ્રહ્માંડ પુરાણમાં કહેવાયેલ જગત્સૃષ્ટિ પ્રલયરૂપ પદાર્થોને આખ્યાન,[૩૯] ઉપાખ્યાન,[૪૦] ગાથા[૪૧] અને કલ્પબુદ્ધિથી ગુમ્ફિત કરી, અઢાર ખંડોમાં વિભકત કરી, એક 'પુરાણ સંહિતા' નું નિર્માણ કર્યુ.

પુરાણનો ઉદ્‌ભવ થવાનું કારણ સામાન્ય વ્યકિત સુધી વેદોનું ગૂઢ જ્ઞાન પહોચે તે છે. જેનો સીધો એક અર્થ એ પણ થાય કે વેદનું જ બીજું સ્વરૂપ પુરાણ છે. આ વાતની પુષ્ટિ લગભગ તમામ પુરાણો અને મનિષિઓએ કરી છે. સ્કન્દપુરાણાનુસાર ‘પુરાણ’ વેદોની આત્મા છે. જે કંઈ વેદોમાં જોવા મળે છે તે બધુ સ્મૃતિઓમાં પણ દેખાય છે. અને વેદ એવં સ્મૃતિ બંન્નેમાં જે છે તે બધુ જ પુરાણોમાં પ્રાપ્ત છે. પુરાણો ને બ્રહ્માજીએ બધાજ શાસ્ત્રોથી પહેલાં કહયાં છે. જેનાથી એ પણ સ્પષ્ટ થાય છે કે વૈદિકયુગમાં જ પુરાણોની ઉત્પત્તિ થઈ ચુકી હતી. પરંતુ પુરાણ શબ્દ અથર્વવેદ તથા બ્રાહ્મણોમાં સૃષ્ટિ–મીમાંસાના અર્થમાં પ્રયુકત થયો છે. મહાભારતમાંતો તેનો પ્રયોગ પ્રાચીન ઉપાખ્યાનોનાં અર્થમાં થયો છે. આમ આ બધાજ ગ્રન્થોથી પુરાણની પ્રાચીનતા જરૂર સામે આવે છે. જેમ આપણે ચર્ચા કરી તેમ શરૂઆતમાં માત્ર એક જ પરંતુ વિશાળ પુરાણ હતું. પરંતુ કલિયુગમાં મનુષ્યોની મેધા, વિચાર અને બુદ્ધિની દુર્બળતા જોઈ ભગવાન વેદવ્યાસે વેદોને ચાર સંહિતાઓમાં વિભકત કર્યા. આ વાત પણ પુરાણોમાં જ મળે છે કે, વૈવસ્વત મન્વન્તરનાં અઠયાવીસ (૨૮) માં કલિયુગ સુધીમાં ૨૮ વ્યાસ થઈ ગયા છે. આ બધા જ વ્યાસો પુરાણ વિદ્યાને સંક્ષિપ્ત કરી અને ગ્રન્થ નિર્માણ કરે છે. તે બધાના નામ પણ ધણાં પુરાણોમાં મળે છે. જેથી સ્પષ્ટ થાય છે કે પુરાણોનો ઉદ્‌ભવ ખૂબજ પ્રાચીન સમયમાં થયો છે.

પુરાણોનાં ઉદ્‌ભવ વિશે શ્રી ગૈરોલા કહે છે કે – બધાનાં મત–મતાન્તરો થી વિદિત થાય છે કે પુરાણ વિદ્યાનો અવિર્ભાવ પણ વૈદિક યુગમાં જ થઈ ચુકયો હતો. જે પ્રમાણે પ્રાચીન મહર્ષિઓએ વેદ એવં વૈદિક સાહિત્યનું વ્યવસ્થાપન અને સંપાદન કર્યું, તે પ્રમાણે પુરાણોનું પણ વર્ગીકરણ અને સંપાદન કર્યુ. પુરાણોનું વૈદિક યુગીન સ્વરૂપ શું હતું ? તે વિષયમાં આજે પણ ગંભીર સંશોધનો થઈ રહયાં છે. ‘‘*पुराणं पुरातनं आख्यायनम्*’’ અનુસાર પુરાણ આખ્યાન છે. શિવપુરાણમાં પણ ઉલ્લેખ છે કે, કલ્પનાં

અન્તમાં માત્ર એક જ પુરાણ હતું. જેને વેદોની જેમ બ્રહ્માએ મુનિઓને માટે બનાવ્યું. પરંતુ વ્યાસજીએ પાંચ લાખ શ્લોકની સંહિતાને અઢાર વિભાગોમાં વિભાજિત કરી. આ સંબંધમાં વિષ્ણુ પુરાણમાં ખૂબજ રોચક કથાનો ઉલ્લેખ થયો છે. – પુરાણોનાં જ્ઞાતા વ્યાસજી એ આખ્યાન, ઉપાખ્યાન, ગાથા અને કલ્પશુદ્ધિથી યુકત પુરાણ સંહિતાની રચના કરી. આ પુરાણ સંહિતાનું અધ્યાપન શ્રી વ્યાસજીએ પોતાની સુપ્રસિદ્ધ શિષ્ય રોમહર્ષણને કરાવ્યું. ત્યાર પછી આ બધાની આગામી શિષ્યમંડળીમાંથી અનેક વિદ્વાન્ પોતાના દેશ એવં કલાનુસાર તે સંહિતાઓમાં વૃદ્ધિ કરતાં ગયા. તેમાં નવા–નવાં આખ્યાન અને ઉપાખ્યાન બનાવી સંમિશ્રિત કરતાં ગયા. એક જ પુરાણથી અષ્ટાદશ પુરાણોનું વિભાજન અને પ્રવચનની વાત દેવી ભાગવત, વરાહ પુરાણ અને પદ્મપુરાણ આદિ ગ્રન્થોમાં સમાન રીતે રહેલ છે. આમ વ્યાસે પુરાણવિદ્યાનું આ સંસારમાં અવતરણ કર્યું, શિષ્ય–પ્રશિષ્યો દ્વારા પુરાણ સંહિતા અને અઢાર વિભાગો કર્યા, જે વિભિન્ન નામોથી પ્રખ્યાત થયાં જે આ પ્રમાણે છે,– મત્સ્ય, માર્કન્ડેય, ભવિષ્ય, ભાગવત, બ્રહ્માંડ, બ્રહ્મવૈવર્ત, બ્રહ્મ, વામન, વરાહ, વિષ્ણુ, વાયુ, અગ્નિ, નારદ, પદ્મ, લિંગ, કૂર્મ અને સ્કન્દ એક શ્લોકમાં આ પુરાણોને આ રીતે ઉલ્લેખિત કરાયા છે કે 'મ' વર્ણથી શરૂથતાં બે, 'ભ' વર્ણથી શરૂથતાં બે, 'બ્ર' થી ત્રણ, 'વ' થી ચાર અને 'અ–ના–પ–લિં–ગ–કૂ અને સ્ક' વર્ણ થી શરૂ થતાં એક એક પુરાણો છે.

मद्वयं भद्वयं चैव ब्रत्रयं वचतुष्टयम् ।
अनापलिंगकूस्कानि पुराणानि प्रचक्षते ।।

આમ ઉપરોકત અષ્ટાદશપુરાણોમાં વિવિધ દેવતાઓની ઉપાસના એવં મહાનતાનું પ્રતિપાદન થયું છે. છતાં આ પુરાણોની વાસ્તવિક સંખ્યાના વિષયમાં વિચારકોમાં મતભેદ જોવા મળે છે. જેમકે અમુક વિદ્વાનો શિવપુરાણ એવં દેવી ભાગવતને ઉકત અષ્ટાદશપુરાણોની સાથે મિલાવી કુલ સંખ્યા વીસ માને છે. કારણકે તેમનાં મતે આ બન્ને પુરાણ પણ તેટલાજ મહત્વપૂર્ણ છે કે જેટલા અન્ય અષ્ટાદશ. આ પુરાણોથી અતિરિકત અન્ય અઢાર ઉપપુરાણો પણ મળે છે. જેમકે–

સનત્કુમાર, નારસિંહ, શૌકેય,બ્રહ્માંડ, દૌર્વાસસ, નારદીય, કપિલ, બાર્હસ્પત્ય,

મનુ, ઔશનસ, વારૂણ, કાલિકા, માહેશ્વર, સામ્બ, સૌર, પરાશર અને ભાગવત. જયારે આપણે પુરાણોનાં પ્રચલિત સંસ્કરણોનું અધ્યયન કરીએ છીએ તો ખ્યાલ આવે છે કે કથાઓની વચ્ચે અધ્યાત્મ, બ્રહ્મજ્ઞ, વિજ્ઞાન, ચરિત્ર, નીતિ આદિનો સમાવેશ કરાયો છે. આમ તો કહેવાય છે કે, પુરાણોમાં માત્ર ધાર્મિક કથાઓ, પૂજા–પાઠ, સ્નાન, દાન, તીર્થ આદિનું વર્ણન માત્ર છે. પરંતુ તેમાં ડુબકી મારવાથી સૃષ્ટિ એવં અન્ય ભૌતિક રહસ્યોનું ઉદ્‌ઘાટન થાય છે. ઔષધિ વિજ્ઞાન, સાહિત્ય વ કલા સંબંધી વિવેચના, ગૃહ–નિર્માણ, વિધિ, સંગીત, જયોતિષ વિજ્ઞાન, આદિનો ઉલ્લેખ જોવા મળે છે. આમ પુરાણોમાં લોકજીવનનાં તમામ પક્ષો ઉપર ખૂબજ સુંદર રીતે વર્ણન જોવા મળે છે.

પુરાણોમાં કોઈ પણ વાતનો ઉલ્લેખ ખૂબજ સરળ એવં સુગમરૂપે થયો છે. જયાં કયાંય પણ એવું લાગે છે કે પાઠકગણ આ નહીં સમજે, ત્યાં તેને માટે આખ્યાન અને ઉપાખ્યાનોનો પ્રયોગ કરી સમજાવવાનો પ્રયાસ થયો છે. પરંતુ અમુક લોકો આવી લખાયેલી વાતોને લઈને તેને કપોલકલ્પિત કહેવાનું દુઃસાહસ કરી બેસે છે. ઘણાં આલોચકો આને દોષપૂર્ણ પ્રમાણિત કરવા માટે કહેતા ફરે છે કે – શું આવું શકય છે કે એક જ વ્યકિત એક મહિનો સ્ત્રી અને એક મહિનો પુરૂષ રહે? સાથો સાથ સ્ત્રી હોય ત્યારે તેને સંતાન પણ થઈ જાય? શું સો અને બસો ગજ લાંબા મનુષ્ય પણ હોય શકે ખરા ? પરંતુ વિજ્ઞાને આવી વાતોને સમર્થન આપતાં આલોચકોને અજ્ઞાની સાબિત કર્યા છે. વિજ્ઞાન એમ પણ કહે છે કે –પૃથ્વીનાં આદિકાળમાં નર અને માદા દ્વારા સન્તાન ન હોતું થયું, પરંતુ કોઈ જીવથી જીવ કોઈ તત્કાલ પ્રણાલીથી ઉત્પન્ન થયાં કરતી હતી. સાથો સાથ આપણે એ વાતનું પણ ધ્યાન રાખવું જોઈએ કે શાસ્ત્રમાં વિષય–વસ્તુ વર્ણનનાં ત્રણ પ્રકાર બતાવાયા છે. જેને આલંકારિક ભાષામાં તથ્ય કથન, રૂપક કથન અને અતિશયોકિત અલંકારોનો આશ્રય હંમેશા લેવાયો છે. અને જે વાત કહેવાઈ છે તે ખુબજ વિસ્તારથી કહેવાઈ છે.[૪૨] પુરાણોનાં ઉદ્‌ભવ વિશે વિવિધ મતો પ્રચલિત છે. ભારતીય સાહિત્ય ઈતિહાસમાં કોઈ પણ ગ્રન્થનો સમય નિર્ધારિત કરવો ખૂબ જ અઘરો છે, જેનાંથી પુરાણ પણ છુટી શકયાં નથી. કારણકે પુરાણોની રચના માત્ર એક સમયની નથી. લગભગ વૈદિકયુગ થી લઈને બારમી શતાબ્દિ સુધી નિરન્તર તેની રચના, સંસ્કરણ,

અને સમ્પાદનો થઈ રહયાં છે. અતઃ વિદ્વાનોમાં પુરાણનાં રચનાકાળનાં વિષયમાં એકમત નથી. કેટલાંક વિદ્વાનોએ તો પુરાણોને નવીનતમ વૃદ્ધિઓને આધારે પુરાણોને તેરમી અને ચૌદમી શતાબ્દીનાં પણ કહયાં છે. તેથી જ પુરાણ અને ઉપપુરાણો નો સમય નિર્ધારિત કરવો હોય તો આ મુજબ કરી શકાય –

(ક) વિષ્ણુપુરાણ, વાયુપુરાણ અને મત્સ્યપુરાણમાં ક્રમશઃ મૌર્યસામ્રાજય, ગુપ્તવંશ અને દાક્ષિણાત્ય આન્ધ્ર રાજાઓનું વર્ણન મળે છે, જેનાથી આ પુરાણોને તત્પરવર્તી હોવાનું અનુમાન સહજ થઈ શકે છે. મૌર્યકાળ ચોથી શતાબ્દી ઈ.સ.પૂર્વે જે આન્ધ્ર રાજાઓનું વર્ણન તેમજ ઉલ્લેખ થયો છે, તેનો સમય ૨૧૨ ઈ.પૂ. થી લઈને ૩૩૮ ઈ.પૂ. સુધી અને ગુપ્તવંશનો સમય ૨૭૫ ઈ.સ. થી ૨૯૦ ઈ.સ. સુધી મનાય છે. તેથી ઉપરોકત આધારો પરથી પુરાણોનો રચનાકાળ, ઉદ્ભવ સમય ચોથી સદી ઈ.સ. પૂર્વેથી લઈ ૫૧૦ ઈ.સ. સુધી માની શકાય.

(ખ) મહાભારતમાં અમુક પૌરાણિક ઉપાખ્યાનોનું વર્ણન શબ્દશઃ મળી આવે છે. મહાભારતના વર્તમાન સ્વરૂપનું નિર્માણ ૫૦૦ ઈ.સ. પૂર્વે સમ્પન્ન થઈ ગયું હોવાનું મનાય છે. તેની ભાષાને આધારે રાહુલજીએ તેનું વર્તમાન સ્વરૂપ ૨૦૦ ઈ.સ. પૂર્વેથી પ્રાચીનતર નહી માનવાનું કહયું છે.

(ગ) કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં રાજાને પુરાણોનું જ્ઞાન આપવાની વાત કહેવાઈ છે. જેથી સ્પષ્ટ થાય છે કે ચાણકય પુરાણોનાં ઉપયોગીજ્ઞાનનાં પંડિત હતાં. તેમજ ચાણકય જ મૌર્ય સામ્રાજયનાં નિર્માતા હતાં, તેથી જ તેમનો સમય મૌર્યકાલિન સુનિશ્ચિત કરી શકાય.

ઉપરોકત આધારો પરથી કહી શકાય કે પુરાણોનું અસ્તિત્વ એક સ્વતન્ત્ર વિષયનાં રૂપમાં અતિપ્રાચીન સમયથી જ છે. જેનો સમય ઈ.સ.પૂ. ૭૦૦ માની શકાય. તદુપરાંત પુરાણનો કાલ–નિર્ણય નવા–નવા સંસ્કારણોનાં રૂપો ઉપર વિચાર કરનારા વિદ્વાનો કે મતાનુસાર કહી શકાય. જેમકે,–

(ક) રેખાલદાસ બેનર્જીનાં મતે પુરાણોની રચના વૈદિક કાળથી બારમી સદી સુધી

થતી રહી છે.[૪૩] ગુપ્તકાળમાં અનુકૂળ પરિસ્થિતિઓ મેળવી પુરાણોનું એક મહત્વપૂર્ણ સંસ્કરણ સમ્પાદિત થયું.

(ખ) પી.કે. આચાર્યએ તો સ્કન્દ પુરાણનું નામકરણ સમ્રાટ સ્કન્દગુપ્તનાં આધારે કરવાનું કહયું છે. આમ પણ ગુપ્તવંશનો ઉલ્લેખ વાયુપુરાણ, વિષ્ણુપુરાણ તેમજ ભવિષ્યપુરાણ આદિમાં જોવા મળે છે.

(ગ) ડો. જયસ્વાલનાં મતે પુરાણોની રચનાનો અંતિમ સમય ઉપરોકત મતોથી પણ વધુ સમય પૂર્વે છે.

(ઘ) પુરાણવિદ્ પાર્જિટરે પોતાની લોકપ્રિય પુસ્તકમાં પુરાણોનાં રચનાકાળ વિષયમાં નિષ્કર્ષરૂપે એમ કહયું છે કે–પુરાણનું મૂળ સ્વરૂપ ઈ.સ. પૂર્વે બીજી શતાબ્દિથી પૂર્વે હતું.

(ચ) લોકમાન્ય તિલકે પુરાણોનો રચનાકાળ ઈ.સ. પૂર્વે બીજી શતાબ્દિ થી પૂર્વનો માન્યો છે.

(છ) પં. બલદેવ ઉપાધ્યાયનાં મતે પુરાણોનું અસ્તિત્વ વૈદિકકાળમાં પણ હતું. વર્તમાન સમયમાં પ્રાપ્ત પુરાણો અનુસાર જ પુરાણગ્રન્થોનું નિર્માણ ઈ.સ. પૂર્વે. ૬૦૦ માં થઈ ચૂકયું હતું. તેમજ પુરાણ કોઈ એક શતાબ્દિની રચના નથી પરંતુ સમયે–સમયે તેમાં નવાં સ્વરૂપો ઉમેરીને તેનાં વર્તમાન સ્વરૂપને ગુપ્તકાલ સુધીમાં પ્રાપ્ત કરી ચૂકયાં હતાં.

(જ) વાચસ્પતિ ગૈરોલાએ પણ પુરાણોનાં સ્વરૂપ પર ગહન વિચાર–વિમર્શ બાદ આધુનિકતમ એવં પ્રાચીનતમ સ્વરૂપનો સ્વીકાર કર્યો છે. તેમનાં મતે પુરાણની પૂર્વ સીમા વૈદિકયુગ તેમજ ઉત્તર સીમા ગુપ્તકાલ સુધી છે.

આમ પુરાણને એક સ્વતંત્ર વિષય અને કાલાન્તરમાં તેનું પરિવર્દ્ધિત સ્વરૂપ, આ બન્ને અનુસાર એમ કહી શકાય કે પુરાણનું મૂળસ્વરૂપ વેદકાલિક અને તેનું પરિવર્દ્ધિત રૂપ ઈ.સ. ૧૨૦૦ સુધી માની શકાય. અહીં આપણે વિવિધ વિદ્વાનોનાં મન્તવ્યો અનુસાર પુરાણનો ઉદ્ભવ જાણ્યો, પરંતુ પુરાણો પણ સ્વયં પોતાનાં ઉદ્ભવ વિશે કહે છે. પ્રાયઃ

બધાજ પુરાણો સ્વીકારે છે કે–

पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम् ।
अनन्तरं च वक्त्रेभ्यो वेदास्तस्य विनिः सृताः ।।[४४]

અર્થાત્ પુરાણ તમામ શાસ્ત્રોથી પૂર્વે હતાં તત્પશ્ચાત્ બ્રહ્માનાં મુખથી વેદો નીકળ્યાં. જેનો મૂળ ભાવાર્થ એવો થાય કે વૃદ્ધજનો થી શ્રુત કથાઓ તેમજ મનોરંજક વાર્તાઓથી સમાજમાં પુરાણોનું અસ્તિત્વ હતું. પુરાણોનાં અધ્યયનથી એ પણ સ્પષ્ટ થાય છે કે, પુરાણ વસ્તુતઃ વૈદિક કથાઓ, જનશ્રુતિઓ એવં સૃષ્ટિ, વિસૃષ્ટિ, પ્રલય, મન્વન્તર, આચાર વર્ણન તેમજ રાજવંશ વર્ણનનાં પ્રતીકો છે. પૌરાણિક સૂતોનાં કહેવા મુજબ પુરાણતત્ત્વજ્ઞ ભગવાન વેદવ્યાસે આખ્યાન, ઉપાખ્યાન, ગાથા, તેમજ કલ્પશુદ્ધિ સાથે પુરાણસંહિતાઓની પણ રચના કરી. પુરાણોની આ સ્વીકૃતિ સિદ્ધ થાય છે કે વેદોની જેમ ઈતસ્તતઃ વિખરાયેલ પુરાણોને પણ સંગૃહીત કરી અને શ્રી વેદવ્યાસજીએ પોતાની માન્યતા અનુસાર સંપાદન કર્યું. વેદની જેમ આદિકાળમાં *'पुराणमेकमेवासीत्'* અર્થાત્ પુરાણ માત્ર એક જ હતું. પરંતુ તેનું વિભાજન સુતો દ્વારા થયું. સૂત એક જાતિ અથવા સમ્પ્રદાય હતો, જે વંશપરંપરાનુસાર ફરી ફરીને કથાઓ દ્વારા સમાજનું સંશોધન એવં મનોરંજન કરતો હતો. વિભિન્ન સૂતોનાં મુખેથી નીકળેલ પૌરાણિક કથાઓમાં કાળ ક્રમે પાઠાન્તર તેમજ પ્રક્ષેપણ સમજ વાત છે. કાળાન્તરે સ્વાર્થનિરત સૂતો અને વ્યાસોએ પોતપોતાની માન્યતાઓનો પણ સમાવેશ કર્યો, તેમજ તેની શાખા–પ્રશાખાઓ ઉત્પન્ન થઈ. રાજવંશોનાં વર્ણનમાં ક્રમદોષ, ક્રમભંગ તેમજ વર્ણનાત્મક વિવર્તનો ઉત્પન્ન થયાં. સામ્પ્રદાયિક ઘૃણા, દ્વેષની પ્રવૃત્તિઓ સમાવિષ્ટ થઈ. પાઠાંતર તેમજ પ્રક્ષેપણ ઉત્તરોત્તર વધતાં ગયાં, છતાં પુરાણોની મૌલિકતા તેમજ વાસ્તવિકતા સમૂળ નષ્ટ ન થઈ. હા અસમીક્ષ્ય પાઠકો માટે ભ્રમ અને વિવાદનો હેતુ જરૂર ઉત્પન્ન થયો.

પુરાણોનાં ઉદ્ભવ વિશે ભાવનામૂલક શોધપ્રણાલીથી ઉપર ઉઠી અને તર્ક તેમજ બુદ્ધિની મદદથી પુરાણ રચનાકાળ માટે વિચારીએ તો આપણે એ વાત સ્વીકારવી પડે કે, પુરાણોનો ઉદ્ભવ વિભિન્નકાળ તેમજ વાતાવરણમાં થયો છે. આધુનિક આલોચકો

તેમજ ઈતિહાસકારો પુરાણોની રચનાનો સમય ઈ.સ.પૂ. પ્રથમ શતાબ્દિ માનવામાં પણ સંકોચ કરે છે,તેમજ અમુક પુરાણોને તો ખૂબ જ અર્વાચીન માને છે. આ નિર્ણય સ્થૂળ રીતે જોઈએ તો તે ઘટનાઓને ધ્યાનમાં રાખીને કરે છે કે જે વૈદિક કાળથી લઈને યવનકાળ અથવાં મરાઠીકાળ અથવા અંગ્રેજ રાજથી સંલગ્ન છે. પુરાણોની વિશ્રંખલતા તેમજ અનૈતિહાસિકતા પ્રગટ કરવામાં અન્ય પ્રમાણ વંશ વર્ણનમાં પરસ્પર અનુક્રમ–ભેટ છે. તે વાતમાં સંદેહ નથી કે પુરાણોમાં કથાનકોનું પરસ્પર સામંજસ્ય તેમજ વૈષમ્ય વિચિત્ર રૂપે છે. સાથો સાથ કાળભેદ પણ મળે છે. પરંતુ જયારે તર્કની કસોટીથી, આન્વીક્ષણ શકિતથી વિચાર કરીએ છીએ ત્યારે ઉપરોકત કારણોસર પુરાણોની પ્રાચીનતા તેમજ ઐતિહાસિકતા એટલા માટે કલંકિત નથી થતી કારણકે–વિખરાયેલાં પુરાણ કથાનકોને વ્યાસજીએ મૂળ સંહિતાનું રૂપ આપ્યું. તત્પશ્ચાત્ પોતાનાં શિષ્ય રોમહર્ષણ ને ભણાવ્યાં. રોમહર્ષણે તેનાં શિષ્ય શાંશપાયન આદિને, તેઓએ પોતપોતાની સુવિધાનુસાર વિભકત કરી સૂતો દ્વારા તે કથાઓનો પ્રચાર સ્વૈચ્છિક રીતે થવાં લાગ્યો. શિષ્ય–પ્રશિષ્યની આ પરંપરા એ પુરાણ કથાઓને અનિયંત્રિત અને અમર્યાદિત બનાવી દીધી. ભવિષ્યની કથાઓનાં વર્ણનને મૂલતઃ સંદેહપૂર્ણ ન બનાવી શકાય, કારણકે શકય છે ભવિષ્યની સાંકેતિક ઘટનાઓને અતિરંજિત તેમજ વિકસિત પાછળથી બનાવાઈ હોય, પરંતુ ભવિષ્યની કથાઓ ઉપર તેમજ પુરાણોની પ્રાચીનતા પર આક્ષેપ ઉચિત નથી. ભવિષ્યમાં થનારાં કલ્કિ અવતાર તેમજ તે પૂર્વે થનાર સમાજની સ્થિતિનાં સત્યથી સહસા ઈન્કાર એટલામાટે ન કરી શકાય, કારણકે ઘટનાઓનું સત્ય ઉત્તરોત્તર પ્રમાણિત થઈ રહયું છે. વાયુપુરાણ, મત્સ્યપુરાણ તેમજ વિષ્ણુપુરાણ અને બ્રહ્મપુરાણનું તુલનાત્મક અધ્યયન કર્યા પછી તેને મહાભારત કાલીન માનવાની વાત અસ્વીકૃત ન કરી શકાય.

### ❑ પુરાણની દ્વિવિધ ધારા :

પુરાણોનાં વિકાસમાં મુખ્ય બે ધારાઓ સ્પષ્ટ દેખાઈ આવે છે. (૧) વ્યાસપૂર્વ ધારા, (૨) વ્યાસોત્તર ધારા. વ્યાસનું મુખ્ય કાર્ય 'પુરાણ સંહિતા' નું નિર્માણ હતું. તેથી પુરાણોની વ્યવસ્થિત રૂપે સાંકળ તૈયાર કરવી તે તેમનું સામાન્ય કાર્ય હતું. પરંતુ પુરાણની આ ધારા તેનાથી પણ પ્રાચીનતર યુગનાં સાહિત્યિક જગતની એક વિશિષ્ટ વસ્તુ છે. તે

યુગમાં 'પુરાણ' નો અર્થ હતો – લોકપ્રચલિત. પરંતુ અવ્યવસ્થિત અત્ર–તત્ર વિખરાયેલ લોકવૃત્તાત્મક વિદ્યાવિશેષ આ સિદ્ધાન્ત ને માટે પ્રમાણ પણ આપી શકાય તેમ છે.[૪૫] જેમકે–

(ક) પુરાણનાં આવિર્ભાવનો નિર્દેશ વાયુ ૧/૫૪ તથા મત્સ્ય ૩/૩–૪ માં અપાયો છે, અહીં આ સમયને વેદથી પણ પ્રાચીન બતાવાયો છે. બ્રહ્માનાં બધા જ શાસ્ત્રોમાં પુરાણનું જ પ્રથમ સ્મરણ કરાયું, ત્યાર બાદ જ તેનાં મુખેથી વેદ નિઃસૃત થયો, જેમકે–

पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम् ।
नित्यं शब्दमयं पुण्यं शतकोटि प्रविस्तरम् ।
अनन्तरं च वक्त्रेभ्यो वेदास्तस्य विनिःसृताः ।।[૪૬]

'*शतकोटि प्रविस्तरम्*' શબ્દનો અર્થ બીજો કઈ નહીં પરંતુ વિખરાયેલાં અનિશ્ચિત અને વિશાળ પુરાણનો સંકેત કરે છે. કોઈ ગ્રન્થ વિશેષનો સંકેત ન હોવાથી આ પુરાણવિદ્યાનો જ સંકેત છે તેમ માનવું ઉચિત છે.

(ખ) 'પુરાણ' શબ્દની વ્યુત્પત્તિ પણ આ વિષયમાં સહાયક માની શકાય તેમ છે.

'पुरा परम्परां वष्टि पुराणं तेन तत् स्मृतम्[૪૭]
यस्मात् पुराह्यनक्तीदं पुराणं तेन तत् स्मृतम्'[૪૮]

આ વ્યુત્પત્તિ પરથી પણ કહી શકાય કે 'પુરાણ' કોઈ વિશિષ્ટ ગ્રન્થનું નહી પરંતુ કોઈ વિદ્યાવિશેષનું દ્યોતક છે. પુરાણનાં અવતરણની એક અન્ય કલ્પના પણ છે. સ્કન્દ પુરાણ (રેવાખંડ)[૪૯] પદ્મપુરાણ (સૃષ્ટિખંડ)[૫૦] તેમજ મત્સ્યપુરાણમાં પણ[૫૧] સમાનભાવથી આ પરંપરાનો ઉલ્લેખ થયો છે. આ પરંપરા મુજબ કલ્પાન્તરમાં પુરાણ એક જ હતું. તે ત્રિવર્ગ–ધર્મ, અર્થ અને કામનું સાધન હતું. જે રીતે તે અર્થશાસ્ત્ર અને કામશાસ્ત્રનાં વિષયોનું પ્રતિપાદક હતું, તેવી રીતે જ તે ધર્મનું પણ પ્રકાશક હતું. તેનું ક્ષેત્ર ખૂબજ વિશાળ હતું, કારણકે તે શ્લોકોની સંખ્યામાં પણ શતકોટિ વિસ્તૃત હતું. અનેક પુરાણોની માન્યતા છે કે, આ વિશાળ પુરાણસાહિત્ય દેવલોકમાં પ્રતિષ્ઠિત હતું.

સમય પરિવર્તનને કારણે વિશાળ પુરાણનું ગ્રહણ ક્ષીણબુદ્ધિ માનવોનાં કલ્યાણ હેતુ આ વિશાળકાય સાહિત્યને ચારલાખ શ્લોકોમાં સંક્ષિપ્ત કર્યુ, જે આજ–કાલ પ્રચલિત તેમજ લોકપ્રિય છે.

એક અન્ય મત મુજબ ચતુઃસહસ્ત્રાત્મક પુરાણ સંહિતાનું વિપુલીકરણ ચતુર્લક્ષાત્મક અષ્ટાદશ પુરાણોનાં રૂપમાં છે. અને બીજા મતાનુસાર દેવલોકમાં વિદ્યમાન શતકોટિ શ્લોકાત્મક પુરાણનું સંક્ષિપ્તરૂપ ચતુર્લક્ષાત્મક ૧૮ પુરાણોનાં રૂપે થયું છે. બન્ને તથ્યો એક વાત પર એકમત છે કે, પુરાણનાં પ્રણયનમાં વેદવ્યાસની જ મુખ્ય ક્રિયાશીલતા છે. આ સાહિત્યનાં નિર્માણનું શ્રેય આ વર્તમાન યુગમાં શ્રી કૃષ્ણદ્વૈપાયન મુનિને જ જાય છે. પુરાણ લૌકિક શાસ્ત્ર છે. આ વેદથી ભિન્ન પરંતુ તદનુકૂળ શાસ્ત્ર મનાય છે. વેદ સમાન આનું સ્વરૂપ સદા–સર્વદાને માટે નિશ્ચિત નથી કરાયું. જેથી આ સમયાનુસાર તેનાં પ્રભાવમાં આવી અને સ્વયં પરિવર્તન શીલ છે. તેથી જ તન્ત્રવાર્તિક (૧/૩/૩) વેદને અકૃત્રિમ બતાવે છે. નિરૂકતમાં પુરાણ શબ્દની અપાયેલ નિરૂકિત પણ પુરાણનાં સમય–સમય પર પરિવર્તનની તરફ સ્પષ્ટ સંકેત કરે છે. વ્યુત્પત્તિ આમ છે.–'*पुरापि नवं भवति।*' અર્થાત્ આ શાસ્ત્ર પ્રાચીનકાલિક હોવન છતાં નિત્યનૂતન છે. અર્થાત્ મૂલતઃ પ્રાચીન હોવા છતાં કાળક્રમે થયેલા પરિવર્તનોને પોતાનામાં સમાવીલે છે. પુરાણ આ સામયિક પરિવર્તનનાં તથ્યને પ્રગટ કરવાથી પાછું નથી ફરતું. કુમારિક ખંડ (૪૦/૧૯૮)નું સ્પષ્ટ કથન છે કે – ઈતિહાસ અને પુરાણ લોક ગૌરવથી ભિન્ન–ભિન્ન હોય છે.

'ईतिहासपुराणानि भिद्यन्ते लोकगौरवात्'

આ કથન સામયિક પરિવર્તનનું જ દ્યોતક છે. ન્યાયભાષ્યમાં મહર્ષિ વાત્સ્યાયન લોકવૃત્તને જ ઈતિહાસ અને પુરાણનો વિષય માને છે.

लोकवृत्तमितिहासपुराणस्य विषयः [૫૨]

આ કથનની મહત્તા વેદ એવં ધર્મશાસ્ત્રની તુલનાથી સારી રીતે સમજી શકાય. વાત્સ્યાયને સાહિત્યને ત્રણ અંગોમાં વિષયની દષ્ટીએ વિભકત કરેલ છે– યજ્ઞ, લોકચરિત

અને ધર્મશાસ્ત્ર. યજ્ઞ–મંત્ર બ્રાહ્મણનો એટલે કે વેદનો વિષય છે, લોકચરિત– ઈતિહાસ અને પુરાણનો વિષય છે, તેમજ લોક વ્યવહારનું વ્યવસ્થાપન, પુણ્યપાપાદિનું નિર્ધારણ–ધર્મશાસ્ત્રનો વિષય છે.[૫૩] આ મહત્વપૂર્ણ મન્તવ્યનું તાત્પર્ય છે કે – દ્રષ્ટા તેમજ પ્રવકતાની દષ્ટીએ તો આમાં ભેદ નથી. કારણકે જે દ્રષ્ટા તેમજ પ્રવકતા મન્ત્ર–બ્રાહ્મણનાં છે, તે જ ઈતિહાસ, પુરાણ અને ધર્મશાસ્ત્રનાં પણ છે. તેથી પ્રવકતાની દષ્ટીએ પાર્થકય નથી, તો પછી પાર્થકય છે કયાં? તેનો અર્થ છે કે– વિષયનાં વિવેચનનાં ક્ષેત્રને લઈને જ આ ત્રણેમાં ભેદ તથા પાર્થકય મનાય છે.

નિષ્કર્ષ એમ નિકળે છે કે, પ્રાચીન પરમ્પરામાં લોક વૃત્તનાં વર્ણન ને જ પુરાણનો મુખ્ય વિષય સ્વીકાર કરાયેલ છે. ધર્મશાસ્ત્રની સાથે તેનો સંબંધ નથી માનતી. તેનું એ પરિણામ નિકળે છે કે, પુરાણનું પ્રાચીનનામ રૂપ લોકવૃત્તાત્મક જ હતું અને તે પ્રાચીનકાળ માં તેનો ધર્મશાસ્ત્ર સાથે કોઈ સંબંધ સ્થાપિત થઈ શકયો ન હતો. ધર્મશાસ્ત્રીય વિષયોનો પુરાણમાં નિવેશ તો પાંચમી કે છઠી શતાબ્દિની ઘટના મનાય છે.

## ❑ વેદકાલીન દ્વિવિધ ધારા :

વૈદિકયુગમાં વિચારની બે ધારાઓ દષ્ટીગોચર થાય છે, એક વેદધારા અને બીજી પુરાણધારા. વેદધારાતો આરંભથી જ ધાર્મિક છે. યજ્ઞોમાં વિશિષ્ટ દેવોને ઉદ્દેશીને હવિ આપવાની વાત ને મહત્વ આપે છે. પરંતુ પુરાણધારાનું લક્ષ્ય લોકવૃતનું અનુશીલન તથા સમીક્ષણ કરી, વિસ્તૃત વિવરણ આપવાનું છે. આ બન્ને ધારાઓમાં જરાક પાર્થકય હોય તેવી કલ્પના અનુચિત નથી. પુરાણધારા આરંભે વૈદિક માર્ગથી તેટલી સંપૃકત, સંસ્પૃષ્ટ કદાચ ન હતી. તેથી તેમાં થોડી ભિન્નતા જોવાં મળે છે. પરંતુ દ્વિવિધ ધારાની સત્તા પુરાણનાં પ્રામાણ્ય પર પણ આપણે સિદ્ધ કરી શકીએ. માર્કન્ડેય (૪૫/૨૩) નાં કથનથી દ્વિવિધ ધારાનું અનુમાન અપ્રામાણિક ન માની શકાય. માર્કન્ડેયનું તે કથન આ પ્રમાણે છે.

उत्पन्नमात्रस्यपुरा ब्रह्मणोऽव्यक्तजन्मनः ।
पुराणमेतद् वेदाश्च मुखेभ्योऽनुविनिः सृता ।।

वेदान् सप्तर्षयस्तस्मज्जगृहुस्तस्य मानसाः ।
पुराणं जगृहुश्चाद्या मुनयस्तस्य मानसाः ।।[५४]

આ કથનથી સ્પષ્ટ થાય છે કે પ્રાચીન સમયમાં ઋષિધારા એવં મુનિધારા પૃથક્–પૃથક્ હતી. ઋષિઓએ વેદોનું ગ્રહણ કર્યું અને મુનિઓએ પુરાણોનુ. પરંતુ તે બન્ને બ્રહ્માજીનાં જ મુખથી નિઃસૃત થયાં છે. માર્કન્ડેય પુરાણની સૃષ્ટિને પ્રાગ્કાલીન મનાય છે તેમજ વેદ સૃષ્ટિને ઉત્તરકાલીન. આમ ઋષિઓ વેદોનું ગ્રહણ કરી તેનું વિપુલીકરણ કરી તેનાં પ્રચાર–પ્રસારમાં પ્રવૃત થયાં. તેથી વિપરીત મુનિઓએ પુરાણોને ગ્રહણ કર્યા, અને તેનાં પ્રચાર–પ્રસારનાં મહાન કાર્યમાં લાગી ગયાં.

ઋષિ એવં મુનિઓનાં આ પાર્થકયની પુષ્ટિ શંકરાચાર્યનાં સનત્સુજાતીય ભાષ્યની એક સુંદર ઉકિત થી પણ થાય છે. તેમાં બ્રહ્મ–વિશ્વથી વિલક્ષણ એવં વિપરીત બતાવાયું છે.

*'निर्दिश्य सम्यक् प्रवदन्ति वेदः*
*तद् विश्ववैरूप्यमुदाहरन्ति ।'*[५५]

આ શ્લોકનાં ભાષ્યમાં આચાર્યશ્રીએ વેદોનાં અનેક ઉદાહરણો આપી બ્રહ્મ તેમજ વિશ્વનાં વૈલક્ષણ્યનું પ્રતિપાદન કર્યું છે. તદનન્તર તે પુરાણસ્થ પ્રમાણ તરફ સંકેત કરતાં કહે છે કે–

*'न केवलं वेदा, अपि तु मुनयोऽपि तद् ब्रह्म विश्ववैरूप्यं विश्वरूपविपरीत स्वरूपमुदाहरन्ति ।' तथा चाह भगवान् पराशरः प्रत्यस्तमितभेदं यत्... तच्च विष्णोः परं रूपम् ॥ '* આ બન્ને શ્લોક વિષ્ણુપુરાણનાં ષષ્ઠ અંશ, સપ્તમ અધ્યાયનાં ૫૩–૫૪ માં સંનિહિત છે. આચાર્યનાં પૂવોકત કથનનું સમીક્ષણ તે બતાવે છે કે, વેદ તેમજ પુરાણકાર મુનિઓનાં વચનોને દ્વિપ્રકારક માને છે. આ કથન થી પણ પૂવોકત ઋષિધારા એવં મુનિધારાનાં પાર્થકયને માટે આધારભૂત ભૂમિકાને સ્થિત માની શકાય.

આમ સંક્ષિપ્તમાં જોઈએ તો ઉપરોકત કથનો મુજબ પુરાણ બ્રહ્માનાં મુખમાંથી નિઃસૃત થયાં તેમજ મુનિઓએ તેનો વિસ્તાર કર્યો, જયારે ઐતિહાસિક દષ્ટીએ પણ વિભિન્ન ઈતિહાસવિદો તેમજ વિદ્વાનોનાં મતે પુરાણને કાળક્રમે પરિવર્તનશીલ તેમજ ઈ.સ. પૂર્વે ચોથી શતાબ્દિથી લઈ ઇ.સ.ની પાંચમી શતાબ્દી સુધીનાં માન્યાં છે. આમ વિભિન્ન પુરાણોનો ઉદ્ભવ થયો છે.

## ૧.૪ પુરાણોનો વિકાસ

વિભિન્ન શાસ્ત્રો અને ગ્રન્થોને આધારે પુરાણોની ઉત્પત્તિ જોયા બાદ હવે પ્રશ્ન એ થાય છે કે, સમાજ માં અત્યારે પુરાણો જે રીતે પ્રસરેલાં છે, તે પુરાણોનાં વિકાસની પ્રક્રિયા કેમ થઈ હશે ? કારણ કે પુરાણનું જ્ઞાન આમ માનવનાં જીવનનું ખૂબ જ માર્મિક પાસુ છે. તેમજ પ્રત્યક મનુષ્યમાં ઉંડે સુધી કોઈને કોઈ રીતે તે ધર્મ વ્યાપ્ત છે. પુરાણની ઉત્પત્તિનાં વિષયમાં પ્રાયઃ તમામ પુરાણો એક સમાન મત પ્રસ્તુત કરે છે. બ્રહ્માનાં મુખે તેનાં ઉદયનાં વિષયમાં તો કોઈ પ્રકારની શંકા નથી. વિભિન્નતાનું કારણ માત્ર એક નિર્ધારણ છે કે વેદની ઉત્પત્તિ પ્રાક્કાલીન છે કે પશ્ચાત્ કાલીન? મત્સ્ય પુરાણ અનુસાર બધાજ શાસ્ત્રોમાં 'પુરાણ' ની જ રચના બ્રહ્મદેવે સૌ પ્રથમ કરી, ત્યાર બાદ તેમાનાં મુખેથી વેદો નિઃસૃત થયાં.

पुराणं सर्व शास्त्राणां..... ।[૫૬]

આ મત્સ્યપુરાણની પોતાની વિશિષ્ટ કલ્પના છે. '*શ્રી મદ્ભાગવત*' પુરાણની ઉત્પત્તિ વેદકાળ પછી માને છે. પરંતુ એક નિશ્ચિત સમયમાં પુરાણોનો આ ઉદય વિદ્યાનાં રૂપમાં સમજવો જોઈએ. આ પૂર્વે અવ્યવસ્થિત રૂપે હતું. પુરાણોનું પ્રવચન કોઈ ગ્રન્થથી કરાતું ન હતું. પરંતુ મૌખિક સ્વરૂપ જ હતું જે તથ્યને આપણે પુરાણોની ઉત્પત્તિ વખતે સપ્રમાણ સિદ્ધ કરી ચૂકયાં છીએ.

પુરાણોનાં વિકાસમાં એક નવો યુગ શરૂ થાય છે જયારથી વ્યાસજીએ 'પુરાણ સંહિતા' નું પ્રણયન કરી પુરાણોને સુવ્યવસ્થિત રીતે પ્રતિષ્ઠિત કર્યા. 'પુરાણ સંહિતા' નાં સ્વપનાં વિષયમાં આગળ કહેવાયું છે કે – પુરાણ વિષયક અવ્યવસ્થાનું અવસાન ' પુરાણ સંહિતા' ના નિર્માણ થી નિશ્ચિત રૂપે થઈ ગયું હતું. મૌલિક રૂપે વિચરણશીલ શાસ્ત્ર હવે લોકોની જિહ્વાથી નીચે ઉતરી વર્ણમય વિગ્રહમાં પોતાનાં સ્વરૂપને પ્રાપ્ત કરી પ્રફૂલ્લિત થઈ ચુકયું હતું. આ સુવ્યવસ્થિત સમયનો પરિચય જોઈએ–

'પુરાણ સંહિતા' નું પ્રણયન વ્યાસજીનાં પ્રયાસનું ફળ છે. પુરાણોનો આ વિષય ઉપર અભિપ્રાય છે કે – વ્યાસજીએ જ પુરાણ સંહિતાનું સ્વયં પ્રણયન કરી, લોમહર્ષણ

સૂતને ભણાવ્યું. તેનાં પ્રચારનું માધ્યમ તેમને જ બનાવ્યા. આ કાર્ય તે સમયે થયું, જયારે તેઓ એક વેદનાં યજ્ઞ–કર્મ નિષ્પાદન હેતુ વેદોને ચાર સંહિતાઓમાં વિભાજન કરી રહયા હતા તેમજ ચાર વિશિષ્ટ શિષ્યોને તેનું અધ્યાયન કરાવી તેનાં પ્રચાર માટે પ્રેરીત કરી રહયા હતાં. લોમહર્ષણે પણ પોતાની એક પુરાણ સંહિતા બનાવી, જે વ્યાસની પુરાણ સંહિતા પર આધારિત હતી. આ સંહિતાને તેણે પોતાનાં છઃ શિષ્યોને ભણાવી. વાયુપુરાણ માં આ છ શિષ્યોનો ઉલ્લેખ છે, જેને સૌથી પ્રાચીન માની શકાય. જેનું કારણ એ છે કે આ નામોની વૈદિક નામાવલી સાથે ખુબજ સમાનતા છે. ઋષિયોનાં વ્યકિતગત નમોની સાથે ગોત્રજ નામોનો ઉલ્લેખ વૈદિક પરંપરાની એક વિશેષતા છે. તે પરંપરા વાયુપુરાણનાં ઉલ્લેખમાં પૂર્ણ પણે નિર્વાહ પામી. વાયુપુરાણમાં આ શિષ્યોનાં નામો બે પ્રકારે છે. એક તો છે વૈયકિતકનામ અને બીજા છે ગોત્રજ નામ જે નામો આ પ્રમાણે છે.–

(૧) સુમતિ અત્રેય

(૨) અકૃતવ્રણ કાશ્યપ

(૩) અગ્નિવર્ચા ભારદ્વાજ

(૪) મિત્રાયુ વાશિષ્ઠ

(૫) સોમદત્તિ સાવર્ણિ

(૬) સુશર્મા શાંશપાયાન [૫૭]

આ નામો વાયુપુરાણમાં સુવ્યવસ્થિત રીતે ઉલ્લેખાયાં છે. વિષ્ણુપુરાણમાં પણ નામ તો આ પ્રમાણે જ છે,[૫૮] પરંતુ એટલાં સુવ્યવસ્થિત નથી જેટલાં વાયુપુરાણમાં છે. જયારે શ્રીમદ્‌ભાગવત પુરાણમાં આ નામોમાં માત્ર ભિન્નતા જ નહી, અપિતુ ઘણી વિભિન્નતાઓ પણ છે.

त्रय्यारूणिः कश्यपश्च सावर्णिरकृतव्रणः ।
वैशंपायनहारीतौ षड् वै पौराणिका इमे ।।[५९]

અહીં 'કશ્યપ' નાં સ્થાને કાશ્યપ તેમજ વૈશમ્પાયનનાં સ્થાને શિંશપાયન પાઠ હોવો જોઈએ. *'त्रय्यारुणि'* તેમજ *'हारित'* આ બન્ને નવા નામો છે, પરંતુ સૌથી મોટી ખામી એ છે કે 'કાશ્યપ', 'અકૃતવ્રણ' બન્ને એક જ વ્યકિતનું નામ છે. બે વ્યકિતઓનો અહીં સંકેત નથી. આવી દશામાં *'षट् पौराणिका इमे'* ની વાત કેમ સિદ્ધ થશે? માત્ર પાંચ જ વ્યકિત થયાં, છ નહી. આ ભૂલ જોતા એવું લાગે છે કે મૂળપ્રાચીન પરંપરાથી ભાગવત અવગત નથી, તેમજ આ વાત પણ ભાગવત પુરાણને વાયુ તથા વિષ્ણુ બન્ને પુરાણોથી પશ્ચાત્ કાલીન સિદ્ધ કરવામાં સહાયક થાય છે. આ જ અધ્યાયનાં સાતમા શ્લોકમાં પણ આ ખામી નું પુનરાવર્તન થયું છે. જેમાં પાઠની અશુદ્ધિ છે.–

सुमतिश्चाग्निवर्चाश्च मित्रायुः शांसपायनः ।
अकृतव्रण सावर्णी षट्शिष्यास्तस्य चाभवन् ।।

આ નામોમાં વ્યવસ્થાનો અભાવ છે. ચાર નામો તો વૈયકિતક છે, પરંતુ બે નામ (શાંસપાયન તેમજ સાવર્ણિ) ગોત્રજ છે. પરંતુ વાયુપુરાણનાં શ્લોક ખુબજ સત્વશાલી હોવાથી અહી ઉલ્લેખ કરૂ છું.

षट्शः कृत्वा मयाप्युक्तं पुराणमृषिसत्तमाः ।
आत्रेयः सुमतिर्धीमान् काश्यपो ह्यकृतव्रणः।।
भारद्वाजोऽग्निवर्चाश्च वसिष्ठो मित्रयुश्च यः ।।
सावर्णिः सौमदत्तिश्च्च सुशर्मा शांशपायनः ।
एते शिष्या मम ब्रह्मन् पुराणेषु दृढव्रताः ।।[६०]

ઉપરોકત છઃ શિષ્યો માંથી ત્રણે પોતાની નવી પુરાણ સંહિતાઓ બનાવી જે શિષ્યોનાં નામો છે– કાશ્યપ, સાવર્ણિ, શાંસપાયન. આ ત્રણ શિષ્યોની સંહિતા પોતાનાં ગુરૂ લોમહર્ષણની સંહિતા સાથે મળી કુલ ચાર સંહિતાઓ નિષ્પન્ન થઈ. આ ચારેયમાં ચાર–ચાર પાદ, પ્રક્રિયાપાદ, ઉપોદ્ઘાતપાદ, અનુષંગપાદ તેમજ ઉપસંહારપાદ હતાં. બધી એક જ અર્થને પ્રતિપાદિત કરનારી હતી. માત્ર પાઠાન્તરમાં જ ભેદ હતો. અને આમ તેની સમાનતા વૈદિક શાખાઓની સાથે કરાઈ છે. અર્થાત્ જે પ્રમાણે એક જ

વેદ–સંહિતા, વિભિન્ન શાખાઓમાં તેની તે રહે છે, માત્ર અમુક મન્ત્રોચારમાં જ પાઠ ભિન્નતા રહે છે. તે પ્રમાણે જ આ પુરાણ સંહિતાઓ પણ મૂલતઃ એકાર્થ વાચક હોવા છતાં પણ પાઠાન્તરોમાં ભિન્ન હતી, વાસ્તવિક મૌલિક પાર્થકય ન હતું.

શાંશપાયનિકા ને બાદ કરતાં અન્ય ત્રણ પુરાણ સંહિતાઓ ચાર હજાર શ્લોકોની સંખ્યામાં હતી. પુરાણ–સંહિતાનાં વિકાસ ક્રમને બતાવતા વાયુ પુરાણનાં આ શ્લોકોનો અહીં ઉલ્લેખ કરૂ છું.–

त्रिभिस्तिस्रः कृतास्तिस्रः संहिताः पुनरेव हि ।
काश्यपः संहिताकर्ता सावर्णिः शांशपायनः ।।
सामिका च चतुर्थी स्यात् सा चैषा पूर्वसंहिता ।
सर्वास्ता हि चतुष्पादाः सर्वाश्चैकार्थ वाचिकाः ।।
पाठान्तरे पृथग्भूताः वेदशाखा यथा तथा ।
चतुः साहस्रिकाः सर्वाः शांसपायनिकामृते ।।
लोमहर्षणिकाः मूलास्ततः काश्यपिका परा ।
सावर्णिका तृतीया ता यजुर्वाक्यार्थपण्डिता ।।
शांसपायनिका चान्या नोदनार्थ–विभूषिताः ।।[૬૧]

આ પ્રસંગનું તાત્પર્ય છે કે– લોમહર્ષણની પુરાણસંહિતા મૂળભૂત છે. જેનાં આધારપર કાશ્યપ સાવર્ણિ તેમજ શાંસપાયન દ્વારા નિર્મિત પુરાણ સંહિતાઓનું નિર્માણ, તેનાં જ ત્રણ શિષ્યો એ કર્યુ. અન્તિમ પદ્યમાં પુરાણસંહિતાનાં વિષય–વિભાજનનું જે વર્ણન છે તે સ્પષ્ટ નથી. આવી દશામાં ત્રણે સંહિતાઓનાં વિષય વૈભિન્યનું જે વર્ણન 'પુરાણોની ઉત્પત્તિ' પ્રસંગમાં થયું છે તે પણ મનનીય તેમજ અન્વેષણીય છે. અન્તિમશ્લોકનું બ્રહ્માંડ પુરાણનું પાઠાન્તર '*यजुर्वाक्यार्थपण्डिता*' નાં '*સ્થાને*'' *ऋजुवाक्यार्थमण्डिता*' છે. જેથી બન્ને સંહિતાઓનું પાર્થકય સ્પષ્ટ થઈ જાય છે. ' *ऋजुर्वाक्य*' નો અર્થ થાય છે– સબળવાકય, અર્થાત્ આ ત્રણ સંહિતાઓનમાં કથાનક નું વર્ણન સરળ વાકયોમાં નિરંતર કરાયું હતું. શાંસપાયનની સંહિતામાં પ્રશ્નોત્તરરૂપે

કથાનકનું વર્ણન છે. *'નોદનાર્થ'* નો આજ ગૂઢાર્થ પ્રતીત થાય છે.

**નિષ્કર્ષ :–**

વેદવ્યાસનાં આ શાસ્ત્રનાં આદિપ્રવર્તક શિષ્ય હતાં સૂત–રોમહર્ષણ, જેમને સ્વયં મહામતિ વ્યાસજીએ સ્વનિર્મિત સંહિતાનું અધ્યયન કરાવ્યું. રોમહર્ષણનાં છઃ શિષ્યો થયા. (૧) સુમતિ, (૨) અગ્નિવર્ચા, (૩) મિત્રાયુ, (૪) શાંસપાયન, (૫) અકૃતવ્રણ અને (૬) સાવર્ણિ. જેમાંથી અન્તિમ ત્રણ શિષ્યોએ પોતાની સંહિતાઓ બનાવી, રોમહર્ષણની સંહિતા સાથે મળી કુલ ચાર સંહિતાઓ 'પુરાણ સંહિતાઓ' અસ્તિત્વમાં આવી, જે ઘટનાનો ઉલ્લેખ વિષ્ણુપુરાણ ૩/૬/૧૭–૧૯ તેમજ અગ્નિપુરાણ– અધ્યાય ૨૭૧/૧૧–૧૨ માં કરાયો છે. વિષ્ણુપુરાણમાં (૩/૬/૧૮) નિર્દિષ્ટ સંહિતાકર્તા 'કાશ્યપ' શબ્દથી અકૃતવ્રણ નો જ સંકેત સમજવો જોઈએ. શ્રીધર સ્વામીએ આ શબ્દની વ્યાખ્યામાં બન્નેની એકતાનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે.[૬૨] વિષ્ણુપુરાણનાં આ વચનને આધારે જ અગ્નિપુરાણ (અધ્યાય ૨૭૧/૧૧–૧૨) માં આ ત્રણ શિષ્યોને જ (શાંસપાયાન, અકૃતવ્રણ તેમજ સાવર્ણિને) પુરાણ સંહિતાઓ નાં પ્રણેતા સ્પષ્ટ કરાયાં છે.[૬૩] આમ સ્પષ્ટ ઉલ્લેખ હોવા છતાં પણ પુરાણ સંહિતાઓનાં રચયિતાનાં નામોનો ઉલ્લેખ અગ્નિપુરાણમાં દર્શાવવો અયુકત જ છે. કાશ્યપીય પુરાણ સંહિતાનો નિર્દેશ ચાન્દ્રવ્યાકરણમાં તેમજ સરસ્વતીકંઠાભરણની હૃદયહારિણી વૃત્તિમાં મળે છે. ફલતઃ ભોજરાજ (૧૨મી શતાબ્દી)નાં સમય સુધી આ સંહિતા ઉપલબ્ધ હતી. વિષ્ણુપુરાણમાં આ ચારેય પુરાણ સંહિતાઓનો ઉલ્લેખ કરાયો છે. પુરાણસંહિતાનાં રચયિતા મહર્ષિ વ્યાસની પારિવારિક પરમ્પરા એક પ્રખ્યાત પદ્યમાં નિર્દિષ્ટ છે.

व्यासं वसिष्ठनप्तारं शक्तेः पौत्रमकल्मषम् ॥
पराशरात्मजं वन्दे शुकतातं तपोनिधिम् ॥॥

વ્યાસજી વશિષ્ઠનાં પ્રપૌત્ર, શકિતનાં પૌત્ર, પરાશરનાં પુત્ર તેમજ શુકદેવનાં પિતા હતાં. વશિષ્ઠજી બ્રહ્માનાં માનસ પુત્ર છે. ફલતઃ વ્યાસજીની પારિવારિક પરંપરા કંઈક આ મુજબ છે –

**બ્રહ્મા**

**।**

**વશિષ્ઠ**

**।**

**શકિત**

**।**

**પરાશર**

**।**

**વ્યાસ (કૃષ્ણદ્વૈપાયન)**

**।**

**શુકદેવ**

**આ વર્તમાન યુગીય વ્યસનો નિર્દેશ છે આ પૂર્વે ૨૭ વ્યાસ થઈ ચૂકયાં છે. જેનો નિર્દેશ વિષ્ણુપુરાણ (૩/૩/૭–૧૮) તેમજ દેવીભાગવત (૧/૩/૨૪–૩૫) માં સ્પષ્ટપણે થયો છે. અહીં વધારે ધ્યાન આપવાની બાબત એ છે કે, વ્યાસ કોઈ એક વ્યકિત કે અભિધાન ન હોઈ એક પદાધિકારી નું નામ છે. આ પદાધિકારી પ્રત્યેક દ્વાપરયુગમાં ઉત્પન્ન થાય છે.[૬૪] તેમજ લોક કલ્યાણ માટે એક વેદ નો ચાર વેદોમાં તેમજ એક પુરાણનો અઢાર પુરાણોમાં વિસ્તાર કરે છે, વિભાજન કરે છે. વેદોનાં વ્યસન હેતુ જ તેને 'વેદવ્યાસ' ના નામે ઓળખાય છે. તેનું જ સંક્ષિપ્ત રૂપ છે 'વ્યાસ'. વેદ–ભેદનાં કારણોનાં વિષયમાં વિષ્ણુપુરાણનું કથન છે કે–**

वीर्यं तेजो बलं चाल्पं मनुष्याणामवेक्ष्य च ॥
हिताय सर्वभूतानां वेदभेदान् करोति सः ॥॥[૬૫]

**દ્વાપરનાં આરંભે મનુષ્યોનું તેજ, વીર્ય તેમજ બળ ઘટી જાય છે, જે વાતનો વિચાર કરીને જ સર્વભૂત હિતાય વ્યાસદેવ (જે વિષ્ણુનાં જ અવતાર મનાય છે) વેદોનો વ્યાસ, વિસ્તાર કરે છે.[૬૬] વ્યાસોની પરમ્પરા આ પ્રમાણે છે.**

## ❑ વ્યાસોની પરમ્પરા :

૧. બ્રહ્મા, ૨. પ્રજાપતિ, ૩. શુક્રાચાર્ય, ૪. બૃહસ્પતિ, ૫. સૂર્ય, ૬. યમ, ૭. યમ, ૮. વસિષ્ઠ, ૯. સારસ્વત, ૧૦. ત્રિધામા, ૧૧. ત્રિશિખ, ૧૨. ભારદ્વાજ, ૧૩. અન્તરિક્ષ, ૧૪. વર્ણી, ૧૫.ત્રય્યારૂણ, ૧૬. ધનંજય, ૧૭. ઋતુંજય, ૧૮. જય, ૧૯. ભરદ્વાજ, ૨૦. ગૌતમ, ૨૧. હર્યાત્મા, ૨૨. વાજશ્રવા, ૨૩. સોમશુષ્માયણ–તૃણબિંદુ, ૨૪. ભાર્ગવઋક્ષ (વાલ્મીકિ), ૨૫. શકિત, ૨૬.પરાશર, ૨૭. જાતુકર્ણ તથા ૨૮. કૃષ્ણદ્વૈપાયન શ્રી કૃષ્ણદ્વૈપાયન તો પરાશરાત્મજ જ મનાય છે. પરાશરનાં પુત્ર તો પછી બન્નેની વચ્ચે જાતુકર્ણ નું અસ્તિત્વ એક અલગ સમસ્યા ઉભી કરે છે. જેનું સમાધાન પણ જરૂરી છે.

શ્રી વેદવ્યાસનું ચરિત્ર લોક વિશ્રુત છે. તેને વિસ્તૃત લખવાની કે કહેવાની આવશ્યકતા નથી. તેઓ નિષાદ કન્યા સત્યવતીનાં ગર્ભે પરાશર મુનિનાં વીર્યથી ઉત્પન્ન થયાં હતાં. તેમનો જન્મ યમુના નદીનાં એક દ્વીપમાં થયો, તેથી તે 'દ્વૈપાયન' નામથી પ્રખ્યાત થયાં. તેમનું શરીર કૃષ્ણવર્ણનું હતું, જેથી તેઓ કૃષ્ણ અથવા કૃષ્ણમુનિનાં નામથી પ્રસિદ્ધ થયાં. બન્નેને જોડવાથી બને કૃષ્ણદ્વૈપાયન. વેદોનું વિભાજન કરવાને કારણે ' વેદવ્યાસ' પૂર્ણ નામથી, તેમજ પ્રાયઃ 'વ્યાસ' એવાં ટૂંકા નામથી ઓળખાયા. તેમનાં અગાધ પાંડિત્ય તેમજ અલૌકિક પ્રતિભાનું વર્ણન કરવું સરળ કાર્ય નથી. કૌરવ પાંડવોનાં ઈતિહાસથી તેમનો ઘનિષ્ઠ નાતો છે, કારણકે તેઓ ધૃતરાષ્ટ્ર પાંડુ અને વિદુરનાં જન્મદાતા જ ન હતાં, અપિતુ પાંડવોનાં વિપત્તિ સમયે સર્વદા ધૈર્ય બંધાવતા રહયાં. કૌરવોને યુદ્ધથી વિમુખ કરવા માટે તેઓ એ ખૂબ પ્રયાસો કર્યા, પરંતુ કૌરવોએ તેમની વાત પણ અણસુણી કરી, તેમણે ત્રણ વર્ષ સુધી સતત પરિશ્રમ કરી મહાભારત જેવાં મહાન્ ગ્રન્થનું નિર્માણ કર્યુ.

त्रिभिर्वर्षैः सदोत्थायी कृष्णद्वैपायनोमुनिः ॥
महाभारतमाख्यानं कृतवानिदमुत्तमम् ॥॥[૬૭]

આવા મહાન ગ્રન્થનું ત્રણ વર્ષમાં નિર્માણ કરી શકવાનું કાર્ય વ્યાસની અલૌકિક કવિ પ્રતિભા તેમજ અદમ્ય ઉત્સાહનું સૂચક છે. વેદવ્યાસની સાથે તેમનાં તત્વજ્ઞાની પુત્ર

શુકદેવનું નામ પણ પુરાણનાં પ્રચાર–પ્રસાર માટે ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખવા યોગ્ય છે. તેમનાં જન્મની કથા પણ વિભિન્ન સ્વરૂપે મળે છે. મહાભારતનાં શાંતિપર્વ (૨૩૧ અધ્યાય, ૨૫૫ અધ્યાય) માં વિસ્તૃત વર્ણન છે. અરણિકાષ્ઠ વ્યાસજીના વીર્ય દ્વારા તેમની ઉત્પત્તિની ચર્ચા મહાભારતમાં મળે છે[૬૮] (શાન્તિપર્વ–૩૨૪/૯–૧૦). તે જ કારણે તેઓ આરણેય, અરણીસુત નામે પણ પ્રસિદ્ધ છે. મિથિલાનાં રાજા જનક પાસે વ્યાસજીએ તેમને મોકલ્યાં, જયાં તેમણે રાજા જનકને જ્ઞાન–વિજ્ઞાન વિષયક પ્રશ્નો પૂછયાં, ઉચિત સમાધાન મેળવી, તેમને મોક્ષ અપાવી, આપશ્રીએ આપની આધ્યાત્મિક યોગ્યતા પ્રમાણિત કરી. શ્રીમદ્‌ભાગવતમાં શુકદેવજી નૈષ્ઠિક બ્રહ્મચારી તરીકે પ્રતિષ્ઠિત છે. પરંતુ દેવીભાગવત (૧/૧૪) અનુસાર વ્યાસજીએ તેમને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશાવવા માટે મહાન ઉપદેશ આપ્યો ત્યારે પિતાની આજ્ઞા સ્વીકારી તેમણે ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો. કૂર્મપુરાણ પણ તેનો ઉલ્લેખ મળે છે. શ્રીમદ્‌ભાગવતનાં પ્રવર્તક શુકમુનિ જ છે. જેમ કે –

स्वसुखनिभृतचेतास्तद्  व्युदस्तान्यभावोऽ
व्यजितरूचिरलीला  कृष्टसारस्तदीयम्  ।
व्यतनुत  कृपया  यस्तत्वदीपं  पुराणं
तमखिलवृजिनघ्नं  व्याससूनुं  नतोऽस्मि  ।।[૬૯]

આ શ્લોક શુકદેવનાં જીવનપર એક સુન્દર આલોચના છે. શ્રી શુકદેવજી મહારાજ પોતાનાં નિજાનંદમાં જ નિમગ્ન રહેતાં હતા. અદ્વૈતતાથી તેઓ સંપૂર્ણ પણે એક હતાં. તેઓની ભેદ દષ્ટી મટી ચૂકી હતી, તેમ છતાં મુરલીમનોહર શ્યામ સુન્દરની મધુમયી, મંગલમયી અને મનોહારિણી લીલાઓએ શુકદેવની વૃત્તિઓને પોતાના તરફ આકર્ષિત કરી, તેમજ તેમણે જગતનાં પ્રાણિઓ ઉપર દયાકરી. ભાગવતતત્વને પ્રકાશિત કરનારાં આ પુરાણ– ભાગવતનો વિસ્તાર કર્યો. આવા સર્વપાપહારી વ્યાસનન્દન ભગવાન શ્રી શુકદેવજીનાં ચરણોમાં હું પ્રણામ કરૂ છું.

તાત્પર્ય એ છે કે– પરાશર, વ્યાસ અને શુકદેવ ત્રણ પેઢીઓમાં થયેલાં આ મુનિઓ એ પુરાણોના પ્રણયન તેમજ પ્રસારમાં પોતાની શકિતઓ લગાવી દીધી. વિષ્ણુપુરાણનાં પ્રવચનનું શ્રેય પરાશરજી ને જાય છે.[૭૦] તેમજ પુરાણોનાં પ્રણયનનું

ગૌરવ વ્યાસજીને ફાળે જ જાય છે. તેમજ પૂરાણમૂર્ધન્ય શ્રીમદ્ભાગવતનાં પ્રથમ વચનનું તેમજ તેનાં દ્વારા તેનાં સાર્વત્રિક પ્રચારની ઉદાત્તમહિમા શ્રીશુકમુનિ ને પ્રાપ્ત થાય છે. તેથી પુરાણનાં આ ત્રિમુનિ પ્રત્યેક પુરાણ પાઠકને માટે વન્દનીય તેમજ ઉપાસ્ય છે.

## ❑ પુરાણોનાં નામ તેમજ શ્લોક સંખ્યા :

પુરાણોની સંખ્યા પ્રાચીનકાળથી ૧૮ મનાય છે. આ અષ્ટાદશ પુરાણો નાં નામ પ્રાયઃ પ્રત્યેક પુરાણોમાં ઉપલબ્ધ થાય છે. દેવીભાગવત (સ્કન્ધ ૧, અધ્યાય–૩, શ્લોક–૨૧) માં આદ્ય અક્ષરનાં નિર્દેશથી અષ્ટાદશ પુરાણોનાં નામ નિર્દેશ આ લઘુકાય અનુષ્ટુપ છન્દમાં નિબદ્ધ કરી આપ્યાં છે.

*मद्वयं भद्वयं चैव ब्रत्रयं वचतुष्टयम् ।*
*अनापद्लिङ्गकूस्कानि पुराणानि प्रचक्षते ॥*

| | | | |
|---|---|---|---|
| મકારાદિ બે પુરાણો | ૧. મત્સ્ય પુરાણ | ૨. માર્કન્ડેય પુરાણ | |
| ભકારાદિ બે પુરાણો | ૩. ભાગવત | ૪. ભવિષ્ય | |
| બ્રત્રયં અર્થાત્ | ૫. બ્રહ્મ | ૬. બ્રહ્મવૈવર્ત | ૭. બ્રહ્માંડ |
| વચતુષ્ટયં અર્થાત્ | ૮. વામન | ૯. વિષ્ણુ | ૧૦. વાયુ |
| | ૧૧. વારાહ | | |
| અનાપત્લિંગકૂસ્ક અર્થાત્ | ૧૨. અગ્નિ | ૧૩. નારદ | ૧૪. પદ્મ |
| | ૧૫. લિંગ | ૧૬. ગરૂડ | ૧૭. કૂર્મ |
| | ૧૮. સ્કન્દ. | | |

વિષ્ણુપુરાણ (૩/૬/૨૦–૨૪) તેમજ ભાગવત (૧૨/૧૩/૩–૮) આદિ[૭૧] માં આ પુરાણોનો નિર્દેશ એક વિશિષ્ટ ક્રમ સાથે મળે છે. તેમજ આ ક્રમ એવં નામ અન્ય પુરાણોમાં પણ મળે છે, જેમકે–

૧. બ્રહ્મ  ૨. પદ્મ  ૩. વિષ્ણુ  ૪. શિવ  ૫. ભાગવત

૬. નારદીય ૭. માર્કન્ડેય ૮. અગ્નિ ૯. ભવિષ્ય ૧૦. બ્રહ્મવૈવર્ત

૧૧. લિંગ ૧૨. વરાહ ૧૩.સ્કન્દ ૧૪. વામન ૧૫. કૂર્મ

૧૬. મત્સ્ય ૧૭. ગરૂડ ૧૮.બ્રહ્માંડ

અષ્ટાદશ પુરાણોની શ્લોક સંખ્યાનો નિર્દેશ વિભિન્ન પુરાણોમાં ઉપલબ્ધ થાય છે. શ્લોક સંખ્યાની વાસ્તવિક પરીક્ષા માટે આ નિર્દેશ અત્રે રજૂ કરું છું.

| | भागवत ( १२।१३ ) | देवीभागवत ( ११३ ) | अग्निपुराण ( अ० २७२ ) | मंत्स्यं ( अ० ५३ ) |
|---|---|---|---|---|
| ब्रह्म० | १० हजार | १० हजार | २५ हजार | १३ हजार |
| पद्म | ५५ हजार | ५५ हजार | | ५५ हजार |
| विष्णु | २३ हजार | २३ हजार | २३ हजार | २३ हजार |
| शिव | २४ हजार | २४ हजार ६ सौ ( वायु ) | १४ हजार ( वायु ) | २४ हजार ( वायु ) |
| भागवत | १८ हजार | १८ हजार | १८ हजार | १८ हजार |
| नारद | २५ हजार | २५ हजार | २५ हजार | २५ हजार |
| मार्कण्डेय | ९ हजार | ९ हजार | ९ हजार | ९ हजार |
| अग्नि | १५ हजार ४ सौ | १६ हजार | १२ हजार | १६ हजार |
| भविष्य | १४ हजार ५ सौ | १४ हजार ५ सौ | १४ हजार | १४ हजार ५ सौ |
| ब्रह्मवैवर्तं | १८ हजार | १८ हजार | १८ हजार | १८ हजार |
| लिंग | ११ हजार | ११ हजार | ११ हजार | ११ हजार |
| वराह | २४ हजार | २४ हजार | १४ हजार | २४ हजार |
| स्कन्द० | ८१ हजार १ सौ | ८१ हजार | ८४ हजार | ८१ हजार |
| वामन | १० हजार | १० हजार | १० हजार | १० हजार |
| कूर्म | १७ हजार | १७ हजार | ८ हजार | १८ हजार |
| मत्स्य | १४ हजार | १४ हजार | १३ हजार | १४ हजार |
| गरुड | १९ हजार | १९ हजार | ८ हजार | १९ हजार |
| ब्रह्माण्ड | १२ हजार | १२ हजार १ सौ | १२ हजार | १२ हजार २ सौ० |
| | ४ लाख | | | |

શ્લોક સંખ્યાની ચાર સૂચિઓનું આ પરીક્ષણ અનેક વૈભિન્ય ઉપસ્થિત કરે છે. બ્રહ્મપુરાણમાં નારદીય (૯૨/૩૧) તેમજ ભાગવતાનુસાર દશ હજાર શ્લોક છે. પરંતુ અગ્નિપુરાણ અનુસાર ૨૫ હજાર છે. વિષ્ણુપુરાણની શ્લોક સંખ્યા ૬ હજાર થી લઈ ૨૫ હજાર મનાય છે. વાયુ પુરાણની શ્લોક સંખ્યા સામાન્યતઃ ૨૫ હજાર મનાય છે. પરંતુ દેવીભાગવતે ૮૦૦ શ્લોક વધારે માન્યા છે. અગ્નિ પુરાણમાં માત્ર ૧૪ હજાર શ્લોકો માન્યા છે, પરંતુ સ્વયંગ્રન્થની અંદર માત્ર ૧૨ હજાર અત્યારે ઉપલબ્ધ છે. વાયુપુરાણમાં ૧૦ હજારથી થોડાક જ વધારે શ્લોકોની ઉપલબ્ધિ મૂળ ૧૨ હજારની સંખ્યા સુધી પહોંચી જાય છે. માર્કન્ડેય પુરાણની શ્લોક સંખ્યા સર્વત્ર ૮૦૦૦ છે,પરંતુ સ્વયં માર્કન્ડેયનાં મતે તે ૬ હજાર આંઠસો માત્ર છે (માર્ક. ૧૩૪/૩૯). અગ્નિપુરાણમાં શ્લોકની સંખ્યાનાં સંદર્ભમાં આ પ્રમાણે જ વિવિધતા મળે છે. મત્સ્ય પુરાણાનુસાર ૧૬ હજાર, શ્રીમદ્ભાગવતનાં મતે તેનાંથી છસો ઓછી, પરંતુ સ્વયં અગ્નિ પુરાણનાં મતે માત્ર ૧૨ હજાર અને આજ કાલ ઉપલબ્ધ સંખ્યા માત્ર આટલી જ છે. સ્કન્દની સંખ્યા ૮૧ હજાર છે, પરંતુ અગ્નિએ આમાં ત્રીસ હજાર (૩૦,૦૦૦) જોડી અને ૮૪,૦૦૦ બતાવ્યાં છે. તેમજ કૂર્મપુરાણની શ્લોક સંખ્યાની વિષમતા પર પણ વિચાર કરવો ઘટે. ગુરૂડ પુરાણની દશા પણ એવીજ છે. ભાગવત તેમજ દેવીભાગવતાનુસાર ૧૯,૦૦૦ મત્સ્ય પુરાણાનુસાર ૧૮૦૦૦, પરંતુ અગ્નિપુરાણાનુસાર માત્ર ૮૦૦૦ જ છે. આમ આ પુરાણસ્થ શ્લોક–સંખ્યામાં પર્યાપ્ત ભિન્નતા છે.

આ સૂચિની તુલના કરતા અગ્નિપુરાણની સૂચના અનેક પુરાણોની સરખામણીએ વિચિત્ર છે. તેને છોડતાં ભાગવત, મત્સ્ય આદિનાં વર્ણનમાં સમાનતા છે. બધાજ પુરાણોની સંખ્યા ગણાવતી વખતે ૪ લાખ થી વધારે હજારોમાં સંખ્યા થાય છે. પરંતુ સામાન્યતઃ ચાર લાખ શ્લોકોની સંખ્યા માન્ય છે.

व्यासरूपमहं कृत्वा संहरामि युगे युगे ।
चतुर्लक्षप्रमाणेन द्वापरे द्वापरे सदा ।।
तदष्टदशधाकृत्वा भूर्लोकेऽस्मिन् प्रकाशते ।
अद्यापि देवलोकेऽस्मिन् शतकोटि प्रविस्तरम् ।।
तदर्थोऽत्र चतुर्लक्षं संक्षेपेण निवेशितम् ।।[७२]

આ સૂચીમાં અપાયેલ શ્લોક સંખ્યાને પ્રચલિત પુરાણોની શ્લોક સંખ્યા સાથે સરખાવતાં ખૂબ ઓછી સંખ્યા થાય છે. જેને ઘણાં વિદ્વાનો સમજવાં નો પ્રયાસ કરી રહયાં છે. જેમકે બ્રહ્મપુરાણમાં લગભગ ૧૪ હજાર શ્લોકો મળે છે. વિષ્ણુપુરાણની સંખ્યામાં તો વધારે ભિન્નતા જોવા મળે છે. આ પુરાણમાં  વિષ્ણુચિત્તિ તેમજ વૈષ્ણવાકૂતચન્દ્રિકા (રત્નગર્ભ ભટ્ટ) નામક વ્યાખ્યાતાઓને આધારે વિષ્ણુ પુરાણની શ્લોક સંખ્યા ૬ હજાર,૮ હજાર, ૯ હજાર, ૧૦હજાર, ૨૨,૨૩ થી લઈ ૧૪ હજાર સુધી બદલતી રહે છે. પરંતુ આ બંને ટીકાઓ એ તેમજ શ્રીધર સ્વામીએ પણ ૬ હજાર શ્લોક વાળા પાઠ પર જ પોતાની વ્યાખ્યા લખી છે. વલ્લાસેન નો 'દાનસાગર' ૨૩ હજાર શ્લોક વાળાં વિષ્ણુપુરાણનો ઉલ્લેખ કરે છે. પ્રશ્ન એ છે કે આટલી વિવિધતા વિષમતા શા માટે ?

અમુક આલોચકોનું કહેવું છે કે – 'વિષ્ણુધર્મોત્તર' પુરાણનું જ પરિશિષ્ટ મનાતુ હતું. તેથી તેની શ્લોક સંખ્યા મિશ્રિત થવાથી વિષ્ણુપુરાણની ચતુર્વિંશતિ સાહસ્રી સંખ્યાની પૂર્તિ થઈ જાય છે. નારદીય પુરાણે વિષ્ણુધર્મોત્તરને વિષ્ણુપુરાણનું જ પરિશિષ્ટ માની, એક સાથે જ વિષય નિર્દેશ કર્યો છે. પરંતુ આધુનિક વિદ્વનોની આલોચના 'વિષ્ણુધર્મોત્તર' ને ઉપપુરાણ માનવાનાં પક્ષમાં જ છે. આવી અવસ્થામાં બન્ને વાત કઈ રીતે માની શકય ? શ્લોક સંખ્યાનાં આધિકયનાં દ્રષ્ટાંતો પણ ઉપલબ્ધ છે. સ્કન્દપુરાણ પોતાનાં બન્ને વિભાજનોમાં ૮૧૦૦૦  શ્લોકો વાળુ મનાયુ છે. પરંતુ વૈંકટેશ્વર પ્રેસ મુંબઈથી મુદ્રિત સંસ્કરણમાં તેનાથી કઈ હજાર વધારે શ્લોક મળે છે. તેની વચ્ચે ભવિષ્યપુરાણ એક વિચિત્ર તથ્યને પ્રગટ કેરે છે. તેનું કહેવું છે કે સમસ્ત પુરાણો મૂળસ્વરૂપે ૧૨૦૦૦ શ્લોકોમાં હતાં. કાલાન્તરે નવીન વિષયોનાં સંનિવેશ તેમજ સંમિશ્રણ કરવાથી આ સંખ્યા વધી ગઈ. જેથી સ્કન્દ પુરાણ તો એક લાખ શ્લોકથી યુકત છે, તેમજ ભવિષ્ય પુરાણ ૫૦ હજાર શ્લોકોથી. પરંતુ આ કથનને પણ પ્રામાણિક ન માની શકાય. કારણકે શ્રીમદ્‌ભાગવતની રચનાં વિષયે બધા સહમત છે,  તેનુ મૂળ સ્વરૂપ જ ૧૮ હજાર શ્લોકો વાળું હતું. આ દશામાં ભવિષ્યપુરાણનાં પૂર્વોકત કથનમાં આપણી શ્રદ્ધા કેમ ટકે ?

અમુક જગ્યાએ મૂળપુરાણનાં સમગ્ર અંશોની અનુપલબ્ધિ શ્લોક સંખ્યાનાં હ્રાસને

કારણે માની શકાય. જેમકે કૂર્મ પુરાણમાં મૂલતઃ ચાર સંહિતાઓ હતી[૭૩] બ્રાહ્મી, ભાગવતી, સૌરી એવં વૈષ્ણવી. આ માંથી માત્ર પ્રથમ સંહિતા (બ્રાહ્મી) માત્ર ઉપલબ્ધ છે. જેમાં કૂર્મ (૧/૨૩) અનુસાર છ હજાર શ્લોકો છે. કૂર્મમાં શ્લોક સંખ્યા ૧૭ હજાર, ભાગવત તથા દેવી ભાગવત અનુસાર ૭ હજાર મનાય છે. સંક્ષેપમાં કહીએ તો ચારે સંહિતાઓને સમ્મિલિત કરીએ તો ૧૭–૧૮ હજાર શ્લોક સંખ્યા પ્રતીત થાય છે. પરંતુ આજે ઉપલબ્ધ અગ્નિપુરાણમાં માત્ર ૬ હજાર શ્લોકો જ મળે છે. જેનું કારણ માત્ર બ્રાહ્મી સંહિતાની ઉપલબ્ધિ હોઈ શકે.

પ્રાચીન નિબન્ધકારોએ પોતાની દષ્ટી અનુસાર આ વિષમતાને દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. મિત્રમિશ્રએ પોતાનાં પરિભાષ પ્રકાશમાં આ વિષયમાં જે લખ્યું છે તે આપણાં નિબન્ધકારોનાં દષ્ટીકોણને સમજાવવાં માટે આદર્શ માની શકાય.[૭૪] સૂચિમાં આપણે જે પુરાણોનો ક્રમ જોયો તે સર્વત્ર માન્ય નથી. અનેક પુરાણ બ્રહ્મપુરાણને જ આદિ પુરાણ માને છે. વિષ્ણુપુરાણ પણ તેનું સમર્થન કરે છે.

तेऽपि श्रुत्वा मुनिश्रेष्ठाः पुराणं वेदसम्मितम् ।
आद्यं ब्रह्माभिधानं च सर्ववाञ्छाफलप्रदम् ।।
आद्यं सर्वपुराणानां पुराणं ब्राह्ममुच्यते ।। [૭૫]

શ્રીમદ્‌ભાગવત આદિ અનેક પુરાણ એ જ મતનાં સમર્થક છે. માત્ર વાયુ (૧૦૪/૩) તથા દેવીભાગવત (૧/૧/૩) પ્રથમ પુરાણ હોવાનું શ્રેય મત્સ્યપુરાણને આપે છે. વામનપુરાણ પણ મત્સ્યપુરાણને જ પુરાણોમાં મુખ્ય કહે છે.

मुख्यं पुराणेषु यथैव मात्स्यं
स्वायम्भवोक्तिस्त्वथ संहितासु ।
मनुः स्मृतीनां प्रवशे यथैव ।
तिथीषु दर्शो विबुधेषु वासवः ।।[૭૬]

જયારે તેનાથી વિપરીત સ્કન્દ પુરાણ (પ્રભાસ ખંડ–૨/૮–૯) માં બ્રહ્માંડ આદિ પુરાણ મનાયું છે. અષ્ટાદશ પુરાણોની વિષયસૂચિ અનેક પુરાણોમાં સંક્ષેપ તેમજ

વિસ્તારથી અપાઈ છે. સંક્ષેપમાં આ સૂચિ મત્સ્ય (અધ્યાય–૫૩), અગ્નિ (અધ્યાય–૨૭૨) તથા સ્કન્ધ (પ્રભાસખંડ–૨/૨૮–૭૬) માં ઉપલબ્ધ છે. પરંતુ નારદપુરાણમાં આ સૂચી ખૂબ વિસ્તારથી ૧૮ અધ્યાયમાં અપાઈ છે. (પૂર્વાર્ધ–૯૨ માં અધ્યાયથી ૧૦૯ માં અધ્યાય સુધી) આ સૂચિનાં કાલક્રમનો નિર્દેશ યથાર્થ કરવો કઠીન છે. પરંતુ એટલું તો નિર્વિવાદ છે કે મત્સ્ય પુરાણનાં શ્લોકો (અ–૫૩, શ્લોક૩–૪, ૧૧–૫૭) ને અપરાર્કે યાજ્ઞાવલ્કયસ્મૃતિની પોતાની વિસ્તૃત વ્યાખ્યામાં (સમય–૧૧૦૦–૧૧૨૦ ઈ.સ. લગભગ) તેમજ વલ્લભસેને પોતાના દાનસાગરમાં (રચનાકાળ–૧૧૩૯) ઉલ્લેખ કર્યો છે. તેથી મત્સ્યનાં આ શ્લોકની રચના અગિયારમી સદીથી પહેલા હોવી જોઈએ. પોતાની યથાર્થતા તેમજ પ્રામાણિકતા માટે નારદની આ પુરાણ વિષય સૂચિ વિશેષ પરીક્ષણની આવશ્યકતા માંગે છે. એક વાત ધ્યાને આપવાની છે કે આ સૂચીઓમાં સ્વયં નારદપુરાણની પણ વિષયસૂચી અપાઈ છે. જેથી ઘણાં લોકો તેને સંદેહપૂર્ણ દષ્ટીથી જૂએ છે અને મૂળ નારદમાં આને અવાંતર પ્રક્ષેપ માને છે. જે કંઈપણ હોય અલબરૂનીએ પોતાનાં સમયમાં ઉપલબ્ધ તથા પ્રચલીત પુરાણોનું જે વિવરણ આપ્યું છે તે પોતાનાં 'ભારત' વિષયક ગ્રન્થમાં (રચનાકાળ–૧૦૬૯) છે, તે ઉપરોકત સૂચિઓથી વધારે ભિન્ન નથી. પરંતુ એવી ધારણા છે કે દશમી સદી સુધીમાં બધાજ પુરાણો વર્તમાન રૂપમાં આવી ગયાં હતાં. નારદપુરાણવાળી વિષયસૂચી આ જ અન્તિમ વિકસિત આકાર સાથે સંબંધ રાખે છે એવું માનવું કદાપિ અનુચિત નહી કહેવાય.

# :: પાદટીપ ::

१. मत्स्य पुराण – ५३/७२

(३) एवं सपदाः पञ्चैते लक्षाः मर्त्ये प्रकीर्तिताः। तथा च

(१) पुरातनस्य कल्पस्य पुराणानि विदुर्बुधाः।

२. मनुस्मृतिः – २/६/१

मत्स्यपुराण –५२/७/२

वेदोऽखिलो धर्ममूलम् के साथ मिलान कीजिए

गौतम धर्मसूत्र – १/१/२

३. महाभारत – १/१/२/६७/१

वायुपुराण – १/२०१/१

ईतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत् ।

४. महाभारत –१/१/२६९/२

वायुपुराण – १/२०१/२

५. बृहन्नारदीयपुराण – २/२४/१७

६. वामनपुराण

आनन्दस्वरूप गुप्त द्वारा लिखित भूमिका

काशिराज न्यास, रामनगर

वाराणसी १९६८ पृ. ९–१०

७. विष्णुपुराण (३/६/२१–२४)

अग्निपुराण (२७२/१/२३)

भागवतपुराण (१२/१३/४–८)

ब्रह्मपर्वपुराण (६१/६४)

ब्रह्मवैवर्तपुराण (४/१३३/११)

मत्स्य पुराण (५३/१३–५६)

पद्मपुराण (आनन्दाश्रम संस्करण) (१/६२/२–७)

स्कन्दपुराण (७/१/२/२८–७७)

८. पद्मपुराण (आनन्दाश्रम संस्करण)

उत्तरखण्ड (२१९/२५–२७)

सौरपुराण (३/६–१२)

स्कन्दपुराण–प्रभासखण्ड (१/२/५–७)

९. शिवपुराण (वेंकटेश्वर संस्करण)

उमासंहिता (४४/१२०–२२)

१०. સૌરપુરાણમાં આ જગ્યાએ વાયુ પુરાણનો ઉલ્લેખ છે. શ્રી આનન્દ સ્વરૂપ ગુપ્ત અનુસાર– 'वस्तुतः वायुपुराण का ही शिवभक्ति प्रतिपादन के कारण दूसरा नाम शिवपुराण है। यथा 'चतुर्थं वायुना प्रोक्तं वायवीयमिति स्मृतम् ।

शिवभकित समायोगात् शैवं तच्चापराख्यया ॥

– वामनपुराण, भूमिका, पृष्ठ २२ पा.टि. १७ तच्चा पराख्यया । (वेंकटेश्वर प्रेसमुद्रित अष्टादश पुराणदर्पणमें रेवामाहात्म्य से उद्धृत)

११. अथर्ववेद – ७१/७/२४

१२. बृहदारण्यकोपनिषद् – २/४/१०

१३. ऋग्वेदं भगवोऽध्येमि यजुर्वेदं सामवेदं आथर्वाणं चतुर्थम् ।

ईतिहासपुराणं पञ्चमं वेदानां वेदम् ॥

छान्दोग्योपनिषद् – (७/१/२)

१४. श्रीमद्भगवद्गीता – (१८/६१)

१५. श्रीमद्भगवद्गीता - (५/१८)

१६. भवन्ति द्विजशार्दूल श्रुतानि भुवनत्रये ।

विशेषतश्चतर्थस्य वर्णस्य द्विजसत्तम ।।

ब्राह्मणादिषु वर्णेषु त्रिषु वेदा प्रकल्पिता : ।

मन्वादीनि च शास्त्राणि तथाष्ठानि समन्ततः ।।

शूद्राश्चैव भृशं दीनाः प्रतिभान्ति द्विजप्रेभो ।

धर्मार्थकाममोक्षस्य शाः स्यरवने कथम् ।।

(भविष्यपुराण - १/१/४८-५१)

१७. वेदाध्ययनमप्येतद् ब्राह्मण्यं प्रतिपधंते ।

विप्रवरद्वैष्यराजन्यौ राक्षसा रावणादयः ।।

श्वादचाण्डालदासाश्च लुब्धकाभीरधीवराः ।

येन्येपि वृषलाः केचित्तेपि वेदानधीयते ।।

शूद्रा देशान्तरं गत्वा ब्राह्मण्यं क्षत्रियं श्रिताः ।

व्यापाराकारभाषाधैर्विप्रतुल्यैः प्रकल्पितै : ।।

(भविष्यपुराण - १/४१/१-३)

१८. वेदानधीत्य वेदौ वा वेदं वापि यथाक्रमम् ।

प्रोद्वहंति शुभां कन्यां शुद्धब्राह्मणजां नराः ।।

अथवाधीत्य वेदांस्तु क्षत्रवैश्येस्तु वा नराः ।

गौडपूर्वा कृतामेयुर्जातिं वा दाक्षिणात्यजाम् ।।

(भविष्यपुराण - १/४१/४-५)

१९. शीतवाता तपैस्तीव्रैस्ततस्ता दुःखिताः भृशम् ।

दन्द्वैस्ताः पीड्यमानास्तु चक्रुरावरणानि च ।।

(वायुपुराण - ८/९५)

२०. कृत्वा द्वन्द्वप्रतीकारं निकेतानि हि भेजिरे ।

पूर्वं निकामचारास्ते अनिकेताश्रया भृशम् ।।

(वायुपुराण - ८/९६)

२१. यथायोग्यं यथा प्रीति निकेतेष्ववसन्पुनः ।

२२. तालः स्मृतो मध्यमया गौकर्णश्चाप्यनामया ।

कनिष्ठ्या वितस्तिस्तु द्वादशाङ्गुल उच्यते ।।

(वायुपुराण-रत्निरङ्गुलपर्वणि ८/१०३-१०४)

२३. 'यस्मात् पुरा हयनच्मीदं पुराणं तेन तत् स्मृतम् ।

निरूक्त्मस्य यो वेद सर्वपापैः प्रमुच्यते ।। वायुपुराण - १/२०३

२४. पुरा परम्परां वष्टि पुराणं तेन तत् स्मृतम्' पद्मपुराण - ५/२/५३

२५. यस्मात् पुरा हयभूच्चैतत् पुराणं तेन तत् स्मृतम् ।

निरूक्तुमस्य यो वेद सर्वपापैः प्रमुच्यते ।। ब्रह्मांड - १/१/१७३

२६. ऋग्वेद भगवोऽध्येमि यजुर्वेदं सामवेदमाधर्वणमितिहासपुराणं प चम वेदानां वेदम् ।

२७. તુલના કરો - निदानभूतः 'इति ह एवयासीत्' इति य उच्यते स ईतिहासः। (निढक्त - २/३/१) उपर दुर्गाचार्यनी वृत्ति ।

२८. तत्रेतिहासमाचक्षते - देवापिश्यार्ष्टिषेणः शन्तनुश्य कौरव्यो भ्रातरौ बभूवतुः। (निढत्तु - २/३/१) तथा

- तत्रेतिहास्रमाचक्षते-विश्वामित्र ऋषिः सुदासः पैजवनस्य पुरोहितो बभूव । (निढत्त - २/७/२)

२९. अत्राप्युदाहरताममितिदासं पुरातनम् । मत्स्य ७२/६

३०. जयो नामेति हासोऽयं श्रोतव्योविजिगीषुणा । उधोग - १३६/१८

ईतिहासोत्तमादस्माज्जायन्ते कविबृद्धयः । आदि. २/३८५

३१. परिक्रिया पुराकल्प ईतिहासगतिद्विधा ।

स्वादेकनायका पूर्वा द्वितीया बहुनायका ।। -काव्यमीमांसा

३२. द्वैपायनेन पत्प्रोत्कं पुराणं परमर्षिणा ।

सुरैर्ब्रह्मर्षिभिश्चैव श्रृत्वा यदभिपूजितम् ।। आदि. १/१७

३३. हूमं यो ब्राह्मणो विद्वामितिहासं पुरातनम् ।

श्रुणुयाद् श्रावयेद्वापि तथाऽध्यापयतेपि च ।।

धन्यं यशस्यमायुष्यं पुण्यं वेदैश्च सम्मतम् ।

कृष्णाद्वैपायनेतोत्कं पुराणं ब्रह्मवादिना ।।

वायु. १०३/४८,५१

३४. ईतिहास इत्युर्वशीपुरूरवसोः संवादादिः 'उर्वशी हाप्सरा' इत्यादि ब्राह्मणमेव। पुराणम् 'असद्वा इदमग्र आसीदित्यादि' । - शाङ्करभाष्य

३५. આપણ આથી વિપરીત વાત કરે છે, 'आपो ह वा इदमग्रे सलिलमेवास' (शत. ११/१/६/१) ને ઈતિહાસ એવં ઉર્વશી પુરવાનાં આખ્યાનને પુરાણ માને છે. दृष्टत्व - सायणभाष्य शत. ११/५/६/८

''आपो ह वा इदमग्रे सलिलमेवास (शतपथ - ११/१/६/१) इत्यादिकं सृष्टि प्रतिपादकं ब्राह्मणमितिहासः' उर्वशी हाप्सराः पुरूरवसमैहं यकमे' शत. ११/५/१/१. इत्यादीनी पुरातन पुरूषवृतान्तप्रति पादकानि पुराणम्''

- सायणभाष्य शत. ११/५/६/८ भाष्ये

३६. विशेषतः दृष्टव्य - पुराण पत्रिका (भाग षष्ठ, खंण्ड-२, जुलाई १९६४, पृष्ठ - ४५१-४५७)

३७. पद्मपुराण, सृष्टिखण्ड (अध्याय-१०४)

३८. *छान्दोग्योपनिषद् (६/३-४/१/२)*

३९. પોતે જોયેલા વિષયોનું વર્ણન

४०. કર્ણપરમ્પરા દ્વારા સાંભળેલાં વિષયોનું વર્ણન

४१. પિતૃગણ, પરલોક અથવા અન્યાન્ય વિભિન્ન વિષયોનાં ગીત અથવાં અનુશ્રુતિઓ, શ્રાદ્ધકલ્પ આદિનો નિર્ણય.

४२. *श्री मत्स्यपुराण - प्रथमभाग*

*डो. श्रद्धा शुक्ला, नाग पब्लिशर्स*

*पृष्ठ क्रमाङ्क :-* VII

४३. *श्री मत्स्यपुराण - प्रथम भाग*

*डो. श्रद्धा शुक्ला, नाग पब्लिशर्स*

*पृष्ठ क्रमाङ्क :-* VIII

४४. *पद्मपुराण-सृष्टिखण्ड (अध्याय-१०४)*

४५. પ્રાચીનગ્રન્થોમાં પુરાણ શબ્દનો જ પ્રયોગ મળે છે. 'પુરાણ સંહિતા' નો નહી, તેથી આ મૂળ સ્વરૂપે કોઈ ગ્રન્થ વિશિષ્ટનું દ્યોતક નહીં પણ કોઈ વિદ્યાવિશિષ્ટનું

જ વાચક છે.

૪૬. मत्स्यपुराण – ३/३–४

૪૭. पद्मपुराण – ५/२/५३

૪૮. वायुपुराण – १/१०३, १०३/५५

૪૯. पुराणमेकमेवासीदस्मिन् कल्पान्तरे नृप ।

त्रिवर्गसाधनं पुण्यं शतकोटि प्रविस्तरम् ॥

स्मृत्वाजगाद च मुनीन्प्रति देवश्चतुर्मुखः ।

प्रवृत्तिः सर्वशास्त्राणां पुराणस्याभवत्ततः ॥

कालेनाग्रहणं दृष्ट्वा पुराणस्य ततो नृप ।

व्यासरूपं विभुं कृत्वा संहरेत्स युगे युगे ॥

चतुर्लक्षप्रमाणेन द्वापरे द्वापरे सदा ।

तदष्टादशधा कृत्वा भूर्लोकेऽस्मिन् प्रभाषते ॥

अद्यापि देवलोके तच्छतकोटिप्रविस्तरम् ।

तदर्थोऽत्र चतुर्लक्षः संक्षेपेण निवेशित ः ॥

पुराणानि दशाष्टौ च साम्प्रतं तदिहोच्यते ॥

– स्कन्दपुराण (रेवाखण्ड–१/२३/३०)

૫૦. प्रवृत्तिः सर्वशास्त्राणां पुराणस्याभवत्तदा ।

कलिना ग्रहणं दृष्ट्वा पुराणस्य तदा विभु ः ॥

व्यासरूपी तदा ब्रह्मा संग्रहार्थं युगे युगे ।

चतुर्लक्ष प्रमाणेन द्वापरे द्वापरे विभुः ॥

तदष्टादशधा कृत्वा भूर्लोकेऽस्मिन् प्रकाश्यते ॥

–पद्मपुराण (सृष्टिखण्ड–अ.१)

५१. पुराणमेकमेवासीत्तदा कल्पान्तरेऽनघ ।

त्रिवर्गसाधनं पुण्यं शतकोटि प्रविस्तरम् ॥

निर्दग्धेषु च लोकेषु वाजिरूपेण वै मया ।

अङ्गानि चतुरो वेदाः पुराणं न्यायविस्तरम् ॥

मीमांसा धर्मशास्त्रं च परिगृह्य मया कृतम् ।

मत्स्यरूपेण च पुनः कल्पादावुदकार्णवे ॥

अशेषमेतत् कथितमुदकान्तर्गतेन च ।

श्रुत्वा जगाद च मुनीन् प्रति देवान् चतुर्मुखः ॥

–मत्स्यपुराण (अ.५३/४–७)

५२. न्यायभाष्य – (४/१/६१)

वात्स्यायन

५३. वात्स्यायन भाष्य – (४/१/६२)

५४. मार्कण्डेय पुराण – (अ. ४५/२०–२३)

५५. सनत्सुजातीय भाष्य

श्री आद्य जगद्गुरू शंकराचार्य – (अ. २/१२)

५६. मत्स्यपुराण – (अ.५३) श्लोक. ३

५७. वायुपुराण – (६१/५५–५६)

५८. विष्णुपुराण – (३/६/१८–१९)

५९. श्रीमद्भागवत – (१२/७/५)

६०. वायुपुराण – (अ.६१/५५–५६)

६१. वायुपुराण – (६१/५७–६१)

६२. "अकृतव्रण एव काश्यपः । काश्यपोऽकृतव्रण इति वायुनोक्तेः–श्रीधरी "

६३. शांसपायनादयश्चकुः पुराणानां तु संहिताः ।

(अग्निपुराण–२७/१२)

६४. द्वापरे द्वापरे विष्णुर्व्यासरूपो महामुने ।

वेदमेकं सुबहुधा कुरुते जगतो हितः ॥

(विष्णुपुराण–३/३/५)

६५. विष्णुपुराण – (३/३/६)

६६. द्वापरे द्वापरे विष्णुर्व्यासरूपेण सर्वदा ।

वेदमेकं स बहुधा कुरुते हितकाम्यया ॥ १९ ॥

अल्पायुषोऽल्पबुद्धिश्च विप्रान् ज्ञात्वा कलावथ ।

पुराण संहितां पुण्यां कुरुतेऽसौ युगे युगे ॥ २० ॥

स्त्रीशूद्रद्विजबन्धूनां न वेद श्रवणं मतम् ।

तेषामेव हितार्थाय पुराणानि कृतानि च ॥ २१ ॥

–देवीभागवत (१/३)

६७. महाभारत– आदिपर्व (६६/३२)

६८. द्रष्टव्य – देवी भागवत (१/१४/६–८)

६९. श्रीमद्भागवत महापुराण (१२/१२/६८)

૭૦. *इति पूर्व वसिष्ठेन पुलस्त्येन च धीमता ।*

*यदुक्तं तत् स्मृतिं याति त्वत्प्रश्नादखिलं मम ॥*

*सोऽहं वदाम्यशेषं ते मैत्रेय परिपृच्छते ।*

*पुराणसंहिता सम्यक् तां निबोध यथातथम् ॥*

–પરાશરનાં વચનો મૈત્રેયને માટે, વિષ્ણુપુરાણ (૧/૧/૨૯,૩૦)

૭૧. મત્સ્યપુરાણનાં અધ્યાય ૫૩ માં આ પુરાણોનાં નામ તેમજ વર્ણ્ય વિષયનું વર્ણન સંક્ષેપમાં આપેલ છે. સંક્ષિપ્ત હોવા છતાં આ વર્ણન ખૂબ જ પ્રામાણિક મનાય છે. નામ તેમજ સંખ્યા માટે દેવીભાગવત (૧૩/૪–૧૬) જોવું જોઈએ.

૭૨. *पद्मपुराण (भाग ५,१/४५–५२)* માં મત્સ્યનાં આ પદ્ય સમાનરૂપે મળે છે.

*"एवं पुराण सन्दोहश्चतुर्लक्ष उदाहृतः " –भागवत (१२/१३)*

૭૩. *ब्राह्मी भागनती सैरी वैष्णवी च प्रकीर्तिता : ।*

*चतस्रः संहिताः पुण्या धर्मकामार्थमोक्षदा : ॥*

*इयं तु संहिता ब्राह्मी चतुर्वेदैस्तु सम्मिता ।*

*भवन्ति षट् सहस्राणि श्लोकानामत्र संख्यया ॥*

*–कूर्म अ.१,श्लोक–२२/२३*

૭૪. સંદર્ભ *:– 'परिभाषा प्रकाश ' पृ.–१२,१३ (चैखम्भा सं.काशी)*

૭૫. *विष्णुपुराण – (३/६/२०)*

૭૬. *वामनपुराण – (१२/४८)*

# પ્રકરણ – ૨

# પુરાણ લક્ષણ અને વિભાજન

## ૨.૧ પુરાણ લક્ષણ

પુરાણની સાથે પાંચ લક્ષણ *'पञ्चलक्षण'* નો ઘનિષ્ઠ સંબંધ છે. આ પાંચ લક્ષણો માટે એક પ્રખ્યાત શ્લોક આ પ્રમાણે છે.

*सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।*

*वंशानुचरितं चेति पुराणंपञ्च लक्षणम् ।।*

પુરાણ વિષયક આ પદ્ય પ્રાયઃ બધા જ પુરાણોમાં ઉપલબ્ધ છે.[૧] *'पञ्चलक्षण'* શબ્દ પુરાણનું એટલું અનિવાર્ય દ્યોતક મનાતું હતું કે, અમર કોશમાં આ શબ્દ કોઈ પણ વ્યાખ્યા વગર જ પ્રયુકત થયો છે. વ્યાખ્યા વિહીન પારિભાષિક શબ્દનો પ્રયોગ તેની સાર્વભૌમ લોકપ્રિયતાનું સંકેતક માની શકાય. આ શબ્દનાં વિષયમાં પણ આ જ તથ્ય સર્વતોભાવેન ક્રિયાશીલ મનાવું જોઈએ. પુરાણની સર્વત્ર માન્ય પરમ્પરા અનુસાર આ જ પાંચ વિષય વર્ણનીય મનાય છે.

### (૧) સર્ગ :–

જગતની તેમજ તેનાં વિવિધ પદાર્થોની ઉત્પત્તિ અથવાં સૃષ્ટિ–'સર્ગ' કહેવાય છે.

*अव्याकृतगुणक्षोभात् महतस्त्रिवृतोऽहमः ।*

*भूतमात्रेन्द्रियार्थानां सम्भवः सर्ग उच्यते ।।*[૨]

એમ મનાય છે કે મૂળપ્રકૃતિમાં લીન ગુણો ક્ષુબ્ધ થાય છે ત્યારે મહત્ તત્ત્વની ઉત્પત્તિ થાય છે. મહત્તત્વથી તામસ રાજસ એવં સાત્વિક અહંકાર બને છે. ત્રિવિધ અહંકારથી જ *पञ्चतन्मात्रा* (ભૂતમાત્ર), ઈન્દ્રિય એવં પંચભૂતોની ઉત્પત્તિ થાય છે. આ ઉત્પત્તિનાં ક્રમનું નામ છે– સર્ગ.

### (૨) પ્રતિસર્ગ :–

સર્ગથી વિપરીત વસ્તુ અર્થાત્ પ્રલય. વિષ્ણુપુરાણમાં પ્રતિસર્ગનાં સ્થાને 'પ્રતિસંહાર' શબ્દનો પ્રયોગ મળે છે.[૩] જયારે શ્રીમદ્ભાગવત પુરાણમાં આ શબ્દનાં

સ્થાને 'સંસ્થા' શબ્દ પ્રયુકત થયો છે.[૪]

*नैमित्तिकः प्राकृतिको नित्य आत्यन्तिको लयः ।*

*संस्थेति कविभिः प्रोक्ता चतुर्धाऽस्य स्वभावतः ॥*

આ બ્રહ્માંડનો સ્વભાવથી જ પ્રલય થઈ જાય છે. આ પ્રલય ચાર પ્રકારનો હોય છે. નૈમિત્તિક, પ્રાકૃતિક, નિત્ય તેમજ આત્યન્તિક. આને સંસ્થા શબ્દથી સંબોધિત કરાય છે.

**(૩) વંશ :–**

*'राज्ञां ब्रह्मप्रसूतानां वंशस्त्रैकालिकोऽन्वयः'*[૫]

અર્થાત્ બ્રહ્માજી દ્વારા જેટલાં રાજાઓની સૃષ્ટિ થઈ, તેમની ભૂત, ભવિષ્ય, તેમજ વર્તમાન કાલીન સન્તાન પરમ્પરાને વંશ કહેવાય છે. ભાગવતમાં કહેવાયેલ આ શબ્દની અંદર રાજાઓની જ સંતાન પરમ્પરાનો ઉલ્લેખ પ્રમુખતયા છે. પરંતુ 'વંશ' ને રાજવેશ સુધી જ માત્ર સીમિત રાખવો ઉપયુકત નથી. આ શબ્દની અંદર ઋષિયોનાં વંશનું ગ્રહણ પણ અન્ય પુરાણોમાં થયું છે.

**(૪) મન્વન્તર :–**

પુરાણાનુસાર સૃષ્ટિનાં વિભિન્ન કાળમાનનો આ દ્યોતક શબ્દ  છે. પૌરાણિક કાલગણનાનું મહત્વ તેમજ સ્વરૂપ આપણે જોઈએ તો આપણાં વિચાર મન્વન્તરને માટે સ્પષ્ટ થશે. આવાં મન્વન્તરની સંખ્યા ૧૪ છે. તેમજ પ્રત્યેક મન્વન્તરનાં અધિપતિ એક વિશિષ્ટ મનુ હોય છે. જેનાં સહયોગી પાંચ અન્ય પદાર્થો પણ હોય છે.

*मन्वन्तरं मनुर्देवा मनुपुत्राः सुरेश्वरः ।*

*ऋषयोंऽशावताराश्च हरेः षड्विधमुच्यते ॥*[૬]

મનુ દેવતા, મનુપુત્ર, ઈન્દ્ર, સપ્તર્ષિ તેમજ ભગવાનનાં અંશાવતાર આ છઃ વિશેષતાઓથી યુકત સમયને 'મન્વન્તર' કહેવાય છે.

## (૫) વંશાનુચરિત :–

*વંશાનુચરિતં તેષાં વૃતં વંશધરાશ્ચ યે ।*[૭]

પૂર્વોકત વંશોમાં ઉત્પન્ન વંશધરોનું તેમજ મૂળપુરૂષ રાજાઓનું વિશિષ્ટ વિવરણ જેમાં વર્ણિત હોય, તે વંશાનુચરિત કહેવાય છે. અહીં મનુષ્યવંશમાં ઉત્પન્ન મહર્ષિઓ અને રાજાઓનાં ચરિત્રનો પણ સમાવેશ સમજવો જોઈએ. મહર્ષિઓનાં ચરિત્રની અપેક્ષાએ રાજાઓના જ ચરિત્રનું વિશેષ રૂપે વર્ણન પુરાણોમાં જોવા મળે છે. રાજનીતિશાસ્ત્રમાં *'પુરાણં પઞ્ચલક્ષણમ્'* નો એક નવો જ સંકેત ઉપસ્થિત કારાયો છે જે પૂર્વોકત લક્ષણથી તદ્દન ભિન્ન છે. કૌટિલ્ય અર્થશાસ્ત્ર (૧–૫)ની વ્યાખ્યામાં જયમંગલા એ કોઈ પ્રાચીન ગ્રન્થથી આ શ્લોક લીધેલ છે.–

*'સૃષ્ટિ–પ્રવૃત્તિ–સંહાર–ધર્મ–મોક્ષ પ્રયોજનમ્ ।*

*બ્રહ્મભિર્વિવિધૈઃ પ્રોક્ત પુરાણં પઞ્ચલક્ષણમ્ ।।*

આમાં *'પઞ્ચલક્ષણ'* ની એક તદ્દન નવી વ્યાખ્યા અપાઈ છે. ધ્યાન દેવાની વાત છે કે– ધર્મ, પુરાણનું એક અવિભાજય લક્ષણ સ્વીકારાયુ છે. અર્થાત્ મૂળસ્વરૂપે પુરાણમાં ધાર્મિક વિષયોનો સમાવેશ કરવો જરૂરી હતો. ધર્મનો સંબંધ પુરાણોની સાથે અનેકાનેક શતાબ્દિઓની ઘટના છે. જયારે તે વિકસિત થઈ અન્ય વિષયોને પણ પોતાનામાં નિહિત કરતું હતું. આધુનિક સંશોધકોનો પ્રાયઃ આ એક મત સર્વ માન્ય છે. પરંતુ જયમંગલાનાં એક મહત્વપૂર્ણ ઉલ્લેખથી આ મત યથાર્થ સ્વરૂપે વિશુદ્ધ નથી પ્રતીત થતો. *'મન્વન્તરાણિ સદ્ધર્મઃ'* કહીને ભાગવતે પણ મન્વન્તરની અંદર ધર્મનો સન્નિવેશ ન્યાયિક માન્યો છે. આ કથા પૂર્વોકત સિદ્ધાંતનું પોષક માની શકાય.[૮] આ સંક્ષિપ્ત વિવરણમાં 'વંશ' અન્તર્ગત દેવતાઓ તેમજ ઋષિઓનાં વંશનો પણ સમાવેશ સમજવો જોઈએ. આ વિષયોને પુરાણનો મૌલિક વિષય મનવાનો મુખ્ય હેતુ 'સૂત'નાં કાર્યની સાથે આની પૂર્ણ સંગતિ છે. જેમ પૂર્વે ચર્ચા થઈ તેમ, પુરાણનું વાચન તેમજ વ્યાખ્યાન કરવું, સૂતનું પ્રધાન કાર્ય હતું. વાયુપુરાણનાં પ્રથમ અધ્યાયમાં[૯] સૂતજીએ સ્વયં સ્વધર્મનો નિર્દેશ આ મહત્વપૂર્ણ શબ્દોમાં કર્યો છે – પ્રાચીન સજજનો દ્વારા સ્ત્રષ્ટ અથવાં ઉપદષ્ટ સૂતનો સ્વધર્મ છે. દેવતાઓ,

ઋષિઓ, અમિત તેજ સંપન્ન રાજાઓ તેમજ લોકવિશ્રુત મહાત્માઓનાં વંશને ધારણ કરવાં. આ મહાત્માઓ આદિપુરાણ–ઈતિહાસમાં બ્રહ્મવેત્તાઓ દ્વારા નિર્દિષ્ટ થતાં હતાં. સૂતોનો અધિકાર વેદમાં ન હતો. વાયુપુરાણનાં આ વચનો દ્વારા ઈતિહાસ, પુરાણ, તેમજ વેદની વિવિધતાનું વિસ્તૃત અને વિશદ વર્ણન થયું. છે. આ પૈરાણિક વચન આપણાં કથનની પુષ્ટિ કરે છે કે, પુરાણની ધારા થી પૃથક્ અને વિભિન્ન ધારા હતી, જેનાં સંરક્ષણ, સંવર્ધન, પ્રચાર, પ્રસારનું કાર્ય સૂતની અધિકાર સીમામાં હતું.

## ❑ પુરાણનાં દશ લક્ષણ :

શ્રીમદ્ભાગવતમાં[૧૦] બે જગ્યાએ તેમજ બ્રહ્મવૈવર્તપુરાણ દશ લક્ષણ મહાપુરાણનો નિર્દેશ છે. પૂર્વોકત પાંચ લક્ષણોને તો સામાન્ય પુરાણનાં લક્ષણ મનાયા છે. અહીં દશલક્ષણ એવં પંચલક્ષણનો તુલનાત્મક અભ્યાસનો સંક્ષિપ્ત સાર પ્રસ્તુત કરૂ છું. એકવાત ધ્યાન દેવાં યોગ્ય છે કે– શ્રીમદ્ભાગવતનાં બન્ને સ્થળોએ અપાયેલાં લક્ષણ અનુસાર મૂલતઃ સમાનતા છે, વિષમતા ખૂબજ ઓછી છે. હાં આ બન્ને જગ્યાંએ શબ્દ ભેદ અવશ્ય છે પરંતુ અભિપ્રાય ભેદ નથી. શ્રીમદ્ભાગવતનાં દ્વાદશ સ્કન્ધ અનુસાર આ પ્રમાણે પુરાણનાં દશ લક્ષણો છે.–

*સર્ગશ્ચાથ વિસંર્ગશ્ચ વૃત્તિ રક્ષાન્તરાણિ ચ ।*

*વંશો વંશાનુચરિતં સંસ્થા હેતુરપાશ્રયઃ ॥*[૧૧]

| | |
|---|---|
| ૧. સર્ગ | ૬. વંશ |
| ૨. વિસર્ગ | ૭. વંશાનુચરિત |
| ૩. વૃત્તિ | ૮. સંસ્થા |
| ૪. રક્ષા | ૯. હેતુ |
| ૫. અન્તરાણિ | ૧૦. અપાશ્રય |

**૧. સર્ગ :–**

પંચલક્ષણ અન્તર્ગત જે સર્ગની ચર્ચા થઈ તે સર્ગમાં અને આ સર્ગમાં કશો જ તફાવત નથી.

**૨. વિસર્ગ :–**

જીવની સૃષ્ટિ પરમેશ્વરનાં અનુગ્રહથી બ્રહ્મા સૃષ્ટિનું સામ્રાજય પ્રાપ્ત કરી, મહત્ તત્વ આદિ પૂર્વ કર્માનુસાર સારી તેમજ ખરાબ વાસનાઓની પ્રધાનતાને કારણે જે આ સચરાચર શરીરાત્મક ઉપાધિ દ્વારા વિશિષ્ટ જીવની સૃષ્ટિ બનાવે છે, તેને જ વિસર્ગ કહે છે. તેની ઉપમાનાં વિષયમાં કહેવાયું છે કે, જેમ એક બીજથી બીજા બીજનો જન્મ થાય છે. તેમજ એક જીવથી બીજા જીવની સૃષ્ટિને આ નામથી સંબોધાય છે.[૧૨] આમ ' *વિસૃષ્ટિ–'વિવિધાસૃષ્ટિ, ન તુ વૈપરીત્યેન સૃષ્ટિઃ પ્રલયઃ*'

**૩. વૃત્તિ :–**

જીવોનાં જીવન–નિર્વાહની સામગ્રી ભાગવત અનુસાર ચર પદાર્થોની અચર પદાર્થ વૃત્તિ છે.[૧૩] માનવજીવનને ચલાવવાં માટે જે વસ્તુઓનો ઉપયોગ મનુષ્ય કરે છે, તેજ તેની વૃત્તિ છે. ચોખા, ઘઉં આદિ અન્ન ઈત્યાદિ બધુ વૃત્તિ અન્તર્ગત આવે છે. અમુક વૃત્તિઓને તો માનવે સ્વભાવવશ પોતાની કામનાથી નિશ્ચિત કરી લીધી છે. તેમજ અમુક વૃત્તિઓને શાસ્ત્રનાં આવેશને કારણે તે ગ્રહણ કરે છે. પરંતુ બન્નેનો હેતુ એક જ છે– માનવજીવનનું ધારણ તેમજ સંરક્ષણ.

**૪. રક્ષા :–**

રક્ષાનો સંબંધ ભગવાનનાં અવતારોથી છે. ભગવાન યુગ–યુગથી પશુ–પક્ષી, મનુષ્ય, ઋષિ, દેવતાં આદિ આદિ સ્વરૂપે અવતાર લઈ અનેક લીલાઓ કરતાં રહે છે. આ અવતારો દ્વારા તે વેદત્રયી વેદધર્મનો વિરોધ કરનાર વ્યકિતઓનો સંહાર પણ કરે છે. જેથી ભગવાનની આ અવતાર લીલા વિશ્વની રક્ષા માટે જ હોય છે. જેથી તેનું નામ છે – રક્ષા.[૧૪]

ભાગવતે આ પદ્ય દ્વારા સંક્ષેપમાં અવતાર તત્વનાં હેતુ પર પ્રકાશ પાડયો છે. અવતારનું લક્ષ્ય વેદનાં વિરોધિઓનો સંહાર કરવો, તેમજ વેદધર્મની રક્ષા કરવો છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનાં પ્રસિદ્ધ શ્લોકો પર અત્રે સ્પષ્ટ સંકેત છે. પરંતુ ત્રયીદ્વેષકોનું હનન વિભુ, ભગવાનનાં માટે તો એક સામાન્ય કાર્ય છે. માત્ર તેનાં માટે જ તે અવતાર નથી લેતાં, અપિતુ લીલા–વિલાસ જ તેમનો મુખ્ય હેતું છે. જેનું ચિન્તન તેમજ કીર્તન કરતાં જીવ આ તાપ સંદગ્ધ સંસારથી પોતાની મુકિત પ્રાપ્ત કરવામાં સમર્થ થાય છે.

*नृणां निःश्रेयसार्थाय व्यक्तिर्भगवतो नृप ।*
*अव्ययस्या प्रमेयस्य मिर्गुणस्य गुणात्मनः ॥*[१५]

લીલાઓ દ્વારા આનન્દરસનું આસ્વાદન કરાવવું તેમજ કરવું જ ભગવાનનાં અવતારોનું લક્ષ્ય છે. ભગવાન પોતાની સ્વેચ્છાએ જ દેહનું ગ્રહણ કરે છે.ભકતોની આર્તપુકાર તેમાં કારણભૂત અવશ્ય હોય છે. પરંતુ પ્રધાન ઉદ્‌દેશ્ય તો ભગવાનની સ્વેચ્છા જ હોય છે. ભકતોની રક્ષા પણ તેમની લલિત લીલાઓથી બહિર્ભૂત નથી હોતી.

*स्वच्छन्दोपात्तदेहाय विशुद्धज्ञानमूर्तये ।*
*सर्वस्मै सर्वबीजाय सर्वभूतात्मने नमः ॥*[१६]

જીવને મુકિત આપવી એ જ સર્વજ્ઞ સર્વશકિતમાન પરમાત્માનું એક માત્ર લક્ષ્ય હોય છે. ભાગવતની દશમસ્કન્ધની પ્રખ્યાત દેવસ્તુતિમાં પણ આ વાતનો સ્પષ્ટ નિર્દેશ છે.

*श्रृण्वन् गृणन् संस्मरयंश्च चिन्तयन्,*
*नामानि रूपाणि च मङ्गलानि ते ।*
*क्रियासु यस्त्वच्चरणारविन्दयो–*
*राविष्टचेता न भवाय कल्पते ॥*[१७]

આ સમગ્ર તથ્યોનું ગ્રહણ ‘રક્ષા’ અન્તર્ગત સમજવું જોઈએ.

૫. **અન્તરાણિ :–** પૂર્વવર્ણિત મન્વન્તરની સમાન જ તમામ લક્ષણો અન્તરાણિ અન્તર્ગત અહીં પણ છે.

૬. **વંશ / ૭. વંશાનુચરિત :–** આ બન્ને પણ પૂર્વ વર્ણિત લક્ષણો સમાન જ ગુણો ધરાવે છે.

૮. **સંસ્થા :–**સંસ્થા પણ પૂર્વસૂચિ પ્રમાણે પ્રતિસર્ગનો જ અર્થ છે.

૯. **હેતુ :–**

હેતુ શબ્દનો અભિષ્ટ અર્થ 'જીવ' છે. તે અવિદ્યા દ્વારા કર્મનો કર્તા છે. સંસારની સૃષ્ટિમાં જીવને કારણ માનવાનું રહસ્ય એ છે કે, જીવનાં અદૃષ્ટ દ્વારા પ્રયુક્ત થવાથી વિશ્વનું સર્ગ તેમજ પ્રતિસર્ગ આદિ થાય છે, જેથી જીવ પોતાનાં અદૃષ્ટ દ્વારા વિશ્વ સૃષ્ટિ અથવાં વિશ્વ–પ્રલય નું કારણ બને છે. આ અભિપ્રાયથી જ ભાગવતમાં 'હેતુ'[૧૮] જેવાં સાર્થક શબ્દ દ્વારા જીવ અભિહિત થયો છે. ચૈતન્યની પ્રધાનતાથી તે અનુશાયી–સાક્ષી મનાયો છે. તેમજ ઉપાધિ પ્રાધાન્યની વિવક્ષાથી અમુક લોકો તેને 'અવ્યાકૃત' નામથી પણ સંબોધે છે, જે લોકો તેને ચૈતન્યપ્રધાનની દષ્ટીથી જુએ છે, તેઓ તેને અનુશયી–પ્રકૃતિમાં શયન કરનાર કહે છે. એને જે ઉપાધિની દષ્ટીથી જૂએ છે તેઓ તેને 'અવ્યાકૃત' અર્થાત્ પ્રકૃતિરૂપ કહે છે.

**૧૦. અપાશ્રય :–**

બ્રહ્મનું દ્યોતક મહનીય અભિધાન છે. જીવની ત્રણ વૃત્તિઓ અથવાં અવસ્થાઓ હોય છે. ૧. જાગૃત, ૨. સ્વપ્ન એવં સુષુપ્ત આ દશાઓમાં ચૈતન્યનો નિવાસ હોય છે, જે ક્રમશઃ વિશ્વ, તૈજસ એવં પ્રાજ્ઞ નામથી પ્રખ્યાત છે. આ માયામયી વૃત્તિઓમાં સાક્ષી રૂપેણ જે સન્તન પ્રતીત થાય છે, તે જ અધિષ્ઠાન રૂપ લક્ષિત થાય છે. તે જ બ્રહ્મ છે. તેને જ 'અપાશ્રય'[૧૯] કહે છે. નામવિશેષ (દેવદત્ત–ઘટ–પટ આદિ) તેમજ રૂપ વિશેષ (કોઈ માનવ આકારનું છે, કોઈ પશુ આકારનું છે. આદિ) થી યુક્ત પદાર્થો પર વિચાર કરીએ તો તે સતામાત્ર વસ્તુનાં રૂપમાં સિદ્ધ થાય છે. તેમજ તેમની બાહરી વિશેષતા નષ્ટ થઈ જાય છે. તે સત્તા જ એક માત્ર તે વિશિષ્ટતાઓનાં રૂપે પ્રતીત થાય છે. તેમજ તેનાંથી તે ભિન્ન પણ છે. આવી જ દશા છે –શરીર તેમજ બ્રહ્મનાં વિષયમાં. આ દેહની આદિબીજતા છે પંચાતા (પંચત્વ,નાશ). આનો અંત (બીજાદિ પંચતાન્તાસુ) શરીર તેમજ

વિશ્વ બ્રહ્માંડની ઉત્પત્તિથી લઈ મૃત્યુ પર્યન્ત તેમજ મહાપ્રલય પર્યન્ત જેટલી વિવિધ અને વિશિષ્ટ અવસ્થાઓ હોય છે. તે બધાં જ રૂપોમાં પરમસત્ય બ્રહ્મ જ પ્રતીત થાય છે. તેમજ તે તેનાથી પૃથક પણ છે. તે 'યુતાયુત'[૨૦] રૂપે પ્રતીત થાય છે. તેમજ તે તેનાથી પૃથક્ પણ છે. તે નામ રૂપાત્મક પદાર્થોની સાથે 'યુત' પણ છે અને પૃથક્ રૂપે રહેવાથી 'અયુત' પણ છે. એ આ જ અધિષ્ઠાન અને સાક્ષીરૂપે પ્રતિભાસિત થનાર બ્રહ્મ જ ભાગવત સમ્મત અપાશ્રય તત્વ છે.

આ બ્રહ્મનું જ્ઞાન થવાથી ઈહા (ચેષ્ટા, જગત)ની નિવૃત્તિ થઈ જાય છે. કયારે ? અને કેવી રીતે ? નો ઉત્તર સંક્ષેપમાં ભાગવતકાર આપે છે, જયારે[૨૧] ચિત્ત સ્વયં આત્મવિચારથી અથવા યોગાભ્યાસથી સત્વ–રજસ્–તમસ્ આદિ ગુણોથી સંબંધ રાખનારી વ્યાવહારિક વૃતિઓનું જાગૃત–સ્વપ્ન–સુષુપ્ત આદિ સ્વાભાવિક વૃત્તિઓનો ત્યાગ કરી જગતનાં વ્યાપારથી વિરામ પ્રાપ્ત કરે છે, શાન્ત થઈ જાય છે, ત્યારે શાન્તવૃત્તિનો ઉદય થતા જ '*तत्वमसि*', '*अहं ब्रह्मास्मि*' આદિ મહાવાકયો દ્વારા આત્મજ્ઞાનનો ઉદય થાય છે. તે આત્માને ઓળખી લે છે. તે સમયે આત્મજ્ઞાની પુરૂષ અવિદ્યાજનિત કર્મવાસનાથી અને કર્મ–પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ જાય છે.

સંક્ષેપમાં કહીએ તો આ જ આશ્રય તત્વ છે. અને આ જ ભાગવતનું અન્તિમ ધ્યેય છે. આની જ વિશુદ્ધિ માટે પૂર્વ નવલક્ષણોની વાત કરવામાં આવી છે. આત્માની ઉપલબ્ધિ જ વસ્તુતઃ પરમ ધ્યેય છે. પરંતુ આ જ્ઞાનની પુષ્ટિ માટે પૂર્વ નવ–સર્ગ, વિસર્ગ આદિ લક્ષણોનું આ નિમિત્તે જ વિવરણ અપાયું છે –

*दशमस्य विशुद्ध्यर्थं नवानामिह लक्षणम् ।*

શ્રીમદ્ભાગવતનાં દ્વિતીય સ્કન્ધનાં અન્તિમ દશ અધ્યાયોમાં દશ લક્ષણોનો નિવેશ પૂર્વોકત લક્ષણોથી સામ્ય હોવા છતાં નામતઃ આ પ્રમાણે ગણાવી શકાય –

*अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः ।*

*मन्वन्तरेषानुकथा निरोधो मुक्तिराश्रय : ।।*[२२]

## ૨.૨ ગુણો આધારિત વિભાજન

અષ્ટાદશ પુરાણોનું વર્ગીકરણ અનેક પ્રકારે કરાયું છે. ભિન્ન ભિન્ન પુરાણોએ આ વિષય પર પોતાનાં મન્તવ્યો આપ્યાં છે. તેમજ પુરાણોને વિભાજીત કરવાનો પ્રયાસ કર્યો છે. વિવિધ પુરાણોએ આ કાર્ય માટે વિભિન્ન દષ્ટીકોણ અપનાવ્યો છે. પુરાણોનાં પંચલક્ષણને આધાર માની પ્રાચીન અને પ્રાચીનોત્તર એમ બે વિભાગો કરી શકાય. આ કસોટી અનુસાર વાયુ, બ્રહ્માંડ, મત્સ્ય તેમજ વિષ્ણુપુરાણ પ્રાચીન પુરાણ જણાય છે. કારણકે આ ચારે પુરાણનાં પાંચેય વિષય ઉચિત માત્રામાં વર્ણિત છે. આથી ભિન્ન પુરાણોને પ્રાચીનોત્તર વર્ગમાં સમજવાં જોઈએ.

મત્સ્યપુરાણ[૨૩] અનુસાર પુરાણોનું ત્રિવિધ વિભાજન માન્ય છે. સાત્વિક, રાજસિક એવં તામસિક. સાત્વિક પુરાણોમાં વિષ્ણુનું મહાત્મ્ય વધારે વર્ણિત છે, રાજસ પુરાણોમાં બ્રહ્મા અને અગ્નિનું માહાત્મ્ય અધિકાંશ વણિત છે, તેમજ તામસ પુરાણોમાં શિવ[૨૪]નું માહાત્મ્ય છે. આ ત્રણેથી ભિન્ન એક સૂક્ષ્મ ભેદ પણ છે, જેમાં સરસ્વતી તેમજ પિતૃગણોનું માહાત્મ્ય અધિકતર પ્રવર્તિત છે. પદ્મપુરાણમાં સાત્વિક પુરાણોની ગણાના આ પ્રમાણે વર્ણિત છે,– વૈષ્ણવ, નારદ, ભાગવત, ગરૂડ, પદ્મ તેમજ વારાહ. પરંતુ એક વાતનું ધ્યાન રાખવું જોઈએ કે આ વિભાજન અન્ય પુરાણોનાં વિભાજન સાથે એક મત નથી. આશ્ચર્યતો ત્યારે થાય છે કે જયારે નિશ્ચિત રૂપેણ શિવભકિતનાં પ્રતિપાદક વાયુપુરાણને ગરૂડપુરાણ સાત્વિક પુરાણોની સૂચિમાં રાખે છે. ફલતઃ આ વિભાજનમાં વૈજ્ઞાનિકતાની આશા રાખવી દુરાશા માત્ર છે. ગરૂડપુરાણ[૨૫] એક પગ આગળ ચાલીને સાત્વિક પુરાણોની અંતર્ગત ત્રણ પ્રકારનું વિભાજન માને છે.

(૧) સત્વાધમ – મત્સ્ય એવં કૂર્મપુરાણ

(૨) સાત્વિક મધ્યમ – વાયુપુરાણ

(૩) સાત્વિક ઉત્તમ – વિષ્ણુ, ભાગવત તેમજ ગરૂડપુરાણ

દેવતાઓનાં પ્રાધાન્યથી પુરાણોનું વિભાજન વિદ્વાનોએ કર્યુ છે. ગરૂડ પુરાણનાં

પૂર્વોકત કથનમાં કૂર્મ પણ સાત્વિક અર્થાત્ વિષ્ણુમાહત્મ્ય પ્રતિપાદક પુરાણાન્તર્ગત સ્વીકૃતિ પામ્યું છે. પરંતુ આનાં પ્રકાશિત અંશ (બ્રાહ્મી સંહિતા) માં શિવ–શિવાનું માહાત્મ્ય જ પૂર્ણતયા પ્રકાશિત છે. મહેશ્વરને જ પરમતત્વ મનાયાં છે. શકિતનું પણ અહીં વિશિષ્ટ વર્ણન છે. શ્રીકૃષ્ણ પણ શિવની સ્તુતિ કરતાં બતાવાયાં છે. આ પરિસ્થિતિમાં આ પુરાણને સાત્વિક કેમ કરીને કહી શકાય ? વાયુપુરાણનું સ્વરૂપ નિશ્ચિત પણે શિવ માહાત્મ્ય પૂરક છે. તેથી જ આ સ્કન્દપુરાણમાં શૈવ નામથી પણ સંબોધાયું છે. આ દશામાં પુરાણ સંમત સાત્વિકતા કયાં છે ? તેથી ગરૂડ પુરાણનાં પૂર્વોકત વિભાજનમાં આપણે વિશેષ શ્રદ્ધા ન રાખી શકીએ. સંશોધન કર્યા બાદ ત્રણ વિભાગો સ્પષ્ટ થાય છે, જેમકે–

- પદ્મ પુરાણાનુસાર મત્સ્ય, કૂર્મ, લિંગ, શિવ, સ્કન્દ, અગ્નિ આ છઃ તામસ છે.
- બ્રહ્માંડ, બ્રહ્મવૈવર્ત, માર્કન્ડેય, ભવિષ્ય, વામન તેમજ બ્રાહ્મ આ છઃ પુરાણો રાજસ છે. અને
- વિષ્ણુ, નારદ, ભાગવત, ગરૂડ, પદ્મ અને વારાહ આ છઃ પુરાણો સાત્વિક પુરાણો મનાયા છે. આ વર્ગીકરણ વિષ્ણુપુરાણને સાત્વિક દેવ માનીને કરાયું છે. અહીં તામસ, રાજસ તેમજ સાત્વિક પુરાણોની સમાન સંખ્યા નિર્ધારિત છે. જેમકે–

*मात्स्यं कौर्मं तथा लैङ्गं शैवं स्कान्दं तथैव च ।*
*आग्नेयं च षडेतानि तामसानि निबोध मे ॥*
*वैष्णवं नारदीयं च तथा भागवतं शुभम् ।*
*गारुडं च तथा पाद्मं वाराहं शुभदर्शने ॥*
*सात्विकानि पुराणानि विज्ञेयानि शुभानि वै ।*
*ब्रह्माण्डं ब्रह्मवैवर्तं मार्कण्डेयं तथैव च ॥*
*भविष्यं वामनं ब्राह्मं राजसानि निबोध मे ॥*[૨૬]

મત્સ્યપુરાણ ઉપરોકત વાતથી થોડી જૂદી વાત કરે છે, તે પોતાનો મત આપનાં કહે છે કે– વિષ્ણુનાં વર્ણનપરક સાત્વિક, બ્રહ્મા અને અગ્નિનાં પ્રતિપાદક રાજસ, શિવનાં પ્રતિપાદક તામસ તેમજ સરસ્વતી તેમજ પિતરો નાં માહાત્મ્યનું વર્ણન કરનાર પુરાણોને

સંકીર્ણ મનાયા છે. જેમકે –

*सात्त्विकेषु पुराणेषु माहात्म्यमधिकं हरेः ।*
*राजसेषु च माहात्म्यमधिकं ब्रह्मणो विदुः ॥*
*तद्वदग्नेश्च माहात्म्यं तामसेषु शिवस्य च ।*
*संकीर्णेषु सरस्वत्याः पितॄणां च निगद्यते ॥*[२७]

જયારે સ્કન્દ પુરાણની દષ્ટીએ દશપુરાણોમાં તો માત્ર શિવની સ્તુતિ છે. ચાર પુરાણોમાં બ્રહ્માની અને બે–બે માં દેવી તેમજ શ્રીહરિની આ વર્ગીકરણમાં તત્તત્ પુરાણોનાં નામ નથી અપાયા. જેમકે –

*अष्टादशपुराणेषु दशभिर्गीयते शिवः ।*

*चतुर्भिभगवान् ब्रह्मा द्वाभ्यां देवी तथा हरिः ॥*[२८]

આમ ગુણ આધારિત વિભાજનમાં તામસિક પુરાણોનું વર્ચસ્વ જોવા મળે છે. ભગવાન શિવ તમોગુણનાં અધિષ્ઠાતા હોઈ, આ તમામ પુરાણો શિવનાં સંદર્ભમાં હોય તે સ્વાભાવિક છે. જેમ ભગવાન શિવ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી અસુરો તેમજ આસુરી વૃત્તિઓનો વિનાશ કરે છે, તેમ આ પૃથ્વિનાં વિનાશકાળમાં પણ ભગવાન શિવનું એજ રૌદ્ર સ્વરૂપ અને તમોગુણ સંપૂર્ણ પણે કાર્યરત થાય છે. પોતાના સ્વભાવ પ્રમાણે તમોગુણનાં પ્રાબલ્યથી જ પ્રલય શકય બને છે.

વિચિત્રતાતો એ છે કે જે ભગવાન શિવ પ્રલયકારી છે તે જ ભોળાનાથ તરીકે પણ પ્રસિદ્ધ છે. શિવનાં જીવન માંથી સૌથી આશ્ચર્ય પમાડે તેવી બાબત આ એક જ છે. શિખવાની વાત પણ આ જ છે. આ જગતને શિવનો સંદેશ છે કે – જો તમે તામસિક વૃત્તિઓનો વિનાશ નહી કરો, તો કયારેય સત્વ અને રજોગુણમાં નહીં પ્રવેશી શકો. સાથે સાથે શિવ ભલે પ્રલય કરે પરંતુ જયારે વિષ પીવાનો સમય આવે છે ત્યારે પણ શિવને જ યાદ કરવાં પડે છે. આમ પણ શિવનો અર્થ જ થાય છે કલ્યાણ. જે સૌનું કલ્યાણ કરે તે શિવ. મહાદેવ આપણને સંદેશ આપે છે કે, આપણી આંતરિક તામસિક વૃત્તિઓને મારીને જગતનાં કલ્યાણ માટે સતત ચિંતિત રહેવું. તો જ તમે સાચા અર્થમાં

શૈવ છો. શૈવ હોય તે વિષ્ણુ અને બ્રહ્મા એ બન્નેને પ્રિય હોય. આમ '*अष्टादश पुराणेषु दशभिर्गीयते शिवः*' આ વાત નું કારણ માત્ર અને માત્ર શિવજીનું ચરિત્ર છે. જો કે શિવજીનાં ઘણાં બધાં વિભિન્ન સ્વરૂપો છે, પરંતુ તેમાં પાંડવ નૃત્યકરતું 'નટરાજ સ્વરૂપ' એ પ્રલયંકારી સ્વરૂપ છે. એવું કહેવાય છે કે જયારે ભગવાનને રૌદ્ર સ્વરૂપ ધારણ કરવું હોય ત્યારે તાંડવનૃત્ય કરે છે. આ તાંડવનાં સ્વરૂપને જોતાની સાથે જ આસુરી વૃત્તિઓ ભાગવા માંડે છે.

બીજી પણ એક માન્યતા છે કે આ નટરાજ સ્વરૂપ વખતે જે ડમરૂ વાગે છે તેમાંથી જ્ઞાનનો પણ આવિષ્કાર થાય છે.

*नृत्ताऽवसाने नटराजराजो*
*ननाद ढक्कां नवपञ्चवारम् ।*
*उद्धर्तुकामः सनकादिसिद्धान्*
*एतद्विमर्शे शिवसूत्र जालम् ॥*

આમ શિવનાં ડમરૂ મંથી જ તો પાણિનિનાં ચૌદ સૂત્રો નિઃસૃત થયા છે, જેમાંથી સમ્પૂર્ણ વ્યાકરણે જન્મ લીધો. ગુણો આધારિત વિભાજન કરીએ તો ભલે તમોગુણ અધમ હોય, તેમ છતાં અષ્ટાદશ પુરાણોમાં અત્યધિક માહાત્મ્ય તમોગુણનાં અધિષ્ઠાતા ભગવાન શિવનું જ ગવાયું છે. તેમજ અડધાથી વધારે પુરાણો શૈવ છે, જે શિવજીની મહાનતા અને તેમની અનાદિતાને સિદ્ધ કરે છે. સંક્ષેપમાં કહેવું હોય તો ગુણો આધારિત વિભાજન માં તમોગુણ નું સર્વતઃ આધિકય છે અને તમોગુણનાં અધિષ્ઠાતા તરીકે શિવની જ વધારે સ્તુતિ અને મહાનતા ગવાઈ છે.

## ૨.૩ દેવ તથા સમ્પ્રદાય આધારિત વિભાજન

ગુણ આધારિત પુરાણોનાં વિભાજનની માફક ઉપાસ્યદેવોની વિભિન્નતા ઉપર પણ પુરાણોનું વિભાજન કરાયું છે. કારણકે ત્રિગુણ છે તેમ ત્રિદેવ પણ છે. વૈષ્ણવ સમ્પ્રદાય અને શૈવ સમ્પ્રદાય પણ ઘણાં વિસ્તૃત છે. તેથી પુરાણકારો તેમજ તેનાં ઉત્તરવર્તિ મનીષિઓએ તમામ માનવ જાતિને લક્ષ્યમાં રાખીને સાહિત્ય રચ્યું છે. શ્રીપુષ્પદન્તાં શબ્દોમાં કહીએ તો–

*त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति,*
*प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च ।*
*रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां,*
*नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥*[૨૯]

વિવિધ રૂચિનાં લોકોની રૂચીઓને તેમનાં ઈષ્ટદેવોને ધ્યાનમાં રાખીને સંસ્કૃત સાહિત્યમાં પુરાણોનું દેવ તેમજ સમ્પ્રદાય આધારિત વર્ણન પણ કરવામાં આવ્યું છે. સ્કંદપુરાણનાં કેદારખંડ અનુસાર દશ પુરાણોમાં શિવ, ચારમાં ભગવાન્ બ્રહ્મા, બે માં દેવી તેમજ બે માં શ્રીહરિ આમ પ્રમુખ દેવોની સ્તુતિ તેમજ વર્ણન થયું છે. પરંતુ ત્યાં તે પુરાણોનાં નામો ન હોવાથી આ વિભાજનની વૈજ્ઞાનિકતા માપી શકવી અઘરી છે. આ જ પુરાણનાં 'શિવરહસ્ય' નામનાં ખંડ અન્તર્ગત સંભવકાંડમાં (૦૨/૩૦/૩૮) એક અલગ જ વિભાજન કરાયું છે, જે કંઈક આ પ્રમાણે છે–

### (૧) શૈવ –શિવવિષયક

શિવ વિષયક પુરાણોમાં શિવ, ભવિષ્ય, માર્કન્ડેય, લિંગ, વારાહ, સ્કન્દ, મત્સ્ય, કૂર્મ, વામન તેમજ બ્રહ્માંડ આ દશ પુરાણોનો સમાવેશ કરાયો છે. ત્યાર બાદ અન્ય વિભાગમાં–

### (૨) વૈષ્ણવ –વિષ્ણુવિષયક

આ વિભાગમાં વિષ્ણુપુરાણ, શ્રીમદ્ભાગવત પુરાણ, નારદીય પુરાણ તેમજ ગરૂડ

પુરાણનો સમાવેશ કરવામાં આવ્યો, આ વિભાજન પ્રમાણે આ ચારેય પુરાણો વૈષ્ણવ પુરાણો છે.

**(૩) બ્રાહ્મ – બ્રહ્માવિષયક પુરાણો**

આ વિભાજનમાં માત્ર બે પુરાણોનો સમાવેશ કરાયો છે જે બ્રહ્મ અને પદ્મપુરાણ છે.

(૪) આગ્નેય – અગ્નિવિષયક પુરાણો

અગ્નિ વિષયક પુરાણ માત્ર એક જ છે, તે છે – અગ્નિપુરાણ.

(૫) સાવિત્ર – સૂર્યવિષયક પુરાણ

આ વિભાજનમાં પણ બ્રહ્મવૈવર્ત પુરાણનો જ માત્ર સમાવેશ કરતાં આ વિભાજન પૂર્ણ થાય છે. જેને આ રીતે પણ જોઈ શકાય.

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | શૈવ | – | શિવ, ભવિષ્ય, માર્કન્ડેય, લિંગ, વારાહ, | |
| | | | સ્કન્દ, મત્સ્ય, કૂર્મ, વામન, બ્રહ્માંડ | –૧૦ |
| ૨. | વૈષ્ણવ | – | વિષ્ણુ, ભાગવત, નારદીય, અને ગરૂડ | –૦૪ |
| ૩. | બ્રાહ્મ | – | બ્રહ્મપુરાણ અને પદ્મપુરાણ | –૦૨ |
| ૪. | આગ્નેય | – | અગ્નિપુરાણ | –૦૧ |
| ૫. | સાવિત્ર | – | બ્રહ્મવૈવર્તપુરાણ | –૦૧ |
| | | | **કુલ** | **–૧૮** |

સ્કન્દપુરાણાનુસાર દેવને અનુસરણ કરતાં આ વિભાજન ને પણ વૈજ્ઞાનિક દષ્ટીથી તેટલું પ્રમાણભૂત નથી મનાતું. કારણકે સર્વવિદિત છે કે પદ્મપુરાણ તો વિષ્ણુની મહિમાનું જ સવિશેષ પ્રતિપાદન કરે છે. તેથી ગૌડીય વૈષ્ણવોનાં સિદ્ધાંતોનો વિકાસ વિશેષતઃ રાધાનું વિભાજન આ આધાર પર જ ટકેલું છે. આ વિભાજન સામાન્ય રીતે માન્ય છે. આ ઉપરાંત સ્કન્દપુરાણનું વિભાજન અન્ય બે રીતે પણ થયેલ છે. સ્કન્દપુરાણે ૧૮

પુરાણોને બીજી બે રીતે ખંડાત્મક અને સંહિતાત્મક રીતે પણ વિભાજિત કર્યા છે. જેને આ રીતે જોઈ શકાય.

| **'क' ખંડાત્મક વિભાજન** | **'ख' સંહિતાત્મક વિભાજન** | **શ્લોક સંખ્યા** |
|---|---|---|
| ૧. માહેશ્વર ખંડ | ૧. સનત્કુમાર સંહિતા | ૫૫ હજાર |
| ૨. વૈષ્ણવી ખંડ | ૨. સૂત સંહિતા | ૦૬ હજાર |
| ૩. બ્રાહમ ખંડ | ૩. શાંકરી સંહિતા | ૩૦ હજાર |
| ૪. કાશી ખંડ | ૪. વૈષ્ણવી સંહિતા | ૦૫ હજાર |
| ૫. અવન્તી ખંડ | ૫. બ્રાહ્મી સંહિતા | ૦૩ હજાર |
| ૬. નાગર ખંડ | ૬. સૌરી સંહિતા | ૦૧ હજાર |
| ૭. પ્રભાસ ખંડ | | |

**કુલ – ૧ લાખ શ્લોક**

ખંડાત્મક વિભાજન અન્તર્ગત અનેક અવાન્તર ખંડ પણ છે, જેનાં શ્લોકોની સંખ્યા ૮૧ હજાર છે. જયારે સંહિતાત્મક વિભાજનમાં પણ અનેક અવાન્તર ખંડ છે. આમ સ્કન્દપુરાણમાં વિભિન્ન રીતે પુરાણોનું વર્ગીકરણ થયેલ છે.

આ નામો સંહિતાઓ તેમજ તેમની શ્લોક સંખ્યા સૂતસંહિતા (અધ્યાય–૧, શ્લોક૧૯–૨૪) નાં આધારે છે, જે આનન્દાશ્રમ સંસ્કૃતગ્રન્થાવલી (ગ્રન્થાંક–૨૫) માં પુનાથી પ્રકાશિત થઈ હતી. ઈ.સ. ૧૯૨૪ માં તેના ઉપર શ્રી માધવાચાર્ય રચિત 'તાત્પર્ય દીપિકા' વ્યાખ્યા પણ અત્રેથી જ પ્રકાશિત છે. ધ્યાતવ્ય છે કે આ માધવાચાર્ય સાયણાચાર્યનાં અગ્રજ માધવાચાર્યથી તદ્દન ભિન્ન છે. આ માધવ મન્ત્રી હોવાથી માધવમન્ત્રી નામે પ્રખ્યાત છે. પરંતુ છે તેનાં સમકાલીન જ. ૧૪મી શતાબ્દિનો મધ્યભાગ.[૩૦] સૂતસંહિતા શૈવદર્શનનાં સિદ્ધાંતોની વિસ્તારથી પ્રકાશિકા છે. માધવની આ વ્યાખ્યા ગંભીર રહસ્યોને ખૂબ જ સરળતાથી પ્રગટ કરે છે.

દક્ષિણ ભારત પણ સંસ્કૃતનું જન્મ સ્થળ મનાય છે. જેમકે પદ્મપુરાણાન્તર્ગત શ્રીમદ્‌ભાગવતનાં માહાત્મ્યમાં કહેવાયું છે કે *'उत्पन्नाद्रविडे साहम्'*[31] જો કે આ વાત ભકિત દેવી માટેની છે. પરંતુ સંસ્કૃતભાષનું પણ એક વિરાટ સાહિત્ય, વારસો અને અસ્મિતા દક્ષિણનાં રાજયો સાથે જૂનો સંબંધ ધરાવે છે. તેથી તે દાક્ષિણાત્ય પરંપરાનુસાર જોઈએ તો– તમિલગ્રન્થોમાં પણ પુરાણો નાં પાંચ વર્ગ કરવામાં આવ્યાં છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | બ્રહ્મા | – | બ્રહ્મપુરાણ તેમજ પદ્મપુરાણ | – | ૦૨ |
| ૨. | સૂર્ય | – | બ્રહ્મવૈવર્તપુરાણ | – | ૦૧ |
| ૩. | અગ્નિ | – | અગ્નિ પુરાણ | – | ૦૧ |
| ૪. | શિવ | – | શિવ, સ્કાન્દ, લિંગ, કૂર્મ, વામન | | |
| | | | વારાહ, ભવિષ્ય, મત્સ્ય, માર્કન્ડેય અને બ્રહ્માંડ | – | ૧૦ |
| ૫. | વિષ્ણુ–નારદ, શ્રીમદ્‌ભાગવત, ગરૂડ અને વિષ્ણુપુરાણ | | | – | ૦૪ |
| | | | **કુલ** | **–** | **૧૮** |

આ બધા વર્ગીકરણોની વિભિન્નતાનું કારણ તેનાં વિભિન્ન દષ્ટી કોણ છે. આધુનિક વિદ્વાનોએ પુરાણોમાં વર્ણિત વિષયોનું પૂર્ણ અને આલોચનાત્મક પરિક્ષણ કર્યા બાદ વિષય વિભાગાનુસાર પુરાણોનાં છ વર્ગો નિર્ધારિત કર્યા છે.

(૧) પ્રથમવર્ગમાં સાહિત્યનો વિશ્વકોશ છે. અર્થાત્ માનવ સમાજ ને માટે ઉપયોગી સમસ્ત વિદ્યાઓનો આધ્યાત્મિક તથા ભૌતિક વિદ્યાઓનો સારાંશ, એકત્રિત કરી દેવાયો છે. આજકાલનાં સમયમાં પ્રકાશિત થતાં 'વિશ્વકોશ' ની માફક આનું સંકલન મૂલ્ય છે. આ વર્ગમાં ગરૂડપુરાણ, અગ્નિપુરાણ તેમજ નારદીય પુરાણ આવે છે. જેમાં પ્રાચીન વિદ્યાઓનો સંક્ષેપમાં પરંતુ ખૂબજ સુંદર રીતે પ્રસ્તુતીકરણ થયું છે.

(૨) દ્વિતીયવર્ગમાં મુખ્યતઃ તીર્થો અને વ્રતોનું વર્ણન છે. આ વિભાગમાં પદ્મપુરાણ,

સ્કન્દ પુરાણ તેમજ ભવિષ્ય પુરાણની ગણના છે. *'પ્રાધાન્યેન વ્યપદેશા ભવન્તિ'* નાં ન્યાયાનુસાર જ આને સમજવું જોઈએ. આ વિષયોની મુખ્યતઃ પ્રાધાન્યતા હોવાથી આ ત્રણ પુરાણો આ વર્ગમાં આવે છે. અન્યથા સમાન્યરૂપે આ વિષયો અન્યત્ર પણ જોઈ શકાય છે.

(૩) ત્રીજો વર્ગ બ્રહ્મપુરાણ, શ્રીમદ્ભાગવત પુરાણ તેમજ બ્રહ્મવૈવર્ણપુરાણોનો છે. આ વર્ગ માટે વિદ્વાનોનો અભિપ્રાય છે કે, આનાં બે–બે સંસ્કરણો થઈ ચૂકયાં છે, જેમાં તેનો મૂળ ભાગ તેનો તે જ પૂર્વવત્ છે, જે તેનો કેન્દ્રસ્થભાગ છે. આ બે વખતના સંસ્કરણમાં આગળ–પાછળ ઘણું બધું જોડાતું ગયું છે. શ્રીમદ્ભાગવત દ્વિવિધ સંસ્કરણની વાત આપણને સમજાય નહી તેવી છે, જેમાં સંદેહ ઉત્પન્ન થાય છે. કારણકે ભાગવત સુવ્યવસ્થિત પુરાણ છે, પરસ્પર અન્તર્યોગથી સજજ છે. જેથી તેનાં બે સંસ્કરણ હોવાની વાત સમજવામાં નથી આવતી પરંતુ પ્રચલિત મતનો આશ્રય લઈને જ પૂર્વોકત કથન કરાયું છે.[૩૨]

(૪) ચતુર્થ વર્ગમાં ઐતિહાસિક પુરાણોની ગણના છે. 'ઐતિહાસિક પુરાણ' નો અર્થ છે કે, જેમાં કલિયુગનાં રાજાઓનું વર્ણન વિશેષ રૂપે છે. ઈતિહાસની દષ્ટીને ધ્યાનમાં રાખીને આ વર્ગનું વર્ગીકરણ કરાયું છે. આ વર્ગમાં વાયુ તેમજ બ્રહ્માંડ પુરાણનો સમાવેશ છે. પરંતુ પ્રસ્તુત અધ્યાયોનું મહત્વ પણ તેટલું જ મહત્વનું છે. ડો. કિર્ફેલે આ બન્નેમાં એક જ મૂળ પુરાણ માંથી વિનિઃસૃત બતાવ્યાં છે. બન્ને માં અધ્યાયોના અધ્યાયો જેમનાં તેમ આવેલાં છે. તેથી કિર્ફેલનું કહેવું છે કે કોઈ પ્રાચીન યુગમાં આ બન્ને પુરાણ કોઈ એક જ પુરાણમાં અન્તર્નિવિષ્ટ હતાં.[૩૩] પાછળનાં સમયમાં બન્નેને પૃથક્ કરી દેવાયાં છે. આ ઘટનાં બાણભટ્ટથી પૂર્વે અર્થાત્ સપ્તમ શતાબ્દિ પહેલાં જ થઈ ચૂકી હતી, કે જયારે તેમણે વાયુપુરાણનાં પ્રવચનનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.

(૫) પંચમવર્ગમાં સામ્પ્રદાયિક પુરાણો નો સમાવેશ થયો છે. જેમાં લિંગપુરાણ વામન પુરાણ તેમજ માર્કન્ડેય પુરાણનો સમાવેશ થાય છે. આ ત્રણે પુરાણોમાં સમ્પ્રદાયવાને અનુમોદન કરતી ચર્ચાઓનું પ્રાબલ્ય છે, તેમજ વિવિધ સમ્પ્રદાયોનાં

પોષક તત્વો સમાવિષ્ટ છે. તેથી આ પંચમવર્ગને સમ્પ્રદાય આધારિત પુરાણોનાં વર્ગમાં સમાવિષ્ટ કરાયાં છે. ત્યારબાદ અંતિમ વર્ગ આવે છે.

(૬) ષષ્ઠ વર્ગ :– આ વર્ગમાં વારાહપુરાણ, કૂર્મપુરાણ તેમજ મત્સ્યપુરાણની ગણનાં કરવામાં આવી છે. જેમાં પાઠોનાં વધારે પડતાં સંશોધનને કારણે મૂળ પાઠતો માત્ર નામશેષ જ રહયો છે.[૩૪] ઘણી વખત એવું જોવા મળે છે કે, કોઈ વસ્તુને આપણે સુંદર બનાવવાં જઈએ અને તેમાં ફેરફાર કરીએ, ફરી પાછો થોડો ફેરફાર કરીએ, અને જયારે તે વસ્તુને વિશે વિચાર કરીએ ત્યારે સમજાય કે આનું વાસ્તવિક સ્વરૂપ– કે જે તેનું મૂળ હતું, તે જ જતું રહયું. જેમ સંસ્કૃત સાહિત્યનાં એક શ્લોકમાં કહેવાયું છે કે– *'छिन्नेमूले नैवशाखा न पत्रम्'* જેવું જ કંઈક આ પુરાણો વિશે પણ થયું છે. જેથી પુરાણકારનો સંદેશ આપણા સુધી વ્યવસ્થિત રીતે ન પહોંચે તે સ્વાભાવિક છે.

આ વર્ગીકરણ સામાન્ય પ્રકારનું જ સમજવું જોઈએ. પુરાણોને વિશે એક વાત એ પણ માની લેવી ઘટે કે – પુરાણોનું વર્ગીકરણ ન તો યથાર્થ રૂપે સર્વમાન્ય છે, કે ન તો યથાર્થ રૂપે સર્વમાન્ય થઈ શકે. કારણકે પુરાણોની વિષયવસ્તુ જ એટલો વિસ્તાર ધરાવે છે, જેને માટે કહેવું પડે કે, *'यन्नेहास्ति न तत् क्वचित्'* જેથી વિશાળ વષયવસ્તુની સાથે સાથે વિભિન્ન વિભિન્ન રૂચિ ધરાવતાં લોકો *'भिन्नरूचिर्हिलोकः'* પુરાણોનું સર્વાનુમતે એક જ પ્રકારનું વર્ગીકરણ અને તે પણ સર્વમાન્ય, ઘણું જ કઠીન કાર્ય થઈ પડે.

## ૨.૪ પુરાણ અને ત્રિદેવ

પુરાણનાં લક્ષણો તેમજ પુરાણોનું વિભાજન જોયાં પછી, અન્ય એક બાબત પણ વિચારણીય છે કે, પુરાણોમાં ત્રિદેવોનું આકલન કઈ રીતે થયું છે? તેમજ સામાન્ય મનુષ્ય, કે જે માત્ર મૂર્તિ પૂજા સુધીજ સીમિત છે, તેને માટે પુરાણોએ શું કહયું છે? તેમજ મુર્તિશાસ્ત્ર પુરાણને આધારે કેટલું પ્રસ્તુત છે. પુરાણો વિશે ગહન અધ્યયન કરતાં જણાય છે કે પુરાણોનો પ્રભાવ મૂર્તિશાસ્ત્ર ઉપર વિશેષરૂપે પડયો છે. તથ્ય તો એ છે કે દેવી દેવતાઓની મૂર્તિઓ પુરાણને આધારે જ નિર્મિત થતી હોય છે. મૂર્તિકળામાં સ્વચછન્દતાનું સામ્રાન્ય નથી. પરંતુ અમૂર્ત ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા માટે જ મૂર્તિઓની કલ્પના કરવામાં આવી છે.

વૈદિકકાળમાં મૂર્તિઓનાં અસ્તિત્વનાં વિષયમાં અનેક વિદ્વાનોને સંશય હજું પણ છે. અધિકાંશ વિદ્વાન્ પૌરાણિક કાળમાં જ, અને પુરાણોનાં અભ્યુદય સમયે જ મૂર્તિઓનો ઉદય માને છે. અત્રે આપણે માત્ર પંચદેવની મૂર્તિઓ અને વિશેષતઃ ત્રિદેવની મૂર્તિઓ ઉપર અભ્યાસ કરીશું. આ દેવ પંચકમાં વિષ્ણુ, શિવ, ગણેશ, બ્રહ્મા તેમજ સૂર્યની ગણના થાય છે.

**વિષ્ણુ :–**

પંચદેવનાં રૂપ માત્રમાં જ નહીં, અપિતુ ત્રિદેવનાં સ્વરૂપમાં પણ વિષ્ણુ મહત્વપૂર્ણ છે. ત્રિવિક્રમ નાં રૂપે વિષ્ણુની માન્યતા વૈદિક છે, પરંતુ સંપ્રદાય વિશેષનાં દેવતા રૂપે વિષ્ણુ–પૂજાનો વિશેષ પ્રચાર ઈ.સન્ થી થોડો પૂર્વે જ થયો છે. વિષ્ણુની વ્યુત્પત્તિ અને મહત્વની વિવેચના વિષ્ણુપુરાણમાં આ પ્રકારે થઈ છે.

*यस्माद्विष्टमिदं विश्वं यस्य शक्त्या महात्मनः।*

*तस्मात् स प्रोच्यते विष्णुर्विशेर्धातोः प्रवेशनात् ॥*[૩૫]

વિષ્ણુપુરાણમાં વિષ્ણુને સૃષ્ટિ, સ્થિતિ અને સંહારનાં કારણ પણ કહેવાયાં છે. તેમજ ષડ્ગુણ, ષડ્ઐશ્વર્ય સમ્પન્ન ગણાવાયાં છે. જેને ભગ પણ કહેવાય છે. જેની

પાસે આ છઃ ભગ છે, તે ભગવાન કહેવાય છે. વિષ્ણુપુરાણમાં ભગવાન્ વિષ્ણુનું સ્વરૂપ કંઈક આવું વર્ણવાયું છે–

*सृष्टिस्थित्यन्तकरणी ब्रह्म–विष्णु–शिवात्मिकाम् ।*
*स संज्ञां याति भगवान् एक एव जनार्दनः ॥*
*स्रष्टा सृजति चात्मानं विष्णुः पाल्यं च पाती च ।*
*उपसंह्रियते चान्ते संहर्ता च स्वयं प्रभु ः ॥*[૩૬]

ભગવાન વિષ્ણુનાં અનેક નામો તથા ગુણો છે. વિષ્ણુ અને તેનાં વિવિધ રૂપોનાં વિકાસનો આધાર ઈચ્છા, ભૂતિ, ક્રિયા તેમજ ષડ્ગુણ (જ્ઞાન, ઐશ્વર્ય, શકિત, બલ, વીર્ય અને તેજસ્) છે. આ જ તત્વોનાં આધારે ચોવિસ વિષ્ણુની કલ્પના કરાઈ છે. વિવિધ પુરાણોમાં ચોવીસ વિષ્ણુઓનો ક્રમ અને આયુધ–વિધાન ભિન્ન–ભિન્ન કહેવાય છે. અગ્નિપુરાણ (અધ્યાય–૪૮) ની તાલિકા અપેક્ષાએ શુદ્ધ છે. જેમાં ચોવિસ વિષ્ણુઓની નામાવલી આ પ્રમાણે વર્ણવાયેલી છે–

| | | | | |
|---|---|---|---|---|
| ૧. વાસુદેવ | ૨. કેશવ | ૩. નારાયણ | ૪. માધવ | ૫. પુરૂષોત્તમ |
| ૬. અધોક્ષજ | ૭. સંકર્ષણ | ૮. ગોવિન્દ | ૯. વિષ્ણુ | ૧૦. મધુસૂદન |
| ૧૧. અચ્યુત | ૧૨. ઉપેન્દ્ર | ૧૩. પ્રદ્યુમ્ન | ૧૪. ત્રિવિક્રમ | ૧૫. નરસિંહ |
| ૧૬. જનાર્દન | ૧૭. વામન | ૧૮. શ્રીધર | ૧૯. અનિરૂદ્ધ | ૨૦. ઋષિકેશ |
| ૨૧. પદ્મનાભ | ૨૨. દામોદર | ૨૩. હરિ | ૨૪. કૃષ્ણ. | |

આ ચોવિસ વિષ્ણુઓનાં વિભાજનનો આધાર અને વિષ્ણુનાં આયુધ (શંખ–ચક્ર–ગદા–પદ્મ)નો વિભિન્ન ક્રમ છે.[૩૭] કૃષ્ણકાળથી જ વિષ્ણુનાં અવતારોનાં સ્વરૂપ દર્શન થવાં લાગે છે. દશાવતારની મૂર્તિઓ બંગાળમાં વિષ્ણુપટ્ટ ઉપર બનતી હતી. તેમજ દશાવતારનું અંકન સંયુકતરૂપમાં વિષ્ણુ મંદિરોનાં દ્વાર પર જ પ્રદર્શિત થયું આવ્યું છે. પૃથક્–પૃથક્ અવતારોનાં આધારે પૃથક્–પૃથક્ મૂર્તિઓ પણ ઉપલબ્ધ થઈ છે.

ઉપલબ્ધ મૂર્તિઓનાં આધારે એટલું કહી શકાય કે– દશાવતારોમાં વરાહ, વામન

અને નૃસિંહ ની પ્રતિમાઓ ખૂબજ પ્રચલિત રહી છે. ઉદયગિરિની વિશાળ વરાહમૂર્તિ ખૂબ જ વિશિષ્ટ છે. તેમજ આ પ્રતિમા ઐતિહાસિક દષ્ટીએ પણ મહત્વ ધરાવે છે, કારણકે ગુપ્તકાલીન છે. સામાન્યતઃ  અવતારોની સંખ્યા દશ જ છે, જેમાં મત્સ્ય, કૂર્મ, નૃસિંહ, વરાહ, વામન, ભાર્ગવરામ, રામ, બલરામ, બુદ્ધ અને કલ્કિની ગણના થાય છે. ગ્રન્થભેદને લીધે પુરાણોની સંખ્યા વધતી ઘટતી પણ રહે છે. પરિણામતઃ કયારેક કયારેક અવતારોની સંખ્યા ૧૬, ૨૨ અથવા ૨૩ અને ૩૯ સુધી ગણાવાય છે.[૩૮]

વિષ્ણુની સ્થિર મૂર્તિઓને વૈખાનસ–આગમ તેમજ પંચરાત્ર સંહિતાઓમાં ધ્રુવવેટ કહેવાયલ છે. 'ધ્રુવ' મૂર્તિઓની શ્રેણીમાં ૩૬ વિષ્ણુઓની ગણના થાય છે. જેને ચાર વિભાગોમાં વિભાજિત કરેલ છે, જેમકે– યોગ, ભોગ, વીર અને અભિચારિક. આ વર્ગીકરણનો આધાર ઉપાસનાની વિશિષ્ટ ભાવના અને ઈચ્છા છે. પુનઃ આનું વિભાજન સ્થાનક, આસન એન શયન મૂર્તિઓને આધારે પણ કરાયું છે. જેમાં બાર–બાર મૂર્તિઓની ગણના થાય છે. ઘણાં આગમોમાં વિષ્ણુ મૂર્તિઓનું વિભાજન ઉત્તમ,મધ્યમ તેમજ અધમ વર્ગીકરણનાં આધારે પણ કરાયું છે. શયન મૂર્તિની શ્રેણીમાં પણ શેષશાયી વિષ્ણુની પ્રતિમા વિશિષ્ટ છે. વિષ્ણુનાં આ સ્વરૂપોનું પ્રદર્શન દેવગઢમાં ખૂબજ વિશિષ્ટ છે.

ભૂજાઓ અને મુખોની સંખ્યાનાં આધારે પણ મધ્યકાળમાં ચાર વિશિષ્ટ વિષ્ણુ–મૂર્તિઓની કલ્પના થઈ છે. આ મૂર્તિઓને ચતુર્મુખ વિષ્ણુ કહી શકીએ. ભુજાઓની સંખ્યામાં અંતર હોય છે. ચતુર્મુખ વિષ્ણુની ચાર વિશિષ્ટ પ્રતિમાઓ વૈકુંઠ, અનન્ત, ત્રૈલોકયમોહન અને વિશ્વરૂપનાં નામે પ્રસિદ્ધ છે. જેની ભુજાઓની સંખ્યા ક્રમશઃ ૮–૧૨–૧૬ અને ૨૦ હોય છે. વિષ્ણુનાં ચાર મુખ– નર, નારસિંહ, સ્ત્રીમુખ તેમજ વરાહમુખ હોય છે. અગ્નિ પુરાણમાં જેની વિસ્તૃત ચર્ચા થયેલ છે.[૩૯]

**શિવ :–**

પુરાણ સમયથી જ બે મહાન સમ્પ્રદાયો ચાલ્યાં આવ્યાં છે, જેમાં એક વૈષ્ણવ અને બીજો શૈવ છે. જેમ વૈષ્ણવ સમ્પ્રદાયનાં અનુયાયીઓ માટે પુરાણોનાં આધારે વિષ્ણુની વિભિન્ન પ્રતિમાઓનું વર્ણન તેમજ સર્જન થયું છે, તેમ શાકત તેમજ શૈવ

પુરાણોનાં આધારે શિવની વિવિધ મૂર્તિસ્વરૂપો પણ અસ્તિત્વમાં આવ્યાં છે. જેનું મુખ્ય કેન્દ્ર સ્થાન પૂજા તથાં દેવાલયો છે. પૂજા તેમજ દેવાલયોમાં સ્થાપિત કરવાની દૃષ્ટિથી શિવલિંગો ને જે મહત્તા પ્રાપ્ત થઈ છે, તે શિવમૂર્તિઓને પણ નથી થઈ. શિવાખ્યાનો ને આધારે કલ્પિત અનેક અનુગ્રહ, સંહાર, અને દક્ષિણા મૂર્તિઓની કલ્પના પુરાણકારો દ્વારા થઈ છે. જેમાં અધિકાંશ શૈવ મંદિરોની દિવાલો પર અલંકરણનાં રૂપે, અથવાં સ્વતન્ત્ર મૂર્તિઓનાં રૂપે–પ્રદર્શિત જોવા મળે છે.

શિવલિંગોમાં ગુડ્ડીમલ્લનું મુખલિંગ ઈતિહાસ અને કલાની દષ્ટીથી ખૂબજ મહત્વપૂર્ણ છે. પુરાણોમાં વિશેષતઃ અગ્નિ અને મત્સ્યપુરાણોમાં વિવિધ શિવલિંગોની સારી વિવેચના છે. શિવલિંગોનાં શિરોવિધાન તેમજ બ્રહ્મા, વિષ્ણુ અને શિવભાગોની વિભાજન પ્રક્રિયા લિંગપુરાણ અધ્યાય–૯૯ તેમજ મત્સ્ય પુરાણ અધ્યાય–૨૬૨, ૧ થી ૧૨ શ્લોકોમાં વ્યવસ્થિત વર્ણિત છે. મત્સ્ય પુરાણમાં લિંગ પીઠિકાનું વિધાન પણ બતાવાયું છે.[૪૦] શિવની એકાદશમૂર્તિઓ (એકાદશ રૂદ્રનાં રૂપે) ખૂબ જ પ્રસિદ્ધ છે. 'રૂપમંડન' જેવાં મધ્યકાલિન શિલ્પ શાસ્ત્રીય ગ્રન્થોમાં એકાદશ રૂદ્રોને આધારે દ્વાદશ શિવની કલ્પના કરાઈ છે. જેમાં સદ્યોજાત, વામદેવ, અઘોર, તત્પુરૂષ, ઈશ, મૃત્યુંજય, કિરણાક્ષ, શ્રીકંઠ, અહિર્બુધ્ન્ય, વિરૂપાક્ષ, બહુરૂપી, સદાશિવ તેમજ ત્ર્યમ્બકનાં નામો આવે છે. આમાં હાથોની સંખ્યા તેમજ આયુધોમાં ખૂબજ વિભિન્નતા છે.[૪૧] એકાદશ રૂદ્ર અથવા દ્વાદશ શિવનો આધાર પંચમુખ શિવ પ્રતીત થાય છે. વિષ્ણુધર્મોત્તર અનુસાર શિવનાં પાંચમુખ– સદ્યોજાત, વામદેવ, અઘોર, તત્પુરૂષ તેમજ ઈશાન છે.

सद्योजतं वामदेवमधोरं च महाभुजम् ।

तथा तत्पुरूषं ज्ञेयमीशानं पञ्चमं मुखम् ॥[४२]

આ પાંચ મુખોનું રૂપકત્વ પણ વિષ્ણુધર્મોત્તરપુરાણ (૪/૪૮/૩/૩) માં સ્પષ્ટ કરાયું છે.[૪૩] પુરાણોમાં શિવમૂર્તિઓનો જે પ્રસંગ છે, તેનાં આધારે એ પ્રતીત થાય છે કે – શિવની મૂર્તિઓનં બે પ્રસિદ્ધ વર્ગો હતાં. એક ઘોર અને બીજો અઘોર. અઘોર અથવા શાન્ત શિવમૂર્તિઓમાં ચંદ્રશેખર, ઉમાસહિત, આલિંગન્, ચંદ્રશેખર, વૃષવાહન, સુખાસન,

ઉમામહેશ્વર, સોમસ્કન્દ આદિની ગણનાં કરી શકાય છે. આવી જ અમુક મૂર્તિઓ ઘોર વર્ગની પણ છે. ભૈરવ, અઘોર, રૂદ્ર, પશુપતિ, વીરભદ્ર, વિરૂપાક્ષ, અને કંકાલ આ શિવનાં ઘોર રૂપો છે. પરંતુ તેનાં મૂળમાં કોઈ પૌરાણિક વ્યાખ્યાન નથી. આ મૂર્તિઓ શિવનાં સંહારક તત્વોની વ્યાખ્યા માત્ર કરે છે. પરંતુ ઘોર અથવાં ઉગ્રરૂપમાં ગજાસુર વધ, ત્રિપુરાસુરવધ, અન્ધકાસુરવધ, આદિ પૌરાણિક વ્યાખ્યાનોનું પ્રદર્શન કરાવનારી મૂર્તિઓ આવે છે. આ જ વર્ગમાં યમરિ, કાલારિ, શરભેશ આદિ મૂર્તિઓ પણ આવે છે. ઈલોરા અને એલિફન્ટાની ગુફાઓમાં ત્રિપુરાન્તક અને અન્ધકાસુર વધનું ખૂબ જ સુન્દર પ્રદર્શન છે. ગજાસુર સંહારની એક સુંદર પ્રતિમા દરસુરમમાં પણ મળી આવી છે.

શિવની થોડી યુગ્મ મૂર્તિઓ જેમ કે અર્ધનારીશ્વર અને હરિહરની મૂર્તિઓ ખૂબ જ લોકપ્રિય રહી છે. આ મૂર્તિઓનાં માધ્યમથી દર્શનનાં ગૂઢતમ તથ્યોની સરળતમ વિવેચના કરાઈ છે. નારદપુરાણમાં[૪૪] હરિહર રૂપની સુંદર વિવેચના છે. હરિહરનું સૌથી સુંદર મૂર્તિકરણ વાદામીમાં તેમજ અર્ધનારીશ્વરનું સૌથી સુંદર અંકન ઈલોરામાં કરાયું છે. આમ ભારતીય ભૂ ઉપર કોઈ ને કોઈ રૂપે શિવતત્વ અનાદિકાળથી લઈ અને આજ સુધી પ્રસ્તુત રહ્યું છે. તેમજ સમયાનુસાર સમાજમાં તેનું અર્થઘટન અને ચિત્રણ કરાયું છે. ભારત સિવાયના પણ ઘણાં દેશોમાં શિવના અનુયાયીઓ શિવ મંદિરો આજે અસ્તિત્વ ધરાવે છે. જેને જોતાં શૈવ સામ્પ્રદાય તેમજ શિવની મૂર્તિઓનું રહસ્ય આજે અને આવનારા યુગમાં પણ એટલું જ જરૂરિયાત ભરેલું લાગે છે.

*** ગણેશ :**

વિષ્ણુ તેમજ શિવની મૂર્તિઓની ચર્ચા સાથે ગણેશની મૂર્તિ ચર્ચા ખૂબ જ આવશ્યક છે. કારણ કે કદાચ બીજા કોઈ દેવ દેશ અને કાળની પરંપરાઓની મર્યાદાથી બંધાયેલ હોવાથી અમુક વિસ્તારમાં તેની પૂજા તેમજ અનુયાયીઓમાં આધિક્ય–ન્યૂનતા હોઈ શકે. પરંતુ ગણેશને પુરાણ તેમજ ધર્મગ્રંથોમાં પ્રથમ પૂજય ગણાયા હોવાથી દરેક પ્રાંતમાં, દરેક સમ્પ્રદાયમાં ગણેશની વિભિન્ન મૂર્તિઓ ઘણું મહત્વ ધરાવે છે. અતઃ અત્રે પણ શોધકાર્ય આવશ્યક છે. ભારતીય ધર્મ અને ઉપાસનામાં જેમ આપણે જોયું તેમ ગણેશનું વધારે મહત્વ છે. પંચદેવોમાં ગણેશનું વિશેષ સમ્માન છે. તેમજ ગાણપત્ય સમ્પ્રદાયને

માટે તો આદિદેવનાં રૂપે પણ માન્ય છે. આર. જી. ભન્ડારકરના મતે ગાણપત્ય સમ્પ્રદાય અને ગણેશની પૂજાની પરમ્પરા ખૂબ પ્રાચીન નથી. આ ગણેશની પરમ્પર ગુપ્તોત્તર કાલીન છે. તેવું તેમનું માનવું છે. પરંતુ તથ્ય કંઈક અલગ જ છે. વિનાયક પૂજાની પરંપરા મહાભારતથી પણ પ્રમાણિત છે. (નલોપાખ્યાન, વનપર્વ) તે સમયમાં સાર્થવાહો દ્વારા વિનાયકની પૂજા વિઘ્ન, વિનાશકનાં રૂપમાં થતી હતી. અને તે સિદ્ધિનાં દાતા માનતા હતાં. શ્રી ગોપીનાથ રાવ મહોદયે ગણેશ ઉત્પત્તિથી સંબંધિ પૌરાણિક વ્યાખ્યાનોનું સુંદર સંકલન કર્યુ છે.[૪૫] ગણપતિ મૂર્તિશાસ્ત્રીય વિવેચના અનુસાર યક્ષ પરમ્પરાથી વિશેષ સંબંધ પ્રતીત થાય છે. આરંભમાં ગણેશની દ્વિભૂજ પ્રતિમાઓનું જ માત્ર પ્રચલન હતું. બૃહત્સંહિતામાં ગણેશની પ્રતિમાનાં વિષયમાં નિમ્નલિખિત પંક્તિ મળે છે.

*प्रथमाधिपो गजमुखः प्रलम्बजठरः कुठारधारी स्यात् ।*

*एक विषाणो विभ्रन्मूलक–कन्दं ................................ ।।* [૪૬]

આનાં આધારે કહી શકાય કે–પ્રારંભમાં ગણેશનાં મૂર્તિ વિધાનીય તત્વો આ પ્રમાણે છે.

૧. ગજમુખ

૨. પ્રલમ્બ જઠર

૩. એકદન્ત

૪. દ્વિભુજ (એક હાથમાં દાંત અને બીજામાં મૂલક)

પ્રાપ્ત મૂર્તિઓમાં અમરાવતીથી પ્રાપ્ત ગણેશની પ્રતિમા સૌથી પ્રાચીન (ઈ.સ.ની બીજી શતાબ્દિ) પ્રતીત થાય છે. તેનાં થોડા સમય બાદ જ બનેલ એક ગણેશની મૂર્તિ મથુરાથી પણ મળી છે. આ પ્રતિમા તેમજ ભૂમરાથી મળેલ ગણેશની પ્રતિમાઓ દ્વિભૂજ છે. ગણેશની ચતુર્ભૂજ પ્રતિમા સૌથી પહેલા ભૂમરા (ગુપ્તાકાલીન) થી મળી છે. પુરાણોમાં ગણેશ પ્રતિમાનું જે વિધાન છે તેમાં ચતુર્ભૂજ ગણેશની જ ચર્ચા છે. જેમ કે એક ઉદાહરણ જોઈએ તો મત્સ્યપુરાણમાં ગણેશનું વર્ણન કંઈક આવું મળે છે.

*स्वदन्तं दक्षिणकरे उत्पलं च तथापरे ।*

*लड्डुकं परशुं चैव वामतः परिकल्पयेत् ।।*[૪૭]

ગુપ્તકાળ સુધીની કોઈપણ ઉપલબ્ધ પ્રતિમામાં ગણેશનું વાહન મૂષક નથી બતાવાયું. અથવા ન તો તેની ચર્ચા કોઈ પૌરાણિક મૂર્તિ વિધાનમાં છે. પૂર્વમધ્યકાલીન તેમજ મધ્યકાલીન પ્રતિમાઓમાં મૂષક પણ પ્રદર્શિત છે. આમ, મૂષકયુક્ત ગણેશની પ્રથમ પ્રાપ્ત પ્રતિમાં કડી સમાન મળી છે. ગણેશનાં મૂર્તિવિદ્યાનાં અન્ય તત્વોનાં રૂપમાં ત્રિનેત્ર, વ્યાલ, યજ્ઞોપવિત પણ મહત્વપૂર્ણ છે. ગણેશની અમુક મૂર્તિ નૃત્ય મુદ્રાઓમાં પણ મહત્વપૂર્ણ છે. ગણેશની અમુક મૂર્તિ નૃત્ય મુદ્રાઓમાં પણ છે. આમ, સંશોધનનાં આધારે પુરાણકાળ, ગુપ્તકાળ અને મધ્યકાળમાં વિભિન્ન શૈવમૂર્તિઓ, શિવલિંગો અને અન્ય દેવતાઓની મૂર્તિઓ અસ્તિત્વમાં આવી છે. જેનો મુખ્ય હેતુ માત્ર અને માત્ર અનુયાયીઓને પુરાણોની કથા અને વ્યાખ્યાનો તેમજ રહસ્યો યાદ રહે માટે અભિસંધાન કરાવવો છે. જેમાં શિવલિંગ અને શિવનાં વિભિન્ન સ્વરૂપો ખૂબ જ મહત્વ ધરાવે છે. આજ અત્રે મૂર્તિ સંશાધનનો સાર છે.

૧. આ જ લક્ષણ થોડાઘણાં પાઠભેદ સાથે અથવાં સમાન રીતે નિમ્નલિખિત પુરાણોમાં ઉપલબ્ધ છે.

| | | |
|---|---|---|
| – | *विष्णुपुराण* | *: ३/६/२४* |
| – | *मार्कण्डेय पुराण* | *: १३४/१३* |
| – | *अग्नि पुराण* | *: १/१४* |
| – | *भविष्य पुराण* | *: १/५* |
| – | *ब्रह्मवैवते पुराण* | *: १३३/६* |
| – | *वराह पुराण* | *: २/४* |
| – | *स्कन्द* | *: (प्रभासखण्ड, २/८४)* |
| – | *कूर्म पुराण (पूर्वाध)* | *: १/१२* |
| – | *मत्स्य पुराण* | *: ५३/६४* |
| – | *गरुड पुराण (आचारकाण्ड)* | *: २/२८* |
| – | *ब्रह्मांड पुराण (प्रक्रियापाद)* | *: १/२८* |
| – | *शिवपुराण पुराण (वायवीय संहिता)* | *: १/४१* |
| ૨. | *श्रीमद् भागवत* | *: १२/७/११* |
| ૩. | *विष्णुपुराण* | *: १/२/२५* |
| ૪. | *श्रीमद्भागवत* | *: १२/७/१७* |
| ૫. | *श्रीमद्भागवत* | *: १२/७/१६* |
| ૬. | *श्रीमद्भागवत* | *: १२/७/१५* |
| ૭. | *श्रीमद्भागवत* | *: १२/७/१६* |

૮. *द्रष्टव्य :* *'पुराणपत्रिका' (भाग-૪, आए-૧),* માં પંડિત રાજેશ્વર શાસ્ત્રી દ્રવિડનો લેખ *'भारतीय राजनीतौ'*, *'पुराणचलक्षणम्'*, પૃષ્ઠ–%૩૬–%૪૪ । જુલાઈ–૧૯૬૪ પ્રકાશક : 'અખિલ ભારતીય કાશિરાજ ન્યાસ, રામનગર દુર્ગ, વારાણસી

૯. स्वधर्म एष सूतस्य सदिर्भदृष्टः पुरातनैः ।
देवतानांमृषीणां च राज्ञां चामिततेजसाम् ।।
वंशाना धारणं कार्यं श्रुतानां च महात्मनाम् ।
ईतिहास पुराणेषु दिष्टा ये ब्रह्मवादिभिः ।।
न हि वेदेष्वविधष्कारः कुश्चित सूतस्य दृश्यते ।

- वायुपुराण - अध्याय-१

૧૦. *श्रीमद्भागवत* : *૨/૧૦/૧–૭ / एवं ૧૨/૭/૮*

૧૧. '' : *૧૨/૭/३*

૧૨. पुढषानृगृहितानामेतेषां वासनामयः ।
विसर्गोंखऽयं समाहारो बीजाद् बीजं चराचरम् ।। भाग. १२/७/१२
આનું સ્વરૂપ જોવા માટે – દેવીભાગવત – ૯/૩ જોવું.

૧૩. वृत्तिर्भूतानि भूतानां चराणामयराणि च ।
कृतास्वेन नृणां तत्र कामाच्चोदनयापि वा ।। भाग. १२/७/१३

૧૪. रक्षाच्युतावतारेहा विश्वस्यानु युगे युगे ।
तिर्यङ-मर्त्यर्षि-देवेषु हत्यन्ते यैस्त्रयीद्विषः ।। भाग. १२/७/१४

૧૫. श्रीमद् भागवत महापुराण - १०/२५/१४

૧૬. श्रीमद् भागवत महापुराण - १०/२७/११

१७. श्रीमद् भागवत महापुराण - १०/२/३७

१८. हेतुजीवोऽस्य सर्गादेरविधाकर्मकारकः ।

तं चानुशयिनं प्राहुरव्याकृतमुतापरे ।। भागवत. १२/७/१८

१९. व्यतिरेकान्वयो यस्य जाग्रत्स्वप्नसुषुप्तिषु ।

मायामयेषु तद् ब्रह्म जीववृत्तिस्वपाश्रयः ।। भागवत. १२/७/१९

जाग्रदादिस्ववस्थासु जीवतया वर्तन्ते इति जीववृत्तयः विश्वतैजस-प्रज्ञाः । तेषु मायामयेषु साक्षितयान्वयः समाध्यादौ च व्यतिरेको यस्य तद् ब्रह्म संसार-प्रतीति-बाधायोरिधिष्ठाना-वधिभूतमपाश्रय उच्चते । श्री धरी

२०. पदार्थेषु यथा द्रव्ये सन्मात्रं रूपनामसु ।

बीजादि प चतान्तासु ह्यपस्थासु युतायुतम् ।। - भाग. १२/७/२०

२१. विरमते यदा चिते हित्वा वृतित्रयं स्वयम ।

योगेन वा तदाऽऽत्मानं वेदेहाया निवर्तते ।। - भाग. १२/७/२१

२२. श्रीमद् भागवत - २/१०/१ ।

२३. मत्स्यपुराण - ५३ / ६७-६८ ।

२४. सात्विकेषु पुराणेषु माहात्म्यमधिकं हरेः ।

राजसेषु च माहात्म्यमधिकं ब्रह्मणो विदः ।।

तद्वदग्नेश्च माहात्म्यं तामसेषु शिवस्य च ।

सङ्कीर्णेषु सरस्वत्याः पितृणां च निगधंते ।।

मत्स्यपुराण - ५३ / ६७-६८

२५. सत्वाधमे मात्स्यकौर्मं तहाहुर्वायु चाहुः सात्विकं मध्यम च ।

विष्णोः पुराण भागवतं पुराणं सत्वोतमे गारूडं प्राहुरार्याः ।।

- गरूडपुराण

૨૬. पद्मपुराण - उत्तरखण्ड - १६३ / ८१-८४ ।

૨૭. मत्स्यपुराण - ५३ / ६८-६९ ।

૨૮. स्कन्दपुराण - केदारखण्ड - १

૨૯. श्री शिवमहिम्नस्तोत्रम् - पुष्पादन्त - श्लोक-७ ।

૩૦. વિશેષ માહિતી માટે દ્રષ્ટવ્યઃ

''आचार्य सायण और माधव''

प्रकाशक : हिन्दी याहित्यस सम्मेलन-प्रयाग ।

૩૧. पद्मपुराण - उत्तखण्ड अध्याय -१

श्रीमद् भागवत माहात्म्य

૩૨. पुराणविमर्श - आचार्य बलदेव उपाध्याय ।

૩૩. જર્મન વિદ્વાન ડૉ. કિર્ફેલ પોતાના મતનું વિસ્તૃત વર્ણન 'पुराण प चलक्षण' ગ્રન્થમાં જર્મનભાષામાં નિબદ્ધ કર્યુ છે. જેનો અંગ્રેજીમાં અનુવાદ પણ થઈ ચૂકયો છે. તિરૂપતિથી પ્રકાશિત જર્નલ આવ વેંકટેશ્વર ઈન્સ્ટિટયૂટની પત્રિકા (ભાગ–૭ અને ૮)માં વર્ણિત છે.

૩૪. द्रष्टव्य : ડૉ. પુલાસકરનો આ વિષયક લેખ કલ્યાણનો સંસ્કૃતિ અંક પૃષ્ઠ–૫૫૨–૫૫૩.

૩૫. विष्णुपुराण - ३/१/४५

૩૬. विष्णुपुराण - १/२/६६-६७

૩૭. रूपमण्डन (सं. बलराम श्रीवास्तव), पृष्ठ : ५०-५३

૩૮. बनर्जी - डेवलपमेन्ट आफ हिन्दू इकानोग्राफी, पृष्ठ-३९०-९३

૩૯. विष्णुपुराण - अध्याय - ४९

૪૦. मत्स्यपुराण - (२६१/१८-१९)

૪૧. વિશેષ વિવરણ માટે દ્રષ્ટવ્ય – 'रूपमण्डन' - पृ. ६१-६३

૪૨. विष्णुधर्मोत्तर पुराण - (३/४८/१)

૪૩. रूपमण्डन - पृ. ६१

૪૪. नारदपुराण - अध्याय - ६/५५-४५

૪૫. એલિમેન્ટસ ઓફ હિન્દુ આઈકોનોગ્રાફી, ભાગ–૧ / ખંડ–૧ પૃ.૩૫–૪૫

૪૬. બૃહત્સંહિતાની આ પંકિત ક્ષેપક પ્રતિત થાય છે.

બેનર્જી – ડેવલોપમેન્ટ ઓફ હિન્દુ આઈકોનોગ્રાફી, પૃષ્ઠ–૨૫૭

# પ્રકરણ – ૩

# પુરાણનો સંક્ષિપ્ત પરિચય

## ૩.૧ શિવપુરાણ

પુરાણ વિષયક શોધ તેમજ તુલનાત્મક અધ્યયન કર્યા બાદ હવે એ વિષય ઉપર પણ અધ્યયન આવશ્યક છે કે જે શૈવપુરાણો છે, તેમાં કયા–કયા વિષયોનું સંકલન થયું છે. તેમજ તેમને શા માટે શૈવપુરાણનો દરજ્જો મળ્યો છે. તે અંતર્ગત સૌપ્રથમ તે વિષય શોધકાર્યની જરૂરિયાત ઝંખે છે કે શિવપુરાણ અને વાયુપુરાણ બન્ને એક છે કે અલગ છે ? જો વિભિન્ન છે તો પછી પુરાણોની ગણનાં જે અન્ય વિવિધ પુરાણ તેમજ શાસ્ત્રોમાં થઈ છે, ત્યાં શિવપુરાણનો ઉલ્લેખ છે કે વાયુ પુરાણનો ? કે પછી બન્નેનો ?

ઉપરોકત તમામ પ્રશ્નોના જવાબો અંગે અત્રે સંશોધનને આધારે પ્રસ્તુત થયા છે. વિદ્વાનોએ જે શૈવપુરાણોની સૂચિ તૈયાર કરી છે, તેમાં ચતુર્થસ્થાન શિવપુરાણનું છે. જો કે આ વાતમાં બધા વિદ્વાનો એકમત નથી. વસ્તુતઃ આ એક મતભેદનો ગંભીર વિષય છે. પુરાણોની દષ્ટિએ વધુ મત શિવપુરાણને જ ચતુર્થ પુરાણ માનવાનાં પક્ષમાં છે, જયારે ઘણાં અન્ય પુરાણો અને વિદ્વાનોનાં મતે તે સ્થાન વાયુપુરાણને અપાયું છે. નામનિર્દેશપૂર્વક જો સ્પષ્ટ કહીએ તો – કૂર્મ, પદ્મ, બ્રહ્મવૈવર્ત, ભાગવત, માર્કન્ડેય, લિંગ, વરાહ તેમજ વિષ્ણુપુરાણ – શિવપુરાણને જ ચતુર્થ પુરાણની સમ્મતિ અર્પે છે. જયારે – દેવીભાગવત, નારદ તેમજ મત્સ્યપુરાણ– વાયુપુરાણનાં પક્ષમાં ઉભા રહે છે. આમ વિભિન્ન આઠ પુરાણો દ્વારા શિવપુરાણને બહુમત પ્રાપ્ત થવાથી ન્યાયિક રીતે 'શિવપુરાણ'ને જ ચતુર્થ મહાપુરાણ હોવાનો શ્રેય પ્રાપ્ત થાય છે. પરંતુ તેમ છતાં આ વિષયમાં બહુમત જેવી વસ્તુનું એટલું મૂલ્ય નથી રહેતું. પ્રામાણિકતાનો નિર્ણય બહુમતની કસોટીથી કરવો ન્યાય સંગત પ્રતીત નથી થતો.

### શિવપુરાણ અને વાયુપુરાણનું વર્તમાન સ્વરૂપ :

જો કે અત્યારે શિવ અને વાયુ આ બન્ને પુરાણો બન્ને વિભિન્ન નામથી અલગ–અલગ ગ્રન્થ પ્રચલિત છે. જે આકાર–પ્રકારમાં વર્ણ્ય વિષયમાં પણ તદ્દન ભિન્નતા ધરાવે છે. શિવપુરાણ મુંબઈના વેંકટેશ્વર પ્રેસથી છપાઈને પ્રકાશિત થયું છે (સં. ૧૯૮૨, શાકે–૧૮૫૭) તેમજ પંડિત પુસ્તકાલય કાશી થી પણ હમણાં પ્રકાશિત થયું છે. જયારે

વાયુપુરાણ બિબ્લિલ ઓથેકા ઈન્ડિકા (કલકત્તા, ૧૮૮૦–૮૯ ઈ.સ.) માં પ્રકાશિત થયું છે. આ ત્રણેય સંસ્કરણોમાં પાઠ પ્રાયઃ એક સમાન છે. શિવપુરાણની ખંડભૂતા સંહિતાઓની સંખ્યાનાં નિર્ણયની ચર્ચાએ પણ એક વિષમ સમસ્યા છે. આ સમસ્યાની જટિલતાનું અનુમાન આ ઘટનાથી મળી શકે છે કે, જયારે આપણે બે પ્રકારની સંહિતાઓનો નિર્દેશ વર્તમાન શિવપુરાણમાં બે સ્થાનો ઉપર પ્રાયઃ એક જ રૂપમાં મળે છે. શિવપુરાણની વિદ્યેશ્વરસંહિતા (અધ્યાય–૨ / ૪૯–૫૫)માં તેમજ વાયવીય સંહિતાનાં પૂર્વાર્ધમાં (પ્રથમ અધ્યાય શ્લોક ૫૦–૫૨) બાર સંહિતાઓનાં નામ આ પ્રમાણે છે. વિદ્યેશ્વર, રૌદ્ર, વિનાયક, ઓમ, માતૃ, રૂદ્રૈકાદશ, કૈલાશ, શતરૂદ્ર, કોટિરૂદ્ર, સહસ્ત્રકોટી, વાયુપ્રકત તેમજ ધર્મસંહિતા.

આની શ્લોક સંખ્યા એક લાખ મનાય છે. આ લક્ષશ્લોકાત્મક દ્વાદશ સંહિતાઓથી સમ્પન્ન શિવપુરાણનું અસ્તિત્વ હસ્તલેખોનાં સ્વરૂપમાં પણ સાંભળવામાં નથી આવતું. જેના પ્રકાશિત થવાની તો વાત પણ ખૂબ જ ન્યારી છે. શ્લોકોની આ મોટી સંખ્યા પણ આલોચકોની શંકાનું એક મુખ્ય કારણ છે. આ સંખ્યાનો ઉમેરો થવાથી તો ચતુર્લક્ષાત્મક પુરાણોની સંખ્યામાં વિશેષ વૃદ્ધિનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. જે કોઈપણ રીતે નાટય તેમજ તર્કપૂર્ણ ન માની શકાય. અંતે એ જ તથ્ય પ્રતીત થાય છે કે, શિવપુરાણની મૂળ ચતુર્વિંશતિ સાહસ્રી સપ્તસંહિતાઓને સ્થાને જ આ ચતુર્ગુણિત સંખ્યા વાળી દ્વાદશ સંહિતાઓ માત્ર પુરાણનું વિશિષ્ટ ગૌરવ તેમજ સર્વમાન્ય માહાત્મ્યને પ્રગટ કરવા માટે જ કલ્પિત કરવામાં આવી હશે. કારણ કે પુરાણોમાં સૌથી મોટુ પુરાણ સ્કન્દપુરાણ છે. પરંતુ તેના પણ શ્લોકોની સંખ્યા એકયાસી હજાર (૮૧૦૦૦) સુધી જ સીમિત છે. તેથી લક્ષશ્લોકી મહાભારત સાથે તુલના તેનાં સમાન સમ્માન પ્રાપ્ત કરવાની સંભાવના જ કદાચ 'શિવપુરાણ' ના આ વિરાટ સ્વરૂપનું કારણ હશે. ઉપલબ્ધ શિવપુરાણની સાતેય સંહિતાઓનો નિર્દેશ આ પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧. વિદ્યેશ્વર સંહિતા | – ૨૫ અધ્યાય |
| ૨. રૂદ્ર સંહિતા | – ૧૯૭ અધ્યાય, જેમાં પાંચ ખંડો છે. |
| (ક) સૃષ્ટિ | – ૨૦ અધ્યાય |

(ખ) सतीखण्ड – ૪૩ અધ્યાય

(ગ) पार्वतीखण्ड – ૫૫ અધ્યાય

(ઘ) कुमारखण्ड – ૨૦ અધ્યાય

(ઙ) युद्धखण्ड – ૫૯ અધ્યાય

૩. શતરરૂદ્ર સંહિતા – ૪૨ અધ્યાય

૪. કોટિરૂદ્ર સંહિતા – ૪૩ અધ્યાય

૫. ઉમા સંહિતા – ૫૧ અધ્યાય

૬. કૈલાશ સંહિતા – ૨૩ અધ્યાય, તેમજ

૭. વાયવીય સંહિતા – પૂર્વભાગ ૩૫ અધ્યાય

ઉત્તરભાગ ૪૧ અધ્યાય.

આ સંહિતાઓમાં અંતિમ સંહિતા વાયુપ્રોકત હોવાથી વાયવીય એવાં નામે ઓળખાય છે. તેમજ આનાં બે વિભાગ છે, જેનાં અધ્યાયોની સંખ્યાનો નિર્દેશ આગળ આગળ કર્યો છે. આમ, સમગ્ર શિવપુરાણમાં ૪૫૭ અધ્યાય છે. પરંતુ વાયવીય સંહિતામાં માત્ર ૭૬ અધ્યાય તેમજ ચાર હજાર શ્લોક છે.

'વાયુપુરાણ' પુરાણ સાહિત્યમાં પોતાનું એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. પુરાણીય પંચલક્ષણની સંપત્તિમાં તેમજ રચનાની પ્રાચીનતામાં તેમજ શૈલીની વિશુદ્ધતામાં વિશેષતા ધરાવે છે. પુરાણીય પંચલક્ષણીયનો ઉચિત સંન્નિવેશ લઘુકાય હોવા છતાં વાયુપુરાણનું એક આકર્ષણ વિશેષ છે. જેમાં સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વન્તર તેમજ વંશાનુચરિત આ પાંચે વિષયો દીર્ઘ અથવા હ્રસ્વ માત્રામાં ઉપલબ્ધ થાય છે. ઉપલબ્ધ વાયુપુરાણમાં ૧૧૨ અધ્યાયો મળે છે. પરંતુ ગ્રન્થનું ગહન અધ્યયન અને શોધકાર્ય કરતાં જણાય છે કે, અંતિમ નવ અધ્યાયો (૧૦૪–૧૧૨) વૈષ્ણવમતની પૃષ્ટિ માટે કોઈ વૈષ્ણવ લેખકે પાછળથી જોડયાં છે. આ પુરાણનો અંતિમ અધ્યાય નિઃસંદેહ ૧૦૩મો અધ્યાય જ છે. કારણ કે તેનાં અંતમાં અવતારની ગુરૂ પરમ્પરા પ્રમાણિક રૂપે નિબદ્ધ છે. (શ્લોક ૫૮–૬૬) તેમજ આગળ ના શ્લોકોમાં ફલસ્તુતિ અને મહેશ્વરની સ્તુતિ પણ થઈ છે, જે વાયુપુરાણનાં શૈવતત્વ પ્રતિપાદક હોવાનો સ્પષ્ટ સંકેત છે. અધ્યાય ૧૦૪માં મહર્ષિવેદવ્યાસ દ્વારા પરમતત્વનું

વર્ણન તેમજ સાક્ષાત્કારનું વિવરણ છે. તે પરમતત્વ રાધાસંવલિત શ્રીકૃષ્ણ જ મનાય છે. અત્રે આનન્દ શ્રીકૃષ્ણનું વર્ણન ખૂબ જ સરસ ભાષા તેમજ રસમયી શૈલીમાં નિબદ્ધ થઈ, રસસમ્પન્ન ગીતિકાવ્યનો ચમત્કાર ઉપસ્થિત કરે છે.

આ વર્ણનમાં રાધાનો નામોલ્લેખ જે શ્રીમદ્ભાગવત તેમજ વિષ્ણુપુરાણ જેવા વિશુદ્ધ વિષ્ણુભકિત પ્રધાન પુરાણોમાં પણ નથી કરાયો, તે વાયુપુરાણના આ અધ્યાયને આ પુરાણોની રચનાથી અવાન્તરકાલીન સિદ્ધ કરી રહ્યા છે. વાયુપુરાણનાં અન્તિમ આંઠ અધ્યાય (૧૦૫–૧૧૨) ગયા માહાત્મ્યનાં વિશદ પ્રતિપાદક છે. ગયાનાં તીર્થ દેવતા 'ગદાધર' પ્રખ્યાત વિષ્ણુ જ છે, કે જેમની આ અનુપ્રાસમયી સ્તુતિ આનાં સાહિત્યિક સ્વરૂપની પરિચાયિકા છે.

गदाधरं व्यपगत कालकल्मषं

गयागतं विदितगुणं गुणातिगम् ।

गुहागतं गिखिर-गौर गेहगं

गणार्चितं वरदमहं नमामि ।।

આ પ્રમાણે અધ્યાય ૧૦૪–૧૧૨ ભગવાન વિષ્ણુની સ્તુતિ તેમજ મહત્તાનાં પ્રતિપાદક છે. તેને નિશ્ચિત રૂપેણ વૈષ્ણવમતની સંવર્ધનાને માટે જ કોઈક લેખકે, પ્રાધાન્યતઃ શિવમહાત્મ્ય પ્રતિપાદક માં પાછળથી જોડી દીધા છે. ગ્રન્થનાં પ્રથમ અધ્યાયમાં પુરાણસ્થ વિષયોની અનુક્રમણિકામાં પણ 'ગયામાહાત્મ્ય' નો નિર્દેશ ન હોવો નિશ્ચિતપણે આને પ્રક્ષિપ્ત સિદ્ધ કરે છે.

વાયુપુરાણ ચાર ભાગોમાં વિભક્ત છે.

૧. પ્રક્રિયાપાદ – અધ્યાય ૧ થી ૬

૨. ઉપોદ્‌ઘાતપાદ – અધ્યાય ૭ થી ૬૪

૩. અનુષંગપાદ – અધ્યાય ૬૫ થી ૯૯

૪. ઉપસંહારપાદ – અધ્યાય ૧૦૦ થી ૧૧૨

ભાગ ચતુષ્ટયની આ કલ્પના ખૂબ જ પ્રાચીન છે. આ ભાગોની તુલના વેદચતુષ્ટય તેમજ કાલચતુષ્ટય સાથે પણ કરાઈ છે. સમગ્ર પુરાણની સંખ્યા બાર હજાર નિશ્ચિતપણે અપાયેલ છે. (૩૨/૬૬) જે ઉપલબ્ધ પુરાણની શ્લોક સંખ્યાથી કંઈ વધારે નથી. પ્રચલિત વાયુપુરાણની શ્લોક સંખ્યા દશ હજાર નૌસો એકાણું (૧૦૯૯૧) છે. એવું પ્રતીત થાય છે કે, આ પુરાણના અમુક અંશો છિન્ન–ભિન્ન તેમજ ત્રુટિત થઈ ગયા છે. એટલું તો નિશ્ચિત છે કે આજકાલ ઉપલબ્ધ આ પુરાણ પ્રાચીન વાયુપુરાણથી વિશેષ ભિન્ન નથી. મૂળ શ્લોકોની સંખ્યા દર્શાવતા પુરાણસ્થ શ્લોકો ધ્યાન આપવા યોગ્ય છે.

एवं द्वादशसाहस्रं पुराणं कवयो विदुः ।
यथा वेदश्चतुष्पादश्चतुष्पादं तथा युगम् ।।
यथा युगे चतुष्पादं विधात्रा विहितं स्वयम् ।
चतुष्पादं पुराणं तु ब्रह्मणा विहितं पुरा ।।[1]

## ❑ ચતુર્થપુરાણ કોને માનવું ?

શિવપુરાણ તથા વાયુપુરાણમાં કોને મહાપુરાણ માનવું ? આ સમસ્યા ખૂબ જ ગંભીર છે. જેનું સમાધાન ખૂબ જ ગહન અધ્યયન તેમજ તુલનાત્મક અધ્યયન અને સંશોધનનાં આધારે અત્રે પ્રસ્તુત છે. પુરાણોની સંખ્યા અઢાર છે. આ તો પૌરાણિકનો નિશ્ચિત તેમજ પ્રમાણિક સમ્પ્રદાય છે. જેની વિરુદ્ધ હોવાને કારણે ડો.ફરકૂહરનો પુરાણોને વીસ માનવાનો આગ્રહ કોઈ પણ રીતે યોગ્ય નથી.[2] તેમણે શિવપુરાણ અને વાયુપુરાણ અતિરિકત હરિવંશને પુરાણોમાં ગણીને આ સંખ્યાને અને વાયુ પુરાણ અતિરિકત હરિવંશને પુરાણોમાં ગણીને આ સંખ્યાને વીસ સુધી પહોંચાડી છે. આ મતને માટે કોઈપણ આધાર નથી. ન તો કોઈ સમ્પ્રદાય નો કે ન તો કોઈ ગ્રન્થનો જ આધાર છે. કૂર્મપૂરાણનું વાયુ તેમજ શિવપુરાણ બન્નેને એક સાથે અષ્ટાદશ પુરાણો અંતર્ગત માનવું કોઈ પણ દૃષ્ટિથી ઉચિત નથી. કારણ કે આ સૂચિ 'અગ્નિપુરાણ'ને મહાપુરાણ ની સૂચિથી બહાર મૂકી દે

છે, જે સર્વપ્રકારે પુરાણાન્તર્ગત મનાયેલ છે. ફલતઃ વાયુ અને શિવ આ બન્ને પુરાણોમાંથી એકને તો બહાર રાખવુ જ પડે. પરંતુ કોને ? તેનું સમાધાન અત્રે પ્રસ્તુત છે.

સૌપ્રથમ ચતુર્થપુરાણનાં સમસ્ત લક્ષણોને એકત્રિત કરવા જોઈએ, પછી તેને આ બન્ને પુરાણ સાથે તુલનાત્મક રીતે ઘટાવવા જોઈએ. જે પુરાણ વધુ સુસંગત હોય તેને જ માની શકાય. પરંતુ આ પદ્ધતિ દ્વારા વિશેષ આસ્થા પણ ન રાખી શકાય. કારણ કે આ અર્વાચીન કાળની રચના છે. કદાચ અગયારમી શતાબ્દિની. નારદીયપુરાણ (પૂર્વાર્ધ, અધ્યાય–૯૫), રેવામાહાત્મ્ય તેમજ મત્સ્યપુરાણ (અધ્યાય–૫૩ ) માં ચતુર્થ પુરાણનાં લક્ષણો આપેલાં છે. નારદીય પુરાણ (૧/૯૫–૧૧૬) અનુસાર વાયવીયપુરાણ રૂદ્રનું પ્રતિપાદક છે. ચોવિસ હજાર શ્લોકોથી યુક્ત, શ્વેતકલ્પના પ્રસંગથી વાયુ દ્વારા પ્રતિપાદિત છે. આનાં બે ભાગ છે. પૂર્વભાગમાં સર્ગાદિ મન્વન્તરોનાં રાજવંશ, ગયાસુરનું વિસ્તારથી હનન, માઘ મહિનાનું માહાત્મ્ય, વ્રત, દાનધર્મ, રાજધર્મ આદિ વિષયોનું વિવરણ અપાયું છે. ઉત્તરભાગમાં નર્મદાનું વર્ણન તેમજ શિવનાં માહાત્મ્યનું વર્ણન છે. રેવામાહાત્મ્ય અનુસાર પૂર્વભાગમાં શિવની મહિમા તેમજ ઉત્તરાર્ધમાં રેવા (નર્મદા)નું માહાત્મ્ય વર્ણિત છે. મત્સ્યપુરાણ તેમજ વાયવીય સંહિતાનું સંક્ષિપ્ત વર્ણન બતાવે છે કે – વાયુએ શ્લેતકલ્પનાં પ્રસંગથી રૂદ્રની મહિમા ચોવિસ હજાર શ્લોકોમાં પ્રતિપાદિત કરી છે. આ લક્ષણોને સમન્વિત કરવાથી આ ચતુર્થ પુરાણની વિશેષતાનો પરિચય અવશ્ય મળી જાય છે.

વાયુપુરાણ દ્વારા કહેવાયેલ શ્વેતકલ્પનાં પ્રસંગમાં આ રૂદ્રની મહિમાનું પ્રતિપાદક પુરાણ છે. જેમાં બન્ને ખંડોની શ્લોકસંખ્યા મળીને ચોવિસ હજાર (૨૪૦૦૦) છે. નારદીય પુરાણની અનુક્રમણિકા અન્યની અપેક્ષાએ થોડી વિસ્તૃત છે. તદનુસાર પૂર્વાર્ધમાં ગયાસુરનાં વર્ણન તેમજ ઉત્તરાર્ધમાં નર્મદાના માહાત્મ્યનું વર્ણન તેમજ દાન, ધર્મ આદિ અન્ય વિષયોનો પણ અત્રે સંકેત મળે છે. હવે જોવાની વાત એ છે કે, આ લક્ષોણોનો સમન્વય કયા પુરાણમાં થઈ શકે છે ? શિવપુરાણમાં કે વાયુપુરાણમાં?

## ❑ શિવપુરાણમાં ચતુર્થપુરાણ તરીકેની લક્ષણ સંગતિ :–

વિવિધ મતોને આધારે સંશોધન કરવાનો પ્રયત્ન કર્યો કે ચતુર્થપુરાણ કોને કહેવું.

જોકે આ વિષય ખૂબ જ અઘરો છે તેમ છતાં શકય તેટલાં સંદર્ભો આપીને ચતેર્થપુરાણનું સ્થાન સિધ્ધ કરાયું છે. ચતુર્થ પુરાણનાં લક્ષણો સાથે બન્ને પુરાણોની સરખામણીથી જે વધુ યોગ્ય હોય તેને જ ચતુર્થપુરાણનો દરજજો પ્રાપ્ત થવો જોઈએ. સૌ પ્રથમ દૃષ્ટિએ જોતાં શિવપુરાણમાં આ લક્ષણોનો સમન્વય નથી થતો. શિવપુરાણાન્તર્ગત 'વાયવીય સંહિતા' નું જ પ્રવચન વાયુ દ્વારા નિદિષ્ટિ છે. સમસ્ત પુરાણનું નહીં. આના જ પૂર્વાર્ધ તેમજ ઉત્તરાર્ધ નામથી બે ખંડ અવશ્ય વિદ્યમાન છે, પરંતુ શ્લોકોની સંખ્યા માત્ર ચાર હજાર છે. શિવનાં માહાત્મ્યનું વર્ણન, શૈવ સિદ્ધાંતોનું પ્રતિપાદન અવશ્ય ઉપલબ્ધ છે, પરંતુ તેના પૂર્વાર્ધમાં ન તો ગયાસુરના વધનો પ્રસંગ છે કે ન તો ઉત્તરાર્ધમાં રેવા (નર્મદા) માહાત્મ્યનો સંકેત છે. આ સ્થિતિમાં શિવપુરાણને ચતુર્થપુરાણ હોવાનું ગૌરવ કોઈપણ રીતે ન આપી શકાય. શિવપુરાણને મહાપુરાણ માનનારા સ્વામી શ્રીધર ભાગવતની ટીકા (૧–૧–૪) માં વાયવીયથી લેવાયેલ આ શ્લોક શિવપુરાણમાં પણ છે, તેવો પક્ષ રજૂ કરે છે જેમ કે–

एतन्मनोरमं चक्रं मयासृष्टं विसृज्यते ।
यत्रास्य शीर्यते नेमिः स देशस्तपसः शुभः ।।

આ શ્લોકો શિવપુરાણની વાયવીય સંહિતામાં ઉપલબ્ધ છે.[૩] આ શ્લોકનાં અસ્તિત્વથી આપણે માત્ર એટલું જ અનુમાન કરી શકીએ કે શ્રીધરસ્વામીનાં સમય (૧૩મી શાતાબ્દિ)માં શિવપુરાણે 'વાયુપુરાણ'ને એટલું જ દબાવી રાખ્યું હતું કે 'વાયવીય સંહિતા' દ્વારા સામાન્ય માણસ વાયુપુરાણનો અર્થ સમજવાં લાગ્યા હતાં. પરંતુ નિબન્ધકારોનું કહેવું આથી વિપરીત છે. તે લોકો શિવપુરાણની અપેક્ષાએ વાયુપુરાણમાંથી જ પ્રમાણને માટે શ્લોકો સ્વીકારે છે.[૪] શ્રીધરસ્વામી દ્વારા સ્વીકૃત શ્લોક ઉપલબ્ધ વાયુપુરાણમાં પણ કંઈક ભિન્નરૂપમાં મળે છે.[૫] જેથી આપણને ખ્યાલ આવે છે કે શ્રીધર સ્વામી પાસે વાયુપુરાણનો કોઈ ભિન્ન પાઠ જ હતો. જો શિવપુરાણને મહાપુરાણની ગણનામાં સમાવવામાં આવે, તો તે પરંપરાગત એક લાખ શ્લોકોનાં યોગથી તો પુરાણોની શ્લોકસંખ્યા ચાર લાખથી પણ ઘણી વધી જાય છે. જો સમગ્ર શિવપુરાણને આ ગણતરીમાં ન રાખીએ ને માત્ર 'वायवीयसंहिता' ની જ ગણના કરીએ તો વિશેષ વિરોધાભાસ જણાય છે. અનુક્રમમાં નિર્દિષ્ટ ૨૪ હજાર શ્લોકોનાં વિરોધમાં તો અત્રે માત્ર ૪ હજાર શ્લોકો જ

મળે છે. આવી દશામાં શિવપુરાણની સંગતી કોઈપણ રીતે યોગ્ય નથી ઠરતી. હવે જોઈએ કે વાયુપુરાણ સાથે ઉપરોકત લક્ષણો કયાં સુધી સામ્ય ધરાવે છે.

## ❑ વાયુપુરાણમાં ચતુર્થપુરાણ તરીકેની લક્ષણ સંગતિ :

આ વાયુપુરાણ સાથે ચતુર્થપુરાણની લક્ષણ સંગતિ અમુક અંશે મળે છે, તમામ સામ્ય નથી મળતું પરંતુ અમુક અંશે જરૂર લક્ષણો બંધ બેસે છે. આનાં કર્તા, વક્તા વાયુ છે. રૂદ્ર અર્થાત્ શિવની મહિમાનું વિશદ્ તેમજ વ્યાપક પ્રતિપાદન અત્રે થયું છે. આજે પણ વાયુપુરાણનાં ચારખંડ અવશ્ય ઉપલબ્ધ છે. પરંતુ હસ્તલેખોની સમીક્ષા તો બદલાતી જ રહેતી હોય છે. કદાચ પ્રાચીનકાળમાં વાયુપુરાણનાં માત્ર બે ખંડો જ હતાં. પૂર્વાર્ધ તેમજ ઉતરાર્ધ. અડયારથી મળેલ એક હસ્તલેખમાં આવું જ કંઈક વિભાજન મળે છે.[૬] આ જ વિભાજન અનુક્રમણિકામાં પણ નિર્દેશિત છે. વાત રહી વાયુપુરાણની શ્લોક સંખ્યાના સમન્વયની, તો ગ્રન્થની આંતરિક પરીક્ષા કરતાં તેમજ હસ્તેલેખોનાં પ્રામાણ્ય પર વાયુપુરાણનો ઉલ્લેખ 'દ્વાદશ સાહસ્ત્રી સંહિતા' નાં નામથી થયો છે. જેમાં મૂળ બાર હજાર (૧૨૦૦૦) જ માત્ર શ્લોકો હતાં અને આનાથી સંબંધિત અનેક સ્વતંત્ર માહાત્મ્ય ગ્રન્થોનો ઉદય કાળાન્તરે થતો ગયો. જેથી અનુક્રમણિ રચનાથી પૂર્વે જ તેમાં ૨૪ હજાર શ્લોકોની માન્યતા સિદ્ધ થઈ. ડોકટર પુસાલકરનું કહેવું છે કે – ઈગલિંગનાં કેટલોગ (હસ્તલેખ સં.૩૫૯૯)માં વાયુપુરાણ અંતર્ગત કોઈ લક્ષ્મીસંહિતાનો ઉલ્લેખ છે.[૭] જેથી આ પુરાણથી સંબંધિત અન્ય સંહિતાઓનાં અસ્તિત્વની કલ્પના પણ ન્યાય પ્રતિત થાય છે. આ સંહિતાઓ, કે જે કયારેક મૂળ વાયુપુરાણની અંશ હતી, તે આજ તેનાથી અલગ પ્રાપ્ત થાય છે. તેથી જ વાયુપુરાણનાં શ્લોકોની સંખ્યાની ગણતરી અનુચિત નથી લાગતી. વારાહકલ્પથી સંબંધિત હોવા છતાં શ્વેતકલ્પની ઘટનાઓનો ઉલ્લેખ પણ ગૌણ રીતે વાયુપુરાણમાં મળે છે. આમ વાયુપુરાણમાં ચતુર્થ પુરાણ તરીકેનાં મોટાભાગનાં લક્ષણો હોવાથી વાયુપુરાણ જ ચતુર્થ પુરાણ તરીકેનું સમ્માન પ્રાપ્ત કરે છે.

## * શિવપુરાણની અર્વાચીનતા :

વિવિધ આધાર ગ્રન્થોના સન્દર્ભ તેમજ પ્રમાણ ઉપરથી શિવપુરાણની અર્વાચીનતા

સરળતાથી માપી શકાય છે. શિવપુરાણનું સમય નિર્ધારણ બહિરંગ તેમજ અંતરંગ ઉભય સાક્ષ્યને આધારે પર્યાપ્તરૂપે થઈ શકે છે. તમિલ દેશમાં શિવપુરાણ પ્રાચીનકાળથી જ લોકપ્રિય છે. જેનો પૂર્ણ અનુવાદ તમિલભાષામાં આજે તો ઉપલબ્ધ નથી પરંતુ આના ત્રણ વિશિષ્ટ આખ્યાનોનો અનુવાદ હસ્તલિખિત રૂપમાં મળે છે. જેમાં શરભપુરાણ ( શિવનાં શરભરૂપ ધારણ કરવાની કથાનું વિસ્તૃત વર્ણન છે.) અત્યારના ઉપલબ્ધ શિવપુરાણ (શ્રી વેંકટેશ્વર દ્વારા પ્રકાશિત)ની તૃતીય (શતરૂદ્રીય) સંહિતાના ૧૦ થી લઈ ૧૨મા અધ્યાય સુધી મળે છે. તેમજ દધીચિપુરાણ, જે શિવપુરાણની દ્વિતીય (રૂદ્ર) – સંહિતાના દ્વિતીયખંડના અધ્યાય ૩૮ અને ૩૯ માં અધ્યાયોમાં મળે છે. આ તમિલ અનુવાદનાં રચયિતા નિરૂમલ્લૈનાથ મનાય છે. જેનો અવિર્ભાવ ૧૬મી શતાબ્દી છે.[૮] અલબરૂનીનાં ભારત વર્ણન ગ્રન્થમાં શિવપુરાણનો નામોલ્લેખ પુરાણોની સૂચિમાં ચોક્કસપણે ઉપલબ્ધ થાય છે. તેઓએ પુરાણોનાં નામ તેમજ વિસ્તારની બે યાદીઓ પોતાના પૂર્વોકત ગ્રન્થમાં આપી છે. એક યાદીમાં વાયુપુરાણનું તેમજ બીજી યાદીમાં તે જ સ્થાને શિવપુરાણનો નામ–નિર્દેશ કર્યો છે. આ તે તથ્યનું પ્રમાણ છે કે શિવપુરાણની રચના ૧૦૩૦ ઈ.સ. થી પૂર્વે જ સમ્પન્ન થઈ ચૂકી હતી, જયારે આ ગ્રન્થની રચના થઈ હતી. આ તો થયું બહિરંગ સાક્ષી. પરંતુ શિવપુરાણની અંતરંત પરીક્ષાએ પણ તેનો કાલ નિર્ણય ખૂબ જ સરળ રીતે શકય છે. કૈલાશસંહિતાનાં ૧૬–૧૭ માં અધ્યાયમાં 'શિવસૂત્ર' ના બે સૂત્રોનો તેમજ બે સંબંધિત 'વાર્તિક'નો સુસ્પષ્ટ નિર્દેશ છે કે–

**चैतन्यमात्मेति मुने शिवसूत्रं प्रवर्तितम् ।। ४४ ।।**

**चैतन्यमिति विश्वस्य सर्वज्ञान–क्रियात्मकम् ।**

**स्वातन्त्र्य तत्स्वभावो यः स आत्मा परिकीर्तितः ।।४५।।**

**इत्यादि शिवसूत्राणां वार्तिकं कथितं मया ।**

**ज्ञानं बन्ध इतीदं तु द्वितीयं सूत्रमीशितुः ।।४६।।**[૯]

આ બે ઉદાહરણમાં બે શિવસૂત્રોનો ઉલ્લેખ છે. ચૈતન્યમાત્મા પ્રથમ શિવસૂત્ર છે તેમજ જ્ઞાનબન્ધ બીજુ શિવસૂત્ર છે. એટલું જ નહીં, અહીં વાર્તિકનો પણ સ્પષ્ટ ઉલ્લેખ છે. 'શિવસૂત્ર' પ્રત્યભિજ્ઞાદર્શનનો આદિ ગ્રન્થ છે, જેની ઉપલબ્ધિ અથવા શ્રેય આચાર્ય વસુગુપ્તને ફાળે જાય છે. કાશ્મિરી શૈવાચાર્યોનો અવિચ્છિન્ન સમ્પ્રદાય છે કે – ભગવાન

શંકરે સ્વપ્નમાં આપેલ આદેશ અનુસાર વસુગુપ્તને આ સૂત્ર(ત્રણ ઉન્મેષોમાં વિભકત તેમજ સંખ્યામાં – ૭૭) મહાદેવગિરિનાં શિખર ઉપર કોઈ પત્થરની ટોચ પર મળે છે. જે આજનાં સમયમાં શંકર પલ (શંકર ઉપલ) ના નામે પ્રસિદ્ધ છે. આ વસુગુપ્તનાં જ શિષ્ય હતાં. કલ્લટ કે જે અન્તિવર્મા (૮૫૩ ઈ.સ. – ૮૮૮ ઈ.સ.) ના શાસન સમયમાં જ મહનીય સિદ્ધપુરૂષના અવતાર મનાતાં હતાં. કલ્હણનું આવું સ્પષ્ટ કથન છે.[૧૦] શિષ્યનાં સમય પરથી ગુરૂનો સમય સરળતાથી અનુમીય છે. વસુગુપ્તનો સમય તેના ઉપરથી ૮૨૫ ઈ.સ. લગભગ માની શકાય 'શિવસૂત્ર' ઉપર બે વાર્તિક પ્રાપ્ય છે. (૧) ભાસ્કર રચિત તેમજ (૨) વરદરાજ પ્રણિત. આમાં ભાસ્કર કલ્લરનાં સમ્પ્રદાયનાં અનુયાયી હતાં, તેમજ બન્નેમાં ચાર પેઢીઓનું વ્યવધાન હતું.[૧૧] ફલતઃ એક પેઢીને માટે ૨૫ વર્ષનો સમય માનવાથી ભાસ્કરનો સમય કલ્લટનાં સમયથી (ઈ.સ. ૮૫૦ લગભગ) ૧૦૦ વર્ષ બાદનો હોવો જોઈએ. કારણ કે તેમણે અભિનવગુપ્ત (૯૮૦–૧૦૧૫ ઈ.સ.)ના પટ્ટશિષ્ટ ક્ષેમરાજની શિવસૂત્રવૃત્તિના આધારે પોતાના શિવસૂત્ર વાર્તિકનું પ્રણયન કર્યુ હતું. મારી દષ્ટિએ, શિવપુરાણનાં પૂર્વોકત ઉદ્ધરણમાં ભાસ્કરનાં શિવસૂત્ર વાર્તિકનો જ ઉલ્લેખ છે. અલબરૂની (૧૦૩૦ ઈ.સ.) દ્વારા સંકેતિત હોવાથી તેમજ ભાસ્કર રચિત 'શિવસૂત્ર વાર્તિક' (રચનાકાળ ઈ.સ. ૮૫૦ લગભગ) ને ઉદ્ધત કરવાને કારણે શિવપુરાણનો સમય દશમી શતાબ્દિનો અંત માનવો સર્વથા ન્યાયોચિત લાગે છે.[૧૨]

આમ બન્ને પુરાણોની તુલનાં કરતાં વાયુપુરાણ પ્રાચીન લાગે છે, પરંતુ શિવપુરાણ અર્વાચીન હોવા છતાં તાન્ત્રિકતાથી મંડિત છે અને લોકોની જીભે ચડી ગયેલ નામ છે. સામાન્યજન સમુદાય કદાચ વાયુપુરાણને ન ઓળખે, પરંતુ આબાલ, વૃદ્ધ બધા જ શિવપુરાણનાં નામથી પરિચિત છે. શિવપુરાણ વધુ અર્વાચીન છે તે માટે અત્રે ઘણાં બધાં ઉદાહરણો, પ્રમાણો રજૂ કર્યા. સંશોધનનો સાર માત્ર એટલો જ છે કે અર્વાચીન હોવા છતાં શિવપુરાણ જન–જનમાં વ્યાપ્ત છે. શિવપુરાણ તેમજ વાયુપુરાણ બન્ને એક જ નથી, બન્ને ભિન્ન છે. બન્નેનું વિશેષ મહત્વ છે. કાલભેદ છે, વિષય સામ્ય છે, પરંતુ અભિન્ન તો નથી જ. જો કે પુરાણ શબ્દનો અર્થ જ થાય છે કે **'पुरा अभि नवं '** તેથી ભલે એક હજાર વર્ષ જૂનું હોય, કે બે હજાર વર્ષ જૂનું હોય, પણ આજે પણ શિવપુરાણ હંમેશા વિશેષતઃ શ્રાવણ માસમાં, પારાયણ દ્વારા તેની કથાઓનું વાંચન થાય છે. તેમજ તેમાંથી આજે પણ આદર્શ સમાજની સુવ્યવસ્થા માટે આપણને માર્ગદર્શન મળે છે. અરાજકતા દૂર કરવા માટે નૈતિક ઉપદેશ તો ખરો જ.

## ૩.૨ ભવિષ્ય પુરાણ

ભવિષ્યપુરાણનાં વિષયમાં ખૂબ જ અસમાનતા તેમજ અસંગતતા દર્શક વાતો મળે છે. ભવિષ્યપુરાણનું નામ 'ભવિષ્ય' હોવાનું કારણ છે કે આ પુરાણમાં ભવિષ્યમાં થનારી ઘટનાઓનું વર્ણન થયું છે. જેનું દુષ્પરિણામ તે આવ્યું કે સમયાન્તરે વિદ્વાનોએ પોતાના સમયમાં થયેલ ઘટનાઓને પણ જોડવાનો પ્રારંભ કરી દીધો. બાકી બધુ તો ઠીક પરંતુ આ પુરાણમાં 'ઈંગ્રેજ' નામથી દર્શિત અંગ્રેજોનાં આવવાનો પણ ઉલ્લેખ મળે છે. પંડિત જવાલાપ્રસાદ મિશ્રને આ પુરાણની ચાર વિભિન્ન હસ્તપત્રો મળી હતી. જે આપસમાં વિષયની દૃષ્ટિએ તદન ભિન્ન હતી. તેઓનું કહેવું છે કે આજ–કાલ જે ભવિષ્યપુરાણ પ્રાપ્ત થાય છે. તેમાં ઉપરોકત ચારેય પ્રતિઓનું મિશ્રણ છે.[૧૩] આ પુરાણની ગડબડીનું આ જ મુખ્ય કારણ છે. જો કે બીજા ઘણાં અન્ય પુરાણોમાં પણ ભવિષ્યપુરાણનો ઉલ્લેખ આવે છે. જેમ કે નારદપુરાણ અનુસાર આ પુરાણનાં પાંચ પર્વો છે.

૧. બ્રહ્મપર્વ

૨. વિષ્ણુપર્વ

૩. શિવપર્વ

૪. સૂર્યપર્વ

૫. પ્રતિસર્ગ પર્વ.

શ્લોકોની સંખ્યા ૧૪,૦૦૦ છે. આ પુરાણમાં સૂર્યપૂજાનું વિશેષરૂપે વર્ણન છે. કૃષ્ણના પુત્ર સામ્બને કુષ્ઠરોગ થયો હતો, જેની ચિકિત્સા કરવા માટે ગરૂડ શાકદ્વીપથી બ્રાહ્મણોને લઈ આવ્યો. તેમણે ભગવાન સૂર્યની ઉપાસનાથી સામ્બને રોગમુક્ત કર્યો. આ બ્રાહ્મણોને જ શાકદ્વિપી, મગ અને ભોજક બ્રાહ્મણ કહે છે.

સૂર્યોપાસનાથી રહસ્ય તેમજ કલિમાં ઉત્પન્ન વિભિન્ન ઐતિહાસિક રાજવંશોને જાણવા માટે આ પુરાણ ખૂબ જ મહત્વનું છે. ભવિષ્યપુરાણનું રૂપ એટલું બદલતું રહ્યું છે,તેમજ એટલાં નવાં–નવાં અંશો તેમાં જોડાતા ગયા છે, કે તેનું મૂળસ્વરૂપ આજે સાવ અજ્ઞેય છે. વેંકટેશ્વરથી પ્રકાશિત ભવિષ્યપુરાણમાં પણ એટલી નવી બાબતો જોડવામાં આવી છે કે જેમાં કોઈ બે મત નથી. ભવિષ્યપુરાણની અનુક્રમણી નારદીય (૧/૧૦૦

અધ્યાય) માં, મત્યપુરાણમાં (૫૩/૩૦–૩૧ અધ્યાયમાં), તેમજ અગ્નિપુરાણમાં (૨૭૨/૧૨ અધ્યાયમાં) પ્રાપ્ત થાય છે. જે પ્રચલિત પુરાણસ્થ વિષયોથી મેળ નથી ખાતી. તથ્યતો એ છે કે, આપસ્તમ્બ દ્વારા પ્રલોભિત થઈને લેખકોએ પોતાની કલ્પનાનો ઉપયોગ કરી આનું પરિબૃંહણ ખૂબ જ કર્યુ છે. વાયુપુરાણમાં પણ ભવિષ્ય પુરાણનાં ચાર પર્વ બતાવાયાં છે. (૧) બ્રહ્મ, (૨) મધ્યમ, (૩) પ્રતિસર્ગ અને (૪) વાયુપુરાણ ભવિષ્યપુરાણનો નિર્દેશ કરતાં કહે છે કે –

**यान् सार्वन् कीर्तयिष्यामि भविष्ये पाठितान् नृपान् ।**

**तेभ्यः परेत्र ये चान्ये उत्पत्स्यन्ते महीक्षितः ।।**[१४]

પરંતુ આ નિર્દેશ પ્રાચીન ભવિષ્યનાં વિષયમાં છે. પ્રચલિત ભવિષ્યનાં વિષયમાં નહીં. વરાહપુરાણે પણ ભવિષ્યપુરાણનો બે વખત ઉલ્લેખ કર્યો છે. જેમાં સામ્બ દ્વારા આના પ્રતિસંસ્કારની તેમજ સૂર્યદેવની મૂર્તિ સ્થાપનાની ચર્ચા છે. બલ્લાલસેને ભવિષ્યોત્તરને પ્રામાણિક ન હોવાથી બિલકુલ જ તિરસ્કૃત કરી દીધું છે. તેમજ અપરાર્ક લગભગ ૧૬૦ પદ્ય આનાં ઉદ્ધૃત કરે છે. અલબરૂની દ્વારા ઉદ્ધૃત હોવાથી પ્રચલિત ભવિષ્યનો સમય દશમી સદી માનવો અસંગત ન કહેવાય. સૌ પ્રથમ સંક્ષેપમાં ભવિષ્યપુરાણની શ્લોક સંખ્યા વિશે જાણીએ તો–

૧. મધ્યમપર્વ અને પ્રતિસર્ગપર્વમાં ૮૯૫૬

મધ્યમપર્વ ત્રણ ભાગોમાં વિભક્ છે. જેમાં ક્રમશઃ ૮૯૮, ૧૪૭૧ અને ૫૭૧ શ્લોકો છે. આ પર્વમાં સૃષ્ટિવર્ણન, યજ્ઞાદિ વિધાન તેમજ જલાશય આદિ વાટિકોપવનપ્રતિષ્ઠા વિધાન સાથે ગ્રહોપદ્રવોત્પાતશાન્તિનું વિધાન વિસ્તૃત વર્ણિત છે. પ્રતિસર્ગ પર્વ ચારખંડોમાં વિભકત છે, જેમાં ક્રમશઃ ૪૦૬, ૧૧૧૮, ૨૩૯૦ તેમજ ૨૧૦૨ શ્લોકો છે. આ પર્વોમાં સર્વાંશતઃ કલિયુગ, ઈતિહાસ, સમુચ્ચય અન્તર્ગત સત્યુગ, ત્રેતા, દ્વાપર તેમજ કલિયુગનાં રાજાઓ એવં વિશિષ્ટ મહાપુરૂષોનાં જીવનવૃત્તાંતોનું વર્ણન છે. સંક્ષેપમાં શ્લોક સંખ્યા તેમજ ભવિષ્યપુરાણની વિષયવસ્તુ જોયા પછી થોડા વિસ્તારથી આ પુરાણની વિષયવસ્તુ ઉપર દૃષ્ટિ પ્રાપ્ત કરીએ–

*** ભવિષ્યપુરાણની વિષયવસ્તુ :–**

પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસનાં મર્મજ્ઞો ખૂબ જ સારી રીતે જાણે છે કે,

અષ્ટાદશ પુરાણોમાં 'ભવિષ્યમહાપુરાણ' નું કેટલું ઉચ્ચ સ્થાન છે અને તેમાં કેટલી મહત્વપૂર્ણ સામગ્રીઓનો સમાવેશ થયો છે. 'હિન્દી સાહિત્ય સમ્મેલન પ્રયાગ' દ્વારા આ ગ્રન્થનો હિન્દી અનુવાદ, જે આધુનિક અને વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવી ને થયો છે તે, પ્રત્યેક જીજ્ઞાસુઓ માટે તેમજ પુરાણોને માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**इतिहास पुराणाभ्यां वेदं समुपबृंहयेत् ।**

**बिभेत्यल्पबुद्धित्वाद् वेदो मामयं प्रहरिष्यति ।।**

અર્થાત્ મહત્વ સ્વતઃ પ્રમાણિત છે એ નિતાન્ત સત્ય છે કે, પુરાણ સંસ્કારકોએ વેદોનાં મંત્રોને, રહસ્યાત્મક મન્ત્રોને સરળ પ્રયોગ દ્વારા, જન સામાન્યને માટે ઉપયોગી અને અનિવાર્ય બનાવી દીધા છે. ભવિષ્યમહાપુરાણ ભારતીય ધર્મ, કર્મકાંડ, ઈતિહાસ અને રાજનીતિનો એક વિશાળ કોશ છે. આની અંદર અનેક જ્ઞાન–વિજ્ઞાનનો સાર સંગ્રહિત છે. અમુક પ્રાચીન વિશિષ્ટગ્રન્થો પણ આમાં સમાવિષ્ટ થઈ ગયા છે. આની રમણીયતા પણ અવર્ણનીય છે. સૂર્યારાધનની વિશિષ્ટતાઓ, વ્રતો અને નિયમોની પ્રામાણિકતાને માટે હેમાદ્રિ, અપરાર્ક, સ્મૃતિચન્દ્રિકાકાર દેવણ્ણ ભટ્ટ (૧૧૨૫–૧૨૨૫) આદિ નિબન્ધકારોએ પણ આ જ તથ્યનો આશ્રય લીધો છે. વસ્તુતઃ ક્રાન્તદૃષ્ટા ઋષિઓની મૌલિક સૂઝ–બૂઝ ભવિષ્યમહાપુરાણમાં જ મળે છે. વૈદિક સામગ્રીઓનો સરળતમ ભાષામાં સુંદર વિશ્લેષણ ભવિષ્યપુરાણનો વર્ણ્ય વિષય છે.

અથ થી લઈ ઈતિ સુધી ભવિષ્ય મહાપુરાણે એકરૂપતા બનાવી રાખવાનો સુંદર પ્રયાસ કર્યો છે. ભવિષ્યમહાપુરાણનું નામ ભારતીય સાહિત્ય, વિશેષતઃ પુરાણોમાં ખૂબ જ પ્રસિદ્ધ છે. તેથી જ સમાજમાં લોકપ્રિય પણ છે. ઈતિહાસનાં જીજ્ઞાસુઓનાં ઐતિહાસિક દૃષ્ટિકોણ માટે તો આ ખૂબ જ આવશ્યક ગ્રન્થ છે. અનેક લોકોએ ઉર્દુ, ફારસી, અંગ્રેજી, અરબી આદિ ભાષાઓમાં લખાયેલ ઈતિહાસોની સાથે આની તુલના કરી છે. પાર્જીટર, સ્મિથ અને પં. ભગવદ્ દત્તે પણ ઘણી શોધખોળ બાદ ભવિષ્યપુરાણને ઈતિહાસને માટે સર્વાધિક પ્રાચીન આધાર માન્યો છે. ભવિષ્યપુરાણને જોઈને એક સ્વાભાવિક ઉત્કંઠા જાગે છે કે આ એવી કઈ વિચિત્ર રચના છે કે જે પ્રાચીનકાળમાં લખાઈ છે અને ભવિષ્યની વાતોને પણ પોતાની અંદર સમાવિષ્ટ કરેલ છે. **'पुराणामाख्यानम्'** દ્વારા તો પ્રાચીન આખ્યાનોને જ પુરાણની સંજ્ઞા અપાઈ. કારણ કે બધા જ ભારતીય આદર્શવાદી દૃષ્ટિકોણ રાખે છે. તેથી ભવિષ્ય તરફ વધુ નજર રાખે છે. પોતાના ભવિષ્યને જાણવા અને બીજાનાં

ભવિષ્યને જાણવા માટે ઈચ્છા વધારે પ્રબળ થાય છે. પુરાણોની અનેક વ્યુત્પત્તિઓ અલગ અલગ અલગ જગ્યાએ મળે છે. તેથી અત્રે તેની વિશેષ વ્યાખ્યા કરવાની આવશ્યકતા નથી. ઐતરેય બ્રાહ્મણોપક્રમમાં સાયણાચાર્યએ પોતાના ભાષ્યમાં લખ્યું છે કે – "વેદાન્તર્ગત દેવાસુર યુદ્ધ ઈત્યાદિનું વર્ણન ઈતિહાસ કહેવાય છે, પૂર્વે આ સંમત હતું બીજું કંઈ જ ન હતું, જગતની પ્રારંભિક અવસ્થા થી લઈ, સૃષ્ટિ પ્રક્રિયાનું વર્ણન પુરાણ કહેવાય છે.' બૃહદારણ્યક ભાષ્યનો સ્પષ્ટ મત છે કે 'ઉર્વશી પુરુરવા સંવાદ આદિ સંવાદ સ્વરૂપ બ્રાહ્મણ ભાગને ઈતિહાસ કહે છે અને પહેલા માત્ર અસત્ જ હતું, ઈત્યાદિ સૃષ્ટિ પ્રકરણને પુરાણ કહે છે.' આ વ્યાખ્યાનોથી એ સ્પષ્ટ છે કે સર્ગાદિનું વર્ણન પુરાણ તેમજ ઐતિહાસિક કથાઓ ઈતિહાસ છે.

વર્તમાન સમયમાં પ્રાપ્ત ભવિષ્યમહાપુરાણનાં વિવિધ સંસ્કરણોના આધારે તેની સમીક્ષા જ યોગ્ય છે. સંપૂર્ણાનન્દ સંસ્કૃત વિશ્વવિદ્યાલયનાં હસ્તલિપી સંગ્રહાલયમાં ક્રમ સંખ્યા :– ૧૬૫૧૬ પર એક ભવિષ્યપુરાણની પ્રતિ ઉપલબ્ધ છે. જેમાં પાંચ પર્વો (૧) બ્રાહ્મ (૨) શૈવ (૩) ત્વાષ્ટ્ર (૪) વૈષ્ણવ અને (૫) પ્રતિસર્ગ પર્વનો ઉલ્લેખ છે. પરંતુ ઉકત હસ્તલિપિમાં બધા જ પર્વોની વિષયસામગ્રી નથી મળતી. 'બંગલા વિશ્વકોશ' નાં પૃ. સં. ૩૦૫ પર મુદ્રિત છે કે 'કલીવલિંગ' (ભવિષ્યપુરાણ) સ્વતંત્ર પુરાણ નહીં, પરંતુ આ પુરાણનો એક ભેદ છે. શશિભૂષણ વિદ્યાલંકાર દ્વારા રચિત 'ભારતીય પૌરાણિક જીવની કોશ' જે રંગૂન (બર્મા) થી પ્રકાશિત છે, તેની પૃ. સં. ૧૨૨૦ પર ભવિષ્યપુરાણનો ઉલ્લેખ છે. તદનુસાર ભવિષ્યપુરાણ મન્વન્તરના પ્રારંભમાં પ્રસૂત, ભવ્ય, પૃથગ, લેખ અને આદ્ય આ પાંચ દેવતાઓ હતાં. તેમાંથી ભવ્યના નામ પર ભવિષ્યની રચના થઈ. આફ્રેટનાં 'કેટેલોગ્સ કૈટલાગારં' અનુસાર લંડનના ઈન્ડિયા ઓફિસમાં ક્રમ સંખ્યા – ૩૪૪૭ પર ભવિષ્યપુરાણની એક લિખિત પ્રતિની ચર્ચા છે. પરંતુ આ પ્રતિ સપ્તમી કલ્પ સુધી જ હોવાથી અપૂર્ણ છે. વિલ્સને પણ ભવિષ્યપુરાણની એક પ્રતિનો ઉલ્લેખ કર્યો છે. જેમાં ૧૪૦૦૦ શ્લોક એવં ૧૨૬ અધ્યાય છે. ડો. હરિપ્રસાદ શાસ્ત્રીએ બિહારના ગોપાલગંજ જિલાન્તર્ગત હથુઆરાજનાં પુસ્તકાલયમાં સ્થિત એક પ્રતિનો ઉલ્લેખ કર્યો છે, જે તેનાં ૧૯૨૮ ઈ.સ.માં પ્રકાશિત 'ડિસ્ક્રિપ્ટિવ કેટલોગ" નાં પૃ. સં. ૪૨૮ પર અંકિત છે. વૈંકટેશ્વર પ્રેસ મુંબઈથી પ્રકાશિત ભવિષ્યપુરાણ જ અત્યારે આપણી સમક્ષ સંપૂર્ણપણે ઉપલબ્ધ છે. તદનુસાર તેમાં કુલ ચાર પર્વો બ્રાહ્મ, માધ્યમ, પ્રતિસર્ગ અને ઉત્તરપર્વ છે. ઉકત પ્રકાશિત પ્રતિમાં જે ક્રમથી અને જે અધ્યાયોમાં તેનું વર્ણન છે તેનું સમ્પૂર્ણ વિવરણ આ પ્રમાણે છે.

| ક્રમ | પર્વ | ખંડ | કુલ અધ્યાય | શ્લોક સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | બ્રાહ્મપર્વ | – | ૨૧૬ | ૮૯૧૧ |
| ૨. | મધ્યમપર્વ | પ્રથમભાગ | ૨૧ | ૮૯૮ |
| | | દ્વિતીયભાગ | ૨૧ | ૧૪૭૨ |
| | | તૃતીયભાગ | ૨૦ | ૫૭૧ |
| ૩. | પ્રતિસર્ગપર્વ | પ્રથમ ખંડ | ૦૭ | ૪૦૬ |
| | | દ્વિતીય ખંડ | ૩૫ | ૧૧૧૮ |
| | | તૃતીય ખંડ | ૩૨ | ૨૩૯૦ |
| | | ચતુર્થખંડ | ૨૬ | ૨૧૦૨ |
| ૪. | ઉત્તરપર્વ | – | ૨૦૮ | ૮૪૩૯ |

પ્રતિસર્ગપર્વને માટે ભવિષ્યપુરાણમાં કહેવાયું છે કે આ સંસ્કરણ વખતે તે જોડવામાં આવ્યું છે. મૂળ સ્વરૂપે પ્રાપ્ત ભવિષ્યમહાપુરાણમાં આ પર્વ પ્રકાશકને પ્રાપ્ત નથી થયું. તેમજ આગળ એવું પણ કહેવાયું છે કે અમૃતસરનાં ઠાકુર મહાનચન્દરને ત્યાં આ પુરાણની પ્રતિ મળી, જેનો સ્વીકાર કરીને પ્રકાશકે આ પ્રકાશન કર્યુ. આ પર્વનું ભવિષ્ય પુરાણમાં જોડાવા છતાં પણ તેની અતિપ્રાચીનતા અન્ય પર્વોમાં જ સિદ્ધ થઈ જાય છે.

**सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।**
**वंशानुचरितं चैव पुराणं पञ्चलक्षणम् ।।**[१५]

સર્ગ (સૃષ્ટિ), પ્રતિસર્ગ (પ્રલય તેમજ તે પછીની સૃષ્ટિ), વંશ, મન્વન્તર તેમજ વંશાનુચરિત (સૂર્ય, ચન્દ્ર, કશ્યપ, દક્ષ, આદિનાં વંશોનું વ્યવસ્થિત વર્ણન) આ પુરાણોનાં પાંચ લક્ષણો છે. કોઈપણ પુરાણને મહાપુરાણની શ્રેણીમાં ત્યારે જ રાખી શકાય જયારે તે આ પાંચ લક્ષણોમાં ખરૂ ઉતરતું હોય. પરંતુ શ્રીમદ્‌ભાગવતનાં દ્વિતીય સ્કન્ધમાં પુરાણોનાં દસ લક્ષણોનું પણ વર્ણન છે. પંચ લક્ષણાત્મક શ્લોક ભવિષ્યપુરાણમાં બે વખત મળે છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે ભવિષ્યપુરાણનાં રચયિતા પંચ લક્ષણોનો આશ્રય લઈ ને જ આ પુરાણને રચવા માટે સજાગ હતાં. સર્વત્ર તેનો આ જ પ્રયાસ જોવા મળે છે કે,

અષ્ટાદશપુરાણોની શ્રૃંખલામાં ભવિષ્યપુરાણ પોતાનું મહત્વપૂર્ણ સ્થાન રાખવામાં સમર્થ છે. અને તેથી જ જયાં કયાંય પણ પુરાણોની સૂચિ પ્રાપ્ત થાય છે, તેમાં ભવિષ્યપુરાણ નવમાં સ્થાન પર છે. જેનો અર્થ છે કે ભવિષ્યપુરાણની રચના વખતે આઠ પુરાણો રચાઈ ચૂકયા હતાં. ભવિષ્ય મહાપુરાણમાં આદ્યોપાન્ત નૈરન્તર્ય મળે છે. આની જે અનુક્રમણિકા અન્ય પુરાણોમાં મળે છે.[૧૬] તદનુસાર વેંકટેશ્વર પ્રેસ થી પ્રકાશિત ભવિષ્યપુરાણ નથી મળતું. તે સંસ્કરણનાં બ્રાહ્મપર્વમાં ભવિષ્યપુરાણની શ્લોક સંખ્યા ૫૦,૦૦૦ (પચાસ હજાર)[૧૭] બતાવાઈ છે. પરંતુ ગણતરી કરતાં શ્લોકોની કુલ સંખ્યા ૨૬૩૦૭ જ થાય છે. વિચારણીય છે કે પચાસહજાર શ્લોકોવાળું ભવિષ્યપુરાણ કયાં ગયું ? ભવિષ્ય મહાપુરાણની વિષયસામગ્રી એટલી મનોહર અને આકર્ષક છે કે વિદ્વત્ સમાજ સહજ પણે જ તેનાં તરફ આકૃષ્ટ થઈ જાય છે.

આપસ્તમ્બ ધર્મસૂત્રમાં આનો ઉલ્લેખ મળવાથી આની પ્રાચીનતાનાં સંદર્ભમાં કોઈપણ પ્રકારની આશંકા નિર્મૂળ છે. તે વાત અલગ છે કે નાનક, કબીર, સૂર, તુલસી, જયચંદ્ર, પૃથ્વીરાજ  ઈત્યાદિથી સંબંધિત વિવરણ પ્રાપ્ત હોવાને કારણે અમુક વિદ્વાનોએ આને અર્વાચીન પુરાણોની શ્રેણીમાં રાખવાનો પ્રયત્ન કર્યો છે. એક વાત કહેવામાં જરા પણ આપત્તિ નહી થાય કે, પ્રતિસર્ગ પર્વને આમાંથી દૂર જ કરી દેવામાં આવે તો આની પ્રાચીનતા સ્વયમેવ સિદ્ધ થઈ જાય છે. ઘણા ઈતિહાસકારોએ તો મધ્યકાલીન ઈતિહાસનો પ્રમુખ આધાર આ પુરાણને જ માન્યું છે, તેમજ આ પુરાણમાં ઉલ્લેખિત વિષયોની ખૂબ જ પ્રશંસા પણ કરી છે. ભવિષ્યપુરાણમાં નિર્દિષ્ટ કર્મકાંડ સંબંધિત પ્રકરણ એટલુ ઓઝ અને પ્રવાહ યુક્ત છે કે, એમ લાગે છે કે જાણે આ સમગ્રરૂપથી કર્મકાંડ શાસ્ત્ર જ હોય. તેમજ આ પુરાણનાં બ્રહ્મપર્વમાં પુરાણોને પાપહરણને પ્રમુખ સાધન બતાવતાં ભવિષ્યપુરાણની વિશેષરૂપે પ્રસંશા કરી છે. અને ત્યારબાદ સૃષ્ટિનુ નિરૂપણ કરાયું છે. આ પ્રમાણે સંપૂર્ણ જાગતિક પ્રક્રિયાનો સુંદર નમૂનો આ પુરાણમાં મળે છે. ગર્ભાધાન સંસ્કારથી લઈને અન્ય સંસ્કારોનું ક્રમશઃ વર્ણન કરતાં સ્ત્રીઓનાં શુભાશુભ લક્ષણો પર અત્યન્ત ગવેષણા પૂર્ણ વિચાર વર્ણિત છે.

પ્રારંભમાં જ તે વિવેચના છે કે જનમેજયનાં પુત્ર શતાનીકને ત્યાં સમસ્ત ઋષિગણ જઈને પ્રાર્થના કરવા લાગ્યા કે – હે બ્રહ્મન્, ત્રિભુવનમાં જે જ્ઞાન છે તે તો 'શ્રુત' છે. પરંતુ શૂદ્રોની સ્થિતિ અલગ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને માટે ઋગ્વેદ તેમજ મનુસ્મૃતિ ઈત્યાદિ અનેક શાસ્ત્રો તેઓના કલ્યાણ માટે જ બન્યા છે. આમાં શૂદ્રોની ખૂબ જ હીન સ્થિતિ છે.

અતઃ હે બ્રહ્મન્ ! આપ એ કહો કે શૂદ્રગણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મેળવવા કેમ સમર્થ બને ?[૧૮]

ઉપરોકત સંવાદથી સ્પષ્ટ છે કે ભવિષ્યપુરાણની રચના સમયે શૂદ્રોની સ્થિતિ ખૂબ જ દયનીય હતી. તેથી જગતનાં કલ્યાણ માટે સચેષ્ટ ઋષિઓનાં હૃદયમાં તેઓના પ્રસંસ્કારની વાત આવી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય જ માત્ર વેદો પર પોતાનો અધિકાર સમજતાં હતાં. તેમજ શૂદ્રોને કયારે પણ તેનો સ્પર્શ શુદ્ધા ન હોતા કરવા દેતાં. એક સમય એવો પણ હતો કે જયારે ભણવા– ગણવાનું કોઈ સાધન જ ન હતું. માત્ર ભોજપત્ર જ લખવાનું સાધન હતું. તે લિખિત ભોજપત્રોને અમૂલ્ય નિધિની જેમ સુરક્ષિત રાખવામાં આવતા હતાં. શૂદ્ર કૃષિ ઈત્યાદિ કાર્યોમાં એટલાં વ્યસ્ત અને આસકત રહેતા હતાં કે જ્ઞાન–વિજ્ઞાનમાં તેમની રૂચિ જ સમાપ્ત થઈ જતી હતી. કાળાન્તરે સમય બદલાયો તેમજ વેદોનાં ઉપબૃંહણ રૂપે બોધગમ્ય ભાષામાં પુરાણોની રચનાનો પ્રારંભ થયો. તે જ કડીમાં ભવિષ્યમહાપુરાણની પણ રચના થઈ. ભવિષ્ય મહાપુરાણનાં રચના સમયનાં વિષયમાં ઈતિહાસકારો એકમત નથી. પરંતુ જે સાક્ષ્ય મળ્યા છ, તદનુસાર આની રચના ઈ.સ.પૂર્વે પાંચમી અથવા છટ્ઠી શતાબ્દિમાં થઈ હોવી જોઈએ.

ભવિષ્યમહાપુરાણની વિષયવસ્તુને જોતાં એ સ્પષ્ટ ઝલક મળે છે કે 'કર્મ જ પ્રધાન છે.' પછી તે વ્યકિત ગમે તે વર્ણનો હોય, જો તે ઉત્તમકાર્યમાં પ્રવૃત્ત થાય છે, તો જાતિ તેમાં બાધક ન થઈ શકે. પુરાણકારે નારદ, મન્દપાલ ઈત્યાદિ ઋષિઓના ઉદાહરણ દેતા જણાવ્યું કે આ બધા જાતિએ દીન હોવા છતાં પણ પોતાનાં ઉત્તમ કાર્યોને લીધે પ્રસિદ્ધિને પામ્યાં. જેથી સિદ્ધ થાય છે કે આ પુરાણ કર્મને પ્રાથમિકતા આપનારૂ મહાપુરાણ છે, તેમજ આમાં વિવેચિત વિષયો પણ તદનુરૂપ જ છે. આ પુરાણમાં સૃષ્ટિ રચના, દેવશકિત તેમજ આધ્યાત્મિક જ્ઞાન ખૂબ જ વ્યવસ્થિત રૂપે નિર્દિષ્ટ છે. ભવિષ્ય મહાપુરાણની શરૂઆતમાં જ સમાજનાં દીન–હીન લોકોને માટે જે સહાનુભૂતિ પ્રદર્શિત કરવામાં આવી છે, તેનાથી લાગે છે કે, કાં તો આ પુરાણકાર તે પરિસ્થિતિથી કોઈને કોઈ રૂપે પ્રભાવિત હતો, અથવા તો તત્કાલીન દીન–હીન લોકોને માટે તેનામાં આસકિત બુદ્ધિ આવી હશે જેનાથી પ્રેરિત થઈ તેઓએ તેમનાં સમ્માન માટે આ પુરાણની રચના કરી. વર્ણ્યવિષયને જોતાં સહજ જ તે સમયનાં ઐતિહાસિક, રાજનૈતિક, ભૌગોલિક, સામાજિક અને આર્થિક પરિદશ્ય ની ઝલક મળી જાય છે. 'ષષ્ઠી કલ્પ' ના વિવેચન પ્રસંગમાં આ પુરાણકારે ઘોષણા કરી છે કે– વર્ણ અને જાતિનું અન્તર જન્મથી ન કરતાં કર્મથી કરવું જોઈએ.

શૂદ્રકુળમાં ઉત્પન્ન થવા છતાં જો કોઈ વ્યકિત અત્યન્ત શુદ્ધ આચાર–વિચારવાળો છે, તેમજ ત્યાગ અને દયાભાવનાથી પૂર્ણતઃ આવેષ્ટિત છે, તો નિઃસંદેહ તે બ્રાહ્મણ કહેવડાવવાને યોગ્ય છે, તેમજ તે વેદનો પણ અધિકારી છે.

બ્રાહ્મણ શબ્દથી તાત્પર્ય બ્રહ્મજ્ઞાનીથી છે. ભલે તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અથવા શૂદ્ર કોઈપણ હોય, તે બ્રહ્મજ્ઞાનમાં પ્રવૃત્ત થઈ શકે છે. તેમજ વેદોનું સમ્યક્ અધ્યયન કરી ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વ્યકિત પણ બ્રાહ્મણત્વની પ્રાપ્તિ કરી શકે છે. ઉદાહરણાર્થ રાવણ, શ્વાદ, ચાંડાલ, દાસ, લુબ્ધક, આભીર, ધીવર છે. ઉપરોકત વ્યકિતઓનાં ઉદાહરણો આપી પુરાણકાર કહેવા માંગે છે કે આ લોકો ની જેમ બધા જ ઉત્તમકાર્યોમાં લાગી, વેદોનાં અધ્યયન પૂર્વક પોતાનો વિકાસ કરી શકે છે. વેદોનું અધ્યયન કરી[૧૯] શૂદ્ર પણ અન્ય દેશોમાં જઈ પોતાને બ્રાહ્મણ ઘોષિત કરી શકે છે. કારણ કે કોઈપણ મનસા, વાચા, કર્મણા તેને શૂદ્ર નથી કહી શકવાનું. આનો મૂળ અર્થ એ જ નિકળ્યો કે માત્ર વેદાધ્યયનથી જ બ્રાહ્મણત્વની પ્રાપ્તિ ન થઈ શકે, પરંતુ તેના માટે તદનુસાર કર્મની આવશ્યકતા હોય છે. કોઈપણ જાતિનો પ્રતિભાવન વ્યકિત સમસ્ત વેદો, બે વેદો અથવા તો એક વેદનું પણ અધ્યયન કરી શુદ્ધ બ્રાહ્મણથી ઉત્પન્ન કન્યા સાથે વિવાહ પણ કરી શકે છે. આવી રીતે જ દાક્ષિણાત્ય અને ગૌડપૂર્વા જાતિઓ બની છે. આ કારણસર જ વેદોનાં અધ્યયનનાં આધારે જાતિનું નિર્ધારણ ભવિષ્યપુરાણને માન્ય નથી.[૨૦] જયારે ભવિષ્યપુરાણનાં પર્વો અનુસાર અલગ–અલગ વસ્તુ જાણી લેવી વધુ યોગ્ય રહેશે. બ્રાહ્મપર્વ અન્તર્ગત જીવનોપયોગી તે બધી જ વસ્તુઓનો સમાવેશ કે જેનું સમ્યક્ અનુસરણ કરતાં વિવેકી જન પરમ પદને પ્રાપ્ત કરી શકે. ગૃહસ્થીને ચલાવવા માટે જે જે સાધનોની આવશ્યકતા હોય છે, તે સાધનોનું સાંગોપાંગ વિવેચન આમાં છે. સ્ત્રીઓનાં કર્તવ્યાકર્તવ્યની પણ ચર્ચા કરવામાં પુરાણકારે પોતાની વિશેષ રૂચી બતાવી છે.

પ્રતિપદાથી લઈ બધા જ કલ્પો, સૂર્યદેવોનાં વિવિધરૂપો, તેમજ અનેક પ્રકારનાં વ્રતોનું નિરૂપણ કરતા સમયે ભવિષ્યપુરાણમાં કર્મકાંડની વિવિધ પદ્ધતિઓનું સુવ્યવસ્થિત વિશ્લેષણ કરાયું છે. આમાં સમ્પૂર્ણ સામ્બપુરાણ પણ અમુકાંશે સંકલિત છે. જો માત્ર બ્રાહ્મપર્વ પર જ સ્વતંત્ર રીતે અનુસન્ધાન કરવામાં આવે તો સંસ્કૃત સાહિત્ય પર ખૂબ મોટો ઉપકાર થશે. સંસ્કૃત સાહિત્ય સમ્મેલને આ ગ્રન્થનાં ઉદ્ધારનો જે સંકલ્પ કર્યો છે, તે માત્ર સ્તુત્ય જ નહી, અપિતુ સરાહનીય અને સામયિક પણ છે. કારણ કે આજનાં સમાજને આની આવશ્યકતા છે. જે આજના સમાજ અને વ્યકિતને પ્રગતિના રસ્તે લઈ જવામાં

સમર્થ હોય. ભવિષ્ય મહાપુરાણનું દ્વિતીયપર્વ મધ્યમપર્વનાં નામથી પ્રસિદ્ધ છે. જેમાં ત્રણ ખંડો છે. સમ્પૂર્ણ મધ્યમપર્વમાં ઈષ્ટાપૂર્તથી સંબંધિત વિષયોનું સંકલન છે. ઈષ્ટાપૂર્ત વેદ, શ્રોતસૂત્રો તેમજ બ્રાહ્મણગ્રન્થોમાં વિસ્તારથી વર્ણિત છે અથવા તો તેમ પણ કહી શકાય કે વેદોથી લઈ તેના કર્મકાંડ પ્રતિપાદક અંગ, ઉપાંગ તેમજ પદ્ધતિ નિરૂપક ગ્રન્થોમાં પણ આનું વર્ણન છે, તો પણ અતિશ્યોકિત નહીં થાય.

ઈષ્ટાપૂર્તિ એક પારિભાષિક શબ્દ છે. જેમાં બે પદ છે. ઈષ્ટ અને પૂર્ત. બન્નેનો સમાસ થતાં મૈત્રાવરૂણ, અષ્ટાવક્ર તેમજ વિશ્વામિત્ર શબ્દોની જેમ **'अन्येषामपि दृश्यते' (पाणिनि–६/३/१३७)** સૂત્રથી વચમાં અકારને દીર્ઘ થઈ જાય છે. પાણિનિએ ગણપાઠ (૫/૨/૮૮) માં જો કે 'ઈષ્ટ–પૂર્ત', શબ્દનો પ્રયોગ કર્યો છે, પરંતુ સમાસમાં આકાર વૃદ્ધિની ચર્ચા નથી કરી. દીર્ઘત્વનો પ્રસંગ **६/३/१२८/१३९** સૂત્રોનાં પ્રકરણમાં મળે છે. કાશિકાનુસાર ઈષ્ટનો અર્થ યજ્ઞ અને પૂર્તનો અર્થ શ્રાદ્ધ આદિ છે. વેદોથી લઈ પુરાણ અને સ્મૃતિઓ સુધીનાં પ્રયોગોમાં ઈષ્ટાપૂર્તમ્, ઈષ્ટાપૂર્તૌ અને ઈષ્ટાપૂર્તે આ ત્રણે સમસ્ત અથવા અસમસ્ત પ્રયોગો મળે છે. રઘુનન્દન ભટ્ટે પોતાના **'मलमासतत्व'** માં જાતુકર્ણનાં વચનથી અગ્નિહોત્ર, વૈશ્વદેવ, સત્ય, તપ, વેદાધ્યયન એવં તેના અનુકરણને ઈષ્ટ તેમજ વાપી, કૂપ, તડાગ, દેવમન્દિર, પૌસલા, બગીચા આદિને ચલાવવાને પૂર્ત કહ્યું છે.[૨૧] ચારે વેદોમાં આ પદ વારંવાર આવ્યું છે. સંહિતા ભાગમાં ઈષ્ટાપૂર્તનું વ્યાપક વર્ણન છે.[૨૨] સર્વત્ર 'ઉદ્‌બુધ્યસ્વાગ્ને' ઈત્યાદિ મંત્રોમાં જ આ પ્રયોગ પ્રયુક્ત છે. અધિકાંશ સ્થળો પર ઈતરેતર દ્વંદ્વનાં રૂપમાં પણ પુલિંગ અને નપુંસકલિંગમાં આ પદ મળે છે. બહ્‌વૃચ પરિશિષ્ટમાં ઈષ્ટાપૂર્તના તમામ અંગો, પ્રતિમા, કૂપ, આરામ, તડાગ, વાપી આદિની પ્રતિષ્ઠા, યજ્ઞ, હવન એવં શાન્તિઓનું વર્ણન છે.[૨૩] આ જેટલું શુદ્ધ, આનુક્રમિક અને પ્રાસંગિક છે, તેટલું બીજા કોઈપણ કર્મકાંડ ગ્રન્થમાં નથી મળ્યું. ષડ્‌વિંશબ્રાહ્મણ ગ્રન્થમાં પણ આ જ વાત મળે છે.[૨૪] અથર્વ પરિશિષ્ટમાં પ્રાયઃ આજ શબ્દોમાં દેવપ્રતિમાદ્‌ભૂતનું વર્ણન છે.[૨૫] ભવિષ્યપુરાણનું આ પર્વ સર્વથા બહ્‌વૃચ પિરિશિષ્ટથી મળે છે. મુઈર્સ (MUIR'S LECTURS) લેકચર્સ ખંડ–૫, ધારા ૨૯૩ પર આ ચારે વચનો અને તેની વ્યાખ્યાઓનો સંગ્રહ છે. બેનર્જી તેમજ થીબૂટના બ્રહ્મસૂત્રને માટે તપ અને પૂર્તનો અર્થ પરોપકારને માટે કરાયેલો ધર્મ તેવું નિર્દિષ્ટ છે. શંખ તેમજ લિખિત આદિ સ્મૃતિઓ અનુસાર આ ધર્મ દ્વિજાતિઓનાં હોય છે. શૂદ્રોને માત્ર પૂર્તના અધિકારી કહેવાયા છે, પરંતુ આ તથ્યની

વ્યાખ્યામાં ભવિષ્યપુરાણનું પ્રતિપાદન અત્યંત પ્રૌઢ છે. એવું પ્રતીત થાય છે કે, આ પુરાણનાં નિર્માતાને બધા જ પ્રાચીન શ્રોતસૂત્રાદિ ગ્રન્થોનાં ભાષ્ય જોવા મળ્યાં હશે. કારણ કે શ્રોતસૂત્રોની જેમજ ભવિષ્યપુરાણમાં પણ જ્ઞાનસાધ્ય કર્મને અન્તર્વેદી તેમજ પ્રતિમાઆદિને બર્હિવેદી કહેવાયા છે.[૨૬] મધ્યમપર્વના પ્રથમ ખંડમાં પૂરાણકારે અત્યન્ત વિદ્વત્તાપૂર્ણ ઢંગથી આ પર્વની નિર્વિઘ્ન સમાપ્તિ હેતુ મંગલાચરણ કરતાં ભવિષ્યમહાપુરાણની પ્રસંશાની પરંપરામાં ધર્મના સ્વરૂપને વ્યકત કર્યું છે. આ જ પર્વમાં વિરાટ બ્રહ્માંડની ઉત્પત્તિને સ્થાપિત કરતાં સ્વર્ગ, પાતાળ આદિ લોકોનાં વર્ણન સાથે ત્રણે વર્ણોની પ્રસંશાપૂર્વક બ્રાહ્મણનું લક્ષણ વિવેચિત છે.

આ પર્વનું વૃક્ષારોપણ, કૂપ, વાપી ઈત્યાદિની પ્રતિષ્ઠા દેવપ્રતિમા લક્ષણ, અષ્ટાદશ કુંડ સંસ્કાર વર્ણન, નિત્ય–નૈમિત્તિક હોમના અવસરે ષોડશ ઉપચારનું વર્ણન, હોમ હેતુ દ્રવ્યોનું પ્રમાણ, સ્રુવા, દર્વી, પાત્રનિર્માણ વર્ણન, પૂર્ણાહૂતિ હોમ વર્ણન અને વિવિધ મંડલ નિર્માણ વર્ણન હૃદયગ્રાહી છે. જે વર્તમાનમાં પર્યાવરણને દૂષિત થવાથી બચાવવાનું પુરૂ સામર્થ્ય ધરાવે છે. વૈજ્ઞાનિકો પણ અનેક પ્રકારના પ્રયોગો કરીને આ જ નિષ્કર્ષ પર પહોચ્યાં છે કે ક્ષિતિ, જલ, પાવક, ગગન, સમીર– પૃથ્વી, જલ, અગ્નિ આકાશ અને વાયુ ને પ્રદૂષણથી બચાવવાના છે. અને તેથી જ આ વિચારને સાર્થક કરવા પુરાણોનો દષ્ટિકોણ અપનાવવો જોઈએ. દ્વિતીયખંડમાં યાજ્ઞિક કૃત્યોની વિશદ ચર્ચા છે. આ ખંડની રચનાનો મુખય ઉદ્દેશ્ય એવો પ્રતીત થાય છે કે યજ્ઞનાં મંત્રો અને છંદોને તેની વિધિની સાથે આચરણ કરી યજમાન મોક્ષ મેળવે.

કોઈપણ શાસ્ત્ર અથવા સાહિત્યનું પ્રયોજન માત્ર એ જ હોય છે કે તેનો અધ્યેતા અંગત જીવન માટે તેને ઉપયોગી સમજી સારી રીતે અપનાવે, તેમજ પોતાના આચરણ અને વ્યવહારથી એવી પરંપરાનો ઉદ્દ્ભવ કરે, જેનો આશ્રય કરી જન–સામાન્ય ઉપર આવી શકે. જયાં સુધી મારી ધારણા છે, ભાવિષ્યમહાપુરાણકાર આ ઉદ્દેશ્યમાં સફળ છે. કારણ કે આટલી પ્રાચીન રચના હોવા છતાં પણ આજે આપણી વચ્ચે આ પુરાણ ખૂબ જ લોકપ્રિય છે. જાતિવિહીન સમાજની માન્યતામાં પણ આ પુરાણ સૌથી આગળ છે. મને તો એવું લાગે છે કે વર્તમાન સમયમાં સામાજિક સમાનતાની વાત કરીએ છીએ તે નિશ્ચયપણે આ પુરાણથી જ પ્રભાવિત છે. એ વાતનો કયારે પણ ઈન્કાર ન કરી શકાય કે પુરાણોમાં પણ વિશેષતઃ ભવિષ્યપુરાણમાં લોકોની વિશેષ આસ્થા છે. તેમજ આમાં મળતા વિષયોને અનુરૂપ આચરણને જન–સામાન્યએ અપનાવ્યું છે. વેદોમાં યજ્ઞોનાં અનેક ભેદ નિર્દિષ્ટ

છે. જેમાં સોમયાગ, પુંડરીક, અશ્વમેઘ, રાજસૂય, વાજપેય આદિ પ્રમુખ છે. ઈષ્ટાપૂર્ત અન્તર્ગત જ યજ્ઞ પણ આવી જાય છે. તેમજ સંસ્કારકર્મોમાં પણ યજ્ઞ જ આવશ્યક હોય છે. આ બધા જ યજ્ઞોમાં ઋત્વિક, બ્રાહ્મણાદિનું વરણ તેમજ અગ્નિકુંડ સંસ્કાર યજમાનનાં ગૃહ્યસૂત્ર અનુસાર કરે છે. ગુહ્યસૂત્રોમાં પારસ્કર, આશ્વલાયન, ગોભિલ દ્રાહ્યાયણ, જૈમિનિ, ભારદ્વાજ, માનવ, લૌગાક્ષિ, બોધાયન અને સાંખ્યાયન આદિ મુખ્ય છે. તદનુસાર પ્રણિતા, કુશકુંડિકા, આધાર હોમ, મહાવ્યાહૂતિ હોમ, અને પ્રાશ્ચિત હોમ કરવો જોઈએ. ઈન્દ્ર અને પ્રજાપતિનાં નામની આહૂતિઓ આધાર હોમ કહેવાય છે. આમ સંપૂર્ણ યજ્ઞપદ્ધતિ આ ખંડમાં વર્ણીત છે. આ ખંડમાં પુરાણકારે ક્રૌંચ, ઘ્રાણ આદિ વિવિધ મંડલોનાં નિર્માણપૂર્વક તેના પ્રકારો, દક્ષિણાનું પ્રમાણ, કળશસ્થાપનનાં ભેદ, માસને આશ્રિત કરી કર્મની ઉપયોગિતા વડે ચર્તુમાસનું લક્ષણ, દૈવ પૈતૃક કર્મોને માટે ઉપર્યુકત તિથિઓનું વર્ણન, ગોત્રપ્રવર – સન્તાન નિરૂપણ, બલિમંડલ પૂર્વક વાસ્તુયાગ વિધિઓ, વાસ્તુદેવતા પૂજા, અર્ધ્યદાન, યજ્ઞકર્મમાં કુશકુંડિકા અને સ્થાલિપાક વિધાન અગ્નિજીહવા ધ્યાન, યજ્ઞકર્મો અનુસાર બ્રાહ્મણોને ભોજન, ગૃહનિર્માણ સમયે દેવતાઓની પૂજાના પ્રકારો તેમજ તેની પ્રતિષ્ઠા વિધિઓનો અત્યન્ત રૂચિપૂર્ણ ઢંગથી ઉલ્લેખ કર્યો છે. આ સાથે જ આ ખંડની સમાપ્તિની ઘોષણા પણ થઈ છે.

આપણે બધા જ જાણીએ છીએ કે કણ–કણમાં ઈશ્વર જીવનો અધિવાસ હોય છે. સંપૂર્ણ ચરાચર જગત ઈશ્વરની ઈચ્છાથી ઉત્પન્ન થાય છે. અને અંતે પ્રલયકાળે તેમાં જ પુનઃવિલીન થઈ જાય છે. આ બધું જાણવા છતાં પણ મનુષ્યની ઉત્તમકાર્યોમાં પ્રવૃત્તિ નથી થઈ શકતી. તેમજ તે વારંવાર જન્મ–મૃત્યુના પાશમાં બંધાઈ ને તડફડતો રહે છે અને ઈચ્છવા છતાં મુકિતને નથી પામી શકતો. મુકિતના જે સાધનોની ચર્ચા શાસ્ત્રોમાં નિર્દિષ્ટ છે. તેમાં પૂર્ત કર્મો પણ પોતાની પ્રધાનતા રાખે છે. મનુષ્ય, કૂપ, વૃક્ષ, તળાવનું નિર્માણ કરાવી તેમજ અનેક પ્રકારની ઉપકારી કાર્યો કરાવી જીવનથી મુકિત પામવા માટે લાલાયિત રહે છે. આ દષ્ટિકોણનાં સમર્થન અને પ્રતિપાદનમાં આ ખંડ શ્લાઘનીય છે. પૂર્તકર્મ પદ્ધતિનું જેટલું સુંદર વિવેચન આ ખંડમાં છે તેવું બીજે કયાંય જોવા પણ નથી મળતું.

પુરાણકારે વૃક્ષારોપણ જેવા પુનીતકાર્યોને અત્યન્ત ગંભીરતાથી લેતા આ ખંડને મનોહર બનાવવાનો પ્રયત્ન કર્યો છે. આ ખંડમાં ક્રમશઃ વૃક્ષારોપણ, ગોચરભૂમિની પ્રતિષ્ઠાવિધિ, સરોવરનું નિર્માણ, પુષ્કરિણી નિર્માણ, તેમજ વાપી નિર્માણ થી મળનારા ફળો પર વિસ્તારથી વિચાર કર્યો છે. પુનઃ અશ્વત્થ, આમ્ર, વટ, પૂગ અને તુલસી ઈત્યાદિ

વૃક્ષોને વાવવાથી, સાર–સંભાળ તેમજ સંવર્ધનમાં કોઈ વિધ્ન ન આવે તેથી મહાપુરાણકારે શાન્તિ વિધાનનું નિરૂપણ કર્યુ છે. પુરાણોમાં અમુકાંશે ઐતિહાસિક સામગ્રી તો સર્વત્ર મળ ી જ આવે છે. પરંતુ ભવિષ્યપુરાણમાં જે પ્રકારની અને જે જે ઐતિહાસિક સામગ્રીઓનું સંચયન થયું છે, તેનું અન્ય પુરાણોમાં નથી મળતું. આમ તો પુરાણનો હિન્દી અનુવાદ ખૂબ જ પહેલા થઈ જવો જોઈતો હતો. પરંતુ એવું લાગે છે કે આ મહાન કાર્યનું ગૌરવ સમ્મેલનને જ મળવાનું હતું. તેથી કદાચ કોઈએ આના ઉપર ધ્યાન ન આપ્યું. આ પુરાણમાં 'પ્રતિસર્ગ પર્વ' ના જોડાઈ જવાથી અમુક પુરાણ મર્મજ્ઞોએ આની પ્રમાણિકતા પર આશંકા દર્શાવી છે. પરંતુ નિઃસંદેહ આ પર્વને છોડીને શેષપર્વ અતિપ્રાચીન છે. તેમજ તેમાં અવશ્ય ભવિષ્યની ઘટનાઓનું વર્ણન છે અને સંગ્રહ છે. 'ભવિષ્યપુરાણ' નામથી જ એ દ્યોતિત થાય છે કે આ પુરાણનાં નિર્માતાએ ભવિષ્યત્ કાલિન ઘટનાઓનો ભૂતકાળમાં નિરૂપણ કરવાનો  સફળ પ્રયત્ન કર્યો છે. વર્તમાનમાં જે ઘટનાઓ ઘટિત થઈ રહી છે. પુરાણકારે તે પહેલા જ કહી દીધી છે. દઢ નિશ્ચિયપૂર્વક ચિન્તન કરવામાં આવે તો આનો ભાવ માત્ર એ જ નિકળશે કે તે સમયની જે ઘટનાઓનું વર્ણન પુરાણમાં કરાયું છે. કોઈ ને કોઈ પ્રકારે તે આજે જોવા મળે છે. કદાચ એમ કહીએ કે ભવિષ્યમહાપુરાણનો પ્રતિસર્ગ પર્વ મધ્યકાલિન ઈતિહાસનો કોશ છે. તો પણ તે વધુ યોગ્ય રહેશે. આ પર્વને ચાર ખંડોમાં વિભાજિત કરાયું છે. હવે પ્રતિસર્ગ પર્વના પૃથક્–પૃથક્ ખંડોમાં વર્ણિત વિષયો પર જોડી દષ્ટિ આપવી યોગ્ય ગણાશે.

પ્રથમખંડમાં વૈવસ્વત મનુથી લઈ અનેક રાજાઓના રાજયકાળનું વિસ્તૃત વર્ણન છે. સાત અધ્યાયોમાં આ સમ્પૂર્ણ ખંડ વર્ણિત છે. મ્લેચ્છ યજ્ઞનું વિવેચન કરતાં પુરાણકારે વિભિન્ન મલેચ્છરાજાઓ (આદમ, શ્વેત, ન્યૂહ)ના વૃત્તાન્તો, મલેચ્છ ભાષાનું વિધાન, આર્યાવર્તમાં મ્લેચ્છના આવવાનું કારણ–પ્રસંગમાં કાશ્યપ, બ્રાહ્મણ વૃત્તાન્ત વર્ણન, બૌદ્ધ ધર્મ, સંસ્કાર વર્ણન, ચાર પ્રકારના ક્ષત્રિયોની ઉત્પત્તિનું વર્ણન તેમજ વિક્રમાદિત્યાવતાર સહિત વિક્રમ–વેતાલ સંવાદનું સવિસ્તાર વિવેચન કરાયું છે. દ્વિતીયખંડમાં પદ્માવતી, મધુમતી, વીરવર, ચન્દ્રવતી, હરિદાસ, કામાંગી, ત્રિલોક સુંદરી, કુસુમદા, કામાલસા, સુખભાવિની, જીમૂતવાહન, મોહિની વગેરે કન્યાઓનું વર્ણન કરતા પુરાણકારે સત્યનારાયણ વ્રતકથાનું પણ વિસ્તૃત વર્ણન કર્યુ છે. તેમજ આ પુરાણનું પાણિનિ, બોપદેવ તેમજ મહાભાષ્યકાર પતંજલિનું વ્યાખ્યાન પણ ઓછું આકર્ષક નથી. તૃતીયખંડમાં ઐતિહાસિક વૃત્તાન્ત વર્ણન પ્રસંગમાં મહાભારત યુદ્ધમાં મૃત્યુને પામેલા કૌરવો, યાદવો, પાંડવો તેમજ

શ્રીકૃષ્ણ વગેરેનાં પુનઃ અવતારનું વિવેચન છે. ભરતખંડના ૧૮ રાજ્યો, શાલિવાહન, શક, કાલિદાસ, ભોજરાજ, મુહમ્મદ સાહબ, ઈસામસીહ, તેમજ ભોજરાજાના વંશમાં ઉત્પન્ન અનેક રાજાઓ જયચંદ્ર, પૃથ્વીરાજ, ભીષ્મરાજ, પરિમલરાજ, લક્ષ્મણરાજ, જમ્બુક રાજ, દેશરાજ, વત્સરાજ, ચંડિકાદવી, ઈન્દુલ, પદ્મિની, ચિત્રલેખાનું વર્ણન સાથે પુરાણકારે આ ખંડને ઐતિહાસિક સામગ્રીઓના કોશનું રૂપે સજાવવાનો ભરપૂર પ્રયત્ન કર્યો છે. જે સહજપણે જ ઈતિહાસકારોનું મન મોહી લે છે.

ભવિષ્યપુરાણનાં ચતુર્થખંડમાં જે વર્ણન છે તે માત્ર ઈતિહાસકારો જ નહિ અપિતુ સામાન્ય લોકોની ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને નિર્મિત કરવામાં આવ્યું છે. આ ખંડમાં અગ્નિવંશીય રાજાઓના ચરિત્રનું વર્ણન કરતા પુરાણકાર સ્પષ્ટ લખે છે કે, ભાવિ પેઢી ત્યારે જ આગળ વધી શકશે જયારે પૂર્વજોએ કરેલા કાર્યોનું વ્યવસ્થિત જ્ઞાન હોય. તેનો જ આશ્રયલઈને તેઓએ વિક્રમવંશીય ભૂપાલ, અજમેરપુર, દ્વારકારાજય, સિન્ધુદેશ, કચ્છભૂજ, ઉદયપુર, કાન્યકુબ્જ, દિલ્હી માં સ્થિત મ્લેચ્છ રાજાઓનાં વૃત્તાન્ત, સૂર્યમહાત્મ્ય, માધ્વાચાર્ય, ધન્વન્તરિ, કૃષ્ણચૈતન્ય, સુશ્રુત, શંકરાચાર્ય, ગોરક્ષનાથ, ઢુંઢિરાજ, રામાનુજ, વામદેવ, કબીર, નરશ્રી, પીપા, નાનક, નિત્યાનન્દ, ઈત્યાદિની ઉત્પતિનું વર્ણન કર્યુ છે. આ જ ક્રમમાં કણ્વ બ્રાહ્મણની પત્ની આર્યાવતીથી ઉપાધ્યાય દિક્ષિત, પાઠક, શુકલ, મિશ્ર, અગ્નિહોત્રી, દ્વિવેદી, ત્રિવેદી, પાંડે તેમજ ચર્તુવેદી આ દશ પુત્રોની ઉત્પત્તિની કથા મળે છે. તેથી આગળ પુરાણકારે અકબર, શિવાજી, મોગલ, કલકત્તાનગરી, ગુર્જર દેશ, વિશ્વકર્મા ઈત્યાદિનું વર્ણન કરતા પ્રતિસર્ગ પર્વનો ઉપસંહાર કર્યો છે. પ્રતિસર્ગ પર્વની ચાર ખંડોની વિષયસામગ્રી 'આઈને–અકબરી' તારીખ ફિરોજશાહી, તવકિત અકબરી, ઈત્યાદી અનેક ઉર્દુ ગ્રન્થોમાં તો પ્રકાશિત છે જ. તદુપરાંત પાર્જીટર, સ્મિથ તેમજ પં. ભગવદ્દત્તે પણ ઈતિહાસનો પ્રમુખસ્રોત ભવિષ્યપુરાણને જ માન્યો છે. અને તદનુસાર જ પોતપોતાના ગ્રન્થોની રચનાઓ કરી છે. આ વિદ્વાનોનાં ગ્રન્થોનાં આધાર પર પણ અનેક સ્વતંત્ર ગ્રન્થો લખાઈ ચૂકયા છે. વસ્તુતઃ જોઈએ તો વેંકટેશ્વર પ્રેસ, નિર્ણયસાગર તેમજ કાશીના ઘણાં પ્રેસોથી આદિત્યસ્તોત્ર ભવિષ્યોત્તરપુરાણનાં નામથી પ્રકાશિત થઈ ચૂકયું છે. ગંભીર વિચાર કરતા અત્રે એ પણ જણાય છે કે જો ભવિષ્યપુરાણ એટલું પ્રાચીન છે અને જેનો ઉલ્લેખ આપસ્તમ્બ ધર્મસૂત્રમાં આદર સાથે કરાયો છે, તો અન્ય બ્રાહ્મઆદિ પુરાણ તેથી પણ પ્રાચીન હશે તેથી તેનો સમય ઈ.સ. ની સદિઓમાં ગોતવો તે પુરાણોની આત્માથી વિરોધી વાત હોય તેવું જણાય છે.

ભવિષ્ય મહાપુરાણનું ચતુર્થ ઉત્તરપર્વ ભારતીયોની આસ્થાનુરૂપ છે. કારણ કે ધર્મનાં સ્વરૂપને લઈને તેના વિભિન્ન પક્ષો પર આમાં સંશોધનાત્મક રીતે વિવેચન થયું છે. આ ખંડ વિશેષતઃ બધા જ પ્રકારનાં વ્રતો, ઉત્સવો, કર્મકાંડો અને દાન આદિનો પણ વિશ્વકોશ છે. ભારતવર્ષમાં આની એટલી બધી પ્રતિષ્ઠા હતી કે પાંચમી શતાબ્દીથી સત્તરમી શતાબ્દી સુધી આના જ આધાર પર અનેક નિબંધ ગ્રન્થો લખાયા છે. બંગાળના નિબન્ધકાર રઘુનન્દનભટ્ટના સ્મૃતિતત્વ, મદનસિંહના મદન પારિજાત, હેમાદ્રિના ચતુર્વર્ગચિન્તામણિ, જીમૂતવાહનનાં કાળવિવેક, વ્યવહારમાતૃકા અને દાયભાગ, બલ્લાલસેનનાં દાન સાગર, પ્રતિષ્ઠા સાગર, અદ્‌ભૂત સાગર અને આચાર સાગર તેમજ દેવણભટ્ટની સ્મૃતિચન્દ્રિકા, લક્ષ્મીધરનું કૃત્યકલ્પતરૂના દાન એવં વ્રતખંડ, માધવાચાર્યના પરાશર માધવ, ગોવિન્દાનન્દની વ્રતક્રિયા કૌમુદિ, દાનક્રિયા કૌમુદિ, વર્ષક્રિયા કૌમુદિ, શુદ્ધક્રિયા કૌમુદિ, નારાયણ ભટ્ટનાં પ્રયોગરત્નાકર, ત્રિઃસ્થલસેતુ અને શુદ્ધિ ચન્દ્રિકા, ચંડેશ્વરનાં સ્મૃતિરત્નાકર, ગૃહસ્થરત્નાકર, રાજનીતિ રત્નાકર, વ્યવહાર રત્નાકર, રણવીરસિંહનાં વ્રતરત્નાકર, જયસિંહનું વ્રતકલ્પદ્રુમ, કમલાકાર ભટ્ટનું દાનકમલાકર, વ્રતકમલાકર, ધર્મ કમલાકર, નિર્ણયસિન્ધુ તેમજ વિજ્ઞાનેશ્વર ની મિતાક્ષરા, અપરાર્કના અધિકાંશ ભાગોનો મૂળ આધાર આ મહાપુરાણ જ છે.

પ્રસ્તુત ખંડમાં કુલ ૨૦૮ અધ્યાયો છે. નારદપુરાણમાં ભવિષ્યપુરાણની જે સૂચિનો ઉલ્લેખ છે, તે પ્રમાણે આ પર્વ ખરૂં ઉતરે છે. તેમજ ધર્મમાં આસ્થા રાખનાર લોકો માટે આ ખૂબ જ ઉપયોગી છે. આ પર્વ ધર્માધિકારીઓને માટે એક ચુનોતી સમાજ છે. આ પુરાણનું વ્યવસ્થિત અધ્યયન કરનાર વ્યકિત, ન માત્ર સુખમય જીવન જ વ્યતીત કરે છે, અપિતુ પોતાની ભાવી પેઢીને પણ સન્માર્ગ તરફ લઈ જવાનો માર્ગ પ્રશસ્ત કરે છે. આ ખંડમાં વ્રત–નિરૂપણનાં પ્રસંગમાં ક્રમશઃ તિલક, અશોક, કોકિલા, વૃહત્તપા, જાતિસ્મર, યમદ્વિતીયા, તૃતીયા, ગણેશદ્વાદશી, ત્રયોદશી, અનંગત્રયોદશી, ચતુર્દશી, પાલી, રંભા, આગ્નેયી, શ્રવણિકા, ફલત્યાગ, પૂર્ણિમા, વટસાવિત્રી, પૂર્ણમનોરથ, અનન્ત, નક્ષત્રપુરૂષ, સમ્પૂર્ણ, વૈશ્યા, શનેશ્ચર, આરોગ્યકરસૌર, ભદ્રા, દેવપૂજા, સત્યેશ, કાંચનપુરી અને કૌમુદિ ઈત્યાદિ વ્રતો તેમજ ઉત્સવોનું વિસ્તૃત વર્ણન છે. પૂણ્યાર્જનની દૃષ્ટિએ અનેક પ્રકારના દાનોનું વિવરણ ભવિષ્યપુરાણમાં છે. આજ ક્રમમાં પુરાણકારે ક્રમશઃ અગત્સ્યાર્ધ્ય, ચન્દ્રાર્ધ્ય, વૃષોત્સર્ગ, કલાત્મક, જલધેનુ, સહસ્રગોદાન, કપિલા, મહર્ષિ, અવી, ભૂમિ, હલપંકિત, અપાક, ગૃહ, અન્ન, સ્થાલી, દાસી, પ્રપા, અગ્નિષ્ટિકા, વિદ્યા, તુલાપુરૂષ,

હિરણ્યગર્ભ, બ્રહ્માંડ, અશ્વકાલપુરૂષ, સપ્તસાગર, મહાભૂત, શય્યા, આત્મપ્રાકૃતિક, વિશ્વચક્ર, વરાહ, તેમજ પર્વત આદિ અનેક દાનોનું, તેની વિધિ સાથે નિરૂપણ છે. આમ, ભવિષ્યપુરાણ એક વિશાળ ગ્રન્થ છે. આમાં અસંખ્ય વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પુરાણ તો ભારતીય જ્ઞાન–વિજ્ઞાન કોશ છે. વેદોની વ્યાખ્યા સમાન છે, વિદ્યાનું તો માનો કે મૂર્તિમંત સ્વરૂપ છે. ભવિષ્યપુરાણ ભૂત અને ભવિષ્યની ઐતિહાસિક ઘટનાઓ, ભાષા, સાંસ્કૃતિક, કળા, રાજનીતિ, ખગોળ, ભૂગોળ તેમજ અનન્ત શાસ્ત્રોનો ભંડાર છે.

આમ, ભવિષ્યમહાપુરાણ અનેકવિધ રીતે પોતાનું મહત્વ ધરાવે છે. જેમાં વિજ્ઞાન–જ્ઞાન– ઈતિહાસ–વિદ્યા જેવાં ક્ષેત્રો મહત્વના છે. તેથી જ ખૂબ જ લાંબા સમય સુધી આ પુરાણ જન–સામાન્યનાં હૃદયમાં શતકો સુધી એકચક્રી શાસન સ્થાપવામાં સફળ રહ્યુ છે અને કદાચ તેથી જ  દેશ–વિદેશનાં ઈતિહાસકારો અને વિદ્વાનોએ પણ આ મહાપુરાણની ખૂબ ખૂબ પ્રશંસા કરી છે અને તેનો ભરપુર ઉપયોગ પણ કર્યો છે. જેમ ભગવાન શિવ અનાદી છે તેમ એક શૈવપુરાણ તરીકે 'ભવિષ્યમહાપુરાણ' પણ પોતાની પ્રાચીનતા દર્શાવતા પોતાનાં શૈવપુરાણ હોવાની સાર્થકતા જાણે રજૂ કરતું હોય તેવું ભાસે છે. જેમ આજ સુધી ભવિષ્યપુરાણ લોકોનું માર્ગદર્શન કરતું આવ્યું છે તેમ આવનારા સમયમાં પણ ભવિષ્યપુરાણ જન–સામાન્યનું માર્ગદર્શન કરતું રહેશે અને વિશેષતઃ આધુનિકકાળમાં, કારણકે આ પુરાણનું નામ જ છે 'ભવિષ્યપુરાણ' તેથી આ પુરાણની સૌથી વધુ ઉપયોગિતા આધુનિક કાળમાં જ છે.

## ૩.૩ માર્કન્ડેયપુરાણ :

પુરાણોમાં માર્કન્ડેયપુરાણ પોતાનું એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેનું મુખ્યકારણ છે કે આ પુરાણમાં ૧૩ અધ્યાયોમાં (૮૧ થી ૯૨) દેવી માહાત્મ્ય નો ખૂબ જ મહત્વનો અંશ સમાવિષ્ટ છે. વૈદિકકાળથી લઈને આધુનિકકાળ સુધી હંમેશા દેવીપૂજકોની એક વિશિષ્ટ પરંપરા સમાજમાં અસ્તિત્વ ધરાવે છે. તેમજ દેવીમાં જન સામાન્યની આસ્થા હંમેશા બની રહેલ છે. આ પુરાણમાં દેવીનાં ત્રિવિધ રૂપોનું – મહાકાળી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીનાં ચરિત્રનું ખૂબ જ વિસ્તારથી વર્ણન છે. આ વિસ્તૃત આખ્યાનથી અતિરિકત મન્વન્તરોનું વિસ્તૃત વિવરણ આ પુરાણનું વૈશિષ્ટ્ માની શકાય.

ઔત્તમમનુનું વર્ણન ૬૯ અધ્યાય થી ૭૩ અધ્યાય સુધી, તામસનું ૭૪માં, રૈવતનું ૭૫માં, ચાક્ષુષનું ૭૬માં, વૈવસ્વતનું ૭૭ થી ૭૯માં, તેમજ સાવર્ણિનું ૮૦ થી ૯૩ અધ્યાય સુધી છે. તેમજ દેવીમાહાત્મ્ય અથવા સપ્તશતી સાવર્ણિ મન્વન્તરનાં વર્ણન સમયે પ્રસ્તુત થયું છે. આમાં પુરાણનાં પંચલક્ષણનું વિવરણ પ્રાયઃ ઉપલબ્ધ થાય છે. માર્કન્ડેય (અધ્યાય–૪૭) સૃષ્ટિવર્ણન માટે વિષ્ણુ અવતારનું અઘમર્ષણ છે. આ પુરાણમાં વૈદિક ઈષ્ટિઓનાં મહત્વની પણ ચર્ચા અને સૂચન છે. ઉત્તમે મિત્રવૃન્દા નામક ઈષ્ટિદ્વારા પોતાની પરિત્યકતા પત્નીને પાતાળ લોકથી પ્રાપ્ત કરી અને સરસ્વતી ઈષ્ટિ દ્વારા તે નાગકન્યાના મુંગાપણાને પણ દૂર કર્યુ, જે આની પત્નિ સાથે રહેવાથી પિતા દ્વારા શાપિત થવાથી મુંગી થઈ હતી. સારસ્વત સૂકતોનાં જપ હોવાને લીધે આ ઈષ્ટિ 'સરસ્વતી ઈષ્ટિ' નામે ઓળખાય છે. માર્કન્ડેયપુરાણનો આરંભ તો મહાભારત સંબંધિત ચાર પ્રશ્નોના સમાધાન સ્વરૂપે થાયો છે, પરંતુ આશ્રમધર્મ, રાજધર્મ, શ્રાદ્ધ, નરક, કર્મવિપાક, સદાચાર, યોગ (દત્તાત્રેય દ્વારા અલર્કને ઉપદિષ્ટ) નાં વિવરણ આપવામાં વિશેષ આગ્રહ દેખાય છે. આ પુરાણમાં વિદ્વાનોએ ત્રણ સ્તરોને શોધી કાઢયાં છે–

(૧) અધ્યાય ૧ થી ૪૨ જયાં વકતાના રૂપમાં પક્ષીઓ છે.

(૨) ૪૩ અધ્યયાયથી લઈને અંતસુધી જેમાં માર્કન્ડેય અને તેના શિષ્ય કૌષ્ટુકીનો સંવાદ છે.

(૩) સપ્તસતી (અધ્યાય ૮૧ થી ૯૩) આ જ ખંડમાં એક સ્વતંત્ર અંગ મનાય છે.

આ ત્રણે પરસ્પર સંબધ હોવા છતાં એકત્રિત રૂપે સન્નિવિષ્ટ છે. આ પુરાણને

નિબન્ધકારોએ  વિવિધ રીતે પ્રસ્તુત કર્યુ છે. વિદ્વાનોએ આ પુરાણમાંથી વિવિધ ઉદ્ધારણો એકત્રિત કર્યા છે. જેમ કે કલ્પતરૂ એ મોક્ષનાં પ્રસંગમાં આ પ્રસંગથી લગભગ ૧૨૦ શ્લોક યોગ વિષયક ઉદ્ધત કર્યા છે. જે પ્રચલિત પુરાણમાં મળે છે. અપરાર્કે ૮૫ ઉદ્ધરણ આપ્યાં છે. જેમાંથી ૪૨ યોગ વિષયક તેમજ અન્ય દાનાદિ વિષયક છે. માર્કન્ડેય પુ.ના અ. ૫૪માં (બ્રહ્માંડની જેમજ) કથન છે કે સહ્યપર્વતની ઉત્તર દિશામાં ગોદાવરી સમીપનો દેશ જગત્‌માં સર્વાધિક મનોરમ છે. લેખકની દષ્ટિએ આ પુરાણમાં આ પુરાણનાં ઉદ્‌ગમસ્થળ નાં વિષયમાં આ સંકેત માની શકાય તેમ છે. પ્રાચિન પુરાણોમાં આ પુરાણ અનન્ય મનાય છે. તેમજ વિષય પ્રતિપાદનની દષ્ટિએ પર્યાપ્ત માત્રામાં નૂતન તથ્યોંનું વિવરણ પ્રસ્તુત થયું છે.

આ પુરાણને ગુપ્તકાલીન માનવાથી કોઈ જ આપત્તિ નહી આવે. જોધપુરથી ઉપલબ્ધ દધિમતી માતાના શિલાલેખમાં 'सर्वमंगल माङ्गल्ये' સપ્તશતીનો પ્રખ્યાત શ્લોક ઉદ્‌ધૃત છે. આનો સમય ૨૮૯ અપાયો છે. જેને ભંડારકર ગુપ્ત (ઈ.સ. ૬૦૮) કાલીન સમય મનાય છે. પરંતુ મિરાશી આને જ તેથી ભિન્ન ભાટિક કાલીન નિર્દેશ માનીને આનો સમય ઈ.સ. ૮૧૩ માને છે.[૨૭] જે કંઈપણ હોય આ પુરાણ ૬૦૦ ઈ.સ. થી પ્રાચીનતર છે અને ૪૦૦–૫૦૦ ઈ.સ.ની મધ્યભાગનું માનવું જોઈએ. દેવીના ત્રણ ચરિત્રોનું વર્ણન દેવી ભાગવતમાં પણ આવે છે. (સ્કન્ધ–૫, ૩૨ અ) આ બન્ને તુલનાત્મક સમીક્ષાથી એ પ્રતિત થાય છે કે માર્કન્ડેયપુરાણનું દેવી મહાત્મ્ય (સપ્તશતી) દેવીભાગવતનાં આ વિષયક વિવરણથી નિઃસન્દેહ પ્રાચીન છે. દેવી ભાગવતનું વિવરણ સપ્તશતીની ઉપર વિશેષરૂપેણ આધારિત છે.[૨૮] અન્યાન્ય પુરાણોમાં આની શ્લોક સંખ્યા ૧૦૦૦ બતાવાઈ છે.[૨૯] જયારે માર્કન્ડેયપુરાણના હિન્દી સાહિત્ય સમ્મેલન–પ્રયાગથી પ્રકાશિન સંસ્કરણની વાસ્તવિક શ્લોક સંખ્યા ૬૪૩૯ છે. ગ્રન્થ પરિમાણની દષ્ટિએ આને વામનપુરાણ સમાન માની શકાય. જેની શ્લોક સંખ્યા ૬૦૦૦ છે. પરંતુ ધ્યાન રહે આ શ્લોક સંખ્યા વામનપુરાણમાં પૂર્વાર્ધની જ માત્ર છે. સમ્પૂર્ણ ગ્રન્થ ૧૦,૦૦૦ શ્લોકોમાં હતો. જેમાંથી ઉતરભાગ લુપ્ત થઈ ગયો છે. આમ ગ્રન્થપરિમાણની દષ્ટિએ માર્કન્ડેયપુરાણ સૌથી નાનુ છે. આ પુરાણના વક્તા માર્કન્ડેયઋષિ છે. જે મૃકન્ડુના પુત્ર હતાં.[૩૦] શરૂઆતમાં તેઓ અલ્પાયુ હતાં, પરંતુ શિવ અને વિષ્ણુની આરાધનાથી તેઓએ દીર્ઘાયુ પ્રાપ્ત કરી દુર્જેય મૃત્યુને પણ જીતી લીધું હતું.[૩૧] તેઓ પશુપત શૈવધર્મનાં અનુયાયી હતાં. તેમને બૃહત્‌વ્રતધર જટિલ, (જટાધારી) તેમજ કમંડલુ, દંડ, યજ્ઞોપવિત, અક્ષસૂત્ર, મેખલા, કુશ, ભસ્મ, તેમજ વલ્કલ વસ્ત્ર એવં

કૃષ્ણાજિન ધારણ કરનારા કહેવાયા છે.[૩૨] ભાગવત તેમજ ગરૂડ પુરાણમાં તેને વિષ્ણુ–ઉપાસકના રૂપમાં પ્રદર્શિત કરાયા છે. વસ્તુતઃ શૈવ તેમજ વૈષ્ણવોનાં વાદ–વિવાદને સમાપ્ત કરીને તેમણે તે લોકોનાં મતોમાં સમન્વય સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો હતો. અને તે જ ઉદ્દેશ્યથી વિષ્ણુથી અનુમતિ લઈને તેના પ્રસિદ્ધ પુરૂષોત્તમ ક્ષેત્રમાં શૈવ, ભાગવત વિવાદ પ્રતિષેધક તેમજ શિવ વિષ્ણુ, એકત્વ પ્રતિપાદક શિવ મન્દિરની સ્થાપના કરી હતી.[૩૩] આ સમન્વયનાં પ્રયાસનાં ફળસ્વરૂપે જ હરિહર સમ્પ્રદાયની શરૂઆત થઈ. દેશના વિભિન્ન ભાગોમાંથી હરિહરની મૂર્તિઓ પ્રાપ્ત થઈ છે. જેનો અડધો ભાગ શિવ તેમજ અડધોભાગ વિષ્ણુનો છે. આ સંયુક્તમૂર્તિ 'વૃષણકપિ' નામથી પણ ઓળખાય છે.[૩૪]

**માર્કન્ડેય પુરાણની વિષયનુક્રમણી :–** નારદીય પુરાણ અધ્યાય ૯૮માં માર્કન્ડેયપુરાણની વિષયાનુંક્રમણી કંઈક આ પ્રમાણે છે.

**अथ ते सम्प्रवक्ष्यामि मार्कण्डेयाभिधं मुने ।**

**पुराणं सुमहत्पुण्यं पठतां श्रृण्वतां सदा ।।१।।**

**यत्राधिकृत्य शकुनीन्सर्वधर्मनिरूपणम् ।**

**मार्कण्डेयपुराणं तन्नवसाहस्रमीरितम् ।।२।।**

**मार्कण्डेयमुनेः प्रश्नो जैमिनेः प्राक्समीरितः ।**

**पक्षीणां धर्मसंज्ञानां ततो जन्मनिरूपणम् ।।३।।**

**पूर्वजन्मकथा चैषां विक्रिया याविदस्पतेः ।**

**तीर्थयात्रा बलस्याथ द्रोपदेयकथानकम् ।।४।।**

**हरिश्चन्द्रकथा पुण्या युद्धमाडीबकाभिधम् ।**

**पितापुत्रसमाख्यानं दत्तात्रेयकथा ततः ।।५।।**

**हैहयस्याथ चरितं महाख्यानसमन्वितम् ।**

**मदालसा कथा प्रोक्ता ह्यलर्कचरितान्विता ।।६।।**

**सृष्टिसंकीर्तन पुण्यं नवधा परिकीर्तितम् ।**

कल्पान्तकालनिर्देशो यक्षसृष्टि निरूपणम् ।।७।।

रूद्रादिसृष्टिरप्युक्ता द्वीपचर्यानुकिर्तनम् ।

मनूनां च कथा नाना कीर्तिताः पापहारिकाः ।।८।।

तासु दूर्गाकथात्यन्तं पुण्यदा चाष्टमेऽतरे ।

तत्पश्चात्प्रणवोत्पत्तिस्त्रयी तेजः समुद्भवा ।।९।।

मार्तण्डस्य च जन्माख्या तन्माहात्म्य समन्विता ।

वैवस्वतान्वयश्यापि वत्सप्रीश्चरितं ततः ।।१०।।

अनित्रस्य ततः प्रोक्ता कथा पुण्या महान्मनः ।

अविक्षिश्चरितं चैव किमिच्छव्रतकीर्तनम् ।।११।।

निरिष्यन्तस्य चरितं इक्ष्वाकुचरितं ततः ।।

नलस्य चरितं पश्याद्रामचन्द्रस्य सत्कथा ।।१२।।

कुशवंशसमाख्यानं सोमवंशानुकिर्तनम् ।।

पुरूरवः कथा पुण्या नहुषस्य कथाद्भुता ।।१३।।

ययातिचरितं पुण्यं यदुवंशानुकीर्तनम् ।।

श्रीकृष्णबालचरितं माथुरं चरितं ततः ।।१४।।

द्वारकाचरितं चाथ कथा सर्वावतारजा ।।

ततः सांख्यसमुद्देशः प्रपञ्चासत्वकीर्तनम् ।।१५।।

मार्कण्डेयस्य चरितं पुराणश्रवणे फलम् ।।

यः श्रृणोति नरो भक्त्या पुराणमिदमादरात् ।।१६।।

मार्कण्डेयाभिधं वत्स सलभेत्परमां गतिम् ।।

यस्तुव्याकुरूते चैतच्छैवं स लभते पदम् ।।१७।।

तत्प्रयच्छेल्लिखित्वा सः सौवर्णकरि संयुतम् ।।

**कार्तिक्यां द्विजवर्षाय स लभेद् ब्रह्मणः पदम् ।।१८।।**

**शृणोति श्रावयेद्वापि यश्चानुक्रमणीमिमाम् ।।**

**मार्कण्डेय पुराणस्य स लभेद्वाञ्छितं फलम् ।।१९।।**

નારદીય પુરાણમાં ઉલ્લિખિત ઉપર્યુક્ત વિષયોમાંથી ઈક્ષ્વાકુ ચરિતથી લઈ, માર્કન્ડેય ચરિત સુધીનાં વિષયોનો વર્તમાનકાલીક માર્કન્ડેયપુરાણમાં અભાવ છે. નારદીય પુરાણનાં સમયમાં આ સમસ્ત વિષય માર્કન્ડેયપુરાણમાં અવશ્ય હશે. જેને આગળ ચાલતાં કાઢી નખાયો હશે. આનાથી એક સંકેત એવો પણ મળે છે કે સમયે સમયે પુરાણોના અનેક સંસ્કરણો કરાયાં છે. જેમાં પ્રાચીન વિષયોનાં સંશોધન અને પરિમાર્જિન થયાં, નવાં વિષયોનો પણ સમાવેશ થયો, તેમજ તેનું સંક્ષિપ્તિકરણ પણ થયું.

## ❑ માર્કન્ડેયપુરાણનાં વૈષ્ણવ સંસ્કાર :–

આમ તો આ પુરાણ શૈવપુરાણ છે. કારણ કે આ પુરાણનાં વ્યાખ્યાતા માર્કન્ડેય શૈવ હતાં. પણ આગળ જતા જયારે ભાગવત ધર્મનું પુનરુત્થાન થયું હશે ત્યારે પુનઃ આ પુરાણનો વૈષ્ણવ સંસ્કાર થયો હોય તેવું ભાસે છે. ત્યારે ચતુર્વ્યૂહવાદનો સમાવેશ આમાં થયો હશે. આ પુરાણનો પ્રારંભ ભગવાન વિષ્ણુની વન્દનાથી થાય છે.

यद्योगिभिर्भवभयार्तिविनाशयोग्य मासाद्य वन्दितमतीव विविक्तचित्तैः ।
तद्वः पुनातुहरिपादसरोज युग्ममाविर्भवत्क्रम विलंघित भूर्भुवः स्वः ।।
पायात्स वः सकलकल्मषभेददक्षः क्षीरोदकृक्षिफणिभोग निविष्टमूर्तिः ।
श्वासावधूत सलिलोत्कणिकाकरालः सिन्धुः प्रनृत्यमिव यस्य करोति सङ्गात् ।।

**–मार्कण्डेयपुराण–१/१/२**

આ મહાપુરાણનાં પ્રારંભમાં જ જૈમિનિ મહામુનિ માર્કન્ડેયને પ્રશ્ન કરતાં વિષ્ણુને દેવોમાં શ્રેષ્ઠ કહે છે. (**त्रिदर्शना यथा विष्णुर्द्विपदां....... । मार्क.पु. १/४/१**) અહીં તેમણે પ્રશ્ન કર્યો કે, ભગવાન વિષ્ણુને નિર્ગુણ હોવા છતાં પણ કઈ રીતે મનુષ્યયોનિમાં જન્મ ગ્રહણ કર્યો ? **'कस्मान् मानुषतां प्राप्तो निर्गुणोऽपि जनार्दनः' मार्क.पु.–१/१३/१.** આ પ્રશ્નનાં ઉત્તરમાં માર્કન્ડેયમુનિ ચર્તુવ્યૂહવાદનો આધાર લે છે. તેઓ આ સન્દર્ભમાં નારાયણ શબ્દની નિરૂક્તિ કરે છે.[૩૫] તેમજ સગુણ અને ર્નિગુણ રૂપવાળાએ ભગવાનને સંપૂર્ણ જગતને વ્યાપ્ત કરી, ચાર અવસ્થાઓમાં સ્થિત બતાવે છે.[૩૬] તેમનું પ્રથમરૂપ

અનિર્દેશ્ય ગુણાતીત પ્રકાશરૂપ અને સર્વવ્યાપક છે. તેમનું આ રૂપ વાસુદેવ નામ વાળું છે.[૩૭] બીજી શેષ નામની મૂર્તિ છે, જે ત્રિયકત્વ થી યુક્ત છે અને તામસી કહેવાય છે. પોતાનાં મસ્તક ઉપર પૃથ્વીને ધારણ કરતી છે.[૩૮] ત્રીજી મૂર્તિ ધર્મનું સંસ્થાપન કરનારી તેમજ સત્વગુણ સંપન્ન છે. તે કર્મ નિરત હોવા છતાં પ્રજા પાલનમાં તત્પર છે.[૩૯] તે પ્રદ્યુમ્ન નામથી ઓળખાય છે.[૪૦] ચતુર્થમૂર્તિ સર્પશય્યા પર આશ્રિત થઈને જળમધ્યે શયન કરે છે, જે રજોગુણ સમ્પન્ન હોવા ઉપરાંત સૃષ્ટિનું નિર્માણ કરે છે.[૪૧] આ મૂર્તિનું નામ માર્કન્ડેય પુરાણમાં નથી મળતું. શ્રીમદ્ ભાગવતમાં તેને અનિરૂદ્ધ કહેવાય છે.[૪૨] ચતુર્વ્યૂહ સિદ્ધાન્તાન્તર્ગત વાસુદેવ, સંકર્ષણ, (શેષ), પ્રદ્યુમ્ન તેમજ અનિરૂદ્ધને ક્રમશઃ ચિત્ત, અહંકાર, બુદ્ધિ તેમજ મનનાં પ્રતિક મનાયા છે. ઉપર્યુક્ત વિવેચનથી માર્કન્ડેયપુરાણનાં વૈષ્ણવ સંસ્કાર થયાં હોવાનું સિદ્ધ થાય છે.

## ❑ માર્કન્ડેયપુરાણની વકતૃ–શ્રોતૃ પરંપરા એવં રચનાસ્થલી :

માર્કન્ડેયપુરાણને માર્કન્ડેયમુનિએ સ્વયંભૂ બ્રહ્મા થી મેળવી[૪૩] કૌષ્ટુકિને ઉપદેશિત કર્યુ હતું.[૪૪] તે સમયે પક્ષિઓએ પણ તે કથા સાભંળી લીધી હતી.[૪૫] જે કાળાન્તરે તેઓએ જૈમિનિને કહી.[૪૬] આ પુરાણની રચનાસ્થલી વિન્ધ્યપર્વત છે,[૪૭] જેની રેવા તટ પર સ્થિત એક કન્દરામાં[૪૮] નિવાસ કરનારા પક્ષિઓએ આ કથા જૈમિનિને સંભળાવી હતી.

**–માર્કન્ડેયપુરાણનો સમય :** જોધપુરમાં પ્રાપ્ત દધિમતિ માતાનાં શિલાલેખમાં આ પુરાણ (સપ્તશતી) નો પ્રસિદ્ધ શ્લોક લખેલો છે–

**सर्व मङ्गलमाङ्गल्ये शिवे सर्वार्थसाधिके ।**

**शरण्येत्र्यम्बके गौरि नारायणि नमोऽस्तुते ।। (मार्क.पु.–८८/९)**

આ અભિલેખ પર સં. ૨૮૯ ઉત્કીર્ણ છે. જે ભંડારકર અનુસાર ગુપ્ત સંવત છે. આમ આ અભિલેખનો સમય ૨૮૯+૩૧૯=૬૦૮ ઈ.સ. નિશ્ચિત કરી શકાય. સ્પષ્ટતઃ આ સમયમાં સપ્તશતીનો વ્યાપક પ્રચાર થઈ રહ્યો હશે. તેથી જ માર્કન્ડેયપુરાણ નિશ્ચિતપણે ઈ.સ. ૬૦૦ પૂર્વની રચના છે.

વરાહમિહિરે માતૃકા નિર્માણ માટે આ પુરાણની માન્યતા આધાર રૂપે સ્વીકૃત કરી

છે. તેથી નિશ્ચિત જ વારાહમિહિર પંચમશતાબ્દી ઈ.સ. પહેલાં જ આ પુરાણ પ્રતિષ્ઠિત થઈ ચૂકયું હતું. ડો. વાસુદેવશરણ અગ્રવાલ અનુસાર યારકન્દ નદી થી લઈ ગોદાવરી સુધી તેમજ મેરૂ (પામીર) થી લઈ દક્ષિણ–પૂર્વ સમુદ્રતટ ઉપર સ્થિત મન્દરાચલ સુધીનો ભૌગોલિક વિસ્તાર માર્કન્ડેયપુરાણની દૃષ્ટિમાં આવ્યો છે, જે ગુપ્ત રાજ્યનો સૂચક છે. પદ્મિની વિદ્યા, જેમાં ધનનાં આદર્શોનું વર્ણન છે. વસ્તુતઃ ગુપ્તકાલીન સમૃદ્ધિનું દ્યોતક છે.[૪૯] આનો સમાવેશ તેમજ ઉપર્યુક્ત ભૌગોલિક ક્ષેત્રનો પરિચય માર્કન્ડેયપુરાણને ગુપ્તકાલીન રચના સિદ્ધ કરે છે. પંચલક્ષણની દૃષ્ટિએ પણ આ પુરાણમાં સર્ગ (અધ્યાય ૪૨,૪૪,૪૬,૧૦૧) પ્રતિસર્ગ (અ.૪૨),વંશ તેમજ રાજવંશાનુચરિત(અ.૧૦૧થી આગળ) નું વર્ણન તો છે જ. મન્વન્તર વર્ણન (અ.૪૩, ૫૦, ૬૪, ૬૬, ૭૧–૭૪, ૭૬, ૭૭, ૯૧, ૯૬) માં અતિ વિસ્તૃત છે. આમ, આ પુરાણ પંચ લક્ષણોમાં પણ ખરૂં ઉતરે છે. માર્કન્ડેય પુરાણની રચના ત્રણ સ્તરોમાં થઈ છે–

(૧) અધ્યાય ૧ થી ૪૨ સુધી – જેનાં વક્તા પક્ષીઓ છે.

(૨) અધ્યાય ૪૩ થી અંત સુધી – જેના વક્તા શ્રોતા માર્કન્ડેયઋષિ તેમજ કૌષ્ટુકી છે.

(૩) સપ્તશતી (અધ્યાય ૮૧–૯૩) જે સ્વતન્ત્ર અંશ છે.

આ પુરાણનાં ચાર પ્રકરણો અતિમહત્વપૂર્ણ છે.

(૧) ભુવનકોશ (અધ્યાય – ૫૦ થી ૫૭)

(૨) હરિશ્ચન્દ્રોપાખ્યાન (અધ્યાય – ૭ થી ૯)

(૩) મદાલસા રચિત (અધ્યાય – ૧૮ થી ૩૩)

(૪) દેવી–માહાત્મ્ય (અધ્યાય – ૭૮ થી ૯૦)

ઉપરોકત વિભાગોને થોડા વિસ્તારથી જોઈએ તો :

**(૧) ભુવનકોશ :** ભુવનકોશ પુરાણોનું એક મહત્વપૂર્ણ પ્રકરણ છે. વાયુપુરાણની જેમ જ માર્કન્ડેયપુરાણનું ભુવનકોશ પણ અત્યન્ત વિસ્તૃત અને મહત્વપૂર્ણ છે. જેથી

માત્ર ભારતવર્ષ જ નહીં, અપિતુ પ્રાચીન વિશ્વની ભૌગોલિક સ્થિતિ પર પણ વિશિષ્ટ પ્રભાવ પડે છે. ડો. વાસુદેવ શરણ અગ્રવાલ અનુસાર માર્કન્ડેયપુરાણનો ભુવનકોશ વાયુ આદિ પ્રાચીન પુરાણો પર જ આધારિત છે. આ પ્રકરણ પર વધુમાં વધુ સંશોધનની આવશ્યકતા છે.

(૨) **હરિશ્ચન્દ્રોપાખ્યાન :** માર્કન્ડેયપુરાણમાં ઐતરેયબ્રાહ્મણનાં મિથ્યાવાદી તેમજ વરૂણને છેતરનાર હરિશ્ચન્દ્રની જગ્યાએ સત્યવ્રતી હરિશ્ચન્દ્રની કથા વર્ણિત છે. જે સત્યને જ પરમધર્મ માનતા હતાં. કારણ કે સત્યમાં જ સર્વ પ્રતિષ્ઠિત છે.

**सत्यं चोक्तं परोधर्मः स्वर्गः सत्ये प्रतिष्ठितः ।**[५०]

વસ્તુતઃ હરિશ્ચન્દ્ર એક આદર્શ રામ છે. જે એકલાં સ્વર્ગ નથી જવા માંગતા, તે રાજાનાં પુણ્યમાં સમ્પૂર્ણ પ્રજાની ભાગીદારી માને છે અને કહે છે કે–

**यदि ते संहिताः स्वर्गं मया यान्ति सुरेश्वर ।**

**ततोऽहमपि यास्यामि नरकं वापि तैः सह ।।**[५१]

માર્કન્ડેયપુરાણમાં રાજા હરિશ્ચન્દ્રનું ઉપાખ્યાન અત્યન્ત રોચક તેમજ પ્રભાવશાળ ી રૂપમાં પ્રસ્તુત થયું છે. વિશ્વામિત્ર દ્વારા કઠોર પરીક્ષા લેવા છતાં પણ તેઓ ધર્મથી વિચલિત નથી થયાં. ત્યાગ–તિતિક્ષા એવં ક્ષમાનું આવું ઉદાહરણ અન્યત્ર દુર્લભ છે. આ આખ્યાનથી નિશ્ચિતરૂપે જનસામાન્યને સત્ય તેમજ ધર્મનાં રસ્તે ચાલવાની પ્રબળ પ્રેરણાં મળી શકે છે.

(૩) **મદાલસા ચરિત :** મદાસલા ગન્ધર્વરાજા વિશ્વાવસુની પુત્રી હતી. (માર્ક.પુ.–૧૯/૨૮) વ્રજકેતુ દાનવનાં પુત્ર પાતાલકેતુ એ તેનું હરણ કર્યુ હતું. (માર્ક.પુ.–૧૯/૨૯–૩૦) રાજા શત્રુજિતનાં પુત્ર કુવલયાશ્વ (ઋતધ્વજે) દાનવનો વધ કરી અને મદાલસા સાથે વિવાહ કર્યા, અને દાનવસેનાને પરાસ્ત કરી. પતિના મૃત્યુનાં ખોટા સમાચાર મેળવીને મદાસલાએ પ્રાણ ત્યાગ કર્યો. પત્નિથી વિયુક્ત થવાથી ઋતધ્વજે કોઈ અન્ય સ્ત્રીથી વિવાહ ન કરવાનો નિર્ણય કર્યો. કાળાન્તરે નાગરાજની સહાયતાથી મૃતમદાલસા જીવિત થઈ અને તેણે પુનઃ ઋતધ્વજને પ્રાપ્ત

કર્યો. સમય–મસય પર મદાલસાએ વિક્રાન્ત, સુબાહુ, શત્રુમર્દન તેમજ અલર્ક નામક પુત્રોને જન્મ આપ્યાં. બધાં જ પુત્રોને મદાલસાએ ઉચિત ઉપદેશ આપ્યો. જેના પરિણામે તેઓ મહાન જ્ઞાની બન્યા. આ પુત્રોમાં અલર્ક પ્રમુખ રૂપે ઉલ્લેખનીય છે. જેને માતાએ વિશેષરૂપે શિક્ષિત કર્યો હતો. મદાલસાના આ પુત્રને દત્તાત્રેયે પણ શિક્ષા આપી હતી. જેથી તે વિશેષ જ્ઞાની બન્યો. આ પુત્રોનાં ઘડતરમાં મદાલસાની મહત્વપૂર્ણ ભૂમિકા રહી. મદાલસાનું આ ચરિત્ર નારી માત્રને માટે અનુકરણીય આદર્શ છે.

(૪) **દેવી માહાત્મ્ય :** દેવી માહાત્મ્ય માર્કન્ડેયપુરાણનો અતિ મહત્વપૂર્ણ ભાગ છે. આ સપ્તશતી નામથી પણ પ્રસિદ્ધ છે. દેવી માહાત્મ્યનું બીજ દુર્ગા તત્વ છે. જે જગતમાં ચેતના રૂપે વ્યાપ્ત છે, તેનો તે આધાર છે. અને તેના કાર્ય વ્યાપારનું મૂળ કારણ છે. સૃષ્ટિની આદિમાં વિષ્ણુનાં નાભિકમળ પર સ્થિત પ્રજાપતિ બ્રહ્માને વિષ્ણુના કાનના મેલથી ઉત્પન્ન મધુ કૈટભ નામક અસુર મારી નાખવા માટે ઉદ્યત થયાં. બ્રહ્માએ ભગવાન જનાર્દનને સુતા જોઈ તેને જગાડવા માટે તેના નેત્રોમાં નિવાસ કરનારી યોગનિદ્રાનું સ્તવન કર્યુ. (માર્ક. ૭૮/૫૦–૫૨) તે મહામાયાએ પ્રગટ થઈને એકાર્ણવમાં શેષશૈયા પર શયન કરતાં ભગવાન જનાર્દનને જગાવી દીધાં, અને તેમણે મધુ–કૈટભ નામક અસુરોનો વધ કર્યો. તદન્તર બ્રહ્માજી સૃષ્ટિ–કાર્ય સમ્પન્ન કરી શકયા. (માર્ક. ૭૮/૬૯–૭૭).

મધુ–કૈટભની નાની કથા પછી મહિષાસુરની કથા આવે છે. મહિષાસુર દેવતાઓને જીતીને ઈન્દ્ર બની ગયો હતો. (માર્ક ૭૯/૨) પરાજિત દેવગણ ત્રિદેવ (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ) નાં શરણે ગયા. બ્રહ્મા, વિષ્ણુ તેમજ શંકર અને ઈન્દ્રાદિ દેવોનાં શરીરથી મહાન તેજ નિકળ્યું, જે મળીને એક થઈ ગયું. તે તેજપુંજ દેવી સ્વરૂપે પરિણિત થઈ ગયો. દેવતાઓએ જય જયકાર કરતાં દેવીને પોતપોતાનાં આયુધો પ્રદાન કર્યા. દેવીએ મહિષાસુરનો વધ કરીને દેવોનાં કષ્ટનું નિવારણ કર્યુ. આ કથા માર્કન્ડેય પુરાણનાં બે અધ્યાયો ૭૯–૮૦માં વર્ણિત છે. તત્પશ્ચાત્ શુમ્ભ–નિશુમ્ભ વધનું આખ્યાન છે. મહિષાસુરની જેમ જ શુમ્ભ–નિશુંભે પણ ઈન્દ્ર સહિત તમામ દેવતાઓને પરાજિત કરીને તેનો યજ્ઞભાગ પણ પડાવી લીધો. તિરસ્કૃત દેવગણ તે અપરાજિતા દેવીનાં શરણે ગયાં.

દેવોની પ્રાર્થનાથી પ્રસન્ન થઈ તે દેવીએ શુમ્ભ–નિશુમ્ભનો સેના સમેત વધ કર્યો. આ અખ્યાન ખૂબ જ વિસ્તૃત (૮૧ થી ૮૭) સાત અધ્યાયોમાં વર્ણિત છે. આગળ ૮૮માં અધ્યાયમાં દેવતાઓ દ્વારા કરાયેલ દેવીની સ્તુતિ તેમજ દેવી દ્વારા તેને અપાયેલ આશ્વાસનનો ઉલ્લેખ છે. ૮૯માં અધ્યાયમાં રાજા સુરથ અને વૈશ્ય દ્વારા દેવીની આરાધનાનું વર્ણન છે. જેને અંબિકાએ મનોવાંછિત વરદાન આપ્યું. આમ માર્કન્ડેય પુરાણાન્તર્ગત દેવી માહાત્મ્યનું સમાપન થાય છે. દેવી માહાત્મ્યની ઉપર્યુક્ત કથાઓ પ્રતિકાત્મક છે, તેમજ તેનો પ્રતીકાર્થ અત્યન્ત ગહન છે. તેની વ્યાખ્યાને માટે સ્વતન્ત્રરૂપે વિસ્તૃત અધ્યયનની આવશ્યકતા પડે. તેથી ડો. વાસુદેવશરણ અગ્રવાલની દેવી માહાત્મ્યની સાંસ્કૃતિક વ્યાખ્યા અત્યન્ત ઉપયોગી સિદ્ધ થાય તેમ છે.

## ❑ માર્કન્ડેયપુરાણમાં અદ્દ્ભૂત વિદ્યાઓનો સંદર્ભઃ–

આ પુરાણમાં અનેક અદ્દ્ભુત વિદ્યાઓ સંદર્ભિત છે. જેને સંક્ષેપમાં જોઈએ તો–

(૧) **અનુલેપન વિદ્યાઃ–** અનુલેપન વિદ્યા એક એવા વિશિષ્ટ પાદ લેપનનો સંકેત છે કે જેનો પગ પર લેપ કરવાથી અડધા દિવસમાં જ એક હજાર યોજન યાત્રા કરવાની શકિત આવી જાય છે. માર્કન્ડેયપુરાણમાં વરૂણા નદીનાં તટે અરૂણાસ્પદ નગરમાં રહેનારા એક આવા બ્રાહ્મણનો ઉલ્લેખ છે, જે સંપૂર્ણ પૃથ્વીને જોવા માટે ઉત્સુક હતો. એક દિવસ તેને ત્યાં વિવિધ ઔષધિઓને જાણનાર, તેનો પ્રભાવ જાણનાર, તેમજ મન્ત્રવિદ્યામાં પ્રવિણ એક અતિથિ આવ્યા. બ્રાહ્મણની દેશ–દર્શનની ઈચ્છા જાણી તેણે ઔષધિ નિર્મિત એક લેપ તેના પગ પર લગાવી દીધો, નિર્દિષ્ટ દિશાને અભિમન્ત્રિત કરી દીધી. જેથી તે બ્રાહ્મણમાં અડધા દિવસમાં જ એક હજાર યોજન જવાની શકિત આવી ગઈ. આ લેપના પ્રભાવથી તે હિમાલય પર્વત પર પહોંચી ગયો. ત્યાં ફરીને તે હિમાલયની છટાને જોવા લાગ્યો. પરંતુ હિમ (બર્ફ) થી તેનો પાદ–લેપન ધોવાઈ જવાથી તે શકિત નષ્ટ થઈ ગઈ.[૫૨]

(૨) **સ્વેચ્છારૂપધારિણી વિદ્યા :** આ વિદ્યાના જ્ઞાતાને યથેષ્ટ રૂપ ધારણ કરવાની શકિત મળી જાય છે. કન્ધર દ્વારા વિદ્યુતરૂપ રાક્ષસનો વધ કરવા પર તેની પત્ની મદનિકાએ આ જ વિદ્યાનાં પ્રભાવથી સ્વરૂપ સૌવર્ણ રૂપ ધારણ કરી કન્ધરને

આત્મસમર્પણ કર્યુ હતું. તે સ્વેચ્છા રૂપધારિણી હતી.[૫૩] મહિષાસુરનું સ્વેચ્છાથી સિંહ, યોદ્ધા, મતંગ તેમજ મહિષરૂપ ધારણ કરવું પણ આ વિદ્યાનો જ પ્રભાવ છે.

**(૩) અસ્ત્રગ્રામહૃદય વિદ્યાઃ** આ વિદ્યા અસ્ત્રોનાં રહસ્યનું જ્ઞાન કરાવી દે છે. જેથી અનાયસે જ શત્રુ પરાજિત થઈ જાય છે. ઈન્દીવર નામક વિદ્યાધરની પુત્રી મનોરમાએ આ વિદ્યા સ્વારોચિષ્‌ને આપી હતી. (માર્ક.૬૦/૨૩–૨૮) માર્કન્ડેય પુરાણમાં આ વિદ્યાનો પરંપરાગત કંઈક આ મુજબ આપ્યો છે.

(૧) રૂદ્ર

(૨) સ્વાયંભૂમનુ

(૩) વશિષ્ટ

(૪) ચિત્રાયુધ (મનોરમાની માતાના પિતા)

(૫) ઈન્દીવર (મનોરમાના પિતા) અને

(૬) મનોરમા

**(૪) સર્વભૂત્‌ રૂત્‌ વિદ્યાઃ** આ વિદ્યાથી સમસ્ત જીવ–જન્તુની બોલિઓને સમજી શકાય છે. મન્દર વિદ્યાધરની કન્યા વિભાવરીએ આ વિદ્યા સ્વારોચિષ્‌ને આપી હતી.[૫૪]

**(૫) પદ્મિની વિદ્યાઃ** આ વિદ્યાનો જ્ઞાતા નિધિઓને વશમાં કરી લે છે. જેથી તેને કયારેય પણ ધનની ઉણપ નથી થતી. પારની પુત્રી કલાવતીએ આ વિદ્યા સતી (દક્ષપુત્રી) થી પ્રાપ્ત કરીને સ્વારોચિષ્‌ને આપી હતી.[૫૫] માર્કન્ડેયપુરાણનાં ૬૫માં અધ્યાયમાં પદ્મિની વિદ્યાની નિધિઓનું વર્ણન છે.

**(૬) રક્ષોઘ્ન વિદ્યાઃ** રક્ષોઘ્નમંત્રના વિધિવત પાઠ દ્વારા યજ્ઞોથી રાક્ષસોનું ઉચ્ચાટન કરાતું હતું.[૫૬]

આવી અનેક વિદ્યાઓનું વર્ણન માર્કન્ડેયપુરાણમાં છે. તદુપરાંત બીજી પણ ઘણી અદ્‌ભૂત વિદ્યાઓનો ઉલ્લેખ વિભિન્ન પુરાણોમાં મળે છે. જે વિષયમાં આચાર્ય બલદેવ

ઉપાધ્યાયનું કહેવું છે કે, 'પુરાણોમાં આવી વિદ્યાઓ આખ્યાનકોનાં પ્રસંગમાં વર્ણિત છે, જેનાં ઉપર આધુનિક માનવ પ્રાયઃ વિશ્વાસ નથી કરતો, પરંતુ તે યુગમાં તે સાચી હતી. તેમજ તેનો ઉપયોગ સામાન્ય માણસોની વચ્ચે પણ થતો હતો. પુરાણોનાં ગંભીર અભ્યાસ અને અુનશીલનથી આ વિદ્યાઓનાં સ્વરૂપનો પરિચય મળે છે. તેથી એમ કહી શકાય કે જો આ વિદ્યાઓને આવે સાકાર કરીએ તો આ વિજ્ઞાનયુગમાં આજે પણ ચમત્કાર બતાવી શકાય.[૫૭]

## ❑ માર્કન્ડેયપુરાણ પુરાણની વેદમૂલકતાઃ

આપણા સાહિત્યમાં સૌથી પ્રાચીન વેદ છે, જે વાત સર્વવિદિત છે. તેથી જ જેમ પિતાનાં લક્ષણો પુત્રને વારસામાં મળ તે ન્યાયે વેદ પછીનું તમામ સાહિત્ય વેદની છાપ ધરાવતું હોય છે એ વાત તર્ક સંગત છે. પરંતુ વૈદિક સાહિત્ય પછી જ તુરંત પૌરાણિક સાહિત્યની રચના થઈ હોવાથી, અને વેદોને જન–સામાન્ય સુધી પહોંચાડવાનાં ઉદ્દેશ્યથી પૌરાણિક સાહિત્યની રચના થઈ હોવાથી, પુરાણોમાં વેદનું વધુ માત્રામાં ઉપબૃહંણ છે. પુરાણોમાં પર્યાપ્ત માત્રામાં વૈદિક સામગ્રી વિદ્યમાન છે. આ તથ્ય પ્રાયઃ વિદ્વાનોને માન્ય પણ છે. માર્કન્ડેયપુરાણમાં વેદ–વિષયક સામગ્રી પ્રચૂરમાત્રામાં પ્રાપ્ત થાય છે. જે વિષય પર અત્રે સંશોધન થયું છે કે–

માર્કન્ડેયપુરાણનો પ્રારંભ પક્ષિઓના સંવાદથી થાય છે. ર્માકન્ડેય ઋષિએ જૈમિનિને તેમના પ્રશ્નોના ઉત્તર મેળવવા અને શંકાઓના સમાધાન માટે વિન્ધ્યપર્વત પર નિવાસ કરનારા પક્ષિઓ પાસે જવાનો નિર્દેશ આપ્યો. જૈમિનિએ ત્યાં જઈને માર્કન્ડેયપુરાણની કથા સાંભળી અને આમ તેમની શંકાઓનું સમાધાન થયું. આ પક્ષિઓના નામ હતાં. – પિંગાક્ષ, વિરોધ, સુમુખ અને સુપુત્ર. જે ઉચ્ચ કોટિનાં તત્વજ્ઞાની અને શાસ્ત્રોનાં નિષ્ણાંત હતાં. ઋગ્વેદ દશમમંડળના ૧૪૨માં સૂક્તનાં આઠેય મન્ત્રોનાં ઋષિ – જરિતા, દ્રોણ, સારિસૃકવ તેમજ સ્તમ્બમિત્ર નામનાં ચાર પક્ષિઓ જ છે. મહાભારત આદિપર્વમાં આને જ મન્દપાલઋષિનાં પુત્ર અને બ્રહ્મવાદી કહેવાયા છે. ઋગ્વેદનાં ઉપરોકત સૂક્તનાં દેવતા અગ્નિ છે. તાડ્યબ્રાહ્મણમાં સંપૂર્ણને અગ્નિનાં પ્રતિપાદક કહેવાયા છે. (यज्ञौ वै सुपर्णः कृत्वा चरित, ताण्ड्यब्राह्मण – ૧૪.૩.૧૦) સુપર્ણ દ્વારા સ્તુત હોવાથી જ અગ્નિસુપર્ણી છે.

સ્પષ્ટતઃ સુપર્ણ ચાર વેદોનું પ્રતિક છે. અને તેથી જ પક્ષિઓની સંવાદ યોજના પુરાણકારે કરી છે. જેનો ઉદ્દેશ્ય આ પુરાણની વેદમૂલકતા સિદ્ધ કરવાનો છે. માર્કન્ડેયપુરાણનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય દેવી માહાત્મ્ય છે. દૈવી તત્વ વસ્તુતઃ વૈદિક અગ્નિનું જ પર્યાય છે. દેવ્યથર્વશીર્ષ (૯)માં દુર્ગા દેવીને "વૈરોચની" કહેવાયા છે. વિરોચન અગ્નિનું નામ છે. આ જ મન્ત્રમાં વૈરોચની દુર્ગા દેવીને અગ્નિવર્ણા, જ્ઞાનદીપ્ત, કર્મફલદાત્રી અને અસુર સંહર્ત્રી કહેવાયા છે.

तामग्निवर्णां तपसा जवलन्तीं वैरोचनीं कर्मफलेषु जुष्टाम् ।
दुर्गां देवी शरणं प्रपद्यामहेऽसुरान्नाशयित्र्ये ते नमः ॥

અતઃ અગ્નિ જ કર્મફલ દાતા છે. અને દુર્ગા પણ કર્મયલદાત્રી છે. અતઃ અગ્નિ અને દુર્ગા માં સામ્ય મનાયું છે.

મુંડકોપનિષદ્ માં અગ્નિની દેવી સ્વરૂપા સપ્ત જિહ્વાઓ કાલી, કરાલી, મનોજવા, સુબોહિતા, સુધૂમ્રવર્ણા, સ્ફૂલિંગિની તેમજ વિશ્વરૂચિનો ઉલ્લેખ છે.[૫૮] શંકર આદિ ભાષ્યકાર આ શબ્દોની વ્યાખ્યા નથી કરતાં. આ ભાષ્યોનાં  ટીકાકાર પણ આ શબ્દોનાં અર્થો પર મૌન છે. માર્કન્ડેય પુરાણમાં આ જિહ્વાઓની વિશદ વ્યાખ્યા મળે છે. જે અત્યધિક મહત્વપૂર્ણ છે.

या जिह्वा भवतः काली कालनिष्ठाकरी प्रभो ।
तया नः पाहि पापेभ्य ऐहिकाच्च महाभयात् ॥
कराली नामया जिह्वा महाप्रलयकारणम् ।
तया नः पाहि पापेभ्य ऐहिकाच्च महाभयात् ॥
मनोजवा च या जिह्वा लघिमा–गुण लक्षणा ।
तया नः पाहि पापेभ्य ऐहिकाच्च महाभयात् ॥
करोति कामं भूतेभ्यो याते जिह्वा सुलोहिता ।
तया नः पाहि पापेभ्य ऐहिकाच्च महाभयात् ॥
सुधूम्रवर्णा या जिह्वा प्राणिनां रोगदायिका ।
तया नः पाहि पापेभ्य ऐहिकाच्च महाभयात् ॥

स्फुलिङ्गिनी च या जिह्वा यतः सकलपुद्गलाः ।

तया नः पाहि पापेभ्य ऐहिकाच्च महाभयात् ॥

याते विश्वसृजा जिह्वा प्राणिनां शर्मदायिनी ।

तया नः पाहि पापेभ्य ऐहिकाच्च महाभयात् ॥ [૫૯]

ઉલ્લેખનિય છે કે મુંડકોપનિષદ્ માં ઉલ્લિખિત વિશ્વરૂચિને અહિં વિશ્વસૃજા કહેવાયા છે. દ્રૌપદી નાં પાંચ પતી કેમ થયાં ? જૈમિનીનાં આ પ્રશ્નનાં ઉત્તરમાં પક્ષિઓએ કહ્યું કે પ્રથમ ઈન્દ્ર(તેજસ્)દ્વારા ત્વષ્ટાનાં પુત્રનાં વધને કારણે(માર્ક .પુ.–૫/૧), બીજું કે વૃત્રાસુરવધ કરવાથી (માર્ક.પુ.–૫/૧૦) અને ત્રીજું અહલ્યાનાં સતીત્વનું હરણ કરવાથી (માર્ક.પુ.–૫/૧૨) ઈન્દ્ર ધર્મ અને તેજ થી હીન થઈ ગયા. (માર્ક.પુ.–૫/૧૪) પરંતુ તેનાં જ તેજથી પાંચ પાંડવોએ જન્મ લીધો (માર્ક.પુ.–૫/૨૧–૨૩). ઈન્દ્રની પત્ની શચી એ જ કૃષ્ણા (દ્રૌપદી)નાં રૂપે અગ્નિ થી જન્મ લીધો હતો. અતઃ પાંચેય પાંડવ વસ્તુતઃ એક જ ઈન્દ્રના અલગ અલગ રૂપો હતા. અતઃ દ્રૌપદી એક માત્ર ઈન્દ્રની જ પત્ની હતી. નહીં કે પાંચ વિભિન્ન લોકોની.[૬૦]

ઉપર્યુકત પંચેન્દ્ર કલ્પનાનું સમર્થન મહાભારત (ઉદ્યોગપર્વ,૩૩–૧૦૩) પણ ' पाण्डोः पुत्राः पञ्च पञ्चेन्द्र कल्पाः' કહીને કરે છે. આનું પણ મૂળ વૈદિક છે. શતપથ બ્રાહ્મણમાં પંચપ્રાણોને જ ઈન્દ્ર કહેવાયા છે. ઈન્દ્ર ને કારણે જ પ્રાણો દ્વારા સંચાલિત ઈન્દ્રિયો 'ઈન્દ્રિય' એમ કહેવાય છે. `स सोऽयं मध्येप्राणः एष एवेन्द्रः, तान्येष प्राणान इन्द्रियेणैन्द्ध यदैन्द्र तस्यामिन्द्धः।रून्धो ह्वै यमिन्द्र इत्याचक्षते परोक्षम्' [૬૧] પ્રશ્નોપનિષદ્માં પણ પ્રાણને ઈન્દ્ર કહેવાયાં છે. 'इन्द्र स्वं प्राण....'[૬૨] આમ પંચ પ્રાણ જ પાંડવ છે. આ પંચપ્રાણ સ્થૂલવાક્નાં રૂપે જ અનુભવગમ્ય હોય છે. અતઃ દ્રૌપદી વાક્દેવી છે. પંચતત્વ અને પ્રકૃતિ અથવા પંચાહુતિ પ્રજાપતિ અને સૃજનશકિતનાં રૂપમાં પણ પાંચ પાંડવો (ઈન્દ્ર) તેમજ દ્રૌપદીની કલ્પના કરી શકાય. અનેક વૈદિક મન્ત્ર યા તો પુરાણો માં ઉદ્ધૃત થયાં છે, અથવા તેની વ્યાખ્યા કરવામાં આવી છે. મુંડકોપનિષદ્–૨.૨.૪ નાં મન્ત્ર 'प्रणवो धनुः' મન્ત્રની વ્યાખ્યામાં માર્કન્ડેય પુરાણ ૩૯.૭(૨) માં 'प्राणो धनुः' શ્લોક આવે છે.

માર્કન્ડેય પુરાણ માં સરસ્વતી સ્તોત્ર આવ્યું છે. ડૉ. વાસુદેવશરણ અગ્રવાલે તેની

સાંસ્કૃતિક વ્યાખ્યા કરતાં આને અનેક વૈદિક તત્વોનું પ્રતિપાદક માન્યું છે.[63] આ સ્તોત્ર ના શ્લોક ૩૩ અને ૩૪ મૂલતઃ ઋગ્વેદ નાં अस्य वामीय सूक्त–१/१६४/४२ માં ઉલ્લેખિત ક્ષર અને અક્ષર સિદ્ધાંત પર આધારિત છે. જેને ઉપનિષદ્ અને ગીતામાં પણ વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે. પંચભૂત ક્ષર છે, અને ચૈતન્ય પ્રાણશકિત અક્ષરઃ

क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ।[64]

માર્કણ્ડેયપુરાણ બ્રહ્મને અક્ષર અને વિશ્વને ક્ષર કહે છે.

अक्षरं परमं ब्रह्म जगच्चैतत्क्षरात्मकम् ।[65]

દેવી ભૂત અને પ્રાણ અર્થાત્ ક્ષર સંસાર અને અક્ષર કારણ બંને છે. ક્ષર પદાર્થોનું નિર્માણ પરમાણુઓથી થયું છે.[66] પરંતુ આ નિર્માણને માટે અક્ષર જ ઉત્તરદાયી છે.[67] અક્ષર અગ્નિનો પર્યાય છે, જેને પ્રાણ અને આદિત્ય પણ કહેવાયેલ છે. અક્ષર વસ્તુતઃ અગ્નિની શકિત છે, જેને વાક્ થી અભિહિત કરાયેલ છે. જેનું સંક્ષિપ્ત રૂપ ૐ (ઓમ્) છે.

ઓમ્ અ, ઉ, મ આ ત્રણ અક્ષરોથી બનેલ છે. આ પ્રાચીન ત્રિક્ સિદ્ધાંત નું દ્યોતક છે. માત્રાત્રય, લોકત્રય, વેદત્રય(ત્રયીવિદ્યા), અગ્નિત્રય(અગ્નિત્રય) त्रीणिजयोतीषि त्रिवर्गत्रयोगुणाः त्रयः शब्दाः (भूः भुवः स्वः ત્રણ વ્યાહૃતિઓ) त्रयोदोषाः, त्रयोआश्रमाः, कालत्रय, त्रयावस्थाः,[68] આ બધાં જ પ્રાચીન વૈદિક સૃષ્ટિવિદ્યાનાં સિદ્ધાન્તોનાં પ્રતીકો છે. જેનું પ્રતિપાદન બહુલતાથી થયું છે. જેને વ્યાખ્યાયિત કરવાની આવશ્યકતા છે. માત્રાત્રય વાસ્તવમાં અ, ઉ, અને મ આ ત્રણ અક્ષરોની વાચક છે. જેની વ્યાખ્યા ત્રણ છન્દો (ગાયત્રી,ત્રિષ્ટુપ અને જગતી) ત્રણ અગ્નિઓ (ગાર્હસ્પત્ય, દક્ષિણાગ્નિ, આહવનીય), વેદત્રયી (ઋક્,યજુ, સામ), ત્રણ ગુણો (સત્વ, રજસ્ ,તમસ્), અને ત્રણ દેવતાઓ (બ્રહ્મા, વિષ્ણુ, અને શિવ) ના રૂપમાં કરી શકાય. સરસ્વતી દેવીની કલ્પના માત્રાત્રય નાં રૂપમાં થઈ છે.

एतन्मात्रात्रयं देवि तवरूपं सरस्वति ।[69]

આ સંપૂર્ણ સૃષ્ટિ યજ્ઞમય છે. યજ્ઞિય પ્રૂયિા ને માટે અગ્નિ અને વાક્ બન્ને અનિવાર્ય છે. સરસ્વતી દેવી જ વાક્ છે અને વાક્ અગ્નિનું જ એક રૂપ છે.[70] તેથી જ કહેવાયું છે કે – બ્રહ્મવાદી સરસ્વતી ની સહાયથી જ સાત સોમ સંસ્થાઓ, સાત હવિ સંસ્થાઓ, તેમજ

સાત પાક સંસ્થાઓનું સમ્પાદન કરાય છે.

सोमसंस्था हविः संस्था पाकसंस्थाश्च सप्त याः ।

तास्त्वदुच्चारणाद् देवि क्रियन्ते ब्रह्मवादिभिः ॥[૭૧]

આમ સ્પસ્ટ પણે માર્કન્ડેયપપુરાણનાં સરસ્વતી સ્તોત્ર પાછળ મૂળમાં વૈદિક ત્રિક્ સિદ્ધાન્તનાં દર્શન થાય છે.

## ❑ માર્કન્ડેયપુરાણ પર થયેલાં કાર્યઃ–

પ્રાચીન ભારતીય સાહિત્યનાં અધ્યયન નાં પ્રારંભિક કાળમાં જ યુરોપીય વિદ્વાનોનું ધ્યાન પુરાણો તરફ ગયું. અને તે જ સમયે માર્કન્ડેયપુરાણે પણ વિદ્વાનોનું ધ્યાન આકર્ષિત કર્યુ. ઓગણિસમી શતાબ્દીમાં વિભિન્ન યુરોપીય વિદ્વાનોએ પોતપોતાની ભાષાઓમાં માર્કન્ડેય પુરાણનાં અમુક અંશોનો અનુવાદ પ્રસ્તુત કર્યો. જર્મન વિદ્વાન એફ. રૂકર્ટે ૧૮૫૪માં હરિશ્ચન્દ્રોપાખ્યાનનો જર્મન ભાષામાં  અનુવાદ કર્યો. ત્યારબાદ તે જ અંશનો એક અંગ્રેજી અનુવાદ પણ જે. મ્યૂર દ્વારા થયો. ગ્રીક વિદ્વાન ગૈલોનીજે તો માર્કન્ડેયપુરાણનાં દેવી માહાત્મ્યનો ગ્રીકભાષામાં અનુવાદ કર્યો. ઉલ્લેખનીય છે કે માર્કન્ડેયપુરાણનો આ અંશ અત્યધિક મહત્વપૂર્ણ અને સર્વાધિક પ્રચલિત છે. આનાં અનેક અનુવાદો થયાં. આનો લેટિન અનુવાદ લુડોવિકસ પોલે એ કર્યો હતો, જે ઈ.સ. ૧૮૩૧ માં બર્લિનથી પ્રકાશિત થયો.

ઈ.સ. ૧૮૨૩ માં વેંકટરામન સ્વામીએ તેમજ ૧૯૬૩ માં ડૉ.વાસુદેવશરણ અગ્રવાલે આ અંશના અંગ્રેજી અનુવાદ પ્રકાશિત કરાવ્યા. ડૉ. અગ્રવાલે અનુવાદની સાથે જ આનુ સાંસ્કૃતિક અધ્યયન પણ પ્રસ્તુત કર્યુ. સંપૂર્ણ માર્કન્ડેયપુરાણનો અંગ્રેજી અનુવાદ એફ.ઈ. પાર્જિટરે ઈ.સ. ૧૮૮૮– ૧૯૦૫ માં વિવ્લોથિકા ઈન્ડિકા સીરીઝ અંતર્ગત કલકત્તાથી પ્રકાશિત કર્યો. ઘણાં વિદ્વાનોએ આ પુરાણનું અધ્યયન પણ પ્રસ્તુત કર્યુ. પં. બદરીનાથ શુકલનું માર્કન્ડેયપુરાણ–એક અધ્યયન, ઈ.સ. ૧૯૬૦ માં વારાણસીથી, ડૉ. વાસુદેવશરણ અગ્રવાલનું માર્કન્ડેપુરાણઃ એક સાંસ્કૃતિક અધ્યયન ઈ.સ. ૧૯૬૧માં ઈલાહાબાદથી પ્રકાશિત થયું. આ બધાં જ પ્રકાશનો માર્કન્ડેયપુરાણના  અતિશય મહત્વના દ્યોતક છે. માર્કન્ડેયપુરાણના ઉપર્યુકત અધ્યયન મહત્વપૂર્ણ હોવા છતાં પર્યાપ્ત નથી. આ પુરાણના

વિવિધ પ્રકરણોની વિસ્તારથી વૈજ્ઞાનિક વ્યાખ્યા હજું પણ પ્રતિક્ષિત છે. આમાં પ્રયુક્ત વૈદિક સામગ્રીઓની વિશદ્ વિવેચના તેમજ ભુવનકોશની ભૌગૌલિક સામગ્રીનું સવિસ્તાર અધ્યયન અપેક્ષિત છે. દેવી માહાત્મ્યના કથાનક માં આવેલ પ્રતીકો નાં ઉદ્ઘાટન પણ આવશ્યક છે, જેથી આ પ્રકરણમાં પ્રયુક્ત દાર્શનિક નિહિતાર્થને સ્પસ્ટ પણે સમજી શકાય. આ દિશામાં ડૉ. વાસુદેવશરણ અગ્રવાલનું કાર્ય અત્યન્ત મહત્વપૂર્ણ છે. જેને વધુ આગળ વધારી શકાય છે. નિઃસંદેહ જીવન અને જગત ની અનેકાનેક સમસ્યાઓ નું સમાધાન આ પુરાણનાં અધ્યયનથી સંભવ બનશે.

પુરાણોનાં મહત્વને સમ+જીને તેને સર્વ સુલભ બનાવવાની દષ્ટિથી પુરાણોનાં સાનુવાદ પ્રકાશનની જે યોજનાઓ ચાલી રહી છે તે વસ્તુતઃ સરાહનીય છે. આધુનિક સમયમાં પણ આ વિષય પર ભારતીય વિદ્વાનો દ્વારા વધુમાં વધું સંશોધન થાય, તે સમયની આવશ્યકતા છે. આમ સંક્ષેપમાં પણ માર્કન્ડેયપુરાણની વિષયવસ્તુ નું સંક્ષપમાં સંશોધનાત્મક પ્રસ્તુતીકરણ કરી શકાય.

## ૩.૪ લિંગ પુરાણ

લિંગપુરાણ શૈવપુરાણોમાં અગ્રીમ સ્થાન ધરાવે છે. લિંગ નામ ઉપરથી જ તે શૈવ પુરાણ જણાય છે. અન્ય પુરાણોની કદાચ વ્યાખ્યા કરીએ ત્યારે સામાન્ય માણસને સમજાય પરંતુ લિંગ શબ્દ આપણાં સમાજમાં શિવ સાથે રૂઢ થઈ ચૂક્યો છે 'શિવલિંગ'. તેથી કોઈપણ વ્યકિત માત્ર આ પુરાણનાં નામ સાંભળતાની સાથે જ કહી શકે કે, આ પુરાણ શિવ વિષયક હોવું જોઈએ. અને વાસ્તસવિકતા પણ કંઈક આવી જ છે. શિવવિષયક અધ્યયન માટે લિંગ પુરાણ સર્વોત્તમ છે. કારણકે વિવિધ વ્રતો શિવોપાસના સંબંધી માહિતી, શિવની શકિતઓ, સ્વરૂપો વિગેરેની ચર્ચા જેવી પ્રસ્તુત પુરાણમાં છે, તેવી અન્યત્ર બીજે કદાચ ન મળે. તેથી આ પુરાણવિશે આપણે અત્રે સુશોધનાત્મક ચિંતનનાં આધારે વિવેચન થયું છે.

અષ્ટાદશ પુરાણોમાં આ પુરાણ અગિયારમું સ્થાન ધરાવે છે. લિંગ પુરાણ બે વિભાગોમાં વિભાજીત છે. પૂર્વભાગ અને ઉત્તરભાગ. પૂર્વભાગમાં ૧૦૮ અધ્યાય છે. અને ઉત્તરભાગમાં ૫૫ અધ્યાય છે. આમ બન્ને ભાગોનાં મિશ્રણથી કુલ ૧૬૩ અધ્યાયનું મહાપુરાણ છે. ૧૬૩ અધ્યાયનાં શ્લોકોની સંખ્યા અગિયાર હજાર છે.

લિંગપુરાણનાં રચયિતા સ્વયં બ્રહ્મા છે એવો ઉત્તરભાગમાં ઉલ્લેખ આવે છે. બ્રહ્માજી એવું કહે છે કે – જે કોઈ વ્યકિત આ પુરાણને આદિથી અન્ત સુધી વાંચશે અથવા બ્રાહ્મણોને સંભળાવશે,તેને તપ,યજ્ઞ,દાન,આદિથી જે ફળોમળે છે, તે બરાબર ફળ મળશે. અંતે મોક્ષપ્રાપ્તિ પણ થશે. તેનાં વંશમાં કોઈ મૂર્ખ અથવા પ્રમાદી નહિ થાય. એવું કહેવાય છે કે બ્રહ્મા દ્વારા રચિત આ મહાપુરાણ પહેલાં ખૂબ જ વિશાળ હતું. પરંતુ સમય જતાં શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ દ્વારા આ પુરાણનું પુનઃ સંપાદન થયું. વર્તમાન સમયમાં જે લિંગપુરાણ ઉપલબ્ધ છે, તેનું સ્થાયી સ્વરૂપ ઈ.સ. ની ચોથી શતાબ્દી માં થયું છે એવું વિદ્વાનોનું માનવું છે. મહર્ષિ વ્યાસને જ આ પુરાણનાં રચયિતા પણ તેઓ માને છે. પ્રકાશિત બધાં જ સંસ્કરણો માં વ્યાસ અથવા મહર્ષિ વ્યાસ પ્રણિતમ્ અથવાં પ્રોક્તમ્ એવું છપાયેલું જોવા મળે છે. અતઃ આ પુરાણનાં રચયિતા શ્રી વેદવ્યાસજીને જ માનવામાં આવે છે.

* **નામકરણઃ–**

આ પુરાણનું નામ લિંગમહાપુરાણ છે. આ નામ કેમ રખાયું ? તેની પાછળનું પણ એક મુખ્ય કારણ છે કે આ પુરાણમાં લિંગના વિષયનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પુરાણ, શૈવપુરાણ છે. શૈવ સમ્પ્રદાયમાં લિંગની પૂજા અર્ચના અને ઉપાસના કરાય છે. શિવના ભક્તોને શૈવ કહે છે. તેના સંપ્રદાયને શૈવ સંપ્રદાય કહેવાય છે. આ પુરાણમાં લિંગની ઉત્પત્તિ કઈ રીતે થઈ? તેનો પરિચય તેનાં દાર્શનિક સિદ્ધાંત, લિંગના સ્થૂળ અને સૂક્ષ્મ રૂપ, તેનાં પૂજનની ધાર્મિક વિધિઓ અને તેના ફળનું વર્ણન મુખ્ય છે. અતઃ પુરાણને લિંગ મહાપુરાણ નામ અપાયું છે.

* **કથાસારઃ–**

નૈમિષ નામક તીર્થમાં ઋષિઓ તપસ્યા કરતા નિવાસ કરતાં હતાં. તેઓ શિવ ભક્ત હતા. એક વખત નારદમુની શૈવતીર્થોનાં દર્શન કરી, ત્યાં આવ્યાં. સંયોગવશ મહર્ષિ વ્યાસનાં શિષ્ય લોમહર્ષણ સૂત પણ ત્યાં પધાર્યા. સામાન્ય શિષ્ટાચાર પછી નૈમિષવાસી ઋષિઓએ નારદજીની ઉપસ્થિતિમાં પુરાણો નાં વિશેષજ્ઞ સૂતજીને લિંગ ની ઉત્પત્તિ અને તેની ઉપાસના વિધિ સંબંધિત પ્રશ્નો પ્રછયાં. સૂતજીએ તેના ઉત્તરો આપ્યાં. આમ ઋષિઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નો અને સૂતજી દ્વારા અપાયેલા ઉત્તરોથી લિંગ મહાપુરાણનું આ સ્વરૂપ થયું. કારણ કે પ્રસંગવશાત્ ઋષિઓ દ્વારા વિવિધ વિષયક પ્રશ્નો થયાં. અતઃ આ પુરાણમાં વિવિધ વિષયોનું વર્ણન થયું. ફલતઃ આ પુરાણ જ્ઞાનનો મહાભંડાર બની ગયું.

* **વર્ણ્ય વિષયઃ–**

આ મહાપુરાણમાં સૃષ્ટિની ઉત્પત્તિ, પ્રલય અને પુનઃસૃષ્ટિ, કલ્પ, મનુ, મન્વન્તર, ચતુર્યુગ,રાજવંશો(સૂર્યવંશ, ચંદ્રવંશ, યદુવંશ) આદિનું વર્ણન છે. પૃથ્વી પર સ્થિત સાતે દ્વીપો, પ્રમુખ પર્વતો, સાગરો, નદિઓ આદિનું વર્ણન છે. આકાશમાં સ્થિત નક્ષત્રો, ગ્રહો, તેની સ્થિતિ અને ગતિઓનું વર્ણન છે. શિવ, મહેશ્વર બે સ્વરૂપોમાં (સાકાર અને નિરાકાર) છે. બ્રહ્મા અને વિષ્ણુ તેના અંગથી ઉત્પન્ન છે. શિવનાં આદેશથી બ્રહ્મા જગતની સૃષ્ટિ કરે છે, વિષ્ણુ તેનું પાલન કરે છે, અને શિવ તેનો સંહાર કરે છે. શિવની શકિત અપરંપાર છે. તેનાં નિર્દેશથી જ સૂર્ય, ચન્દ્રમા, અગ્નિ આદિ પોતપોતાના કાર્ય માં લાગ્યા રહે છે.

તેમની કૃપા પર જ સમસ્ત બ્રહ્માંડ નિર્ભર છે. તે કાલના પણ મહાકાલ છે. તેઓ પૃથ્વી પર અવતાર લે છે. પોતાનાં ભક્તોનું દુઃખ દૂર કરે છે. પાર્વતી દ્વારા ઘોર તપસ્યાં કરવાથી તેઓ તેની સાથે વિવાહ કરે છે.  ગણેશ અને સ્કન્દ તેનાં પુત્રો છે. તેઓ કૈલાસવાસી છે. મહાન તેજસ્વી છે. શિવ ચિતાભસ્મધારી છે અને સ્મશાન માં પણ રહે છે. તેમનું રૌદ્ર રૂપ અને અનુગ્રહરૂપ બન્ને  છે. રૌદ્ર રૂપમાં તેઓએ તારક, અન્ધક, વેણું, જલન્ધર આદિ દૈત્યોનો વધ કર્યો. તેનાં અનુગ્રહ રૂપે તેઓએ શ્વેતમુનીની રક્ષા અને મૃત યમને પણ જીવનદાન આપ્યું. આમ અનેક કથાનકો આ પુરાણમાં વર્ણિત છે. નિરાકાર રૂપે શિવ બ્રહ્માંડનાં કર્તા, હર્તા, અને ભર્તા છે. તેઓ અદ્વૈત છે. લિંગ ની પ્રતિમામાં શિવ સદા વિરાજમાન રહે છે. અતઃ લિંગમૂર્તિની પૂજા સ્વતંત્ર રૂપમાં લિંગ બનાવીને અથવા શિવાલયમાં સ્થાપિત લિંગની પૂજા વિધિ વિધાન પૂર્વક શ્રદ્ધાપૂર્વક કરવી જોઈએ. અત એવ આ પુરાણમાં શિવાલયના નિર્માણનું પણ મહત્વ બતાવાયું છે. શિવક્ષેત્રમાં પ્રાણ ત્યાગથી મુક્તિનું પણ વર્ણન છે. આ પુરાણનો મુખ્ય ઉદ્દેશ્ય શૈવ વેદાન્તનાં શિવાદ્વૈત મતની પૃષ્ઠ ભૂમિને વિશેષરૂપેણ લિંગ ઉપસંપ્રદાયનાં પ્રસંગમાં વિસ્તારપૂર્વક વર્ણન કરવાનો છે.

લિંગનું સ્થૂળ અને સૂક્ષ્મ એમ બે સ્વરૂપોમાં વર્ણન થયું છે. સ્થૂલ લિંગ મૃતિકા, પત્થર, ધાતુ, સ્ફટિક આદિથી બનાવી, તેની પૂજા કરવાનું ઉદ્દેશ્ય સામાન્ય જન માનસમાં દઢ થાય તે માટે કહેવાયું છે. ત્યારબાદ ભક્ત જ્ઞાનની પ્રાપ્તિ કરી પાશુપત યોગનાં માધ્યમથી માયાની જાળમાંથી મુક્ત થઈ જાય છે. ભક્ત આ ગ્રંથમાં કહેવાયેલાં તન્ત્ર, મન્ત્ર દ્વારા પોતાને કામ, ક્રોધ, લોભ, રાગ દ્વેષ આદિને વશમાં કરી જિતેન્દ્રિય થાય તેવું પણ કહેવાયું છે. તે પાશુપત યોગનો સાધક બને અને મોક્ષને પ્રાપ્ત કરે અર્થાત્ શિવનું સાયુજય પ્રાપ્ત કરે. માનવ, જન્મ–મરણનાં બંધનથી સદાયને માટે મુક્ત થઈ જાય, આ બોધ કરાવવો એ જ આ  પુરાણનો મુખ્ય ઉદ્દેશ્ય છે. લિંગપુરાણની શ્લોક સંખ્યા એકાદશ સહસ્ત્ર છે.[૭૨] 'अत्रैकादश साहस्रैः कथितो लिङ्ग सम्भवः' તેમજ નારદીયપુરાણ (૧૦૨ અધ્યાય) અનુસાર પણ આ જ સંખ્યા નિર્દિષ્ટ છે. ૯૨ માં અધ્યાયમાં કાશી તેમજ તે સંબંધી વિવિધ તીર્થોનું વિસ્તૃત વર્ણન, કાશીની ભૌગૌલિક સ્થિતિની જાણકારી માટે ખૂબ જ ઉપાદેય છે.

આ અધ્યાયમાં કાશીનાં ઉદ્યાનોનું ખૂબ જ ચમત્કારી સાહિત્યિક વર્ણન વિવિધ છન્દોમાં અપાયુ છે (શ્લોક ૧૨–૧૩). તે સમયમાં આ ક્ષેત્ર પાશુપતોનું કેન્દ્ર કહેવાયું છે. અવિમુક્ત લિંગની જ પ્રધાનતા હતી, જે શબ્દની વ્યુત્પત્તિ બે પ્રકારે અપાઈ છે. કલ્પતરૂ એ કાશી સંબંધી આ શ્લોકોમાંથી અધિકાંશ ને તીર્થખંડમાં ઉદ્ધૃત કર્યા છે. અપરાર્કે છ શ્લોકોને ઉદ્ધૃત કર્યા છે. શિવપૂજા તેમજ ગ્રહણના અવસરે સ્નાનનાં વિષય પર તે શ્લોકો છે. દાનસાગર અનુસાર[૭૩] છ હજાર શ્લોકો વાળું એક અન્ય લિંગપુરાણ પણ હતું, જેનો ઉપયોગ બલ્લાલ સેને નથી કર્યો. સંભવતઃ તે યુગમાં બે લિંગપુરાણ હતાં. એક વિશાળ એક ૧૧ હજાર શ્લોકો વાળું અને બીજું છ હજાર શ્લોકો વાળું . આ પુરાણ શૈવવ્રત તેમજ અનુષ્ઠાનોની જાણકારી આપવામાં ખૂબ જ ઉપયોગી છે. ઉત્તરાર્ધનાં ઘણાં અધ્યાયો ગદ્યમાં છે. તેમજ તાન્ત્રિક પ્રભાવના પણ સદ્યઃ પ્રતિકો છે.

શૈવદર્શનનાં પણ અનેક તથ્યો વિખરાયેલા પડયાં છે. ઉત્તરાર્ધનાં ૧૩ માં અધ્યાયમાં શિવની પ્રસિદ્ધ અષ્ટમૂર્તિઓનાં વૈદિક નામો અપાયા છે. જેમકે–

| | | | |
|---|---|---|---|
| ૧. | પૃથિવ્યાત્મક શિવમૂર્તિ | – | શર્વ |
| ૨. | જલીયમૂર્તિ | – | ભવ |
| ૩. | અગ્નિમૂર્તિ | – | પશુપતિ |
| ૪. | વાયુમૂર્તિ | – | ઈશાન |
| ૫. | આકાશમૂર્તિ | – | ભીમ |
| ૬. | સૂર્યમૂર્તિ | – | રુદ્ર |
| ૭. | સોમમૂર્તિ | – | મહાદેવ |
| ૮. | યજમાન મૂર્તિ | – | ઉગ્ર |

આ સાથે પ્રત્યેક મૂર્તિની પત્ની અને એક એક પુત્રનું નામ પણ અહીં આપ્યું છે. અધ્યાય ૧૮ (પૂર્વાર્ધ) માં તો શરભરૂપધારી શિવનો નરસિંહ સાથે વાર્તાલાપ પણ વર્ણિત છે.[૭૪] ૯૮ માં અધ્યાયમાં વિષ્ણુકૃત 'શિવસહસ્ત્રનામ' છે. જેમાં શિવનાં નામો તો મહત્વપૂર્ણ છે જ પરંતુ વૈદિક નામોનો સંગ્રહ ખૂબ જ ઓછો દૃષ્ટિગોચર થાય છે. પાશુપત

વ્રતનાં સ્વરૂપ તેમજ મહિમાનું વિસ્તારપૂર્વક વિસ્તરણ સિદ્ધ કરે છે કે લિંગપુરાણનો વિસ્તાર પાશુપત શૈવોનાં સંપ્રદાયમાં થયો. આ સમ્પ્રદાયનો ઉદય તો દ્વિતીય–તૃતીય શતાબ્દીમાં જ થઈ ચૂક્યો હતો, પરંતુ વિશેષ અભ્યુદય સપ્તમ–અષ્ટમ શતાબ્દીમાં જ સમ્પન્ન થયો. લિંગપુરાણનાં આર્વિભાવ નો પણ આ જ યુગ છે. આ તથ્યનાં પોષક અમુક ઉદાહરણો જોઈએ તો–

આ પુરાણમાં અશ્વિનીથી જ આરંભ થનારાં નક્ષત્રો, મેષાદિ રાશિઓ, તેમજ સૂર્ય – ચંદ્ર આદિ ગ્રહોનું વર્ણન અને ઉલ્લેખ મળે છે. અવતારોમાં બુદ્ધ તેમજ કલ્કિનાં નામો નિર્દિષ્ટ છે. જેથી આની રચના સપ્તમશતીથી પ્રાક્કાલીન સિદ્ધ નથી થતી. અલબરૂનીએ જ (૧૦૩૦ ઈ.સ.)માં લિંગનો નિર્દેશ નથી કર્યો, અપિતુ તેથી પરવર્તી લક્ષ્મીધરભટ્ટે પણ પોતાનાં 'કલ્પતરૂ' માં લિંગપુરાણનો વધુ ઉલ્લેખ કર્યો છે. લિંગપુરાણનાં નવમાં અધ્યાય માં યોગાન્તરાયોનું સમગ્ર વર્ણન વ્યાસભાષ્યથી અક્ષરસઃ સામ્ય ધરાવે છે. જેથી આ સંગ્રહકારી પુરાણે આ અંશને વ્યાસભાષ્યથી નિશ્ચિતરૂપેણ ગ્રહણ કર્યુ છે. વ્યાસભાષ્યનો સમય ષષ્ઠ શતકથી કોઈ પણ રીતે ઓછો નથી. પુરાણે સંગ્રહબુદ્ધિથી અંતરાય વિષયોનું સંકલન અક્ષરસઃ યોગભાષ્ય કર્યુ છે. વ્યાધિ, સંશય, પ્રમાદ, આલસ્ય, આદિનું લિંગપુરાણ માં પ્રદત્ત લક્ષણ યોગભાષ્યથી સારી રીતે પરિચય ધરાવે છે.[૭૫] લિંગપુરાણનો સમય આ પ્રમાણે અષ્ટમ–નવમ શતાબ્દી માનવો સર્વથા યુક્તિસંગત છે.

*** રૂદ્રની ઉત્પત્તિઃ–**

લિંગપુરાણનાં પૂર્વભાગમાં રૂદ્રની ઉત્પત્તિ કઈ રીતે થઈ તે કથા આવે છે. તે મુજબ અધ્યાય ૨૨ માં વર્ણવાયું છે કે, જ્યારે બ્રહ્મા અને વિષ્ણુ દ્વારા ભગવાન શિવની સ્તુતિ કરાય છે ત્યારે ભગવાન શિવ પ્રસન્ન થાય છે અને વિષ્ણુને અવિચલ ભક્તિનું વરદાન આપે છે.[૭૬] અને બ્રહ્માજીને પણ વરદાન આપી અને જાય છે. ત્યાર બાદ બ્રહ્મા સૃષ્ટિ રચના માટે ભયંકર તપ કરે છે. તેની તપસ્યાનું કોઈ જ ફળ નથી મળતું અને તેને દુઃખ થાય છે. તે દુઃખ–ક્રોધમાં વિપરિણિત થાય છે. ક્રોધથી વિહવળ તેની આંખો માંથી અશ્રુઓ સરી પડે છે, તે અશ્રુઓમાંથી ઝેરી સાપ ઉત્પન્ન થાય છે. બ્રહ્માને લાગે છે કે મને ધિક્કાર છે. મારી તપસ્યાનું આ ફળ? અને બ્રહ્મા મૂર્છિત થઈ જાય છે, તેમનું મૃત્યુ પણ થઈ જાય છે. તે અતુલ તેજસ્વી બ્રહ્માથી કરૂણાપૂર્વક રૂદન કરતાં એકાદસ રૂદ્ર ઉત્પન્ન થાય છે.

तस्याप्रतिमवीर्यस्य देहात्कारूण्यपूर्वकम् ।
अथैकादश ते रूद्रा रूदंतोऽभ्यक्रमंस्तथा ॥[૭૭]

રૂદન કરવાને કારણે જ તેનું નામ રૂદ્ર છે. આ રૂદ્ર બ્રહ્માનાં પ્રાણ હતાં. આમ રૂદ્ર અને પ્રાણ એક બીજાનાં તદાત્મક (એકરૂપ) છે. બધાં જ પ્રાણિઓમાં પ્રાણ સ્થિત છે. બ્રહ્માને શિવજીએ પુનઃ સજીવ કર્યાં. આમ ભગવાન શિવ દ્વારા બ્રહ્માનાં શરીરથી એકાદશ રૂદ્રની ઉત્પત્તિ થઈ, જેનું અત્રે વર્ણન થયુ છે, તદુપરાંત પૂર્વભાગમાં જ આગળ જતાં રૂદ્ર સહસ્ત્રનામનું પણ વર્ણન છે.

*** રૂદ્ર સહસ્ત્રનામ :–**

આ પૂરાણના મધ્ય ભાગમાં ૬૫ માં અધ્યાય માં કથા છે કે જ્યારે ઋષિગણ લોમહર્ષણને સૂર્ય અને ચંદ્ર વંશની કથા સંભળાવવાં નું કહે છે, ત્યારે સૂતજી કશ્યપ અને અદિતિથી શરૂ કરીને તેનો વંશ આગળ કેમ ચાલ્યો તે તમામ વર્ણન કરે છે. આગળ જતાં ત્રિધન્વા નામનો રાજા થાય છે. તે બ્રહ્માનાં પુત્ર તંડિનનો શિષ્ય બની જાય છે. તેની આજ્ઞાથી તેણે એક હજાર અશ્વમેધ યજ્ઞનું ફળ પ્રાપ્ત કર્યું. તે પ્રતાપી શિવભક્ત રાજાએ ગણોનાં સ્વામી પદને પ્રાપ્ત કર્યું. અંતે તેની પાસે ધન ન રહ્યું, ત્યારે તે બ્રાહ્મણોને પ્રાર્થના કરે છે કે હવે હું અશ્વમેધ કઈ રીતે કરૂ? ત્યારે બ્રહ્માનો પુત્ર તંડિન તેને આ રૂદ્રનાં એક સહસ્ત્રનામનો ઉપદેશ આપે છે. અને રાજા તેને પ્રતાપે ગણાધિપ પદ પ્રાપ્ત કરે છે.[૭૮] આમ આ પુરાણમાં રૂદ્ર સહસ્ત્રનામનો ખૂબ જ સુંદર ઉપદેશ છે. તદુપરાંત ઉત્તરભાગમાં પણ વિવિધ વ્રતો, શિવમાહાત્મ્ય વગેરેનાં વર્ણન સાથે શિવની અષ્ટ મૂર્તિઓનું પણ સુંદર વર્ણન છે જે સંક્ષેપમાં જોઈએ તો :–

*** શિવની અષ્ટ મૂર્તિઓઃ–**

લિંગપુરાણના ઉત્તરભાગના બારમાં અધ્યાયમાં જ્યારે સનત્ કુમારો દ્વારા નંદિકેશ્વરને ભગવાન શંકરનાં આઠ બ્રહ્માંડ સ્વરૂપ વિશે પ્રશ્ન પૂછાયા ત્યારે ઉત્તર આપતા નંદિકેશ્વર જણાવે છે કે, હું વિશ્વરૂપ શિવજીની મહિમાનું વર્ણન કરૂં છું આપ સાંભળો. આકાશ, આત્મા, ચન્દ્રમા, અગ્નિ, સૂર્ય, જલ, ભૂમિ અને વાયુ આ બુદ્ધિમાન દેવોનાં દેવ શિવની આંઠ મૂર્તિઓ કહેવાઈ છે.[૭૯] જેમ વૃક્ષની જડને સીંચવામાં આવે તો સમ્પૂર્ણ વૃક્ષને

પોષણ મળે છે, તેમ શિવની પૂજાથી સમગ્ર દેવગણ ખૂશ થાય છે.

**૧. સૂર્ય :** જ્યારે દ્વાદશ ભાસ્કરની પૂજા/ અર્ધ્ય થાય છે, ત્યારે પણ ભગવાન શિવની જ પૂજા થાય છે. જે સંપૂર્ણ વિશ્વને ચેતના આપે છે તે સૂર્ય ભગવાન શિવની એક મૂર્તિ છે.

**૨. ચન્દ્ર :** ચન્દ્ર નામની મૂર્તિ /સ્વરૂપ ઔષધિઓને વધારવા, તે માટે હિમવૃષ્ટિ કરે છે. આમ સૂર્ય અને ચન્દ્ર ઔષધિ અને ભૌતિક પદાર્થોની પોષક છે.

**૩. અગ્નિ :** શિવની યજમાન મૂર્તિ જે અગ્નિ સ્વરૂપે વિદ્યમાન છે,તે સમગ્ર દેવો ને રાતદિવસ તમામ હવ્ય અને કવ્ય (પિતૃઓને) પહોંચાડે છે, જેથી વૃષ્ટિ થાય છે.

**૪. જલ :** જે જલ બ્રહ્માંડની અંદર અને બહાર સ્થિત છે, અને સમગ્ર પ્રાણિઓની અંદર સ્થિત છે તે પણ ભગવાન શિવની એક મૂર્તિ છે.

**૫. આકાશ :** જગતની અંદર અને બહાર જે આકાશ સ્થિત છે તે શિવની શાંત મૂર્તિ છે.

**૬. ભૂમિ :** જે ભૂમિ સચરાચર પ્રાણિઓને ધારણ કરે છે. જે સમગ્ર અન્ન, ઔષધિ અને વનસ્પતિને જીવન અર્પે છે, તે ભૂમિ પણ શિવની જ મૂર્તિ છે.

**૭. વાયુ :** વેદ અને શાસ્ત્રોનાં જ્ઞાતા જેમ પૂજા કરે છે તેમ જગતની અંદર અને બહાર સ્થિત શિવનું એક શક્તિમાન્ સ્વરૂપ તે વાયુ સ્વરૂપ પણ છે, અને અંતિમ

**૮. આત્મા :** તે શિવની આંઠમી મૂર્તિ છે. તે આત્મા છે. આ આત્મા બધાંજ ચર–અચર માં વિદ્યમાન છે. મુનીશ્વર લોકો આત્માને દીક્ષિત કહે છે. જે શિવદાયક શરીર છે. જેને યજમાન પણ કહે છે.

આમ આ શિવની આઠ પ્રકારની મૂર્તિ યત્નપૂર્વક વંદનીય છે. જે લોકો પોતાનું કલ્યાણ ઈચ્છે છે, તેઓએ સદૈવ યત્નપૂર્વક આ આઠ મૂર્તિઓની પૂજા કરવી જોઈએ.

यजमानाह्वया मूर्तिः शिवस्य शिवदायिनः ।
मूर्तयोष्टौ शिवस्यैता वंदनीयाः प्रयत्नतः ॥[૮૦]

આમ નંદિકેશ્વર દ્વારા શિવની આંઠ વિભૂતિસ્વરૂપ આંઠ મૂર્તિઓ, સ્વરૂપોનાં વર્ણન થાય છે. તત્પશ્ચાત્ ઉત્તરભાગનાં છવ્વીસમાં અધ્યાયમાં શિવનાં અઘોર સ્વરૂપની પૂજા વિધિનું વર્ણન આવે છે. તે અઘોર પૂજા વિધિ કંઈક આ મુજબ છે.

### * અઘોર પૂજાની વિધિઃ–

લિંગપુરાણાન્તર્ગત ઉત્તરભાગનાં છવ્વીસમાં અધ્યાયમાં વિસ્તારપૂર્વક અઘોરપૂજાની વિધિ વર્ણવેલ છે, જેમાં સૌ પ્રથમ શૈલાદિ કહે છે કે – શિવધ્યાનમાં પરાયણ બ્રાહ્મણ અને શિવભક્ત લિંગમાં ઈશાન ભગવાનની પૂજા કરે. 'અગ્નિ' આદિ મન્ત્રો ભણતાં અગ્નિહોત્રની અગ્નિ વડે ભસ્મ લઈ, પગથી મસ્તક સુધી તે ભસ્મ લગાવે, તે યજ્ઞોપવિત ધારણ કરે, ઉત્તરદિશા તરફ મુખ રાખી બ્રહ્મતીર્થનાં પવિત્ર જળ વડે આચમન કરી, ત્યાર બાદ 'ૐ નમઃ શિવાય' નું ઉચ્ચારણ કરી, પોતાનાં શરીરને અભિમન્ત્રિત કરવું જોઈએ. તે ઉપરોક્ત મન્ત્ર અને પ્રણવથી મહાદેવ શિવની પૂજા કરે. અઘોરેશ શિવની પૂજા સૌથી મહત્વપૂર્ણ છે. હે સુવ્રત! પૂજા અને આદિ નિમિત્ત પવિત્ર સંસ્કાર સામાન્ય છે. પરંતુ અત્રે અઘોરનાં મન્ત્રોનો ભેદ બતાવતાં તેના વિશિષ્ટ મન્ત્રો કહ્યાં છે.

अघोरेभ्योऽथ घोरेभ्यः घोरघोरतरेभ्यः ।

सर्वेभ्यः सर्वशर्वेभ्योः नमस्ते अस्तु रूद्ररूपेभ्यः॥

अघोरेभ्यः प्रशांत हृदयाय नमः ।

अथ घोरेभ्यः सर्वात्मब्रह्मशिरसे स्वाहा ।

घोरघोरतरेभ्यःज्वालामालिनी शिखायै वषट् ।

सर्वेभ्यः सर्वसर्वेभ्यः पिंगलकवचाय हुम् ।

नमस्ते अस्तु रूद्ररूपेभ्यः नेत्रत्रयाय वषट् ।

सहस्त्राक्षाय दुर्भेदाय पाशुपतास्त्राय हुं फट् ।[૮૧]

આ પ્રકારના મન્ત્રો અઘોરપૂજામાં સામાન્ય છે. ત્યારબાદ માર્ગશુદ્ધિ, તત્પશ્ચાત્ અંગન્યાસ, ભસ્મસ્નાન, ત્રિનેત્ર ન્યાસ અને ધ્યાનની વિધિ કહેતાં જણાવાયું છે કે, એવાં શિવનું ધ્યાન કરવું, કે જે શાન્ત, બીજ, અંકુર, અનન્તધર્મ અને અન્ય આદિ થી યુક્ત છે. જ્યાં ચન્દ્ર, સૂર્ય અને અગ્નિ ઉપસ્થિત છે. આવાં અક્ષય અને આડત્રીસ કલાયુક્ત, અષ્ટાદશ

ભુજા વાળા, ગજચર્મ ધારણ કરનારાં સિંહવસ્ત્ર પહેરનારા, અઘોર પરમેશ્વર, બત્રીસ શક્તિઓ, કે જે બત્રીસ અક્ષરોમાં સમાયેલ છે. તેનાથી યુક્ત છે, કપાલમાળા, સાંપોથી યુક્ત, ચન્દ્ર સમાન સૌમ્ય, નીલવર્ણ, તલવાર, ખેટક ,પાશાદિ, ધનુષ, ત્રિશૂલ, ડમરૂ ધારણ કરનાર અઘોર રૂપનું ધ્યાન કરે, અને પછી તેનો હોમ કરે, આવા મહાદેવ શિવ મુક્તિ અને વરદાન આપનારા છે.

ઉપરોક્ત વિધિથી પાંચ વખત હોમ કરવાનું જણાવાયું છે, ત્યારબાદ રૂદ્ર, માતૃત્વ, યક્ષ, અસુર,ગ્રહ, રાક્ષસ, નાગ, નક્ષત્ર, વિશ્વગણ, ક્ષેત્રપાલને માટે હોમ આપી અને પશ્ચિમ અને ઉત્તરપશ્ચિમ દિશાઓનાં ક્ષેત્રપાલોને બલિપ્રદાન કરવું, પંચોપચારથી પૂજાવિધિ કરવી. ત્યારબાદ આઠ ફૂલોથી નિવેદન કરી વિસર્જન કરવું. આમ અત્રે અઘોર પૂજાનું વર્ણન થયું છે.

અઘોરની  આ પૂજા લિંગમાં અથવા શુદ્ધ ભૂમિ પર કરવામાં આવે. ભૂમિ પર અઘોરની પૂજા, લિંગ પરની પૂજાથી હજાર ગણી વધુ ફળદાયી છે. જે બ્રાહ્મણ લિંગાર્ચન કરે છે તે જલ કમલવત્ પાપોથી મુક્ત રહે છે.[૮૨] લિંગના દર્શનથી પણ પુણ્ય છે. લિંગનો સ્પર્શ તેથી પણ વધુ ફળદાયી છે અને હે બ્રહ્મપુત્ર! લિંગની પૂજા અર્ચનાથી વધુ બીજું કંઈ પણ શ્રેષ્ઠ નથી. હજાર –કરોડ વર્ષોમાં પણ આનું વિસ્તાર પૂર્ણ વર્ણન  ન કરી શકાય. આ  પ્રમાણે ભગવાન શિવની વિવિધ મૂર્તિઓની પૂજા વિધિ, વિવિધ સ્વરૂપો વગેરેનું વર્ણન કરતાં અંતે ૫૩માં અધ્યાયમાં મૃત્યુંજય અનુષ્ઠાન વિધિ, ૫૪માં અધ્યાયમાં ત્રિ–અમ્બક મન્ત્રથી પૂજા અને અંતિમ ૫૫માં અધ્યાયમાં શિવના ધ્યાનની વિધિ વર્ણિત છે. આમ ઉત્તરભાગ પૂર્ણ થાય છે.

સંક્ષેપમાં કહીએ તો શૈવ સંપ્રદાયના વિભિન્ન પુરાણોમાં, લિંગપુરાણ પોતાનું એક આગવું સ્થાન ધરાવે છે. શિવપૂજાના અનેક પ્રકારો અને શિવના માહાત્મ્યના વિશિષ્ટ વર્ણનને કારણે લિંગપુરાણ ખૂબ જ લોકપ્રિય અને માહિતીપ્રદ બની ચૂક્યું છે. એ વાત નિઃ સંદેહ કહી શકાય કે સમાજમાં જે લિંગપૂજા પ્રચલિત છે, તેને આ પુરાણ દ્વારા એક અનોખું પ્રેરકબળ મળ્યું છે. કદાચ તેથી જ આજે પણ શિવલિંગની જ પૂજા થાય છે. નહી કે શિવની મૂર્તિ ની. આમ વિવિધ પાસાઓ જોતાં લિંગપુરાણ અષ્ટાદશ પુરાણોમાં એક મહત્વપૂર્ણ અને જ્ઞાનદાયક પૂરાણ છે. એવું વિવેચકોનું પણ મંતવ્ય છે.

## ૩.૫ વરાહપુરાણ

ભગવાન્ વિષ્ણુનાં એક અવતાર 'વરાહ' ઉપરથી આ પુરાણ વરાહપુરાણ એવા નામને પામ્યું છે. વરાહપુરાણમાં ૨૧૭ અધ્યાય અને ૯૬૫૪ શ્લોક છે. જો કે ઘણાં અધ્યાયોમાં પૂર્ણ ગદ્ય (૮૧–૮૩ અને ૮૬–૮૭) તેમજ અધ્યાય ૭૪માં, જયારે અમુક અધ્યાયોમાં ગદ્ય–પદ્યનું મિશ્રણ છે. ભગવાન વિષ્ણુએ વરાહ રૂપ ધારણ કરી પૃથ્વીનું પાતાળલોક માંથી ઉદ્ધરણ કર્યું. આ કથા સાથે પ્રમુખતયા સમ્બન્ધ રાખવાને લીધે આ પુરાણનું નામ વરાહ પુરાણ પડયું છે. હેમાદ્રિ (૧૩ મી શતાબ્દી) એ પોતાનાં 'ચતુવર્ગ ચિન્તામણિ' માં આ પંરાણમાં વર્ણિત બુદ્ધ દ્વાદશીનો ઉલ્લેખ કર્યો છે. તેમજ ગૌડનરેશ બલ્લાલસેન (૧૨ મી શતાબ્દી) એ દાન સાગર નામક ગ્રન્થમાં આ પુરાણથી અનેક શ્લોક ઉદ્‌ધૃત કર્યા છે. અતઃ આ પુરાણ ૧૨ મી શતાબ્દીથી અવશ્ય પ્રાચીન છે.

આ પુરાણનાં બે પાઠ–ભેદ ઉપલબ્ધ થાય છે.

(૧) ગૌડીય

(૨) દાક્ષિણાત્ય

જેમાં અધ્યાયોની સંખ્યામાં પણ ભેદ જાવા મળે છે. આ જ કાલ ગૌડીય પાઠનું સંસ્કરણ છે. શ્લોકોની સંખ્યા ૨૪,૦૦૦ છે. પરંતુ કલકત્તાની એક એશિયાટિક સોસાયટીથી આ ગ્રન્થનું જે સંસ્કરણ પ્રકાશિત થયું છે તેમાં માત્ર ૧૦,૭૦૦ જ માત્ર શ્લોક છે. જેનાથી જ્ઞાન થાય છે કે આ ગ્રન્થનો ખૂબ જ મોટો ભાગ હજુ સુધી નથી મળ્યો. આ પુરાણમાં વિષ્ણુથી સંબંધિત અનેક વ્રતોનું વર્ણન છે. વિશેષતઃ દ્વાદશીવ્રત, ભિન્ન–ભિન્ન માસોની દ્વાદશી વગેરે વ્રતોનું વિવેચન મળે છે. તેમજ દ્વાદશીવ્રતોનો ભિન્ન–ભિન્ન અવતારોથી સંબંધ પણ બતાવાયો છે. જે કંઈક આ મુજબ છે.

| **માસ** | | **શુકલદ્વાદશીનું નામ** |
|---|---|---|
| માર્ગશીર્ષ | – | મત્સ્ય દ્વાદશી |
| પૌષ | – | કૂર્મ દ્વાદશી |
| માઘ | – | વરાહ દ્વાદશી |
| ફાલ્ગુન | – | નૃસિંહ દ્વાદશી |
| ચૈત્ર | – | વામન દ્વાદશી |

| | | |
|---|---|---|
| વૈશાખ | – | પરશુરામ દ્વાદશી |
| જયેષ્ઠ | – | રામ દ્વાદશી |
| અષાઢ | – | કૃષ્ણ દ્વાદશી |
| શ્રાવણ | – | બુદ્ધ દ્વાદશી |
| ભાદ્રપદ | – | કલ્કિ દ્વાદશી |
| આશ્વિન | – | પદ્મનાભ દ્વાદશી |
| કાર્તિક | – | –– દ્વાદશી |

આ પુરાણનાં બે અંશ વિશેષ મહત્વનાં છે. (૧) મથુરા માહાત્મ્ય (અધ્યાય ૧૫૨–૧૭૨) જેમાં મથુરાનાં સમગ્ર તીર્થોનું ખૂબ જ વિસ્તૃત વર્ણન છે. આ અધ્યાયો મથુરાનો ભૌગોલિક અભ્યાસ કરવા માટે ખૂબ જ ઉપયોગી છે. અને (૨) નચિકેતો પાખ્યાન–(અધ્યાય ૧૯૩ થી ૨૧૨) જેમાં નચિકેતાનું ઉપાખ્યાન ખૂબ જ વિસ્તારથી અપાયું છે. આ ઉપાખ્યાનમાં સ્વર્ગ તેમજ નરકોનાં વર્ણન પર વિશેષ જોર અપાયું છે. કઠોપનિષદની આધ્યાત્મિક દ્રષ્ટિ આ ઉપાખ્યાનમાં નથી. હરજીવનદાસ સંસ્કૃત ગ્રન્થમાળ ા અન્તર્ગત ચૌખમ્બા અમર ભારતી પ્રકાશનથી વરાહ પુરાણનું સુંદર સંપાદન પણ થયું છે. જેનું સંપાદન શ્રી ઋષિકેશ શાસ્ત્રીએ કર્યુ છે.

પ્રસ્તુત વરાહપુરાણનું ત્રણ–ચાર વખત સંપાદન થઈ ચુકયું છે. સૌ પ્રથમ પં. ઋષિકેશ શાસ્ત્રીને ફાળે જાય છે. જો કે પંડિત ઋષિકેશ શાસ્ત્રીને વરાહ પુરાણનું સંપાદન કાર્ય ખૂબજ કઠીન થઈ પડયું હતું, તેઓ લખે છે કે –

The Mss. of Varahapurana are very difficult to procure; so after a long and continuous effort I was able to secore anly three complete Mss. *'क'*,*'ख'* and *'ग'*. *'क'* was borrowed from the libraray of the pandit Madhusudan of Lahor; I recived. *'ख'* from the libraray of the Asiatic Society of Bengal; and my lamented friend pandit Durgaprasad of Jaypur in Rajpotana, who died only five of six months ago, favoured me with *'ग'*.[૮૩]

આમ પ્રથમ વાર 'ક' માં દર્શાવેલ પ્રતિ લાહોરથી મળી, 'ખ' માં દર્શાવેલ પ્રતિ

એશિયાટિક સોસાયટી માંથી પ્રાપ્ત થઈ અને 'ગ' માં દર્શાવેલ ગ્રન્થની પ્રતિ જયપુર થી પંડિત દર્ગાપ્રસાદ પાસેથી મળી. તેમાં તેઓ એ ઘણાં બધાં આર્ષ પ્રયોગનાં સાધુ–અધાસુ પ્રયોગોનું વિવેચન પણ ટીકામાં કર્યું છે. પરંતુ આજનાં સમય મુજબ આર્ષ પ્રયોગ–શુદ્ધાશુદ્ધ વિવેકની આવશ્યકતા વધુ ન હોઈ શ્રી ઋષિકેશ શાસ્ત્રીએ તેને વધુ મહત્વ નથી આપ્યું.

તત્પશ્ચાત્ ૧૩૧૩ વંગીયાબ્દમાં કલિકાતાસ્થ વંગવાસિ મુદ્રલયથી પંડિત શ્રી પંચાનન તર્કરત્ન સંપાદિત સંસ્કરરણ પ્રાપ્ત થયું, ત્યાર બાદ ૧૯૨૩ ઈ.સ. માં વેંકટેશ્વર પ્રેસ મુંબઈથી એક પુરાણની પ્રતિ પ્રકાશિત થઈ, જેમાં પાઠ વિષયમાં કોઈ જ વિમર્શ નથી. તદુપરાંત એક પાઠ સમીક્ષાત્મક સંસ્કરણ સ્વ. આનન્દસ્વરૂપ મહોદય દ્વારા સમ્પાદિત થયું. જેનું પ્રકાશન સર્વભારતીય– કાશિરાજન્યાસ–દુર્ગ– રામનગર– વારાણસીથી ઈ.સ. ૧૯૮૧ માં થયું. આ પંરાણનો પંડિત અહિભૂષણ ભટ્ટાચાર્ય દ્વારા થયેલ અંગ્રેજી અનુવાદ પણ આ સંસ્થા દ્વારા પ્રકાશિત થયો. અત્યારે હિન્દી ભાષાનો પ્રસાર અને પ્રચાર દેશ–વિદેશમાં છે. જેથી વરાહ પુરાણનાં હિન્દી અનુવાદની તૈયારીઓ બાદ તે પણ પ્રકાશિત થઈ ચુકયો છે. જો કે તમામ પુરાણો શ્રી વેદવ્યાસ કૃત છે, તેમ છતાં આધુનિક સમયમાં પ્રાપ્ત પ્રતિઓનું સંશોધન અને સંપાદન મૂળસ્વરૂપે કયારે થયું, તે વિશે ચોકકસ કોઈ માહિતી ન આપી શકાય. પરંતુ આ શ્લોક ઉપરથી અનુમાન કરી શકાય જે ૨૧૮ માં અધ્યાયમાં છે.

*त्रिः सप्तषड्क्षितिमिते नृपविक्रमस्य,*
*कालेगते भगवतो हरिबोधनस्य ।*
*वीरेश्वरेण सह माधवभट्ट नाम्ना,*
*काश्यां वराहकथितं लिखिते पुराणम् ।।*

શ્રી ઋષિકેશ શાસ્ત્રી લખે છે કે–

The porana narrated by Vishnu a Varaha of the boar incarnation, was written by Madhava Bhatta associated with vireshvara in Banares in 1621, the era of king Vikrama (known by the name of samvat), After the waking of the God Vishnu. The following is proffessor Wilson's account of this work.

"It is narrated by Vishnu as Varaha of the boar incarnation to the personified Earth. Its extent, however, is not half that specified, little exceeding ten thousand stangas"[૮૪]

**આમ વિક્રમાદિત્યનાં સમયમાં વરાહ પુરાણનું પ્રસ્તુત મૂળ સ્વરૂપે અસ્તિત્વમાં આવ્યું હશે. ધર્મશાસ્ત્રનાં અનેક વિષયોનું વિવરણ વરાહપુરાણમાં પ્રસ્તુત છે. જેમ કે વ્રત, તીર્થ, દાન, પ્રતિમા તેની પૂજા, આશૌચ શ્રાદ્ધ આદિ. કલ્પતરૂએ આ પુરાણથી ઘણી મોટી સંખ્યામાં શ્લોકો ઉદ્‌ધૃત કર્યા છે. વરાહપુરાણથી ભવિષ્યપુરાણ નિશ્ચિત રૂપે પ્રાચીન છે. કારણકે વરાહપુરાણે (૧૭૭/ ૩૪,૫૧) ભવિષ્યપુરાણથી બે વચનોને ઉદ્‌ધૃત કર્યા છે. જેમાં દ્વિતીય સંકેત ખુબ જ મહત્વનો છે.**

***भविष्यत्–पुराणमिति ख्यातं कृत्वा पुनर्नवम् ।***

***साम्बः सूर्य–प्रतिष्ठां च कारयामास तत्ववित् ।।***

**જેમાં સામ્બ દ્વારા સૂર્યનાં મંદિરની સ્થાપનાનો ઉલ્લેખ મળે છે. વરાહપુરાણમાં ત્રણ વિશેષ સ્થાનો પર સૂર્યમન્દિરની સ્થિતિ નિર્દિષ્ટ છે.યમુનાથી દક્ષિણમાં વચ્ચે કાલપ્રિયમાં (કાલપી, ઉત્તરપ્રદેશમાં કાનપુર પાસે) તેમજ પશ્ચિમમાં મૂળસ્થાન (મૂલ્તાન)માં જયારે ભવિષ્યપુરાણમાં પણ આ પ્રમાણે જ સૂર્યનાં ત્રણ વિશિષ્ટ મન્દિરોનો ઉલ્લેખ મળે છે. વરાહપુરાણમાં નચિકેતાની કથા વિસ્તારથી અપાઈ છે. વરાહપુરાણ વૈષ્ણવતાથી આમૂલ આલિપ્ત છે. આનો પરિચય રામાનુજીય શ્રી વૈષ્ણવમતનાં તથ્યોનું વિશદ પ્રતિપાદન કરે છે. નારાયણની આદિદેવ રૂપે પ્રતિષ્ઠા, જ્ઞાન–કર્મનો સમુચ્ચય, સૃષ્ટિપ્રકાર ભુવનકોશનો પ્રકાર, શ્રાદ્ધાનુષ્ઠાન પ્રક્રિયા, શ્રાદ્ધવજર્ય પદાર્થ, પ્રતિ દ્વાદશીએ વિષ્ણુપૂજન પ્રક્રિયા, નાના પ્રકારની ધાતુઓની ભાગવત પ્રતિમાનું નિર્માણ તેમજ તેનાં પ્રતિષ્ઠાપન–આરાધનનાં પ્રકારો, પાંચરાત્રનાં પ્રામાણ્ય વરાહમાં વર્ણિત આ સમગ્ર વિષયો રામાનુજ સંપ્રદાયમાં સ્વીકૃત થયાં છે. બન્નેનાં સિદ્ધાન્તોમાં ખુબજ સામ્યનું અને સદ્‌ભાવનુ દર્શન થાય છે, જે ખરેખર આદર્શ જનક છે.[૮૫]**

## ૩.૬ સ્કન્દપુરાણ

શિવનાં પુત્ર કાર્તિકેય, જેનું એક નામ સ્કન્દ પણ છે. સ્કન્દ દ્વારા આ પુરાણમાં શૈવ તત્વોનું નિરૂપણ થયું છે, તેથી જ આ પુરાણનું નામ 'સ્કન્દપુરાણ' પડયું છે. અષ્ટાદશ પુરાણોમાં સૌથી બૃહત્‌કાય, સૌથી વિશાળપુરાણ 'સ્કંદપુરાણ' જ છે. ગ્રંથનું જ માત્ર અવલોકન કરીએ તો પણ શ્રીમદ્‌ભાગવતથી પાંચગણો મોટો આ ગ્રન્થ થાય. શ્લોકની દ્રષ્ટિથી જોઈએ તો સ્કન્દપુરાણમાં ૮૧,૦૦૦ શ્લોકો છે. જે લક્ષ શ્લોકાત્મક મહાભારતથી થોડાં જ ઓછા કહી શકાય. આ પુરાણ અન્તર્ગત અનેક સંહિતાઓ, ખંડો તેમજ મહાત્મ્ય છે. આ પુરાણ અંતર્ગત જ સૂતસંહિતાઓ પણ છે, જે પોતાનાં ગ્રન્થ પરિમાણ સાથે અત્રે પ્રસ્તુત છે.

| **ક્રમ** | **સંહિતા** | **શ્લોક સંખ્યા** |
|---|---|---|
| (૧) | સનત્કુમાર સંહિતા– | ૩૬,૦૦૦ |
| (૨) | સૂત સંહિતા – | ૬,૦૦૦ |
| (૩) | શંકર સંહિતા – | ૩૦,૦૦૦ |
| (૪) | વૈષ્ણવ સંહિતા – | ૫,૦૦૦ |
| (૫) | બ્રાહ્મ સંહિતા – | ૩,૦૦૦ |
| (૬) | સૌર સંહિતા – | ૧,૦૦૦ |
| | **કુલ** | **૮૧,૦૦૦ શ્લોક** |

આ સંહિતઓનાં વિષયનો વિસ્તૃત નિર્દેશ નારદપુરાણમાં અપાયેલ છે. સ્કન્દપુરાણનાં વિભાજનનો બીજો પ્રકાર પણ છે, જે ખંડો દ્વારા વિભાજન છે. આ ખંડ સંખ્યા પ્રમાણે સાત ખંડો છે.

| | |
|---|---|
| (૧) માહેશ્વર ખંડ | (૫) રેવા ખંડ |
| (૨) વૈષ્ણવ ખંડ | (૬) તાપી ખંડ |
| (૩) બ્રહ્મ ખંડ | (૭) પ્રભાસ ખંડ |
| (૪) કાશી ખંડ | |

સંહિતાઓમાં સૂત સંહિતા શિવોપાસનાનાં વિષયમાં એક અનુપમ ખંડ છે. આ સંહિતા વૈદિક તેમજ તાન્ત્રિક બન્ને પ્રકારની પૂજાઓનું વિસ્તૃત વર્ણન કરે છે. આ સંહિતાની વિશિષ્ટતાને કારણે વિજયનગર સામ્રાજયનાં મન્ત્રી માધવાચાર્યની[૯૬] દ્રષ્ટિ આનાં ઉપર પડી, અને તેમણે તાત્પર્ય દીપિકા નામની ખૂબજ પ્રામાણિક અને વિસ્તૃત વ્યાખ્યા લખી, જે આનન્દ શ્રમ સંસ્કૃત ગ્રન્થાવલી પુના (નં.–૨૫) થી પ્રકાશિત થઈ છે. આ સંહિતામાં ચાર ખંડ છે.

**(૧) પહેલો ખંડ :** જેનું નામ 'શિવમાહાત્મ્ય' છે. ૧૩ અધ્યાયોમાં શિવનાં માહાત્મ્યનું વિશિષ્ટરૂપે પ્રતિપાદન કરે છે.

**(૨) જ્ઞાનયોગ ખંડઃ** આ ખંડ ૨૦ અધ્યાયોમાં નિબદ્ધ છે તેમજ આચારધર્મોનું વર્ણન કરવા ઉપરાંત હઠયોગની પ્રક્રિયાનું સાંગોપાંગ વિભિન્ન ઉપાયોનું પણ વર્ણન કરે છે.

**(૩) મુકિત ખંડ :** આ ખંડ ૯ અધ્યાયોમાં મુકિતનાં વિભિન્ન ઉપાયોનું વર્ણન કરે છે.

**(૪) વૈભવ ખંડ :** આ તમામ ખંડોમાં સૌથી વિશાળ છે. જેનાં બે ભાગ છે

(૧) પુર્વભાગ, (૨) ઉત્તરભાગ

પૂર્વભાગમાં ૪૭ અધ્યાય છે. જેમાં અદ્વૈત વેદાન્તનાં સિદ્ધાંતોને શૈવભકિત સાથે સમ્પુટિત કરી, ખૂબ જ સુંદર આધ્યાત્મિક વિવેચન થયું છે. દાર્શનિક દ્રષ્ટિથી આ ખંડ અત્યંત ઉપાદેય તેમજ મીમાંસા કરવા યોગ્ય છે. આનાં ઉત્તરભાગમાં બે ગીતાઓ મિશ્રિત કરવામાં આવી છે. (૧) બ્રહ્મગીતા અને (૨) સૂતગીતા. પહેલી ગીતા ૧૨ અધ્યાયોમાં વિભકત છે અને બીજીગીતા આંઠ અધ્યાયોમાં. આનો વર્ણ્ય–વિષય પણ આધ્યાત્મ જ છે. તમામ કર્મોની સિદ્ધિનું વર્ણન થયું છે, જેનાં અમુક શ્લોક આ મુજબ છે–

*प्रसाद–लाभाय हि धर्मसञ्चयः*

*प्रसाद–लाभाय हि देवतार्चनम् ।*

*प्रसाद–लाभाय हि देवतास्मृति :*

*प्रसाद–लाभाय हि सर्वमीरितम् ।।*

*शिवप्रसादेन विना न भुक्तयः,*

*शिवप्रसादेन विना नमुक्त्य : ।।*

*शिवप्रसादेन विना न देवता :*

*शिवप्रसादेन हि सर्वमास्तिकाः ।।*

શંકરસંહિતા[૮૭] અનેક ખંડોમાં વિભકત છે. જેનો પ્રથમ ખંડ શિવ રહસ્ય કહેવાય છે. જે સંપૂર્ણ સંહિતાનો અડધો ભાગ છે, જેમાં ૧૩,૦૦૦ શ્લોક છે, તેમજ ૭ કાંડ છે, જેનાં નામો આ પ્રમાણે છે.

૧. સંભવ કાંડ

૨. આસુર કાંડ

૩. માહેન્દ્ર કાંડ

૪. યુદ્ધ કાંડ

૫. દેવ કાંડ

૬. દક્ષ કાંડ

૭. ઉપદેશ કાંડ

છઠ્ઠી સંહિતા ‘સૌર સંહિતા’ છે. જેમાં શિવપૂજા સંબંધી અનેક વાતોનું વર્ણન થયું છે. પહેલી સંહિતા ‘સનત્કુમાર’ વીસ–બાવીસ અધ્યાયોની એક નાની સંહિતા છે. આ સંહિતાઓને છોડી અન્ય સંહિતાઓ આજે ઉપલબ્ધ નથી. ત્યાર બાદ ખંડોનાં ક્રમથી આ પુરાણનું વર્ણન જોઈએ તો આ પ્રમાણે છે.

**(૧) માહેશ્વર ખંડ :** આ ખંડની અંદર બે નાનાં ખંડો છે.

(ક) કેદારખંડ (ખ) કુમારિલખંડ

આ બન્ને ખંડોમાં શિવ–પાર્વતીની વિવિધ પ્રકારની વિચિત્ર લીલાઓનું ખૂબ જ સુન્દર વર્ણન થયું છે.

(૨) **વૈષ્ણવ ખંડઃ** આ ખંડ અંતર્ગત ઉત્કલ ખંડ છે. જેમાં ઓરિસ્સાનાં જગન્નાથજીનાં મંન્દિર, પૂજાવિધાન, પ્રતિષ્ઠાન તેમજ તે સંબંધિત અનેક ઉપાખ્યાનોનું વર્ણન મળે છે. રાજા ઈન્દ્રદ્યુમ્ને નારદજીનાં ઉપદેશથી કઈ રીતે જગન્નાથજીનાં સ્થાનોને શોધ્યાં, તેનું વિસ્તૃત વર્ણન આ ખંડમાં મળે છે. જગન્નાથપુરીનો પ્રાચીન ઈતિહાસ જાણવા માટે પણ આ ગ્રન્થ ખૂબ જ ઉપયોગી છે.

(૩) **બ્રહ્મ ખંડ :** આમાં પણ બે ખંડ છે. (૧) બ્રહ્મારણ્ય ખંડ અને (૨) બ્રહ્મોત્તર ખંડ. પ્રથમખંડમાં બ્રહ્મારણ્ય નામક સ્થાનનું વિશદ માહાત્મ્ય વર્ણિત છે. જયારે બીજાખંડમાં ઉજજૈનમાં સ્થિત મહાકાલની પ્રતિષ્ઠા તેમજ પૂજનનું વિધાન ખૂબ જ વ્યવસ્થિત રીતે પ્રતિપાદિત થયેલ છે.

(૪)**કાશી ખંડ :** આ ખંડનું નામ જ કાશીખંડ છે, સ્વાભાવિક છે કે કાશીનું વર્ણન, કાશીનો મહિમા પ્રસ્તુત ખંડમાં વર્ણિત છે. કાશીનાં દેવ–શિવ, કે જે મુકિતદાતા છે, તેનું અતિસુંદર માહાત્મ્ય ગાન અને જયોતિર્લિંગની ઉત્પત્તિ વિષયક કથાઓ વર્ણિત છે. તદુપરાંત કાશીનાં અન્ય સમસ્ત દેવતાઓનું વર્ણન પણ આ કાશીખંડમાં પ્રસ્તુત છે. ભૌગોલિક દ્રષ્ટિએ પણ કાશીને જાણવાં માટે આ ખંડ ખૂબજ ઉપયોગી અને આવશ્યક છે.

(૫) **રેવા ખંડ :** 'રેવા' નર્મદાનું નામ છે. 'રેવાખંડ' માં નર્મદાની ઉત્પત્તિ તેમજ રેવા પટ પર સ્થિત સમસ્તતીર્થોનું વિસ્તૃત વર્ણન આ પુરાણમાં મળે છે. સૌથી પ્રસિદ્ધ થયેલ 'સત્યનારાયણ કથા' પણ આ રેવાખંડ અંતર્ગત જ છે. આ દ્રષ્ટિએ રેવાખંડને સ્કન્દ પુરાણનો સૌથી વધુ પ્રખ્યાત વિભાગ, પ્રસિદ્ધ વિભાગ અને લોકપ્રિય વિભાગ કહીએ તો પણ અતિશયોકિત નહીં થાય.

(૬) **અવન્તિ ખંડ :** 'અવન્તિ' અર્થાત્ ઉજજૈન. આ ખંડમાં અવન્તિસ્થિત વિભિન્ન

શિવલિંગોની ઉત્પત્તિ તેમજ અવન્તિ માહાત્મ્યક વર્ણન થયું છે. '*उज्जयिन्यां महाकालम् ।*' અનુસાર શ્રી મહાકાલ જ્યોર્તિલિંગ અવન્તિમાં સ્થિત છે. આ શિવલિંગનું વિસ્તૃત વર્ણન અને મહાત્મ્ય પ્રસ્તુત અવન્તિ ખંડમાં વર્ણિત છે. પ્રાચીન અવન્તિની ધાર્મિક સ્થિતિનું સંપૂર્ણ દર્શન આ ખંડમાં થાય છે. અવન્તિની ધાર્મિકસ્થિતિનું સંપૂર્ણ દર્શન આ ખંડમાં થાય છે. અવન્તિને કાલિદાસને કારણે પણ ઘણી પ્રસિદ્ધિ મળેલ છે. વિદિત છે કે કાલિદાસે અવન્તિનું 'મેઘદૂત'માં સુંદર વર્ણન કરેલ છે, અને કાલિદાસની કર્મભૂમી પણ અવન્તિને એક મત મુજબ ગણવામાં આવે છે. આવી સુંદર અવન્તિનું વર્ણન સ્કન્દપુરાણનાં આ અવન્તિ ખંડમાં થયેલ છે.

**(૭) તાપી :** આ ખંડમાં નર્મદાની સહાયક નદી તાપી, કે જેનાં કિનારે પણ અનેક તીર્થો આવેલાં છે. તેનું સુંદર વર્ણન પ્રસ્તુત છે. આ તાપી નદીને કિનારે જ સુરત શહેર પણ વસ્યુ છે. નારદપુરાણનાં મતે આનાં ષષ્ઠ ખંડનું નામ નાગર ખંડ છે. આજે જે નાગર ખંડ ઉપલબ્ધ થાય છે. તેમાં ત્રણ પરિચ્છેદ છે.

૧. વિશ્વકર્મા ઉપાખ્યાન

૨. વિશ્વકર્મા વંશાખ્યાન

૩. હાટકેશ્વર માહાત્મ્ય

આ ત્રીજા ખંડમાં નાગર બ્રાહ્મણોની ઉત્પત્તિનું પણ વર્ણન છે. જુનાગઢનાં નરસિંહ મહેતા પણ નાગર વંશમાં જ ઉત્પન્ન થયાં છે. આ દીવ્ય નાગરવંશની ઉત્પત્તિની સંપૂર્ણ કથાનું વિશદ વર્ણન તાપી ખંડમાં પ્રસ્તુત છે, તેથી જ ભારતની સામાજિક દશા જાણવાં માટે આ ખંડ ખૂબજ ઉપયોગી થઈ પડે તેવો છે.

(૮) પ્રભાસ ખંડ :– આ ખંડમાં પ્રભાસક્ષેત્રનું અતિસુંદર વર્ણન પ્રસ્તુત છે. દ્વારકાની આસપાસનું સંપૂર્ણ ભૌગોલિક વર્ણન પણ સુંદર રીતે પ્રસ્તુત થયું છે જેથી તે સમયની દ્વારકા વિસ્તારની ભૌગોલિક સ્થિતી જાણવા માટે પણ આ ખંડ અત્યંત ઉપયોગી નીવડે છે. આ પ્રમાણે ખંડ પ્રમાણે પણ સ્કન્દપુરાણનું વિભાજન થયેલ છે.

## ❑ સ્કન્દપુરાણ નો સમય :

સ્કન્દપુરાણમાં જગન્નાથજીનાં મંદિરનું વર્ણન હોવાથી અમુક પાશ્ચાત્ય વિદ્વાનો આ પુરાણને ૧૩ મી શતાબ્દીનું માને છે. કારણ કે ઈ.સ. ૧૨૬૪ આસપાસ જગન્નાથ મંદિરનું નિર્માણ થયું હતું. પરંતુ આ મત તદ્દન અસંગત છે, કારણકે શક ૯૩૦, ઈ.સ.૧૦૦૮માં લખાયેલ આની હસ્તલિખિત પ્રતિ કલકત્તામાં પ્રાપ્ત થઈ છે, તેનાથી પણ પ્રાચીન સાતમી શતાબ્દીમાં લખાયેલ આ પુરાણની હસ્તપ્રત નેપાળનાં રાજકીય પુસ્તકાલયમાં આજે પણ સુરક્ષિત છે, જેનો ઉલ્લેખ ડા. હરપ્રસાદ શાસ્ત્રીએ ત્યાંનાં સૂચિ–પત્રમાં પણ કર્યો છે. આ તમામ બાબતોથી સિદ્ધ થાય છે કે આ પુરાણ ખૂબજ પ્રાચીન છે. સ્કન્દપુરાણનું મૂળ સ્વરૂપ શું અને કેવું હતું ? અને પછી કેવી રીતે ધીરે–ધીરે વિશાળકાય બની ગયું ? તે પણ એક ખૂબ જ ગહન સંશોધનનો વિષય છે. જો કે આ પુરાણનું નામ 'સ્કન્દપુરાણ' છે, પરંતુ સ્કન્દનો વિશિષ્ટ સંબંધ આ પુરાણ સાથે નથી જોવા મળતો. પદ્મપુરાણ ૫/૫૯/૨ માં સ્કન્દપુરાણનો ઉલ્લેખ મળે છે. સ્કન્દપુરાણનાં પ્રથમ ખંડમાં કિરાતનાં શ્લોકની છાયાં મળે છે. (''*सहसा विदधीत न क्रियाम्*'' શ્લોકની) કાશીખંડનાં ૨૪માં અધ્યાયથી બાણભટ્ટની શૈલીનું અનુકરણ કરતાં ખૂબજ સુંદર પરિસંખ્યા તેમજ શ્લેષ અપાયાં છે. જેમકે–

*'विभ्रमो यत्र नारीषु न विद्वत्सु च कर्हिचित् ।*
*नद्यः कुटिलगामिन्यो न यत्र विषये प्रजाः ॥ ९ ॥*
*बाणेषु गुणविश्लेषो बन्धोक्तिः पुस्तके दृढा ।*
*स्नेहत्यागः सदैवास्ति यत्र पाशुपते जने ॥ १९ ॥*
*यत्र क्षपणका एव दृश्यन्ते मलधारिणः ।*
*प्रायो मुधुव्रता एव यत्र चञ्चलवृत्तय : ॥ २० ॥*

આ પ્રમાણે સ્કન્દપુરાણમાં ભૌગોલિક ક્ષેત્રોનું વિસ્તૃત તેમજ વિશદ વિવરણ થયું છે. સ્કન્દપુરાણનાં ખંડોની આ વર્ણન શૈલીને તેની વિશિષ્ટતા પણ કહી શકાય. ચતુર્થખંડ

કાશીખંડમાં તો કાશિસ્થ શિવલિંગોનું દિશા નિર્દેશ પૂર્વકનું વિવરણ વાંચતાં જ આજે પણ તે શિવલિંગોની સ્થિતિનું અનુમાન લગાવી શકાય છે. પ્રાચીન નિબંધ ગ્રન્થોમાં સ્કન્દપુરાણનાં વચનો ઉદ્ધૃત થયેલ જોવા મળે છે. મિતાક્ષરા (યાજ્ઞ.સ્મૃતિ. ૨/૨૯૦) એ વેશ્યા પદનાં વિષમાં આ પુરાણને ઉદ્ધૃત કર્યુ છે. જયારે કૃત્યકલ્પતરૂએ આ પુરાણનાં બહુસંખ્યક વચનો ઉદ્ધૃત કર્યા છે. કાણે મહોદયનું કથન છે કે–કલ્પતરૂએ વ્રતનાં વિષયમાં તો માત્ર ૧૫ શ્લોક જ ઉલ્લેખિત કર્યા છે, પરંતુ તીર્થનાં વિષયમાં ૯૨, દાનનાં વિષયમાં ૪૪, નિયતકાળનાં વિષયમાં ૬૩, રાજધર્મનાં વિષયમાં ૧૮ શ્લોકો ઉદ્ધૃત કર્યા છે. દાનસાગરે દાન વિષય ૪૮ શ્લોક આપ્યાં છે. આમ સ્કન્દનાં વિશાળ રૂપ ઉપર ધ્યાન આપતાં આભાસિત થાય છે કે, ધર્મશાસ્ત્રીય નિબંધોમાં સ્કન્દથી ઉદ્ધ્ધરણ સંખ્યાની દ્રષ્ટિએ ઓછું જ છે. આ પુરાણમાં વેદ સમ્બન્ધિત સામગ્રી[૮૮] પર્યાપ્ત માત્રામાં છે, જે સ્કન્દપુરાણનાં રચયિતાનાં અલૌકિક વૈદિક વૈદુષ્યનો સંકેત આપે છે. આ પુરાણ એટલું વિશાળ અને વિસ્તૃત છે કે, આમાં પ્રક્ષિપ્ત અંશોને જોડવા માટે પુરતો અવકાશ છે.

અંતતઃ એમ કહી શકાય કે સ્કન્દપુરાણનાં સમયનું યથાર્થ નિરૂપણ અસંભવ જ છે. ડો. હરપ્રસાદ શાસ્ત્રીને નેપાળ દરબાર લાઈબ્રેરીમાં આ પુરાણની એક હસ્તપ્રત મળ ી છે, જેનું લેખન સપ્તમશતીની શૈલીમાં થયું છે.[૮૯] આ બધા પ્રમાણોને એકત્રિત કરી એમ કહી શકાય કે આ પુરાણની રચના સપ્તમશતીથી પૂર્વ કાલીન તેમજ નવમશતીથી ઉત્તરકાલીન ન હોઈ શકે. બન્નેની વચ્ચે જ સંભવતઃ આ પુરાણ રચિત હોવું જોઈએ.

## ૩.૭ મત્સ્યપુરાણ

પ્રત્યેક પુરાણનું પોતાનું આગવું મહત્વ છે, તેમ મત્સ્યપુરાણ પણ પોતાની એક વિશેષ ઓળખ ધરાવે છે, પરંતુ અન્ય પુરાણોથી આ પુરાણ મૌલિકતા અને પ્રાચીનતાની દ્રષ્ટિથી એક વિશેષ સ્થાન ધરાવે છે. અષ્ટાદશ પુરાણમાં ચાર મહાપુરાણ સૌથી પ્રાચીન મનાય છે, જેમાં એક મત્સ્યપુરાણ, બ્રહ્માંડ, વિષ્ણુ અને વાયુપુરાણ છે. આ ચારે પુરાણનો સમય પણ લગભગ મળતો જ આવે છે. નારદપુરાણનાં મતે મત્સ્યપુરાણમાં, પુરાણોમાં વર્ણિત કાવ્યનાં બધાં જ રસોનું વર્ણન ઠેર–ઠેર મળે છે. વીરરસનું વર્ણન આ પુરાણમાં વધારે થયુ છે, તેનું કારણ છે કે સામાન્ય જનતા વીરરસને વધુ પસન્દ કરે છે. લોકપ્રિયતા માટે વૈષ્ણવપુરાણોમાં દેવાસુર સંગ્રામનું ભયાવહ ચિત્રણ સ્પષ્ટ થયું છે. આવાં વર્ણનોમાં અલંકારોનો વધારે પ્રયોગ થાય છે. વેદો અને ઉપનિષદોમાં જે કથાઓનાં બીજ મળે છે. તેનું પુરાણોમાં વિસ્તારથી અને અતિશયોકિત પૂર્ણ વર્ણન થયું છે.

ઈન્દ્ર દ્વારા વૃત્રવધની કથા કે જે વૈદિક સંહિતાઓમાં સંક્ષેપમાં મળે છે. તે પુરાણોમાં વીસ અધ્યાયોમાં વર્ણિત મળે છે. આવી જ રીતે ત્રિપુર આદિની કથાઓ (કલ્પનાઓ) પણ વેદોમાં નિગૂઢ છે. અગસ્ત્ય અને ઉર્વશીની ઉત્પત્તિ–કથા વેદોમાં મળે છે. ઈન્દ્ર, વરૂણ, કુબેર, રુદ્ર, સૂર્ય, ચન્દ્રમાં આદિનાં સ્વરૂપની કલ્પના પણ વેદોથી જ આવી છે. વેદોમાં દેવતાઓનાં ગુણો અનુસાર સ્વરૂપની કલ્પના થઈ છે. આમ મત્સ્ય પુરાણનાં વિષયોમાં યુદ્ધ, દાન, મૂર્તિપૂજા, મૂર્તિપ્રતિષ્ઠા, શ્રાદ્ધ આદિનું વર્ણન છે. અનેક યુદ્ધોમાં દેવાધિદેવ શિવ જ વિજયી થાય છે. જયારે સમસ્ત દેવગણ અનુરોધી પરાજિત થઈ જાય છે–ત્યારે ભગવાન શિવ જ જગત્‌ની રક્ષા કરે છે. આમ મત્સ્ય પુરાણમાં વર્ણિત તથ્યોનું ઉપજીવ્ય એક પરમસુખમય, સમૃદ્ધ, શાન્ત સમાજ હતો, જેમાં બ્રાહ્મણ–ધર્મનું વર્ચસ્વ હતું. તેઓ જે ઈચ્છતાં તે કરતાં સમાજ તેનો અનુગામી હતો. તેઓ જીવનને શાન્ત, સુખી અને સહમત બનાવવાનો પ્રયત્ન કરતાં રહેતાં, તેમજ પોતાની મર્યાદા–મહત્તાને અક્ષુણ્ણ બનાવી રાખતાં હતાં. આ પુરાણમાં ૧૫૦૦૦ શ્લોક છે. પરંતુ અત્યારે ૧૪૦૦૦ શ્લોક સાથે ૨૯૧ અધ્યાયો વિદ્યમાન છે. આ પુરાણનાં ૧૦૦૦ શ્લોક કયારે અને કઈ રીતે લુપ્ત થઈ ગયાં ? તેનું આજ સુધી કોઈ પ્રમાણ મળ્યું નથી. મત્સ્યપુરાણનાં સમય માટે પણ

ઘણાં પક્ષો અસ્તિત્વમાં છે. સંક્ષેપમાં જોઈએ તો–

## ❑ મત્સ્યપુરાણનો સયમ :–

જે વધુ જૂનું હોય તેનો સમય આંકવો વધુ કઠીન હોય જે તર્ક સંગત વાત છે. તે ન્યાયે મત્સ્યપુરાણનો સમય નિર્ધારિત કરવો પણ કઠીન છે, પરંતુ અમુક તથ્યોને આધારે વિદ્વાનો દ્વારા આ પુરાણનો સમય નિર્ધારિત કરવાં પ્રયાસ થયો છે. મત્સ્યપુરાણમાં ધર્મ–શાસ્ત્રીય વિષયોનું બાહુલ્ય છે. આ પુરાણે મનુસ્મૃતિ તેમજ યાજ્ઞવલ્કયસ્મૃતિથી પણ અમુક શ્લોકોને આત્મસાત કર્યા છે. શિવ અને વિષ્ણુ આ બન્ને દેવોનું મત્સ્યપુરાણ સંતુલિત વર્ણન કરે છે. વિષ્ણુ અને શિવ આ બન્નેનાં અવતારોનું વર્ણન સમાન ભાવથી અને ઘણાં બધાં શ્લોકોથી કર્યુ છે. કાણે મહોદય દ્વારા નિબંધોમાં વર્ણિત શ્લોકનું વિવરણ અપાયું છે.[૯૦] મત્સ્યપુરાણનો એક સંક્ષેપ પણ 'સ્વલ્ય પુરાણ' ને નામે પ્રખ્યાત છે, જેનો એક થોડો નમુનો *'पुराणम्'* (ખંડ ૪,૧૯૬૨) માં પ્રકાશિત છે.

મત્સ્યપુરાણમાં પ્રાચીન વૈદિક તેમજ સંસ્કૃત–સાહિત્યનાં અનેક ગ્રન્થો અને ગ્રન્થકારોનો નિર્દેશ મળે છે. જેનાં વિષયમાં આપણી જાણકારી ખૂબ જ ઓછી છે.[૯૧] કાલિદાસનાં વિક્રમોર્વશીય નાટક તેમજ મત્સ્યનાં ઉર્વશી ઉપાખ્યાન (અધ્યાય ૨૪) માં આશ્ચર્યજનક સામ્ય છે. બન્નેમાં ઘટના ચક્રની સમાનતા ખરેખર આશ્ચર્ય ઉપજાવનાર છે. એ નિર્ણય કરવો કઠીન છે કે કોણ કોનું અનુસરણ કરે છે ? મત્સ્યપુરાણ પ્રાચીન પુરાણોમાં અન્યતમ છે. પ્રક્ષેપ વિહીન તેમજ સર્વથા સુરક્ષિત પુરાણો માંથી મત્સ્યપુરાણનું નામ વસ્તુતઃ શ્રેષ્ઠ છે. આ પુરાણનો આવિર્ભાવ ઈ.સ. ૨૦૦ થી ઈ.સ. ૪૦૦ વચ્ચે હોઈ શકે, જે કાલિદાસનાં સમયને આધારે નિશ્ચિત કરી શકાય. જો કાલિકદાસ ગુપ્તયુગમાં ઉત્પન્ન થયાં, તો નિશ્ચિત પણે તેમણે મત્સ્યપુરાણથી પોતાની 'વિક્રમોર્વશીયમ્' નાટકની કથાવસ્તુ લીધી હોવી જોઈએ. જયારે પાર્જિટરનાં મતે બીજી શતાબ્દિનાં સમયનાં શાસક, આંધ્ર રાજા યજ્ઞશ્રી સાતકર્ણીનાં શાસનકાળમાં મત્સ્યપુરાણનો સંગ્રહ થવો શરૂ થઈ ગયો હતો. કારણકે તેમનાં શાસનકાળનાં નવમાં અથવા દશામાં વર્ષે જ પાંડુલિપિ જોવાં મળી. હાજરાએ મત્સ્યપુરાણની પ્રારંભિકતાનો સંબંધ વિષ્ણુપુરાણમાં હોવાનું જણાવ્યું કે, આનું પ્રથમ સંસ્કરણ ઈ.સ. પૂર્વે ચોથી શતાબ્દીમાં થયું અને સમયે–સમયે અમુક અંશો

જોડાતાં ગયાં. જયારે કાણેનાં મતે મત્સ્યપુરાણનો સમય છઠ્ઠી શતાબ્દી પછીઓ ન માની શકાય. ભવન–નિર્માણ અને ચિત્રકળાને આધારે દીક્ષિતારે પણ આ પુરાણની પ્રાચીનતા બતાવવાનો પ્રયાસ કર્યો છે.

## ❑ મત્સ્યપુરાણનો દેશવિચાર :–

આ વિષયમાં વિદ્વાનોએ પોત–પોતાનાં મતો આપ્યાં છે. સૌ પ્રથમ પાર્જિટરના મત પ્રમાણે જોઈએ તો, તેઓ આન્ધ્રપ્રદેશને આનું ઉદય–સ્થળ માને છે. તેઓની ધારણા છે કે, મત્સ્યમાં કલિવંશનું વર્ણન આન્ધ્રનરેશ યજ્ઞશ્રીનાં રાજયકાળમાં દ્વિતીય શતાબ્દીનાં અંતે જોડાયું પરંતુ ગ્રન્થની અંતરંગ પરીક્ષા આ મતની પુષ્ટિ નથી કરતી. મત્સ્યપુરાણનાં અનુશીલનથી નર્મદાની અસામાન્ય પ્રતિષ્ઠા અને કીર્તિની ગાથા અભિવ્યકત થાય છે.

(ક) પ્રલય સમયે નષ્ટ ન થનારી વસ્તુઓમાં નર્મદાનદી અત્રે–અન્યતમ મનાઈ છે.

*एकः स्थास्यति देवेषु दग्धेष्वपि परन्तप ।*

*सोमसूर्यावहं ब्रह्मा चतुर्लोकसमन्वितः ।।*

*नर्मदा च नदी पुण्या मार्कण्डेयो महानृषिः ।*

*भवो वेदाः पुराणाश्च विद्याभिः सर्वतोवृतम् ।।*[९२]

મત્સ્યપુરાણનાં આ વચનો દેવોનાં પણ વિનાશ અથવા પ્રલય પછી બાકી રહેનાર વસ્તુઓની સૂચિ દર્શાવે છે, જેમાં પુણ્યતમા હોવાથી પ્રલય સમયે પોતાની સ્થિતિનું અસ્તિત્વ રાખે છે. તે વચન આશ્ચર્ય નથી પમાડતું, પરંતુ નર્મદાનદી પ્રલયકાળમાં નષ્ટ ન થવાનો સંકેત ગ્રન્થકારનો વિશેષ પક્ષપાત નર્મદા સાથે સ્પષ્ટ કરે છે.

(ખ) નર્મદાનું માહાત્મ્ય ૯ અધ્યાયોમાં (૧૮૬ તી ૧૯૫ અધ્યાય) ખૂબજ વિસ્તારથી અપાયું છે. મત્સ્યપુરાણનાં લેખક નર્મદા નદીનાં તીરસ્થ નાનાં–નાનાં સ્થળોએથી પણ પોતાનો પરિચય અભિવ્યકત કરે છે, કે જે દૂર તેમજ તે સ્થાનોથી અપરિચિત લેખકને માટે નિતાન્ત અસંભવ છે. એ સંપૂર્ણ અધ્યાય (૧૮૮)માં નર્મદા અને કાવેરીનો સંગમ વર્ણિત છે. આ કાવેરી દક્ષિણ ભારતની તે પ્રસિદ્ધ નદી નથી, પરંતુ મધ્યભારત ઓંકારેશ્વર

નજીક નર્મદાને મળનારી એક નાની નદી છે. આ સંગમ ગંગા–યમુનાની જેમ અત્યન્ત પવિત્ર તેમજ સદ્યઃ સ્વર્ગ અપાવનાર બતાવાય છે.[૯૩] નર્મદાનાં તટવર્તી નાનાં–નાનાં સ્થળોથી પણ આ પુરાણ પરિચિત છે. જેમકે, 'દશાશ્વમેધ' નો ઉલ્લેખ (૧૯૨/૨૧) મળે છે. જે ભાડોચમાં એક પવિત્ર ઘાટ છે. 'ભારભૂતિ' (૧૯૩/૧૮) એક નાનું તીર્થ છે, જે નર્મદાનાં ઉત્તરીતટ પર ભાડોચથી આંઠ મીલ દૂર 'ભાડભૂત'નાં નામથી આજે પણ વિખ્યાત છે. આ જ પ્રમાણે 'કોટિતીર્થ' નું પણ કંઈક આવું જ વર્ણન છે.

આ નાનાં–નાના તીર્થોનું વર્ણન ગ્રન્થકારનાં નર્મદાપ્રદેશથી ખૂબજ ગાઢ અને ઘનિષ્ઠ હોવાનો સંકેત આપે છે. આમ ઉપરોકત પ્રમાણોને આધારે મત્સ્યપુરાણનું રચના–સ્થળ નર્મદા પ્રદેશ માનવું ખૂબજ યોગ્ય અને પ્રામાણિક છે.[૯૪]

## ❑ મત્સ્યપુરાણનું સ્થાન :–

પુરાણ સાહિત્યમાં મત્સ્યપુરાણનું સ્થાન ઉભયરૂપે જોવાં મળે છે. એક બાજુ આ પુરાણમાં વ્રત, પૂજા પાઠ, દાન, સ્નાન આદિ કરવાની પ્રેરણા છે, ત્યાં જ બીજી બાજુએ રાજધર્મ શાસન–વ્યવસ્થા, ગૃહ–નિર્માણ, શાંતિ–વિધાન, પ્રાયશ્ચિત એવં વ્રતવિધિ, દંડ–વિધાન, શકુન–અપશકુન આદિ જીવનોપયોગી બાબતોનું પણ વિસ્તૃત વર્ણન મળે છે. તદુપરાંત ભારતીય નારીની ગરીમાની ઓળખ આપતુ 'સાવિત્રી ઉપાખ્યાન' મુખ્યતઃ આ પુરાણમાં જ સવિસ્તાર વર્ણિત છે. સાથે સાથે વારાણસી, હિમાલય, નર્મદા, આદિની પ્રાકૃતિક શોભાનું કાવ્યમય વર્ણન તેમજ અનેકાનેક એવાં વિષયોનું વર્ણન છે, કે જે આ પુરાણની ઉત્કૃષ્ટતા અને ઉપયોગિતા ને પ્રમાણિત કરે છે.

## ❑ મત્સ્યપુરાણમાં ગૃહ–નિર્માણ :–

મત્સ્યપુરાણમાં ગૃહ–નિર્માણનાં વિષયમાં પણ અતિસુન્દર વર્ણન જોવાં મળે છે. જેથી એવું ભાસિત થાય છે કે, પ્રાચીનકાળમાં પણ આ વિદ્યા પર લોકોનું ધ્યાન હતું. એટલું જ નહી, આ પુરાણનાં પ્રારંભમાં જ પ્રાચીન ભારતની વાસ્તુવિદ્યાનાં અઢાર વિશેષજ્ઞોનું વર્ણન પણ મળે છે, કે જેઓને આ વિદ્યામાં પ્રસિદ્ધિ મળી છે. તેઓનાં નામ છે – ભૃગુ, અત્રિ, વશિષ્ઠ, વિશ્વકર્મા, મય, નારદ, નગ્નજીત, વિશાલાક્ષ, પુરન્દર, બ્રહ્મા,

કુમાર, નન્દીશ, શૌનક, ગર્ગ, વાસુદેવ, અગ્નિરૂદ્ધ, શુક્ર અને બૃહસ્પતિ, આ અઢાર વાસ્તુ શાસ્ત્રનાં ઉપદેશક છે. તેમજ તેની ગતિ–વિધિઓનું વર્ણન પણ સંક્ષેપમાં મત્સ્યભગવાન્ મનુને સંભળાવે છે.

સામાન્યતઃ લોકોનું એવું માનવું છે કે પ્રાચીનકાળમાં ભારતીયો માત્ર ઝુપડી અને માટીનાં કાચા ઘરોમાં જ રહેતાં હતાં. આને આધારે ભારતને વિદેશિઓ દ્વારા અર્ધસભ્ય પણ કહેવાય છે. જેનું ખંડન આ મત્સ્યપુરાણનાં ઉકત વર્ણનથી થઈ જાય છે. આવાં વર્ણનોથી એવુ લાગે છે કે, પ્રાચીનકાળમાં ઉકત મનીષિઓ દ્વારા રચિત વાસ્તુવિજ્ઞાન સંબંધિત ગ્રન્થો પ્રાપ્ત હશે, જેને આધારે મત્સ્યપુરાણમાં સંક્ષેપમાં ઉલ્લેખ અપાયો. કદાચ કોઈ એવું કહે કે આ વિષયમાં દેવતાઓની પ્રધાનતા દેખાડવા માટે બ્રહ્મા, કુમાર, ઈન્દ્ર આદિનું વર્ણન કરી દેવાયું છે. તો પણ આ વિદ્યાનાં વિદ્વનોની મહત્તા જ સિદ્ધ થાય છે. જેમ દેવતાઓમાં વાસ્તુવિદ્યાના જ્ઞાતાને વિશ્વકર્મા કહેવાય છે. તેમ જ આર્યોની વિરોધી દૈત્ય જાતિમાં શિલ્પિજ્ઞો ને ‘મય’ પદવી અપાતી હતી, એવી સદ્ભાવના છે. કારણકે, દેત્યજાતિનાં લોકોનો શિલ્પશાસ્ત્રજ્ઞાતા ‘મય’ ખૂબ જ પ્રસિદ્ધ હતો.

મત્સ્યપુરાણમાં સામાન્ય ગૃહ, ભવન, પ્રાસાદ, સ્તમ્ભ, દરવાજા, મંડર વેદી આદિનાં ભેદ, તેમજ તેમની બનાવટનું વિસ્તારપૂર્ણ વર્ણન કરાયું છે. જેમકે ઉત્તમ ઘરની ચારે તરફ દરવાજા અને બારીઓ હોવી, આ પુરાણમાં તેનું નામ ‘સર્વતોભદ્’ અપાયું છે. જે દેવાલય તેમજ રાજાનાં નિવાસ માટે યોગ્ય હોય છે. તેમજ નન્દયાવર્ત, વર્ધમાન આદિ નામનાં ગૃહ વર્ણન પણ જોવા મળે છે. એટલુંજ નહી, પણ એમાં દુર્ગ–નિર્માણની જે વિધિ કહેવાઈ છે, તેથી વધારે સ્પષ્ટ થઈ જાય છે કે પ્રાચીન સમયમાં વાસ્તુવિદ્યાનાં જ્ઞાતા અસાધારણ હતાં. આ પુરાણમાં ગૃહ પ્રવેશ માટે શુભાશુભ પણ અસ્તિત્વ ધરાવે છે. તદુપરાંત ગૃહ–નિર્માણ સમયે તાન્ત્રિક આદિથી જમીન ઉત્ખનનની પ્રક્રિયા પણ આધુનિક સમયની જેમ પ્રાચીન સમયમાં પણ પ્રચલિત હતી, જેથી સ્પષ્ટ થાય છે કે, પહેલાંનાં લોકો જયોતિષ વિદ્યાનાં પણ વિદ્વાન હતાં.

## ❑ મત્સ્યપુરાણ માં દુર્ગ નિર્માણ :–

રાજયનાં હોવાથી જ રાજાનું અસિતત્વ છે. તેથી જ–જે પ્રમાણે રાજા સ્વરક્ષણાર્થ વિભિન્ન પ્રકારની વ્યવસ્થા કરે છે, તેવી રીતે જ રાજય અને પ્રજાની રક્ષા માટે દુર્ગ–વિધાનની આવશ્યકતા કહેવાઈ છે. જેથી તેની પોતાની રક્ષા પણ થાય છે. આ પુરાણમાં છ પ્રકારનાં દુર્ગ કહેવાયાં છે. ધન્વદુર્ગ, મહીદુર્ગ, જલદુર્ગ, વાર્ક્ષદુર્ગ, ગિરિદુર્ગ અને નરદુર્ગ અમુક વિદ્વાનોએ તો દુર્ગનાં માત્ર ચાર જ પ્રકારોનો ઉલ્લેખ કર્યો છે. ઔદક, પર્વત, ધાન્વન અને વન્ય પરંતુ બધાએ એક સ્વરે કહયું છે કે–નિજ તેમજ પ્રજાની સહાયતાર્થ વિવિધ પ્રકારનાં સામાન અને જીવ–જંતુઓને રાખવા માટે રાજા, રાજયનાં યોગ્ય સ્થળોએ દુર્ગ બનાવતાં રહેતાં હતાં. જેની બનાવટ ખૂબજ ચતુરતા અને કુશળતાનું પ્રતિક મનાતી હતી. તે દુર્ગોમાં શિલ્પી, ખાદ્ય–સામગ્રી, ઔષધિ, વિભિન્ન કર્મચારિઓ તેમજ વાહનો, તેલ, દુધ, ખાદ્ય અને પેય સામગ્રી, કપડાં અને વિભિન્ન પ્રકારનાં છોડવાં આદિ ઉપયોગી સામાન રાખતાં હતાં. આ સામગ્રીઓથી રાજા યુદ્ધ અથવાં કુસમય આવતાં પ્રજાની રક્ષા કરતાં હતાં. તેમાં વર્ણિત ઔષધિઓથી એવુ જાણવાં મળે છે કે પ્રાચીનકાળ માંથી એક વૈદ્યનો પ્રાદુર્ભાવ આ પૃથ્વી ઉપર પણ થઈ ચુકયો હતો. સાથે જ તે સમયનાં લોકોની યુદ્ધકળા પણ આગવી હતી.

## ❑ રાજકર્મચારી ગણ :–

રાજા પોતાની મદદ અને સુરક્ષા માટે પોતાનાં રાજયમાં અને પોતાની મંડળીમાં વિવિધ સહાયકોની નિયુકિત કરતાં હતાં. આ વાતનો ઉલ્લેખ પણ આ પુરાણમાં પણ થયો છે. રાજાને આ બાબતે મત્સ્યપુરાણમાં સુંદર માર્ગદર્શન પણ અપાયુ છે, જેમ કે રાજાએ સ્વયં કુલીન સહાયકોનું વરણ કરવુ જોઈએ, જે શૂરવીર ઉત્તમજાતિમાં ઉત્પન્ન, બળવાન અને શ્રી સમ્પન્ન હોય. રાજાએ એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે સહાયક રૂપ અને ગુણોથી સમ્પન્ન, સજજન, ક્ષમાશીલ, સહિષ્ણુ, ઉત્સાહી, ધર્મજ્ઞ અને પ્રિયવચન બોલનાર હોય. આ પુરાણમાં ખૂબ જ સુંદર રીતે ઘણાં ઘણાં સભાસદો, અધિકારીઓ, દૂત, સન્ધિવિગ્રહક, દેશરક્ષિતા, ધર્માધિકારીનાં  નામોનો ઉલ્લેખ કર્યો છે. ઉપરોકત બધાં

રાજયસભામાં મન્ત્રી રહેતાં હતાં, જેને સભાસદ કહેવાતાં, તેમજ દ્વારપાલ, તાંબૂલધારી, લેખક, વૈદ્ય આદિ રાજાનાં અંગત ભૃત્ય કહેવાતાં, ગજાધ્યક્ષ, અશ્વાધ્યક્ષ, અન્તઃ પુરાધ્યક્ષ આદિ સાત અધ્યક્ષ કાર્યકારિણીનાં મુખ્ય અધિકારી રહેતાં હતાં. મત્સ્યપુરાણમાં રાજાનાં કર્તવ્યો અને રાજવ્યવસ્થાનું જે વર્ણન થયું છે, તેથી વિદિત થાય છે કે, પ્રાચીન સમયમાં પણ રાજાઓનું જીવન આધુનિક દેશનાં સર્વોચ્ચ વ્યકિતની જેવું હતું. તેઓ  ઐશ–આરામની વસ્તુઓ રાખતાં હતાં. માથા પર રત્ન જડિત મુકુટ રહેતો હતો. તેઓ સોનાનાં સિંહાસન પર બેસતાં હતાં. તેમનાં મહેલમાં ઘણી બધી રાણીઓ અને દાસ–દાસીઓ રહેતી હતી, છતાં તેમને હંમેશા પોતાનાં પ્રાણની  ચિંતા રહેતી હતી. જે રાજા આ કર્તવ્યોની અવગણનાં કરતાં અને માત્ર રાસ–રંગમાં જ ડુબેલ રહેતાં, તેઓ પ્રાયઃ બીજા રાજાઓનાં આક્રમણથી નષ્ટ થઈ જતાં હતાં. તેથી રાજા ખૂબજ સભાનતા પૂર્વક પ્રજા–પાલન અને દુષ્ટોનું ધ્યાન કરતાં–કરતાં પોતાની સ્થિતિ સુદૃઢ બનાવી રાખતાં.

## ❑ રાજધર્મનું વર્ણન :–

મત્સ્યપુરાણમાં રાજધર્મનું વર્ણન વિશેષ રીતે મહત્વપૂર્ણ છે. આ પુરાણમાં રાજાને માટે માત્ર પ્રજાપાલન, દુષ્ટદમન અને અર્થસંચયનું વર્ણન જ માત્ર નથી, અપિતુ આ વિષયોનું વ્યવહારિક જ્ઞાન પણ વર્ણિત છે. પ્રાચીનકાળમાં જે રીતી–રિવાજો હતાં. તેમાં અમુક પરિવર્તિત રૂપ જોવા મળે છે. જેમકે, પહેલાં તલવાર, તીર આદિથી યુદ્ધ થતાં હતાં. તેની જગ્યાએ આજે વૈજ્ઞાનિક યુગમાં વાયુયાન દ્વારા બમ–વર્ષા, રોકેટોથી યુદ્ધ થતાં જાવાં મળે છે. પ્રાચીનકાળમાં રાજયનું પૂર્ણ અસ્તિત્વ એક માત્ર રાજા ઉપર આધારિત રહેતું હતું. અતઃ કોઈ પણ રીતે રાજાને નષ્ટ કરી દેવાથી રાજયની તમામ વ્યવસ્થા ખંડિત થઈ જતી હતી.  અત એવ આ પુરાણમાં રાજાને દુષ્ટ કંટકોથી બચવા માટે વિભિન્ન પ્રકારનાં ઉપાયોનું વર્ણન જોવાં મળે છે. જેમકે રાજાએ સદૈવ શંકાયુકત કંટકોથી બચવા માટે શાશ્વત સજગ રહેવું જોઈએ. શત્રુ અથવા રાજયનાં લોભી માનવ, રાજાને મારવાં માટે ,ભોજન, વસ્ત્ર, અલંકાર આદિ પદાર્થોને વિષયુકત બનાવી રાજાને ઉપયોગ માટે આપી દેતાં હતાં. જેથી આવાં પદાર્થોને સ્વીકાર કરતા પહેલાં  તેનું યોગ્ય પરીક્ષણ કરાવવું. તેણે કયારે પણ અજ્ઞાત, જલાશય, ભીડ આદિમાં પણ ન જવું જોઈએ. એટલું જ નહી પણ અનુપમ

સૌન્દર્યથી યુકત અજ્ઞાત સ્ત્રીનાં સંપર્કમાં પણ ન આવવું જોઈએ. ઉપરોકત પરિસ્થિતિઓમાં રાજાને જવુ ંપડે તો વિશ્વસનીય ગુપ્તચરો દ્વારા પરીક્ષણ કરાવી લેવું જોઈએ. કોઈ એક વ્યકિતનાં કહયાં પ્રમાણે કાર્ય ન કરવું જોઈએ. આધુનિક સમયમાં પણ ખૂબજ સાવધાની રાખવાની જરૂર પડે છે,તો ત્યારનાં સમયમાં તે કેટલું અઘરૂં કામ હશે ,તેનું અનુમાન સરળતાથી કરી શકાય છે.

## ❑ મત્સ્યપુરાણમાં દૈવ અને પુરૂષાર્થ :–

શુક્રાચાર્યજીએ દૈવ અને પૌરૂષને બધાંજ કાર્યોમાં કારણભૂત બતાવ્યાં છે. મત્સ્યપુરાણ કારે પણ આ વાતનું અનુસરણ કરતાં દૈવ અને પુરૂષાર્થમાં દૈવ અચિન્ત્ય હોય છે તેમજ પૌરૂષથી થયેલું કાર્ય દેખાય છે તેવું કહયું છે. દૈવને 'ભાગ્ય' તેમજ પુરૂષાર્થ ને 'કર્મ' કહેવાય છે. પ્રાચીનકાળથી જ એક પ્રશ્ન રહયો છે કે, આ બન્ને માંથી શ્રેષ્ઠ શું ? જેને માટે સર્વપ્રથમ તે જાણવું પડે કે દૈવ શું છે?–

*'पुर्वजन्मेषु यत्कर्म तद्दैवमिति कथ्यते '*

આ સૂકિત પ્રમાણે પૂર્વજન્મનું કર્મ જ, આ જન્મનું દૈવ, અર્થાત્ ભાગ્ય બને છે. શુક્રાચાર્યએ પણ કર્મનાં બે સ્વરૂપો બતાવ્યાં છે. પૂર્વ જન્મમાં કરેલાં કર્મ અને આ જન્મમાં થનારા કર્મ, જેનાથી દૈવ અને પુરૂષાર્થની સિદ્ધિ થાય છે. આ સંદર્ભમાં મત્સ્ય અને અગ્નિપુરાણમાં પણ સમાન વર્ણન જોવા મળે છે. ઘણાં લોકો પુરૂષાર્થને વધુ શ્રેષ્ઠ માને છે. આ મતને પુષ્ટ કરવા માટે યાજ્ઞાવલ્ક્યની આ સૂકિત પ્રમાણભૂત છે.

*यथा हयेकेनचक्रेण न रथस्य गतिर्भवेत् ।*

*तथापुरूषकारेण विना दैवं न सिद्ध्यति ।।*

અત્રે યાજ્ઞવલ્કયનું કહેવું છે કે, જેમ એક ચક્રથી રથ ન ચાલી શકે તેમ પુરૂષાર્થ અને ભાગ્ય આ બંને એક જ રથનાં ચક્રો છે. માત્ર પુરૂષાર્થ કે માત્ર દૈવ કયારેપણ સિદ્ધ થતાં નથી. બન્ને એક બીજાનાં પૂરક હોવાથી, બન્ને મળે ત્યારે જ સફળતા મળતી હોય છે. સામાન્યતઃ એવુ જોવા મળે છે કે કોઈ વ્યકિત ઓછી મહેનતથી કાર્યને પૂર્ણ કરી લે

છે, જયારે ઘણાં લોકોને ખૂબ જ મહેનત કરવી પડતી હોય છે. અને ઘણાં તો એવાં હોય છે કે કંઈ પણ કર્યા વગર જ તેને ફળ પ્રાપ્ત થઈ જાય છે. મત્સ્યપુરાણ અનુસાર જેમનું પૂર્વ જન્મનું કર્મ સાત્વિક હોય છે, તેમને વગર પુરૂષાર્થે જ સારા ફળ મળતાં હોય છે. જયારે રજોગુણીને કઠીન પરિશ્રમ કરવો પડે છે. કર્મ દ્વારા જ દુનિયાનાં તમામ કાર્યોને સંભવ બનાવી શકાય છે, આ વાતનું સમર્થન કરતાં મત્સ્ય અને અગ્નિપુરાણમાં જણાવાયુ છે કે કયારેક એવું પણ થાય છે કે દૈવ અનુકૂળ ન હોય, તો મહેનત કરવા છતાં સફળતા સરળતાથી નથી મળતી. આવી પરિસ્થિતિઓમાં માનવે નિરાશ ન થવું જોઈએ. મહેનત દ્વારા કરાયેલું કાર્ય કદી પણ નિષ્ફળ નથી જતું. માનવે સર્વદા ધર્મયુકત પુરૂષાર્થ કરવો જોઈએ. કદાચ આ લોક માં ન મળે તો પરલોકમાં પણ તેને તેનાં કર્મોનું  ફળતો મળે જ છે. તેથી માનવે કદી ભાગ્યને ભરોસે ન બેસવું જોઈએ. આ સંદર્ભમાં મહાભારતમાં પણ ઉલ્લેખ છે કે, યુધિષ્ઠિર તમે માત્ર પુરૂષાર્થ નિમિત કર્મ કરજો, ઉદ્યોગ વગર માત્ર ભાગ્ય ભરોસે રાજાઓનાં કાર્યો સિદ્ધ નથી થતાં. તેમજ એવું પણ કહેવાયું છે કે, દૈવ અને પુરૂષાર્થ એક બીજાનાં આશ્રિત છે. ઉદાર લોકો ‘કર્મ’ નું અવલમ્બન કરે છે. જયારે નપુંસક લોકો ‘દૈવ’ નું,  એવું શુક્રાચાર્યએ પણ કહયું છે. શ્રીમદ્ભગવદ ગીતા પણ  કહે છે કે–

*‘कर्मण्येवाऽधिकारस्ते मा फलेषु कदाचन’*[૯૫]

તારો અધિકાર માત્ર કર્મ કરવામાં છે, ફળની ઈચ્છા ન રાખ યોગ્ય સમયે જ ફળ મળે છે.

મત્સ્યપુરાણ કહે છે કે જયારે દૈવ, પુરૂષાર્થ અને કાળ ત્રણે મળે, ત્યારે કર્મનું ફળ મળે છે. અગ્નિપુરાણ આ વાતનું સમર્થ કરતાં એક ઉદાહરણ આપે છે કે – ખેડૂત બીજ રોપે છે, મહેનત પણ કરે છે, વૃષ્ટિ પણ થાય છે, પરંતુ સમય આવે ત્યારે જ તેમાં ફળ આવે છે. તેથી મનુષ્યએ કર્મને પ્રધાનતા આપતાં સારા કર્મો કરતાં રહેવા જોઈએ. આવું કરવાથી મનુષ્યને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચતુર્વિધ પુરૂષાર્થની પ્રાપ્તિ થાય છે. તેમજ તેનો આલોક અને પરલોક બન્ને સુધરે છે.

## ❑ મત્સ્ય પુરાણમાં પ્રાકૃતિક વર્ણન :–

અનેક સ્થળો પર આ પુરાણમાં પ્રાકૃતિક શોભાનું વર્ણન જોવા મળે છે. આ પુરાણમાં હિમાલય પર્વત, નર્મદા, વારાણસી આદિનું જે વર્ણન થયું છે તેની ગણના ભાષા અને ભાવની દ્રષ્ટિથી ઉત્તમ કવિતામાં થાય છે. ઉત્તમ કવિતાનો અર્થ કે કાલિદાસ, ભવભૂતિ વગેરેની જેમ સુંદર વર્ણન મત્સ્યપુરાણનાં આવાં વિભિન્ન વર્ણાનોમાંથી હિમાલયનું થોડું વર્ણન જોઈએ તો – જે કોઈ વ્યકિત હિમાલયની નજીક પહોંચે છે, તે હિમાલયને જોઈને ચકિત થઈ જાય છે. આ પર્વત એટલો ઉંચો છે કે આકાશને સ્પર્શતો હોય તેવું ભાસે છે. તે નિર્જન અને શાન્ત વાતાવરણમાં નદિઓનાં કલરવની ધ્વનિ વાચકોનાં હૃદયને સ્પર્શી જાય છે. આ પર્વતની તળેટીમાં દેવદારૂનાં વૃક્ષો તેમજ ઉપરી ભાગમાં વાદળો, સૂર્ય અને ચન્દ્રમાં જ દેખાય છે. જેનાં પરથી એવું ભાસિત થાય છે કે હિમાલયે રાજકીય પોષાક–લીલાં અધોવસ્ત્ર, સફેદ વાદળનું ઉત્તરીય અને મુકુટ તેમજ પાઘડી રૂપે સૂર્ય, ચન્દ્રમા વિરાજિત હોય. તેમાં કયાંક કયાંક રંગ–બેરંગી ફુલોની વાટિકાઓ પણ લાગેલી છે. આમ આ પર્વત મત્સ્યપુરાણનાં શબ્દોમાં તપસ્વિઓને માટે ઉત્તમ આશ્રમ તેમજ કામ–સેવક ને માટે પણ અત્યંત દુર્લભ મનાયો છે.

## ❑ સાવિત્રી ઉપાખ્યાન :–

આ પુરાણમાં પતિવ્રતા ધર્મની મહિમા વર્ણવવા માટે ‘સાવિત્રી ઉપાખ્યાન’ નું વર્ણન થયું છે. આ ઉપાખ્યાન વાંચવાથી નારીમાં સ્વાભાવિક પણે જ પતિ–સેવાની ભાવના જાગૃત થાય છે. તેમજ સ્ત્રી અને પુરૂષ બંનેને ધર્મમાં વધુ આસ્થા જન્મે છે. સાવિત્રી ઉપાખ્યાન કંઈક આ પ્રમાણે છે.

જયારે સત્યવાન પોતાની સાધ્વી પત્ની સાથે જંગલમાં લાકડાં કાપવા ગયો હતો, ત્યારે જ  તેનો પ્રાણાંત થઈ જાય છે. જયારે યમરાજ તેને યમલોક લઈ જવાં આવે છે ત્યારે સત્યવાન્ ની પત્ની સાવિત્રી પણ તેનું અનુસરણ કરવા લાગી. યમરાજાએ તેને જ્ઞાનમયી વાતોનો ઉપદેશ દેવાનું શરૂ કર્યુ. સંસારમાં મનુષ્યનો પરમધર્મ હોય છે પોતાના શાસ્ત્રોકત ધર્મોનું પાલન કરવું. ધર્મશાસ્ત્રોમાં માતા, પિતા અને ગુરૂની સેવાથી ત્રણે

પ્રકારની અગ્નિની આરાધના જેવું જ ફળ મળે છે, તેમજ મનુષ્યને અનાયાસ જ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. આ સત્યવાને પણ ધર્મનું પાલન કર્યુ છે. તેથી તેની પણ સદ્‌ગતિ જ થશે જેમાં કોઈ શંકાને સ્થાન જ નથી. અતઃ તુ હવે મારૂ અનુસરણ ન કર, પાછી જા, તારા ધર્મનું પાલન કર. સાવિત્રીએ પણ તેને સાચુ જ બતાવતાં કહયું કે –ધર્મ જ સંસારની સાર વસ્તુ છે, માનવ જન્મનો મુખ્ય ઉદ્દેશ્ય પણ. તે વિના કોઈ પણ સુખની ઈચ્છા કરવી તે વન્ધ્યાનાં સુતની કલ્પનાં સમાન છે. જયારે ધર્મનું આટલું મહત્વ છે, તો હું મારો ધર્મ કઈ રીતે છોડી શકું ? સ્ત્રીનો ધર્મ તો પતિનું અનુગમન કરવું જ કહેવાયો છે. હું તે જ કરી રહી છું. પતિ જ સ્ત્રીનો દેવતા હોય છે. કોઈ પણ સ્ત્રીએ પિતા, ભાઈ, પુત્ર આદિ સીમિત સુખ જ આપી શકે છે. માત્ર પતિ જ એવો છે કે તે બધુ જ આપી દે છે. તેથી આવાં વ્યકિતની પૂજા કઈ સ્ત્રી ન કરે ? આ રાજકુમારનાં માતા–પિતા ખૂબજ અસહાય સ્થિતિમાં છે. માતા–પિતાની સેવા પુત્રનો પણ પરમ–ધર્મ. આની અવસ્થામાં જો તમે તેને લઈ જશો, તો તેઓને અપાર કષ્ટ થશે, તેમજ તમે મને પુત્રવતી થવાનું વરદાન પણ આપ્યું છે. પતિ વગર હું પુત્રવતી કઈ રીતે થઈ શકું ? તેથી આપ તેને જીવનદાન આપી દો. આમ વિવિધ તર્કોવડે સાવિત્રી યમરાજાને પરાસ્ત કરી દે છે, અને એક સાચી પતિવ્રતાનું ઉદાહરણ બને છે.

મત્સ્યપુરાણમાં આવી, ધર્મમાં નિષ્ઠા જગાવનાર ઘણી કથાઓનું વર્ણન છે. પુરાણોની સીધી–સાદી આડમ્બર વિહીન કથાઓની શિક્ષા આપણાં જીવનમાં ખૂબ જ મહત્વ ધરાવે છે. તેની સુરૂચી સરળતા અને સરસતા તેમજ મનોરંજન કળાની તુલના ભારતીય વાંગમયમાં બેજોડ છે. મત્સ્યપુરાણમાં કચ અને દેવયાની, ઉલ્કા અને બુધ, બૃહસ્પતિ અને તારા, દીર્ઘતમ અને મમતા, સત્યવાન અને સાવિત્રી આદીની કથાઓ પુરાતન સૌન્દર્યમાં આજે પણ જીવિત છે. તે માત્ર આદર્શ જ ઉત્પન્ન નથી કરતી અપિતુ તેનાં યથાર્થ અને નાટકીય તત્વોનું પણ મહત્વ છે. મત્સ્યપુરાણમાં વર્ણિત ત્રિપુરની ચન્દ્રિકા અને વનમાં અસુર કથાઓનાં શ્રૃંગારનું વર્ણન પણ કાવ્યનો આનન્દ રજુ કરે છે. જયારે અમુક સ્થળોએ હિમાલયની છટાં, વન્યપ્રાંતોની શોભા, નદી–તટ એવં નાગરિક સમૃદ્ધિનું જે ચિત્ર તેમાં અંકિત છે, તે ખૂબ જ ચિત્તાકર્ષક અને વિશદ છે. રાજાઓનાં કર્તવ્ય,

તત્કાલિન આર્થિક અને સામાજીક નીતિનું જે ચિત્રણ મળે છે, તે આજે પણ સરાહનીય છે. સેનાપતિઓ તેમજ મંત્રિઓનાં કર્તવ્યોથી લઈ સાધારણ રાજકર્મચારીઓનો વ્યવહાર કેવો હોવો જોઈએ ? તેનો પર સુક્ષ્મ રીતે અને સામ્રાજયવાદી દ્રષ્ટિકોણથી વિચાર થયો છે. રાજયમાં સ્થાયી શાન્તિ રાખવાનાં જે વિવિધ ઉપાયો કહેવાયા છે, તેની ઉપયોગિતા આજે પણ છે. પ્રજાને તમામ રીતે સન્તુષ્ટ રાખવા માટે રાજાઓનાં જે વિશેષ કર્તવ્યો કહેવાયાં છે, તેનાંથી રાજનીતિક પરિપકવતાનો પરિચય થાય છે.

આ પુરાણની શરૂઆતમાં મન્વન્તરનું સામાન્ય વર્ણન છે. ત્યાર બાદ વિશેષરૂપેણ પિતૃવંશનું વર્ણન થયું છે. વૈરાજ પિતૃવંશનું ૧૩માં અધ્યાયમાં વિશેષ વર્ણન છે. શ્રાદ્ધકલ્પનું વિવેચન ૭ અધ્યાયો (અ.૧૬–૨૩ સુધી) માં થયું છે. જયારે સોમવંશનું વર્ણન તો ખૂબજ વિસ્તારથી પ્રસ્તુત છે. વિશેષતઃ યયાતિનાં ચરિત્રનું (અધ્યાય ૨૭–૪૨) વર્ણન છે. અન્ય રાજવંશોનું પણ વર્ણન અત્રે મળે છે. વ્રતોનું વર્ણન આ પુરાણની મોટી વિશેષતા છે, જે અધ્યાય ૫૫ થી ૧૦૨ સુધીમાં છે. પ્રયાગનું ભૌગોલિક વર્ણન તેમજ મહિમા કથન ૧૦ અધ્યાયો (૧૦૩–૧૧૨) માં થયું છે. ભગવાન શિવનો ત્રિપુરાસુર સાથેનો સંગ્રામ ખૂબ જ વિસ્તારથી (અ. ૧૨૯– ૧૪૦) વર્ણિત છે. તારકવધનું વર્ણન પણ વિસ્તૃત છે. મત્સ્યાવતારનાં વર્ણન માટે તો આ પુરાણ છે જ, કાશીનું માહાત્મ્ય પણ અનેક અધ્યાયોમાં (અ.૧૮૦–૧૮૫) થયું છે. નર્મદાનું માહાત્મ્ય પણ (અ. ૧૮૭ –૧૯૪) સુંદર વર્ણિત છે.

આ પુરાણમાં ત્રણ ચાર વાતો વિશેષ મહત્વપૂર્ણ  જોવા મળે છે. પહેલી વાત કે, આ પુરાણના ૫૩માં અધ્યાયમાં  બધાં જ પુરાણોની વિષયાનૂમણી અપાઈ છે, જેનાથી આપણને પુરાણોના ૂમિક વિકાસનો ઘણો પરિચય મળી જાય છે. બીજી વિશેષતા છે, ઋષિઓનાં પ્રવર વંશનું વર્ણન. ભૃગુ, અંગિરા, અત્રિ, વિશ્વામિત્ર, કશ્યપ, વશિષ્ઠ, પરાશર અને અગસ્ત્ય આ ઋષિઓનું વર્ણન ખૂબ જ સુંદર રીતે આપણને અધ્યાય ૧૯૫ થી લઈને ૨૦૨ સુધીમાં મળે છે. ત્રીજી વિશેષતા છે– રાજવંશનું વિશેષ વર્ણન. ૨૧૫માં અધ્યાયથી લઈને ૨૪૩માં અધ્યાય સુધી દૈવ, પુરસ્કાર, સામ,દામ, દંડ, ભેદ, દુર્ગ, યાત્રા, સહાય, સંપત્તિ અને તુલાદાન આદિનું વર્ણન આ ગ્રન્થને રાજનૈતિક વૈશિષ્ટ્ય અર્પે છે. આ રાજધર્મ અંતર્ગત અદ્‌ભૂત શાંતિનો ખંડ પણ ખૂબ જ નવીનતા ભર્યો છે. જે અધ્યાય ૨૨૮ થી ૩૩૮

સુધી છે. ચોથી વિશેષતા છે– પ્રતિમા–લક્ષણ અર્થાત્ વિવિધ દેવતાઓની પ્રતિમાનું માપ સાથેનું વર્ણન. આપણું પ્રતિમા શાસ્ત્ર વૈજ્ઞાનિક પદ્ધતિ પર આધારિત છે. વિભિન્ન દેવતાઓની પ્રતિમાની રચના તાલમાન અનુસાર થાય છે. તેની પ્રતિષ્ઠા પીઠનું નિર્માણ પણ એક વિશિષ્ટ શૈલી થી જ થાય છે.

આ તમામ વિષયોનું વર્ણન આ પુરાણમાં અનેક અધ્યાયો (૨૫૭–૨૭૦) માં વર્ણિત છે. રાજાએ પોતાનાં શત્રુ પર આક્રમણ કરતી વખતે કઈ કઈ વાતોનું ધ્યાન રાખવું જોઈએ, તેનું કેટલું સુંદર વર્ણન આ પુરાણના રાજધર્મ માં અપાયું છે.

विज्ञायराजा द्विजदेशकालो,
दैवं त्रिकालं च तथैव बुध्वा ।
यायात् परं कालविदां मतेन,
संचिन्त्य सार्धं द्विजमन्त्र विद्मः ॥

સંક્ષેપમાં કહીએ તો મત્સ્યપુરાણ માત્ર શ્લોક સંખ્યાની દષ્ટિથી જ નહિં, અપિતુ તમામ પહેલુઓથી અષ્ટાદશ પુરાણોમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે.

## ૩.૮ કૂર્મ પુરાણ

ભગવાન વિષ્ણુનાં કૂર્માવતારનું મુખ્યતઃ વર્ણન કરતું આ કૂર્મ પુરાણ છે. કૂર્મ પુરાણમાં બે ખંડો છે. પૂર્વાર્ધ અને ઉતરાર્ધ. પૂર્વાર્ધ માં ૫૩ અધ્યાયો તેમજ ઉત્તરાર્ધ માં ૪૬ અધ્યાયો છે. વિષ્ણુના અવતારનું વર્ણન હોવા છતા આજકાલ આ પુરાણ પાશુપત–મતનું વિશેષતઃ વર્ણન કરે છે. પરંતુ ડૉ. હાજરાનું માનવું છે કે, આ પુરાણ પહેલા પાંચરાત્ર–મતનું પ્રતિપાદક હતું, ઈશ્વરના મતમાં આનું કથન છે કે ઈશ્વર એક છે ( ઉત્તરાર્ધ ૧૧/૧૧૨/૧૫) , પરંતુ તેણે પોતાને બે રૂપો માં વિભાજિત કરેલ છે. ન ારાયણ અને બ્રહ્મા નાં રૂપમાં (૧/૨/૯૫), અથવા ત્રણ રૂપમાં (૧/૧૦/૭૭) બ્રહ્મા, વિષ્ણુ અને શિવ.

આ પુરાણમાં શિવની શક્તિનું વર્ણન મળે છે. (પૂર્વાર્ધ–૧૨) આ શક્તિ ચાર પ્રકારની મનાય છે.– શાન્તિ,વિદ્યા, પ્રતિષ્ઠા તેમજ નિવૃત્તિ. આ ચાર શક્તિઓ જ તંત્ર શાસ્ત્રમાં ' કલ ા' નામ થી સંકેતિત થાય છે. આ શક્તિઓને કારણે જ પરમેશ્વર પાંચરાત્રો ની જેમ 'ચતુર્વ્યૂહ' કહેવાય છે. (પૂર્વાર્ધ–૧૧/૧૨) આ અધ્યાયમાં જ હિમાલયકૃત 'દેવી સહસ્ત્રનામ ' પણ વર્ણિત છે. આ પુરાણના ઉત્તરાર્ધમાં બે ગીતાઓ છે, (૧)ઈશ્વરગીતા (અધ્યાય ૧થી ૧૧ જેમાં શૈવદર્શન વિષયક તત્વોનું વિવેચન છે) (૨)વ્યાસ ગીતા– (અધ્યાય ૧૨–૩૪ જેમાં વર્ણાશ્રમનાં ધર્મોનું તેમજ સદાચાર નું વિશદ પ્રતિપાદન છે) સાથે સાથે ભોજનનાં પ્રકારોનું વર્ણન પણ છે. કૂર્મપુરાણ ની બ્રાહ્મી સંહિતાનાં સ્વરૂપનું આ વિવેચન છે, અન્ય સંહિતાઓ તો અત્યારે ઉપલબ્ધ નથી થતી, પરંતુ નારદીયપુરાણ માં તો આ ત્રણે ભાગવતી, શૌરી અને વૈષ્ણવી સંહિતાઓ ના પણ વિષયોનું સંક્ષેપમાં વર્ણન છે. જેથી તેનું સ્વરૂપ યોગ્ય રીતે ઓળખી શકાય છે. નિબન્ધગ્રન્થોમાં કૂર્મનું ઉદ્ધરણ વધારે મળતું નથી. પદ્મ પુરાણનાં પાતાલ ખંડમાં (૧૦૨/૪૧–૪૨) માં કૂર્મપુરાણ નું નામ મળે છે.

कौर्मे समस्तपापानां नाशनं शिवभक्तिदम् ।
इदं पद्मं च सुश्राव पुराणज्ञेन भाषितम् ॥
ब्रह्महा मद्यपः स्तेनस्तथैव गुरूतल्पगः ।
कौर्मं पुराणं श्रुत्वैव मुच्यते पातकात्ततः ॥

તદુપરાંત કલ્પતરૂએ શ્રાદ્ધનાં વિષયમાં બે શ્લોકોનો ઉલ્લેખ કર્યો છે (પૃ ૧૧૯). તેમજ અપરાર્કે પણ કૂર્મના ત્રણ પદ્યો આપ્યાં છે, એ ત્રણે પદ્યો ઉપવાસનાં વિષયમાં છે. સ્મૃતિચન્દ્રિકાએ એકસો વચન કૂર્મ થી લીધાં છે. જેમાંથી લગભગ ૯૪ શ્લોક આહ્નિક ના વિષયમાં છે. પાશુપતમત ની પ્રધાનતા હોવાને લીધે આ પુરાણ ષષ્ઠ –સપ્તમ શતાબ્દીની રચના હોવી જોઈએ . તે સમયે ઉત્તરભારતમાં વિશેષતઃ રાજપૂતાનાઓ અને મથૂરા મંડળમાં પાશુપતમત નું જ પ્રાધાન્ય હતું. કૂર્મ પુરાણ ની ચાર સંહિતાઓ બ્રાહ્મી, ભાગવતી, શૌરી અને વૈષ્ણવી માંથી અત્યારે માત્ર બ્રાહ્મી સંહિતા જ ઉપલબ્ધ છે, તેનું નામ જ કૂર્મપુરાણ છે. ભાગવત અને મત્સ્યપુરાણાનુસાર આ પુરાણમાં ૧૮૦૦૦ શ્લોકો હોવા જોઈએ , પરંતુ પ્રાપ્ત પુરાણમાં માત્ર ૬૦૦૦ શ્લોકો જ મળે છે. અર્થાત્ મૂળ ગ્રન્થનો ત્રીજો ભાગ જ ઉપલબ્ધ છે. ભગવાન વિષ્ણુએ કૂર્મ અવતાર ધારણ કરી ઈન્દ્રદ્યુમ્ન નામના રાજાને આ પુરાણનો ઉપદેશ આપ્યો હતો. તેથી જ આ પુરાણ, કૂર્મ પુરાણ ના નામે ઓળખાય છે. આ પુરાણમાં શિવ જ સર્વત્ર દેવતા તરીકે વર્ણવાયા છે, તેમજ સ્પસ્ટ ઉલ્લેખ છે કે, બ્રહ્મા, વિષ્ણુ અને શિવમાં કશો જ તફાવત નથી. એક જ બ્રહ્મની આ ત્રણ વિભિન્ન મૂર્તિઓ છે. શક્તિ પૂજાનું વર્ણન પણ ખૂબ જ સુંદરતાપૂર્વક જોવા મળ ે છે. વિષ્ણુ – શિવરૂપ તેમજ લક્ષ્મી–ગૌરી અર્થાત્ પાર્વતીનું જ બીજું સ્વરૂપ કહેવાયા છે. શિવ દેવાધિદેવના રૂપમાં એટલા મહત્વપૂર્ણ રીતે વર્ણિત છે કે, તેના જ કૃપા પ્રસાદથી ભગવાન શ્રી કૃષ્ણ જામ્બુવતીની પ્રાપ્તિમાં સમર્થ થાય છે. પૂર્વાર્ધ માં સૃષ્ટિ પ્રકરણ, ત્યારબાદ પાર્વતીની કઠિન તપશ્ચર્યા તેમજ તેના સહસ્ત્રનામોનું વર્ણન, તેમજ કાશી અને પ્રયાગનું વર્ણન છે.[૯૬] ઉતરાર્ધમાં ઈશ્વરગીતા તેમજ વ્યાસગીતા છે. ઈશ્વરગીતામાં ભગવદ્ગીતાની પદ્ધતિ અનુસાર ધ્યાન યોગ દ્વારા શિવના સાક્ષત્કારનું વર્ણન છે. [૯૭] જ્યારે વ્યાસગીતામાં ચાર આશ્રમોનાં કર્તવ્યોનું વર્ણન મહર્ષિ વ્યાસ દ્વારા થયું છે. આ પુરાણ નાં ઉપક્રમથી જ વિદિત થાય છે કે મૂળસ્વરૂપે આમાં ચાર સંહિતાઓ હતી પરંતુ અત્યારે માત્ર બ્રાહ્મી સંહિતા જ ઉપલબ્ધ છે.

ब्राह्मी भागवती सौरी वैष्णवी च प्रकीर्तिताः।

चतस्रः संहिताः पुण्या धर्मकामार्थ मोक्षदाः॥

इयं तु संहिता ब्राह्मी चतुर्वेदश्च सम्मता ।

भवन्ति षट् सहस्त्राणि श्लोकानामत्र सङ्ख्यया॥[૯૮]

## ❑ કૂર્મપુરાણ નો સારાંશ :–

પુરાણોની ચર્ચા સૂત–શૌનકનાં સંવાદમાં જ થઈ છે. તેથી કૂર્મ પુરાણની શરૂઆતમાં પણ ઉપરોક્ત બંને ઋષિઓની ચર્ચા છે. નૈમિષારણ્યમાં શૌનક આદિ ઋષિઓ એકત્રિત થઈ દીર્ઘ સત્ર( મહાયજ્ઞ ) કરી રહ્યા છે. ઋષિઓએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર સ્વરૂપે લોમહર્ષણે આ પુરાણનાં આવિષ્કર્તા કૂર્મના સંબંધમા કહ્યું કે– દેવો અને અસુરોએ મળીને અમૃતની પ્રાપ્તિ માટે સમુદ્ર મંથન કર્યું. તેઓએ વિચાર્યું કે જેમ દહીંની એક એક બુંદમાં માખણ વ્યાપ્ત રહે છે, તેમજ હિમાલય આદિ પર્વતોની દિવ્ય ઔષધિઓમાં અમૃત નાં કણો વ્યાપ્ત રહે છે. તે ઔષધિઓના મંથન કરવાથી અમૃત પણ એક ઘન પદાર્થ સ્વરૂપે પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ આ બધી ઔષધિઓનાં મંથન માટે એટલા મોટા પાત્ર ની પણ આવશ્યકતા હતી. અતઃ તેમણે પાત્રના રૂપમાં વિશાળ સમુદ્રને પસંદ કર્યો.

તેઓએ આ સંપૂર્ણ ક્રિયામાં મથની સ્વરૂપે મંદર પર્વત અને નાગરાજ વાસુકીને દોરડું બનાવ્યો. સમુદ્રમંથનનો આવો વિશાળ કાર્યક્રમ તો કર્યો, પરંતુ મથની ના આધાર માટે કશું જ ન વિચાર્યું. તેથી દેવ –અસુરોનો આ કાર્યક્રમ વિફળ થઈ જશે એવું જાણી ભગવાન સ્વયં કૂર્મ (કચ્છપ, કાચબો) રૂપ ધારણ કરી તે મંદરાચલ ની નીચેના ભાગમાં વિરાજમાન થઈ ગયા. આવા કૂર્મના રૂપમાં આવેલા ભગવાન્ વિષ્ણુના દર્શન કરી ઋષિઓ સ્તુતિ કરવા લાગ્યા, તેમજ ભગવાનને પ્રસન્ન જોઈ કંઈક ઉપદેશ આપવા માટે પ્રાર્થના કરી. કૂર્મ ભગવાનનો એ ઉપદેશ જ ‘કૂર્મ પુરાણ’ સ્વરૂપે વિખ્યાત થયો. આગળ સૂતજી કહે છે કે કૂર્મ ભગવાન જે સમયે મુનિઓને ઉપદેશ આપવા લાગ્યા તે જ સમયે સમુદ્રમાંથી ભગવતી લક્ષ્મીનો પ્રાદુર્ભાવ થયો. નારાયણરૂપ કૂર્મ એ જ્યારે લક્ષ્મીને પોતાની પાસે બેસાડયા ત્યારે મુનિઓએ પ્રશ્ન કર્યો. ભગવન્ આ દેવી કોણ છે? ભગવાને ઉત્તર આપ્યો કે આ જ મારી પરમા શક્તિ છે, અમે અભિન્ન છીએ. આ શક્તિ દ્વારા જ હું સમ્પૂર્ણ સૃષ્ટિ ની રચના પાલન અને સંહાર કરૂ છું. આનાથી વિહોણો હું ક્યારે પણ નથી હોતો.

આ સાંભળી ઋષિઓ એ પૂછ્યું કે આ તત્વ વિશે આપે પહેલા ક્યારેય કોઈને કહ્યું છે? ઉત્તરમાં ભગવાને ઈન્દ્રદ્યુમ્ન ની કથાની શરૂઆત કરી. તેઓ કહેવા લાગ્યા કે–

ઈન્દ્રદ્યુમ્ન નામનો  એક રાજા હતો. તે કોઈનાથી પણ પરાજિત ન હતો. તેની બુદ્ધિ વિશેષતઃ ધર્મ નિરત જ રહેતી હતી. બધાં જ દેવોનું પૂજન કરી અંતે તે મારે શરણે આવ્યો. મેં તેને વરદાન આપ્યું કે આગળ જતાં તુ બ્રાહ્મ કૂળમાં જન્મ લઈશ અને પરમ યોગી બનીશ. અત્યારે તુ સમયની રાહ જો. આમ મુજથી અનેક વરદાનો પ્રાપ્ત કરી તે નિરન્તર ઈશ્વરની આરાધનામાં લાગી ગયો. મને અને શિવને એક માની નિરન્તર ઉપાસના કરતો રહ્યો. અંતે તપ અને ઉપાસના કરતાં કરતાં મારી મહાશક્તિએ તેને દર્શન આપ્યાં. આ મહાશક્તિના દર્શનથી આહ્લાદિત થયેલ રાજા ઈન્દ્રદ્યુમ્ન તેનાં ચરણોમાં પડયો અને પૂછવા લાગ્યો કે– ‘ ભગવતી આપ કોણ છો? કૃપા કરી મને આપનો પરિચય આપો.’ ઈન્દ્રદ્યુમ્ન એ ફરી પ્રશ્ન કર્યો કે દેવી !આપ નારાયણનું તત્વ મને સમજાવી દો. ત્યારે મહાશક્તિએ રાજાને આશ્વાસન આપ્યું કે નારાયણ સ્વયં તને તેનું તત્વ સમજાવશે.

તત્પશ્ચાત્ મહાશક્તિ અંતર્હિત થયા. રાજા પુનઃ ઉપાસના કરવા લાગ્યો. યોગ્ય સમય આવ્યો ત્યારે મેં પણ તેને દર્શન આપ્યા. મારા બન્ને હાથો થી જ્યારે તેનો સ્પર્શ કર્યો ત્યારે સ્વતઃ તેને સંપૂર્ણ જ્ઞાન થઈ ગયું. ત્યારે તે મારી સ્તુતી કરવા લાગ્યો અને પૂછવા લાગ્યો કે ભગવન્ હવે આગળ હું કયું કર્મ કરૂ? મેં કહ્યું – વર્ણાશ્રમ ધર્મનું પાલન કરતાં રહો અને ત્રણ પ્રકારની ભાવના હંમેશા તમારા ચિત્તમાં લગાવી રાખો.

૧. મારા સાકાર સ્વરૂપની ભાવના

૨. મારા અવ્યક્ત રૂપની ભાવના

૩. વ્યક્ત થી પરે પણ અન્તર્યામી રૂપની ભાવના

આ ત્રણે ભાવનાઓમાં અંતિમ ભાવના ‘બ્રાહ્મી ’ ભાવના છે અને તે ઉત્તરોતર શ્રેષ્ઠ છે. આ પ્રમાણે નારાયણનાં ઉપદેશાનુસાર આચરણ કરતાં એક વખત ઈન્દ્રદ્યુમ્નને ભગવાન બ્રહ્માના દર્શન કરવાની ઈચ્છા થઈ. તેની ઈચ્છામાત્રથી તત્કાલ તેની સામે એક દીવ્ય વિમાન ઉપસ્થિત થયું. તેમાં બેસી જ્યારે ઈન્દ્રદ્યુમ્ન બ્રહ્મલોકમાં પહોચ્યાં તો ત્યાં

તેમને પ્રથમ એક તેજોમય મંડલનું દર્શન થયું તેના પરમ ધ્યાન પશ્ચાત્ ચતુર્મુખ બ્રહ્માના દર્શન પણ તેની અંદર થયાં. બ્રહ્માએ તુરંત ઈન્દ્રદ્યુમ્નનું આલિંગન કર્યું, જેથી તેના શરીરમાંથી પણ એક તેજપૂંજ નીકળ્યો, અને તે સૂર્યમંડલમાં પ્રવિષ્ટ થઈ ગયો. ત્યાં ઈન્દ્રદ્યુમ્ન એ ભગવાન હિરણ્યગર્ભનું દીવ્ય તેજ જોયું. અને પોતાને પણ અક્ષર સ્વરૂપ જોયો. આમ મોક્ષ પ્રાપ્ત કરતો ઈન્દ્રદ્યુમ્ન હિરણ્યગર્ભમાં જ સમાઈ ગયો.

ઈન્દ્રદ્યુમ્ન નું આ ઉપાખ્યાન સાંભળી મુનીઓએ ફરી પ્રાર્થના કરી કે ભગવન્ ! ઈન્દ્રદ્યુમ્ન વાળો ઉપદેશ અમને પણ સંભળાવો. આ પ્રશ્નનાં ઉત્તરમાં ભગવાન કૂર્મએ ઋષિઓને 'કૂર્મપૂરાણ' સંભળાવ્યું. તેમાં કહેવાયું છે કે સૌથી પહેલા નારાયણ સ્વરૂપે હું જ હતો. જ્યારે સૃષ્ટિનો સમય આવ્યો ત્યારે મારા મનમાં આનંદનો ઉદય થયો. તેનો અર્થ સ્પસ્ટ છે કે પહેલા સત્વગુણ ની ઉત્પત્તિ થઈ. સત્વગુણનું જ સ્વરૂપ પ્રસન્નતા છે. તે આનંદમાં બ્રહ્મા ઉત્પન્ન થયા. ત્યાર પછી કોઈ કારણસર નારાયણના મનમાં ક્રોધ ઉત્પન્ન થયો અર્થાત્ રજોગુણ પછી હવે તમોગુણ. આ તમોગુણથી શૂલપાણિ,ત્રિનેત્રધારી, રૂદ્ર પ્રાદુર્ભૂત થયાં. તેનું રૂપ ભયંકર તેજોદીપ્ત સૂર્ય સમાન હતું જાણેકે ત્રિલોકનાં દાહ કરવાને માટે તેઓ તૈયાર હોય, તે જ સમયે મૂળ પ્રકૃતિ મહામાયા તે નારાયણનાં ડાબા પડખાંથી ઉત્પન્ન થયા. તેનો આશય છે કે ભગવાને સૃષ્ટિ માટે રજોગુણ પ્રધાન પ્રકૃતિ અપનાવી. ત્યારે બ્રહ્માએ પ્રાર્થના કરી કે દેવી દ્વારા મોહને પ્રાસાદપૂર્ણ કરો તો જ હું સૃષ્ટિની રચના કરીશ. માત્ર શુદ્ધ જ્ઞાનથી જ સૃષ્ટિ રચના અસંભવ છે. બ્રહ્માની પ્રાર્થના સાંભળી નારાયણે દેવીને કહ્યુ –'હવે તું મોહનો વિસ્તાર કર.' ત્યારે મહામાયા એ મોહનો વિસ્તાર કર્યો, અને બ્રહ્માએ સૃષ્ટિની રચના કરી.

સૌ પ્રથમ બ્રહ્મા એ મરીચિ આદિ ઋષિઓને ઉત્પન્ન કર્યા. પરંતુ ઘણાં અન્ય પુરાણોમાં એવું પણ કહેવાયું છેકે પહેલા બ્રહ્માએ સનત્કુમારોને ઉત્પન્ન કર્યા. જ્યારે બ્રહ્માજીએ સનત્કુમારોને સૃષ્ટિ આગળ ધપાવવાની આજ્ઞા કરી ત્યારે તેઓએ સ્પસ્ટ કહી દીધું કે અમે પ્રપંચમાં નહી પડીએ, અને તેઓ તપ કરવાં જતા રહ્યા. હવે સૃષ્ટિની પ્રૂયિા રોકાયેલી જોઈ બ્રહ્માની પ્રાર્થનાથી નારાયણે મોહ ઉત્પન્ન કર્યો, આ મોહથી આવૃત્ત મરીચિ આદિ ઋષિઓએ સૃષ્ટિનો પ્રારંભ કર્યો. આ તમામ વિવરણોનું તાત્પર્ય એ છે કે,

વિશુદ્ધ જ્ઞાનરૂપ નિર્વિકાર બ્રહ્મા દ્વારા સૃષ્ટિ શક્ય ન હતી. તેની સાથે મોહક માયાશક્તિ ની પણ જરૂર હતી. તેથી જ સૃષ્ટિમાં માયાશક્તિની પ્રધાનતા અપાઈ છે. કૂર્મ પુરાણ માં ત્યારબાદ સૃષ્ટિનું સંક્ષિપ્ત વર્ણન છે, જેમાં કહેવાયું છે કે બ્રહ્માએ પોતાના મુખ આદિ અંગો વડે બ્રહ્માંડ આદિ ચારે વર્ગોની સૃષ્ટિ કરી.

સત્યયુગમાં ઉત્પન્ન મનુષ્યોને માનસી સિદ્ધિ પ્રાપ્ત હતી. વૃક્ષાદિ દ્વારા તેઓએ પોતાનાં ઉપયોગને માટે યથેચ્છાએ અન્ન, ફળ, વસ્ત્રાદિ પ્રાપ્ત થઈ જતાં હતાં. તેનો અર્થ તો એવો જ થાય છે કે જ્યાર સુધી મનુષ્યોની સંખ્યા ઓછી હતી, ત્યાર સુધી તેઓ ગૃહશિલ્પથી પણ અજાણ હતાં. મૂળ, ફળ, વલ્કલ આદિ દ્વારા જ પોતાની જરૂરિયાતોને સંતોષતા હતાં. સિદ્ધિઓ નષ્ટ થઈ જતાં મકાન બનાવવાની તેમજ કૃષિ વગેરેને માટે મનુષ્યો પ્રયત્નશીલ બન્યાં. આમ આધુનિક વિકાસવાદનો સિદ્ધાન્ત પુરાણોમાં પ્રાપ્ત થાય છે. તફાવત માત્ર એટલો જ છે કે વિકાસવાદીઓ આ સ્થિતિ ને ઉત્તરોત્તર શ્રેષ્ઠ કહે છે, જ્યારે પુરાણની સભ્યતા અનુસાર તેનું ઉત્તરોત્તર પતન થયું કહેવાય. બન્નેમાં દષ્ટિકોણ નો જ તફાવત છે.

આધિભૌતિક દૃષ્ટિ થી અધિકાધિક કલાઓનો પ્રસાર ઉન્નતિ તરફની દોડ છે. જ્યારે આધ્યાત્મિકતાની દૃષ્ટિથી આ ્રમશઃ સભ્યતાનું, સંસ્કારોનું પતન થયું છે. કારણકે જેટલો પરિગ્રહ વધે એટલો જ રાગ– દ્વેષ, છલ– પ્રપંચ આદિ પણ વધે છે, અને શુદ્ધ આત્મા પર વધારે ને વધારે આવરણો ચડે છે. તેથી જ પાશ્ચાત્યોનો વિકાસવાદ અને ભારતીયોનો હ્રાસવાદ એક જ છે. પ્રસ્તુતીકરણમાં દૃષ્ટિભેદને કારણે જ બન્ને અત્યન્ત વિરોધાભાસી દેખાય છે. ત્યાર પછી કૂર્મપુરાણ માં ભાલતિલકનું નિરૂપણ છે.

***કૂર્મ પુરાણ માં ભાલતિલકઃ –**

કૂર્મપુરાણ માં ભાલતિલક નું સુંદર વર્ણન જોવા મળે છે. શિવભક્તે લલાટ પર ભસ્મનું ત્રિપુંડ ધારણ કરવું જોઈએ. વિષ્ણુ ભક્તો એ ચન્દન અને જલની મદદથી ત્રિશૂલ આકૃતિનું ઉર્ધ્વપુંડ કરવું જોઈએ. બ્રહ્માના ભક્તોએ સૂર્ય ની આકૃતિ સમાન બ્રહ્મતેજ યુક્ત શુકલબિંદુ ધારણ કરવું જોઈએ. તાત્પર્ય એ છે કે તમે જે દેવતાના ભક્ત હો તેનું ચિહ્ન

તિલકરૂપે ધારણ કરવું જોઈએ. જેથી અન્ય લોકો તિલક જોઈને તમારી સાથે તે દેવતાના વિષયક ચર્ચા કરે. તદુપરાંત તિલકનું મહત્વ એ પણ છે કે, લલાટની શિરાઓમાં જો કોઈ દોષ સૂંમિત થયો હોય, તો તિલકના દ્રવ્યો પોતાનાં ગુણોથી તે દોષોને દૂર કરી દે છે. આમ, તિલકનાં વિવિધ પ્રકારોનું વર્ણન કૂર્મપુરાણ માં વ્યવસ્થિત રીતે જોવા મળે છે, જે ઉપાસકોને એક યોગ્ય માર્ગદર્શન પૂર્વક સાચી સલાહ પણ  આપે છે.

***મહેશ્વરના ચાર વ્યૂહ :–**

ભગવાન મહેશ્વરના ચાર કૂટોનું વર્ણન પણ કૂર્મપુરાણમાં મળે છે. અવ્યક્ત થી પણ પરે તેમનું અન્તર્યામી સ્વરૂપ છે. જે સર્વોત્કૃષ્ટ અને પ્રથમ વ્યૂહ છે. મહેશ્વર જ પ્રકૃતિ અને પુરુષ બન્નેમાં પ્રવિષ્ટ થઈ, બન્ને ને ક્ષુબ્ધ કરે છે. આ ક્ષોભ પણ એ પ્રકારનો દોષ છે, જેમ મદથી સ્ત્રીઓમાં એક પ્રકારનો ક્ષોભ થાય છે. આવો મદ ઉત્પન્ન કરી દેવોની શક્તિ વસન્તઋતુનાં વાયુમાં પણ છે.  જે પ્રાણિઓમાં ઉન્માદ ભરી દે છે. આમ મહેશ્વર પોતાના યોગરૂપ વડે પુરુષ અને પ્રકૃતિમાં પ્રવિષ્ટ થઈ, તેને ક્ષુબ્ધ કરે છે. પ્રકૃતિ અને પુરુષ પણ મહેશ્વરનાં જ રૂપો છે. તેથી ક્ષોભક અને ક્ષોભ્ય મહેશ્વર જ છે. ક્ષુબ્ધ પ્રધાન અને પુરુષ  બન્ને સંમિશ્રિત રૂપથી મહાન્નાં રૂપમાં પ્રગટ છે. આ મહાન્ જ સંપૂર્ણ જગતનું બીજ છે. તેથી જ ૧.મહાન, ૨.આત્મા, ૩.મતિ, ૪.બ્રહ્મા, ૫. પ્રબુદ્ધિ, ૬.ખ્યાતિ, ૭.ઈશ્વર, ૮. પ્રજ્ઞા, ૯.વૃત્તિ અને ૧૦. સ્મૃતિ. આદિ એક જ તત્વનાં નામો છે.

આ તત્વોથી જ અહંકાર ઉત્પન્ન થાય  છે, જે જીવ કહેવાય છે. અવ્યક્ત થી ઉત્પન્ન થનારું મન અહંકારનો પ્રથમ વિકાર છે. જેને કારણે જ જીવ ‘કર્તા ’ બને  છે અને સંસારને જુએ છે. આ મન બે પ્રકારના હોય છે. પ્રથમ મન ‘સર્વેન્દ્રિય– નિયામક  ’ છે. જેનાં વિનાં કોઈ પણ ઈન્દ્રિય કર્મ નથી કરી શકતી. જયારે બીજું મન સ્વયં ‘ઈન્દ્રિયરૂપ’ છે. આ મન જ સુખ–દુઃખ આદિનું જ્ઞાન કરાવે છે. અહંકારથી જ તન્માત્રા અને ભૂતોનો પ્રાદુર્ભાવ છે. આ બધાં જ તત્વો મળીને એક અંડ બને છે . તે અંડ જ્યારે પરિપક્વ થાય ત્યારે તેમાં ‘બ્રહ્મા’ નામક ક્ષેત્રજ્ઞ પુરુષ ઉત્પન્ન થાય છે. તે જ પ્રથમ શરીરધારી છે, તેને જ પુરુષ કહેવાય છે. શ્રૃતિ અને પુરાણો માં તેને જ હિરણ્યગર્ભ કહેવાયેલ છે. આ અંડ –જલ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહાન્ અને અવ્યક્ત થી આવત્તૃ છે. આવૃત્ત કરનારા

આ બધાને લોક કહેવાય છે. આ લોકનાં સ્વામી ને ઈશ્વર કહેવાય છે. તે ઈશ્વર સર્વજ્ઞ, રજોગુણ– રહિત, નિત્ય અને આનન્દમય છે. આ બધાં જ વિવરણોનું તાત્પર્ય છે કે, મહેશ્વરની પ્રથમ મૂર્તિ બીજ રૂપ છે. અને સપ્તલોકાત્મક બ્રહ્માંડમાં ઉત્પન્ન હિરણ્યગર્ભ તેની બીજી મૂર્તિ છે. રજોગુણ યુક્ત બ્રહ્મા તેની ત્રીજી મૂર્તિ છે. આ મૂર્તિઓ જ સૃષ્ટિનાં સમયે ચતુર્મુખ બ્રહ્માનાં સ્વરૂપે વ્યક્ત થાય છે, જે પાલનના સમયે સત્વગુણ વિશિષ્ટ વિષ્ણુનું રૂપ અને સંહાર સમયે રૂદ્ર નું રૂપ બની જાય છે. પૂર્વોક્ત પ્રકૃતિ થી પરે અન્તર્યામી સ્વરૂપને ભેળવવાથી આ જ મહેશ્વર નાં ચાર વ્યૂહ બની જાય છે.

***કૂર્મ પુરાણમાં મૈથુની સૃષ્ટિ :–**

કૂર્મ પુરાણ ની કથા જેમ જેમ આગળ વધે છે, તેમ પ્રકૃતિનું વધુને વધુ ગહન વર્ણન કરતી જાય છે. આગળ જતાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણે દેવતાઓનાં નામોનો અર્થ એક જ મળે છે. સૃષ્ટિનો આરંભ કરતાં અન્ય પુરાણોની જેમ જ વિષ્ણુની નાભિકમળ થી બ્રહ્માની ઉત્પત્તિ, કર્ણ–મલથી ઉત્પન્ન મધુ–કૈટભ દ્વારા બ્રહ્માને ત્રસિત કરવું, યોગનિદ્રાની પ્રેરણાથી વિષ્ણુનું જાગરણ અને અસુર સંહાર આદિ વર્ણિત છે. ત્યાર પછી સૃષ્ટિ વિસ્તારમાં મહેશ્વરની અષ્ટમૂર્તિઓનાં યોગદાનનું પણ વર્ણન મળે છે.[૯૯] મૈથુની સૃષ્ટિ–પ્રૂયિાનો આરંભ કરતાં 'કૂર્મપુરાણ ' કહે છે કે–

જ્યારે બ્રહ્માએ સૃષ્ટિને માટે તપ કર્યું, ત્યારે અર્દ્ધનારી સ્વરૂપમાં શંકરે તેને દર્શન આપ્યાં. આ આર્દ્ધનારીશ્વર રૂપથી જ મૈથુની સૃષ્ટિ ની શરૂઆત થઈ. પુરુષરૂપે રુદ્ર આવિર્ભૂત થયાં અને સ્ત્રી રૂપે લક્ષ્મીનો જન્મ થયો. અહીં પિતા–પુત્રના રૂપમાં વર્ણિત ત્રિદેવોનું વર્ણન વિસ્તારથી છે, તેમજ ત્રિદેવની એકતા પણ દર્શાવાઈ છે. ત્યાર પછી મૈથુની સૃષ્ટિમાં દક્ષની કન્યાઓનું વર્ણન છે. તેનાં સંતાનોમાં દિતિ ના પુત્રો 'દૈત્યો'નું વિશેષ વર્ણન છે. દૈત્યપુત્ર પ્રહલાદનાં ચરિત્રમાં અન્ય પુરાણોની તુલનામાં કૂર્મપુરાણ માં થોડી વિલક્ષણતા જોવા મળે છે. દિતિના પુત્ર હિરણ્યકશિપુએ જ્યારે બ્રહ્માથી વરદાન પ્રાપ્ત કરી દેવતાઓને પીડિત કર્યા, દેવતાઓ જ્યારે ક્ષીરશાયી વિષ્ણુની શરણ માં ગયાં, ત્યારે વિષ્ણુએ સુમેરૂની જેવા વિશાળકાય અને પોતાના જેવાં જ શંખ, ચૂધારી એક પુરુષ ને ઉત્પન્ન કર્યા. તેને હિરણ્યકશિપુનો વધ કરવાની આજ્ઞા કરી. તે ગરૂડ પર ચડીને

હિરણ્યકશિપુને મારવા જાય છે ત્યાં તેનાં ચાર પુત્રોને પ્રહ્લાદ, અનુહ્લાદ, સંહ્લાદ અને હ્લાદને યુદ્ધને માટે બોલાવે છે. યુદ્ધ શરૂ થતાં જ તે ચારેને તે પુરુષ હાથમાં ઉપાડી દૂર ફેંકી દે  છે. ત્યારે હિરણ્યકશિપુ પોતે આવે છે અને વજ્ર જેવા પોતાના ચરણનો તે પુરુષ ઉપર પ્રહાર કરે છે. તે પ્રહારથી વિહ્વળ થઈ તે પુરુષ વિષ્ણુ પાસે ભાગીને આવી જાય છે. પોતાની અસમર્થતા નિવેદિત કરે છે, ત્યારે વિષ્ણુ સ્વયં અડધું સિંહનું 'નૃસિંહ' રૂપ લઈને સંહારિણી નામક શક્તિ પર આરૂઢ થઈ આવે  છે. પહેલાં ચાર પુત્રો સાથે યુદ્ધ થાય છે. તેમજ હિરણ્યકશિપુનો ભાઈ હિરણ્યાક્ષ તેનાં પર પાશુપતાસ્ત્રનો પ્રહાર કરે છે, પરંતુ નૃસિંહને કશી જ હાનિ નથી થતી. પ્રહ્લાદ પરાસ્ત થાય છે પરંતુ નૃસિંહના સ્પર્શથી તેનામાં સત્વગુણ જાગૃત થાય છે અને નૃસિંહને પરમેશ્વર માની પ્રણામ કરે  છે. પોતાના પિતાને પણ સમજાવે છે કે આ જ જગતનાં સર્જનહાર પુરુષ છે, આ જ વિષ્ણુ છે, આ જ મહાદેવ છે. આની સાથે યુદ્ધ ન કરો. પરંતુ હિરણ્યકશિપુ માન્યો નહી, યુદ્ધ કરવા લાગ્યો. આખરે તેનો વધ થયો. હિરણ્યાક્ષ આ જોઈને નાસી છૂટયો. અન્ય ત્રણ પુત્રોનો પણ યુદ્ધમાં વિનાશ  થયો.

આમ દૈત્યોનો રાજા પ્રહ્લાદ બન્યો, હિરણ્યાક્ષ ભાગીને રસાતલમાં જતો રહ્યો, તેથી તેને મારવા ભગવાને વરાહ રૂપ ધારણ કરવું પડયું. પ્રહ્લલાદ પૂર્ણતઃ વેદનો અનુયાયી અને વિષ્ણુભક્ત બની ગયો. પરંતુ એક દિવસ એક બ્રાહ્મણનું યોગ્ય માન સન્માન ન થવાથી તેને શાપ મળ્યો કે તારો સત્વગુણ નષ્ટ થઈ જશે. આમ સત્વગુણ વિહોણો પ્રહ્લાદ પિતાનો પ્રતિશોધ લેવા વિષ્ણુ સાથે જ યુદ્ધ કરવા તત્પર થયો. વિષ્ણુએ તેને માર્યો નહિ, માત્ર પરાજિત કર્યો. જેથી તેનામાં પુનઃ જ્ઞાન ઉત્પન્ન થયું, તેણે વિરક્ત થઈ રાજ્યનો પરિત્યાગ  કર્યો.

પ્રહ્લાદ પછી હિરણ્યાક્ષનો પુત્ર અન્ધક દૈત્યરાજ બન્યો. તે મહેશ્વરની પરમાશક્તિ પાર્વતી પર મોહિત થયો. તેનું અપહરણ કરવાનું વિચારવા લાગ્યો. એક વખત કૈલાસ ઉપર ચડી ગયો, તે સમયે ભગવાન શિવ બ્રાહ્મણોના હિત માટે પૃથ્વી પર ભ્રમણ કરવા ગયાં હતાં, જેની અન્ધકને ખબર હતી. જયારે ભગવાન વિષ્ણુ સ્ત્રીરૂપ ધારણ કરી પાર્વતી સાથે હતાં નન્દીશ્વર અને ગણપતિ દ્વારપાલ પાર્વતીની રક્ષા કરી રહ્યાં હતાં. આ બધાંએ

મળીને અન્ધક સાથે યુદ્ધ કર્યુ અને તેને પરાસ્ત કરી ભગાડી મૂકયો. તે સમયે જ ભગવાન શંકર પણ પૃથ્વીનું પરિભ્રમણ કરી કૈલાસ પાછા ફર્યા. બધી વાત સાંભળીને વિષ્ણુ, ગણેશ અને નન્દીશ્વરનું અભિવાદન કર્યુ. બધાં દેવતાઓ શિવના દર્શને આવ્યાં. વિષ્ણુને સ્ત્રીના રૂપમાં જોઈ દેવોએ પૂછયું કે આ દેવી કોણ છે? શિવજીએ મન્દહાસ પૂર્વક જવાબ આપ્યો કે આ સંપૂર્ણ જગતના કર્તા, હર્તા અને મારા જ અદ્વિતીય સ્વરૂપ વિષ્ણુ છે. પાર્વતી અને વિષ્ણુ બન્ને મારી પરમાશક્તિઓ છે. આની સહાયથી જ હું સંપૂર્ણ જગતની ઉત્પત્તિ ,સંહાર આદિ કરું છું. તે સમયે જ અન્ધકાસુરે પુનઃ વધુ શક્તિ પૂર્વક પાર્વતીના અપહરણ માટે આૂમણ કર્યુ. અન્ધકની આવી દુષ્ટતા જોઈને વિષ્ણુએ શિવને કહ્યું. આ દુષ્ટનો અવશ્ય સંહાર કરો. તમારા સિવાય કોઈનાથી પણ આ અસુર નહી મરે. ત્યારે ભગવાન શંકરે તુરંત ભૈરવનું સ્વરૂપ ધારણ કર્યું, અને અતિભયંકર યુદ્ધ પશ્ચાત્ અન્ધકનો વધ થયો. ત્યાર થી જ શંકર અન્ધકારી, અન્ધકાન્તક, અન્ધકરિપુ આદિ નામો થી જાણીતાં થયાં.

***ચંદ્રવંશનું વર્ણન :–**

અન્ધકાસુરની વિસ્તૃતકથાનાં વર્ણન પછી સૂર્યવંશના રાજાઓનું સંક્ષિપ્ત વર્ણન છે. ત્યાર પછી ચંદ્રવંશનું વિસ્તારપૂર્વક વર્ણન થયું છે. આ ચંદ્રવંશનાં જ યાદવવંશમાં ભગવાન કૃષ્ણના અવતારનું પણ વર્ણન મળે  છે. કૃષ્ણના અન્ય ચરિત્રોનું વર્ણન અત્રે પ્રાપ્ત નથી, પરંતુ કૂર્મ પુરાણમાં માત્ર તે ચરિત્રોનું જ વર્ણન છે કે જેમાં જામ્બુવતીનાં ગર્ભ થી ઉત્તમપુત્રની પ્રાપ્તિ માટે કૃષ્ણએ શંકરની કઠીન આરાધના કરી હતી. આ કથા મહાભારતનાં અનુશાસન પર્વમાં પણ કૃષ્ણ દ્વારા વર્ણિત છે, તે કથા આ પ્રમાણે છે–

જામ્બવાન્ની પુત્રી જામ્બવતીથી કૃષ્ણએ સ્યમન્તકમણિનાં પ્રસંગમાં વિવાહ કર્યા. આ વિવાહ પછી શ્રી કૃષ્ણએ રુકિમણીના ગર્ભથી પ્રદ્યુમ્ન આદિ અનેક પ્રભાવશાળી પુત્રોની ઉત્પત્તિ કરી. જામ્બવતી કૃષ્ણને વિશેષરૂપે પ્રાર્થના કરી હતી કે મારા ગર્ભથી એક ઉત્તમ પુત્રની ઉત્પત્તિ કરો, જે આપના બધાં જ પુત્રોથી ઉત્તમ હોય. ત્યારે ભગવાન કૃષ્ણએ કહ્યું કે આવા પુત્રની પ્રાપ્તિ તો ભગવાન શંકરના આશિષ વગર ન થાય. અતઃ હું શંકરની તપસ્યા કરવા જાઉં છું. ગરૂડને દ્વારકાની રક્ષા સોંપી, ભગવાન હિમાલયમાં આરાધના

કરવા જતાં રહ્યાં.  ત્યાં અનેક શિવભક્તોના આશ્રમોમાં થતાં તેઓ 'ઉપમન્યુ', શિવના ઉત્તમ ભક્તનાં આશ્રમમાં પહોચ્યાં. આ ઉપમન્યુની કથા મહાભારતમાં અતિ વિસ્તારથી વર્ણિત છે. શિવકૃપાથી ઉપમન્યુએ સર્વોચ્ચ પદ પ્રાપ્ત કર્યુ હતું. પોતાના આશ્રમમાં આવેલા કૃષ્ણનો ઉપમન્યુ એ પૂર્ણ સત્કાર કર્યો. ત્યારબાદ ભગવાન કૃષ્ણને શિવમન્ત્રની દિક્ષા આપી આરાધના ની પદ્ધતિ કહી. દીક્ષિત થઈ શ્રીકૃષ્ણ તપ કરવાં લાગ્યાં. કઠીન તપશ્ચર્યા પછી પાર્વતી સહિત શિવે તેમને દર્શન આપ્યાં અને મન્દહાસ્ય પૂર્વક કહ્યું કે આપ શા માટે તપ કરો છો? આપ અને હું બન્ને એક જ છીએ . તેમ છતાં આપની  જે ઈચ્છા હોય તે પાર્વતીથી પ્રાપ્ત કરી લો. આમ શ્રીકૃષ્ણનાં પ્રણામ અને સ્તુતિ કર્યા બાદ પાર્વતીએ તેમને પુત્રનું વરદાન આપ્યું.  તેમજ અન્ય આંઠ વરદાનો પણ આપ્યાં. ત્યારબાદ ભગવાન શંકર પોતાના સખા શ્રીકૃષ્ણને  પોતાના નિવાસમાં લઈ ગયાં. ત્યાં કૈલાસ પર રહેનારી શક્તિઓ અને અપ્સરાઓ ભગવાન કૃષ્ણના રૂપ સૌન્દર્ય પર મુગ્ધ થઈ ગઈ. તેમની મનોકામના પૂર્ણ કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણ લાંબા સમય સુધી ત્યાં વિહાર કરતાં રહ્યાં.

આ બાજુ દ્વારકાને કૃષ્ણ વિહોણું જાણી ઘણીવાર દૈત્યાવતાર રાજાઓએ તેનાં પર આક્રમણ કર્યુ. ગરૂડ યથાશક્તિ દ્વારકાની સુરક્ષા કરતા રહ્યાં. પરંતુ અનેક રાજાઓના ભારે આક્રમણને રોકવામાં પોતાને અસમર્થ જાણી કૃષ્ણને બોલાવવા ઉપમન્યુનાં આશ્રમમાં ગયાં. ત્યાં ગરૂડને સમાચાર મળ્યા કે તેઓ શંકર સાથે તેનાં પુરમાં ચાલ્યા ગયા છે. અન્તે ગરૂડ પુનઃ દ્વારકા પાછા આવી ગયા અને શત્રુઓના આક્રમણ થી દ્વારકાની રક્ષા કરવા લાગ્યા. એક વખત નારદજી દ્વારકા માં કૃષ્ણને મળવા માટે આવ્યાં,  ત્યાનાં લોકોએ નારદજીને પ્રાર્થના કરી કે આપતો સર્વત્ર વિચરણ કરો છો, અને જ્ઞાની પણ છો, તો કહો કે અત્યારે શ્રીકૃષ્ણ કયાં  છે? નારદજીએ કૃષ્ણનું સંપૂર્ણ વિવરણ કહી સંભળાવ્યું. ગરૂડ તુરંત શંકરના ધામમાં ગયા અને દ્વારકાની પરિસ્થિતિ કૃષ્ણને કહી. કૃષ્ણએ એક ક્ષણમાં બધી જ વિહારલીલાઓ સમાપ્ત કરી શંકરથી વિદાય લીધી અને તુરંત ગરૂડ પર સવાર થઈને દ્વારકા પહોંચ્યાં. કૃષ્ણને  આવેલા જાણી શત્રુઓ નાસી છૂટયા, ત્યાર પછી કૃષ્ણ લાંબા સમય સુધી દ્વારકામાં સુસાશન કરતા રહ્યા. કૃષ્ણની તે તપશ્ચર્યાથી જામ્બવતીનાં ગર્ભથી અત્યંત પ્રભાવશાળી પુત્ર જન્મ્યો, જેનું નામ 'સામ્બ' પાડયું. ત્યારબાદ કૃષ્ણ પરમ ધામમાં

પધારી ગયાં. શ્રીકૃષ્ણના સ્વધામ ગમનથી યુધિષ્ઠિર આદિ પાંડવો વિક્ષિપ્ત ગઈ ગયા અને અહીં ત્યાં વિચરણ કરવાં લાગ્યાં. એક દિવસ યુધિષ્ઠિરને માર્ગમાં ભગવાન વ્યાસના દર્શન થયાં. યુધિષ્ઠિરે પૂછ્યું કે આપ કયાં જઈ રહ્યા છો? જવાબમાં વ્યાસજીએ કહ્યું કે હવે કલિયુગ આવી ગયો છે, જનતામાં અનાચાર વધ્યો છે, તેથી હું ભગવાન વિશ્વનાથની પુરી કાશી જઈ રહ્યો છું. ત્યાં જ નિવાસ કરીશ. આ પ્રસંગોમાં જ વ્યાસજીએ યુગોનું વર્ણન કરતાં કલિયુગનું વિસ્તારથી વર્ણન કર્યું છે. ત્યારબાદ વ્યાસજી કાશી ગયાં. ત્યાં બધા ઋષિમુનિઓની સેવા કરવા લાગ્યાં. એક વખત જૈમિનિએ વ્યાસને પ્રશ્ન કર્યો કે હે ભગવાન, શાસ્ત્રોમાં ઘણાં વ્રત, તપ, જપ, કર્મ, જ્ઞાન, ઉપાસના, તીર્થ આદિનું વર્ણન છે, પરંતુ આ બધાંમાંથી તમારી દૃષ્ટિએ શ્રેષ્ઠધર્મ શું છે? વ્યાસજીએ કહ્યું – હે ઋષિઓ આવો જ પ્રશ્ન એક વખત પાર્વતીએ ભગવાન શંકરને પણ પૂછ્યો હતો. ત્યારે શંકરે જે ઉત્તર આપ્યો હતો, તે હું તમને સંભળાવું છું. જેમાં ઉમા–મહેશ્વર સંવાદનું વર્ણન છે અને કહેવાયું છે કે કાશીપુરીનો નિવાસ તપ, વ્રત, નિયમ આદિ બધાંથી ઉત્કૃષ્ટ ધર્મ છે. તે સ્થળે જ વિસ્તારપૂર્વક કાશીનું મહાત્મ્ય અને કાશી નિવાસનાં નિયમ આદિનું પણ વર્ણન મળે છે. આગળ જતાં ભુવનવિન્યાસનાં વર્ણનમાં સ્વાયંભૂ મનુનાં વંશનું વર્ણન, જ્યોતિઃ સંનિવેશમાં ભૂઃ અને ભૂવઃ લોકનું વર્ણન, સપ્તદ્વીપો આદિનું વર્ણન પણ મળે છે. ત્યાર બાદ વિષ્ણુવંશનું વર્ણન કરતાં 'કૂર્મ પુરાણ ' ના પૂર્વાર્ધની સમાપ્તિ થાય છે.

કૂર્મપુરાણના ઉત્તરાર્ધમાં પ્રથમ સાંખ્યયોગનો સિદ્ધાંત પ્રતિપાદિત થયો છે અને ત્યાં જ મનુષ્યોનું આચાર શાસ્ત્ર પણ વર્ણિત છે. ત્યાર બાદ તીર્થોનાં વર્ણનમાં પ્રયાગ,રુદ્રકોટિતીર્થ, કેદારતીર્થ ,નર્મદાતીર્થ,ભૃગુતીર્થ, પંચનંદતીર્થ આદિનું વર્ણન આવે છે. અને ત્યાર પછી અંતમાં પ્રાકૃત પ્રતિસર્ગનું વર્ણન થયું છે.

આમ તમામ પુરાણોની સરખામણીએ જોઈએ તો કૂર્મપુરાણ ખરા અર્થમાં શૈવ પુરાણ છે, અને કૂર્મ પુરાણમાં પ્રાપ્ત થતી માહિતીઓ અન્ય પુરાણો કરતાં ઘણી ભિન્ન અને મહત્વપૂર્ણ પણ છે.

## ૩.૯ વામન પુરાણ :–

ભગવાન વિષ્ણુનાં  વામન અવતાર થી સંબંધિત આ પુરાણ છે. વામનપુરાણ ખૂબ નાનું છે. માત્ર ૯૫ અધ્યાયો અને ૧૦૦૦૦ શ્લોકો ધરાવે છે. વિષ્ણુનાં વામન અવતારનું મુખ્યતઃ વર્ણન હોવાથી સ્વાભાવિક પણે જ કહી શકાય કે આ પુરાણમાં વામનાવતારનું વર્ણન વિશેષ છે. તે સાથે આ શૈવ પુરાણમાં પણ  આવે છે, તેથી શિવનું ,શિવ માહાત્મ્યનું, શૈવતીર્થ, ઉમાશિવ વિવાહ, ગણેશની ઉત્પત્તિ  , કાર્તિકેય, ચરિત આદિ ઘણી કથાઓ શૈવ પરક છે. જેથી એમ પણ કહી શકાય કે આ પુરાણમાં જરા પણ સાંપ્રદાયિક સંકીર્ણતા નથી. લઘુકાય પુરાણોમાં આ પુરાણ વિશેષ મહત્વ ધરાવે છે.

### *વામન પુરાણનો સારાંશ :–

સંક્ષેપમાં જોઈએ તો મંગલાચરણમાં જ પુરાણકારે શિવસ્તુતિ  કરીને પોતાની શૈવભકિત દર્શાવી છે. ત્યારબાદ બધાં પુરાણોની જે આ પુરાણમાં પણ નરોત્પત્તિ અને પ્રલયકથાનું વર્ણન છે. વિષ્ણુ–શિવ સંવાદ, વિષ્ણુ–બલભદ્રનું યુદ્ધ અને શિવનાં કાલસ્વરૂપનું કથન થયું છે. શિવની કથાને આગળ ધપાવતાં કામદાહ પણ વર્ણવાયો છે. તત્પશ્ચાત્ પ્રહ્લાદ યુદ્ધ, પ્રહ્લાદને વરદાન, દેવાસુર યુદ્ધ, અન્ધકાસુર ની કથા નું વર્ણન અને ત્યાર પછી ભુવનકોશનું  વર્ણન. આમ સમ્પૂર્ણ શિવચરિત્ર વામનપુરાણમાં વર્ણિત છે. શિવ–શિવાનું અદ્વૈત સર્વ વિદિત છે. તેથી જ ૧૪ માં અધ્યાયથી કથા દેવી તરફ ફંટાય છે. અને મહિષાસુરની ઉત્પત્તિ, દેવી માહાત્મ્ય ત્યારબાદ મહિષાસુર વધ અને પાર્વતી ની ઉત્પત્તિ વિષયક કથાઓનું વર્ણન છે. બલિરાજા ના વંશનું પણ વિસ્તાર પૂર્વક વર્ણન છે. કારણકે બલિ પાસે જ ભગવાન યાચક બનીને આવવાનાં છે. તેથી રાજા બલિથી પરાસ્ત થયેલાં સમસ્ત દેવો પુનઃ બ્રહ્મલોક માં બ્રહ્માજી પાસે જાય છે. કશ્યપાદિ ઋષિઓ, દેવતાઓ અને બ્રહ્મા બધાં જ ક્ષીર સાગરમાં ભગવાન વિષ્ણુ પાસે જાય છે, સ્તુતિ કરે છે. કશ્યપ અને અદિતિ કૃત ભગવાનની સ્તુતિનું અહીં સુંદર વર્ણન છે.

કશ્યપ અદિતિ દ્વારા થયેલ સ્તુતિથી ભગવાન ખુશ થાય છે, તેમજ વરદાન આપે છે. તદનન્તર બલિને શાપ મળે છે. ભગવાન   વામન નો જન્મ થાય  છે. વામન ભગવાનનું

સુંદર બાલચરિત ૩૧ માં અધ્યાયમાં  વર્ણિત છે. તદનન્તર અનેક તીર્થોનું પણ વામન પુરાણમાં વર્ણન મળે છે. તત્પશ્ચાત્ સૃષ્ટિવર્ણન, શિવ માહાત્મ્યનું  વર્ણન, સ્થાણુલિંગ નું મહત્વ તેમજ વિવિધ લિંગ સ્થાપનનું માહાત્મ્ય પણ અતિ આકર્ષક રીતે અત્રે જોવા મળ` છે. આગળની કથામાં શિવ પાર્વતી વિવાહ અને ગણેશ ની ઉત્પત્તિ, મહિષાસુર અને તારક આખ્યાનો નું વર્ણન, અન્ધકાસુરનો વધ, મુર વધ અને ત્યાર પછી શિવ વિષ્ણુની અભિન્નતા પ્રદર્શક દેવોને ભગવાન વિષ્ણુનાં હૃદયમાં શિવનાં દર્શન જેવી સાંપ્રદાયિક અને સંકીર્ણ ભાવનાને દૂર કરનારી કથાઓ પણ આ પુરાણમાં  વર્ણિત છે.

પુરૂરવાનું આખ્યાન પણ વામનપુરાણ માં વર્ણિત છે. અંતમાં વામનજીના જન્મનું વર્ણન અને શૂાચાય– બલિનો સુંદર સંવાદ પણ પ્રસ્તુત થયો છે. રાજા બલિને ભગવાન વામન કઈ રીતે બાંધે છે. તે કથાનું વર્ણન અને અંતે પુલસ્ત્ય અને નારદ સંવાદ કથન પછી વામન પુરાણની પૂર્ણાહુતિ થાય છે. આમ ભલે લઘુકાય પુરાણ છે પરંતુ તમામ અન્ય પુરાણોની જેમ ‘ વામન પુરાણ’ માં પણ ખૂબ જ સુંદર ભાષાકીય ઉત્કૃષ્ટતા સાથે વિવિધ તથ્યો નિરૂપિત થયા છે.

*** વામન પુરાણનો સમયઃ**

પ્રત્યેક પુરાણનો સમય જાણવા માટે પુરાણોમાં વર્ણિત તથ્યોને વિવિધ ઘટનાઓ અને અન્ય સમકાલિન કવિઓની રચનાઓ સાથે સરખાવી અને અન્ય માહિતી એકત્ર કરી, તેનું તુલનાત્મક અધ્યયન કરવું પડતું હોય છે. આવું જ કંઈક  આ પુરાણ સાથે પણ થયું છે. વામન પુરાણ નાં ૧૨માં અધ્યાયમાં વિભિન્ન પદાર્થોમાં શ્રેષ્ઠ વસ્તુઓનું જે વર્ણન છે, તેનાથી આ પુરાણનાં ઉદય સ્થાનનો પરિચય મળે છે. આ પુરાણ કુરૂક્ષેત્ર મંડળમાં ઉત્પન્ન થયું હતું, એવું માનવું સર્વથા ઉચિત છે. કારણકે ક્ષેત્રો તેમજ તીર્થોમાં આ ક્રમશઃ કુરૂમંગલ અને પૃથૂદકને સર્વશ્રેષ્ઠ માને છે. આ બન્ને વસ્તુઓ કુરુક્ષેત્રમાં વિદ્યમાન છે.

क्षेत्रेषु यद्वत् कुरुजाङ्गलं वरं ।

तीर्थेषु तद्वत् प्रवरं पृथूदकम् ॥[१००]

વામન અવતારનું પ્રતિપાદક હોવાથી આ મૂળસ્વરૂપે તો વૈષ્ણવ છે, પરંતુ અમુક

સમયે આ પુરાણને શૈવપુરાણનાં રૂપમાં પરિવર્તિત કરી દેવાયું, અને આજે પણ આ શૈવપુરાણ જ છે. જેથી શિવ–પાર્વતીનું ચરિત્ર અત્રે વિસ્તૃત વર્ણિત છે. પાર્વતીની ઘોર તપસ્યા,વટુરૂપધારી શિવ સાથેનો સંવાદ, શિવ સાથે વિવાહ આદિ વિષયો અહીં અલંકૃત શૈલી માં વર્ણિત છે. વામન પુરાણ પોતાનાં વર્ણનોમાં આલંકારિક ચમત્કૃતિથી મંડિત છે તેમજ તેની ઉપર કાલિદાસનો, વિશેષતઃ વિષયસામ્યને કારણે કુમારસમ્ભવનો પ્રભાવ વિશદરૂપે અભિવ્યક્ત થાય છે. રાજા તે જ છે, જે પ્રકૃતિનું રંજન કરે છે. કાલિદાસનાં રાજા 'प्रकृतिरंजनात् 'નો જ ભાવ રાખે છે.[૧૦૧] ઉમાનું નામકરણ એટલે થયું, કારણકે તેની માતાએ તેને તપશ્ચર્યા કરવાનો નિષેધ કર્યો. (उ+मा) આ પણ કાલિદાસની એક પ્રખ્યાત સૂક્તિનો નિર્દેશ કરે છે.[૧૦૨]

કાલિદાસના કુમારસમ્ભવનો વામનપુરાણ ઉપર પ્રભાવ ખૂબ જ વિસ્તૃત, ગંભીર અને મૌલિક છે. પાર્વતી અને વટુનો સંવાદ વામન પુરાણમાં જે છે તે, કુમારસંભવમાં રહેલા સંવાદ થી અક્ષરસઃ મેળ ખાય છે. માત્ર અર્થમાં જ નહિં , પરંતુ શબ્દોમાં પણ, અનેક છન્દો પણ સમાન રીતે પ્રયુક્ત થયા છે.[૧૦૩] થોડા ઉદાહરણો જોઈએ તો–

| **વામનપુરાણ** | **કુમાર સંભવ** |
|---|---|
| कथं करः पल्लवकोमलस्ते<br>समेष्यते शार्वकरं ससर्पम् ॥<br>–૫૧/૬૩ | अवस्तु निर्बन्धपरे कथं नु ते<br>करोऽय मामुक्त विवाह कौतुकः ।<br>करेण शम्भोर्वलयीकृताहिना<br>सहिष्यते तत् प्रथमावलम्बनम् ॥ –૫/૬૬ |
| पुरन्ध्रयो हि पुरन्ध्रीणां<br>गतिं धर्मस्य वै विदुः ॥<br>–૫૨/૧૩ | प्रायेणैवंविधे कार्ये<br>पुरन्ध्रीणां प्रगल्भता ॥<br>– ૫૬/૩૨ |
| जामित्रगुणसंयुक्तां<br>तिथिं पुण्यां सुमङ्गलाम् ॥<br>–૫૨/૬૦ | तिथौ तु जामित्रगुणान्वितायाम् ॥<br>–૭ /૧ |

શૈવપુરાણ હોવા છતાં વામનપુરાણમાં કયાંય પણ વૈષ્ણવ મત સાથે કોઈ પ્રકારનો વિરોધાભાસ અથવાં સંઘર્ષ નથી જોવા મળતો. સર્વત્ર ઉદાર અને મૌલિકતાથી ભરપૂર છે. કાલિદાસનાં કાવ્ય દ્વારા પ્રચૂર માત્રામાં પ્રભાવિત હોવાથી આ પુરાણની રચનાનો સમય કાલિદાસ થી ઉત્તરયુગ મનાય છે. અર્થાત્ ઈ.સ. ૬૦૦ થી ૯૦૦ નો સમય જ આ પુરાણની રચના માટેનો યોગ્ય સમય કહી શકાય. વામનપુરાણનાં અધ્યાયોનાં વિષયમાં હસ્તલેખોનું સાક્ષ્ય ખૂબ જ વિભિન્નતા પ્રસ્તુત કરે છે. નારદપુરાણમાં વર્ણિત વિષયાનુક્રમણીને આધારે વામન પુરાણનાં બે ખંડો બતાવાયાં છે. પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ. વેંકટેશ્વરથી પ્રકાશિત સંપાદનમાં પૂર્વાર્ધનો વિષય તો યથાર્થ રૂપે મળી જાય છે, પરંતુ ઉત્તરાર્ધ અપ્રાપ્ય છે. ઉત્તરાર્ધમાં માહેશ્વરી, ભગવતી, ગૌરી તેમજ ગણેશ્વરી નામની ચાર સંહિતાઓનાં ચાર હજાર શ્લોકો હોવાની વાત, ન તો મુદ્રિત પ્રતિમાં છે, કે અન્ય હસ્તલિપિઓમાં છે. મુદ્રિત પ્રતિ ૬ હજાર શ્લોકો ની જ છે. ( વાસ્તવિક સંખ્યા ૫૭૧૫ શ્લોક ) જે ૯૫ અધ્યાયો માં વિભક્ત છે. કાશિરાજ નિધિનાં નિર્દેશોમાં સંપાદિત હસ્તલેખો નું પરીક્ષણ ચાર પ્રકારોનું દ્યોતક છે.

૧. દેવનાગરી હસ્તલેખોને આધારે ૮૩ અને ૮૪ અધ્યાયોને ભેળવતા કુલ ૯૪ અધ્યાય છે.

૨. તેલુગુ હસ્તલેખોમાં માત્ર ૮૯ અધ્યાયો જ છે. પાંચ અધ્યાયો (જેમાં અમુક તીર્થો તેમજ ચાર વિષ્ણુ સ્તોત્રો છે) તદ્દન છોડી દેવાયા છે.

૩. શારદા હસ્તલેખો માં માત્ર ૮૫ અધ્યાયો જ વિદ્યમાન છે.

૪. અડ્યાર તેમજ શ્રૃંગેરીનાં હસ્તલેખો માં અધ્યાયોની સંખ્યા સૌથી ઓછી માત્ર ૬૭ જ છે.

આમ અધ્યાયોની વિવિધતા હોવાથી વામનપુરાણ નાં મૂળસ્વરૂપનો નિર્ણય કરવો કઠીન છે. નારદીય અનુસાર દશ હજાર શ્લોકોની સંખ્યા ન તો કોઈ મુદ્રિત પ્રતિમાઓ માં છે, કે હસ્તપ્રતો માં. (त्रिविक्रमचरित्राढ्यं दशसाहस्रसंख्यकम्)[૧૦૪] પરંતુ એટલું જરૂર કહી શકાય કે લઘુકાય પુરાણોમાં વામન પુરાણ આજે પણ પોતાનું આગવું અને વિશેષ મહત્વ ધરાવે છે.

## ૩.૧૦ બ્રહ્માંડ પુરાણ

અષ્ટદશ પુરાણોમાં પ્રાયઃ પુરાણોનું નામકરણ તેનાં વર્ણ્ય વિષયને લીધે જ થતું હોય છે. આ નિયમનું અનુસરણ અહીં પણ થયું છે. સમ્પૂર્ણ બ્રહ્માંડનું વર્ણન હોવાથી આ પુરાણનું નામ બ્રહ્માંડ પુરાણ રખાયું છે. જેનો ઉલ્લેખ શિવપુરાણ માં પણ મળે છે. જેમકે–

ब्रह्माण्डचरितोक्तत्वाद् ब्रह्माण्डं परिकीर्तितम् ।

ब्रह्माण्डं चातिपुण्योऽयं पुराणानामनुक्रमः ॥[१०५]

આ પુરાણ મુખ્ય ત્રણ ભાગોમાં વહેંચાયેલું છે.

૧. પૂર્વભાગ –અધ્યાય ૧ થી ૩૮

૨. મધ્યભાગ –અધ્યાય ૧ થી ૭૪

૩. ઉત્તરભાગ – અધ્યાય ૧ થી ૪૪

ઉપરોક્ત વિભાજનને ચાર પાદમાં વિભક્ત કરેલ છે, જે કંઈક આ પ્રમાણે છે.–

૧. પ્રૂયિાપાદ – અધ્યાય ૧ થી ૫

૨. અનુષંગ પાદ – અધ્યાય ૬ થી ૩૮

૩. ઉપોદ્‌ઘાત પાદ – અધ્યાય ૧ થી ૭૪

૪. ઉપસંહાર પાદ –અધ્યાય ૧ થી ૪૪

નારદ પુરાણ દ્વારા જાણવા મળે છે કે, આ પુરાણમાં ૧૨૦૦૦ શ્લોકો છે. જે ૂમશઃ પ્રૂયિા, અનુષંગ, ઉપોદ્‌ઘાત અને ઉપસંહાર પાદમાં વિભક્ત છે. જેમકે :–

श्रुणु वत्स प्रवक्ष्यामि ब्रह्माण्डाख्यं पुरातनम् ।

यच्च द्वादशसाहस्रं भाविकल्पकथा युतम् ॥

प्रक्रियाख्योऽनुषङ्गाख्य उपोद्‌घातस्तृतीयकः ।

चतुर्थ उपसंहारः पादाश्चत्वार एव हि ॥

पूर्वपादद्वयं पूर्वो भागोऽत्र समुदाहृतः ।

तृतीयो मध्यमो भागश्चतुर्थस्तूत्तरो मतः ॥[१०६]

આમ સ્પસ્ટ પણે નારદપુરાણમાં બ્રહ્માંડપુરાણના ઉલ્લેખપૂર્વક તેનું વિભાજન પણ વર્ણિત છે. જ્યારે ઉપરોક્ત ચાર પાદ આજે પણ આ પુરાણમાં ઉપલબ્ધ છે. નારદપુરાણ સિવાય મત્સ્યપુરાણ માં પણ બ્રહ્માંડ પુરાણ નો ઉલ્લેખ જોવા મળે છે. જે કંઈક આ પ્રમાણે છે.

ब्रह्मा ब्रह्माण्ड माहात्म्यमधिकृत्याब्रवीत् पुनः ।

तच्च द्वादशसाहस्रं ब्रह्माण्डं द्विशताधिकम् ॥

भविष्याणां च कल्पानां श्रूयते यत्र विस्तरः ।

तद् ब्रह्माण्डपुराणं च ब्रह्मणा समुदाहृतम् ॥ (मत्स्यपुराण )

આમ મત્સ્યપુરાણાનુસાર આ પુરાણ માં ૧૨ હજાર ૨૦૦ શ્લોકો હોવા જોઈએ, પરંતુ આજે ઉપલબ્ધ પુરાણ કે જે , વેંકટેશ્વર પ્રેસ મુંબઈથી પ્રકાશિત થયું છે, તેમજ જે ચૌખમ્બા કૃષ્ણદાસ અકાદમી–વારાણસીથી પ્રકાશિત થયું છે, તેમાં પ્રક્રિયાદિ ચાર પાદ તો ઉપલબ્ધ છે પરંતુ ૧૨૦૦૦ શ્લોકો જ ઉપલબ્ધ છે. કૂર્મપુરાણની વિષયસૂચિમાં આ પુરાણને ‘વાયવીય બ્રહ્માંડપુરાણ’ કહેવાયું છે. આ નામને કારણે અનેક વિદ્વાનોને ભ્રમમાં મુકયા છે. તેથી ઘણાં પશ્ચિમી વિદ્વાનોનું કહેવું છે કે, આ પુરાણનું મૂળ વાયુપુરાણમાં છે, અને બ્રહ્માંડપુરાણ એ જ વાયુપુરાણમાં છે. બ્રહ્માંડપુરાણ એ જ વાયુપુરાણનું વિકસિત રૂપ છે.

પરંતુ આ ધારણા તદ્દન નિરાધાર છે. નારદપુરાણનાં વચન વડે જાણવા મળે છે કે, વ્યાસજીને વાયુએ આ પુરાણનો ઉપદેશ આપ્યો હતો. તેથી આ પુરાણનું નામ વાયુ પ્રોક્ત બ્રહ્માંડપુરાણ સર્વથા ઉચિત જ છે. નારદપુરાણ નું તે મહત્વપૂર્ણ વાકય આ પ્રમાણે છે–

व्यासोलब्ध्वा ततश्चैतत् प्रभंजनमुखोद्‌गतम् ।

प्रमाणीकृत्य लोकेऽस्मिन् प्रावर्तयदनुत्तमम् ॥

આ બ્રહ્માંડપુરાણનાં પ્રથમ ખંડમાં વિશ્વનાં ભૂગોળનું વિસ્તૃત અને રોમાંચક વર્ણન છે. જમ્બૂદ્વીપ તેમજ તેનાં પર્વતો, નદીઓનું વર્ણન અનેક અધ્યાયો માં (અધ્યાય ૬૬ થી ૭૨ સુધી ) વર્ણિત છે. ભદ્રાશ્વ, કેતુમાલ, ચન્દ્રદ્વીપ, પુષ્કરદ્વીપ, કિંપુરુષ વર્ણન, કૈલાસ, શાલ્મલિ દ્વીપ, કુશદ્વીપ, ક્રૌંચદ્વીપ, શાક દ્વીપ, આદિનું સમગ્ર વર્ષો તેમજ દ્વીપોનું ભિન્ન ભિન્ન અધ્યાયોમાં ખૂબ જ રોચક અને પૂર્ણ વર્ણન છે. આ પ્રમાણે જ ગ્રહો, નક્ષત્રો તેમજ યુગોનું પણ વિશેષ વર્ણન અત્રે આપેલ છે. આ પુરાણના તૃતીય પાદમાં ભારતવર્ષનાં પ્રસિદ્ધ ક્ષત્રિય વંશોનું વર્ણન પણ ઐતિહાસિક દષ્ટિથી ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ પુરાણનાં વિષયમાં એક વિશેષ વાત ઉલ્લેખનીય છે કે– ઈ.સ.ની પાંચમી શતાબ્દીમાં આ પુરાણને બ્રાહ્મણો જાવા દ્વીપમાં લઈ ગયા હતાં. જયાં તેનો જાવાની પ્રાચીન ‘કવિભાષા ’માં અનુવાદ આજે પણ ઉપલબ્ધ છે. આમ આ પુરાણનો સમય ખૂબ જ પ્રાચીન સિદ્ધ થાય છે. આ પુરાણનો સૌથી વિશાળભાગ તૃતીયપાદ છે. જેની શરૂઆતમાં શ્રાદ્ધનો વિષય સાંગોપાંગ રીતે મુખ્ય અને અવાન્તર ભેદો સાથે વર્ણિત છે. ( ૯ થી ૨૦ અધ્યાય તેમજ ૮૭૯ શ્લોકોમાં ) તદુપરાંત પરશુરામ ની કથાનું વર્ણન પણ ખૂબ જ વિસ્તારપૂર્વક અત્રે પ્રતિપાદિત છે. (૨૧ થી ૪૭ અધ્યાય અને ૧૫૫૦ શ્લોકો માં ). પુરાણકાર પરશુરામ તેમજ કાર્તવીર્ય હૈહયનાં સંઘર્ષને વધારે મહત્વ આપે છે. તેમજ તે કથાના વિસ્તાર માટે લગભગ દોઢ હજાર શ્લોકોનો ઉપયોગ કર્યો છે.

તત્પશ્ચાત્ સગરરાજાનાં વર્ણન તેમજ ભગીરથ દ્વારા ગંગા અવતરણની કથા (અધ્યાય ૪૮–૫૭) માં અપાઈ છે. સૂર્ય અને ચન્દ્રવંશના રાજાઓનું વર્ણન ૫૯ માં અધ્યાયો માં થયું છે. નિબન્ધગ્રન્થોમાં પણ બ્રહ્માંડપુરાણનાં શ્લોકો મળે છે. અપરાર્ક માં ૭૫ ( જેમાંથી ૪૬ શ્રાદ્ધનાં વિષયમાં છે.)સ્મૃતિચન્દ્રિકામાં ૫૦, પરંતુ કલ્પતરૂમાં આની સરખામણીએ ઓછાં, માત્ર ૧૬ શ્રાદ્ધના વિષયમાં અને ૧૬ શ્લોક મોક્ષના વિષયમાં લેવાયેલાં છે. આ પુરાણ શબ્દોની નિરુક્તિઓ આપવામાં ખૂબ જ અભિરુચિ રાખે છે. એક બે નિરુક્તિઓ જોઈએ તો આપણને આ પુરાણનો પ્રદેશ પણ તે ઉપરથી જ જાણવા મળે છે

જેમકે–

*** બ્રહ્માંડ પુરાણ પ્રદેશ :–**

**સહય પર્વતની ઉત્તરે પ્રવાહિત થનારી ગોદાવરી નદી ધરાવતો પ્રદેશ ભારતવર્ષમાં સર્વાધિક રમણીય તેમજ મનોરમ્ય બતાવાયો છે. જેથી અનુમાન લગાવી શકાય કે, બ્રહ્માંડપુરાણનાં નિર્માણનો દેશ અહીં જ હોવો જોઈએ.**

सह्यस्य चोत्तरान्तेषु यत्र गोदावरी नदी ।

पृथिव्यामपि कृत्स्नायां स प्रदेशो मनोरमः ॥

तत्र गोवर्धनं नाम पुरं रामेण निर्मितम् ।[१०७]

**આમ બ્રહ્માંડપુરાણ નિશ્ચિતરૂપે પરશુરામની મહિમા તેમજ ગૌરવનું પ્રતિપાદન અસાધારણ રીતે કરે છે. પરશુરામનો સંબંધ ભારતવર્ષનાં પશ્ચિમી તટવર્તી સહ્યાદ્રિ પ્રદેશથી છે. પરશુરામજી પ્રથમતઃ મહેન્દ્ર પર્વત (ગંજમ જિલ્લામાં પૂર્વીઘાટની આંતરિક પહાડી) પર તપશ્ચર્યા કરતાં હતાં. સમગ્ર પૃથ્વીને દાનમાં આપી દીધા પછી તેમને પોતાને માટે ભૂમિ શોધવાની જરૂર પડી. તેઓએ સમુદ્રથી તે ભૂમિની યાચના કરી . જે સહ્યાદ્રિ તેમજ અરબ સાગર ની મધ્યમાં સાંકડી જમીન છે, તે જ કોંકણ છે, જે ચિત્પાવન બ્રાહ્મણોનું મૂળ સ્થાન છે. આમ પરશુરામ થી વિશેષરૂપેણ સંબદ્ધ હોવાથી બ્રહ્માંડપુરાણનું ઉદયસ્થળ સહ્યાદ્રિ તેમજ ગોદાવરી પ્રદેશમાં હોય તેવું સર્વથા સુસંગત છે.**

*** બ્રહ્માંડ પુરાણનો સમય : –**

**બ્રહ્માંડપુરાણની વાયુપુરાણ સાથેની સમાનતા કોઈ મૂળની કલ્પનાને અગ્રેસર કરે છે. ડૉ. ફિરફેલે પોતાના ગ્રંથની ભૂમિકામાં આ બન્ને પુરાણોની સમાનતા વાળા અધ્યાયોનું વિશિષ્ટરૂપે વિશ્લેષણ કર્યુ છે. આ બન્ને પુરાણોની વિભિન્નતાનો અલગ થવાનો યુગ ચોથી શતાબ્દી ની આસપાસ નો માની શકાય. અર્થાત્ અનુમાનતઃ ૪૦૦ ઈ.સ. ની આસપાસ બ્રહ્માંડપુરાણે પોતાનું આ વૈયક્તિક રૂપ ધારણ કરી લીધુ હશે. પ્રચલિત પુરાણનો સમય અંતરંગ પરીક્ષણને આધારે નિશ્ચિત કરાયો છે. પરશુરામનું ચરિત્ર અત્રે ૨૮**

અધ્યાયોમાં ખૂબજ મનોરંજક અને વર્ણનાત્મક રીતે વિસ્તારપૂર્વક નિબદ્ધ છે, જેની તુલના મહાભારતમાં નિર્દિષ્ટ તેના ચિત્રો સાથે થાય છે. તે પરિબૃંહણ નિશ્ચિત રૂપે મહાભારત (ઈ.સ. ૩૦૦ આસપાસ) થી ઉત્તરકાલીન છે. બ્રહ્માંડપુરાણ રાજનીતિ સંબંધી પારિભાષિક શબ્દોનો વિશેષ પ્રયોગ કરે છે, જેમાં 'મહારાજાધિરાજ ' પદવી મહત્વની છે. પર્વતોમાં શ્રેષ્ઠ હિમાલયની ઉપમા 'મહારાજાધિરાજ 'સાથે થઈ છે.[૧૦૮] આ શબ્દનો પ્રયોગ ઉપાધિનાં રૂપમાં ગુપ્ત નરેશોએ કર્યો, જેનાં કરદ રાજા 'સામન્ત' નામથી ગુપ્તોના અભિલેખોમાં વર્ણિત છે.

આ પુરાણ કાન્યકુબ્જનાં રાજાનો નિર્દેશ પણ  કરે છે. (અધ્યાય–૩/૪૧/૩૨ ) જે નિશ્ચિત પણે ગુપ્ત નરેશોનાં ઉત્તરકાલીન મૌખરિ રાજાનો  સૂચક મનાય છે. કાલિદાસનાં કાવ્યો તેમજ તેની વૈદર્ભી રીતિનો પ્રભાવ પણ આ પુરાણોનાં વર્ણનો પર આધારિત છે. આ ઉપરોક્ત બધાંજ ઉપકરણોનો નિષ્કર્ષ છે કે, બ્રહ્માંડપુરાણની રચના ગુપ્તોત્તર યુગમાં અર્થાત્ ઈ.સ. ૬૦૦ માં માનવી જરા પણ ઈતિહાસ થી વિરૂદ્ધ નથી. ઈ.સ. ૬૦૦ થી ઈ.સ. ૯૦૦ સુધી ત્રણ શતાબ્દિઓમાં જ આનાં આ સંસ્કરણનો સમય માની શકાય.[૧૦૯] તદુપરાંત અન્ય વ્યાખ્યાઓ પણ આ પુરાણની નોંધનીય છે કે, જેના પઠન માત્રથી આપણને બ્રહ્માંડ પુરાણનાં સ્તરનો અંદાજ આવી શકે  છે. જેમકે, અસુરની વ્યાખ્યા કરતાં આ પુરાણ માં જણાવાયું છે કે–

असुः प्राणः स्मृतोविज्ञैस्तज्जन्मानस्ततोऽसुराः ।[११०]

તત્પશ્ચાત્ દેવ કોને કહેવાય તેની વ્યાખ્યા કરતાં જણાવાયું છે કે –

ततो मुखात् समुत्पन्ना दीव्यतस्तस्य देवताः ।

यतोऽस्य दीव्यतो जातास्तेन देवाः प्रकीर्तिताः ॥

धातुर्दीव्येति यः प्रोक्तः क्रीडायां स विभाव्यते ।

तस्मात्तन्वास्तु दिव्याया जज्ञिरे तेन देवताः ॥[१११]

આમ દેવીનાં મુખતેજથી ઉત્પન્ન થયાં તેથી દેવ કહેવાયાં જેવી સુંદર અને સચોટ

વ્યાખ્યા બ્રહ્માંડ સિવાય બીજે દુર્લભ છે.  યજુર્વેદ વિષયે અત્રે જણાવાયુ છે કે –

यच्छिष्टं तु यजुर्वेदे तेन यज्ञमयुंजत।

यजनात् स यजुर्वेद इति शास्त्र विनिश्चयः॥ [११२]

અન્તે પુરાણ વિષયે શું કહેવાયું છે તે  પણ જોઈએ તો –

यस्मात् पुरा ह्यणन्तीदं पुराणं तेन कथ्यते ।[११३]

આમ વિવિધ વિષયો અને શબ્દો માટે સચોટ વ્યાખ્યા, સુંદર વર્ણન, ઐતિહાસિક અને ભૌગોલિક દૃષ્ટિકોણ ધરાવતું આ બ્રહ્માંડપુરાણ વસ્તુતઃ ખૂબ જ મહત્વનું અને ભારતીય સંસ્કૃત સાહિત્યમાં એક મૌક્તિક સમાન મૂલ્ય અને ચમક ધરાવે છે. આજે પણ આ પુરાણ ઈતિહાસ વિદો અને વિદ્વત્જનોને એક નવો દૃષ્ટિકોણ આપી માર્ગદર્શન કરી રહ્યું છે.

## ૩.૧૧ વાયુ પુરાણ

આ પુરાણ અત્યંત પ્રાચીન છે. બાણભટ્ટે પોતાની કાદમ્બરીમાં વાયુપુરાણનો ઉલ્લેખ 'पुराणेवायुप्रलपितम् ' લખીને કર્યો છે. જેથી જાણવા મળે છે કે આ ગ્રંથની રચના બાણભટ્ટનાં સમયથી ખૂબ પહેલાં થઈ ગઈ હતી. કદની દૃષ્ટિએ અન્ય પુરાણોની સરખામણી માં આ પુરાણ થોડું નાનું છે. વાયુપુરાણનાં અધ્યાયોની સંખ્યા ૧૧૨ છે. તેમજ ૧૧૦૦૦ શ્લોકો ઉપલબ્ધ છે. આ પુરાણમાં ચાર ખંડ છે. જે 'પાદ' કહેવાય છે.

૧. પ્રક્રિયાપાદ

૨. અનુષંગ પાદ

૩.ઉપોદ્‌ઘાત પાદ

૪. ઉપસંહાર પાદ

વાયુપુરાણની શરૂઆતમાં જ સૃષ્ટિકરણ ખૂબજ વિસ્તારથી ઘણાં અધ્યાયોમાં વર્ણિત છે. ત્યાર પછી ચતુરાશ્રમનું વર્ણન થયું છે. ભૌગોલિક વર્ણનો માટે વાયુપુરાણ વિશેષ પઠનીય છે. જમ્બુદ્વીપનું વર્ણન તો સુંદર છે જ, પરંતુ અન્ય દ્વીપોનું વર્ણન પણ ખૂબ જ સુંદરતાથી કરાયું છે. (અધ્યાય ૩૪ –૩૯ ). ખગોળનું વર્ણન પણ અત્રે વિસ્તૃત મળે છે. (અધ્યાય ૫૦ –૫૩). તદુપરાંત અનેક અધ્યાયોમાં યુગ, યજ્ઞ, ઋષિ, તીર્થનું વર્ણન પણ ઉપલબ્ધ છે. અધ્યાય ૬૦માં ચારે વેદોની શાખાઓનું વર્ણન થયું છે. જે સાહિત્યિક દષ્ટિથી વિશેષ અનુશીલન કરવાં યોગ્ય છે. પ્રજાપતિવંશનું વર્ણન (અધ્યાય ૬૧ થી ૬૫ ) કશ્યપીય પ્રજાસર્ગ (અધ્યાય ૬૬ થી ૬૯ ) તેમજ ઋષિવંશ (અધ્યાય ૭૦ ) પ્રાચીન બ્રાહ્મણવંશોના ઈતિહાસને જાણવા માટે ખૂબ જ ઉપયોગી છે. શ્રાદ્ધનું વર્ણન અનેક અધ્યાયોમાં ઉપલબ્ધ છે. અધ્યાય ૮૬ અને ૮૭ માં સંગીતનું પણ વિશદ વર્ણન ઉપલબ્ધ છે. ૯૯ મો અધ્યાય પ્રાચીનરાજાઓનાં વિસ્તૃત વર્ણન કરવાને લીધે ઐતિહાસિક દૃષ્ટિથી ખૂબજ મહત્વ ધરાવે છે.

આ પુરાણની વિશેષતા એ છે કે, આ પુરાણ ભગવાન 'શિવ'નાં ચરિત્રનું વિસ્તૃત

વર્ણન કરે છે. છતાં આ પુરાણ સાંપ્રદાયિક દૃષ્ટિકોણથી દૂષિત નથી. વિષ્ણુનું વર્ણન પણ અનેક અધ્યાયોમાં મળે છે. વિષ્ણુનું મહત્વ અને તેના અનેક અવતારોનું વર્ણન અહીં ઘણાં અધ્યાયોમાં પ્રાપ્ત થાય છે. પશુપતિની પૂજાથી સંબંધિત 'પાશુપતયોગ'નું નિરૂપણ પણ આ પુરાણની વિશેષતાઓ માંનું એક છે. કારણકે પાશુપતયોગનું વર્ણન અન્ય પુરાણોમાં નથી મળતું, જયારે વાયુપુરાણમાં તેની સંપૂર્ણ પ્રક્રિયા ખૂબ જ વિસ્તારપૂર્વક અધ્યાય ૧૧ થી ૧૫ માં વર્ણિત છે. આ અંશ પ્રાચીન યોગશાસ્ત્ર ને જાણવા માટે અત્યંત ઉપયોગી છે.

અધ્યાય ૨૪ માં વર્ણિત 'શાર્વસ્તવ' સાહિત્યિક દૃષ્ટિથી ખૂબજ મહત્વપૂર્ણ છે. ૩૦ માં અધ્યાયમાં પ્રજાપતિ દક્ષ દ્વારા થયેલ શિવસ્તુતિ પણ ખૂબ જ સુંદર છે. આ સ્તુતિઓ વૈદિક 'રુદ્રાધ્યાય નું પૌરાણિક સ્વરૂપ છે.

नमः पुराणप्रभवे युगस्यप्रभवे नमः ।

चतुर्विधस्य सर्गस्य प्रभवेऽनन्तचक्षुषे ॥

विद्यानां प्रभवे चैव विद्यानां पतये नमः ।

नमो व्रतानां पतये मन्त्राणां पतये नमः ॥

આમ વાયુપુરાણમાં વૈદિક સામગ્રી પણ ખૂબ જ ઉપલબ્ધ છે. વાયુપુરાણ એક વૈજ્ઞાનિકતા ધરાવતું પુરાણ છે. ઘણી કથાઓને જોતાં અને તેનાં વિશે ચિંતન કરતાં વાયુપુરાણની વૈજ્ઞાનિકતા પણ દેખાઈ આવે છે.

* **વાયુપુરાણની વૈજ્ઞાનિકતા** (વૈદિક નક્ષત્રો, પુરાણોમાં રાજવંશ તરીકે ):–

અન્ય પુરાણોની જેમ વાયુપુરાણનો વર્ણ્ય વિષય પણ સર્ગ,પ્રતિસર્ગ,મન્વન્તર આદિ છે.જ્યારે વંશાનુચરિત અન્ય પુરાણોની સરખામણીએ ઘણું ઓછું છે. વાયુપુરાણનાં વંશાનૂમ અને અન્ય વર્ણ્ય વિષયોમાં સ્પષ્ટતઃ પરોક્ષવાદ,પ્રતીકવાદ અને રહસ્યવાદ નિહિત છે. વાયુપુરાણ વાંચતી વખતે વૈજ્ઞાનિક અને વ્યાવહારિક બે દૃષ્ટિકોણ જ્યાં સુધી ન અપનાવીએ ત્યાં સુધી વાસ્તવિક રહસ્યો નો ખુલાસો થતો નથી. કારણકે પુરાણ વેદોની

છાયાની માફક છે. વેદોનાં રહસ્યવાદ અને ચમત્કારપૂર્ણ વર્ણન પુરાણોમાં ખૂબજ કૌશલ સાથે રોચક કથા શૈલીમાં લખાયા છે. ઉદાહરણ તરીકે જોઈએ તો નહુષ, યયાતિ, તુર્વસ આદિ રાજાઓનાં વર્ણનો બન્ને પક્ષથી પોતાનું રહસ્યપૂર્ણ સ્થાન ધરાવે છે. જયારે આપણે આ રાજાઓની કથા પર વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી વિચારીએ  છીએ, અને વૈદિક વર્ણનો સાથે તુલના કરીએ છીએ ત્યારે આપણને આ રાજાઓ નહીં પણ અવકાશીય  પદાર્થો જ જણાય છે. વાયુપુરાણમાં નહુષનાં પુત્રનું નામ પ્રચલિત હતું, તેની રાણી શૂની કન્યા હતી. બીજી રાણી શર્મિષ્ઠા હતી. વૈદિક આખ્યાન સાથે તુલના કરતાં જયારે આપણે આ પૌરાણિક આખ્યાનનું વિશ્લેષણ કરીએ છીએ ત્યારે યયાતિ, શૂની કન્યા, અને શર્મિષ્ઠા તમામ અવકાશીય પદાર્થો જ સિદ્ધ થાય છે. જયારે નહુષનાં પિતાનું નામ 'આયુ' હતું. યજુર્વેદ (૫/૨) માં લખ્યુ છુું છે કે 'अग्ने आयुरसि ' અર્થાત્ –  હે અગ્નિ, તુ 'આયુ ' છે.  આ આયુ જ પુરાણોમાં ઉર્વશી અને પુરુરવાનો પુત્ર મનાયો છે. વેદોના વર્ણન મુજબ ઉર્વશી અને પુરુરવા અગ્નિ નિર્મિત સૂર્ય અને રશ્મિ છે. તેથી જ તેનો પુત્ર 'આયુ' અગ્નિ જ હોવો જોઈએ. જેનું સાક્ષ્ય ઋગ્વેદ : ૧/૩૧/૧૧ માં કંઈક આ પ્રમાણે છે.

' त्वमग्ने प्रथमं आयु आयवे देवाः अकृण्वन् ' અર્થાત્ હે અગ્નિ, પહેલા તે આયુ ને બનાવ્યો, અને આયુથી દેવતાઓને, આ ઉદાહરણથી સિદ્ધ થાય છે કે, આયુ નામક અગ્નિથી સૂર્ય, રશ્મિ, ઉષા આદિ દેવતાઓ બન્યાં. આયુનાં પુત્ર નહુષને આકાશીય  પદાર્થ સિદ્ધ કરતાં ઋગ્વેદમાં (૮/૮/૩) કહેવાયું છે કે –

आयातं नहस्पर्यन्तरिक्षात् सुवृक्तिभिः पिबाथो अश्विना मधु ।

અર્થાત્ નહુષની ઉપર અન્તરિક્ષથી કોઈ આવે છે. આગળ જતાં ઋગ્વેદ (૧૦/૫૨/૧૨ માં ) લખ્યું છે કે, સૂર્યોનાં માસ દિવિમાં વિચરણ કરે છે. જેને નાહુષી સમજવા જોઈએ. નહુષનાં પુત્ર યયાતિનાં સંદર્ભમાં ઋગ્વેદમાં (૧/૩૧/૧૭ માં ) લખ્યું છે કે–

– अग्ने अंगिरस्वत् अंगिरः ययातिवत् '

અર્થાત્ હે અગ્ને, તમે અગ્નિરસ ની જેવા છો, અને યયાતિને અગ્નિરસ જેવા કહ્યાં છે. ઐતરેય બ્રાહ્મણમાં લખ્યું છે કે–

– ये अंगारा आसन् ये आंगिरसोऽभवन् ’

અર્થાત્ અંગાર જ આંગિરસ છે. આ પ્રમાણે ઉપરોક્ત વર્ણનોથી સ્પસ્ટ થઈ જાય છે કે –યયાતિ અંગારની જેમ છે. યયાતિની પત્નિ શૂની કન્યા છે. શૂ તો આકાશીય પદાર્થ છે જ. જેથી તે પણ જણાય છે કે યયાતિ પણ શૂની જેમ કોઈ નક્ષત્ર છે. યયાતિની બીજી રાણી શર્મિષ્ઠા વાદળોથી અતિરિક્ત અન્ય કંઈ જ નથી. વાયુપુરાણાનુસાર યદુ, તુર્વસુ, પુરુ,દ્રુહ્યુ અને અનુ આ પાંચ પુત્રો યયાતિનાં  છે. આ પાંચને આકાશીય પદાર્થના રૂપમાં ઋગ્વેદની વિભિન્ન બાર ઋચાઓએ સ્વીકૃત કરેલ છે. જેનો સંક્ષિપ્ત સાર આ પ્રમાણે છે.

૧. જે વિદ્યુત્ તુર્વસ માં છે, તે સૂર્યની કિરણોથી આવેલ છે. (ઋ . ૧/૪૭/૭)

૨. અગ્નિ થી તુર્વસ યદુને દૂર કરે  છે. (ઋ.૧/૩૬/૧૮)

૩. પ્રકાશથી તુર્વસ યદુને પાર કરો. (ઋ. ૧/૭૪/૯)

૪. અન્તરિક્ષનો માર્ગ પુરુ છે. ( ઋ.૮/૧૦/૬)

૫. યદુને સૂર્યની સમાન મનાય  છે. ( ઋ. ૮/૯/૧૮)

૬. હુત પદાર્થોને લઈ જનારા પુરુ.(ઋ. ૧/૧૨/૧૩)

૭. અનુ. નું ઘર દ્યુલોક છે. (ઋ. ૮/૬૯/૧૮)

૮. પુરુ સૂર્યને આશ્રિત છે. (ઋ.૧૦/૯૪ /૫)

૯. ઈન્દ્ર માયા કરીને પુરુ બની જાય છે. ( ઋ. ૬/૪૭/૧૮)

૧૦. તુર્વશ ચંદ્રને શચીપતિ ઈન્દ્ર પાર કરી દેશે. (ઋ. ૪/૩૦ /૧૭ )

૧૧. જે ઈન્દ્ર અને અગ્નિ, યદુ, તુર્વશ, દ્રુહયુ, અનુ અને પુરુ માં છે. (ઋ.૧/ ૧૦૮ /૮)

૧૨. પ્રાતઃકાળનું દ્રશ્ય પુરુને પ્રિય છે. (ઋ. ૫/૧૮/૧ )

સૂર્ય સિદ્ધાંતમાં તારા અને ગ્રહોમાં પરસ્પર યોગનું નામ યુદ્ધ છે. અને યયાતિ એક તારાનું નામ છે. આમ વૈજ્ઞાનિક દષ્ટિકોણથી આલોચના કરતાં આ જ નિષ્કર્ષ નિકળે છે

કે વૈદિક નક્ષત્રવંશને પુરાણોમાં રાજવંશનું સ્વરૂપ અપાયું છે. અથવાં નક્ષત્રવંશોના અભિધાનોનું અનુકરણ નામાવલીમાં થયું છે.

મત્સ્યપુરાણ નાં ૯૯ માં અધ્યાયમાં મહારાજ શાન્તનુનું વર્ણન છે. શાન્તનુનાં બે ભાઈઓ દેવાપિ અને બાહ્લીક હતાં. શાન્તનુના વિવાહ ગંગા નદી સાથે થયા હતાં. તર્કવાદીઓની દૃષ્ટિએ માનવનાં વિવાહ અથવા સમાગમ નદી સાથે ગ્રાહ્ય નથી એટલું જ નહી, અપિતુ હાસ્યાસ્પદ પણ છે. પરંતુ જ્યારે આપણે પ્રતીકવાદથી પ્રભાવિત રહસ્યવાદી પુરાણોનો ભાવાર્થ વૈદિક અલંકારોથી યુક્ત કરી, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી કરીએ છીએ, તો આપણને સ્પષ્ટ પણ જણાય છે કે, વૈદિક આકાશીય પદાર્થોનાં આલંકારિક વર્ણનોનું રહસ્ય પુરાણો દ્વારા કેવું ચતુરતાપૂર્ણ પદ્ધતિથી અભિવ્યક્ત થયું છે.

ઋગ્વેદ (૧૦ /૬૮ )માં શાન્તનુ શબ્દ આવ્યો છે. તેનાં બન્ને ભાઈઓ દેવાપિ અને બાહ્લીક નું નામ પણ છે. ઋગ્વેદના દશમાં મંડળમાં ૯૮ સૂક્તમાં વર્ષા વર્ણન છે. આ વર્ણનમાં શાન્તનું અને તેના ભાઈઓનું રહસ્ય ખૂલી જાય છે. ગંગા સાથે શાન્તનુનાં વિવાહ નું રહસ્ય વૈજ્ઞાનિક દષ્ટિકોણ થી ખૂબ જ સંભવ અને સંદેહહીન છે. ગંગાનું બીજું નામ ત્રિપથગા પણ છે. જે જળ આકાશથી પડે છે, તેનું નામ ગંગા છે. જે જમીન પર વહે છે તેનું નામ પણ ગંગા છે અને પાતાળમાં વહે છે તેનું નામ પણ ગંગા છે. ભાવપ્રકાશમાં લખ્યું છે કે

गांगमासयुजे प्रायो वर्षति वारिदः । सर्वथा तज्जलं ज्ञेयं तथैव चरकेवचः ।

અર્થાત્ આશ્વિન મહિનામાં જે પાણી ઉપરથી વરસે છે તેને ગાંગેય કહે છે. આકાશમાં જ્યારે વિજળી ચમકે છે તો જલચૂમાં એક પ્રકારની હલચલ ઉત્પન્ન થાય છે. ત્યારે આકાશગંગા પાણીનાં રૂપે નીચે વરસે છે.

સુશ્રુત(૪૬/૨૧ ) માં શાન્તનુ એક અનાજનું નામ છે. આ ધાન્યનું મુખ્ય જીવન વર્ષા છે. આશ્વિન માસમાં આ ધાન્યને વિશેષ જળની આવશ્યકતા પડે છે. ઉપર્યુક્ત વિશ્લેષણથી સ્પસ્ટ થઈ જાય છે કે, આશ્વિનની વર્ષાનું નામ ગંગા છે. આ ગંગા જ્યારે શાન્તનુથી સમાગમ કરે છે ત્યારે જ તેનું તપ્ત હૃદય શાંત થાય છે. ઉક્ત ગંગાને દેવાપિ

તેમજ આર્ષ્ટિષેણ (શાન્તનુના ભાઈ )નામનાં વિદ્યુત્ અને જલની શક્તિઓ પ્રેરિત કરીને લાવે છે. આ જ શાંતનુ અને ગંગાના વિવાહનું રહસ્ય છે.

આ પ્રમાણે વાયુપુરાણમાં પણ ઋષિઓનું જે વંશાનુકીર્તન થયુ છે તે પણ વૈજ્ઞાનિક છે. ૭૦ માં અધ્યાયની શરૂઆતમાંજ લખ્યુ છે કે –પ્રજાપતિ બ્રહ્માએ બધાંના આધિપત્ય પર ૂમશઃ ભિન્ન ભિન્ન ને નિયુક્ત કરવાની પરંપરા શરૂ કરી. સમસ્ત દ્વિજાતિઓ, વિરુધો, નક્ષત્રો, ગ્રહો, યક્ષો અને તપસ્યાઓનાં  રાજાઓનાં પદ પર 'સોમ'નો અભિષેક કર્યો. બધીજ અંગીરાના વંશમાં ઉત્પન્ન થનારી પ્રજાઓનું રાજ્યપદ બૃહસ્પતિને આપી દીધું, ભૃગુ ગોત્રમાં ઉત્પન્ન થનારી પ્રજાઓનું રાજ્યપદ કાવ્ય(શૂ)ને આપ્યું. આ પ્રમાણે આદિત્યોનું રાજ્યપદ વિષ્ણુને,મરુતોનું વાસવને આપ્યું . આ જ વાત ઋગ્વેદમાં( ૮/૩/૪ )પણ સ્વીકૃત કરતાં કહે છે કે

"अयं सहस्रं ऋषिभिः सहस्कृतः समुद्र इव पप्रथे ।

सत्यः सो अस्य महिमा गृणेशवो यज्ञेषु विप्रराज्ये ।।"

અહીં હજારો ઋષિઓને વિપ્ર રાજ્ય અર્થાત્ ચન્દ્રમાનાં રાજ્યમાં રહેનારા કહેવાયાં છે. ચન્દ્રમા વિપ્ર દ્વિજરાજ પણ કહેવાય છે. ચન્દ્રમાની ચન્દ્રિકાથી સમસ્ત ઔષધિઓ વનસ્પતિઓ વૃદ્ધિ પામે છે. ચન્દ્રોદયથી નક્ષત્ર ઉદ્ભાષિત થાય છે. તેથી ચન્દ્રમા બધાંનો રાજા મનાય છે. અધિક શીતલ હોવાથી વિપ્ર પણ કહેવાય છે. વૈદિક નિઘંટુ અનુસાર ઋષિ શબ્દનો અર્થ નક્ષત્ર,કિરણ, આકાશીય ચમત્કારિક પદાર્થ અને મનુષ્યનાં શરીરમાં સ્થિત ઈન્દ્રિયોનું વાચક છે. અરુન્ધતિ સહિત સપ્તર્ષિ અને ધ્રુવ તો આકાશીય ગ્રહો સ્વરૂપે વિખ્યાત છે જ. ઋગ્વેદમાં ધ્રુવનાં પિતા ઉત્તાનપાદનું પણ વર્ણન છે.

યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ માં  पितृयानोऽजवीथ्याश्च यदगस्त्यस्य चान्तरम् ' આદિ શ્લોકો દ્વારા તે સિદ્ધ કરાયું છે કે, આકાશ એક સંસાર છે. ત્યાં ગલી, ગ્રામ, નગર ,યુદ્ધ, ઋષિ આદિ બધું  જ એક જ છે. આ સિદ્ધાન્ત મુજબ ભાવ એ જ છે કે, ઉત્તરી ગોળાર્ધમાં નામવીથીને અન્તે  સપ્તર્ષિ છે અને દક્ષિણી ગોળાર્ધમાં અગત્સ્ય તારાની બાજુમાં અજવીથી છે. ત્યાં ૮૮૦૦૦ મુનિ નિવાસ કરે છે. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિના આ સાક્ષીએ તે સ્પસ્ટ થાય

છે કે –આ તે જ ૮૮૦૦૦ ઋષિઓ છે, જે નૈમિષારણ્યમાં એકત્ર સૂતજીથી પુરાણોની કથા સાંભળ્યા કરે છે. આ પ્રમાણે પુરાણોમાં વર્ણિત અયોધ્યા, મિથિલા ,અંગ ,બંગ, કલિંગ, કીકટના ભાવો પણ વૈદિક વિજ્ઞાન અને રહસ્યથી ભરેલા છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી અહીં સ્પષ્ટ અને સિદ્ધ થાય છે કે શાસ્ત્રકારોએ પુરાણોના વિષયમાં જે લખ્યું છે કે પુરાણ વેદોની સાથે ઈશ્વરના નિઃશ્વાસ રૂપે પ્રગટ થયા છે, અને પુરાણોના અધ્યયન, મનન વગર વેદોનું અધ્યયન અધુરું ગણાય છે. તે વાત સાચી છે. વૈદિક સંજ્ઞાઓ અને પરિભાષાઓ તેમજ ચમત્કારિક વર્ણનોને પોતાના સમયના રાજાઓ અને ઘટનાઓથી સુમેળ સાધી પુરાણોની જે રચના થઈ છે, તે નિઃસંદેહ સ્તુત્ય છે.

## ❑ ભૌગોલિક અને ઐતિહાસિક તથ્યઃ–

આ પુરાણમાં સમગ્ર પૃથ્વી પર સ્થિત દેશોનું વર્ણન થયું છે. તેમજ જે તે દેશો પરના લોકોનાં આચાર વિચાર,સ્વભાવ,સભ્યતા, રુચિ અને ભૌગોલિક સ્થિતિ (પર્વત,નદી) આદિનું પણ વર્ણન છે. ભારતવર્ષથી અન્ય દેશોના નામો અપ્રચલિત હોવાથી તેના વિશે વધુ ન કહી શકાય. અહી માત્ર ભારતવર્ષ અને તેના સીમાવર્તિ દેશોના વિષયમાં જ વાત કરી શકાય. આ પુરાણ ભારતવર્ષને જમ્બુદ્વીપનું મધ્ય માને છે. તેથી જમ્બુદ્વીપ કદાચ એશિયાનું પ્રાચીન નામ હોઈ શકે. ભારતીય સીમા પર સ્થિત દેશોના પ્રાકૃતિક વર્ણનમાં સૂતજી પોતાનું હૃદય ખોલીને રાખી દે છે. પરંતુ ત્યાંનાં રહેવાસીઓના આચાર વિચાર જોઈને ક્ષુબ્ધ થઈ જાય છે. તેઓ એ ભૂલી જાય છે કે પ્રાકૃતિક અસુવિધાઓ અને અનેક પ્રકારના અભાવોને લીધે સભ્યતા અને રહેણી કરણીનું સ્વરૂપ બદલાઈ જાય છે. ત્યાર પછી તેઓ પૂર્વથી પશ્ચિમ સુધી પથરાયેલ હિમાલય પર્વતની દક્ષિણમાં સ્થિત ભારતવર્ષનું વર્ણન કરવા લાગે છે. ત્યારે તેના હૃદયમાં દેશપ્રેમ અને દેશાભિમાન એવા જાગૃત થઈ જાય છે કે ‘‘આ દેશ વિચિત્ર છે, કર્મભૂમિ છે, અહીં જ સ્વર્ગ– મોક્ષ આદિ ગતિઓ પ્રાપ્ત થાય છે.’’ આવું સુંદર વર્ણન કરે છે. ભારતવર્ષ નામકરણનું કારણ પણ વિચિત્ર રીતે કહે છે.૪૫ માં અધ્યાયમાં તેઓ કહે છે કે, અહીં ભારતી પ્રજા રહે છે. પ્રજાઓનાં ભરણ પોષણને કારણે અહીંના મનું ભરત–(विश्व भरण पोषण कर जोइ । ताकर नाम भरत

अस होइ ॥ – તુલસીદાસ ) કહેવાય છે. ભારત નામની વ્યાખ્યા ને લીધે આવા મનુની નિવાસ ભૂમિ ભારત અથવા ભારતવર્ષ કહેવાઈ. પ્રાકૃતિક સુવિધાઓને જોઈ તેઓ પુનઃ કહે છે કે આ દેશને છોડીને ક્યાંય અન્યત્ર કર્મ વ્યવસ્થા જ નથી.

न खल्वन्यत्र मर्त्यानां भूमौ कर्म विधीयते ।

તેમજ

स्यास्य वर्षस्य नव भेदाः प्रकीर्तिताः ।

समुद्रान्तरिता ज्ञेयास्ते त्वगम्याः परस्परम् ॥

ं तु नवमस्तेषां द्वीपः सागर संवृतः ।

ह्याकुमारिक्यादागङ्गाप्रभवाच्च वै ॥[११४]

આ ભારતવર્ષના નવ ભેદ છે. જે સમુદ્રથી ઘેરાયેલાં અને પરસ્પર એકબીજા થી અગમ્ય  છે. તેમાં આ ભારતવર્ષ, જે કન્યાકુમારી થી લઈ ગંગોત્રી સુધી ફેલાયેલ છે તે નવમો છે. તેવું કહીને પુરાણકાર ભારતવર્ષના અન્ય આઠ વિભાગો કહે છે.

*** વાયુપુરાણનું કાવ્ય સૌન્દર્યઃ–**

વાયુપુરાણમાં કાવ્ય સૌન્દર્ય શોધવું તે ઈતિહાસમાં કાવ્યાત્મક સૌન્દર્ય શોધવા બરાબર છે. આમાંથી માનવજીવનનાં ઉપયોગી તત્વો મેળવી શકાય છે, ભાવનાઓ નહીં. અહીં તો સૂતજી સૃષ્ટિ, વિસૃષ્ટિ અને પાશુપત યોગનાં વર્ણનમાં વ્યસ્ત છે. તેઓને હૃદયને આનંદિત કરનારા સ્થળો, સામગ્રીઓ લાવવાનો અવકાશ કયાં છે? તેમની સામે તો શૌચાચાર, પરમાશ્રમ વિધિ,કલ્પસંખ્યા,ભુવનવિન્યાસ ,આદિથી સંબંધિત પ્રશ્નોની કતારો છે. છતાં તેનો અર્થ એવો નથી કે પુરાણ કાવ્યાત્મક આનંદ અને સૌન્દર્યથી સર્વથા અલિપ્ત છે. સ્તુતિ, ઐશ્વર્ય વર્ણન,ગંધર્વોનાં રૂપવર્ણન જેવા પ્રસંગોમાં સૂતજીએ ઉપમાઓનો સુંદર પ્રયોગ કર્યો છે. ગંધર્વકુમારીઓનું વર્ણન, માનસરોવરના રત્નજડિત સોપાનોથી ઉતરતી અપ્સરાઓના સૌન્દર્યનું આકર્ષણ તેમજ ભાવભંગિમા ખરેખર ચિત્તાકર્ષક છે. જેમકે–

वलयाङ्गद केयूरहारकुण्डल भूषिताः।

स्त्रग्विणश्चित्रमुकुटाश्चित्राच्छादनवाससः।।(૪૫/૪૫)

**આ પ્રમાણે ગિરિવરની શોભાનું વર્ણન પણ પુરાણકાર આ પ્રમાણે કરે છે –**

चन्द्रतुल्यप्रभैः कान्तैश्चन्द्राकारैः सुलक्षणैः ।

श्वेतवैदूर्य कुमदे श्चित्रोऽसौ कुमुदप्रभः ।

अनेकचित्रकोद्यानो नैकनिर्झरकन्दरः ।

महासानुदरीकूंजैर्विविधैः समलङ्कतः ॥[૧૧૫]

**આ પંક્તિઓમાં વધુ કાવ્ય સૌન્દર્ય પ્રસ્તુત થયું છે. આમાં હૃદયનો ઉલ્લાસ પણ પ્રતિબિંબિત થાય છે . ગિરિ થી પૃથ્વી ઉપર ઉતરતી ભ્રાન્તતોયા તરંગિણીનાં વર્ણનમાં સૂતજીની કાવ્યપ્રતિભાનો ચમત્કાર દેખાય છે, જેમકે–**

अनेकाभिः स्त्रवन्तीभिराप्यायित जला शिवा,

एवं शैलसहस्राणि सादयन्ती महानदी ।

पारिजाते महाशैले निपपाताऽऽशुगामिनी ॥[૧૧૬]

**આમ સુંદર પ્રાકૃતિક વર્ણન વાયુપુરાણમાં જોવા મળે છે. સાથે સાથે શિવ અને વિષ્ણુ પ્રત્યે અનન્ય ભાવ અને આત્મનિવેદનની આકુળતા, ભકતની** 'अन्यथा शरणं नास्ति' **વાળી વિશેષતા સાથે મુખરિત થાય છે. તે સાથે મત્સ્યપુરાણની જેમ જ આ પુરાણમાં પણ ધર્મશાસ્ત્રીય વિષયોની વિપુલતા છે. કલ્પતરુએ વાયુપુરાણનાં લગભગ ૧૬૦ ઉદ્ધરણો શ્રાદ્ધ ઉપર આપ્યા છે. લગભગ ૩૫ મોક્ષનાં વિષયમાં, ૨૨ તીર્થ પર, ૬ દાન પર,૫ બ્રહ્મચારી તેમજ ૪ ગૃહસ્થનાં વિષયમાં. અપરાર્કે લગભગ ૭૫ ઉદ્ધરણો શ્રાદ્ધનાં વિષયમાં આપ્યાં છે. સ્મૃતિચન્દ્રિકાએ પણ શ્રાદ્ધના વિષયમાં લગભગ ૨૫ ઉદ્ધરણો આપ્યાં છે. આ ઉપરોક્ત ઉલ્લેખોથી વાયુપુરાણનું ધાર્મિક વિષયો પરનું પ્રમાણ્ય પ્રગટ થાય છે.** [૧૧૭]

## *     વાયુપુરાણનો સમય :–

વાયુપુરાણ ગુપ્તરાજ્યથી આદિ મનાય છે.[૧૧૮] આ પાંચ વર્ષોનાં યુગને જાણે છે(૫૦/૧૮૩). મેષ, તુલા (૫૦ / ૧૯૬ ), મકર તેમજ સિંહ (૮૨/૪૧/ ૪૨ ) ને જાણે છે. આ ઉલ્લેખોથી આનાં સમયનું યથાર્થ નિરૂપણ કરી શકાય છે. બાણભટ્ટે પણ પોતાના ગદ્યકાવ્યોમાં હર્ષચરિત તેમજ કાદમ્બરીમાં વાયુપુરાણનો ઉલ્લેખ કર્યો છે. ગુપ્તરાજ્યનો વાયુપુરાણ કૃત ઉલ્લેખ સમુદ્રગુપ્ત નાં દિગ્વિજય થી પૂર્વકાલીન છે. તેથી ઈ.સ. ૩૫૦ થી લઈને ૫૫૦ ની વચ્ચે આ પુરાણ રચાયું હશે તેમ માની શકાય. સાતમી શતાબ્દીનાં પુરાણોમાં આ પુરાણ અગ્રગણ્ય મનાતું હતું, તેવું શંકરાચાર્યના સ્પષ્ટ ઉલ્લેખથી સાબિત થાય છે. પ્રાચીન પુરાણોમાં અન્યતમ પંચલક્ષણોનાં સ્પષ્ટ પરિચાયક આ પુરાણ ઈતિહાસ તેમજ ધર્મશાસ્ત્ર બન્ને દૃષ્ટિએથી મહત્વપૂર્ણ છે.

સંક્ષેપમા કહીએ તો પ્રાચીનતા, કાવ્યસૌન્દર્ય,ઐતિહાસિકતા તેમજ ધાર્મિક મહત્વ ધરાવતું આ પુરાણ અનેક વિશેષતાઓથી યુક્ત છે. સદીઓથી સામાજીક માર્ગદર્શન કરતું આ પુરાણ આજે પણ કર્તવ્યાકર્તવ્યનો બોધ કરવા સાથે સામાજીક સમરસતા બનાવી રાખવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી રહયું છે. એટલું જ નહીં, પરંતુ વાયુપુરાણની રચના,ઉલ્લેખ, વિષયસંગતિ આદિનું વિવેચન એવા સ્વતંત્ર પ્રમાણો છે કે જેના દ્વારા તેના મહાપુરાણ હોવાનાં તથ્યની પણ પુષ્ટિ થઈ જાય છે. નક્કી, વાયુપુરાણ પ્રાચીન, તાન્ત્રિક પ્રભાવથી રહિત તેમજ સાંપ્રદાયિક સંકીર્ણતાથી તદ્દ્ન રહિત છે. જ્યારે શિવપુરાણ અર્વાચીન ,તાન્ત્રિક અને રૌદ્રી સામ્પ્રદાયિકતાથી ભરેલું એક ઉપપુરાણ કક્ષાનું છે. આ તથ્યની પુષ્ટિ બંને પુરાણોની યથાવિધિ સમય નિર્દેશના પોષક પ્રમાણથી થઈ શકે છે. છઠાં તેમજ સાતમાં સતકમાં વાયુપુરાણની લોક પ્રિયતાનો પ્રાપ્ત પરિચય આપણને મળી જાય છે. શંકરાચાર્યના બ્રહ્મસૂત્ર પર ભાષ્ય દ્વારા તેમજ બાણભટ્ટના બંને ગ્રંથો દ્વારા, શંકરાચાર્યએ પુરાણોનો નામ નિર્દેશ પણ નથી કર્યો અને સામાન્ય ઉલ્લેખ પણ નથી કર્યો. તેઓ પુરાણસ્થ વચનોને ‘સ્મૃતિવચન’ માને છે, પરંતુ આ કોઈપણ સ્મૃતિમાં ઉપલબ્ધ નથી. ‘પુરાણ’ માં જ ઉપલબ્ધ છે. વિશેષતયા– વાયુપુરાણમાં .

ઉદાહરણ તરીકે જોઈએ તો – બ્રહ્મસૂત્ર શાંકરભાષ્ય (૧/૩/૨૮) માં ‘नामरुपे च

भूतानां ' પદ્ય  સ્મૃતિવચન  રૂપે ઉદ્ધૃત છે. આ વાયુપુરાણનાં નવમાં અધ્યાય નાં ૬૩ માં શ્લોકમાં છે. આ પ્રમાણે જ ભાષ્ય  (૧/૩/૩૦ ) માં બે પદ્યો સ્મૃતિ વચનનાં રૂપમાં સંગ્રહિત થયાં છે, જેમકે –

तेषां ये यानि कर्माणि प्राक् सृष्ट्यां प्रतिपेदिरे ।

तान्येव प्रतिपद्यन्ते सृज्यमानाः पुनः पुनः ॥

हिंस्रा हिंस्रे मृदुक्रूरे धर्माधर्मावृतानृते ।

तद् भाविताः प्रपद्यन्ते तस्मात्तत् तस्य रोचते ॥

આ બન્ને વાયુપુરાણમાં આઠમાં અધ્યાયનાં ૩૨ તેમજ ૩૩ માં પદ્યો છે. તે આગળ ના અધ્યાયમાં પુનઃ ઉદ્ધૃત થયાં છે.(અ. ૯/ ૫૭,૫૮) આ ભાષ્યનાં અંતમાં સ્મૃતિવચન રૂપે ત્રણ પદ્યો સંગ્રહિત થયાં છે. જેમકે, સ્મૃતિરપિ –

ऋषीणां नामधेयानि याश्च वेदेषु दृष्टयः ।

शर्वर्यन्ते प्रसूतानां तान्येवास्य दधाति सः ॥

यथर्तुष्वसु–लिंगानि नानारुपाणि पर्यये ।

दृश्यन्ते तानि तान्येव यथा भावा युगादिषु ॥

यथाभिमानिनोऽतीतास्तुभ्यास्ते साम्प्रतैरिह ।

देवा देवैरतीतेर्हि रूपैर्नामभिरेव च ॥

આ ત્રણ શ્લોકોમાં આદિ બે શ્લોક વાયુપુરાણમાં (અ. ૯/૬૪–૬૫ ) છે. આ ઉદ્ધૃત શ્લોકોનાં સ્થાન નિર્દેશ આચાર્ય શંકરે નથી કર્યા, પરંતુ એવું ભાષિત થાય છે કે આ બન્ને શ્લોકો વાયુપુરાણ માંથી જ લેવાયાં છે. તેનું મુખ્ય કારણ આ પુરાણની તે યુગમાં, સપ્તમ શતાબ્દીમાં  લોકપ્રિયતા જ છે. કારણકે શંકરાચાર્યનાં પૂર્વવર્તી પ્રખ્યાત ગદ્યકાવ્ય નિર્માતા બાણભટ્ટે પણ પોતાનાં બન્ને ગ્રંથોમાં વાયુપુરાણનો નિઃસન્દિગ્ધ  ઉલ્લેખ કર્યો છે.

કાદમ્બરીનાં પૂર્વાધમાં જાબાલિ આશ્રમનાં વર્ણન પ્રસંગમાં બાણભટ્ટની એક વિખ્યાત પરિસંખ્યામયી ઉક્તિ છે. 'पुराणे वायु प्रलपितम्' (અર્થાત્ – વાયુજન્ય પ્રલપન પુરાણમાં હતું, અન્યત્ર કયાંય પણ વાયુજન્ય પ્રલાપ વાયુના પ્રભાવમાં બકજક કરવાનું ન હતું. ) આ નિઃસંદેહ 'વાયુપુરાણ' નાં અસ્તિત્વનું પરિચાયક છે. એટલું જ નહીં પરંતુ તે યુગમાં 'વાયુપુરાણ ' નું પ્રવચન પણ એક સામાન્ય વસ્તુ હતી. [૧૧૯] હર્ષચરિત(તૃતીય પરિ. ) માં બાણભટ્ટનાં મિત્ર પુસ્તકવાચક સુદૃષ્ટિએ ગીતવાદ્ય દ્વારા તેમનું મનોરંજન કર્યું, જેમાં પવમાન (વાયુ) પ્રોક્ત પુરાણનું પઠન પણ સંકિલિત હતું. આ પુરાણ વ્યાસમુનિ દ્વારા ગવાયેલ, અત્યન્ત વિસ્તૃત સંસારભરમાં વ્યાપક તેમજ પ્રભાવશાળી, પવમાન દ્વારા કહેવાયેલું હતું.

આ પ્રમાણે ' હર્ષચરિત ' થી અભિન્ન હતું. એ વાત ધ્યાન આપવાં યોગ્ય છે કે આર્યામાં પુરાણ ને માટે યોજાયેલ વિશેષણ શ્લેષનાં માહાત્મ્યથી 'હર્ષચરિત 'ની વિશેષતાનું પ્રતિપોષક છે. આ વર્ણન વાયુપુરાણની લોકપ્રિયતાનું પ્રમાણ પણ છે. જેથી એ પણ સિદ્ધ થાય છે કે વાયુપુરાણ સપ્તમ શતાબ્દીથી નિઃસંદેહ પ્રાચીનતર છે. મહાભારતમાં વાયુપ્રોક્ત, ઋષિઓ દ્વારા સંસ્તુત, પ્રશંસિત પુરાણનો સ્પષ્ટ ઉલ્લેખ છે, જેમાં અતીત (ભૂત ) તેમજ અનાગત (ભવિષ્ય ) થી સંબંધિત ચરિત્રોનું વર્ણન થયું છે. જેમકે –

एतते सर्वमाख्यातमतीतानागतं मया ।
वायुप्रोक्तमनुस्मृत्य पुराणमृषि संस्तुतम् ॥[१२०]

આ પદ્યમાં 'અતીતાનાગત ' પદથી તાત્પર્ય તે રાજવંશાવલિઓથી છે, જે કલિપૂર્વ માં તેમજ ભવિષ્યમાં થનારી છે. ઉપલબ્ધ વાયુપુરાણમાં આ વંશાવલી માત્ર મળે છે એટલું જ નહીં , પરંતુ અન્ય પ્રાણીઓની વંશાવલિઓથી તદ્દન પ્રાચીનતમ પણ સ્વીકૃત થયેલ છે. 'શિવપુરાણ'માં તો આવી વંશાવલિઓનો ખૂબ જ અભાવ છે. તેથી મહાભારતનાં ઉક્ત શ્લોકનાં પ્રમાણ થી શિવપુરાણ કોઈપણ દૃષ્ટિએ ચતુર્થ મહાપુરાણનું સ્થાન મેળવી શકતું નથી.

પુરાણ લક્ષણની દૃષ્ટિએથી પણ વાયુપુરાણ એક તદ્દન સંપન્ન તેમજ પુષ્ટ પુરાણ

છે. જેમાં પુરાણનાં પાંચેય લક્ષણોની સત્તા વિદ્યમાન છે. આ પુરાણ નાં વિભિન્ન અધ્યાયોમાં સર્ગ, પ્રતિસર્ગ, મનવન્તર, વંશ તેમજ વંશાનુચરિત વિદ્યમાન છે. જ્યારે શિવપુરાણમાં તે અધિકાધિક સર્ગ જ મળે છે. રાજાઓ તેમજ ઋષિઓના વિષયમાં પ્રાચીન અનુવંશ, શ્લોક તેમજ ગાથાઓ વાયુપુરાણમાં પ્રત્યેક સ્થળે ઉપલબ્ધ થાય છે, શિવપુરાણમાં નહી. તે પણ પુરાણની પ્રાચીનતાનું નિઃસંદિગ્ધ પ્રમાણ છે. શિવપુરાણ ખૂબ જ વજનદાર પુરાણ છે, જેમાં શિવથી સંબંધિત વિવિધ કથાઓ, ચરિત્રો, પૂજાપદ્ધિઓ ,દીક્ષાઅનુષ્ઠાનોનું વિસ્તારપૂર્ણ વર્ણન છે. આ પુરાણની દ્વિતીય રૂદ્ર સંહિતા અવાન્તર સતી ખંડમાં દક્ષકન્યા સતીના ચરિત્રનું વ્યાપક વિવરણ (૪૩ અધ્યાય ) માં આપ્યું છે, જેમાં એક અધ્યાયમાં સીતાનું રૂપ ધારણ કરી જંગલમાં સતી દ્વારા– ભ્રમણ નિરત જાનકી વિયુક્ત રામચન્દ્રની પરીક્ષા લેવાનો પ્રસંગ છે. આ પ્રસંગ સંત તુલસીદાસ દ્વારા શ્રી રામ ચરિત માનસમાં પણ સ્થાન પામ્યો છે. તે પ્રમાણે પાર્વતી ખંડમાં પાર્વતીના જન્મ અને તપશ્ચર્યાનું વિવરણ પણ પર્યાપ્ત વિસ્તારથી આપ્યું છે. વાયવીય સંહિતામાં શૈવતન્ત્રથી સંબંધિત ઉપાસના પદ્ધિતનું જ માત્ર વિશદ વર્ણન નથી આપ્યું, પરંતુ શૈવદર્શનના સિદ્ધાંતોનું પણ વિવરણ તાંત્રિકતાની પૂર્ણ છાપ બતાવી રહ્યું છે. ' શિવપુરાણ'નું આ સ્વરૂપ અનૂમણિકા દ્વારા પ્રતિપાદિત વાયુપ્રોક્ત પુરાણના સ્વરૂપથી તદ્દન ભિન્ન છે. ગયા તેમજ રેવાના મહાત્મ્ય પૂરક અંશો પણ સર્વથા અનુપસ્થિત છે. એટલું જ નહીં , આનો અર્વિભાવ કાળ પણ વાયુપુરાણનાં પૂર્વોક્તકાળની અપેક્ષા ખૂબ જ અર્વાચીન અને તે પછીનો છે.

આમ ઉપરોક્ત દરેક દૃષ્ટિકોણથી વાયુપુરાણ જ શિવપુરાણથી પ્રાચીન છે. વાયુપુરાણ માં જ લક્ષણ સંગતિ છે અને વાયુપુરાણ જ મહાપુરાણનું સ્થાન પ્રાપ્ત કરે છે. જ્યારે અન્ય તમામ પુરાણોની સરખામણીમાં પણ પ્રાચીનતમ પુરાણમાં વાયુપુરાણ ની ગણના થતી હોવાથી વધુ વિશ્વસનીય અને વધારે પ્રમાણિક પુરાણ પણ વાયુપુરાણ જ છે. સંક્ષેપમાં કહીએ તો વાયુપુરાણ બધાંજ પુરાણોમાં દરેક દૃષ્ટિકોણ થી જોતાં શ્રેષ્ઠતમ પુરાણ છે.

# પાદટીપ

૧. વાયુપુરાણ ૧૦૯/ ૨૭

૨. વાયુપુરાણ ૩૨/૬૬–૬૭

૩. *शिवपुराण – वायवीयसंहिता १/२/८८*

૪. *हाजरा : पौराणिक रेकार्डस् आन हिन्दु राइट्स एन्ड कस्टम्स.*

૫. *भ्रमतो धर्मचक्रस्य यत्र नेमिरशीर्यत ।*
*कर्मणा तेन विख्यातं नैमिषं मुनिपूजितम् ॥*

૬. હસ્તલેખની પુષ્પિકા :–
*इति श्री महापुराणवायुप्रोक्ते द्वादशसाहस्र्यां संहितायां ब्रह्माण्डावर्त समाप्तम्। समाप्तम् वायुपुराण पुर्वार्धम् । अतः परं रेवा माहात्म्यं भविष्यति ॥*

૭. *डो. पुसालकर–स्टडीज इन दि एपिक्स एण्ड पुराणाज्*
*पृ.३८, बम्बई–१९५५*

૮. *'पुराणम्'*
કાશીરાજ ન્યાસથી પ્રકાશિત
વર્ષ–૨, જુલાઈ ૧૯૬૦, પૃ. ૨૨૯–૨૩૦

૯. *कैलाश संहिता १६/४४–४६*

૧૦. *कल्लटाद्याः सिद्धा भुवमवातरन् ।*

૧૧. *शिवसूत्र वार्तिक का उपोद्घात श्लोक – ४ एवं ९*

૧૨. *महामाहेश्वरश्रीमत् क्षेमराज मुखोद्गताम् ॥ ४ ॥*
*अनुसृत्यैव सद्वृत्ति मञ्जसा क्रियते मया ।*
*वातिकं शिवसूत्राणां वाक्यैरेव तदीरितैः ॥ ५ ॥* – વાર્તિકનો આરંભ

૧૩. *पुराण विमर्श–पृष्ठ. १५२*

૧૪. *वायुपुराण –११/२६७*

૧૫. *भविष्य महापुराण १/२/४–५, ४/२/११*

विष्णुपुराण –३/६/२४, अग्निपुराण –१/१४

मत्स्यपुराण –५३/६४, ब्रह्मवैवर्त पुराण –१३३/६

मार्कण्डेयपुराण –१३४/१३, स्कन्दपुराण, प्र.ख. –२/८४

देवीभागवत –१/२/१८, कूर्म पुराण पू. –१/१४

शिवपुराण वा.सं –१/४१, ब्रह्माण्डपुराण प्र.–१/३८

वराहपुराण –२/४

१६. नारदपुराण –१/१००

मत्स्यपुराण –५३/३१

अग्निपुराण –२७२/१२

१७. भविष्यमेतदृषिणा लक्षार्ध संख्यया कृतम् ।।

भविष्यमहापुराण– १/१/१०५

१८. भवन्ति द्विजशार्दूल श्रुतानि भुवनत्रये ।

विशेषतश्चतर्थस्य वर्णस्य द्विजसत्तम ।।

ब्राह्मणादिषु वर्णेषु त्रिषु वेदा प्रकल्पिता : ।

मन्वादीनि च शास्त्राणि तथांगानि समन्तत : ।।

शुद्राश्चैव भृशं दीनाः प्रतिभान्ति द्विजप्रभो ।

धर्मार्थकाम मोक्षस्य शक्ताः स्यरवने कथम् ।।

भविष्यपुराण– १/१/४८–५१

१९. वेदाध्ययनमप्येतद् ब्राह्मण्यं प्रतिपद्यते ।

विप्रवद्वैश्य राजनयौ राक्षसा रावणादयः ।।

श्वादचाणडालदासाश्च लुब्धकाभीर धीवराः ।

येऽन्येऽपि वृषलाः केचित्तेऽपि वेदानधीयते ।।

शूद्रादेशान्तरं गत्वा ब्राह्मण्यं क्षत्रियं श्रिताः ।।

भविष्यपुराण – १/४१/१–३

२०. वेदानधीत्य वेदौ वा वेदं वापि यथाक्रमम् ।

*प्रोद्वहंति शुभां कन्यां शुद्धब्राह्मणजां नरा ः ॥*

*अथवाधीत्य वेदांस्तु क्षत्रवैश्येस्तु वा नराः ।*

*गौडपुर्वा कृतामेयुर्जातिं वा दाक्षिणात्यजाम् ॥*

*भविष्य पुराण – १/४१/४–७*

૨૧. *अग्निहोत्रं तपः सत्यं वेदानां चानुपालनम् ।*

*आस्तिक्यं वैश्वदेवं च इष्टिमित्यभिधीयते ॥*

*वापी कूपतडागादि देवतायतनानि च ।*

*अन्नप्रदानमारामाः पूर्तमित्यभिधीयते ॥*

*–मलमासतत्व–उद्‌धृत जातुकर्ण्य वचन*

ઉપરોકત વચનો – મનુસ્મૃતિ (૪/૨૨૭) નાં મેધાતિથિ, કુલ્લુક આદિની વ્યાખ્યાઓ તેમજ અત્રિસ્મૃતિ(૪૩–૪૪) લઘુશંખ સ્મૃતિ (૪–૫) લિખિત સ્મૃતિ (૫–૬), માર્ક.પુ. (૧૮/૬–૭), અગ્નિ પુ.(૧૦૯/૨–૩) આદિમાં પણ પ્રાપ્ત થાય છે. ઋગ્વેદ (૧૦/૧૪/૮, ૧૦/૧૧/૧૨) છાન્દોગ્યોપનિષદ (૫/૧૦/૩), વશિષ્ઠ ધ.(૩) વિષ્ણુ ધ. (૯૧–૯૨) તેમજ યાજ્ઞવલ્કય સ્મૃતિ આદિમાં પણ ઈષ્ટાપૂર્તિની વ્યાખ્યા આ જ શ્લોકોમાં થઈ છે.

૨૨. વાજસનેયી સં. (૧૫/૧૪), તૈ.સં. (૪/૭/૩), કા.સં. (૧૮/૧૮), કપિ. સં. (૨૯/૬), કાણ્વ. સં. (૧૬/૭૭,૨૦/૩૧), મૈ.સં. (૭/૧૨,૪/૨૨), અથર્વ. (૨/૧૨/૪, ૩/૧૨૮, ૬/૧૨૩/૨, ૧૮/૧૨/૫૭) ઋ. (૧૦/૧૪/૮), પૈ. સં. (૨/૫/૪), માં પણ ઈષ્ટાપૂર્તનો ઉલ્લેખ છે.

૨૩. *बह्वृच्परिशिष्ट –अध्याय –४, खंड – १ से २१*

૨૪. *षड्विंशब्राह्मण – ६/१०/१–३*

૨૫. *अथर्वपरिशिष्ट – ७२/४–६*

૨૬. *ज्ञानसाध्यं तु यत्कर्म अन्तर्वेदीति कथ्यते ।*

*देवतास्थापनं पूजा बहिर्वेदिरुदाहृता ॥*

*भविष्यपुराण – २/१/९/१–२*

૨૭. દૃષ્ટવ્ય :

**મિરાશીનો શિલાલેખ,**

'A lower limit for the date fo the Devi mahatmya'

(Purana vo.1, no. 4 pp.181-186)

૨૮. આ બન્નેની તુલના માટે જોવું જોઈએ :–

*'पुराणम्'*

*(भाग–५, सं. १, जनवरी–१९६३, पृ. ९०–११३)*

૨૯. *नारदीय पुराण – (१) ९८/२*

*मत्स्यपुराण – ५३/२६*

૩૦. *भागवतमहापुराण – ४/१/४५*

૩૧. *पद्मपुराण/ उत्तरखण्ड– २३७/७५–९०*

*गुरुडपुराण – १/२२५/१–८*

માં મૃત્યુ અષ્ટક શ્લોક કથિત છે. જે ક્રમશ શિવ અને વિષ્ણુને માટે અભિહિત છે. બન્નેમાં ક્રમશઃ શિવ અને વિષ્ણુની આરાધનાથી માર્કન્ડેય દ્વારા મૃત્યુ પર વિજયનો ઉલ્લેખ છે.

*रुद्रं पशुपतिं स्थाणुं नीलकंठमुमापतिम् ।*
*नमामि शिरसा देवं किं नो मृत्युः करिष्यति ।।*

૩૨. *बृहद्व्रतधरः शान्तो जटिलो वल्कलाम्बरः ।*
*ब्रिभ्रत्कमण्डलुं दण्डमुपवीतं समेखलम् ।*
*कृष्णाजिनं साक्षसूत्रं कुशांश्च नियमर्द्धये ।*

–તદુપરાંત સૂર્યપુરાણમાં પણ કહેવાયુ છે કે–

*वामदेवश्च मैत्रेय मार्कण्डेय परीगया : ।*
*कृष्णाजिनोत्तरीयास्ते जटिला भस्मभूषिताः ।*
*रुद्रा इव महात्मानो वेदवेदाङ्गपारगाः ।।*

*–सूर्यपुराण २९/११–१२*

३३. शैव भागवतानां च वादार्थप्रतिषेधकम् ।
अस्मिन् क्षेत्रवरे पुण्ये निर्मले पुरुषोत्तमे ॥ ६४ ॥
शिवस्यायतनं देव करोमि परमं महत् ।
प्रतिष्ठेयं यथा तत्र तव स्थाने च शङ्करम् ॥ ६५ ॥
शिवे संस्थापिते विप्र मम स्थापनं भवेत् ।
नाऽऽवयोरन्तरं किञ्चिदेकभावौ द्विधा कृतौ ॥ ६६ ॥
ब्रह्मपुराण – अध्याय ५६

३४. पाण्डेय, डो.राजबली, हिन्दु धर्मकोश, पृ. ७०१,
उदाहरणार्थ– हरिवंशपुराण २१३/४७
ततो विभुः प्रवर वराहरूप धृक् वृषाकपिः प्रसभमथेकदंष्ट्रया ।

३५. आपो नारा इति प्रोक्ता मुनिभिस्तत्वदर्शिभिः ।
अयनं तस्य ताः पूर्व तेन नारायणः स्मृतः ॥
मार्कण्डेयपुराण – ४/४३

३६. स देवो भगवान् सर्व व्याप्य नारायणो विभुः ।
चतुर्द्धा संस्थितो ब्रह्मन्सगुणो निर्गुणस्तथा ॥
मार्कण्डेयपुराण – ४/४४

३७. मार्कण्डेय पुराण – ४/४५–४६

३८. द्वितीया पृथिवी मूर्ध्ना शेषाख्या धारयत्यधः ।
तामसी सा समाख्याता तिर्यक्त्वं समुपाश्रिता ॥
मार्क.पु. – ४/४८

३९. तृतीया कर्मकुरुते प्रजापालनतत्परा ।
सत्वोद्रिक्ता तु सा ज्ञेया धर्मसंस्थानकारिणी ॥
मार्क. पु. – ४/४९

४०. प्रद्युम्नेति च साख्याता रक्षाकर्मण्यवस्थिता ।
मार्क. पु. – ४/५७/२

૪૧. चतुर्थी जलमध्यस्था शेते पन्नगतभ्यगा ।
रजस्तस्या गुणः सर्ग सा करोति सदैव हि ॥
मार्क. पु. – ४/५०

૪૨. यः सात्वतां कामदृधोऽनिरुद्धो मनोमयं सत्वतुरीयतत्वम् ।
श्रीमद्भागवत – ३/१/३४

૪૩. अनादिसिद्धमेतद्धि पुरा प्रोक्तं स्वयंभुवा ।
मार्कण्डेयाय मुनये यतेऽस्माभिरुदाहृतम् ॥
मार्क. पु. – १३४/२(२)

૪૪. एवमुक्त्वा जैमिनेयं मार्कण्डेयो महामुनि ः ।
विसृज्य कोष्टुकि मुनिं चक्रे मध्याहिनकीं कियाम् ॥
मार्क. पु. – १३४–१

૪૫. अस्माभिश्च श्रुतं तस्माद्यत्ते प्रोक्तं महामुने ॥
मार्क. पु. – १३४–२

૪૬. मार्कण्डेय पुराण – १.२०.४.३.२४/१३४.४०–४२

૪૭. मार्कण्डेय पुराण – ४/२२

૪૮. मार्कण्डेय पुराण – १.२०–२२/ ४.१.२

૪૯. અગ્રવાલ, ડો. વી.એસ. પદ્મિની
'વિદ્યા ઓફ ધ માર્કન્ડેય પુરાણ', અંક–૧,અંક–૨, પૃષ્ઠ : ૧૮૮–૯૭

૫૦. मार्कण्डेय पुराण – ८/४१ (२)

૫૧. मार्कण्डेय पुराण – ८/२६२

૫૨. मार्कण्डेय पुराण – ५८/५–१९

૫૩. कन्धरस्य च सा वेश्म प्राप्तेच्छारूपधारिणी ।
मेनका तनयासुभ्रूः सौपर्ण रूपमाददे ॥
मार्कण्डेय पुराण – २/३०

૫૪. मार्कण्डेय पुराण – ६१/२–३

५५. मार्कण्डेय पुराण – ६१/१४–१७

५६. मार्कण्डेय पुराण – ६७.२१

५७. पुराण विमर्श, पृष्ठ – ३१४–१६

५८. मुण्डकोपनिषद् – १/२/४

५९. मार्कण्डेय पुराण – ९६/५२–५८

६०. मार्कण्डेय पुराण – ५/२५

६१. शततथ ब्राहमण – ६/१/१/२

६२. प्रश्नोपनिषद् – २/२/९

६३. दृष्टव्य : 'पुराणम्

वाभ्युम–१, अङ्क –२, पृ. १३९–४५

६४. श्रीमद्भगवद्गीता – १५/१६

६५. मार्कण्डेय पुराण – २१/३४/१

६६. भौमश्च परमाणवः, मार्क. पु. – २१/३४ (२)

६७. ततः क्षरत्यक्षरम्, ऋग्वेद –१/१६४/४२

६८. मार्कण्डेय पुराण – २१/३६–३८

६९. मार्कण्डेय पुराण – २१/३८ (२)

७०. 'वागेवाग्निः'

शततथ ब्राहमण – ३/२/२/१३

७१. मार्कण्डेय पुराण – २१/३९–४०

७२. "एकादशसाहस्त्रैः कथितो लिङ्गसम्भवः '

–लिङ्गपुराण – २/५

७३. दानसागर – पृ. ७/ श्लोक –६४

७४. तुलना कीजिए–

शिवपुराण की तृतीय संहिता का अध्याय – १२

७५. द्रष्टव्यः

'पुराणम् ' – द्वितीयभाग (१९६०)

पृष्ठ – ७६–८१ "लिङ्गपुराणस्य कालनिर्णयः " लेख

७६. सर्व मम कृते देव परितुष्टोऽसि मे यदि ।

त्वयिमे सुप्रतिष्ठा तु भक्तिर्भवतु शंकर ॥

लिंङ्गपुराण –पुर्वभाग – २२/१०

७७. लिङ्गपुराण – पुर्वभाग १२/२३

७८. नाम्नां सहस्रं रूद्रस्य ब्रह्मणा कथितं पुरा ।

तेन नाम्ना सहस्रेण स्तुत्वा तण्डिर्महेश्वरम् ॥

लिङ्गपुराण – पुर्वभाग – ६७/४९

७९. भूरापोग्निर्मरुद्व्योम भास्करो दीक्षितः शशी ।

भवस्य मूर्तय : प्रोक्ताः देवदेवस्य धीमतः ॥ ३ ॥

लिङ्गपुराण –उत्तरार्ध – १२/३–४

८०. लिङ्गपुराण –उतर भाग – १२/४७

८१. लिङ्गपुराण –उतर भाग – २६/७

८२. लिङ्गपुराण –उतर भाग – २६/२७

८३. वाराहपुराणम्

सम्पादकीयम्–चौखम्बा अमरभारती प्रकाशन

–वाराणसी, संस्करण–प्रथम १८९३

८४. पूर्वाक्तम्

८५. આ સમતા મટે દ્રષ્ટવ્ય,

श्री वराहपुराणं श्री रामानुजसम्प्रदायश्च ।

शीर्षक सुचिन्त संस्कृत लेख–पुराणम् ।।

चतुर्थ वर्ष (१९६.) , पृष्ठ। ३६० –३८३।

८६. માધવાચાર્યની જીવની જીવની માટે દ્દષ્ટવ્ય છે.

आचार्य सायण और माधव

हिन्दी साहित्य सम्मेलन, इलाहाबाद

૮૭. **આ બન્ને સંહિતાઓની વિસ્તૃત વિષયાનુક્રમણી માટે દષ્ટવવ્યઃ**

अष्टादशपुराणदर्पण – पृ. ३२१–३२७

૮૮. **આનાં સંક્ષિપ્ત પ્રતિપાદન માટે દષ્ટિવ્યઃ**

इतिहास पुराण का अनुशीलन

डॉ. रामशंकर मट्टाचार्य –

पृ. २३८–२४६

૮૯. Catalouge of Nepal Palm - leaf Mss. पृष्ठ – ५२

૯૦. हिस्ट्री आफ धर्मशास्त्र – 'काणे'

खण्ड–५, भाग – र, पृष्ठ – ८९९

૯૧. द्रष्टव्यः – Dr. Raghawan :

Gleanings from the Matsya Puran

(Puran Vol.-I to 80-88)

૯૨. मत्स्यपूराण – २/१२–१४

૯૩. गङ्गायमुनयोर्मध्ये यत् फलं प्राप्युयान्तरः ।

कावेरीसङ्गमे स्नात्वा तत् फलं तस्य जायते ।।  मत्स्यपुराण – १८८/१९

૯૪. **વિશેષ માહિતી માટે દષ્ટવ્ય :**

S. G. Kantawala

Home of the Matsya Purana in Purana

(Vol. III, No.I, Jan.1961) pp. 115-119.

૯૫. श्रीमद भगवदगीता –२ / ४७

૯૬. कूर्मपुराण (पूर्वाध अ. ३५/३७)

૯૭. कूर्मपुराण (अ. १/११)

૯૮. कूर्मपुराण (अ. १/३५)

૯૯. सूर्यो जलं मही वहिनर्वायुराकाशमेव च ।

रीक्षितो ब्राह्मणश्चन्द्रः इत्येता अष्टमूर्तयः ।। कूर्मपुराण – १०/२७

૧૦૦. वामनपुराण १२/४५

૧૦૧. ततो राजतति शब्दोऽस्यपृथिव्यां ञ्जनादभूत् वामन पुं. ४७/२४

**ની રઘુવંશ સાથે તુલના આ પ્રમાણે છે.**

राजा प्रकृति रञ्जनात् ।

राजा प्रजारञ्जन लब्ध–वर्णः परन्तवो नाम यथार्यनामा ।। – रघु. ६/२१

૧૦૨. **અહીં પણ વામનપુરાણ અને કાલિદાસના કુમારસમ્ભવની તુલના કરવી જોઈએ જેમકે –**

– तपसो वारयामास उमेत्येवाब्रवीच्च सा । – वामन, ४७/२४

– उमेति मात्रा तपसो निषिद्धा

पश्चादुमाख्यां सुमुखी जगाम ।। – कुमार – १/२६

૧૦૩. **વધારે સમાનતાઓ માટે નિમ્ન લિખિત ગ્રન્થ જોવો જોઈએ.**

पुराण (अ. १/११)

रामनगर दुर्ग, वाराणसी, वर्ष– ४ पृष्ठ–१८९–१९२

૧૦૪. દષ્ટવ્ઃ

श्री आनन्दस्वरूप गुप्त **નો લેખ**

on the adhyayas of the Vamana Purana

(Vol. V. 1963, pp. 360-366)

૧૦૫. शिवपुराण – उमासंहिता – ४४/१४३

૧૦૬. नारदपुराण – १/१०९/१–३

૧૦૭. ब्रह्माण्डपुराण २/१६/४२–४४

૧૦૮. दृष्टवा जनैरासाद्यो महाराजोधिराजवत् ।

ब्रह्माण्डपुराण – ३/२२/२८

૧૦૯. દષ્ટવ્ઃ

Date of the Brahmanda Purana by - S. N. Roy

Purana (Vol. V. No.2, July 1963, pp. 305-319)

૧૧૦. ब्रह्माण्डपुराण – १/८/५

૧૧૧. ब्रह्माण्डपुराण – १/८/९–१०

૧૧૨. ब्रह्माण्डपुराण – २/३४/२२

૧૧૩. ब्रह्माण्डपुराण – ३/४/५४

૧૧૪. वायुपुराण – ४५/७८–८१

૧૧૫. वायुपुराण – ४५/४५–५५

૧૧૬. वायुपुराण – ४२/५४

૧૧૭. अनुगङ्ग प्रयागं च साकेत मगधास्तधा ।

एतान् जनपदान् सर्वान् भोक्ष्यन्ते गुप्तवंशजाः ।। –वायुपुराण – ९९/३८३

૧૧૮. **વાયુપુરાણ તેમજ નિબન્ધગ્રન્થોનાં પરસ્પર સમ્બન્ધનાં વિષયમાં દષ્ટવ :**

Dr. Hazara, The Vayupuran in the Indian Historical Quaterly (Vol. 14/1963, pp. 331-339)

११८. पुस्तकवाचकः सुदृष्टिः गीत्या पवमान प्रोक्तं पुराणं पपाठ ।

तदपि मुमिगीतमतिपृथु तदपि जगद्व्यापि पावनं तदपि ।

११९. हर्षचरितादभिन्नं प्रतिभाति हि पुराणमिदम् ।

महाभारत १९१/९६

# પ્રકરણ – ૪

# સંસ્કૃત ગ્રન્થોમાં શિવનું સ્વરૂપ

## ૪.૧ પ્રસ્તાવના :

શિવનું સ્વરૂપ અનાદિ તેમજ  અલક્ષ્ય હોવાથી બધાં જ ગ્રંથો પોતપોતાની મર્યાદા અનુસાર શિવને વર્ણિત કરતાં હોય છે. સંસ્કૃતભાષા પણ ખૂબજ સમૃધ્ધ હોવાથી સંસ્કૃત સાહિત્યની તમામ શાખા પ્રશાખાઓમાં શિવતત્વ વર્ણિત થયાં વિના રહ્યું નથી. આ પરંપરાની શરૂઆત થાય છે વેદો થી, તેનો અન્ત આજ સુધી નથી થયો. આજે પણ અર્વાચીન સંસ્કૃત સાહિત્ય નાં લેખકો શિવતત્વને વર્ણિત કર્યા વિના રહી શકયા નથી. આ સંસ્કૃત ગ્રંથોની પરંપરા માં વેદો પછી મુખ્યત્વે બ્રાહ્મણ ગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, અને પ્રશિષ્ટ સાહિત્યનો મુખ્યત્વે સમાવેશ થાય છે.

યજુર્વેદમાં ભગવાન શંકરની સ્તુતિ કરતાં કહેવાયું છે કે ‘‘नमः शम्भवाय च मयो भवाय च नमः शंकराय च मयस्कराय च नमः शिवाय च शिवतराय च ।’’[1] અર્થાત્ શમ્ભુ, કલ્યાણકારી સુખ પ્રદાન કરનારા શિવને નમસ્કાર છે. આ મન્ત્રમાં સ્પસ્ટરૂપે શંભુ, શિવ, શંકર આદિ નામોથી શંકરની સ્તુતિ થઈ છે. આવી સ્થિતિઓમાં શિવજી બ્રહ્મથી સર્વથા અભિન્ન સિદ્ધ થાય છે. જેમાં જરા પણ સંદેહ નથી. આ પ્રમાણે જ અથર્વવેદમાં પણ કંઈક આ પ્રમાણે શિવની સ્તુતિ થઈ છે.

मुखाय ते पशुपते यानि चक्षूंषि ते भव ।

त्वचे रूपाय संदृशे प्रतीचीनाय ते नमः ॥

अङ्गेभ्यस्त उदाराय जिह्वाय आस्याय

ते दद्भ्यो गन्धाय ते नमः ॥[2]

આ પ્રમાણે વેદોથી શરૂ થઈ ઉપનિષદ્માં પણ આ પરંપરા શરૂ રહી. શિવને વિવિધ નામો વડે સંબોધિત કરાયાં. તેમજ શિવની સર્વવ્યાપ્તિ નું પ્રદર્શન કરતાં જણાવાયું છે કે –

सर्वानन शिवोग्रीवः सर्वभूतगुहाशयः ।

सर्वव्यापी स भगवांस्तस्मात् सर्वगतः शिवः ॥[3]

આમ ઉપનિષદો એ પણ શિવની સર્વ વ્યાપકતા સિદ્ધ કરી. અહીં આ સંશોધન ગ્રંથમાં તે તમામ સંસ્કૃત ગ્રંથોમાં વર્ણવાયેલ શિવતત્વને વધુ નિકટતા અને પારદર્શિતાથી જોવાનો પ્રયાસ થયો છે. જેથી શિવતત્વ સ્પસ્ટ થાય.

શિવભક્તિનું આ અનન્ત તેજ પુંજ સ્વયં પોતાનામાં પણ અનન્ત છે. તેથી જ મુનીઓએ કહ્યું – 'यतो वाचो निवर्तन्ते अप्राप्यमनसा सह' સાથે સાથે સદાશિવનાં આનન્ત્યને અવાંગમનસ ગોચર કહ્યું. ગોસ્વામી તુલસીદાસ જેવાં સાધક ભક્તો તેમજ કવિઓને માટે દુરારાધ્ય અને આશુતોષ જેવા વિરોધી ધર્મોનાં આ આશ્રયભૂત પરમેશ્વર છે. મહાકવિ કાલિદાસે પણ વિરુદ્ધ ધર્મોનાં આશ્રય મહાદેવને માનતાં લખ્યું કે –

'स भीमरूप : शिव इत्युदीर्यते

न सन्ति याथार्थ्यविद: पिनाकिन:'

આમ સદાશિવ ભારતીય વાઙ્મયમાં વૈદિક અને લૌકિક બન્ને ક્ષેત્રોમાં પરાત્પર બ્રહ્મ એવં પરમારાધ્ય છે. પૌરાણિક સાહિત્યમાં તો વૈદિક વિશેષણોનાં સારગર્ભિત રહસ્ય,રૂપક, આખ્યાયિકા તેમજ સ્તુતિપરક મન્ત્રો દ્વારા વિશદ રૂપે વિવેચન થયું છે. યજુર્વેદ સંહિતામાં ઘણાં બધાં અધ્યાયો શિવસ્તુતિ પરક છે. ત્યાં શિવનાં વિવિધ રૂપોનું ચિત્રણ અને લૌકિક પારલૌકિક અને પારમાર્થિક પરમ રક્ષકનાં રૂપમાં વર્ણન છે.

શિવનાં નિર્ગુણ–નિરાકાર,સગુણ–સાકાર, કોમલ,મૃદુલ અને સુંદર રૂપોનું પણ પ્રત્યેક સ્થળે સુંદર વર્ણન જોવા મળે છે. ભીમરૂપ (ભયંકર)નું વર્ણન પણ મળે છે. તેથી જ મહાકવિ કાલિદાસે વિશેષરૂપથી "भीमरूप:' અને 'शिवइत्युदीर्यते " કહીને બન્ને પરસ્પર વિરોધી તત્વોની તરફ ધ્યાન આકૃષ્ટ કર્યુ છે. દાર્શનિક ભાષામાં પણ બુદ્ધિથી અગમ્ય પરમતત્વ 'સત્ય', કર્મ જગતનાં આદર્શભૂત 'શિવ', તેમજ ઈન્દ્રિયગ્રાહ્ય અને અતીન્દ્રિય વિષયનાં અસીમ 'સુન્દર' આ ત્રણે દાર્શનિક સરણીઓ તર્કન્યાય, કર્મયોગનું પરમ કલ્યાણ (પરમ શિવ) અને સૌન્દર્યશાસ્ત્ર નું આદર્શ સુન્દર, દર્શન શાસ્ત્રનું સર્વવિદ્ આદર્શ સદાશિવ સાક્ષાત્ પરબ્રહ્મ, અથવા પરમતત્વ છે. આ તત્વને સંક્ષેપમાં દર્શનશાસ્ત્ર (Philosophy ) નાં ત્રણ મહાન આદર્શ – सत्यम् शिवम् सुन्दरम्. (The truth The good and The beauty) રૂપમાં કહેવાયું છે.

લૌકિક પારંપરિક જગતમાં શિવને તમોગુણના અધિષ્ઠાતૃદેવ તેમજ સંહારશક્તિનાં નિયામક મનાય છે. આ સંહાર સામગ્રી ભૂત, પ્રેત, સર્પ, વીંછી, કૂતરાઓ આદિ પૌરાણિક શિવના અંગો છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય તત્વોની સંહારપરક્તા તેમજ રૂપ ભયંકરતાના પ્રતિપાદન માં યોગદાન છે. બળદની સવારી પણ આ પરિકરનો એક અંશ માની શકાય. પરંતુ વૃષનો મુખ્ય અર્થ તમામ મંગલકામનાઓનો આવશ્યક ધર્મ મનાયેલ છે. આનું રૂપ પણ ભયંકર નથી. શિર પણ જટામુકુટ, બીજના ચંદ્રનું આભૂષણ, મસ્તકમાં તૃતીયનેત્ર અને નાગરૂપી યજ્ઞોપવિત, ગળે, કાનમાં, કાંડામાં પગમાં અને કમરમાં સર્પમાલા આભૂષણ, આ બધીજ વસ્તુઓ સૌન્દર્ય અને ભીષણતાથી મિશ્રિત પ્રતીકો છે. કવિઓ દ્વારા વર્ણિત શિવ–પાર્વતી વિવાહ માં શિવનો આ શ્રૃંગાર મનોવિનોદ હાસ્ય તેમજ શ્રૃંગાર, ભયાનક આદિ રસોનું રૂચિકર સંમિશ્રણ છે. આવાં અનેક કારણોથી શિવ મનુષ્યો, પશુઓ, પક્ષિઓ, દેવ, દાનવ આદિનાં સંયુક્ત ઉપાસ્ય પ્રતીક છે.

ભારતીય અને હિન્દુ સાહિત્ય ઉપરાંત વિદેશોમાં અને અનાર્ય સંસ્કૃતિઓમાં પણ શિવના રૂપોનો સ્વીકાર થયો છે. ઈજિપ્તનાં અને શિવ સ્પિંગ્સ ( Sphynx) સદાશિવનાં નન્દી છે. (Count Jons Zenna)કાઉન્ટ જોન્સ જન્નાએ ઈજિપ્તમાં નીલ નદીનાં કિનારે શિવલિંગ અને શિવમંદિરોનું ભરપૂર વર્ણન કર્યુ છે. જેમકે –

"There is abounadance of the temples of amon on the banks of Nile as in Egypt as there is abundance of the Temples of Shiva on the banks of Ganges in India."

રોમન સંસ્કૃતિમાં પણ ઈટલીથી ઉપર આલ્પ્સ(Alps)પર્વમાળાઓને કૈલાસનું રૂપાંતરણ સ્વીકારાયેલ છે. જ્યાંથી ઈન્દ્રાદિ દેવો વ્રજનાં રૂપમાં વિજળીઓ પૃથ્વીપર ફેંકે છે. આમ વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિઓમાં ફાલ્સ વરશિપ ( phallus worship) સૌથી પ્રાચીન મનાઈ છે. ઉપનિષદોમાં પણ દેવાસુર સંગ્રામ પછી દેવતાઓમાં અહંભાવ પ્રગટ થયો અને 'મે યુદ્ધ જીતી લીધું છે' તેવી ભાવના પ્રાયઃ પ્રત્યેક દેવતાઓમાં ઉત્પન્ન થઈ. તે સમયે ભગવાન્ એક યક્ષનાં રૂપમાં પ્રગટ થયાં, જેને જોઈને દેવતાઓમાં કુતૂહલ થયું કે – 'આ યક્ષ કોણ છે?' સૌ પ્રથમ અગ્નિને કહેવાયુ કે – 'તપાસ કરો કે યક્ષ કોણ છે? અગ્નિએ જઈને પૂછયું કે આપ કોણ છો ? ઉત્તરમાં યક્ષે પણ પૂછયું કે '

તમે કોણ છો? 'અગ્નિએ કહ્યું – 'હું અગ્નિ અને જાતવેદ છું. ત્યારે યક્ષે પૂછ્યું કે –' આપ અગ્નિમાં શું શક્તિ છે?' અગ્નિ એ ઉત્તર આપ્યો– 'પૃથ્વીમાં જે કંઈ પણ છે તેને સળ ગાવીને રાખ કરી શકું છું .' ત્યારે યક્ષે એક તણખલું રાખ્યું અને કહ્યું – આને સળગાવી દો' અગ્નિએ પોતાની તમામ શક્તિનો ઉપયોગ કર્યો, પરંતુ તે તણખલાને ન સળગાવી શક્યો. અગ્નિ ત્યાંથી હારીને પાછાં ફર્યા. ત્યારબાદ વાયુથી કહેવાયુ કે –'તમે ખબર મેળવો કે આ યક્ષ  કોણ છે? ' વાયુદેવ ત્યાં ગયા અને પૂછ્યું  કે આપ કોણ છો? યક્ષે સામે પૂછ્યું – વાયુએ પોતાનો પરિચય આપતાં કહ્યું કે –હું વાયુ છું, ખુલ્લા આકાશમાં ચાલુ છું. મારું નામ માતરિશ્વા છે.' આપની અંદર શું તાકાત છે? તેવું યક્ષે પૂછ્યું,  જવાબમાં વાયુએ કહ્યું કેપૃથ્વી પર જે કાંઈ છે તેને ઉડાવી શકું છું.' યક્ષે તેની સામે પણ તૃણ રાખ્યું અને કહ્યું કે આને ઉડાવો. વાયુએ પોતાની તમામ શક્તિઓ કામે લગાડી પરંતુ તે તણખલું જરા પણ ન ખસ્યું. વાયુ પણ  હારીને પાછા ફર્યા. અંતે દેવરાજ ઈન્દ્રને બધાં જ દેવતાઓ એ કહ્યું કે આપ જ હવે  જાઓ અને જાણો કે તે યક્ષ છે કોણ?

ઈન્દ્ર સાવધાની પૂર્વક હું દેવરાજ છું એવી ભાવના સાથે યક્ષની પાસે ગયાં, પરંતુ યક્ષ અદશ્ય થઈ ગયાં, ઈન્દ્રને ખૂબ જ દુઃખ થયુ કે મારી સાથે સંવાદ પણ ન થયો. તે સમયે જ આકાશમાં એક શક્તિ ''હૈમવતી ઉમા'' નાં દર્શન થયા. તેમણે કહ્યું ''બ્રહ્મને કારણે તમારો વિજય થયો છે, બ્રહ્મનાં વિજયમાં જ તમારી મહિમાં છે.'' ઉપનિષદ્નાં આ યક્ષ સદાશિવ છે, આ જ પરાત્પર પૂર્ણ થી પૂર્ણતર અને શિવથી  શિવતર પરબ્રહ્મ સદાશિવ છે. આનું સ્વરૂપ અનન્ત છે, તેજોમય છે, અને શ્રુતિએ આને 'અણોરણીયાન્ મહતોમહીયાન્ ' કહીને સંબોધેલ છે. પ્રત્યેક જીવાણુંમાં પ્રવેશ કરી રહેનારા શિવ સૂક્ષ્મથી સૂક્ષ્મત્તર છે,અનન્ત બ્રહ્માંડોની પરિધિઓ  પોતાનામાં પરમાણુંની જેમ લીન કરનારાં સદાશિવ મહતોમહીયાન્ છે. પ્રકૃતિનાં મહત્તત્વની શરૂઆત હજું નથી થઈ. મહાકામેશ્વર સદાશિવે પોતાની સૃષ્ટિ બનાવવાની ઈચ્છાનું બીજ  નથી છોડયું. આ 'एकोऽहं बहुस्याम' ની પૂર્વની સ્થિતિ છે. પરમશિવનાં પરમ રૂપમાં પરાત્પર તત્વ છે, જ્યાં અનન્ત તત્વની સમજ સાધારણ જીવ તો શું માર્કન્ડેય અને કાકભુશુંડિ ને પણ નથી.

'यत्र बिन्दुर्भवेत् सिन्धुः'  ની કલ્પના સામાન્ય સાધકનાં મનમાં કઈ રીતે આવે? તેથી જ પરમ સિદ્ધાંતોએ એક સ્વરથી ઘોષણા કરી કે ' न सन्तियाथार्थ्यविदः पिनाकिनः

’ શિવની અનન્ત નામાવલિમાંથી થોડુંક સંસ્મરણ ઋક્ ,યજુ, સામ, અથર્વ, બધી જ સ્મૃતિઓએ મુક્ત કંઠે કર્યું છે. ભગવાન વેદ વ્યાસે શિવ, સ્કંદ, અગ્નિ, વાયુ આદિ પુરાણોમાં અતિ વિસ્તાપૂર્વક આનન્ત્યને સ્પર્શવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ ભગવતી ઉમાએ અનન્તને રોકીને વ્યાસના મુખે ‘शिवस्यार्ध प्रदक्षिणा’ નું પ્રતિપાદન કરી અનન્તતાને ચરિતાર્થ કરેલ છે. રાવણ, બાણાસુર આદિ રાક્ષસ તેમજ દૈત્ય મહામહાનુભાવોએ શિવનાં દ્વાર પર અનન્ત ઋદ્ધિ, અનન્તાનન્ત ઐશ્વર્ય અને અનન્ત સિદ્ધિનું આસ્વાદન કર્યું. જેનું પ્રદર્શન શિવતાંડવ આદિ સ્તુતિઓમાં થયું છે. અનન્ત શિવની અનન્ત શક્તિઓનું સામરસ્ય ત્રૈપુર સિદ્ધાંતમાં રસાસ્વાદન કોટિમાં આવ્યું છે.

चतुष्षष्ट्या तन्त्रैः सकलमभिसंधाय भुवनं

पुनस्तत्तत्सिद्धिप्रसवपरतन्त्रः पशुपतिः ।

पुनस्त्वन्निर्बन्धादखिलपुरुषार्थैकघटना

स्वतन्त्रं ते तन्त्रं क्षितितलमवातीतरदिदम् ॥[૪]

વેદ, પુરાણ, તન્ત્ર આદિમાં સિદ્ધ, સાધક, દેવતા, દાનવરૂપ, કુરૂપ, સુન્દર, અસુન્દર, આનન્દકર, ભયંકર આદિ બધીજ શ્રેણીઓમાં શંકરનું સામાન્ય એકરૂપ, એકરસ, સામરસ્ય છે. શંકર સિવાય કોઈ પણ દેવતા દાનવ સારાં ,સુખમય અંશો, સ્વરૂપોનાં પક્ષપાતી છે. શંકર જ માત્ર એક એવાં મહાદેવ છે, જેની પાસે સુખ–દુઃખ, પાપ–પુણ્ય, સ્વર્ગ–નરક, દેવતા–દૈત્ય, પુષ્પ અને કંટકનું સમાનરૂપે સર્વાશ્રય છે. તેથી આ શિવ જ પરબ્રહ્મ, સર્વવ્યાપી, સર્વહિતૈષી તેમજ સર્વાશ્રય છે.

શંકરના દ્વાર પરથી કોઈ નિરાશ પાછું નથી ફર્યું. ત્યાં સુધી કે શંકરને ભસ્મીભૂત કરવાની ઈચ્છા રાખનાર ભસ્માસુર પણ પોતાની કામના અર્થાત્ શિવને ભસ્મ કરવાની દુર્બુદ્ધિ શક્તિ પ્રાપ્ત કરી શક્યો. ભલે પછી શંકર નારાયણનાં રૂપમાં તે દુર્બુદ્ધિની વાસ્તવિક ચિકિત્સા કરવામાં સફળ રહ્યાં હોય. અન્ય દેવોને પ્રસન્ન કરવામાં થોડો પરિશ્રમ ભલે કરવો પડે, પરંતુ સ્વતઃ સિદ્ધ આશુતોષ શંકર તો માત્ર પત્ર, પુષ્પ, ફળ, જલ કશાંની જ ભાવના નથી કરતાં. આશુતોષ ભક્તની ભાવનાથી શીઘ્ર તેની અનુકૂળ થઈ, પોતાનું સર્વસ્વ આપી દે છે. જીવ–શિવ સદાશિવનાં સાન્નિધ્યથી પરમ શિવ, પરાત્પર શિવ અને સર્વથા

શિવાભિમાન થઈ જાય છે. આ જ તેનું પરમ શિવ પરમકલ્યાણ છે.[૫] જેમ પુષ્પદન્તે કહ્યું કે –

इत्येषा वाङ्मयी पूजा श्रीमच्छंकरपादयोः ।

अर्पिता तेन मे देवः प्रीयतां मे सदाशिवः ॥

માત્ર વાઙ્મયી પૂજાથી પણ શિવ પ્રાપ્ત થાય છે. તદુપરાંત 'सत्यम् शिवम् सुन्दरम्' શંકરજીનું આ સુન્દર નામ પણ બ્રહ્મનાં સ્વરૂપ લક્ષણ 'सत्यम्, ज्ञानम्, आनन्दम्, ब्रह्म' નું જ પ્રતીક છે. માંડૂક્યોપનિષદ્ (મન્ત્ર–૭)માં સ્પષ્ટ લખ્યું છે કે 'शिवमद्वैतं चतुर्थं मन्यन्ते'[૬] 'ચતુર્થમ્' તુરીય, અમાત્ર બ્રહ્મનું વાચક છે. 'બ્રહ્મ' નિર્ગુણ નિરાકાર છે. માયાની ઉપાધિથી સગુણ નિરાકાર તેમજ સગુણ સાકાર સ્વરૂપમાં પણ ઉપલબ્ધ થાય છે. ભગવાન શિવનું મંગલરૂપ નિરાકાર તેમજ મૂર્તિરૂપ શંકરનું બોધક છે. વાસ્તવમાં બન્ને રૂપો બ્રહ્મથી અભિન્ન છે.

સનાતન ધર્મમાં આદિદેવ વિષ્ણુ, બ્રહ્મા,અને મહેશ છે. જેમાં વિષ્ણુ સત્વગુણ પ્રધાન તરીકે પ્રખ્યાત છે, બ્રહ્માજી રજોગુણ પ્રધાન તરીકે અને શંકર તમોગુણ પ્રધાન તરીકે પ્રખ્યાત છે. તમોગુણથી ભ્રાન્તિવશાત્ ખૂબ જ કુચર્ચા છે. ક્ષણિક વિચાર કરીને જોઈએ તો તમોગુણ અન્ય ગુણોનો અધિષ્ઠાન સિદ્ધ થાય છે. તે આધાર વગર પ્રકાશક સત્વગુણ અને પ્રિયાત્મક રજોગુણ પોતાનાં કાર્યોમાં તે રીતે સ્થિર અને અસફળ થઈ જશે, જેમ તમોગુણ વગર નિંદ્રા અને વિશ્રામ થઈ જાય. જાગ્રત અને સ્વપ્ન પોતપોતાનાં કામમાં અસફળ રહેશે અને અન્ધકાર વગર પ્રકાશ તત્વનું સ્થિર સ્થિતિનો ચલિત સ્થિતિ વગર અનુભવ જ નહીં થાય. ઉપાસકની દૃષ્ટિથી શિવને તમોગુણનાં દેવતા કહેવાનો તાત્પર્ય એ કે, જે તેઓ એટલા દયાળુ છે કે જે, દોષ અને અપવિત્રતાથી સાધારણતઃ ઘૃણા કરવામાં આવે છે, તે બાજુ શિવ ધ્યાન જ નથી આપતા. ભક્તોનાં લેશમાત્ર સેવાભાવથી જ સંતુષ્ટ થઈ શિવ– ધર્મ ,અર્થ, કામ અને મોક્ષ બધું જ પ્રદાન કરે છે. તેઓ પોતે એટલા વિરક્ત છે કે સમસ્ત દૃશ્યમાન વસ્તુઓને તુચ્છ સમજે છે. આવાં સ્વભાવને લીધે જ તેઓએ સમુદ્રમંથનનાં સમયે નિકળેલ 'હળાહળ વિષ' નું પાન કર્યુ, અને અન્ય રત્નો માંથી કોઈ પણ રત્નની પ્રાપ્તિની અભિલાષા પણ નથી રાખી. આ ગુણોને કારણે જ રાવણ તેમજ

ભસ્માસુર આદિને પણ વિચાર્યા વગર જ અનેક વરદાનો આપી દીધાં.

એક એવી કથા આવે છે કે એક ચોર હતો. તે કોઈ શિવમંદિરમાં ઘંટ ચોરવા ગયો . ઘંટ સુધી હાથ ન પહોંચી શકવાને લીધે તે શિવલિંગ ઉપર જ ચઢી ગયો. શંકરજીએ માન્યું કે અન્ય લોકો તો મારા પર થોડી થોડી વસ્તુઓ ચડાવે છે, પરંતુ આણે તો પોતાને ચઢાવી દીધો, તેથી પ્રગટ થઈ ગયાં અને ચોરનું કલ્યાણ કર્યુ. પોતાની આવી મહાનતાને કારણે જ શંકર મહાદેવ કહેવાય છે. જ્યારે અન્ય દેવતાઓ માત્ર દેવ કહેવાય છે.

ભગવાન શંકર જ્ઞાન,યોગ, વૈરાગ્ય,ભક્તિનાં ભંડાર જ નહીં, પરંતુ આગમ, તંત્ર, મંત્ર,યંત્ર,નૃત્ય, વાદ્ય, સંગીત, વ્યાકરણ આદિ સમસ્ત કલાઓના અને વિદ્યાઓનાં પણ આદિ આચાર્ય છે. તેનું વાસ્તવિક સ્વરૂપ અત્યન્ત સૌમ્ય અને શાન્તિદાયક છે. ' कपूर्रगौरं कुरूणावतारम्' તેમના ૂધિની લીલા જગતનાં કલ્યાણ માટે જ સમય સમય પર પ્રગટ થાય છે. જેમકે કામદેવનો સંહાર અને પ્રલય એવં મહાપ્રલય. તેથી જ શંકરનું રૂપ પણ વિરુદ્ધ ધર્માશ્રય છે. એક બાજુ જ્યાં શિર પર પતિતપાવની ગંગાજી એવં શીતલ ચંદ્રમાં છે, ત્યાં જ બીજી બાજુએ ગળામાં ભયંકર સર્પ એવં હાથોમાં ત્રિશૂળ તેમજ બ્રહ્મરૂપી ડમરૂ પણ છે. પાર્વતીના વિવાહ અવસર પર જાનમાં શિવજીના ભયંકર અને સૌમ્ય એમ બન્ને રૂપોનાં દર્શન થયાં. શાસ્ત્રોમાં જ્યાં ક્યાંય પણ 'ઈશ્વર' અથવા 'ઈશ' શબ્દ વિશેષણ વગર આવે તો તેનો અર્થ 'શંકર ' જ થાય છે. એવું કહેવાય છે કે જ્યારે શંકર પાર્વતીનાં વિવાહ થયાં, ત્યારે શાખા ઉચ્ચારનાં સમયે નામ પૂછવામાં આવ્યું, વરનું નામ શિવ કહેવાયું. પિતાનું નામ પૂછતાં કહ્યું કે તેના પિતા હું 'બ્રહ્મા ' છું. પિતામહ નું નામ બ્રહ્માએ વિષ્ણુ કહ્યું. ત્યાર પછી પ્રપિતામહનું નામ પૂછવામાં આવ્યું. સભામાં બધાં જ મૌન રહ્યાં. અન્તમાં મૌનભંગ કરતાં શંકરજી સ્વયં બોલ્યા કે બધાનો પ્રપિતામહ તો હું પોતે જ છું. ઢદ્રહૃદય ઉપનિષદ્‌માં લખ્યું છે કે, વિષ્ણુ કાર્ય, બ્રહ્મા ૂયિા અને મહેશ્વર કારણ છે. વાસ્તવમાં ત્રણે એક જ છે.

कार्यं विष्णुः क्रिया ब्रह्मा कारणं तु महेश्वरः ।

प्रयोजनार्थं रूद्रेण मूर्तिरेका त्रिधा कृता ॥[७]

વિષ્ણુ કાર્ય છે, બ્રહ્મ ૂયિા છે, મહેશ્વર કારણ છે. પ્રયોજનનાં અર્થને માટે ઢદ્રએ

એક મૂર્તિ ત્રણ પ્રકારની કરી લીધી છે. આ પ્રસંગમાં એ વાત સ્મરણીય છે કે રામે લંકાની યાત્રા પૂર્વે એક શિવલિંગની સ્થાપના કરી , જેનું નામ ‘રામેશ્વર’ રખાયું અને તેનું પૂજન થયું. તે સમયે પ્રશ્ન થયો કે રામેશ્વર પદમાં ક્યો સમાસ છે? ભગવાન રામે કહ્યું ષષ્ઠી તત્પુરુષ જેનો અર્થ થાય છે – રામનાં ઈશ્વર. ત્યારે ભગવાન શંકરે કહ્યું કે નહીં, અહીં બહુવ્રીહિ સમાસ છે. અર્થાત્ રામ છે જેના ઈશ્વર તે. ત્યારે બ્રહ્માજીએ બન્નેથી ભિન્ન પોતાનો મત આપતા કહ્યું કે સમાસ આ બન્ને થી ભિન્ન છે. અહીં માત્ર કર્મધારય સમાસ છે. અર્થાત્ બન્ને સમાન છે. આ પ્રમાણે શિવ કલ્યાણકારી તત્વનું નામ છે. શિવનું મહત્વ તો એટલું છે કે શિવનું ધામ કાશી, અને કાશીનું સેવન કરવાથી કાશીમાં મૃત્યુ પામવાથી પણ મનુષ્યને મોક્ષ પ્રાપ્ત થાય છે. તુલસીદાસે લખ્યું છે કે

मुक्ति जन्म महि जानि ग्यान खानि अघ हानि कर ।

जहँ बस संभु भवानि सो कासी सेइअ कस न ॥[૮]

આવા દેવાધિદેવ શિવના વિભિન્ન સ્વરૂપોનાં વર્ણનો સંહિતાઓમાં,બ્રાહ્મણ ગ્રંથોમાં, આરણ્યકો તેમજ ઉપનિષદોમાં, રામાયણ–મહાભારત અને તમામ પ્રશિષ્ટ સાહિત્યમાં મનિષિઓએ કર્યા છે. શિવને વિવિધ ઉપાધિઓ પણ અપાઈ છે. કેટલીએ સૂક્તિઓ શિવજી ને માટે પ્રયોજાઈ છે. જેમકે –ज्ञानमिच्छेन्महेश्वरात्

–अभिषेक प्रियः शिवः

–वैष्णवानां यथा शम्भुः

–ईशान : सर्वविद्यानामीश्वरः

આદિ અનેકવિધ રીતે શિવતત્વને નિરૂપિત કરવાનો પ્રયાસ સંસ્કૃત વાઙ્મયમાં થયો છે. અહીં સોપાનબદ્ધ રીતે ક્રમશઃ જોઈએ કે કોણ શિવને, શિવતત્વને, કેટલા અંશે વર્ણિત કરી શકયું છે.

## ૪.૨ સંહિતાઓમાં શિવનું સ્વરૂપ

જ્યારથી આ પૃથ્વી પર સંસ્કૃતિ અસ્તિત્વમાં આવી, ત્યારથી જ મનુષ્ય કોઈને કોઈ દીવ્ય, અલૌકિક શક્તિ ઉપર વિશ્વાસ રાખતો આવ્યો છે. ભારતીય સંસ્કૃતિ અતિ પ્રાચીન છે. ભારતીય સંસ્કૃત સાહિત્ય પણ તદ્નુસાર ખૂબ જ પ્રાચીનતમ છે. આ સંપૂર્ણ સાહિત્યમાં સૌથી પ્રાચીન સાહિત્ય અર્થાત્ વેદ. વેદનું બીજું નામ સંહિતા છે. શિવના રૂપે પ્રસ્થાપિત પરમશક્તિ હજારો વર્ષથી માનવની આસ્થાનું કેન્દ્ર છે. માત્ર ભારતમાં જ નહી, પરંતુ અન્ય પણ ઘણાં દેશોમાં શિવમંદિરોનાં પ્રાચીન, ઐતિહાસિક અવશેષો મળે છે. જેથી ઉપરોક્ત વાત પણ સિદ્ધ થાય છે. સ્વાભાવિક વાત છે કે જે સાહિત્ય સૌથી પ્રાચીન હોય તે બન્નેનો સંબંધ તો હોય જ. તેથી જ વૈદિક સંસ્કૃતિથી જ શિવનાં સ્વરૂપોને વર્ણવવાની સ્તુતિ કરવાની શરૂઆત થઈ હતી. શિવની મહત્તાનાં ઉદય થવાનો ઈતિહાસ ખૂબ જ મનોરમ્ય છે.

પૌરાણિક સમયમાં અને આજના સમયમાં શિવનું જેટલું મહત્વ અથવા પ્રાધાન્ય પ્રાપ્ત છે, તેટલું વૈદિક કાળમાં ન હતું. આજકાલ વિષ્ણુની સાથે શિવ જ હિન્દુઓનાં પ્રમુખ દેવ છે. પણ આ પ્રધાનતાનો ૂમિક વિકાસ ધીરે ધીરે શતાબ્દીઓમાં સંપૂર્ણ થયો છે. ઋગ્વેદ, યજુર્વેદ,અથર્વવેદ, શતપથ બ્રાહ્મણ આદિ ગ્રંથોનાં અધ્યયન કરવાથી ઢદ્રના વિષયમાં અનેક જાણવા યોગ્ય બાબતોનો ખ્યાલ આવે છે. ઋગ્વેદ પણ ત્રણ સૂક્ત, પ્રથમ મંડળનું ૧૧૪મું, બીજા મંડળનું ૩૩ મું અને સાતમાં મંડળનું ૪૬ મું સૂક્ત ઢદ્ર દેવતાના વિષયમાં પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત અન્ય દેવતાઓની સાથે ઢદ્રનું નામ લગભગ ૫૦ વખત આવે છે. ઋગ્વેદમાં ઢદ્રનું સ્થાન અગ્નિ, વરુણ, ઈન્દ્ર આદિ દેવતાની અપેક્ષાએ ઘણું જ મહત્વપૂર્ણ છે. યજુર્વેદ અને અથર્વવેદ માં રૂદ્રનું સ્થાન ઘણું મહત્વપૂર્ણ છે. યજુર્વેદનો એક અધ્યાય જ ઢદ્રની સ્તુતિમાં પ્રયુક્ત થયો છે. આ ‘ઢદ્રાધ્યાય’ યજુર્વેદની અનેક સંહિતાઓમાં થોડા ઘણાં ફેરફાર સાથે ઉપલબ્ધ થાય છે. તૈત્તિરીય સંહિતાનો ૧૬ મો અધ્યાય પણ ‘ઢદ્રાધ્યાય’ ને નામે પ્રખ્યાત છે. અથર્વવેદનાં ૧૧માં કાંડ ના દ્વિતીય સૂક્તમાં ઢદ્રની સ્તુતિ થઈ છે. આમ ચારે વેદ અને તેની તમામ સંહિતાઓ માં ઢદ્રનું ખૂબજ સુંદર વર્ણન અને સ્તુતિઓ સમાહિત છે.

## ❑ઋગ્વેદમાં રુદ્રનું સ્વરૂપ : –

ઋગ્વેદ સૌથી પ્રાચીન વેદ છે. સૌથી વિશાળકાય પણ છે. અહીં રુદ્રને સુંદર રીતે વર્ણવાયા છે. જેમકે રુદ્રનાં હાથ તેમજ બાહુઓ છે.[૯] તેમનું શરીર ખૂબજ બલિષ્ઠ છે. તેના હોઠ અત્યન્ત સુંદર છે. રુદ્રને 'સુશિપ્ર' કહેવાયા છે. તેનાં મસ્તક પર કેશનો જટાજૂટ છે, તેથીતે કપર્દી કહેવાય છે.[૧૦] તેનો રંગ ભૂરો છે (બભ્રુ), તેમજ તેની આકૃતિ ખૂબ જ દેદીપ્યમાન છે. તેઓ વિવિધરૂપો ધારણ કરનારાં છે. (પુરૂરુપઃ ), તેમજ તેના સ્થિર અંગો ચમકદાર સોનાનાં ઘરેણાઓથી વિભૂષિત છે. તેઓ રથ પર સવાર થાય છે. યજુર્વેદનાં 'રુદ્રાધ્યાય'માં તેમજ અથર્વવેદ નાં રુદ્રસૂક્ત માં તેનાં સ્વરૂપનું ઘણું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે.

રુદ્રનાં મુખ, આંખ, ત્વક્, અંગ, ઉદર, જિહ્વા તેમજ દાંતો નો પણ ઉલ્લેખ થયો છે.[૧૧] તેમના સહસ્ત્ર નેત્ર (સહસ્રાક્ષ ) છે. તેમની ગ્રીવાનો રંગ નીલ શ્યામ છે, (નીલગ્રીવઃ) તેમનો કંઠ ઉજજવળ રંગનો છે. (શિતિકંઠઃ)[૧૨] તેમના મસ્તક ઉપર જટાજૂટનું પણ વર્ણન છે. સાથે સાથે અમુક સમયે તેઓ મુંડિત કેશ (વ્યુપ્તકેશ)[૧૩] પણ કહેવાય છે. તેમનાં કેશ લાલ અથવા નીલ રંગના છે. તેને માટે શબ્દ પ્રયોજાયો છે. 'હરિકેશ' તેઓ મસ્તક પર પાઘડી પણ પહેરે છે. (ઉષ્ણીસી)[૧૪] તેમના શરીરનો રંગ કપિલ છે. (બભ્લુશઃ)[૧૫] રુદ્રાધ્યાય અનુસાર રુદ્ર એક બળવાન સુસજ્જિત યોદ્ધા તરીકે આપણી સામે આવે છે. તેમનાં હાથમાં ધનુષ તેમજ બાણ છે. તેનાં ધનુષનું નામ 'પિનાક' છે.[૧૬] તેનું ધનુષ સોનાનું બનેલું છે. હજારો વ્યક્તિઓને મારનારું, સેંકડો બાણોથી સુશોભિત તેમજ મોરપંખથી વિભૂષિત બતાવાયું છે.

धनुर्बिभर्षि हरितं हिरण्यं सहस्रघ्नि शतवधं शिखण्डिनम् ।[૧૭]

બાણોને રાખવા માટે તે તરકસ (इषुधि) ધારણ કરે છે. જે સંખ્યાની દૃષ્ટિએ સો છે. તેઓના હાથમાં તલવાર ચમકતી રહે છે. ( निषङ्गी ) અને આ તલવારને રાખવા માટે તેમની પાસે મ્યાન (निषङ्गधि) પણ છે. તેઓ વજ્ર પણ ધારણ કરે છે. વજ્રનું નામ સૃક્ છે.[૧૮] શરીરની રક્ષા કરવા માટે થઈ તેઓએ અનેક સાધનોને પહેરેલ છે. મસ્તકની રક્ષા માટે થઈ તેઓ શિરસ્ત્રાણ ધારણ કરે છે. (बिल्मी)[૧૯] શરીરની સુરક્ષા માટે થઈ તેઓ

કવચ  તેમજ વર્મ પહેરે છે. મહીધરની ટીકા અનુસાર વર્મ, કવચ થી ભિન્ન હોય છે.

पदस्यूतं कर्पासगर्भं देहरक्षकं कवचम् ।

लोह्ममयं शरीररक्षकं वर्म ।[२०]

કવચ કપડાંથી સિવાયેલું ‘અંગરખા’ ઢંગનો પોષાક હતો. વર્મ લોખંડનું બનેલ બખ્તર હતું. કવચ ઉપર વર્મ પહેરાતું હતું. રુદ્ર શરીર પર ચર્મનાં કપડાં પહેરે છે. 'कृत्ति वसानः'[२१] જેથી સ્પષ્ટ થાય છે કે જેમ રથ પર બેસી  ધનુર્બાણ થી સુસજ્જિત યોદ્ધા રણાંગણમાં શત્રુઓનાં સંહારને માટે જાય છે, તેમજ રુદ્ર શિર પર બિલ્મિ તેમજ દેહ પર કવચ અને વર્મ પહેરીને રથારૂઢ થઈ, ધનુષબાણ ચઢાવી, પોતાના ભક્તોનાં વેરિઓને મારવાને માટે મેદાનમાં ઉતરે છે. તેઓ ધનુષ બાણ હંમેશા ચઢાવી રાખે છે, તેથી તેમનું નામ છે– આતતાયી. રુદ્રનાં અશ્ત્ર શસ્ત્રો એટલા ભયાવહ છે કે ઋષિઓ તેનાંથી બચવાં માટે હંમેશા પ્રાર્થના કરે  છે. –

विज्यं धनुः कपर्दिनो विशल्यो बाणवान् उत ।

अनेशन्नस्य या इषव आभुरस्य निषङ्गधिः ॥[२२]

આમ રુદ્રનું શરીર અત્યન્ત બળશાળી છે. ઋગ્વેદમાં તેઓ ૂર દર્શાવાયેલ છે. તેઓ સ્વર્ગલોકનાં રક્તવર્ણ (અરૂષ) વરાહ છે.[२३] તેઓ સૌથી શ્રેષ્ઠ વૃષભ છે, તેઓ તરૂણ છે, તેમનું તારૂણ્ય સદાને માટે ટકનાર છે. તે શૂરોનાં અધિપતિ છે, અને પોતાનાં સામર્થ્યથી તેઓ પર્વત પર ટકી રહેલ નદિઓમાં બળનો પ્રવાહ ઉત્પન્ન કરી દે છે. તેમને  ન માનનાર મનુષ્યો ને તે અવશ્ય પોતાનાં બાણોથી છિન્ન ભિન્ન કરી દે છે, પરંતુ તેમનાં ઉપાસક મનુષ્યો માટે તેઓ અત્યન્ત ઉપકારી છે. તેથી જ તેઓ ‘ શિવ ’ નામથી પણ ઓળખાય છે. રુદ્ર મરુતોનાં પિતા છે.[२४] આ કારણથી જ અનેક મન્ત્રોમાં ‘મરુત’ તેમજ ‘રુદ્ર’ ની સ્તુતિ એક સાથે થઈ છે. મરુતોની રુદ્રીય સંજ્ઞા પાછળ પણ આ જ  રહસ્ય કામ કરે છે. રુદ્ર મરુતોનાં પિતા હોવાનાં વિષયમાં ષડ્ગુરુ શિષ્યએ ‘સર્વાનુક્રમણી’ ની વેદાર્થદીપિકા’ માં રોચક આખ્યાન આપ્યું છે. આ પ્રસંગને લઈને જ નીતિમંજરીમાં ઉપદેશ અપાયો છે કે–

दृष्ट्वा परव्यथां सन्त उपकुर्वन्ति लीलया ।

दितेर्गर्भव्यथां हत्वा रूद्रोऽभून्मरूतां पिता ॥

પાછળનાં ગ્રંથોમાં રુદ્રને માટે 'ત્ર્યમ્બક' શબ્દનો વ્યવહાર પ્રચૂર માત્રામાં મળે છે. આ 'ત્ર્યમ્બક' નો પ્રયોગ ઋગ્વેદનાં માત્ર એક જ મન્ત્રમાં થયો હતો. જે શુક્લયજુર્વેદ (અધ્યાય ૩/૬૦ ) માં પ્રાપ્ત થાય છે. રુદ્રનો સ્તુતિ પરક આ મન્ત્ર ખૂબ જ પ્રસિદ્ધ છે.–

त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् ।

उर्वारूकमिव बन्धनान्मृत्योर्मुक्षीय माऽमृतात् ॥[२५]

'ત્ર્યમ્બક' શબ્દનો અર્થ સમસ્ત ભાષ્યકારોએ ' ત્રણનેત્રોવાળા ' એવો જ કર્યો છે. પણ પશ્ચિમી વિદ્વાનોને આ અર્થ પર આસ્થા નથી. તેઓ અહીં અમ્બકને જનની વાચક માની,રુદ્રને ત્રણ માતા વાળા દર્શાવે છે, પણ આ વાત સ્પસ્ટ રીતે સિદ્ધ થતી નથી કે રુદ્રની આ ત્રણ માતાઓ કોણ હતી? વૈદિક કાળ પછી રુદ્રની પત્નીને માટે પ્રયુક્ત ' અમ્બિકા ' શબ્દનો પ્રથમ પ્રયોગ વાજસનેયી સંહિતા (૩/૫૭) માં આવે છે, પણ એટલું અંતર અવશ્ય છે કે, આ તેની પત્ની નું નામ ન હોઈ, તેની બહેનનું નામ દર્શાવાયું છે. 'एष ते रूद्र भागः सह स्वस्राऽम्बिकया, तं जुषस्व स्वाहैष ते रूद्र भागऽआखुस्ते पशुः'[२६] રુદ્રની પત્નીનાં અન્ય નામો વૈદિક ગ્રંથોમાં મળે છે. 'પાર્વતી' શબ્દ તૈત્તિરીય આરણ્યકમાં અને 'ઉમા હેમવતી' શબ્દ કેનોપનિષદ્‌માં પ્રયોજાયેલ છે.

આમ ઋગ્વેદીય દેવમંડળીમાં રુદ્રનું મહત્વ વધતું નજરે ચઢે છે. રુદ્રાધ્યાયમાં રુદ્રને માટે ભવ, શર્વ,પશુપતિ, ઉગ્ર, ભીમ, આદિ શબ્દોનો માત્ર પ્રયોજનથી મળતો, અપિતુ પ્રત્યેક દશામાં વર્તમાન પ્રાણિઓ ઉપર તેનો અધિકાર જાગરૂક રહે છે. વિશ્વમાં એવું કોઈ પણ સ્થાન નથી ભલે તે સ્વર્ગ, અન્તરિક્ષ અથવા પૃથ્વી ઉપર કે નીચે ભગવાન્ શિવનું આધિપત્ય ન હોય.આ સમસ્ત વિશ્વ હજારો રુદ્રોની સત્તાથી ઓતપ્રોત છે. રુદ્ર જગતનાં સમગ્ર પદાર્થોના સ્વામી છે. તેઓ અનાજનાં ખેતરોનાં, વનોનાં અધિપતિ છે. સાથોસાથ ચોર,ડાકૂ આદિ જઘન્ય જીવોનાં પણ સ્વામી છે. અથર્વવેદમાં રુદ્રનાં નામોમાં ભવ, શર્વ, પશુપતિ, તેમજ ભૂપતિ આદિનો ઉલ્લેખ છે. પશુપતિથી માત્ર એ જ તાત્પર્ય નથી કે – ગાય આદિ જાનવરોનાં ઉપરજ તેમનો અધિકાર ચાલે છે. પરંતુ 'પશુ' અન્તર્ગત મનુષ્યોની

ગણના પણ અથર્વવેદમાં માન્ય છે.

तवेमे पञ्चपशवो विभक्ता ।

गावो अश्वाः पुरूषा अजावयः ॥[२७]

આ પ્રમાણે 'પશુ' શબ્દનાં તાન્ત્રિક અર્થનો આભાસ આપણને સર્વપ્રથમ અથર્વવેદનાં આ મન્ત્રમાં મળે છે. તે વિવિધ વસ્તુઓને ધારણ કરનાર વિસ્તૃત બ્રહ્માંડરૂપી કોશ રુદ્રની પોતાની વસ્તુ છે, જેમાં સમગ્રભુવન નિવાસ કરે છે. રુદ્રનો નિવાસ અગ્નિમાં,જલમાં, ઔષધિઓમાં એવં લતાઓમાં જ માત્ર નથી, પરંતુ તેમણે આ સમસ્ત ભુવનકોશ ની રચના કરી તેને સંપન્ન કરેલ છે.

यो अग्नौ रूद्रो य अप्स्वन्त-

र्य ओषधीर्वीरूध आविवेश ।

य इमा विश्वा भुवनानि चाक्लृपे

तस्मै रूद्राय नमो अस्त्वग्नये ॥[२८]

આ સુન્દર મન્ત્ર રુદ્રની મહિમા સ્પષ્ટ શબ્દોમાં પ્રગટ કરી રહ્યો છે. આ તો થઈ યજુઃ અને અથર્વ સંહિતાઓની વાત. બ્રાહ્મણ કાળમાં તો રુદ્રનું મહત્વ વધુને વધુ થતું ગયું છે. ઐતરેય બ્રાહ્મણનાં એક બે ઉલ્લેખોથી જ રુદ્રની મહાનતાની પર્યાપ્ત સૂચના મળી જાય છે. ઐતરેય બ્રાહ્મણ–૩/૩/૩૩ માં પ્રજાપતિનાં પોતાની કન્યા સાથે સહગમનનો પ્રસંગ વર્ણવતાં રુદ્રની ઉત્પત્તિ ની ચર્ચા થઈ છે. ત્યાં ગૌરવનાં વિચારથી તેનાં નામનો ઉલલેખ નથી થયો. પરંતુ 'एष देवोऽभवत्' કહીને સમ્માનનીય શબ્દ પ્રયોજિત થયો છે. ઋગ્વેદનાં એક વિનિયોગ વાક્યમાં રુદ્રનું નામ પ્રયોજાયું છે. ત્યાં ઐતરેયની એવી વ્યવસ્થા છે કે–આ નામને ગૌરવની દૃષ્ટિથી છોડી દેવું જોઈએ.

ઉપનિષદોમાં પણ રુદ્રની પ્રધાનતાનો પરિચય આપણને ખૂબ જ સારી રીતે મળે છે. જોકે વિચારણીય પ્રશ્ન એ છે કે જે રુદ્રને ઋગ્વેદ તેમજ ત્યાર પછીની સંહિતાઓ 'ઉગ્ર' નામથી સંબોધે છે, તે રુદ્રનો પ્રાકૃતિક આધાર શું હતો? પ્રકૃતિનાં કયાં વ્યક્ત તેમજ દૃશ્ય પદાર્થનુ નિરીક્ષણ કરી તેને 'રુદ્ર' ની સંજ્ઞા અપાઈ હશે? 'રુદ્ર' ની શબ્દ વ્યુત્પતિ થી

લેશમાત્ર ઉકેલ નથી મળતો. પ્રાચીન વૈદિક ગ્રંથોમાં સર્વત્ર 'રુદ્ર'ની વ્યુત્પત્તિ 'ઢદ્ર (રડવું) એવાં ધાતુથી નિષ્પન્ન દર્શાવાઈ છે. શતપથ બ્રાહ્મણ (૬/૧/૩/૮) માં ઢદ્રની ઉત્પત્તિની સુંદર કથા વર્ણવાઈ છે. પ્રજાપતિએ જયારે સૃષ્ટિની શરૂઆત કરી ત્યારે એક કુમાર નો જન્મ થયો, જે જન્મતા જ પોતાનાં નામકરણને માટે થઈ રડવા લાગ્યો. નામકરણ પછી જરૂર થયું પરંતુ જન્મતાં જ રડવાને કારણે તેનુ નામ 'ઢદ્ર' 'यदरोदीत् तस्मात् रूद्रः' રખાયું. બૃહદારણ્યક –૩/૯/૪ માં આ જ પ્રમાણે દશ ઈન્દ્રિયો અને મનને એકાદસ ઢદ્રનાં રૂપમાં સ્વીકૃત કરાયેલ છે. તેઓને 'ઢદ્ર'[૨૯] કહેવા પાછળનો હેતુ એ છે કે, આ શરીર છોડીને બહાર નીકળી જાય છે તો મૃતકનાં સગા સમ્બન્ધિઓને રડાવે છે. 'ते यदास्माच्छरीरान्मूर्त्यादुत्क्रामन्ति अथ रोदयन्ति । यद् तद् रोदयन्ति तस्माद्रुद्रा इति 'પાશ્ચાત્ય વેદાનુશીલી વિદ્વાનોએ ઢદ્રનાં પ્રાકૃતિક આધારને શોધવાનો વિશેષ પ્રયાસ કર્યો છે.[૩૦]

ડૉ. વેબર ઢદ્રને તોફાનનાં દેવતાં માને છે. ડૉ. હિલેબ્રાન્તનાં મત મુજબ આ ગ્રીષ્મનાં દેવ છે, તેમજ કોઈ વિશેષ નક્ષત્રથી પણ આનો સંબંધ છે. ડૉ. શ્રાદેરનાં વિચારે મૃતાત્માઓનાં પ્રધાન વ્યક્તિને દેવત્વનું રૂપ આપી, ઢદ્ર માની લેવાયાં છે. કારણકે આ વર્ણન અનેક સ્થળે મળે છે કે – મૃતકોની આત્માઓ આંધી, તોફાનની સાથે ઉડીને ઉપર જાય છે. ડૉ.ઓલ્ડેનવર્ગ આ મન્તવ્યમાં આસ્થા ધરાવતાં, ઢદ્રનો સંબંધ પર્વત તેમજ જંગલ ની સાથે સ્થાપિત કરવાનું શ્રેષ્ઠ માને છે. ઢદ્રનો સંબંધ પર્વત સાથે અવશ્ય છે. તેની પત્ન ી'ઉમા હૈમવતી 'કહેવાય છે. તેથી આ મતને માટે પણ કંઈક આધાર છે. પરંતુ ઉપરોક્ત કથનોમાં કલ્પનો વિશેષ ઉપયોગ થયો છે. ઢદ્રનાં પૂર્વવર્ણિત સ્વરૂપનું સંપૂર્ણ સામંજસ્ય આ કથનો સાથે જરાપણ મેળ ખાતું નથી. આ વિષયમાં પ્રાચીન ગ્રંથોમાં ઉપલબ્ધ સામગ્રી ઢદ્રનાં મૌલિક તથ્ય પર પ્રકાશ પાડે છે.

વાસ્તવિક દૃષ્ટિએ જોઈએ તો વેદોના મતે ઢદ્ર અગ્નિ નાં જ પ્રતીક છે. અગ્નિનાં દૃશ્ય, ભૌતિક આધાર પર ઢદ્રની કલ્પના =ભી કરાઈ છે. અગ્નિની શિખા ઉપર ઉઠે છે, તેથી જ ઢદ્રનાં ઉર્ધ્વ લિંગની કલ્પના થઈ છે. અગ્નિ, વેદી પર સળગે છે, તેથી જ 'શિવને' જળધારની વચ્ચે રખાય છે. અગ્નિમાં ઘીની આહૂતિઓ અપાય છે, તેથી જ શિવની ઉપર અભિષેક થાય છે. શિવભક્તોને માટે ભસ્મ ધારણ કરવાની પ્રથાનું રહસ્ય પણ આ વાતને યોગ્ય રીતે વિચારવાથી સમજાય જાય છે. આ સિદ્ધાંતનાં પોષક વૈદિક સિદ્ધાંતો

જોઈએ તો –

| | | |
|---|---|---|
| – त्वमग्ने रूद्रो | – | ऋग्वेद २/१/६ |
| – तस्मै रूद्राय नमो अस्त्वग्नये | – | अथर्ववेद ७/८३ |
| – अग्निर्वै रूद्र : | – | शतपथ ब्राह्मण ३/१/३ |

**આ તમામ ઉદાહરણો અગ્નિ અને રુદ્રની એકતા સિદ્ધ કરે છે. તદુપરાંત રુદ્રની આંઠ મૂર્તિઓ–આંઠ ભૌતિક પદાર્થોની પ્રતિનિધિ છે.**

| | | |
|---|---|---|
| ૧. રુદ્ર | – | અગ્નિ |
| ૨. શર્વ | – | જળ |
| ૩. પશુપતિ | – | ઔષધ |
| ૪. ઉગ્ર | – | વાયુ |
| ૫. અશનિ | – | વિદ્યુત્ |
| ૬. ભવ | – | પર્જન્ય |
| ૭. મહાન્ દેવ | – | ચન્દ્રમા |
| ૮. (મહાદેવ) ઈશાન | – | આદિત્ય |

**આ પ્રમાણે રુદ્રની આંઠ મૂર્તિઓ, અને આંઠ ભૌતિક પદાર્થોની એકતા પણ સિદ્ધ થાય છે. શતપથ બ્રાહ્મણથી જાણવા મળે છે કે – રુદ્રને પ્રાચ્ય લોકો 'શર્વ' નાં નામથી તેમજ પૈશ્ચિમનાં 'વાહિક' લોકો 'ભવ' નાં નામથી સંબોધતાં હતા. પરંતુ આ બધાં જ વસ્તુતઃ અગ્નિનાં જ નામો છે.**

'अग्निर्वै स देवः । तस्यैतानि नामानि शर्व इति यथा प्राच्या आचक्षते । भव इति यथा बाहीकाः, पशुनां पती रूद्रोऽग्निरिति तान्यस्या शान्तान्येवेतराणि नामानि अग्निरित्येव शान्ततमम्।

–शतपथ ब्राह्मण, १/७/३/८

શુક્લયજુર્વેદ ૩૯/૮ માં અગ્નિ, અશનિ, પશુપતિ, ભવ, શર્વ, ઈશાન, મહાદેવ, ઉગ્ર આ બધાં એક જ દેવનાં વિભિન્ન નામો કહેવાયા છે. શતપથની વ્યાખ્યા અનુસાર 'અશનિ'નો અર્થ છે. – વિદ્યુત. આ પ્રમાણે યજુર્વેદનાં પ્રમાણથી સ્પસ્ટ થાય છે કે પૃથ્વીતળ પર જે ઢદ્ર દેવ અગ્નિરૂપે નિવાસ કરે છે, આકાશમાં વાદળોની વચ્ચે ચમકનારી વિદ્યુતના રૂપમાં પણ તેઓ જ પ્રગટ થાય છે. તેથી ઢદ્રને વિદ્યુતનાં અધિષ્ઠાતૃ દેવ માનવામાં તદ્દન ઉચિત છે. અથર્વવેદમાં ૧૧/૨/૧૭ માં સંસારને ઢદ્ર દ્વારા લપલપાવવાં માટે જીભનું વર્ણન છે. એવું પ્રતિભાસિત થાય છે કે – 'जिह्वाया ईयमानम्' શબ્દો દ્વારા કાળા વાદળોની વચ્ચે ચમકનારી વિજળી તરફ જ ઈશારો છે. આ વાતને પુષ્ટ કરવા માટે એક અથર્વવેદની પ્રાર્થના છે કે – હે ઢદ્ર, દિવ્ય અગ્નિથી અમને સંતપ્ત ન કરો. આ તો વિજળી દેખાય છે, તેને મારા મસ્તક ઉપર ન નાંખી, અન્યત્ર નાંખજો.

मा नः सं स्त्रा दिव्येनाग्निना

अन्यत्रास्मद् विद्युतं पातयैताम् ।

– अथर्ववेद ११/२/२६

આ વિવેચનની મદદથી આપણે ઢદ્રનાં 'શિવત્વ'ને સારી રીતે ઓળખી લઈએ છીએ. આ ભયાનક પશુની જેમ ઉગ્ર તેમજ ભયાવહ અવશ્ય છે, પરંતુ સાથે સાથે પોતાનાં ભક્તોને વિપત્તિઓથી અવશ્ય બચાવે પણ છે. ભક્તોનાં રોગોનું નિવારણ કરવાની શક્તિનો ઉલ્લેખ પણ ઘણી જગ્યાએ મળે છે. તેની પાસે હજારો ઔષધિઓ છે. જેનાથી જ્વર તેમજ વિષનું પણ નિવારણ કરે છે. વૈદ્યોમાં તે સૌથી શ્રેષ્ઠ વૈદ્ય છે.

भिषक्तमं त्वा भिषजां श्रृणोमि ।– ऋग्वेद २/३३/४

આ પ્રસંગમાં ઢદ્રનાં બે વિશિષ્ટ વિશેષણો પ્રાપ્ત થાય છે. જલાષ (ઠંડક આપનાર) તેમજ જલાષભેષજ (ઠંડી દવાઓ રાખનાર)

क्व स्य ते रूद्र मृड्याकुर्हस्तो

यो अस्ति भेषजो जलाषः । – ऋग्वेद २/३२/७

વસ્તુતઃ અગ્નિનાં બે રૂપો છે. ઘોરાતનુ અને અઘોરાતનુ. પોતાના ભયંકર ઘોરરૂપથી

તે સંસારનો સંહાર કરવાને માટે પણ સમર્થ બને છે, પરંતુ અઘોરરૂપમાં તે જ સંસારનાં પાલનમાં પણ શક્તિમાન છે. કદાચ અગ્નિનો નિવાસ આ પૃથ્વી પર ન હોય, તો શું એક ક્ષણ માટે પણ પ્રાણિઓમાં  પ્રાણ સંચાર સંભવ છે? વિદ્યુતમાં સંહારિણી શક્તિનો નિવાસ અવશ્ય છે, પણ તે વિદ્યુત જ પૃથ્વી પર થનારી વૃષ્ટિનું પણ કારણ છે. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતાં જણાય છે કે પ્રલયમાં પણ સૃષ્ટિનાં બીજ નિહિત રહે  છે, અને સંહારમાં પણ ઉત્પત્તિનું નિદાન અન્તર્નિહિત રહે છે. મહાકવિ કાલિદાસને પણ અગ્નિનસ આ સંહારકારિણી શક્તિની ઉપયોગિતા નજરે પડી હતી.

कृष्यां दहन्नपि खलु क्षितिमिन्धनेद्धो

बीजप्रोह जननीं ज्वलनः करोति ।[३१]

તેથી જ ઉગ્રરૂપનાં હેતુ થી જે દેવ 'ઢદ્ર' છે, તે જ જગતનો મંગલસાધન કરવાને કારણે 'શિવ' છે. જે રુદ્ર છે, તે જ શિવ  છે, રુદ્ર અને શિવની અભિન્નતા અવાન્તર વૈદિક ગ્રંથોમાં સુસ્પસ્ટ શબ્દોમાં વર્ણિત છે. ઋગ્વેદીય ઋષિ ગુત્સમદની સાથે સાથે ઢદ્રદેવથી આપણે પણ પ્રાર્થના કરીએ કે ઢદ્રનાં બાણ અમને સ્પર્શ ન કરે. દૂર દૂર થી જ નષ્ટ થાય, અમારા પુત્ર અને સગા સંબંધીઓ પર તે દાનશીલની દયા હંમેશા બનેલી રહે.

परिणो हेतो रूद्रस्य वृज्या :

परित्वेषस्य दुर्मतिर्महो गात् ।

अवस्थिरा मघवद्भ्यस्तनुष्व

मीढ्वस्तोकाय तनयाय मृड ॥

– ऋग्वेद २/३३/१४

આમ બધાં જ વેદોમાં ઢદ્રનું ખૂબજ વર્ણન મળે છે. તે બધાં જ વર્ણનોનો સંગ્રહ અને યથોચિત વર્ગીકરણ કરી, ઢદ્ર દેવતાનાં સ્વરૂપનો નિર્ણય કરવો જ  ખરો બોધપ્રદ છે.

### ❑વેદોમાં એક અને અનેક ઢદ્ર :–

વેદોમાં 'ઢદ્ર એક છે' એવું વર્ણન પણ છે અને 'ઢદ્ર અનેક છે' એવું પણ કહેવાયું

છે. જે એક જ હોય તે અનેક કઈ રીતે હોઈ શકે? સામાન્ય રીતે આ પ્રશ્ન આપણાં મનમાં ઉઠે. રુદ્રનાં વિષયમાં પણ આપણને આ નિયમ લાગુ કરવાનું મન થાય, અથવાં આ વાતમાં કોઈગૂઢ રહસ્ય હોઈ શકે. આ સમસ્યાનાં સમાધાન માટે અહીં વિસ્તૃત ચર્ચા કરીએ તો સૌપ્રથમ આ ચર્ચા જે વચનોમાં રુદ્રને એક અને અનેક કહેવાયા છે તે વેદ આદિનાં વચનો પર દૃષ્ટિપાત કરીએ :–

एक एव रूद्रोऽवतस्थे न द्वितीयः ।

असंख्याताः सहस्राणि ये रुद्राऽअधिभूम्याम् ॥

–(निरुक्त १/१५/७)

રુદ્ર એક જ છે, બીજા નથી. અસંખ્ય હજારો રુદ્ર આ પૃથ્વી પર છે. આ બન્ને વચનો નિરુક્તમાં છે. આમાં રુદ્ર એક છે અને હજારો છે – આ બન્ને કથન સ્પસ્ટ શબ્દોમાં છે. આ જ ભાવ ઉપનિષદ આદિનાં વચનમાં પણ પ્રગટ થાય છે.

– एको हि रूद्रो न द्वितीयाय तस्थु : ।[३२]

– एक एव रूद्रो न द्वितीयाय तस्थु : ।[३३]

– एको रूद्रो न द्वितीयाय तस्मै ।[३४]

– रूद्रमेकतत्वमाहुः शाश्वतं वै पुराणम् ।[३५]

આ વચનોમાં રુદ્ર એક છે અન્ય રુદ્ર નથી, આવું સ્પસ્ટ પણે કહેવાયું છે. આ વચનો પછી વેદનું આ વચન પણ દૃષ્ટવ્ય છે.

– असंख्याताः सहस्राणि ये रूद्रा अधिभूम्याम् ॥ – यजुर्वेद – १६/५४

અર્થાત્ 'અસંખ્ય અને હજારો રુદ્ર ભૂમિ પર છે.' આ બન્ને પ્રકારનાં વચનો એક જ રુદ્રનાં વાચક છે, કે પછી વિભિન્ન રુદ્રોનો બોધ કરાવે છે? આ પ્રશ્ન પણ વિચારણીય છે. ઋગ્વેદમાં પણ એવું કહેવાયું છે કે : –

– रूद्रं रूद्रेषु रूद्रियं हवामहे ॥ (ऋग्वेद १०/६४/८)

– शं नो रूद्रो रूद्रेभिर्जलाषः ॥ (ऋग्वेद ७/३५/६)

– रूद्रो रूद्रेभिर्देवो मृडयाति नः ॥ (ऋ १०/६६/०३)

– रूद्रं रूद्रेभिरा वहा बृहन्तम् ॥ (ऋ : ७/१०/०४)

**આ વચનોમાં કહેવાયું છે કે, એક રુદ્ર અનેક રુદ્રોની સાથે રહે છે. જો આ ઋગ્વેદનાં વચનો સાચા હોય, તો તેના આધારે માનવું જ પડે કે એક રુદ્ર ભિન્ન છે. અને અનેક રુદ્રો તેનાંથી ભિન્ન છે. જો આવું ન મનાય તો 'એક રુદ્ર અનેક રુદ્રોની સાથે રહે છે' આ કથનનો કોઈ અર્થ જ નથી રહેતો. તેથી આટલાં સંશોધનથી એક વાત તો સિદ્ધ થાય છે કે એક રુદ્ર અને અનેક રુદ્ર એકબીજાથી ભિન્ન છે. હવે આપણે એ જોવું જોઈએ કે તેનું સ્વરૂપ કેવું છે? આ વિષયમાં નીચે આપેલા મન્ત્રો મનન પૂર્વક જોવાં જોઈએ.**

यो देवानां प्रभवश्चोदभवश्च

विश्वाधिपो रूद्रो महर्षिः ।

हिरण्यगर्भं जनयामास पूर्वं

स नो बुद्ध्या शुभया संयुनक्तु ॥ (श्वेता. ३/४)

यो अग्नौ रूद्रो यो अप्स्वन्तर्य

ओषधीर्वीरूध आविवेश ।

य इमा विश्वा भुवनानि चाकॢपे

तस्मै रूद्राय नमोऽस्त्वग्नये ॥ (अथर्व. ७/१२ /१)

भुवनस्य पितरं गीर्भिराभी

रूद्रं दिवा वर्धया रूद्रमक्तौ ।

बृहन्तमृष्वमंजरं सुषुम्न

मृधग्धुवेम कविनेषितासः ॥ (ऋ. ६/४९/१०)

(यः रूद्र :) જે રૂદ્ર (देवानां प्रभवः) અગ્નિ આદિ અન્ય દેવોને ઉત્પન્ન કરનાર, વિશ્વનાં એકમાત્ર સ્વામી, મહાજ્ઞાની, અતીન્દ્રિયાર્થદર્શી, હિરણ્યગર્ભને ઉત્પન્ન કરનાર, તે અમોને શુભ બુદ્ધિ આપે. જે રૂદ્ર અગ્નિમાં, જળમાં, ઔષધિમાં વનસ્પતિઓમાં છે અને જે બધાં જ ભુવનોનું નિમાર્ણ કરે છે, તે તેજસ્વી રૂદ્રને અમારાં નમસ્કાર હો. 'भूवनस्य पितरं' અર્થાત્ બધાં જ ભુવનોનાં રક્ષક રૂદ્ર છે. તે વિશાળ, જ્ઞાની, પ્રેરક, જરારહિત છે. તેની અમે દિવસ રાત પ્રસંશા કરીએ છીએ. એક રૂદ્રનાં સ્વરૂપનો નિર્ણય કરવા માટે આટલાં મન્ત્રો પર્યાપ્ત છે. જે એક રૂદ્ર છે, તેનું આવું સ્વરૂપ છે. તે સંપૂર્ણ જગતનાં સર્જક, પાલક, અને જગતમાં વ્યાપ્ત એવં મહાજ્ઞાની છે. આ વર્ણન જોતાં તે સિદ્ધ થાય છે કે આ તો પરમાત્મા નું જ વર્ણન છે. પરમાત્મા એક અને અદ્વિતીય છે, જેની સમાન અન્ય કોઈપણ નથી. આ પરમાત્માને જ રૂદ્ર, ઈન્દ્ર આદિ નામો વડે સંબોધિત કરાય છે.

'एकं सद्विप्रा बहुधा वदन्ति'

તેથી અહીં પરમાત્માનું જ વર્ણન 'રૂદ્ર' શબ્દ દ્વારા થયું છે.અને જ્યાં ત્યાં 'एक एव रूद्रः' માત્ર એક જ રૂદ્ર છે, આવું વર્ણન છે ત્યાં ત્યાં 'રૂદ્ર'નો અર્થ પરમાત્મા લેવો ઉચિત રહેશે. આવો અર્થ લઈને મન્ત્રોનાં અર્થ કેવાં થશે? તેના ઉપર વિચાર કરીએ તો,

ईशानादस्य भुवनस्य भूरे र्न वा उ योषद् रूद्रादसूर्यम् – ऋ. २/३३/९

'આ ભુવનનાં મહાન સ્વામી રૂદ્રદેવથી અર્થાત્ પરમાત્માથી તેની મહાશક્તિ કોઈ પણ છીનવી શકે નહીં.' તેની શક્તિ તેનાંથી વિભિન્ન હોઈ શકે નહીં. આ રૂદ્રની શોધ ભક્તો અન્તઃકરણમાં કરે છે, જેને આ ઋચા સમર્થન આપે છે.–

अन्तरिच्छन्ति ते जने रूद्रं परो मनीषया । –ऋक्. ९/७३/३

મુમુક્ષુજન 'तं रूद्रम् ' તે રૂદ્રને અર્થાત્ પરમાત્માને મનુષ્યનાં અન્તઃકરણ માં બુદ્ધિ દ્વારા જાણવા માગે છે. અર્થાત્ તેની ખોજ અંતઃ કરણમાં થાય છે. મુમુક્ષુઓને તે પોતાનાં હૃદયમાં પ્રાપ્ત થાય છે. આમ આ રૂદ્રનું વર્ણન પરમાત્મા પ્રેરક છે, તેવું આ મન્ત્રોનાં મનન થી સિદ્ધ થઈ જાય છે.

આ નિર્ણયને મનમાં સ્થિર કરી, એક રૂદ્રને પરમાત્મા માની, જ્યારે આપણે

અનેક રુદ્ર કોણ છે? તે વિષય પર વિચાર કરીએ છીએ ત્યારે આપણી સમક્ષ આવું એક કોષ્ઠક ઉભું થાય છે. –

| | | |
|---|---|---|
| एकः रूद्रः | – | अनन्ताः रूद्राः |
| अद्वितीयः रूद्रः | – | सहस्राणि सहस्रसो रूद्राः । |
| जनकः पिता, रूद्रः | – | पुत्राः रूद्राः |
| व्यापकः रूद्रः | – | अव्यापकाः रूद्राः |
| ईशः रूद्रः | – | अनीशाः रूद्राः |
| उपास्यः रूद्रः | – | उपासकाः रूद्राः |
| एकः परमात्मा | – | अनन्ताः जीवात्मनः |

આમાંથી ઘણાં શબ્દો પૂર્વોક્ત મન્ત્રોમાં આવી ચૂક્યા છે, અને ઘણાં શબ્દો અર્થના અનુસંધાનથી લેવાયાં છે. જો આ કોષ્ટક પૂર્વોક્ત વચનોથી સિદ્ધ થઈ ગયું, તો પછી ' રુદ્ર' પરમાત્મા છે, અને 'અનન્તરુદ્ર' અનન્ત જીવાત્મા છે, તેથી આ વિષયમાં કોઈ સંદેહ જ નહીં રહે. હવે આ વાતને સિદ્ધ કરવા થોડાં પ્રમાણો ઉપસ્થિત છે –

रूद्रस्य ये मीलहुषः सन्ति पुत्राः। – ऋ. ६/६६/३

' દાતા રુદ્રનાં આ અનન્તરુદ્ર પુત્ર છે. ' રુદ્રનાં પુત્રો રુદ્ર જ હોઈ શકે. આ વાતમાં કોઈ સંદેહ ન હોવો જોઈએ. જેમ પરમાત્માનાં પુત્ર અણુ– આત્મા, જીવાત્મા છે, તેમજ વ્યાપક રુદ્રનાં પુત્ર અનન્ત રુદ્ર અથવાં અવ્યાપક જીવાત્મા છે. આ પિતા પુત્રોનું વર્ણન વેદોમાં આ રીતે મળે છે. : –

अज्येष्ठासो अकनिष्ठास एते सं भ्रातरो वावृधुः सौभगाय ।

युवा पिता स्वपा रूद्र एषाम् .॥ – ऋ. ५ /६०/५

આનાં પિતા રુદ્ર તરુણ છે, અને આ અનન્તરુદ્ર પરસ્પર ભાઈઓ છે. આમાં ન તો કોઈ જયેષ્ઠ છે, ન તો કોઈ કનિષ્ઠ છે. અર્થાત્ આ બધાં જ પરસ્પર સમાન અધિકાર વાળાં છે. બધાં જ જીવાત્માઓ પરસ્પર આવાં ભાઈઓ છે, જેમાં કોઈ મોટો નથી અને

કોઈ નાનો નથી.

આ પ્રમાણે 'એક રુદ્ર ' કોણ છે અને ' અનેક રુદ્ર' કોણ છે, એ વાતનું સ્પષ્ટીકરણ થાય છે. આ સ્પષ્ટીકરણથી જણાય છે કે 'જીવ અને શિવ' કલ્પના જ આ રુદ્રો દ્વારા વેદ મન્ત્રોમાં વર્ણવાઈ છે. જીવ અનેક છે, અને શિવ એક છે. જીવ ક્યારેક તો જરૂર શિવ બનવાનો જ છે, તેથી તાત્વિક દૃષ્ટિએ જીવ અને શિવ એક જ છે. આ વાત સિદ્ધ કરવા માટે બન્નેનાં નામો એક જેવાં જ રખાયા છે, જેમકે –

| | | |
|---|---|---|
| जीवाः | – | शिवः |
| रूद्रासः | – | रूद्रः |
| आत्मानः | – | आत्मा |
| अजाः | – | अजः |
| अग्नयः | – | अग्नि |

આ પ્રમાણે બન્નેનાં એક સરખાંજ નામ દર્શાવે છે કે તે બન્ને તત્વતઃ એક જ છે. તેથી જ જીવ , શિવ બને છે. જીવથી શિવ બનવાની કલ્પના પણ નિમ્નલિખિત શબ્દો દ્વારા વેદ શાસ્ત્રમાં બતાવાઈ છે.

| | | |
|---|---|---|
| जीव | – | शिव |
| पुरुष | – | पुरुषोत्तम |
| आत्मा | – | परमात्मा |
| ब्रह्म | – | परब्रह्म |
| नर | – | नारायण |
| पिण्डव्यापी | – | ब्रह्मांडव्यापी |
| रूद्र | – | महारूद्र |
| इन्द्र | – | महेन्द्र |
| देव | – | महादेव |

નર જ નારાયણ બને છે.આ અર્થ જ ઢદ્રનાં મહાઢદ્ર બનવાનો છે. શબ્દભેદ હોવાં છતાં અર્થભેદ નથી હોતો. અનેક શબ્દો દ્વારા એક જ આશય વ્યક્ત થાય છે. આમ એક વચનાત્મક 'ઢદ્ર' થી જીવાત્માઓની કલ્પના વૈદિક વાઙ્મયમાં પ્રગટ થાય છે. આ વાત અહીં આ બધાં પ્રમાણોથી સિદ્ધ થાય છે.

શિવતત્વ એ આધ્યાત્મિકતાનું સૌથી =ચું શિખર છે. જે લોકો કહે છે કે, વેદમન્ત્રોમાં અધ્યાત્મવિષય નથી, તેઓએ 'ઢદ્રસૂક્તનું શાંત ચિત્તે મનન કરવું જોઈએ. તેમને જણાશે કે આ વેદોમાં પણ અધ્યાત્મ સમાયેલું છે. તેથી જ કહેવાયું છે કે –

– सर्वे वेदा यत्पदमामनन्ति ।[૩૬]

– वेदैश्च सवैर्रह्मेव वेद्य : ।[૩૭]

'બધાં જ વેદો દ્વારા આત્માનું જ જ્ઞાન થાય છે.' વાસ્તવમાં સમ્પૂર્ણ વેદમન્ત્ર એક અદ્વિતીય આત્માનો બોધ કરાવે છે. તેમાં અનેક નામો વડે એક જ સત્યવસ્તુનો નિર્ણય થયો છે. પરંતુ દુઃખની વાત તો એ કે, આજકાલનાં સમયમાં આ રહસ્ય ઘણાં ઓછાં મનુષ્યો જાણે છે. તેથી જ વિદ્વાનો પણ એવું જ સમજે છે કે, વેદમાં અધ્યાત્મ નથી. અધ્યાત્મ માત્ર પરવર્તી ઉપનિષદો અને ગીતા આદિગ્રંથોમાં જ છે. પરંતુ બધાં જ વેદો જે એક આત્મતત્વનું વર્ણન કરે છે, તે સત્ય જ વેદ વિદ્યા છે. તે જે રીતથી ઓળખાયતી હતી, તેનું થોડું વિવેચન અત્રે કરવાનો પ્રયાસ છે. એ તત્વ ઉપર પણ શોધ કરવાનો પ્રયાસ છે કે – ઢદ્રસૂક્તોમાં આત્મા જ અધિકાંશ વર્ણિત છે. અત્રે શંકા ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે કે શું 'ઢદ્ર' શબ્દ વ્યાપક આત્માપરક છે તો આવો અર્થ સૌ પ્રથમ કોણે માન્યો ? આ પ્રશ્નનાં જવાબમાં ભાષ્યકારોનાં જ ઉદાહરણો આપું, જેથી સિદ્ધ થાય કે ભાષ્યકારોનાં મતે પણ 'ઢદ્ર' શબ્દ આત્માનો પ્રેરક છે.

### ❑ ઢદ્ર માટે શ્રી સાયણાચાર્યનો અર્થઃ –

૧. रूद्रस्य परमेश्वरस्य – (ऋ. ६/२८/७)

२. रूद्रः संहर्तादिवः – (अथर्व. १/१९/३)

३. जगत्स्रष्टा सर्वं जगदनुप्रविष्ट रूद्रः। – (अथर्व ७/९२/१)

४. रूद्रः परमेश्वरः – (अथर्व ११/२/३)

આ પ્રમાણે 'રુદ્ર' શબ્દનો અર્થ શ્રી સાયણાચાર્યજીએ પણ પરમેશ્વર જ કર્યો છે. અન્યાન્ય ભાષ્યકારોને પણ આ અર્થ માન્ય જ છે. અથર્વવેદનાં સૂક્તમાં પણ આ જ અર્થ સ્પસ્ટ દર્શાવાયો છે.

स धाता स विधार्ता .......।

सोऽर्यमा स रूद्रः स महादेवः ॥४॥

स एव मृत्युः ..... स रक्षः..... स रूद्रः ॥२६॥

तस्य ...... वशे चन्द्रमाः ॥२८॥ – अथर्व १३/६

'તે ધાતા, વિધાતા, રુદ્ર, મહાદેવ, મૃત્યુ, રક્ષસ્ છે. તેનાં વશમાં ચન્દ્રમાં છે.' આ મન્ત્રોમાં મહાદેવ વાચક અનેક શબ્દો છે. મહાદેવનાં સહચારી રક્ષસ્ અને ચન્દ્રમાનો પણ સૂક્તમાં નિર્દેશ છે. તેથી સ્પસ્ટ થાય છે કે રુદ્ર, મહાદેવ આદિ અર્થો અહીં વિશિષ્ટ અર્થમાં પ્રયુક્ત થયાં છે અને તે અર્થો મુખ્યતઃ પરમાત્મા છે. કારણકે તે ધાતા–વિધાતા છે. આ પ્રમાણે વેદોએ પણ સ્વયં પોતાનો અર્થ પ્રગટ કરેલ છે. જેમ શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાનનાં 'વિશ્વરૂપ' નાં દર્શનનું વર્ણન છે, તેમજ રુદ્રસૂક્તોમાં રુદ્રસ્વરૂપી પરમેશ્વરને જ વિશ્વરૂપ કહેવાયા છે. વિશ્વરૂપ દર્શનનાં પ્રસંગને લઈને શ્રીમદ્ભગવદ્ગીતા અને રુદ્ર સૂક્તની સમાનતા છે. રુદ્ર નાં વિશ્વરૂપનાં પ્રસંગમાં વિદ્યુત, અગ્નિ, વાત, વાયુ, સોમ, ગુત્સ, પુલસ્તિ, ભિષક, સભા, સભાપતિ, વનપતિ, અરણ્યપતિ, સ્થપતિ, ક્ષેત્રપતિ, ગણપતિ, વ્રાતપતિ, શૂર, રથી, અરથ, આશુસેન, સેનાની, અસિમાન, ઈષુમાન, ધન્વી, સુઆયુધ, કવચી, અગ્રેવધ, દૂરેવધ, અશ્વપતિ, વાણિજ, અન્નપતિ, વૃક્ષપતિ, પશુપતિ, શિલ્પી, રથકાર, તક્ષા, ક્ષતા, સૂત, કુલાલ, નિષાદ, પરિચર, સ્તેન આ બધાં જ રુદ્રનાં રૂપો છે. એવું રુદ્રસૂક્તમાં કહેવાયું છે.

શ્રીમદ્ભગવદ્ ગીતામાં માત્ર થોડી જ વિભૂતિઓ કહેવાઈ છે. રુદ્રસૂક્તમાં તો તેથી કંઈ ગણું અધિક વર્ણન છે. અને વધુ વ્યાપક પણ છે. આ બન્ને વર્ણનોની તુલના કરવાથી જણાય છે કે શ્રીમદ્ભગવદ્ગીતામાં આત્મા, બ્રહ્મ, ભગવાન, અહમ્. આદિ શબ્દો જે

આત્માનું વર્ણન છે તેનું જ વર્ણન વેદમાં 'રુદ્ર' નાં વ્યાપક અર્થનો બોધ થાય છે, અને તેનું આધ્યાત્મિક સ્વરૂપ પણ જણાય છે. વેદમાં દેવતાઓનું જે વર્ણન છે, તે આધ્યાત્મિક જ્ઞાન બતાવવાનાં ઉદ્દેશથી જ છે. જો તે વર્ણનનો આધ્યાત્મિક ભાગ ન જોઈએ તો વેદ ભણવાનો કોઈ લાભ નથી, જે વાત વેદમાં પણ થઈ છે.–

–यस्तन्न वेद किमृचा करिष्यति ।[૩૮]

અર્થાત્ જે આત્માને નથી જાણતો તે વેદ મન્ત્રો લઈને શું કરશે? એટલે કે જેને વેદમન્ત્રોનું દર્શન નથી થતું તેને વેદમન્ત્રોથી કશો જ લાભ નહીં થાય. સનાતન ધર્મનો મુખ્ય ધર્મગ્રન્થ વેદ છે. તે વેદનાં અધ્યયનમાં એટલી આસ્થા અને ચિંતન મનન કરતાં આપણને વેદો પોતાનાં રહસ્યો ઉદ્ઘાટિત કરી આપે છે. 'રુદ્ર' તત્વ ખૂબજ વિશાળ છે. વેદની પણ સીમાઓ અનન્ત છે. પરંતુ સામાન્ય દૃષ્ટિપાત કરતાં ઉપરોક્ત શિવનું સ્વરૂપ વેદોમાં જોવાં મળે છે.

## ૪.૩ બ્રાહ્મણગ્રંથો અને આરણ્યકોમાં શિવનું સ્વરૂપ

સંસ્કૃત સાહિત્યનો દ્વિતીય પડાવ એટલે બ્રાહ્મણગ્રન્થો અને આરણ્યકો. જેમ આપણે આગળનાં મુદ્દામાં ચર્ચા કરી કે વેદો માં શિવનાં સ્વરૂપની ચર્ચાઓ થઈ છે, પણ વેદોત્તરકાળ માં તો ઉત્તરોત્તર શિવનું માહાત્મ્ય, શિવનું વર્ણન, શિવપરક ચિંતન મનન વધતું રહ્યું છે. વેદોએ રુદ્રની સ્તુતિ કરતાં અથવા તેનું સ્વરૂપ વર્ણવતા કહ્યું કે –

नमो नीलग्रीवाय च शितिकण्ठाय च ।[૩૯]

અર્થાત્ ‘ નીલકંઠ અને શ્વેતકંઠ વાળાં રુદ્રનાં પ્રતિ મારા વારંવાર પ્રણામ છે. સૃષ્ટિનાં સમયે ચેતનનાં એકભાગ રૂપ કંઠમાં બીજ શક્તિ માયાનાં રૂપમાં ભાસિત થાય છે. અને પ્રલયનાં સમયે આ માયા શક્તિ  બીજશક્તિનાં રૂપમાં રહે છે. આ અભિપ્રાય થી જ રુદ્ર, નીલકંઠ અને શ્વેતકંઠ છે. આ વેદોની વાતને આગળ વધારતાં તૈત્તિરીય આરણ્યક માં કહેવાયું કે –

ऋतं सत्यं परं ब्रह्म पुरुषं कृष्णपिङ्गलम् ।

उर्ध्वरेतं विरूपाक्षं विश्वरूपाय वै नमः ॥

– तैत्तिरीयारण्यक १०/१२

ઉત્તમ સ્વરૂપ ‘ऋतम्’ (રુદ્ર) જ સત્યમ્ (બ્રહ્મા) છે. રુદ્ર એ કંઠમાં માયારૂપી તમને ધારણ કરેલ છે. અને વામભાગમાં ઉમાને ધારણ કર્યા છે. તે પરિણામ રહિત, ત્રિપાદ સ્વરૂપ, કૂટસ્થ, નિરાકાર, સમસ્ત, જગતનાં આકારમાં વિવર્તરૂપે વ્યાપક અને પ્રસિદ્ધ રુદ્ર પુરૂષને નમસ્કાર છે. ઋગ્વેદમાં તો આ રુદ્રનાં સ્વરૂપને ઘણી રીતે વર્ણવાયું છે,  જેમકે જે રુદ્ર અગ્નિ સોમાત્મક સુન્દર ધનુષ બાણને ધારણ કરે છે. (અહીં ‘અગ્નિ’ભોક્તા અને પ્રકાશરૂપ અમૃત છે. ‘સોમ’ ભોગ્ય તેમજ અપ્રકાશરૂપ મૃત્યુ છે. પ્રાણશક્તિઓની જ બાહ્યાવસ્થાનું નામ મૃત્યુ શક્તિ અને ક્ષર છે.) આ કાર્યાત્મક સુન્દર બાણોને અક્ષરરૂપ ઉત્તમ ધનુષમાં ધારણ કરનાર તે તૃતીયપુરુષ રુદ્ર છે. તે રુદ્ર જ સમસ્ત બ્રહ્માંડનાં પરમ સુખનો આધાર છે. તે સિવાય તમામ પ્રપંચ દુઃખ સ્વરૂપ છે. હે મારા ચંચળ મન! જો આ લોક અને પરલોકનાં ફળ ભોગવવાની ઈચ્છા છે, તો યજ્ઞો દ્વારા તેની પૂજા કર, તેમજ

ગાયત્રી આદિ મન્ત્રો વડે તેની પ્રાર્થના કરી, મુક્તિરૂપી ઉત્તમ શાંતિને માટે અભેદભાવથી નિરન્તર તેનું ધ્યાન કર. તે જ પ્રાણાદિ વ્યાપાર રહિત તેમજ પ્રાણશક્તિનાં પ્રેરક સ્વયં પ્રકાશ અને શુદ્ધ જ્ઞાન સ્વરૂપ છે.[૪૦] શતપથબ્રાહ્મણમાં પણ રુદ્રનાં નામોની ચર્ચા થઈ છે અને કહેવાયું છે કે –

– अग्निर्वै स देवः । तस्यै तानि नामानि शर्व इति यथा प्राच्या आचक्षते । भव इति यथा बाहिका : पशूनां पती रूद्रोऽग्निरिति तान्यस्या शान्तान्येवेतराणि नामानि अग्निरित्येव शान्ततमम् ॥

– शतपथ ब्राह्मण १/७/३/८

અહીં શતપથ બ્રાહ્મણમાં રૂદ્ર અને અગ્નિને એકરૂપ કહેવાયાં છે. અગ્નિનું જ બીજું સ્વરૂપ રુદ્ર છે. જેને પ્રાચ્ય લોકો ‘શર્વ અને બાહિક લોકો ‘ભવ’ કહીને સંબોધે છે. આ રુદ્ર અદ્વિતીય છે. ઉપનિષદો તો રુદ્ર ને પરબ્રહ્મ તરીકે વર્ણવતા કહે છે કે –

क्षरं प्रधानममृताक्षरं हरः

क्षरात्मानावीशते देव एकः ।

तस्याभिध्यानाद्योजनात् तत्वभावाद्

भूयश्चान्ते विश्वमाया निवृत्तिः ॥[૪૧]

આવરણાત્મક આધાર મૃત્યુશક્તિ ક્ષર અને પ્રકાશાત્મક આધેય આભ્યન્તર પ્રાણ જ અક્ષર છે. ઘોર અને અઘોરમય શરીરોને ધારણ કરી, બ્રહ્મા અને જીવરૂપથી સમષ્ટિ તેમજ વ્યષ્ટિ – બ્રહ્માંડ અને પિંડનું શાસન કરનાર એક અદ્વિતીય રુદ્ર જ દેવ છે. તે રુદ્રનો અભેદચિંતન કરવાથી સ્વ–સ્વરૂપ સાક્ષાત્કાર સાથે સમષ્ટિ–વ્યષ્ટિ માયારૂપ ઉપાધિ વિલીન થઈ જાયૃછે. જેમ સ્વપ્નનાં પદાર્થો જાગૃત અવસ્થામાં વિલીન થઈ જાય છે, તે પ્રમાણે જ અપરોક્ષ જ્ઞાનમાં માયા ‘અદશ્ય થઈ જાય છે. વેદોએ કહ્યું કે અનન્ત પાણિઓનાં શિર, નેત્ર, મુખ અને પગ આદિ બધાંજ અંગો રુદ્રનાં જ છે, અર્થાત્ બધું તેની સત્તામાં જ કલ્પિત છે. તેને બધાં જ પ્રાણિઓની અંદર શયન કરવાથી પુરુષ કહેવાય છે. તે રુદ્ર સમષ્ટિ–વ્યષ્ટિ બ્રહ્માંડપિંડને પોતાની સત્તા વડે ઘેરીને સર્વત્ર સામાન્ય રૂપે વ્યાપક હોવાં

છતાં દશદિશાવ્યાપી બ્રહ્માંડનાં શિરોભાગ સત્ય લોકમાં વિશેષ બ્રહ્મરૂપથી સ્થિત છે. આ બ્રહ્મ જ સૂર્યમંડળમાં ભર્ગરૂપે બિરાજમાન છે. અને સૂર્યમંડળ – અભિમાની, ચેતનરુદ્ર– પુરુષ જ દશપ્રાણયુક્ત વ્યષ્ટિમાં  શરીરમાં અગિયારમાં જીવરૂપે પ્રવિષ્ટ થયેલ છે . તૈત્તિરીય આરણ્યકમાં આવી જ કંઈક વાત રુદ્રને માટે કહેવાઈ છે. –

सर्वो वै रूद्रस्तस्मै रूद्राय नमो अस्तु । पुरुषो वै रूद्रः सन्महो नमो नमः । विश्वं भूतं भुवनं चित्रं बहुधा जातं जायमानं च यत् । सर्वो ह्येश रूद्रस्तस्मै रूद्राय नमो अस्तु।

–तैतरीयारण्यक १०/१६

જે રુદ્ર ઉમાપતિ છે, તે જ બધાં શરીરોમાં જીવરૂપે પ્રવિષ્ટ છે. તેને નિમિત્ત અમારા પ્રણામ હો. પ્રસિદ્ધ એક અદ્વિતીય રુદ્ર જ પુરુષ છે, તે બ્રહ્મલોકમાં બ્રહ્મારૂપે, પ્રજાપતિલોકમાં પ્રજાપતિ રૂપે, સૂર્યમંડળમાં વિરાટરૂપે તેમજ દેહમાં જીવરૂપે સ્થિત છે. તે મહાન સચ્ચિદાનંદ સ્વરૂપ રુદ્રને વારંવાર પ્રણામ હો. સમસ્ત ચરાચરાત્મક જગત્ જે વિદ્યમાન છે, થઈ ગયું છે, તેમજ જે થશે, તે બધું જ રુદ્રની સત્તાથી અલગ ન હોઈ શકે. આ બધું રુદ્ર જ છે. આ રુદ્રનાં પ્રતિ પ્રણામ હો.

आ वो राजानमध्वरस्य रूद्रं होतारं सत्ययजं रोदस्यो : ।

अग्निं पुरा तनयित्नोरचित्ताद्धिरण्यरूपमवसे कृणुध्वम्  ॥

–सामवेदीय कौथुमीय संहिता १/७/७

‘પોતાનાં પત્નીરૂપ અવ્યાકૃતનાં મધ્યમાં પૂજ્ય બ્રહ્માને પ્રગટ કરનારાં યજ્ઞનાં પ્રતિપાલક, જ્યોતિઃ સ્વરૂપ(અગ્નિ), વ્યાપક, સ્વામીરુદ્રની, વજ્ર સમાન ભયંકર મૃત્યુથી પહેલાં પોતાની રક્ષાને માટે થઈ બધાં જ મનુષ્યો કર્મ, ઉપાસના, અને જ્ઞાન દ્વારા અર્ચના કરે.’

આમ બ્રાહ્મણગ્રન્થો અને આરણ્યકો માં રુદ્રનું મહત્વ વધારે નજરે પડે છે. આ પ્રમાણે તદુત્તરકાલીન અર્થાત્ ઉપનિષદ્ અને પુરાણોમાં તો સર્વત્ર શિવતત્વની જ ચર્ચાઓ મળે છે. સમય સમયાન્તરે રુદ્રનાં ભક્તો વધતાં ગયાં અને શૈવ સમ્પ્રદાય પણ વિશાળ થતો ગયો. તમામ દેવોમાં માત્ર એક શિવ જ એવાં છે કે જેને દેવો અને દાનવો બન્ને

સમાન મહત્વ આપે છે. બધાં જ લોકો શિવનાં આવાં સ્વરૂપને જાણીને તેની ઉપાસના કરે છે. પુરાણોત્તર સાહિત્યમાં તો  ઘણાં કવિઓએ શિવપરક ગ્રન્થો લખ્યાં છે, સ્તુતિઓ લખી છે, જે આજે પણ એટલી જ લોકપ્રિય અને દ્રઢભક્તિ વર્ધક છે.  શિવનાં અમુક નામો કે જે આજે પણ પ્રચલિત છે, તેનો ઉલ્લેખ પણ આરણ્યક કાળમાં જોવાં મળે છે. જેમકે–

अम्बिकापतये उमापये नमो नमः ।

–तैत्तिरीयारण्यक १०/१८

અહીં અમ્બિકાપતિ તેમજ ઉમાપતિ જેવાં અર્વાચીનકાળમાં પ્રચલિત શિવનાં નામોનો ઉલ્લેખ મળે છે. આ આરણ્યકમાં જગન્માતાનાં સ્વામી જ્ઞાનરૂપિણી ઉમાને અર્ધાંગમાં ધારણ કરનાર રુદ્રને મારા વારંવાર પ્રણામ હો. એવી પ્રાર્થના થઈ છે. શિવને માટે કહેવાયું છે કે – નવદ્વારવાળાં સ્થૂળ દેહનાં મધ્યે હૃદય કમળ છે. તેમાં દેહનાં ધર્મને, અભેદરૂપથી પોતાનાં વ્યાપક સ્વરૂપમાં માનનાર ક્ષેત્રજ્ઞ સ્થિત છે. આ જીવ જ માયાનાં ત્રિવૃત્તરૂપથી ઢંકાયેલ છે. વિરાટ સૂત્રાત્મા, અવ્યાકૃત આ ત્રણ આવરણો બ્રહ્માંના છે. સ્થૂળ, સૂક્ષ્મ, કારણદેહ આ ત્રણ આવરણો જીવનાં છે. આવરણ રહિત તુરીયસ્વરૂપ જીવ અને પ્રસિદ્ધ પૂજ્ય સ્વરૂપ રુદ્રને અભેદરૂપથી જાણનાર જ જાણી શકે છે. 'ज्योर्तिहरः',[४२] 'सविता हरः'[४३] જ્યોતિસ્વરૂપ હર છે, જગતની ઉત્પત્તિ, સ્થીત અને સંહાર કરનાર પણ શિવ છે.

'सविता पश्चातात् सविता पुरस्तात् सवितोत्तरातात् सविताधरातात् । सविता नः सुवतु सर्वतातिं सविता नो रासतां दीर्घमायुः ॥[४४]

રુદ્ર પાછળ છે, હર આગળ છે, સવિતા દક્ષિણે છે, ઈશાન ઉત્તર તરફ છે, સવિતા અમારે માટે બધાં જ સુખની પ્રેરણા કરે, રુદ્રદેવ અમારે માટે દીર્ઘ આયુ પ્રદાન કરે.

इन्द्रं मित्रं वरूणमग्निमाहु

रथो दिव्यः स सुपर्णो गरूत्मान् ।

एकं सद् विप्रा बहुधा वदन्त्यग्निं

यमं मातरिश्वानमाहुः ॥[४५]

આ મન્ત્રમાં 'અગ્નિ' શબ્દ બે વખત આવ્યો છે. એક વખત દેવતાને માટે જ્યારે બીજીવખત રુદ્રને માટે. જે એક રુદ્ર છે, તેને જ વિવિધ રૂપે મન્ત્રદૃષ્ટા ઋષિ વર્ણન કરતાં– ઈન્દ્ર, વરૂણ, મિત્ર, અગ્નિ, વાયુ, યમ અને ઉત્તમ પ્રકાશ યુકત, ઉદય–અસ્ત રૂપે ગમન કરનાર, સૂર્યરૂપ પક્ષી આદિનામોંથી સંબોધિત કરતાં હતાં. આ વિષયમાં બ્રાહ્મણગ્રન્થોમાં પણ ઘણી જગ્યાએ ઉલ્લેખ મળે છે.જેમ તૈત્તિરીય બ્રાહ્મણમાં કહેવાયું છે કે–

अग्निं वै देवानां प्रथमं यजेत् ।– तैत्तिरीय ब्राह्मण ३/७/१/८

સૌ દેવતાઓથી પહેલાં અગ્નિનું પૂજન (અગ્નિહોત્ર) કરવું જોઈએ. અહીં પણ અગ્નિરૂપી રુદ્રની જ વાત થઈ છે. અન્ય બ્રાહ્મણ ગ્રન્થોમાં જોઈએ તો ત્યાં પણ કંઈક આવું જ વર્ણન રુદ્રને (અગ્નિનાં રૂપમાં) માટે મળે છે, જેમકે–

अग्निर्वै देवानां प्रथमः ॥ –ऐतरेय ब्राह्मण २०/१/१

अग्निर्मुखं प्रथमो देवतानाम् ॥ –ऐतरेय ब्राह्मण १/९/२

બધાં જ દેવોનું મુખ પ્રથમ અગ્નિ છે. અગ્નિમાં હવન કરાયેલ હવિને અગ્નિમુખીથી ગ્રહણ કરી દેવતાઓ તૃપ્ત થાય છે. જેમ આપણાં મુખ દ્વારા ખવાયેલ અન્ન સમ્પૂર્ણ શરીરને પુષ્ટ કરે છે, તે પ્રમાણે જ અગ્નિમાં હોમાયેલ હવિ પણ બ્રહ્માંડવર્તી દેવતાઓને તૃપ્ત કરે છે.

मुखं देवानामग्निः मुखत एव प्राणं दधाति ॥

– कपिष्ठल कठसंहिता ३१/२०

દેવતાઓનું મુખ અગ્નિ છે. અગ્નિરૂપ મુખથી જ બધાં પ્રાણ ધારણ કરી શકે છે. તૈત્તિરીય બ્રાહ્મણમાં પણ આ વાતનો ઉલ્લેખ મળે છે.

प्राणे निविष्टोऽमृतं जुहोमि ॥ शिवोमा विशाप्रदाहाय ॥

–तैत्तिरीयारण्यक १०/३४

હે હુતદ્રવ્ય ! તને પાંચે પ્રાણોમાં આહુતિ રૂપે હવન કરૂ છું. તૂં શિવરૂપ બની મારી ભૂખ–તરસ ને છિપાવવાં મારા શરીરમાં પ્રવેશ કર. ઋગ્વેદ આદિમાં પણ આવી પ્રાર્થના

છે કે– જે દ્વિજ રુદ્રસ્વરૂપ સવિતાને અને પાપને હરનાર અતિથિને હવન સહિત પ્રાણાહુતિથી તેમજ ભોજનથી તૃપ્ત નથી કરતો, તે માત્ર પાપી છે. અને પાપરૂપ ભોજન ખાનાર છે.

આ પ્રમાણે બ્રાહ્મણગ્રન્થો અને આરણ્યકોમાં પણ અગ્નિરૂપ રુદ્ર અને રુદ્રનાં અન્ય ઘણાં રૂપોનું વર્ણન મળે છે. બ્રાહ્મણગ્રન્થો અને આરણ્યકોનાં અધ્યયનથી તે વાત સિદ્ધ થાય છે કે– સામાન્યતઃ આપણે જે શિવનાં માત્ર એક જ રૂપનો વિચાર કરીએ છીએ, શિવ તેટલાં સીમિત નથી. શિવને કોઈ પરિધિમાં ન બાંધી શકાય, સમગ્ર દેવો સમગ્ર મનુષ્યો અને સમ્પૂર્ણ ચરાચરાત્મક વિશ્વ, આ બધુ રુદ્રનું જ સ્વરૂપ છે. રુદ્ર જ આ સમ્પૂર્ણ બ્રહ્માંડમાં વિલસી રહયાં છે.

## ૪.૪ ઉપનિષદોમાં શિવનું સ્વરૂપ

ઉપનિષદ્‌ને વેદનું ભાષ્ય કહી શકાય, વેદોમાં જે વાત સૂત્રાત્મક રીતે, સંક્ષિપ્ત રીતે કહેવાઈ હોય, તે ઉપનિષદોમાં વધુ વિસ્તાર પૂર્વક કહેવાય તે સ્વાભાવિક છે. તેથી જ આપણે જોઈ શકીએ છીએ કે ઉપનિષદ્‌કાળમાં શિવનું વધુ પ્રતિપાદન થયું છે. આમ તો ત્રિદેવોમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવને લોકો પૂજતાં હોય છે. પણ રુદ્રોપનિષદ્‌માં કહેવાયું કે પ્રયોજનવશ શિવે જ પોતાની મૂર્તિઓને ત્રણ રીતે વિભકત કરી છે.

प्रयोजनार्थं रूद्रेण मूर्तिरेका त्रिधा कृता ॥

– रूद्रहृदय उपनिषद् १५

તે કયું પ્રયોજન છે, જેને માટે તે અદ્વૈત તત્વ અનેક નામો અને રૂપોને સ્વીકૃત કરે છે ? તેનું સમાધાન બ્રહ્મસૂત્રમાં મળે છે. બ્રહ્મસૂત્રમાં કહેવાયું છે કે, લીલા(ક્રીડા) અતિરિકત આ સૃષ્ટિરૂપ વિધાતાનું કોઈ પ્રયોજન જ નથી.

लोकवत् तु लीलाकैवल्यम् ॥[૪૬]

અર્થાત્ તે અદ્વયતત્વ, કે જે સૃષ્ટિનાં રૂપમાં આવે છે, તેનું એક માત્ર પ્રયોજન છે – લીલાં. તે સિવાય તેનું અન્ય કોઈ જ પ્રયોજન નથી. આનન્દાભિલાષી જીવને સંસાર–સાગરથી પાર ઉતારવા માટે શિવ–તત્વાગમન જ સુદ્રઢ નાવ છે. કૈવલ્યોપનિષદ્‌માં શિવતત્વને માટે ઘણી સુંદર વ્યાખ્યા અને વર્ણન મળે છે કે–જે અચિન્ત્ય છે, અવ્યકત અને અનન્તસ્વરૂપ છે, કલ્યાણમય છે, પ્રશાન્ત છે,અમૃત છે, જે બ્રહ્મ એટલે કે નિખિલ બ્રહ્માંડનું મૂળ કારણ છે. જેનો આદિ, મધ્ય અને અન્ત નથી. જે એક જ અદ્વિતીય છે. વિભુ અને ચિદાનન્દ છે, રૂપ રહિત અને અદભૂત છે, તે ઉમા સહિત અર્થાત્ બ્રહ્મવિદ્યા સહિત પરમેશ્વરને સમસ્ત ચરાચરનાં સ્વામીને પ્રશાન્ત સ્વરૂપ, ત્રિલોચન, નીલકંઠ મહાદેવ અર્થાત્ પરાત્પર પરબ્રહ્મને, જે બધાં જ ભૂતોનું મૂળ કારણ છે, બધાંનું સાક્ષી છે, અવિદ્યાથી પરે પ્રકાશિત થઈ રહયું છે, તેને મુનિઓ ધ્યાન દ્વારા પ્રાપ્ત કરે છે.

अचिन्त्यमव्यक्तमनन्तरूपं,

शिवं प्रशान्तममृतं ब्रह्मयोनिम् ॥

तमादिमध्यान्त विहीनमेकं

विभुं चिदानन्दमरूपमद्रुतम् ॥

उमासहायं परमेश्वरं प्रभुं,

त्रिलोचनं निलकण्ठं प्रशान्तम् ॥

ध्यात्वा मुनिर्गच्छति भूतयोनिं,

समस्त साक्षिं तमसःपरस्तात् ॥॥

– कैवल्योपनिषद्। १/६–७

ઉપનિષદ્ કહે છે કે તે ઢદ્રજ બ્રહ્મા છે, તે જ શિવ છે. તે જ ઈન્દ્ર, અક્ષર, અવિનાશી પરમાત્મા અને તે જ વિષ્ણુ છે, તે કાળ છે. અગ્નિ અને ચન્દ્રમા પણ એ શિવ જ છે. જે કંઈ થઈ ગયું, જે ભવિષ્યમાં થવાનું છે, બધું જ એ પરમતત્વનું જ સ્વરૂપ છે. તે સનાતન તત્વને જાણી, પ્રાણી મૃત્યુથી પરે પહોચી જાય છે. તે સિવાય મુકિતનો અન્ય કોઈ પણ માર્ગ નથી.

स ब्रह्मा स शिवः सेन्द्रः सोऽक्षरः परमः स्वराट् ।

स एवं विष्णुः स प्राणः स कालोऽग्निः स चन्द्रमाः ।।

स एवं सर्वं यद्भूतं यच्च भव्यं सनातनमं ।

ज्ञात्वा तं मृत्युमत्येति नान्यः पन्था विमुक्तये ।।

–कैवल्योपनिषद्। १/८–९

આ પ્રમાણે તમામ ચરાચર જગત અને પોતાને સ્વયં પણ સદાશિવમાં વિરાજિત માની વિદ્વાન શિવરૂપ થઈ જાય છે. આત્માને અરણિ અને ૐ શિવને ઉતરારણિ બનાવી આ જ્ઞાન નિર્મન્થ કરી, અભ્યાસપૂર્વક બુદ્ધિમાન મનુષ્ય પોતાનાં સમસ્ત પાપોને નષ્ટ કરી શિવતત્વને પ્રાપ્ત કરી લે છે. ભગવાન શિવ જ નિજમાયાનાં કાર્ય–અન્તઃ કરણમાં પ્રતિબિમ્બિત જીવ રૂપે પ્રગટ છે. તે જીવ જ તેનાં અંશરૂપે શરીર ધારણ કરી, ભગત

અવસ્થામાં કલગ–અન્ન–પાન આદિ વિવિધ ભોગવિલાસ પદાર્થોથી તૃપ્ત થાય છે. સ્વપ્નનાં કલ્પિત સુખ–દુઃખનો અનુભવ કરે છે. અને જન્મ–જન્માંતરનાં કર્મયોગથી વારંવાર જન્માદિ ગ્રહણ કરી ત્રણે અવસ્થાઓમાં સુખ–દુઃખ આદિ ભોગ લીલાંઓ કરે છે. શિવ, તત્વ વેતા જીવ જયારે આનો અનુભવ કરી લે છે કે, ભગત–સ્વપન–સુષુપ્તિ આદિ પ્રપંચને જે ભગવાન પ્રકાશિત કરી રહયાં છે. તે સદાશિવ હું પોતે જ છું. ત્યારે તે સંસારનાં બધાંજ બન્ધનોથી છુટી જાય છે. અવસ્થા–ત્રયમાં જેજે ભોકતા, ભોગ્ય,ભોગ–પદાર્થ છે. તેનાંથી ભિન્ન સાક્ષિ, ચેતન હું સદાશિવ છું. જેમાં આ સકલ પ્રપંચ ઉત્પન્ન થાય છે, જેમાં પ્રતિષ્ઠિત છે, અને જેમાં લય થાય છે. તે અદ્વિતીય સત–ચિત આનંદ સ્વશ્પ શિવ હું જ છું. બધાં જ ગુણો મારામાં જ સમાયેલ છે.

अणोरणीयानहमेव तद्व,

न्महानहं विश्वमहं विचित्रम् ।

पुरातनोऽहं पुरूषोऽहमीशो,

हिरणमयोऽहं शिवरूपमस्मि ।।

હું અણું થી પણ અણું છું. તે પ્રમાણે મહાનથી પણ મહાન છું આ વિચિત્ર વિશ્વ મારૂ જ સ્વરૂપ છે. હું પુરાતન પુરૂષ છું. હું ઈશ્વર છું હું હિરણ્મય પુરૂષ બ્રહમા છું, હું જ શિવસ્વરૂપ છું આ સમ્પુર્ણ જગત તે ઉમા–મહેશ્વરનું જ સ્વરૂપ છે.

उमारूद्रात्मिकाः सर्वाः प्रजाः स्थावरजङ्गमाः ॥

व्यक्तं सर्वामुमारूपमव्यक्तं नु महेश्वरम् ॥॥

–रूद्रहृदयोपनिषद् – १०

ઉપનિષદો શિવનાં સ્વરૂપને વર્ણવતાં વ્યષ્ટિ–સમષ્ટિ બન્નેને શિવની અંદર આવરી લે છે. ઉપનિષદ કહે છે કે – સ્થાવર અને જંગમ બધુજ ઉમા–રુદ્ર સ્વરૂપ છે, વ્યકત–અવ્યકત બન્ને ઉમા–મહેશ્વર જ છે. જે વ્યકત છે તે ઉમા અને જે અવ્યકત છે તે મહેશ્વર છે. શતરુદ્રીયમાં પણ રુદ્રનાં સ્વરૂપને સુંદર રીતે વર્ણવાયું છે, જે મનુષ્ય શતરુદ્રિયનું

અધ્યયન કરે. તે પોતાને માયાથી પર અદ્વય, શિવસ્વરૂપ સમજે છે. તે અગ્નિપૂત, વાયુપૂત થાય છે. તે બ્રહમહત્યા, સુરાપાન, સુવર્ણસ્તેય, કૃત્યાકૃત્ય આદિ પાપોથી  છુટીને પવિત્ર થઈ જાય છે. અને સંસારનાં જન્મ–મરણ ચક્રથી પરે થઈ શિવ–સાયુજય ને પ્રાત્પ થાય છે. ભગવાન શિવનાં ઘણાં બધાં નામોનો પણ ઉપનિષદમાં ઉલ્લેખ મળે છે. જેમકે મહાદેવ, ભવ, દિવ્ય, શંકર, શમ્ભુ, ઉમાકાન્ત, હર,મૃડ, નીલકંઠ, ઈશ, ઈશાન, મહેશ, મહેશ્વર, પરમેશ્વર, ભર્ગ, શર્વ, રુદ્ર, મહારુદ્ર, કાલરુદ્ર, ત્રિલોચન, વિરૂપાક્ષ, વિશ્વરૂપ, વામદેવ, કાળ, મહાકાળ, કલવિકરણ,પશુપતિ આદિ અને કનામોનો ઉલ્લેખ મળે છે. જોકે શિવ સહસ્ત્ર નામ પણ છે. પરંતુ નારાયણોપનિષદમાં શિવનાં મુખ્ય અને પ્રસિદ્ધ જે નામો છે તે નામો વડે શિવને પ્રણામ કરવામાં આવ્યાં છે.–

शिवाय नमः शिवलिङ्गय नामः भवाय नमः भवलिङ्गाय नमः, शर्वाय नमः, शर्वलिङ्गाय नमः, बलाय नमः, बलप्रमथनाय नमः ।

**તેમજ**

अघोरेभ्योऽथघोरेभ्यः घोरघोरतरेभ्यः,

सर्वेभ्यः सर्वशर्वेभ्यो नमस्ते अस्तु रूद्ररूपेभ्यः ।

- ईशानः सर्वविद्यानामीश्वरः सर्वभूतानां ब्रह्माधिपति ब्रह्मणोऽधिपतिर्ब्रह्मा शिवो मे अस्तु सदा शिवोम् ।
- नमो हिरण्यवर्णाय हिरण्यरूपाय हिरण्यपतयेऽम्बिकापतये उमापतये पशुपतये नमो नमः ।

આ પ્રમાણે નારાયણોપનિષદમાં રુદ્રનાં સ્વરૂપનું વર્ણન કરતાં તેને ઘોર–અઘોર, શર્વ, ઈશાન, હિરણ્યરૂપ આદિનામોથી સંબોધિત કરાયાં છે. સર્વભૂતોનાં પતિ પણ ભગવાન્ શિવ છે. ઉમાપતિ અમ્બિકાપતિ આદિ નામોનો ઉલ્લેખ કરી ઉપનિષદોએ શિવ–શિવાનું અદ્વૈત સિદ્ધ કરવાનો પણ પ્રયાસ કર્યો છે. શ્વેતાશ્વતરોપનિષદમાં ભગવાન શિવની સર્વ–વ્યાપકતા અને વિરાટરૂપતાનું વર્ણન કરતાં કહેવાયું છે કે તે ભગવાન સર્વદિશામાં મુખ, શિર અને ગ્રીવા ધરાવતાર છે. સમસ્તપાણિઓનાં હૃદયરૂપ ગુફામાં નિવાસ કરે છે.

ઉલ્લેખનીય છે કે ગીતા પણ આ જ વાત કહે છે. – ईश्वरः सर्व भूतानां हृद्देशेऽर्जुन तिष्ठति તે સર્વ વ્યાપિ છે. તેથી તે કલ્યાણ સ્વરૂપ પરમેશ્વર બધી જ જગ્યાએ પહોંચેલ છે.

सर्वाननशिरोग्रीवः सर्वभूतगुहाशयः ।

सर्वव्यापी स भगवनंस्तस्मात् सर्वगतः शिवः ।।

– श्वेताश्वतरोपनिषद्

જે ઢદ્ર ઈન્દ્રાદિ દેવતાઓની ઉત્પતિ અવં વૃદ્ધિનાં હેતું છે. તેમજ જે બધાંનાં અધિપિતિ છે. મહાન જ્ઞાની (સર્વજ્ઞ) છે. જેણે પહેલાં હિરણ્યગર્ભને ઉત્પન્ન કર્યા હતાં, તે પહરમ દેવ પરમાત્મા અમને શુભબુદ્ધિથી સંયુકત કરે જે પોતાની સ્વરૂપભૂત વિવિધ શાસન–શકિતઓ દ્વારા આ બધાં લોકો પર શાસન કરે છે. તે ઢદ્ર એક જ  છે. તેથી જ વિદ્વાન પુરૂષોએ જગતનાં કારણનો નિશ્ચય કરતાં સમયે અન્યનો આશ્રય નથી લીધો.

यो देवानां प्रभवश्चोद्भवश्च,

विश्वाधिपो ढद्र महर्षिः ।।

हिरण्यगर्भं जनयामास पर्व,

स नो बुद्ध्यां शुभया संयुक्तु ।।

एको हि ढद्रो न द्वितीयाय तस्थु–

र्य इर्माल्लोकानीशत ईशनीभिः ।।

આ વાતને પ્રમાણિત કરવાં શ્રીમદ્ ભગવદગીતા પણ કહે છે કે તે દેવ ચારે તરફ આંખવાળો, ચારેતરફ મુખવાળો, ચારે દિશામાં હાથ–પગ ધરાવનાર, આકાશ અને પૃથ્વિની સૃષ્ટિ કરનાર તે એકમાત્ર દેવ મનુષ્યઆદિ જીવોને બે–બે હાથોથી યુકત કરે છે. તેમજ પક્ષી–પતંગીયા આદિને પાંખોથી યુકત કરે છે. તે પરમ પુરૂષ પરમાત્મા બ્રહ્માંડમાં બધાને બધી તરફથી ઘેરી લે છે. શિવ સર્વોતમ દેવ છે. આ સંસારમાં શિવ જ સઘળું છે. આ શિવતત્વને જ જાણવાંથી જીવ મુકત પણ થાય છે.

यस्मात् परं नापरमस्ति किंचित्,

यस्मान्नाणीयो न जयायोऽस्ति किंचित् ।

विश्वस्यैकं परिवेष्टितारं,

ज्ञात्वां शिवं शान्तिमत्यन्तमेति ।।

નારાયણોપનિષદ એવં જાબાલોપનિષદમાં ઢદ્રગાયત્રી પણ વર્ણવાયેલ છે, જે કંઈક આ પ્રમાણે છે.

*तत्पुरुषाय विद्महे महादेवाय धीमहि–,*

*तन्नो ढद्रः प्रचोदयात् ।*

આ ઢદ્ર ગાયત્રી મન્ત્રની સાધનાં પણ અનેક સાધકો કરે છે. અત્યન્ત ફળદાયક તેમજ સિદ્ધિદાયક છે. તે ઉપરાંત શિવને મૃત્યુનાં દેવ પણ કહેવાયાં છે, તેથી સ્વાભાવિક છે કે મૃત્યુને જીતવા માટે પણ શિવનાં ચરણમાં જ જવું પડે. તેથી જ નારાયણોપનિષદ્માં મૃત્યુથી જીતાવનાર શિવજીનાં પ્રસિદ્ધ મૃત્યુંજય મંત્રનો પણ ઉલ્લેખ મળે છે. જેની આજે લાખો લોકો પ્રતિદિન ઉપાસના જપ આદિ કરી, મનની શાંતિ અને દીર્ઘાયુ પ્રાપ્ત કરે છે. તે મૃત્યુંજય મંત્ર આ પ્રમાણે છે.

*त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्द्धनम् ।*

*उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय मामृतात् ।।*

*–नारायणोपनिषद्*

અહીં મૃત્યુથી છોડાવવાં અને અમૃતત્વ અપાવવાં માટે પ્રાર્થના થઈ છે. જાબાલ અને રામોત્તરતાપિની ઉપનિષદોમાં ભગવાન ઢદ્ર કુરૂક્ષેત્રમાં પ્રાણિઓને અન્તસમયે ' તારક' મંત્રનો ઉપદેશ આપે છે, જેથી જીવ અમર થાય છે, મુકિત પામે છે.

*'अत्र (कुरुक्षेत्रे) हिं जन्तोः प्राणेषूत्क्रममाणेषु ढद्रस्तारकं ब्रह्म व्याचष्टे येनासावमृतीभूत्वा मोक्षीभवति ।'*

બૃહજ્મલ અને ઢદ્રાક્ષ–જાબાલ ઉપનિષદોમાં શિવ–માહાત્મ્ય એવં શિવસ્મરણ પૂર્વક ભસ્મ અને ઢદ્રાક્ષ ધારણ કરવાથી શિવ–સાયુજય પ્રાપ્તિનું પણ વર્ણન છે.

*यज्ज्ञानाग्निः स्वातिरिक्तभ्रमं भस्म करोति तत् ।*

*वृहज्जाबालनिगम शिरोवेद्यमहं महः ॥*

*ढद्राक्षोपनिषद्वेद्यं महाढद्रतयोज्ज्वलम् ।*

*.................... शिव सायुज्यमापनोति ॥*

ગર્ભોપનિષદ્માં કહેવાયુ છે કે, ગર્ભસ્થજીવ દુઃખ નિવૃત્તિ માટે ભગવાન શિવથી પ્રાર્થના કરતો હોય છે. જયારે જીવ માતાનાં ગર્ભમાં આવે છે અને નવમાં મહિનામાં તેનાં અંગ પ્રત્યંગ પૂર્ણ થઈ જાય છે. જ્ઞાન–સામગ્રી (ઈન્દ્રિય, મન, બુદ્ધિ) નાં ઉદય થવાથી તેને પૂર્વ જન્મોમાં કરેલ શુભાશુભ કર્મોનું સ્મરણ થાય છે, અને તે પશ્ચાત્તાપ કરે છે કે–મે હજારો જન્મો લીધાં, વિવિધ પ્રકારનાં ભોજનો કર્યા, અનેક માતાઓનાં સ્તનોનું દૂધ પીધું અનેક વખત જન્મ્યો અને મર્યો, જે કુટુમ્બિઓનાં પાલન–પોષણ માટે મે નગણ્ય પાપ–પુણ્ય કર્મો કર્યા, તે પ્યારા કુટુંબિઓ તો ખાઈ–પીને, સુખ ભોગવીને ચાલ્યાં ગયાં, પરંતુ પાપોનું ફળ દુઃખ તો હું એકલો જ ભોગવી રહયો છું. હાય ! આ દુઃખનાં સમુદ્રમાં પડેલ હું નરક વડવાગ્નિમાં સળગી રહયો છું. આનાથી છૂટવાનો મને કોઈ ઉપાય નથી જડતો હું શું કરૂ ? કયાં જાઉ ? હે મહેશ્વર ! આ ઘોર સંકટમાં આપ મારી રક્ષા કરો. જો આ યોનિમાંથી હું છુટી જઈશ તો હે સમગ્ર પાપોનાં નાશ કરનારા દીનબન્ધો ! મુકિતપ્રદાતા ! હું તમારૂં ભજન કરીશ, આપનું ધ્યાન કરીશ.

*पूर्वयोनि सहस्राणि दृष्ट्वा चैव ततो मया ।*

*आहारा विविधा भूक्ताः पीता नानाविद्या स्तनाः ॥*

*यदि योन्याः प्रमुच्येऽहं तत्पप्रद्ये महेश्वरम् ।*

*अशुभक्षयकर्तारं फलमुक्ति प्रदायकम् ॥*

*–गर्भोपनिषद्*

આ સમ્પૂર્ણ જગત શિવ–શકિતમય છે. જેમ માટીનાં ઘડાની માટી અને અન્ય માટી ભિન્ન નથી, તેવી રીતે શિવ મૃત્તિકાતુલ્ય છે. શકિતયુકત શિવ ઈશ્વર સંજ્ઞક છે. તે બીજ–તુલ્ય છે. હિરણ્યગર્ભ અંકુર તુલ્ય છે. વૈશ્વાનર, પત્ર, પુષ્પ, ફળ, વૃક્ષ–તુલ્ય છે. આમ શકિતયુકત શિવ ઈશ્વર, હિરણ્યગર્ભ અને વિરાટ રૂપે અભિવ્યકત છે. સંપૂર્ણ જગતનું અભિન્ન નિમિત્તો પાદાન કારણ શિવ–તત્વ છે અતઃ જગત શિવરૂપ છે. પુરાણો શિવનાં સ્વરૂપને વર્ણવતાં કહે છે કે, નિર્ગુણ–નિરાકાર–શિવતત્વ, કાર્ય–કારણાતીત તરાત્પર પરબ્રહ્મ છે. સગુણ આકાર હિરણ્યગર્ભ અને વિરાટ 'કાર્યબ્રહ્મ' છે. જયાં કારણબ્રહ્મ સગુણ નિરાકાર છે. ત્યાં અચિન્ત્ય લીલાં–શકિતનાં યોગથી સગુણ આકાર પણ થઈ શકે છે. ભગવત્તત્વ જે ઉપાધિ થી યુકત હોય છે, તેનો શ્રી વિગ્રહ તે નિમિત્તથી અભિવ્યકત થાય છે, આ નિયમ છે. પશુ વિલક્ષણ પરાત્પર પરબ્રહ્મ પરમેશ્વરનું નામ શિવ છે. પાશ–સંયુકત, પશુતુલ્ય, અશિવ– જીવોને પાશ મુકત કરનારી ઉપાસના–શિવોપાસના છે.

*अशिवाः पाशसंयुक्ताः पशवः सर्वचेतनाः ।*

*यस्माद् विलक्षणास्तेभ्यस्तस्मादीशः शिवः स्मृतः ॥*

*–शिवोपनिषद् १/१०*

ત્રિગુણની સામ્યાવસ્થા પ્રકૃતિ છે. પ્રકૃતિ સહિત તેનાં પરિણામ–બુદ્ધિ (મહત્) અહં, શબ્દ,સ્પર્શાદિ પંચતન્માત્રાઓ, મન, શ્રોત્ર–વાક્ આદિ દશવિધ ઈન્દ્રિયો અને આકાશાદિ પંચભૂત–આ ચોવિસ તત્વોને 'પાશ' કહેવાય છે. સચ્ચિદાનન્દ હોવાં છતાં પણ અનાદિ અજ્ઞાનને કારણે આમાં ફસાયેલ જીવ શૈવાગમોમાં 'પશુ' મનાયો છે.

ત્રિગુણમયી પ્રકૃતિ જયાં સુધી બન્ધનમાં હેતું બની રહે છે. ત્યાં સુધી તેની અજ્ઞાન (અવિદ્યા) સંજ્ઞા રહે છે. શિવોપનિષદ્ અનુસાર અજ્ઞાન પરચ્ચીસમું તત્વ છે, જેમાં તાદાત્મ્યાપન્ન, અજ્ઞ જીવ છવ્વીસમું તત્વ છે. નિત્ય–શુદ્ધ–બુદ્ધ–મુકત સર્વેશ્વર જીવ સત્યાવીસમું શિવતત્વ છે. શિવતત્વનાં વિચારથી તત્વ–વિજ્ઞાન અને તત્વ–વિજ્ઞાનથી મુકિત સંભવ છે. આ પુરાણમાં જ કહેવાયયું છે કે – ભકિતભાવ પૂર્વક 'શિવ' નામોચ્ચારણથી શીઘ્ર સમસ્ત પાપોની નિવૃત્તિ અને શિવ–પદની પ્રાપ્તિ સુનિશ્ચિત છે.

*नामसंकीर्तनादेव शिवस्याशेषपातकैः ।*

*यतःप्रमुच्यते क्षिप्रं मंत्रोऽयं द्व्यक्षरः परः ॥*

*यः शिवं शिवमित्येवं द्व्यक्षरं मन्त्रमभ्यसेत् ।*

*एकाक्षरं वा सततं स याति परमं पदम् ॥*[૪૭]

પ્રત્યેક વ્યકિતનું અંતઃકરણ શિવાયતન છે. હૃદય અંતઃકરણનું અભિવ્યંજક છે. હૃત્‌પદ્મ–વેદિકા 'ૐ'કાર લિંગ છે, પુરૂષ લિંગનો સ્થાપક છે, સત્ય સમ્માર્જન છે, અહિંસા ગોમય છે, સંતોષ પુણ્ય છે, પ્રાણાયામ ધૂપ છે, પ્રત્યાહાર નૈવેદ્ય છે, શાન્તિ જળ છે, વૈરાગ્ય ચન્દન છે, અસ્તેય પ્રદક્ષિણા છે. આ પ્રમાણેનું શિવાર્ચન શિવલોક પ્રદ અને શિવાત્મ–વિજ્ઞાનપ્રદ છે. શિવયોગી, શિવજ્ઞાની, શિવમયી, શિવતપી અને શિવકર્મી આ પાંચેય નિઃસંદેહ મુકિતલાભ પામે છે.

આગ્નેય વારૂણ, માન્ત્ર,વાયવ્ય, ઐન્દ્ર, માનસ, શાન્તિ (ક્ષમા) અને જ્ઞાન આ અષ્ટવિધ સ્નાન યથાવસરે  યથાયોગ્ય રીતે શિવોપાસકોને માટે યોગ્ય છે. રૂદ્રમન્ત્રથી વિધિવત્ વિનિર્મિત ભસ્મવિલેપનનું નામ 'આગ્નેય' સ્નાન છે. જલસ્નાન 'વારૂણ' સ્નાન છે. મૂર્ધાને હાથથી સ્પર્શ કરતાં શિવ ધ્યાનપૂર્વક એકાદશી શિવનામોચ્ચારણ 'માન્ત્ર' સ્નાન છે. વાતનિક્ષિપ્ત ગોપદરજ સ્નાન 'વાયવ્ય' સ્નાન છે. સૂર્યાલોકની સ્થિતિમાં વરસતા જળ થી ઐન્દ્ર દિશામાં સ્થિત થઈ કરવામાં આવતું સ્નાન 'ઐન્દ્ર' સ્નાન છે. સર્વતીર્થોનું સ્મરણ કરતાં, હાથથી જળગ્રહણ કરી શિરપર પ્રોક્ષણ કરવું 'માનસ' સ્નાન છે. ભીષણ તાડના અને તિરસ્કાર પ્રાપ્ત થવાં છતાં અનુદ્વિગ્ન અને આક્રોશરહિત રહેવું 'ક્ષમા' સ્નાન છે. તીર્થયાત્રિઓ, યોગિઓ, તપસ્વિઓ, અને બ્રહ્મવેત્તાઓને જે પ્રમાણે ફળની પ્રાપ્તિ થાય છે, તે ફળની પ્રાપ્તિ ક્ષમાશીલને થાય છે.શિવોપનિષદ્‌માં કહેવાયું છે કે–

*पृथिव्यां यानि तीर्थानि सरांस्यायतनानि च ।*

*तेषु स्नातस्य यत् पुण्यं तत्पुण्यं क्षान्तिवारिणा ॥*

*यैव ब्रह्मविदां प्राप्तिर्यैव प्राप्तिस्तपस्विनाम् ।*

*यैव योगाभियुक्तानां गतिः सैव क्षमावताम् ॥*[૪૮]

આ પ્રમાણે શિવવિજ્ઞાનથી સ્નાન 'જ્ઞાન–સ્નાન' છે. શિવવિજ્ઞાની સૂર્યરશ્મિવત્ નિત્ય શુદ્ધ રહે છે. આગળ આ ઉપનિષદ્‌માં કહેવાયું છે કે–

*ज्ञानामलाम्भसा स्नातः सर्वदैव मुनिः शुचिः ।*

*निर्मलः सुविशुद्धश्च विज्ञेयः सूर्यरश्मिवत् ॥*[૪૯]

શિવોપાસના માટે જળ, મંત્ર, દયા, દાન, સત્ય, ઈન્દ્રિયસંયમ, જ્ઞાન, શૌચભાવાત્મ શુદ્ધિરૂપ અષ્ટિવિધ શૌચનું પણ નિત્ય સેવન કરવું જોઈએ, તે શૌચ જેમકે–

*जलं मन्त्रं दया दानं सत्यमिन्द्रियसंयमः ।*

*ज्ञानं भावात्मशुद्धिश्च शौचमष्टविधं श्रुतम् ॥*[૫૦]

આમ ઉપનિષદો શિવતત્વનું નિરૂપણ કરતાં કહે છે કે શિવ, તમોગુણનાં નિયામક છે. રુદ્રરુપથી સંહારક હોવા છતાં પણ શિવરૂપે તેઓ અનુગ્રાહક છે. ઈશાવાસ્યોપનિષદ્‌માં *'ईश'* રૂપે, કેનોપનિષદમાં યક્ષાવતાર પરબ્રહ્મરૂપે તેનું પ્રતિપાદન થયું છે. રુદ્રાષ્ટાધ્યાયીમાં 'રુદ્ર' રૂપથી તેની ઉપાસના છે. ભગવત્તત્વનું નિગ્રહ અને સંહાર પ્રધાન નામ રુદ્ર છે. તેમજ અનુગ્રહપ્રધાન નામ 'શિવ' છે. તેઓ કાશીમાં મૃત્યુપામનાર જીવોને 'રામ'મન્ત્રનો ઉપદેશ આપી ભવસાગરથી તારે છે. શિવનું આ તારકેશ્વરરૂપ સદગુરૂ–રૂપ છે. જે બધાંનાં ઈશ્વર છે, તે જ તારક અને સદગુરૂ હોઈ શકે છે.

રામ–કૃષ્ણાદિરૂપથી તેની જ ઉપનિષદોમાં અભિવ્યકિત થઈ છે. તે ભગવાન શિવ જ વિવિધ શકિતઓનાં રૂપમાં આ પૃથ્વીપર સમયાન્તરે અવતરિત થાય છે અને દુષ્ટોનો સંહાર કરી પુનઃ સુવ્યવસ્થાનું સ્થાપન કરે છે. તે શિવરૂપે આવે કે શકિતરૂપે આવી અને મહિષાસુર જેવાં અસુરોનો વિનાશ કરે, શાસ્ત્રોમાં શિવ–શિવાને અદ્વૈત કહ્યાં છે. જયારે આ શિવ અને પાર્વતી બન્ને શકિતઓ મળે છે, ત્યારે તે પરમશકિત બને છે. અર્થાત્ તે હંમેશા મળેલ જ રહે છે. જેમ યોગબીજ માં કહેવાયું કે – *'शिवशक्ति समायोगाज्जायते परमा स्थितिः ।* 'એમ શકિત અને શકિતમાનમાં નામમાત્રનું પણ અન્તર અથવાં ભિન્નતા નથી તેઓ બે છે જ નહીં. સ્તર અથવા તાત્વિક પ્રક્રિયાથી ભલે આપણને બે ભાસિત થાય, પરંતુ તે એક જ સત્તા છે.

*शिवस्याभ्यन्तरे शक्तिः शक्तेराभ्यन्तरः शिव : ।*

*अन्तरं नैव जानीयाच्चन्द्रचन्द्रिकयोरिव ॥*

આ પ્રમાણે સંપુર્ણ સારસમ્યથી આ પૃથ્વીપર શકિત અને શકિમાન એક–બીજાથી અભિન્ન છે. તટસ્થ, અસંગ,શિવ સર્વત્ર વ્યાપક છે. શિવને ધારણ કરનારી શકિત સ્વભાવતઃ વ્યાપક છે. શિવમાં શકિત છે, શકિતમાં શિવ છે. પાણિનીય વ્યાકરણની ઉત્પત્તિ પણ આ વિદ્યાનિધાન ભગવાન શિવથી જ મનાય છે. જેમણે પ્રથમ સૃષ્ટિકર્તા બ્રહ્માને આવિર્ભૂત કર્યા, અને ત્યાર પછી સર્ગનાં આદિમાં તેમણે વેદ–વિદ્યાનો ઉપદેશ કર્યો. ઉપનિષદ્ કહે છે કે–

*यो ब्रह्माणं विदधाति पूर्वं*

*यो वै वेदाश्च प्रहिणोति तस्मै ।*

*ते ह देव मात्मबुद्धिप्रकाशं*

*मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥*

*–श्वेताश्वतरोपनिषद् ६/१८*

આ પ્રમાણે પરમેશ્વર, ઈશાન, શિવનાં વિવિધ કલ્યાણકારી સ્વરૂપોની ચર્ચા ઉપનિષદોમાં થઈ છે. ઉપનિષદ્‌ને બ્રહ્મવિદ્યા કહેવાય છે. તેથી શિવતત્વનું નિરૂપણ ઉપનિષદ્‌માં હોય તે સ્વાભાવિક વાત છે. ઉપનિષદોએ રુદ્રને જ પરબ્રહ્મ તરીકે વિવિધ રીતે વર્ણવ્યાં છે. સંક્ષેપમાં જોઈએ તો ઉપનિષદોમાં રુદ્રની પ્રધાનતાનું વર્ણન અનેક જગ્યાએ થયું છે. જેમકે છાન્દોગ્ય(૩/૭/૪), બૃહદારણ્યક (૩/૯/૪), મૈત્રી (૬/૪), મહાનારાયણ (૧૩/૨), નૃસિંહતાપની (૧/૨), શ્વેતાશ્વતર (૩/૨,૪), આદિ પ્રાચીન ઉપનિષદોમાં રુદ્રનાં વૈભવ તેમજ અમિટ પ્રભાવનું વર્ણન પ્રાપ્ત થાય છે.

## ૪.૫ રામાયણ અને મહાભારતમાં શિવનું સ્વરૂપ :

વેદ, ઉપનિષદ, પુરાણ પછી રામાયણ અને મહાભારતમાં જયારે દ્રષ્ટિ કરીએ છીએ ત્યારે આપણને અહીં ભગવાન શિવનું કલ્યાણકારી રૂપ વધુ દેખાય છે. વેદ, બ્રાહ્મણ,આરણ્યક વગેરેમાં શિવને એક એવા તત્વ તરીકે વર્ણવાયા છે કે, જે સર્વત્ર વ્યાપ્ત છે. અગ્નિ, સૂર્ય, વાયુ આદિ તમામ દેવોની શકિતઓને રુદ્રની શકિત તરીકે ત્યાં વર્ણવાઈ છે. ત્યાર પછી ઉપનિષદ કાળમાં શિવને ત્રિદેવોમાં શ્રેષ્ઠ અને પુરાણોમાં રુદ્રની વિવિધ શકિતઓ અને વિભિન્ન સ્વરૂપો જેવાં કે– રૌદ્ર, ભયાનક, કાળ ઉપરાંત કલ્યાણમયનું વર્ણન વિસ્તૃત રીતે મળે છે.

રામાયણ અને મહાભારતમાં શિવનું સૌમ્યસ્વરૂપ, સમાધિસ્થ સ્વરૂપ વધારે નઝરે ચડે છે. સંશોધનનાં આધારે એવું પણ કહી શકાય કે વેદકાળથી લઈને રામાયણ કાળ સુધીની સાહિત્યિક યાત્રામાં અથવા જનમાનસમાં શિવનું એક નિશ્ચિતસ્વરૂપ સ્થાયી થઈ ચુકયું હતું. તે સ્વરૂપ કંઈક આવું હતું. –

*कर्पूरगौरं करूणावतारं संसार सारं भुजगेन्द्रहारम् ।*

*सदावसन्तं हृदयारविन्दे भवं भवानि सहितं नमामि ॥*

આવાં શાન્ત અને સમાધિસ્થ શિવ રામાયણ અને મહાભારતમાં સર્વત્ર જોવા મળે છે. 'શંકર'નો અર્થ છે કલ્યાણ કરનાર. તેથી ભગવાન શંકરનું અહીં આ મુખ્ય અને માત્ર એક જ સ્વરૂપ દેખાય છે–સૌનું કલ્યાણ કરવું. જેમ સંસારમાં લોકો અન્નક્ષેત્ર ખોલે છે. તેવી રીતે જ ભગવાન શંકરે કાશીમાં મુકિતનું ક્ષેત્ર ખોલી રાખ્યું છે. તુલસીદાસજીએ આ વિષયમાં કહયું છે કે–

*मुक्ति जन्म महिखानि ग्यान खानि अघ हानि कर ।*

*जह बस संभु भवानि सो कासी सेइअ कस न ॥*

*– श्री रामचरित मानस ४/१ सो.*

શાસ્ત્રોમાં પણ આવે છે કે *'काशीमरणान्मुक्ति'* કાશીએ શિવનું ધામ છે. રામાયણ–મહાભારતમાં આ કાશીનું પણ ખૂબ જ સુંદર અને માહાત્મ્યપૂર્ણ વર્ણન થયું છે.

કાશીને 'વારાણસી' પણ કહે છે. 'વરૂણા' અને 'અસી' બન્ને નદિઓ ગંગાજીમાં અહીં મળે છે. તે વચ્ચેનું ક્ષેત્ર 'વારાણસી' કહેવાય છે. આ ક્ષેત્રમાં મૃત્યુ પામનારને મોક્ષ મળે છે. જેનું વર્ણન પણ ગ્રંથોમાં સર્વત્ર મળે છે. શ્રી રામચરિત માનસમાં શિવને શ્રીરામનાં ઈષ્ટદેવ અને રામને શિવનાં ઈષ્ટદેવ દર્શાવાયાં છે. બન્ને એક બીજાને અતુલ્ય સમ્માન અને પ્રેમ આપે છે જે સર્વત્ર દ્રષ્ટિગોચર થાય છે. તુલસીદાસજીએ કહયું છે કે, મહામંત્ર 'શ્રીરામ' જ છે. સ્વયં વૈષ્ણવાચાર્ય ભગવાન શિવનું પણ કથન છે કે જગતમાં સાત કરોડ મહામંત્રોની સંખ્યા છે, પરંતુ બધાં જ મંત્રોમાં પરમતમ બે અક્ષરોનું નામ 'રામ' જ છે. જેમકે –

*सप्तकोटि महामंत्राश्चितविभ्रमकारकाः ।*

*एक एव परो मंत्रः राम इत्यक्षरद्वम् ॥*[५१]

તેથી જ શશાંકભૂષણ, વૈષ્ણવકુલભૂષણ, ભગવાન શંકર મહામન્ત્ર 'શ્રીરામ' નામનો અહર્નિશ જપ કરતાં રહે છે. સ્વયં ભગવતી ઉમાએ પણ ભગવાન શંકરથી શ્રીરામતત્વ–વિષયક જીજ્ઞાસા–કાળમાં કહયું છે કે–

*तुम्ह पुनि राम राम दिन राती । सादर जपहु अनंग आराती ॥*[५२]

અર્થાત્ કામદેવને નષ્ટ કરનાર મહામહેશ્વર આપ પણ અહર્નિશ શ્રદ્ધા–ભકિતપૂર્વક રામ–નામનો જ જપ કરતાં રહો છો. અધ્યાત્મ રામાયણમાં તો શિવનું કથન છે કે– હું પાર્વતી સહિત શ્રીરામ–નામ જપું છું.

*अहं भवन्नाम गृणन् कृतार्थो ।*

*वसामि काश्यामनिशं भवान्या ॥*

*मुमूर्षमाणस्य विमुक्तयेऽहं ।*

*दिशामि मन्त्रं तव राम नाम ॥*

*– अध्यात्म रामायण ६/१७/६२*

ભગવાન શિવ અયોધ્યાનાથ શ્રીરામને કહે છે કે – પ્રભો ! આપનાં નામોચ્ચારણથી

કૃતાર્થ થઈ હું પાર્વતી સહિત અહર્નિશ કાશીમાં નિવાસ કરૂ છું, અને ત્યાં મરણાસન્ન પ્રાણિઓને મુકિત અપાવવાં માટે તેનાં કાનમાં આપનાં તારક મન્ત્ર રામ–નામનો ઉપદેશ આપું છું. આમ રામાયણમાં સર્વત્ર શિવ અને રામનાં પ્રેમાત્મક સ્વરૂપનું વર્ણન મળે છે. કયાંક શિવ રામની સ્તુતિ કરતાં દેખાય છે, તો વળી કયાંક રામ સ્વયં 'રામેશ્વર' શિવની પૂજા કરતાં નઝરે ચડે છે. શિવ રામને અને રામ શિવને શ્રેષ્ઠ બતાવે છે. સ્કન્દપુરાણમાં ભગવાન શિવ દ્વારા કાશીમાં શ્રીરામનામ ગાન હેતું પ્રચાર–પ્રસાર કરવાનો ઉલ્લેખ મળે છે. જે કંઈક આ પ્રમાણે છે.–

*पेयं पेयं श्रवणपुटके रामनामाभिराम,*

*ध्येयं ध्येयं मनसि सततं तारकं ब्रह्मरुपम् ।*

*जल्प्यं जल्प्यं प्रकृति–विकृतौ प्राणिनां कर्णमूले*

*वीथ्यां वीथ्यामहति जटिलो कोऽपि काशी निवासी ॥*[૫૩]

અર્થાત્ નિત્ય કાશીમાં નિવાસ કરનારાં જટાધારી વ્યકિત (શિવ) કાશીની ગલી, ગલીમાં દેહાવસાન સમયે પ્રાણિઓને એવું કહેતાં – તૂ સદા તારક બ્રહ્મનું ધ્યાન કર, જે હું તારા કાનમાં સુંદર રામનામનો ઉપદેશ કરૂ છું તેનું પાન કર. આ પ્રમાણે રામનામ જપ દ્વારા કાશીશ્વર ભગવાન શિવ સ્વયં પવિત્ર થઈ નિત્ય અનન્ત જીવોને તારતાં રહે છે. જેમકે –

*रामनाम्ना शिवः काश्यां भूत्वा पूतः शिवः स्वयम् ।*

*स निरस्तारते जीव राशीन् काशीश्वरः सदा ॥*

*–शिवसंहिता २/१४*

રામચરિત માનસમાં પણ શિવનું આવું તારક સ્વરૂપ જ દેખાય છે. શિવ હિમાલયમાં હોય કે પછી કાશીમાં, પરંતુ નિરંતર જપ કરતા રહે છે. તે મહામન્ત્ર 'રામ' નામનો જપ કરે છે. શ્રી તુલસીદાસજી કહે છે કે –

*कासी मरत जंतु अवलोकी । जासु नाम बल करउ बिसोकी ॥*

*सोइ प्रभु मोर चराचर स्वामी । रघुबर सब उर अंतरजामी ।।*[५४]

આ યથાર્થ સત્ય છે કે શ્રીરામભકિતનાં વિશિષ્ટતમ આચાર્ય ભગવાન શિવ સમાન શ્રીરામનામની મહિમાને કોઈ નથી જાણતું બરવૈ રામાયણમાં પણ શિવની રામભકિત વિષયમાં ઉલ્લેખ મળે છે. શ્રીરામનું સુન્દરનામ શિવનાં મુખમાં હંમેશા સુશોભિત થતુ રહે છે. તેઓ અહર્નિશ આ મન્ત્રનો જપ કરે છે. આ વિષયમાં કહેવાયું છે કે–

*श्री मच्छम्भुमुखेन्दुसुन्दरवरे संशोभितं सर्वदा ।*[५५]

આચાર્યવર તુલસીદાસજીએ વિનય–પત્રિકા (૧૦૮)માં તો આજ્ઞા આપતા કહયું છે કે – જલ્દી કરો, વિલંબ ન કરો, શ્રીરામ નામનો ઉપદેશ ગ્રહણ કરો, જેનું ચિન્તન શિવ કરે છે તે બીજ મન્ત્ર જપો –

*बेगि बिलम्ब न कीजिए, लीजै उपदेश ।*

*महामंत्र (बीजमंत्र) जपिये सोई, जो जपत महेस ।।*[५६]

રામાયણમાં શિવને જગત કલ્યાણ માટે વિષપાન કરતાં દર્શાવાયા છે. શંભુ ને નીલકંઠ નામથી અનેકવાર સંબોધાયા છે કારણકે વિષને લીધે તેનો કંઠ નીલ થઈ  ચૂકયો છે. જયારે ભગવાન શિવ વિષપાન કરવાં લાગ્યાં, ત્યારે શિવગણોએ હાહાકાર મચાવ્યો. સમ્પૂર્ણ શિવગણ દુઃખી થઈ ગયા ત્યારે ભગવાન ભૂતભાવને આસ્વાસન આપતાં કહયું કે– ‘ભગવન શ્રીરામનું નામ સમ્પૂર્ણ મન્ત્રોનું બીજ છે, તે મારૂ જીવન છે, મારાં સર્વાંગમાં પૂર્ણતઃ પ્રવિષ્ટ પણ થઈ ચુકયું છે. તેથી હવે હાલાહલ વિષ હો, પ્રલયાનલ–જવાળા હો, કે પછી સાક્ષાત્ મૃત્યુ જ કેમ ન હોય, મને લેશમાત્ર પણ ભય નથી. જેમકે –

*श्रीराम नामामृत मन्त्रबीजं*

*संजीवनी चेन्मनसि प्रविष्टा ।*

*हालाहलं वा प्रलयानलं वा*

*मृत्योर्मुखं वा विशतां कुतो भीः ।।*

અથર્વવેદીય શ્રી રામોત્તરતાપનીયોપનિષદમાં કાશીશ્વર શ્રી વિશ્વનાથ દ્વારા

પરાત્પર પ્રભુ શ્રીરામનાં મન્ત્ર–જપ કરવાનો એવં વરદાન પ્રાપ્ત કરવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. શિવજી કાશિમાં એક હજાર મન્વન્તર સુધી જપ–હોમ–પૂજાનાદિ દ્વારા સર્વેશ્વર ભગવાન શ્રીરામની આરાધના કરતાં શ્રીરામમન્ત્ર જપનું અનુષ્ઠાન કરે છે. અનુષ્ઠાન સંપન્ન થતાં જ પ્રસન્ન થઈ ભકતવત્સલ ભગવાન રામે શિવને દર્શન આપ્યાં અને કહયું–'હે પરમેશ્વર ! આપને જે અભિષ્ટ હોય તે વરદાન માંગો' તે સાંભળી શિવ કહે છે કે – આ મણિકર્ણિકા તીર્થમાં, મારા કાશીક્ષેત્રમાં તેમજ શ્રી ગંગાજીમાં અથવા ગંગાતટ પર જે કોઈ પ્રાણી, પ્રાણ ત્યાગ કરે, તો આપ તત્કાલ તેને મુકિત આપો. ત્યારે ભગવાન રામ કહે છે કે – હે દેવેશ્વર ! આપનાં પાવનક્ષેત્રમાં પ્રાણત્યાગનારાં કીડા–મકોડા, જીવ–જન્તુઓ પણ સીધાં મારા ધામમાં જશે. મારા તારકમન્ત્ર દ્વારા જે કોઈ પણ અર્ચના કરશે, તે મોક્ષ પામશે જેમકે–

*मूमूर्षोर्दक्षिणे कर्णे यस्य कस्यापि वा स्वयम् ।*

*उपदेक्ष्यसि मन्मन्त्रं स मुक्तो भविता शिव ।।*[५७]

ત્યારથી જ ભગવાન શિવ પોતાનાં ધામમાં પોતાનાં પ્રાણધન ભગવાન શ્રીરામનું નિરન્તર સ્મરણ કરે છે. શ્રીરામનામ 'તારક' તેમજ બહ્મસંજ્ઞક છે. તેમજ બ્રહ્મહત્યાદિ સમ્પૂર્ણ પાપોનું વિનાશક છે. જેમકે–

*श्री रामेति परं जापयं तारकं ब्रहमसंज्ञकम् ।*

*ब्रह्महत्यादि पापध्न मिति वेदविदो विदुः ।।*

કદાચ આ શ્લોક વાંચીને જ તુલસીદાસજીએ પણ લખ્યું છે કે –

*'महामंत्र सोइ जपत महेसु । कासीं मुकुति हेतु उपदेसू ।।*

રામાયણ અને મહાભારતમાં શિવભકતોની સંખ્યા ઘણાં મોટાં પ્રમાણમાં હતી. બ્રાહ્મણોનાં ઈષ્ટ અને ઉપાસ્ય શિવ હતાં, રામચરિત માનસમાં કાગભુસુંડીનાં પ્રસંગમાં પણ ઉલ્લેખ મળે છે– કાગભુસુંડી સ્વયં પક્ષિરાજ ગરૂડજીને પોતાનાં પૂર્વજન્મની કથા સંભળાવતા વર્ણન કરે છે કે – હું તે જન્મમાં બ્રાહ્મણ હતો, ઘણાં વર્ષો અયોધ્યામાં રહયો. હું પણ શિવનો ઉપાસક હતો. તે શિવની જ કૃપા પ્રાપ્ત કરી અને ત્યાં મહાકાલવનમાં

શિવોપાસના કરવા લાગ્યો. ત્યાં મહાકાલેશ્વરનાં મન્દિરમાં શંભુનાં પરમ ઉપાસક એક સાધુ બ્રાહ્મણ, નિત્ય વેદવિધિથી શિવજીની પુજા કરતાં હતાં. હે પક્ષિરાજ ! શિવ–સેવા અતિરિકત બીજું કોઈ કામ જ ન હતું, તેઓ પરમાર્થ તત્વને જાણનાર હતાં. તેઓ શ્રી હરિનાં નિન્દક ન હતાં. બધાં જ રૂપોમાં એક સત્તાનો સ્વીકાર કરતાં હતાં.

*बिप्र एक बैदिक सिव पूजा । करइ सदा तेहि काजु न दूजा ।*

*परम साधु परमारथ बिंदक । संभु उपासक नहि हरि निंदक ॥*

તે સાધુ વિપ્રવરે કૃપા કરી મને શિવ–મંત્ર પ્રદાન કર્યો, હે પક્ષિરાજ ! મારી શિક્ષાભૂમિ ઉજ્જૈન રહી, ગુરૂજીએ મને શાંભવી દીક્ષા આપી. સદગુરૂ શિક્ષા આપે છે તો પોતાનું શિવસ્વરૂપ શિષ્યમાં પ્રવિષ્ટ કરાવી દે છે. 'ૐ નમઃ શિવાય' આ શંભુમંત્રનો ઉપદેશ કર્યો.

*संभु मंत्र मोहि द्विजवर दीन्हा । सुभ उपदेश विविध विधि कीन्हा ॥*

આ સંવાદથી આપણને જાણવાં મળે છે કે તે સમયમાં કર્મનિષ્ઠ લોકો શિવ પ્રત્યે અનન્ય ભકિત ધરાવતાં હતાં. રામાયણમાં શિવને ત્રિકાળદર્શી અને ભાવિને બદલી શકવામાં સમર્થ બતાવાયા છે. જો શિવ કોઈનાં ઉપર પ્રસન્ન થાય અને તેનાં ભવિષ્યને અથવાં તેનાં ભાગ્યને બદલવાં માંગે તો તેઓ તે કરી શકે છે. *'भाविक मेटि सकहिं त्रिपुरारी'* તે ઉપરાંત શિવને સમસ્ત જગતની આત્મા પણ કહેવાઈ છે. જેમકે – *'जगदातमा महेसु पुरारी '* શિવજીનાં સ્વરૂપનું વર્ણન શિવ–પાર્વતીનાં વિવાહ સમયે વર્ણિત છે. હિમાલયની પત્નિ મેનાને દેવર્ષિનારદ તેની પુત્રીનાં ભાવિ પતિનાં લક્ષણો અથવા અવગુણો જણાવતાં કહે છે કે –

*अगुन अमान मातु पितु हीना ।*

*उदासीन सब संसय छीना ॥*

*–मानस १/६७/७–८*

*जोगी जटिल अकाम मन नगन अमंगल बेष ।*

*अस स्वामी एहि कहं मिलहि परी हस्त असि रेख ॥*

*–मानस १/६७*

અહીં શિવનાં સ્વરૂપને અગુણ અર્થાત્ નિર્ગુણ નિરાકાર, જટિલ અર્થાત્ સરળતાથી સામાન્ય જન દ્વારા ન સમજી શકાય તેવું, અકામમન અર્થાત્ નિષ્કામ વર્ણવ્યું છે. સામાન્ય રીતે જોતા આ બધાં શિવનાં અવગુણો દેખાય પરંતુ જયારે વૈદિક પરબ્રહ્મનાં લક્ષણો સાથે સરખાવીએ ત્યારે આ બધાં અવગુણો જ બ્રહ્મનાં લક્ષણો પ્રતીત થાય  છે. નારદજીની સાંકેતિક ભાષા સમજાય છે. આ આગળ કહયું કે નગન–પારલૌકિક અર્થમાં દિશાઓ જ જેનાં વસ્ત્ર છે તે. દુનિયાને માટે અમંગલ પણ પોતે સ્વયં બધાંને માટે મંગલ. આમ શિવનાં તે પરમતત્વને રામયણમાં પણ યોગ્ય ન્યાય અપાયો છે. સાધક વધુ તે સ્વરૂપને પામે તે હેતુથી અતિ ઉદાર અને સરળ સ્વરૂપ દર્શાવાયું છે.

*निर्गुन निलज कुबेष कपाली । अकुल अगेह दिगंबर ब्याली ॥*[૫૮]

સમસ્ત દેવ ગણમાં, પછી તેમાં ત્રિદેવનો પણ સમાવેશ કરી લો, માત્ર એક શિવ જ એવાં દેવ છે કે જેને કામજિત્ અથવા અકામ કહેવાયાં છે. મદન દહન સમયે દેવોએ શિવની સમાધી ભંગ કરવા માટે થઈ ઘણાં પ્રયાસો કર્યા, પરંતુ શિવની સમાધિ વિક્ષિપ્ત નથી થતી. કારણકે તે રુદ્રની સમાધિ પણ અચલ છે. રામાયણમાં કહેવાયુ કે –

*सकलकला करि कोटि बिधि हारे सेन समेत ।*

*चली न अचल समाधि सिव कोपेउ हृदय निकेत ॥*[૫૯]

રુદ્રને તમોગુણનાં અધિષ્ઠાતા અને સૃષ્ટિસંહાર કર્તા કહેવાયાં છે. તે રુદ્ર, શિવ જયારે ક્રોધિત થાય ત્યારે સામે કોઈ પણ હોય, તેનું મૃત્યુ નિશ્ચિત હોય છે. તેથી જ

*‘हमरे जान सदा शिव जोगी । अज अनवद्य अकाम अभोगी ॥*[૬૦]

આ રીતે શિવનાં સ્વરૂપને વર્ણવાયુ છે. શિવ–વિવાહ સમયે શિવનાં ગણોની પણ ચર્ચા થઈ છે. માનસમાં તુલસીદાસજીએ લખ્યું છે કે, સ્વયં શિવ પણ પોતાનાં ગણોનાં

રૂપ આકાર અને વાહનોને જોઈ હસવા લાગ્યો –

*नाना बाहन नाना बेषा । बिहसे सिव समाज निज देखा ॥*
*कोउ मुखहीन बिपुल मुख काहु । बिनु पद कर कोइ बहु पद बाहु ॥*
*बिपुल नयन कोइ नयन बिहीना । रिष्ट पुष्ट कोउ अति तन खीना ॥*[૬૧]

એક તરફ હિમવાને જાનૈયાઓ માટે સુંદર મંડપ સજાવ્યો હતો ત્યાં બીજી તરફ બધી નદીઓ, પર્વત, વન, સાગર મૂર્તિમાન થઈ સુન્દર વેષ ધારણ કરી ત્યાં આવી પહોચ્યાં હતાં. જયારે જયારે ઢદ્રનાં ગણોને જોયાં ત્યારે ત્યાં ભાગદોડ મચી ગઈ તુલસીદાસજી કહે છે કે શિવનાં સ્વરૂપને હું શું વર્ણની શકું ? હું તો મન્દમતિ છું શિવનું સ્વરૂપ અનન્ત છે.–

*चरित सिंधु गिरिजा रमन बेद न पावहिं पारु ।*
*बरनै तुलसीदासु किमि अति मतिमंद गवारु ॥*[૬૨]

શિવનાં કલ્યાણકારી સ્વરૂપને વર્ણવતાં ગોસ્વામી તુલસીદાસજીએ કહયું છે કે સમુદ્રમન્થનમાંથી જયારે વિષ નીકળ્યું ત્યારે જગતનાં કલ્યાણ માટે શિવે તે વિષનું પાન કર્યુ છે. આવા કૃપાળુ શિવને હે મન તું શા માટે નથી ભજતો !

*जरत सकल सुर बृंद विषम गरल जेहि पान किय ।*
*तेहि न भजसि मन मंद को कृपाल संकर सरिस ॥*

શિવ કૃપામય છે. સાથે સાથે પોતાના હૃદયમાં સદા વિષ્ણુનું સ્મરણ રાખનાર છે. તેઓ ચિદાનંદ સ્વરૂપ છે, સુખધામ છે, વિગત મોહ છે. શિવમાં મદ મોહ અને કામ નથી. સૌને આનંદ આપનાર છે. આ શિવનાં સ્વરૂપને વર્ણવતા માનસમાં તુલસીદાસજી કહે છે કે –

*चिदानंद सुखधाम शिव विगत मोह मद काम ।*
*विचरहि महिं धरि हृदय हरि सकल लोक अभिराम ॥*

આમ રાચરિત માનસમાં શિવનાં વિભિન્ન કરૂણામય સ્વરૂપોનાં વર્ણનો જોયાં પછી મહાભારતમાં દ્રષ્ટિપાત કરીએ તો–

## ❑ મહાભારતમાં શિવનું સ્વરૂપ :–

મહાભારતમાં પણ શિવચરિત્ર અને શિવભકતોની પરંપરા ઉપરથી આપણે શિવનાં સ્વરૂપને તારવી શકીએ છીએ મહાભારતનાં સૌથી મહાન પાત્ર ગંગાપુત્ર ભીષ્મનો શિવપ્રેમ પણ અદ્વિતીય હતો. તે ઉપરાંત શિવભકત બાણાસુરની કથા પણ મહાભારતમાં છે, કે જેને માટે થઈ કૃપાળુ શિવજીએ પોતાનાં ઈષ્ટદેવ કૃષ્ણની નગરી ઉપર પણ આક્રમણ કરવું પડયું હતું. આ બન્ને પ્રસંગોમાં શિવનાં સ્વરૂપનું સુંદર વર્ણન થયું છે. પિતામહ ભીષ્મ મહારાજ શાંતનુંના જયેષ્ઠ પુત્ર અને પતિતપાવની ગંગાનાં ગર્ભથી આઠમાં વસુના અંશરૂપે પ્રગટ થયા, જેનું નામ દેવવ્રત હતું. મહાભારતનાં અંતમાં જયારે ભીષ્મ પિતામહ શરશય્યા પર પડયાં હતાં, ત્યારે તેમણે ધર્મરાજ યુધિષ્ઠિરને અનેક રીતે દ્રષ્ટાન્તો તેમજ આખ્યાનો દ્વારા રાજધર્મ, આપદ્ધર્મ તેમજ મોક્ષ ધર્મનો ઉપદેશ આપ્યો હતો. તદનન્તર ભગવાન શંકરની મહિમાને જાણવાની ઈચ્છા રાખનાર ધર્મરાજ યુધિષ્ઠિરે ભીષ્મ પિતામહને કહયું કે – 'પિતામહ ! કૃપાકરી હવે આપ જગતપતિ મહેશ્વરનાં માહાત્મ્ય વિશે ઉપદેશ આપો.

ત્યારે પિતામહ ભીષ્મ બોલ્યા–'રાજન્ !ભગવાન શંકર દેવોનાં પણ સાક્ષાત્ ઈશ્વર છે. તે સર્વત્ર વ્યાપ્ત છે પરંતુ બધાનાં આત્મસ્વરૂપ હોવાથી સર્વત્ર દ્રષ્ટિગોચર નથી થતાં. આવા અવ્યકત, નિત્ય અને નિર્વિકાર ભગવાન મહેશ્વરનાં ગુણોનું વર્ણન કરવાની શકિત મારામાં નથી. જે બ્રહ્મા આદિ દેવતાઓથી લઈ પિશાચ સુધી બધાં જ જેની ઉપાસના કરે છે. પ્રકૃતિનાં તેમજ પ્રકૃતિનાં ભોકતા પુરૂષથી પણ જે પરે છે, વિલક્ષણ છે, યોગજાણનાર તત્વવેત્તા ઋષિ–મુનિ જેનું ચિન્તન કરતાં રહે છે, જે અક્ષર તેમજ પરબહ્રમ છે, જે અનિર્વચનીય અર્થાત્ ન સત ન અસત્ સ્વરૂપે છે, જે પ્રકૃતિ અને પુરૂષથી પરે છે, એવાં પ્રભુ પરમેશ્વર મહાદેવનાં ગુણોનું વર્ણન કરવામાં કોણ સમર્થ છે ? તેથી વત્સ ! શંખ, ચક્ર અને ગદા ધારણ કરનાર ભગવાન નારાયણથી અતિરિકત મારા જેવો પુરૂષ તે પરમેશ્વર શંકરનાં ગુણોને કઈ રીતે જાણી શકે ?

*को हि शक्तो भवं ज्ञातुं मद्विधः परमेश्वरम् ।*

*ऋते नारायणात् पुत्र शङ्खचक्रगदाधरात् ॥*

*–महाभारत अनु. १४/८*

કારણકે ભગવાન નારાયણ સર્વજ્ઞ છે, વ્યાપક છે, દુર્જય છે. અને તે દિવ્યદ્રષ્ટિથી મહાદેવજીનાં દર્શન કરતાં રહે છે. રાજન્ ! જયારે બદરિકાશ્રમમાં શ્રી કૃષ્ણભગવાને શંકરને પ્રસન્ન કર્યા હતાં, ત્યારે શિવભકિતનાં પ્રભાવથી પુરૂષોત્તમ શ્રી કૃષ્ણભગવાને સમસ્ત સંસારને વ્યાપ્ત કરી લીધેલ તેમજ સમસ્ત લોકોને ચાહવામાં યોગ્ય ભોગ્ય વસ્તુઓથી વધુ પ્રિય (અન્તર્યામી) પદ પ્રાપ્ત કર્યુ. આવું કહી ભીષ્મ પિતામહે શંકરની મહિમા જાણનાર શ્રીકૃષ્ણની પ્રાર્થના કરી કે – 'હે દેવ ! હે વિષ્ણો ! ધર્મરાજનાં પ્રશ્નોનાં ઉત્તર આપ જ આપો કારણકે આપ સર્વજ્ઞ છો. 'ત્યારે શ્રી કૃષ્ણએ કહયું – 'હે પિતામહ ભીષ્મ ! ભગવાન શંકરનાં ગુણોને યથાશકિત હું કહીશ. આવું કહી પવિત્રતાથી આચમન કરી ભગવાન કૃષ્ણએ મહર્ષિ તંડિ પ્રોકત શિવમહિમા તેમજ શિવસહસ્ત્રનામોનું શ્રવણ કરાવ્યું.[૬૩]

મહાભારતમાં બાણાસુરનાં પ્રસંગમાં પણ શિવનાં સ્વરૂપને સુંદરરીતે વર્ણવવાનો પ્રયાસ થયો છે. અસુરવંશમાં પ્રહ્લાદનાં વંશમાં–વિરોચન–બલિ અને બલિનાં સો પુત્રો, તેમાં બાણાસુર સૌથી શ્રેષ્ઠ હતો. તેમણે હિમાલયપ્રાન્તમાં કેદારનાથજી પાસે શોણિતપુરને પોતાની રાજધાની બનાવેલ. બાણાસુર ખૂબ જ માન્ય, ઉદાર, બુદ્ધિમાન, સત્યપ્રતિજ્ઞા અને પરમ શિવભકત હતાં. તેનાં એક હજાર હાથ હતાં. તે હજારો વર્ષ સુધી શિવની આરાધનાં કરતાં રહયાં. જયારે તાંડવનૃત્યનાં સમયે શિવજી લય સાથે નાચતાં ત્યારે સહસ્ત્રબાહુ હજાર હાથોથી વાદ્યો વગાડે, આવી સેવાથી ભૂતનાથ ભવાનીપતિ ખૂબજ પ્રસન્ન થયાં. ભગવાન શંકરે વરદાન માંગવાં કહયું ત્યારે બાણાસુરે પ્રાર્થના કરીકે– હે પ્રભો ! મારે તમારી કૃપા માત્ર જોઈએ છે. જેમ ભગવાન વિષ્ણુ મારા પિતાજીને ત્યાં સદા વિરાજિત રહી તેની પુરીની રક્ષા કરે છે. તેમ આપ પણ મારી રાજધાની નજીક નિવાસ કરો અને મારી રક્ષા કરતાં રહો. આશુતોષ ભગવાને કહયું – 'તથાસ્તુ' અધિક બળ, વિદ્યા, ધન, વૈભવ આદિ પામી અભિમાન આવવું સ્વાભાવિક છે. પરંતુ જેના કોઈ ઈષ્ટ હોય, જે ભકત હોય, તેનો અભિમાન રૂપી રોગોને કલ્યાણકારી ઈષ્ટદેવ ખૂબજ જલ્દી નષ્ટ કરી દે છે. બાણાસુર સૌની સાથે યુદ્ધ કરવાં લાગ્યો દેવો પણ ભાગી ગયાં. ત્રણે લોકમાં તેને કોઈ પરાસ્ત ન કરી શકયું. તેણે પુનઃભગવાન શિવપાસે જઈને કહયું કે પ્રભુ આ સહસ્ત્રબાહુ મારા માટે વ્યર્થ છે. કોઈ યોદ્ધા જ નથી જેની સાથે હું યુદ્ધ કરી શકું.

અન્તર્યામી ભગવાને તેનાં ઘમંડને દૂર કરવા કહયું કે આ ધજા રાખ, જે દિવસે

આપ    મેળે આ પડી જાય, ત્યારે સમજજે કે મારાથી પણ વધુ શકિતશાળી તારી સાથે લડવા આવશે. સમયાન્તરે ભગવાન કૃષ્ણએ તેનાં દર્પને ચૂર કર્યો. શ્રી કૃષ્ણે તેની ભુજાઓ કાપી નાંખી માત્ર ચારભૂજાઓ જ રહેવાં દીધી, ત્યારથી તે શિવનો પાર્ષદ બની ગયો.

મહાભારતમાં શિવનાં આવા ઉદત્ત ભકતોપકારી સ્વરૂપોની ચર્ચા મળે છે. આ કથાને મળતી સ્કન્દપુરાણમાં પણ એક કથા છે કે, બાણાસુરે તપ કર્યુ ત્યારે શિવે પ્રસન્ન થઈ સોના–ચાંદી અને લોખંડ એમ ત્રણથી બનેલી ત્રણ નગરી 'ત્રિપુર' આપી. તે નગરી આકાશમાં તેની ઈચ્છા અનુસાર ઉડતી રહેતી અને તેનું ભેદન કોઈનાથી પણ સંભવ ન હતું, તે જયાં પૃથ્વીપર ઉતરતી ત્યાં ગામોનાં ગામો નષ્ટ થઈ જતાં . આવા આતંકથી ત્રસ્ત મનુષ્યો, દેવોએ જયારે શિવને પ્રાર્થના કરી, ત્યારે નારદની સહાયતાથી બાણાસુરની પત્નિઓનાં પાતિવ્રત્ય ભંગપૂર્વક ધનુષથી આક્રમણ કરી, તે ત્રિપુરને જલાવી દીધું .ત યારે બાણાસુર પોતાનાં કરેલા કર્મોને માટે પશ્ચાતાપ કરતો પોતાનાં મહેલનાં શિવલિંગને માથે ચઢાવી ઘરની બહાર નિકળી સ્તુતિ કરવા લાગ્યો.  આ સ્તુતિમાં પણ શિવનાં સુંદર સ્વરૂપનું વર્ણન મળે છે. – 'હે શિવ ! ભલે બધું ભસ્મ થઈ જાય પણ આ શિવલિંગની રક્ષા કરો, જો મારો વધ કરવા માગો તો વરદાન આપો કે પ્રત્યેક જન્મમાં મને તમારી ભકિત જ મળે આદિ પ્રાર્થના સાંભળી અને આશુતોષ ભગવાન તુરંત પ્રસન્ન થયાં. અને અગ્નિ રોકી દીધો, બાણાસુર પુનઃ અનન્ય મનથી શંકરની ઉપાસનામાં લાગી ગયો.[૬૪]

આ પ્રમાણે રામાયણ અને મહાભારતમાં ભગવાન શિવનાં મુખ્યતઃ સૌમ્ય, વિષ્ણુનાં ઈષ્ટ, ઉદાર અને ઉમાનાથ, ભૂતનાથ આદિ સ્વરૂપોનાં વર્ણન મળે છે. સાથે–સાથે આ બન્ને ગ્રન્થોથી શિવ અને વિષ્ણુનાં સ્વરૂપની અભેદતા પણ સિદ્ધ થાય છે, જે સમાજને માટે તો દિશા સૂચક છે જ, પરંતુ સંશોધકોનું ધ્યાન પણ –પરમતત્વ એક જ છે, તે તરફ દોરી જાય છે.

## ૪.૬ પ્રશિષ્ટ સાહિત્યમાં શિવનું સ્વરૂપ :–

સંસ્કૃત સાહિત્ય આધ્યાત્મિક તત્વોથી પૂર્ણ અને ખૂબ જ વિસ્તૃત છે. આ સાહિત્યથી જ અનેક ભાષાઓનાં સાહિત્યનો વિકાસ અને પોષણ થયું છે તે કોણ નથી જાણતું ? સંસ્કૃત સાહિત્યમાં અન્ય વિષયો પર તો ગંભીરતમ સંશોધનો થયાં જ છે, પરંતુ આધ્યાત્મિક વિષયો પર એટલો વિચાર–વિમર્શ થયો છે કે જેની કોઈ સીમા નથી. આ અધ્યાત્મમયતાને કારણે જ ઘણાં પશ્ચિમી વિદ્વાનો આ ભાષાને 'અધ્યાત્મભાષા' સુધી કહેવા લાગ્યા. આર્યદર્શન પ્રત્યેક પદાર્થને આધ્યાત્મિક, આધિદૈવિક, અને આધિભૌતિક આ ત્રણ રૂપોમાં વ્યાખ્યા કરી સમજાવે છે.

ભગવાન શિવનું સંસ્કૃત પ્રશિષ્ટ સાહિત્યમાં ખૂબજ વ્યાપક રીતે વર્ણન છે. શિવ ઉપર વિવિધ કવિઓએ અમૂલ્ય ચિંતન કરી અને શિવસ્વરૂપ સમજાવવાનો, વર્ણવવાનો પ્રયત્ન કર્યો છે. દાર્શનિકો શિવતત્વની વ્યાખ્યા ખૂબ જ ગંભીરતાથી કરે છે. જયારે ભકત સમાજ શિવનાં મનોહર ચરિત્રનું વર્ણન કરી, તેની મહિમાનું સર્વ–સાધારણ સ્વરૂપ પ્રગટ કરવાનો પ્રયાસ કરે છે. ઉપનિષદ્ '*सत्यं शिवं सुन्दरम्* ' કહીને આધ્યાત્મિક પદ્ધતિથી આપણને શિવ રહસ્ય સમજાવવાં માગે છે, તો પુરાણ શિવ–માહાત્મ્ય વર્ણન અન્ય રીતે શરૂ કરે છે. પ્રશિષ્ટ સાહિત્યમાં ભગવાન શિવનાં સ્વરૂપ, ક્રીડાં, નિવાસ–સ્થાન, ગણ, સેવક, શૃંગાર, ચરિત્ર સ્વભાવ આદિ અદ્‌ભુત–અદ્‌ભૂત રીતે વર્ણવાયા છે. જયાં સુધી તેનું અસલી સ્વરૂપ સમજાય નહી ત્યાં સુધી મનુષ્ય પોતાની રૂચી અનુસાર અનેકવિધ રીતે આલોચન, વિવેચન કર્યા કરે છે.

જટામાં ગંગા ધારણ તેમજ કંઠમાં હળાહળ વિષની સ્થાપના આ બે વિષયોને જ લઈ તો પણ લોકોની વિવિધ ભાવનાઓ આપણી નઝર સમક્ષ પ્રસ્તુત થાય છે. કોઈ કહે છે કે ભગવાન શિવ વિષ્ણુનાં અનન્ય ભકત છે. તેથી પોતાને પવિત્ર કરવાનાં હેતુંથી તેનાં ચરણોદક રૂપ ભગવતી ગંગાને મસ્તક પર ધારણ કરે છે. જયારે કોઈ કહે છે કે – શિવ તામસ સ્વરૂપ છે, તેથી તેઓને વિષ, ધતુરો, આંકડો આદિ પદાર્થ રૂચિકર લાગે છે. તેથી જ તેમણે વિષપાન પણ કર્યું. અપ્પયદીક્ષિતે આ વિષય પર પોતાનો મત આપતાં કહયું છે કે –

*गङ्गा धृता न भवता शिवपावनीति*

*नास्वादितो मधुर इत्यपि कालकूट : ।*

*त्रैलोक्यरक्षण कृता भवता दयालो*

*कर्मद्वयं कलितमेतदनन्यसाध्यम् ॥*

હે દયાળુ ભગવાન શિવ ! ' પવિત્ર કરનારી છે. ' તેવાં હેતુથી તમે ગંગા ધારણ નથી કરી, તેમજ મધુર લાગે છે તેથી વિષપાન નથી કર્યુ, પરંતુ ત્રિલોકીનાં રક્ષણ કરનાર છો તેથી દયાળુ પણે સૌની રક્ષા માટે આ બે મહાન કાર્યો, કે જે મોટા–મોટા દેવો ન કરી શકયા તે તમે કર્યા છે. પ્રશિષ્ટ સાહિત્યમાં શિવનું જે સ્વરૂપ નિર્દિષ્ટ છે. તેનાંથી સ્પષ્ટ થાય છે કે શિવ સર્વત્યાગી, સર્વાધિક વિરકત –વસ્ત્ર, આભૂષણ, ગૃહ આદિથી પણ રહિત થઈને પરમાત્મ ચિંતનમાં નિરત રહે છે. વિશ્વનાં સર્વશ્રેષ્ઠ, સર્વોપરી દેવ હોવાં છતા પણ યોગ–ક્ષેમ અને સંપૂર્ણ–વૈભવ, અન્ન–ધન આદિની ચિન્તાથી શૂન્ય, સંગ્રહરહિત, કૈલાશ જેવાં વન–પર્વતો પર નિવાસ કરનાર, યોગ–જ્ઞાન, વિદ્યા, વૈરાગ્યમાં સર્વશ્રેષ્ઠ અને સ્વભાવમાં સર્વદા નિર્દ્વન્દ્વ થઈ શિવ –ધર્મરક્ષા, વિશ્વરક્ષા, સાધુ–સંતોની રક્ષા તેમજ પરોપકાર આદિમાં સદા નિરત રહે છે.

અજ્ઞાનિઓને સ્મશાન ભસ્મધારી, જટાધારી, કંઠમાં વિષયુકત સાંપોથી યુકત, નંગ–ધડંગ, એકાન્તમાં ઉન્મત્ત, તાંડવ આદિ નૃત્ય કરતા, સિદ્ધાસન પર સ્થિત રૂપને જોઈ અચાનક શિવનું સ્વરૂપ અમંગલ દેખાય છે. પરંતુ તે વિશ્વમાં સર્વાધિક મંગલમય છે. અને તેનું સ્મરણ માત્ર અથવા ‘શિવ’ આ નામ માત્ર સમસ્ત અમંગલ દૂર કરનાર તે પરમ મંગલમય, વિશ્વમંગલ, સર્વોપરિ મંગલનો સંચાર કરી દેનાર છે. જેમ શિવમહિમ્ન સ્તોત્રમાં પુષ્પદન્તે કહયું છે કે –

*श्मशानेष्वाक्रीडा स्मरहर पिशाचाः सहचरा,*

*श्चिताभस्मालेपः स्रगपि नृकरोटीपरिकरः ।*

*अमङ्गल्यं शीलं तव भवतु नामैवमखिलं,*

*तथापि स्मर्तृणां वरद परमं मङ्गलमसि ॥*[૬૫]

– *शिवमहिम्नस्तोत्रम्*

બ્રહ્મચારીનાં વેષમાં વટુસ્વરૂપે આત્મસ્વરૂપનો પરિચય આપતાં તેઓએ પાર્વતીને સ્વયં કહયું છે કે – પ્રથમ દૃષ્ટિએ શિવનું સ્વરૂપ કેટલું કુરૂપ લાગે છે, આંખો વાનર જેવી છે, શરીરમાં ચિતાભસ્મ, સાંપ, તેનાં કુળ–ખાનદાનનો કોઈ પતો નથી, માતા–પિતા, પિતામહ, જાતિ, ગોત્ર આદિની પણ કંઈ ખબર નથી. ખેતી, વ્યાપાર, અન્ન, ધન, ગૃહ આદિથી પણ તેઓ રહિત છે. હે દેવી ! તમે એવાં વ્યકિત સાથે લગ્ન કર્યા ? તમારાંથી વધુ મૂર્ખ આ સંસારમાં બીજું કોણ હશે ? આ વાત સંસ્કૃત પ્રશિષ્ટ સાહિત્યમાં કાલિદાસે વર્ણવી છે. કુમાર સંભવમાં કાલિદાસે જણાવ્યું છે કે–

*वपुर्विरूपाक्षमलक्ष्य जन्मता,*

*दिगम्बरत्वेन निवेदितं वसु ।*

*वरेसु यद् बालमृगाक्षि मृग्यते,*

*तदस्ति किं व्यस्तमसि त्रिलोचने ।।*

*–कुमारसम्भव सर्ग ૭/૭૨*

ઉત્તરમાં પાર્વતી દ્વારા એવું કહેવાયુ કે – મહાદેવજી તો વિશ્વેશ્વર વિશ્વ–વિગ્રહ જ છે. તેઓ જ સમ્પૂર્ણ વિશ્વનાં સ્વામી છે. તેમને ખેતી, વ્યાપાર, નોકરી આદિની શું આવશ્યકતા ? તેઓ ચાહે વસ્ત્ર પહેરે કે ન પહેરે, સાંપનાં આભૂષણો પહેરે કે રત્નોનાં. ત્રિશૂલ–ખપ્પર રાખે કે પછી મસ્તકમાં ચન્દ્રમા ધારણ કરે, તેનાથી તેનાં તાત્વિક સ્વરૂપમાં કશો જ તફાવત નથી પડતો. તેમજ ન તો તેની વિશ્વવિગ્રહતા અથવા વિશ્વસ્વામિતામાં જ કોઈ તફાવત પડે છે.

*विभूषणोद्भासि पिनद्धभोगि वा,*

*गजाजिनालम्बि दुकूलधारि वा ।*

*कपाली वा स्यादथवेन्दुशेखरं,*

*न विश्वमूर्तेरवधार्यते वपुः ।।*

*– कुमारसम्भव, सर्ग ૭/૭૮*

વાસ્તવિક દ્રષ્ટિથી જોતા સંપૂર્ણ જ્ઞાનિઓ, યોગિઓ, સંતો, મહાત્માઓ અને ઋષિ–મુનિઓનાં શિવ જ આદર્શ છે. ધ્યેય અને જ્ઞેય પણ છે. તેથી જ ગોસ્વામી તુલસીદાસજીએ પણ શિવને જ સમસ્ત સદ્‌ગુણોથી મંડિત માન્યાં છે.

*गरल कंठ उर नर सिर माला । असिव बेष सिव धाम कृपाला ।।*[66]

હૃદયને નિષ્કામ કરવા માટે પણ શિવને જ પ્રાર્થના કરી કહયું છે કે–

*'जाहि दीन पर नेह करउ कृपा मर्दन मयन'*[67]

ભગવાન શિવ જ સંસ્કૃત કવિઓના પ્રધાનરૂપે વર્ણનીય દેવ છે. આમ તો સંસ્કૃત–કવિઓનાં સમાજમાં એવાં કયાં દેવ છે કે જે સ ૂકિત–કુસુમોથી અભ્યર્ચિત ન થયા હોય, પ્રત્યેક દેવોનાં એકથી વધીને એક સ્તુતિ આદિ મળે છે. પરંતુ ભૂતભાવન ભગવાન શંકરનાં વિષયમાં તો કવિઓનો ભકિત ભાવ કંઈક વધારે જ છે. *'विद्याकामस्तु गिरिशम्* ' પર કવિઓની અટલ આસ્થા પ્રતીત થાય છે. દક્ષિણ ભારતનાં વેદાન્તાચાર્ય વેંકટાધ્વરિ જગન્નાથ આદિ તેમજ પૂર્વભારતનાં કર્પૂર ગોસ્વામી, જીવગોસ્વામી, જયદેવ આદિ વૈષ્ણવ કવિઓને છોડી અન્યાન્ય દેશોનાં પ્રાયઃ બધાં જ સંસ્કૃત કવિઓ પોત–પોતાનાં ગ્રન્થનાં પ્રારંભમાં શિવ વિષયક મંગલ ચરણ કરતાં હતાં. ભગવાન શિવનાં ચરિત્રોથી પોતાની સૂકિત–સરિતાને પાવન કરે છે. કાશ્મીરીઓનું કહેવું છે કે – અમારા દેશને છોડી અન્ય સ્થળે કવિતા અને કેશર ન થઈ શકે. વિહ્વણ કહે છે કે –

*सहोदराः कुङ्कुमकेसराणां,*

*भवन्ति नूनं कविताविलासाः ।*

*न शारदादेशमपास्य येषां,*

*मयाऽद्य द्रष्टः क्वचन प्ररेहः ।। –विह्वण*

એવું ભાસિત થાય છે કે – કવિતા, વિલાસ અને કેસર આ બન્ને સહોદર ભાઈ–ભાઈ છે. કારણકે શારદા–દેશ અર્થાત્ સરસ્વતીનાં દેશ આ કાશ્મીરને છોડી અન્ય કયાંય પણ મે આ બન્નેને ઉત્પન્ન થતાં નથી જોયા. વિચારતાં ખ્યાલ આવે કે કેટલી ગર્વભરી ઉકિત છે. આવી ગર્વોકિત ગાનાર લોકો પણ શિવની લીલાં જ ગાય છે. કશ્મિરને

છોડી અન્ય પ્રદેશમાં દ્રષ્ટિ કરતાં જણાય છે કે મહાકવિ કાલિદાસે તો ખૂબજ શિવનું વર્ણન કર્યુ છે. કાલિદાસનાં લગભગ બધાંજ ગ્રન્થો શિવ–વિષયક મંગલાચરણથી જ શરૂ થાય છે.

## ❑ મહાકવિ કાલિદાસ દ્વારા વર્ણિત શિવનું સ્વરૂપઃ–

સંસ્કૃતનાં મહાકવિને પણ શિવનું મંગલકારી સ્વરૂપ આકર્ષિત કર્યા વિના ન રહી શકયું. તેથી જ બધાં જ ગ્રન્થોની શરૂઆત શિવથી થઈ. તેમજ ભગવાન શિવનાં ચરિત્રોનું વર્ણન જે '*कुमार सम्भवम्*' માં વર્ણન કર્યુ છે, તેની તુલનાં તો બીજા કોઈ પણ કવિ સાથે ન થઈ શકે. પાર્વતી અને વટુવેશ ધારી શિવનો સંવાદ સંસ્કૃત સાહિત્યની એક અમૂલ્ય નિધી છે. પાર્વતીનાં મનોભાવનું પરિક્ષણ કરવાં માટે શિવની નિન્દા કરતાં વટુ કહે છે કે,

*वपुर्विरूपाक्षमलक्ष्य जन्मता,*

*दिगम्बरत्वेन निवेदितं वसु ।*

*वरेषु यद्वालमृगाक्षि मृग्यते ,*

*तदस्ति किं व्यस्तमपि त्रिलोचने ॥*[६८]

અહીં શિવ દ્વારાજ શિવનાં સ્વરૂપનું વર્ણન થાય છે. ખૂબ જ સુંદર તર્ક પ્રસ્તુત થયાં છે કે – શરીરમાં સૌથી પ્રથમ કોઈની નઝર આંખ પર જ પડે છે. શરૂઆતમાં જ ત્રણ આંખો દેખાશે. વાત કરીએ કુળની તો એ કોઈને પણ ખબર નથી  કે શિવે કયાં જન્મ લીધો છે? ધનની વાત શું કરવી ? પહેરવાં લંગોટી પણ નથી નગ્ન ફરે છે. વરમાં રૂપ, કૂળ, ધન આદિ જોવાય છે તે બધાંની વાત છોડો શિવમાં આમાંની એક વસ્તુ પણ નથી.

*कन्या वरयते रूपं माता वित्तं पिता कुलम् ।*

*बान्धवाः श्रुतमिच्छन्ति मिष्टान्नमितरे जनाः ॥*

ત્યારે પાર્વતી ઉત્તર આપતાં કહે છે કે–

*अकिञ्चनः सन् प्रभवः स सम्पदां,*

*त्रिलोकनाथः पितृसद्मगोचरः ।*

*स भीम रूपः शिव इत्युदीर्यते,*

*न सन्ति याथार्थ्यविदः पिनाकिन : ।।*

*– कुमारसम्भवम्*

શિવ સ્વયં અકિંચન છે. પરંતુ બ્રહ્માંડની બધીજ સંપત્તિઓ તેના દ્વારા જ પ્રાપ્ત થાય છે. તેઓ શ્મશાનમાં રહે છે, પરંતુ ત્રણે લોકોનાં સ્વામી છે. તેઓ ભયંકરરૂપ છે, તો પણ શિવ અર્થાત્ કલ્યાણકારી, સૌમ્યમૂર્તિ કહેવાય છે. શિવનાં વાસ્તવિક તત્વને સમજનાર કોઈ છે જ નહી ઈત્યાદિ. જોકે પુરાણોમાં શિવ–વિવાહ મળે છે. પરંતુ કાલિદાસ ભાવાભિભૂત થઈ જાય છે ત્યારે દુનિયા ભુલી જાય છે. તેથી જ તે લખે છે કે–

*स हि देवः परं जयोतिस्तमः पारे व्यवस्थितम् ।*

*परिच्छिन्न प्रभावर्द्धिर्न मया न च विष्णुना ।।*

તે મહાદેવ તમોગુણાતીત પરાત્પર જયોતિઃ સ્વરૂપ છે, પરમાત્મા છે. તેનાં મહિમાતિશયોને ન તો વિષ્ણુ જાણે છે, ન તો હું જાણું છું. આમ જગતનાં વિધાતા દ્વારા જે શિવનું *'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह* 'નાં સ્વરૂપે વર્ણન કરે છે. તેનો જ એટલો સ્ફૂટ શ્રૃંગાર કરી દે છે કે, જેને લીધે તેનાં પર *'पित्रोः सम्भोगवर्णनमिवात्यन्तमनुचितम्* 'જેવી વાત નિબન્ધકારોએ કરવી પડે છે. રઘુવંશ મહાકાવ્યની શરૂઆતમાં, મંગલાચરણમાં શિવ અને પાર્વતી ને વાણી અને અર્થ ની જેમ અપૃથક્ બતાવાયાં છે. કાલિદાસ લખે છે કે –

*वागर्थाविव सम्पृक्तौ वागर्थप्रतिपत्तये ।*

*जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ।।*

*– रघुवंश*

વિશુદ્ધ શબ્દાર્થનાં પરિજ્ઞાન માટે શબ્દ અને અર્થની માફક પરસ્પર સંશ્લિષ્ટ સમ્પૂર્ણ વિશ્વનાં માતા–પિતા અર્ધનારીશ્વર ભગવાન શિવ અથવા પાર્વતીની હું વન્દના કરૂ છું. આમ રઘુવંશમાં પણ શિવ–પાર્વતીનાં અર્ધનારીશ્વર સ્વરૂપને દર્શાવાયું છે.

કાલિદાસની ભગવાન આશુતોષ પ્રતિ અનન્ય ભકિતનો સંકેત મળે છે. તેની કૃતિઓનો વર્ણ્ય–વિષય ભલે ઐતિહાસિક હોય અથવા પૌરાણિક, તે રામાયણ માંથી લીધેલ હોય કે પછી મહાભારતથી પરંતુ કૃતિઓનો  આરંભ શિવસ્તુતિથી જ થાય છે.

કાલિદાસકૃત મેઘદૂતમાં પણ શિવની મહિમા અને શિવના સ્વરૂપને વર્ણવવાનું કવિ નથી ભૂલ્યાં. ઉજજૈનમાં ભગવાન મહાકાલની સાયં–અર્ચના સમયે પોતાની સેવાંજલી અર્પિત કરવાનો મેધને અનુરોધ કરે છે. અહીં મેઘનાં માધ્યમથી ભગવાન શિવનાં પ્રતિ કવિએ પોતાની શ્રદ્ધા અને ભકિતભાવ પ્રદર્શિત કરેલ છે. ભગવાન ત્રિલોનનું વાહન વૃષભ છે. અર્થાત્ તેઓ વૃષને પોતાનાં વશમાં કરી તેનાં પર આરૂઢ થાય છે. વૃષ કામનું પ્રતિક છે. આનાથી કવિ સંકેત આપે છે કે કામ ભગવાન શિવનો વશીભૂત છે. તેથી જ મેઘદૂતમાં કામ, શિવનાં પ્રદેશમાં પ્રવેશવાનું સાહસ નથી કરતો. ત્યાં ચાપ (ધનુષ) ચઢાવતાં પણ ડરે છે.

*मत्वा देवं धनपतिसखं यत्र साक्षात् वसन्तम् ।*

*प्रायश्चिापं न वहति भयान्मन्मथः षट्पदज्यम् ।।*

*–उतरमेध १०*

મેઘ ઈચ્છાચારી છે. આકાશમાં તે સ્વેચ્છાએ વિચરણ કરે છે. તેથી કાલિદાસે મેઘને કામરૂપ પ્રકૃતિ–પુરૂષ કહયો છે.

*जानामि त्वां प्रकृति–पुरूषं कामरूपं मधोनः ।   –पूर्वमेध ६*

તેથી યક્ષ કામરૂપી મેઘથી અલકાપુરી જવાઓ અનુરોધ કરે છે. જેનાં મહેલો તે નગરીનાં બાહરી ઉદ્યાનોમાં વિરાજમાન ભગવાન ચન્દ્રમૌલીનાં મસ્તક પર સુશોભિત ચન્દ્રની વિચ્છુરિત ચન્દ્રિકાથી ધવલિત છે. અહીં મહાકવિનો સંકેત છે કે કામ તત્વને પોતાનાં કલ્યાણને માટે શિવનાં સાંનિધ્યમાં રાખવો જ હિતાવહ છે. મેઘદૂત કાવ્ય શિવાત્મક ચૈતન્યની પ્રાપ્તિનો સંદેશ આપે છે. આમ મહાકવિએ મેઘદૂતનાં સમગ્ર પરિવેશને જ ભગવાન શિવની મહિમાથી ઢાંકી દીધેલ છે.

શિવભકત કાલિદાસે પોતાના નાટક *'अभिज्ञानशाकुन्तलम्* 'માં પણ વાસના

જન્ય પ્રેમને ન કાર્યો છે, અને માત્ર એવા પ્રેમનો જ સ્વીકાર કર્યો છે જે અનુપાતની અગ્નિમાં નિરન્તર તપીને અન્તમાં કુન્દનની જેમ સાચો પવિત્ર અને દીવ્ય પ્રમાણિત સિદ્ધ થાય. ભગવાન શિવનાં સ્વરૂપનું વર્ણન અને મહિમાગાન કરતાં પ્રારંભમાં જ લખ્યું છે કે–

*या सृष्टिः स्रष्टुराधा वहति विधिहुतं या हविर्या च होत्री,*

*ये द्वे कालं विधत्तः श्रुतिविषयगुणा या स्थिता व्याप्य विश्वम् ।*

*यामाहुः सर्वबीजप्रकृतिरिति यया प्राणिनः प्राणवन्तः,*

*प्रत्यक्षामिः प्रपन्नतनुभिरवतु वस्ताभिरष्टाभिरीशः ॥*

*–अभिज्ञान शाकुनालम्*

અહીં કાલિદાસે શિવને માટે ' *प्रत्यक्षाभिः* ' શબ્દ પ્રયોગ કર્યો છે. કાલિદાસે નાટકની નાન્દીમાં ભગવાન શિવની આંઠ મૂર્તિઓનો ઉલ્લેખ કર્યો છે. તે આંઠ મૂર્તિઓ છે. સૂર્ય, ચન્દ્ર, યજમાન, પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ. આ આંઠ મૂર્તિઓને માટે જ અહીં '*प्रत्यक्षाभिः*' શબ્દ પ્રયુકત છે. અર્થાત્ આ આંઠ મૂર્તિઓ સંસારમાં પ્રત્યક્ષ દ્રષ્ટિગોચર થાય છે. તેનાથી કાલિદાસ નો સંકેત છે કે આ પ્રત્યક્ષમૂર્તિઓને ધારણ કરનાર, આ જગતનાં નિયામકની સત્તા સંદેહથી પર છે. સત્યતો એ છે કે વિશ્વનો પ્રત્યેક કણ તેની સત્તાને જ વ્યકત કરે છે.

તત્વજ્ઞ હોવાને લીધે તેણે ભગવાન શિવથી કયારે પણ અર્થ કામની લાલસા નથી કરી, પરંતુ શિવસાયુજય અથવા કૈવલ્યની જ કામના કરી છે. તેઓ ભગવાન નીલલોહિતથી કોઈ સાંસારિક વસ્તુની યાચના ન કરતાં, તેનાથી જન્મ–મરણનાં ચક્રથી મુકિત પ્રદાન કરવા વિનય કરે છે.

*ममापि च क्षपयतु नीललोहितः,*

*पुनर्भवं परिगतशक्तिरात्मभूः ।*

ઉપરોકત પ્રાર્થનાથી તે વાત પણ સિદ્ધ થાય છે કે શિવ 'મહાદેવ' છે. દેવો પાસેથી સાંસારિક સુખ મળી શકે, પરંતુ મહાદેવ સાંસારિક સુખ ઉપરાંત મોક્ષનાં પ્રદાતા છે. તેથી

જ તેનું નામ ભોળાનાથ પણ સાર્થક છે. સંસ્કૃત સાહિત્યમાં સર્વત્ર શિવનાં વિભિન્ન સ્વરૂપો વર્ણવાયાં છે. માત્ર મહાકવિ કાલિદાસે જ પોતાનાં ગ્રન્થોમાં શિવનાં કેટલાંય સ્વરૂપોને વંદન કર્યા છે. શિવની તામસી મૂર્તિને પ્રણામ કરતાં કાલિદાસ પોતાનાં નાટક માલવિકાગ્નિમિત્રમાં લખે છે કે *सन्मार्गालोकनाय व्यपनयतु वस्तामसी वृत्तिमीशः ।*

*– मालविकाग्निमित्रम् ।*

નાન્દીમાં જ તેમણે સામાજિકોને માટે પ્રાર્થના કરી છે કે તેઓ તેમની તામસી વૃત્તિનું શમન કરે. જેથી તેઓની સન્માર્ગમાં પ્રવૃત્તિ થાય. આ પ્રમાણે વિક્રમોર્વશીય નાટકમાં પણ નાન્દીમાં જ કાલિદાસે સ્થિર ભકિત યોગથી સુલભ ભગવાન શંકરથી બધાંને નિઃશ્રેયસ પ્રદાન કરવાની પ્રાર્થના કરી છે. –

*स स्थाणुं स्थिर भक्ति योग सुलभो निःश्रेय सायास्तु वः ।*

*– विकमोर्वशीयम् ।*

આમ મહાકવિ કાલિદાસે પોતાની આરાધનામાં વ્યાપક લોકમંગલની કામના સાથે ભગવાન શિવનાં વિવિધ સ્વરૂપોને સ્તુતિ, પ્રાર્થના પૂર્વક વર્ણવ્યાં છે. આ જ શિવનાં સ્વરૂપનું યથાર્થ જ્ઞાન તેમની યથાર્થ શિવોપાસના છે.

માત્ર કાલિદાસ જ નહીં પરંતુ સંસ્કૃત–સાહિત્યનાં અનેક મહાન કવિઓ ભગવાન શિવનું અનેક વિધ રીતે વર્ણન કરતાં કલ્પના તરંગોમાં એવી રીતે વહયાં છે કે જે વિષયને લઈને તેઓ કવિતા લખાવા બેસે છે, તે વિષયને જ ભૂલી જાય છે. શિવ–વિષયક ભકિત–ભાવને લઈને મંગલાચરણથી કવિતા આરંભ કરે છે અને આશા કરે છે કે – શ્રી શિવ સમસ્ત અમંગલ નિવૃત્તિ કરશે, પરંતુ અર્ચનાનાં ઔચિત્યની સીમા સુધી આવીને અટકે છે. પણ કશો વાંધો નહીં કારણકે ભગવાનની કોઈ પણ ભાવે પ્રાર્થના કરો ભગવાન ભલું જ કરે છે, તેમાં સંદેહ નથી. શિવતો ભોળાનાથ છે, તે કોઈનું અનિષ્ટ ન કરી શકે. જે બમ–બમ કહેવા માત્રથી જ ખુશ થઈ જાય છે, તેની દયાળુતાની કોઈ સીમા હોઈ શકે? પરંતુ કવિ પોતાની કલ્પનાથી ચૂપ નથી રહી શકતા. તેઓને જે કંઈ સૂઝે છે તે કહીનેજ વિશ્રામ લે છે. એક કવિએ મંગલાચરણ કર્યુ કે –

*भस्मान्धोरगफूत्कृतिस्फूटभवद्भालस्थ वैश्वानर,*

*ज्वालास्विन्नसुधांशु मण्डलगलत्पीयुष धारारसैः ।*

*स जीवद्गजचर्मगर्जितभयभ्राम्यद्वृषाकर्षण,*

*व्यासक्तः सहसाद्रिजोप हसितो नग्नो हरः पातु वः ॥*

શિવનાં શરીર પર લાગેલી ભસ્મ આંખો માં પડવાને લીધે ગળામાં લપાયેલ સર્પ જોરથી ફૂત્કાર કરે છે. તે ફૂત્કાર થી લલાટ નેત્રનો અગ્નિ પ્રજવલિત થઈ જાય છે. તેની જવાળાથી મસ્તકનો ચંદ્ર ઓગળે છે અને અમૃત બિંદુ ટપકે છે. તે અમૃતબિંદુ ટપકવાથી ગજચર્મ જીવિત થઈ ઉઠે છે, શિવ નગ્ન થઈ જાય છે. હાથીની ગર્જનાથી શિવનું વાહન બળદ ડરી અને દોડવા લાગે છે. ઘણી મહેનત પછી શિવ બધાંને શાંત કરે છે, પરંતુ નગ્ન થયેલ શિવનું આવું સ્વરૂપ જોઈ, પાર્વતી પોતાનું હાસ્ય નથી રોકી શકતાં. પાર્વતીનાં ઉપહાસપાત્ર બનેલ શિવ આપની રક્ષા કરે.'

ભગવાન શિવનાં આવાં વિભિન્ન સ્વરૂપોની ચર્ચા પણ સંસ્કૃતનાં પ્રશિષ્ટ સાહિત્યમાં થઈ છે. કોઈ કવિએ કહ્યું છે કે ભગવાન શિવનો સર્પ, વૃષભ, ગજ ચર્મ આદિ ઉપકરણો એવાં તો વિચિત્ર છે કે, જેનાં પરસ્પર સંબંધો અનેક કવિઓની કલ્પનાને આકૃષ્ટ કરે છે. કવિ કહે છે કે –

विष्णोरागमनं निशम्य सहसा कृत्वा फणीन्द्रं गुणं

कौपीनं परिधाय चर्मकरिणस्तस्यागमत् सम्मुखम् ।

दृष्टवा विष्णुरथं सकम्पहृदय : सर्पोऽपतद्भूतले

कृत्तिर्विस्खलिता ह्रिया नतमुखो नग्नो हरः पातु वः॥

'ભગવાન શિવે જ્યારે સાંભળ્યું કે પોતાના મિત્ર વિષ્ણુ આવી રહ્યા છે, તો તુરંત સર્પની મેખલા પર ગજચર્મની લંગોટી લગાવી પ્રમપૂર્વક સામે આવી ગયાં. પરંતુ જ્યાં વિષ્ણુની સવારી ગરૂડ પર સાંપનુ ધ્યાન પડયું, ત્યાં જ કમરમાંથી નીચે જમીન પર પડી તે ભાગવા લાગ્યો. તેથી લંગોટી પણ નીકળી ગઈ, શિવ નગ્ન થઈ ગયા. તે લજ્જાવનતમુખ

ભગવાન શિવ આપની રક્ષા કરે.'

આ પ્રમાણે સંસ્કૃત કવિઓએ ભક્તિ પૂર્વક ભગવાન શિવનાં સ્વરૂપોને વર્ણવ્યાં છે. તેઓ જ્યારે શિવ વિષયક રતિભાવથી અનુપ્રમાણિત થઈ જાય છે, ત્યારે 'प्रहृष्यद्रोमाणः प्रमदसलिलोत्सङ्गितदृशः' અર્થાત્ રોમાંચિત થઈ ઉઠે છે. આંખોથી પ્રેમાશ્રુઓ વહેવા લાગે છે. સંસ્કૃત સાહિત્યમાં કોઈ કવિએ સુંદર કલ્પના કરી, શિવનાં સ્વરૂપને અતિસુંદર રીતે વ્યક્ત કર્યું છે. આ કલ્પનામાં સંસ્કૃત વ્યાકરણ, કાવ્ય અને શિવનાં સ્વરૂપનો અદ્‌ભૂત સમાગમ છે. કવિએ લખ્યું છે કે–

पिनाकफणिबालेन्दुभस्ममन्दाकिनीयुता ।

पवर्गरचिता मूर्तिरपवर्गप्रदास्तु नः ॥

અર્થાત્ પિનાક (ધનુષ), ફણી, બાલચન્દ્રમા, ભસ્મ, અને મન્દાકિની (ગંગા) થી યુક્ત, તેથી જ ૂમથી 'પ–ફ–બ–ભ–મ' આ 'પ'વર્ગથી વ્યાપ્ત મહાદેવની મૂર્તિ અમને અપવર્ગ (મોક્ષ)પ્રદ હો. અજ્ઞ કવિઓએ આવી વિવિધ શિવની મૂર્તિઓની કલ્પનાઓ કરી છે. જ્યારે સમ્પૂર્ણ સંસ્કૃત સાહિત્યમાં નિરૂપિત શિવની મૂર્તિઓ, શિવનાં સ્વરૂપોની ચર્ચા, સંશોધન થતાં હોય ત્યારે ભલે કાલ્પનિક પરંતુ સુંદર કલ્પનાઓમાં વર્ણવાયેલ શિવનાં સ્વરૂપોની પણ નોંધ લેવી ઘટે. આ તમામ સ્વરૂપોની ચર્ચા સંભવ નથી, માત્ર તેમાંના અમુક શ્લોકો અત્રે પ્રસ્તુત છે.

देवी पुत्रमसूत नृत्यत गणाः किं तिष्ठतेत्येद्भूजे

हर्षाद्भृङ्गिरिदावुदाहृतगिरा चामुण्डयालिङ्गिते ।

पायाद्वो जितदेवदुन्दुभिघन ध्वानप्रवृत्तिस्तयो

रन्योन्याङ्कनिपातजर्जरजरत्स्थूलास्थिजन्मा रवः ॥

श्रुत्वा षडाननजनुर्मुदितान्तरेण

पञ्चाननेन सहसा चतुराननाय ।

शार्दूलचर्म भुजगाभरणं सभस्म

दत्तं निशम्य गिरिजाहसितं पुनातु ॥

एवं धारय देवि बाहुलतिकामेवं कुरूष्वाङ्गकं
मात्युच्चैर्नम कुञ्चयाग्रचरणं मां पश्य तावत्स्थितम् ।
देवीं नर्तयतः स्ववक्त्रमुरजेनाम्भो धरध्वानिना
शम्भोर्वः परिपान्तु लम्बितलयच्छेदाहृतास्तालिकाः ॥

असम्पदस्तस्य वृषेण गच्छतः
प्रभिन्न दिग्वारणवाहनो वृषा ।
करोति पारावुपगम्य मौलिना
विनिद्रमन्दाररजोङरूणाऽङ्गुली ॥

सहस्रास्यो नामः प्रभुरपि मतः पञ्चवदनः
षडास्यो हन्तैकस्तनय इतरो वारणमुखः ।
गृहे भैक्ष्यं शश्वत्प्रभवतु कथं वर्तनमिति
श्वसत्यां पार्वत्यामथ जयति शम्भुः स्मितमुखः॥

रामाद्याचय मेदिनी धनवतेर्बीजं बलाल्लाङ्गलं
प्रेतेशान्महिषं तवास्ति वृषभः कालं त्रिशूलं तव ।
श्वत्याऽहं तव चान्नदानकरणे स्कन्दोऽस्ति गोरक्षणे
खिन्नाऽहं तव भिक्षया कुरूकृषिं गौरीवचः पातु वः ॥

सन्ध्यारागवती स्वभावकुटिला गङ्गा द्विजिह्वःफणी
वक्रोऽङ्गैर्मलिनः शशी कपिमुखो नन्दी च मूर्खो वृषः ।
इत्थं दुर्जनसंकटे पतिगृहे वस्तव्यमेतत् कथं

गौरीत्थं नृकपालपाणिकमला चिन्तान्विता पातु वः ॥

अत्तुं वाञ्छति वाहनं गणपतेराखुं क्षुधार्थः फणी

तं च क्रौञ्चपते : शिखी च गिरिजासिंहोऽपि नागाननम् ।

गौरी जह्नुसुतामसूयति कलानाथं कपालाननो

निर्विण्णः स पपौ कुटुम्बकलहादीशोऽपि हालाहलम् ॥

पार्वतीमौषधीमेकामपर्णां मृगयामहे ।

शूली हालाहलं पीत्वा यया मृत्युञ्जयोऽभवत् ॥

अपर्णैव लता सेव्या विद्वद्भिरिति मे मतिः

ययावृत्तः पुराणोऽपि स्थाणुः सूतेऽमृतं फलम् ॥

उत्क्लेशं केशबन्धः कुसुमशररिपोः कल्मषं वः स मुष्या

द्यत्रेन्दुं वीक्ष्य गङ्गा जल भरलुलितं बालभावादभूताम् ।

क्रौधारातिश्च फाण्टस्फूरित शफरिकामोहलोलेक्षणश्रीः

सद्यः प्रोद्यन्मृणालीग्रहणरसलसत्पुष्करश्च द्विपास्यः ॥

આમ ભગવાન મહેશ્વરનાં વિવિધ સ્વરૂપોનું વર્ણન પ્રશિષ્ટ સાહિત્યમાં[૬૯] મળે છે. આ ઉપરાંત ઘણાં સ્વરૂપો એવાં પણ છે, કે જેને માટે શિવને ખૂબ જ મહત્વ અપાયું છે. જેમકે –યોગના અધિપતિ શિવ, નાટ્યશાસ્ત્રનાં આદિ આચાર્ય શિવ વગેરે. આ વિષયો પર ઘણાં સંશોધનો પણ થયાં છે કે, શું સર્વપ્રથમ આચાર્ય શિવ છે? તેનાં ઉત્તરમાં ઘણાં બધાં પ્રમાણો વિવિધ ગ્રન્થોમાંથી પ્રાપ્ત થાય છે. પ્રાયઃ બધાં જ પ્રમાણો શિવને જ આદિ વિદ્યાઓનાં આચાર્ય માને છે. શિવનું નૃત્યમય સ્વરૂપ પ્રદોષકાળમાં જોવા મળે છે. જેનું પ્રમાણ કાલિદાસ પણ આપે છે. ભગવાન શંકર પ્રદોષ કાળમાં ડમરૂ વગાડતાં આનન્તદાતિરેકથી મગ્ન થઈ જગત્‌ને આહ્લાદિત કરવા માટે થઈ નૃત્ય કરે છે. તેમનાં નૃત્યનો સમુચિત સમય પ્રદોષકાળ કહેવાયો છે. મેઘદૂતમાં કવિ કાલિદાસ લખ્યું છે કે–

अप्यन्यस्मिन् जलधर महाकालमासाद्य काले
स्थातव्यं ते नयनविषयं यावदत्येति भानु :।
कुर्वन् संध्या बलिपट हतां शूलिनः श्याघनीयां
आमन्द्राणां फलमविकालं लप्स्यते गर्जितानाम् ॥

– पूर्वमेघ ३८

**ઉજ્જયિનીનાં મહાકાલ મન્દિરની ઘટના છે. યક્ષ મેઘને કહે છે.–'હે મેઘ! જો તુ મહાકાલનાં મન્દિરમાં સાંજ થાય તે પહેલા પહોચી જાય, તો ત્યાં પ્રતીક્ષા કરજે, જ્યાં સુધી સૂર્ય વ્યવસ્થિત અસ્ત ન થઈ જાય, અને જ્યાં સુધી મહાદેવની સાંજની સોહામણી આરતી ન થવાં લાગે , જ્યારે આરતી થાય ત્યારે તુ પણ તારી ગર્જનાનાં નગારાં વગાડજે. જેથી ગંભીર ગર્જનનું પૂરૂ ફળ પણ મળી જાય. અહીં કવિનો સ્પસ્ટ ઉલ્લેખ છે કે –**नृत्तारम्भे हरपशुपतेरार्द्रनागाजिनेच्छाम्' **આવાક્યથી ભગવાનનાં નૃત્યારંભની સૂચના મળે છે. તેમજ નાટ્યશાસ્ત્રમાં પણ કહેવાયું છે કે નાટ્યશાસ્ત્રનો ઉદ્‌ભવ શિવનાં દેહમાંથી જ થયો છે.**

'रूद्रेणदमपाकृतं व्यक्तिकरे स्वाङ्गे विभक्तं द्विधा ।

– मालविकाग्निमित्रम् १/४

**રુદ્રએ જ પોતાનાં સ્વાંગમાંથી નાટ્યને અલગ કર્યુ છે, ઉત્પન્ન કર્યુ છે. રુદ્રએ પોતાનાં શરીર માં નાટ્યનાં બે વિભાગો કર્યા. એક તાંડવ અને બીજું લાસ્ય. તાંડવ તો શંકરનું નૃત્ય છે, ઉદ્ધત અને આકર્ષક છે. જયારે લાસ્ય પાર્વતીનું નૃત્ય છે જે સુકુમાર અને મનોહર છે. આવું શિવનું નર્તક સ્વરૂપ, અભિનય કર્તાનાં સ્વરૂપમાં નટરાજનું ખૂબ જ સુંદર વર્ણન સંસ્કૃત ગ્રન્થોમાં ઉપલબ્ધ થાય છે. જેમકે –**

पादस्याविर्भवन्तीमवनतिमवने: रक्षतः स्वैरपातैः
संकोचेतैव दोष्णां मुहुरभिनयतः सर्वलोकातिगानाम् ।
दृष्टिं भक्ष्येषु नोग्रां ज्वलनकणमुचं बध्नतो दाहभीते
रित्याधारानुरोधात् त्रिपुरविजयिनः पातु वो दुःखनृत्यम् ॥

–मुद्राराक्षस १/२

આમ શિવનું નર્તક સ્વરૂપ પણ સંસ્કૃત સાહિત્યમાં વર્ણિત છે. શિવને મહાકાલ કહેવામાં આવે છે. તેનો અર્થ એ  છે કે જરામૃત્યુ નું અપહરણ કરનાર છે. અમૃતનું પાન કરનાર ઈન્દ્રાદિ દેવો પણ મૃત્યુ ને પ્રાપ્ત થઈ જાય છે, પરંતુ વિકરાળ ફણાવાળાં ,હળાહળ નું વિષપાન કરનાર મહાકાલ ભગવાન શંકર પર કાળનો કોઈ પ્રભાવ નથી પડતો.

सुधामप्यास्वाद्य प्रतिभयजरामृत्युहरणीं

विपद्यन्ते विश्वे विधिशतमखाद्या दिविषदः ।

करालं यत्क्ष्वेडं कवलितवतः कालकलना

न शम्भोस्तन्मूलं तव जननि ताटंक महिमा ॥[७०]

પ્રાયઃ બધાં જ ગ્રન્થો, એ વાતનું સમર્થન કરે  છે  અને શિવનાં સ્વરૂપને વર્ણવતા કહે છે કે– શિવ અનન્તગુણ છે, જેની ગણના શક્ય નથી, કોઈ જળની બુંદો, પૃથ્વીનાં અણુઓની ગણનાં કરી લે, પણ શિવનાં ગુણોની કલ્પના ન થઈ શકે. શિવના સ્વાભાવિક ગુણો એવાં  છે કે જે કોઈ અન્ય પ્રાણી અથવાં દેવતામાં સંભવ જ નથી. જેમકે સર્વજ્ઞતા, ત્રિકાલજ્ઞતા,સર્વશક્તિમત્તા, સદા અકારણ પરિતૃપ્તિ, જરામૃત્યુથી શૂન્યતા, વિના સાધન અધ્યયનથી પૂર્ણ, જ્ઞાન–વિજ્ઞાન સ્વરૂપતા, સર્વતન્ત્ર સ્વતંત્રતા,કયારે પણ થાક અથવા શક્તિનો હ્રાસ ન થવો, અનન્ત સર્વ કર્તુ સમર્થ, સૃષ્ટિનો પ્રલય કરવામાં પણ સમર્થ, આ તમામ શક્તિઓ અને ગુણોથી યુક્ત છે. શિવનાં  ઉપરોક્ત બધાં જ ગુણો  દર્શાવતો એક સુંદર શ્લોક સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધ છે.

सर्वज्ञता तृप्तिरनादिबोधः स्वतन्त्रता नित्यमलुप्तशक्तिः ।

अनन्तशक्तिश्च विभोर्विदिज्ञाः षडाहुरङ्गानि महेश्वरस्य ॥

આ પ્રમાણે સંસ્કૃત સાહિત્યનાં પ્રશિષ્ટ સાહિત્યમાં ભગવાન શિવનાં વિભિન્ન સ્વરૂપો અને શક્તિઓનું વર્ણન થયું છે. અને કહેવાયું છે કે શિવની સમાન જ આચરણ કરતાં કરતાં સાધક તેનાં સ્વરૂપ અને તત્વનો બોધને પામી, સમ્યક્ સાક્ષાત્કાર કરી, સર્વપ્રકારે કૃતાર્થ થઈ જાય છે.

# પાદટીપ

१. यजुर्वेद–१६/४१

२. अथर्ववेद–११/२/५–६

३. श्वेताश्वरोपनिषद्–३/११

४. सौन्दर्य लहरी–३१

५. शिवोपासनाङ्क– कल्याण

(अनन्तश्रीविभूषित द्वारका शारदापीठाधीश्वर जगद्गुरु शंकराचार्य स्वामी श्री स्वरूपानंद सरस्वतीजी महाराज के लेख का अंश पे.ज.नं–९६)

६. माण्डुक्योपनिषद्– मन्त्र –७

७. रुद्रहृदय–उपनिषद्

८. श्रीरामचरित मानस–(४/१ सो.)

९. ऋग्वेद–२/३३/०९

१०. ऋग्वेद – १/१४/१

११. अथर्ववेद– ११/२/५–६

१२. नमो नीलग्रीवाय च शितिकण्ठाय च ।

शुक्लयजुर्वेद – १६/२८

१३. शुक्लयजुर्वेद – १६/२९

१४. शुक्लयजुर्वेद – १६/२२

१५. शुक्लयजुर्वेद – १६/१८

१६. शुक्लयजुर्वेद– १६/५१

१७. शुक्लयजुर्वेद- १/२/१२

१८. शुक्लयजुर्वेद- १६/२१

१९. नमो बिल्मीने च कवचिने च ।

शुक्लयजुर्वेद - १६/३५

२०. शुक्लयजुर्वेद -१६/३५ पर महीधर भाष्य

२१. शुक्लयजुर्वेद - १६/५१

२२. शुक्लयजुर्वेद -१६/१०

२३. ऋग्वेद - १/११४/५

२४. ऋग्वेद -१/११४/६

२५. ऋग्वेद - ७/५३/१४

२६. शुक्लयजुर्वेद -३//५७

२७. अथर्ववेद - ११/२/९

२८. अथर्ववेद - ७/८३

२९. **'रूद्र' ની અન્ય વ્યુત્પત્તિઓને જાણવાં માટે જૂઓ : –**

**ऋग्वेद- १/११४/ १ નું સાયણ ભાષ્ય**

३०. **આ બધાં જ મતોને માટે દૃષ્ટવ્ય : –**

**'રિલિજન એન્ડ ફિલોસોફી ઓફ વેદ ' ડૉ. એ.વી. કીથ ( પૃષ્ઠ – ૧૪૬/૪૭)**

३१. रघुवंश -५/८०

३२. श्वेताश्वेतरोपनिषद -३/२

३३. तैत्तिरीय संहिता -१/८/६/१

३४. अथर्वशिरस्  –५

३५. अथर्वशिरस् –५

३६. कठोपनिषद् – १/२/१५

३७. श्रीमद्भगवद्गीता – १५/१५

३८. ऋुग्वेद

३९. यजुर्वेद संहिता – १६/२८

४०. तमुष्टुहि यः स्विषुः सुधन्वा यो
विश्वस्य क्षयन्ति भेषजस्य ।
यक्ष्वामहे सौमनसाय रूद्रं
नमोभिर्देवमसुरं दुवस्य ॥ – ऋक्संहिता ५/४२/११

४१. श्वेताश्वतरोपनिषद् –१/१०

४२. निरूक्त – ४/१९

४३. ऋक् .–१०/१५८/२

४४. ऋुक्.  –१०/३६/१४

४५. ऋक्. – १/१६४/४६

४६. ब्रह्मसूत्र –२/१/३३

४७. शिवोपनिषद्  –१/२०–२१

४८. शिवोपनिषद्  – ५/३७,४०

४९. शिवोपनिषद्  – ५/४१

५०. शिवोपनिषद्  – ५/४४

५१. सारश्वतमन्त्र

५२. श्रीरामचरित मानस – १/१०७/७

५३. श्री स्कन्दपुराण

५४. श्रीरामचरित मानस १/११८/१–२

५५. किष्किन्धाकाण्ड –श्लोक २

५६. विनयपत्रिका –१०८

५७. अथर्ववेदीय श्री रामोत्तरतापनीयोपनिषद् – ८

५८. श्रीरामचरित मानस –१/७९/६

५९. श्रीरामचरित मानस –१/८६

६०. श्रीरामचरित मानस –१/९०/४

६१. श्रीरामचरित मानस – १/९३/५–७

६२. श्रीरामचरित मानस –१/१०३

६३. महाभारत – अनुशासन पर्व –८

६४. स्कन्दपुराण रेवाखण्ड– अध्याय २६–२८

६५. शिवमहिम्न स्तोत्रम् –पुष्पदन्त

६६. श्रीरामचरित मानस

६७. श्रीरामचरित मानस

६८. कुमारसम्भवम् – कालिदास

६९. **ઉપરોક્ત તમામ શ્લોકોની વિસ્તૃત વ્યાખ્યા માટે દૃષ્ટવ્ય : –**

कल्याण – शिवोपासनाङ्क –५८६/वर्ष ६७ विशेषाङ्क, पेज न. २८५– २९१

७०. **આ વિષય પર 'કલ્યાણ' વર્ષ ૪૫નાં પાંચમાં અંકમાં વિશદ વિચારપૂર્ણ એક લેખ પ્રકાશિત છે.**

# પ્રકરણ – ૫

# શૈવપુરાણોમાં શિવનું સ્વરૂપ

## ૫.૧ શિવપરમતત્વ તરીકે :–

એકાદશ શૈવપુરાણોનું સમગ્રતયા સંશોધનાત્મક અધ્યયન કરતાં શિવનાં અમુક સ્વરૂપો ઉપસીને આંખ સમક્ષ પ્રગટ થાય છે, તેમાનું એક સ્વરૂપ છે પરમતત્વ તરીકેનું .કોઈ શિવને દેવ કહે કોઈ મહાદેવ કહે, કોઈ તમોગુણનાં અધિષ્ઠતા કહે, પરમતત્વનો અર્થ થાય  છે કે જે તત્વ અણુ–અણુમાં વ્યાપ્ત છે. વેદો જેને–

'*अणोरणीयान्महतो  महीयान्*' કહીને વર્ણવવાનો પ્રયાસ કરે છે તે તત્વ જ પરમ તત્વ છે. શૈવપુરાણોનાં સંશોધનાત્મક અધ્યયનથી એવાં અનેક ઉદાહરણો પ્રાપ્ત થાય છે કે જે શિવને આ પરમતત્વની ઉપાધી આપવા માટે પુરતા છે. શિવનાં બે સ્વરૂપો મુખ્યત્વે સિદ્ધ થાય છે. (૧) અગુણ (૨) સગુણ (૩) અગુણ સ્વરૂપ નિર્વિકારી, સચ્ચિદાનંદ તેમજ પર બ્રહ્મ કહેવાય છે. જયારે સગુણરૂપ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયકારક છે. આ કાર્યમાં શિવ એક હોવા છતાં પણ ત્રિધા ભિન્ન મનાય છે. વિશ્વનાં રક્ષક, બ્રહ્મારૂપે વિશ્વનાં ઉત્પાદક અને શિવરૂપે સંહાર કર્તા છે.

શિવપુરાણ કહે છે કે શિવ તેમજ વિષ્ણુમાં જરાપણ પાર્થકય નથી શિવ અને રૂદ્ર પણ આ પ્રમાણે એક જ ભિન્નતા રહિત રૂપનાં ઘોતક  છે. ઉદાહરણ માટે શિવપુરાણે પ્રસિદ્ધ વેદાન્ત સમ્મત દ્રષ્ટાંતોને અપનાવી આ તત્વની યુકિતમત્તા પ્રદર્શિત કરી છે. સુવર્ણ તો નાનાવિધ અલંકારોમાં વપરાતુ હોવા છતા–એક જ છે. આકારની ભિન્નતા હોવા છતાં પણ વસ્તુતત્વની ભિન્નતા નથી હોતી. માટીની પણ વાત કંઈક આવી જ છે, પાર્થિવ દ્રવ્યોની વિભિન્નતા હોવા છતાં માટીમાં સર્વદા એકતા જ રહેલી છે. શિવતત્વનું એકત્વ પણ આ પ્રકારનું જ છે.

*सुवर्णस्य  तथैकस्य  वस्तुत्वं  नैव  गच्छति  ।*

*अलंकृति–कृते  देव  नामभेदो  न  वस्तुतः  ।।*

*यथैकस्या  मृदो  भेदे  नानापात्रे  न  वस्तुतः  ।*

*कारणस्यैव  कार्यस्य  सन्निधानं  निदर्शनम्  ।।*[१]

દ્રશ્યમાન સમ્પૂર્ણ દ્રશ્ય શિવરૂપ જ છે. અર્થાત્ આ દ્રશ્ય જગત શિવથી કોઈ પણ હિસાબે ભિન્ન નથી. શિવ જ સત્ય, જ્ઞાન તેમજ અનન્તરૂપ છે, તેમજ બધાનું મૂળ છે. શિવ જયારે સત્ય, રજ અને તમ આદિ ગુણોથી યુકત થઈ, સૃષ્ટિ આદિ કાર્યોનાં નિષ્પાદક હોય છે, ત્યારે જ તે બ્રહ્માદિ નામો વડે સંબોધિત થાય છે. શિવનાં વામ અંગથી શ્રી હરિની, દક્ષિણ અંગ થી બ્રહ્માની અને હૃદયથી રૂદ્રની ઉત્પત્તિ થાય છે. આમ ત્રણેનાં ઉદયનો મૂળ આધાર શિવ જ છે. આ સ્વરૂપ જોતા બ્રહ્મનું સ્વરૂપ આપણી નઝર સમક્ષ ઉપસ્થિત થાય છે, કે તો પછી શિવ જ પરબ્રહ્મ હોવા જોઈએ,કારણકે ત્રિદેવોથી પણ મહાન સત્તા તો બ્રહ્મની જ છે.

પરબ્રહ્મ અને પરમતત્વ, અહી બન્ને એકાર્થ છે. શિવ જ પરબ્રહ્મ છે, કારણકે બ્રહ્મ અર્થાત્ શિવ, અદ્વય, નિત્ય, અનન્ત, પૂર્ણ તેમજ નિરંજન, વિષ્ણુમાં પણ તમોગુણની સત્તા અમુક અંશે અંદર રહે છે. સત્વગુણની સત્તા પ્રધાનપણે બાહ્યભાવે દેખાય છે તેનાંથી તદ્દન વિપરિત સ્થિતિ છે રૂદ્રની. જેમાં આન્તરિક સત્વની અને બાહ્ય તમોગુણની સત્તા વિદ્યમાન છે. બ્રહ્માનાં સ્વરૂપમાં અંદર અને બહાર બન્ને રજોગુણ વિશિષ્ટ પણે હોય છે. આ પ્રમાણે ગુણો સાથે સંબેધ હોવાને કારણે બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્રની સ્થિતિ છે. પરંતુ શિવતો ગુણોથી સર્વથા ભિન્ન જ રહે છે. તેની સાથે તો તેનો જરા પણ સંબંધ નથી.

*एवं गुणास्त्रिदेवेषु गुणभिन्नः शिवः स्मृतः ।*[२]

પુરાણોની નિન્દા કરનારાઓનો એવો આરોપ છે કે, શિવપુરાણ–શિવની જ મહિમાનું પ્રતિપાદક હોવાની સાથે સાથે તે વિષ્ણુનું નિન્દક પણ છે. પરંતુ વાસ્તવિકતા એવી નથી. શિવની આ ઉકિત કેટલી તાત્વિક છે.[૩]

*ममैव ह्रदये विष्णुर्विष्णोश्य ह्रदये ह्यहम् ।*

*उभयोरन्तरं यो वै न जानाति मनो मम ॥*[४]

*हरिहरयोः प्रकृतिरेका प्रत्ययभेदेन रूपभेदोऽयम् ।*

*एकस्यैव नटस्यानेकविद्या भूमिका भेदात् ॥*

પુરાણ બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્રમાં અભિન્નતા માને છે. હરિ અને હરની પ્રકૃતિતો એક જ છે. પ્રત્યય ભેદનાં કારણે જ બન્નેમાં રૂપ ભેદ જોવા મળે છે. આ જ ગંભીરતત્વ છે. આ આધ્યાત્મિક દ્રષ્ટિથી અને વ્યુત્પતિની દ્રષ્ટિથી બન્ને દ્રષ્ટિથી સિદ્ધ છે. હરિ અને હર બન્ને શબ્દો પણ એક જ 'હૃ' ધાતુથી નિષ્પન્ન છે. માત્ર પ્રત્યયોની ભિન્નતાને કારણે બન્ને શબ્દોમાં તફાવત પડે છે. આધ્યાત્મિક દ્રષ્ટિથી આ બન્ને શબ્દોમાં તફાવત પડે છે. આધ્યાત્મિક દ્રષ્ટિથી આ બન્ને દેવ એક જ બ્રહ્મ સ્વરૂપ શિવનાં વિભિન્ન કાર્યોનાં નિષ્પાદનને કારણે ભિન્નરૂપે દ્રષ્ટિગોચર થાય છે. નટનાં દ્રષ્ટાન્તથી આ તત્વ સારી–રીતે સમજાય જાય છે. શિવ તેમજ વિષ્ણુની એકતાનો પ્રતિપાદક શિવપુરાણીય શ્લોક ઉપર ચર્ચિત છે, તે શ્લોકની જ પુષ્ટિ વિષ્ણુપુરાણનાં આ પદ્ય થી પણ થાય છે.

*स एवाहं महादेवः स एवाहं जनार्दनः ।*

*उभयोरन्तरं नास्ति धटस्थजलयोरिव ।।*[५]

પરાત્પર બ્રહ્મ જ બધા દેવો અને દેવીઓનું મૂળ સ્થાન છે. જેમ હરિ, વિષ્ણુ અને હર તેનાથી જ ઉત્પન્ન થાય છે. તે પ્રમાણે શકિતની પણ ઉત્પતિ ત્યાંથી જ થાય છે.

तस्मान्महेश्वरश्चैव प्रकृत्तिः पुरूषस्तथा ।

सदा शिवो भवो विष्णुर्ब्रह्मा सर्व शिवात्मकम् ।।[६]

આ પ્રમાણે શિવ અને શકિતમાં પણ અભિન્નતા છે. શકિત શિવમાં છુપાઈને નિષ્ક્રિય રહે છે. અને કયારેક વળી પ્રગટ થઈને સક્રિય થાય છે. બન્નેનો અવિનાશી સંબંધ છે.

*एवं परस्परापेक्षा शक्ति शक्तिमतोः स्थिता ।*

*न शिवेन विना शक्तिर्न च शक्त्या विना शिवः ।।*[७]

ફળસ્વરૂપે પુરાણોની દેવતા વિષયક દ્રષ્ટિ પર્યાપ્ત રૂપે ઉદાર અને વિશદ છે. આમ શિવ અનેકત્વથી રહિત છે. તેમજ સાંસારિક રૂપોથી ભિન્ન છે. તે પૂર્ણ આનન્દ, પરમાનન્દનાં ધામ તેમજ સર્વશ્રેષ્ઠ આત્મા છે. તેઓ ભોકતા (અનુભવકર્તા જીવ), ભોગ્ય

(અનુભૂયમાન પદાર્થ ) તેમજ ભોગ ( અનુભવ ) આ ત્રણેથી પૃથક્ છે. સત્તાથી દ્રષ્ટિગોચર થાય છે.

રૂદ્ર પુરાનું પુરાણોમાં જે નીલ–લોહિત રૂપ વર્ણિત છે, તે પણ વેદાનું ફળ જ છે. શિવની આંઠ મૂર્તિઓનું તેમજ તેનાં વિભિન્ન અભિધાનોનું વિવરણ વાયુપુરાણમાં વિસ્તારપૂર્વક અપાયું છે.[૮] વિષ્ણુએ શિવની એક વિશિષ્ટસ્તુતિ કરી છે. જે પ્રાયઃ વૈદિક મન્ત્રોમાં અપાયેલ નામો દ્વારા જ સમ્પન્ન થઈ છે.[૯] આ શિવસ્તવ (વાયુપુરાણ–અ.૨૩) નો તાત્પર્ય શિવની વ્યાપકતા દર્શાવવાનો છે. રૂદ્રાધ્યાયની જેમ જ અહીં પણ શિવને બધાં જ પદાર્થોનાં પતિ કહેવાયાં છે.

*पितृणां पतये चैव पशूनां पतये नमः ।*

*वाग्–वृषाय नमस्तुभ्यं पुराणवृषभाय च ॥*

*सुचारु चारुकेशाय उर्ध्वचक्षुः शिराय च ।*

*नमः पशूनां पतये गोवृषेन्द्रध्वजाय च ॥*[१०]

સાંખ્યમતાનુયાયી શિવને પ્રકૃતિથી પર માને છે. યોગ–મતાનુયાયી ધ્યાન, યોગ દ્વારા શિવને પ્રાપ્ત કરી, મૃત્યુનાં પ્રપંચ માંથી બચી જાય છે. શિવ તેમજ વિષ્ણુમાં કોઈ પણ પ્રકારનું પાર્થકય નથી. આમ શૈવપુરાણ શિવની મહિમા તેમજ વ્યાપકતાનું વિશદ વર્ણન કરે છે.

જગત્સ્રષ્ટા પરમાત્માનું નામ 'શિવ' છે. જેનો અર્થ થાય છે. કલ્યાણ કરનાર જયારે કલ્યાણકારી બે પદાર્થોનો વિચાર કરીએ છીએ ત્યારે તે શિવતર થઈ જાય છે. સમસ્ત બ્રહ્માંડમાં 'શિવ' જ સૌથી વધુ સુખ–શાંતિ પ્રદાયક છે. તેથી જ ઋષિઓ તેને શિવતમ કહે છે.

*'ॐ नमः शम्भवाय च भयोभवाय च नमः शंकराय च*

*मयस्कराय च नमः शिवाय च शिवतराय च'*

*'ॐ मीढ्ढुष्टमशिवतम शिवो नः सुमना भव'*[११]

ઈશ્વરનું નામ જ રૂદ્ર છે, કારણકે તે દીન–દુઃખીઓનાં દુઃખ પર આંસુ વહાવે છે. તેમજ પાપીઓનો રડાવે છે. ઉકત શબ્દમાં 'રૂદ્ર' ધાતુ છે, જેનો અર્થ 'રડવું' એવો થાય છે. તે મુકિતનાં સ્વામી છે.

*अमृतत्वस्येशानो यदन्नेनातिरोहति ।*

*ज्ञात्वा दैवं सर्वपाशापहानि :*

*क्षीणैः कलशैजन्ममृत्युप्रहाणिः ।*[१२]

કોઈ તેની ઈચ્છામાં વિઘ્ન ઉત્પન્ન નથી કરી શકતું. તે જ ઉત્પન્ન કરે છે, પાલન કરે છે અને સંહારમાં પણ પ્રવૃત્ત થાય છે. કર્મફળ આપવા માટે જ આ સૃષ્ટિ હોય છે. તેમાં જીવ નાના પ્રકારે દુઃખ ભોગવે છે. તેનો છુટકારો માત્ર પ્રલયકાળમાં જ થાય છે. તે માતા–પિતા સમાન બધાને સુવાડી દે છે. આ પરમાત્માની મોટી કૃપા છે. કોઈ–કોઈ આ ભાવે પણ શિવન 'સુવાડનાર'–'શિવ' કહેવાય છે. તે સમયે કોઈને પણ તનિક કષ્ટ નથી થતુ તે બધાનાં દુઃખોને હરી લે છે. તેથી જ તે હર કહેવાય છે. જેમને આ કરૂણાનું જ્ઞાન નથી, તેઓ આ દુઃખમોચન કાર્યને તમોગુણ કહે છે. તેઓની બુદ્ધિને માટે એક કવિની ઉકિત છે કે–

*विदन्ति मूढा न सुरूपमव्ययम् ।*

પુરાણો કહે છે તે શિવજ પરમતત્વ છે. તે કર્પૂર–ગૌર છે. બધાં જ સત્વગુણો તેનાથી જ પ્રગટ થાય છે. સત્વગુણ સ્વચ્છ પ્રકાશમય છે. તેમાં જે દોષ રાહિત્ય છે, તે જ ગૌરવર્ણતા છે.

તે પાપિઓનો આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક શૂલ–પીડા આપે છે. તેથી તે ત્રિશૂલધારી છે. લોહમય ત્રિશુલનું કોઈ પ્રયોજન નથી.

*शूलत्रयं संवितरन् दुरात्मने –*

*त्रिशूलधारिन् नियमेन शोभसे ।*[१३]

પ્રલયકાળમાં તેનાં સિવાય બીજું કોઈ નથી રહેતું. બ્રહમાંડ સ્મશાન થઈ જાય છે. તેની ભસ્મ અને રૂંડ–મુંડમાં તે જ વ્યાપક હોય છે, તેથી જ 'ચિતા–ભસ્માલેપી' અને ' રૂંડમુંડધારી' કહેવાય છે, નહી કે અઘોરિઓની જેમ ચિતા–નિવાસી. શિવનું આવું સ્વરૂપ વર્ણવતો એક શ્લોક આ પ્રમાણે છે.

*कल्पान्तकाले प्रलुठत्कपाले*

*समग्रलोके विपुलश्मशाने ।*

*त्वमेक देवोऽसि तदावशिष्ट–*

*श्चिताश्रयो भूतिधरः कपाली ।।*[१४]

તે રૂદ્ર ભૂત, ભવિષ્ય, વર્તમાન આ ત્રણે કાળની વાતોને જાણે છે તેથી તે 'ત્રિનયન' કહેવાય છે. નહી કે ભૌતિક ત્રિલોચનથી. 'વૃષ' શબ્દનો અર્થ ધર્મ છે. તે ધર્મારૂઢ છે. તેમજ ધર્માત્માઓનાં હૃદયમાં નિવાસ કરે છે. તેથી જ તે વૃષારૂઢ પ્રસિદ્ધ છે, વાસ્તવિક બળદનો કોઈ મતલબ નથી.

*वृषग्रहाणां वृषरक्षको विभो,*

*वृषं समास्थाय जगन्ति रक्षसि ।।*

સમ્પૂર્ણ જગતમાં જે લૂલાં–લંગડા, કાણાં–આંધળાં, ઉંચી નાકવાળા છે. તે બધાં જ તેની ભકિત કરે છે, તે બધાંને અપનાવી લે છે, કારણકે બધાં જ ભૂતોનાં પ્રાણિઓનાં તે સ્વામી છે. જે લોકો તેને પ્રેતપતિ માને છે, તેઓ તે તત્વને નથી જાણતાં.

*अन्धाश्च काणा अथवाऽवटीटा*

*भवन्तु खञ्जा उत वा सुरूपाः ।*

*ये प्राणिनः पादपरागलुब्धा*

*भूतेश्वरत्वाच्छरणं त्वमेव ॥*

સાંપોની બે જીભ હોય છે. ચુગલખોર પણ દ્વિજીહ્વ છે. તેને પણ તે ગ્રીવાનો હાર બનાવી લે છે. પિતા પોતાનં તોફાની બાળકને પણ સાથેજ રાખે છે, તેમ સર્પ માળાનો પણ આ ભાવ જ શાસ્ત્ર સમ્મત છે. પાપ અને વિષમાં ભેદ નથી. તે બધાંનાં દોષોને, વિષને વિષને પી જાય છે. ક્ષમા કરી દે છે, તેથી જ તે ગરલપાન કરનાર સમજાય છે.

પરમાત્મા પોતાને–પુરૂષ એન સ્ત્રી એમ બે સ્વરૂપોમાં પ્રગટ કરે છે. કારણકે સાંસારિક જીવોને માતા–પિતા બન્નેનું સુખ પ્રાપ્ત કરવું છે. તે બન્નેનો આપસમાં કોઈ લૌકિક સંબંધ નથી. તેઓ ભાઈ–બહેનની જેમ આપસમાં પવિત્ર જ રહે છે. જગતનાં કલ્યાણ માટે બે સ્વરૂપોમાં દેખાય છે.

*'स्वस्ति नो रुद्रः पात्वहंसः '*

*'गौरीर्मिमाय सलिलानि तक्षती '*[१५]

શિવને માટે વેદોમાં 'ત્ર્યમ્બક' શબ્દનો પ્રયોગ થયો છે. ષડ્વિંશ બ્રાહ્મણમાં 'ત્ર્યમ્બકં યજામહે' ની વ્યાખ્યા સમયે કહેવાયું છે કે – '*स्त्री अम्बा स्वसा यस्य*' અર્થાત્ ઈશ્વર–શિવજી, સ્ત્રી–પુરૂષ એમ બે રૂપોમાં છે. જેમ ભાઈ–બહેન હોય છે તેમ સાયણાચાર્યએ '*पृषोदरारि* ' નાં સથવારે '*स्त्री* ' શબ્દનાં સકારનો લોપ કર્યો છે. વેદમાં '*त्र्यम्बकं* ' નો અર્થ ત્રિલોચન નહી, પરંતુ ઉમાસહિત શિવ છે. લોકો કહે છે કે પાર્વતીજીની ઉત્પત્તિ પર્વત અને મેનકા થી થઈ. વૈદિક કોષનું નામ '*निघण्टु* છે, તેમાં પર્વતનો અર્થ આકાશ અને મેનકાનો અર્થ બુદ્ધિ લખેલો છે. પાર્વતી આકાશમાં બધાંજ સ્થળોએ વ્યાપ્ત છે. બુદ્ધિથી તેને જાણી શકાય છે. આ જ તેની ઉત્પત્તિનો મતલબ છે. શ્રી શંકરાચાર્યજીએ તવલકાર–ઉપનિષદ ની વ્યાખ્યામાં 'ઉમા' શબ્દનો અર્થ બ્રહ્મવિદ્યા કર્યો છે. તેનાં મતે શિવ–પાર્વતિ બન્ને જ્ઞાન–સ્વરૂપ સિદ્ધ થાય છે. આપણી સમજ પ્રમાણે તે માતા–પિતા છે. બાળકોને માટે માતા–પિતાનાં ખોળાંથી વધુ કોઈ વસ્તુ નથી હોતી. અમે તે ગોદ, ખોળો જ ઈચ્છીએ છીએ, તે જ પરમધામ છે. '*तद्धाम परमं मम*' આમ શિવતત્વને વર્ણવતાં પુરાણો કહે કે – જે 'શિવ' આ શબ્દનું ઉચ્ચારણ કરે છે. તેનાં ઘરમાં

બધી દિશાઓથી મંગલ જ થાય છે.

*'सुमङ्गलं तस्य गृहे विराजते*

*शिवेति वर्णैर्भुवि यो हि भाषते ॥ '*

### ❑ શિવલિંગ શબ્દનો અર્થ :–

પુરાણાનુસાર શિવનાં બાહ્ય સ્વરૂપોનાં પણ જે પૂજન–અર્ચન થાય છે, તે શિવલિંગ પણ વસ્તુતઃ શિવ–શકિતનાં જ લિંગ (ચિહ્ન) છે. તેથી જ શિવપુરાણ વિદ્યેશ્વર સંહિતા (શ્લોક–૧૦૭) માં કહેવાયું છે કે – **'*शिवश्कतयश्च चिहनस्य मेलनं लिङ्गमुच्यते*'** અર્થાત ઈશ્વર અને માયાનો સુમેળ જ શિવલિંગનાં નામથી ઓળખાય છે. તેને જ ઉપાસના માટે પરમેશ્વરનું પ્રતિક મનાય છે. અને શિવાલયોમાં પૂજા થાય છે. તેથી સ્પષ્ટ છે કે – 'શિવલિંગ' એટલે 'બ્રહમનું પ્રતિક' આમ શિવલિંગનાં સ્વરૂપમાં માયાવિશિષ્ટ પરમેશ્વરનું જ લિંગનાં રૂપમાં પૂજન થાય છે. 'શિવપુરાણ–વિદ્યેશ્વર–સીહતા' માં લિંગ શબ્દનો અર્થ આ પ્રમાણે કહેવાયો છે જે આ પ્રમાણે છે –

*लीनार्थगमकं चिह्नं लिङ्गमित्यभिधीयते ।*

*भं वृद्धिं गच्छतीत्यर्थाद् भगः प्रकृतिरुच्यते ॥*

*मुख्यो भगस्तु प्रकृतिर्भगवान् शिव उच्यते ।*

લીન અર્થાત્ અવ્યકતાવસ્થાપન્ન વસ્તુ ગમક દર્શાવનાર ચિહ્નને લિંગ કહે છે. તેમજ ભ–અભિવૃદ્ધિને, ગ–પ્રાપ્ત થનારી વસ્તુને આમ 'ભગ' શબ્દ બને છે. તે ભગનાં અધિષ્ઠાતાને ભગવાન શિવ કહે છે. શિવની સ્થૂળમૂર્તિને 'શિવલિંગ' કહે છે. બ્રહ્માંડ આનું લિંગ છે. અર્થાત્ જ્ઞાપક છે. તે લિંગનો બ્રહ્મા અને વિષ્ણુ પણ આદિ–અન્ત નથી પામી શકયાં. આ કથા શિવપુરાણમાં એટલા માટે કહેવાય છે, કારણકે વસ્તુતઃ **'*सत्यं ज्ञानमनन्तं ब्रह्म*'** જ છે. આ તાત્પર્ય વર્ણવવાનો જ તેનો અભિપ્રાય છે.

તે શિવરૂપી પરમતત્વનું અવલમ્બન કરીને જ શૈવ તેમજ શાકત દર્શનનો પ્રાદુર્ભાવ થયો છે. મહાભારત અને વામનપુરાણ (૩/૮૬/૯૧)માં શૈવમતોનાં ચાર સમ્પ્રદાયોની વાત

થઈ છે. જેમકે–શૈવ, પાશુપત, કાલાવદન (કાલમુખ) અને કાપાલિક (આ ઉપરાંત વામમાર્ગી ભૈરવ–સમ્પ્રદાય પણ પોતે પોતાનું આગવું મહત્વ ધરાવે છે.) દાર્શનિક જગતમાં શૈવ અને શાકત દર્શનોનો પયાપ્ત વિસ્તાર છે, અને પ્રસિદ્ધિ પણ છે. શૈવ સિદ્ધાન્તાનુસાર શિવની બે શકિતઓ છે–સમવાયિનિ અને પરિગ્રહ રૂપા. સમાવાયિની શકિત ચિદ્રુપા, નિર્વિકારા અને પરિણામિની છે. આ શકિતતત્વનાં નામે ઓળખાય છે. તે શકિતઓ પરમ શિવમાં નિત્ય સમાનભાવથી રહે છ. તેથી જ શિવ–શકિતનો સંબંધ તાદાત્મ્ય–સંબંધ છે. તે શકિત જ શિવની સ્વરૂપાશકિત છે. આનાથી ભિન્ન જે પરિગ્રહ શકિત છે, તે અચેતન અને પરિણામિની છે. તે પરિગ્રહ શકિત શુદ્ધ અને અશુદ્ધ શકિતનું નામ માયા છે. મહામાયા સાત્વિક જગતનું ઉપાદાન કારણ છે. અને માયા પ્રાકૃત જગતનું ઉપાદાન–કારણ છે. જીવનાં જગતબન્ધનનું કારણ અજ્ઞાન જ છે. સાધના દ્વારા તે અજ્ઞાનની નિવૃત્તિ થઈ જવાથી ગુરૂવાકય શ્રવણથી જીવને જેવું તે જ્ઞાન થઈ જાય છે કે – 'હું શિવ છું ' તે ક્ષણે જ તેને આત્મસ્વરૂપ શિવતત્વનો સાક્ષાત્કાર (બોધ) થઈ જાય છે. અને જીવ જીવન્મુકત બની જાય છે. આ જ શૈવ–દર્શનોનો મૂળભૂત સિદ્ધાંત છે. '*शान्तं शिवमद्वैतम्*' *(माण्डूकय–૭)* પરમાત્મતત્વ સદા કલ્યાણરૂપ હોવાથી 'સદાશિવ' કહેવાય છે. અચિન્ત્યલીલાશકિતનાં દ્વારથી શિવતત્વ સ્વયં જગતનું નિમિત્ત અને ઉપાદાનકારણ સિદ્ધ થાય છે. જગત રજજૂ–સર્પાદિ–તુલ્ય અતાત્વિક છે. આ કારણથી જ શિવતત્વ જગતનું વિવર્તોપાદન નિમિત્તકારણ કહેવાય છે.

ઉત્પત્તિ, સ્થિતિ અને સંહૃતિ–નિગ્રહ (ઉત્ક્રમણાદિ દ્વારા જીવોનું નિયમન) અને અનુગ્રહરૂપ પંચકૃત્યોનો તે નિર્વાહક છે. પૃથ્વીથી ઉત્પત્તિ,જળથી સ્થિતિ, તેજથી સંહૃતિ, વાયુથી તિરોભાવ (નિગ્રહ) અને આકાશ થી અનુગ્રહ લીલાનું જ્ઞાન થાય છે. 'બ્રહ્મા' (હિરણ્યગર્ભાત્મક સૂર્ય) ઉત્પત્તિ નામક કૃત્યનાં નિર્વાહક છે. 'ગણેશ' (મહેશાન) નિગ્રહ નામક કૃત્યનાં નિર્વાહક છે. શકિત (સદાશિવ) અનુગ્રહ નામક કૃત્યનાં નિર્વાહક છે. પંચકૃત્યોનાં નિર્વાહક પંચદેવરૂપે સદાશિવ–તત્વ જ અભિવ્યકત થાય છે. શિવતત્વ ખૂબજ વિશદ છે.  શિવમાં '*श*' શયન અને સુખવાચક છે. સુખશયન સુષુપ્તિ અથવા સમાધિ છે. સુષુપ્તિ અને સમાધિમાં દૈહિક તાપનું વારણ અને ક્ષાલન થાય છે. 'इ' અભિષ્ટોપલબ્ધિ

રૂપી કામ છે. અભીષ્ટોપલબ્ધિથી જ ભૌતિક તાપનું વારણ થાય છે.

*'व'* અમૃતબીજ, વરૂણ અને વિશ્લેષ છે. વરૂણાદિ અધિદૈવ છે. અનેક અનુગ્રહોથી દૈવિક તાપનું વિશ્લેષણ (વારણ) થાય છે.

આમ સર્વાત્મસ્વરૂપ શિવ–તત્વ વિજ્ઞાનથી સમાધિસિદ્ધ, અભીષ્ટોપલબ્ધિ અને દૈવાનુગ્રહની પ્રાપ્તિ સદા સંભવ છે. આમ ત્રિવિધ તાપોની શાન્તિ શિવસ્વરૂપ વાસ્તવ વસ્તુનાં પરિશીલનથી સહજ સંભવ છે. આ પ્રમાણે શકારનો અર્થ નિત્યસુખ અને આનન્દ, ઈકારનો અર્થ પુરૂષ અને વકારનો અર્થ અમૃતરૂપ શકિત પણ થાય છે. આ બધાંનું સંમિશ્રત રૂપ 'શિવ' છે. તેથીજ આ સ્વરૂપમાં ભગવાન શિવને આત્મસ્વરૂપ જાણી તેની અર્ચના કરવી જોઈએ.–

*शं नित्यसुखमानन्दमिकारः पुरूषः स्मृतः ॥*

*वकारः शक्तिरमृतं मेलनं शिव उच्यते ।*

*तस्मादेवं स्वमात्मानं शिवं कृत्वार्चयेच्छिवम् ॥*[१६]

સદાશિવનું 'શિવ' એ સ્વરૂપ પરક નામ છે. 'શંકર' સ્વભાવ પરક નામ છે. અને પ્રલયંકર તે પ્રભાવ પરક નામ છે. જેમ ભગવાન સૂર્ય પ્રકાશસ્વરૂપ છે, તેથી પ્રકાશ ફેલાવવો તે તેનો સ્વભાવ છે અને અંધકાર તેમજ શીતળતાનું વારણ કરવું તેમનો પ્રભાવ છે. તે પ્રમાણે વિશ્વેશ્વર મહાદેવ શિવસ્વરૂપ છે, કલ્યાણ સ્વરૂપ હોવાથી તે શંકર છે, પ્રાણિઓનું સદા મંગલ કરવું તેનો સ્વભાવ છે અને મંગલપ્રદ હોવાથી અમંગલતત્વનાં વિધ્વંસક, પ્રલયંકર પણ છે. સદાશિવ તત્વનાં મુખ્ય ત્રણ રૂપ છે. ૧. કાર્યબ્રહ્મ, ૨. કારણબ્રહ્મ અને ૩. કાર્ય–કારણાતીત પરબ્રહ્મ. મૃત– ઘટાદિની જેમ સ્થૂલ–સૂક્ષ્મોપહિત ચિત્પદાર્થ 'કાર્યબ્રહ્મ છે. ઘટાદ્યુત્પાદિની શકત્યુપહિત, મૃત–તુલ્ય, માયોપહિત ચિત્પદાર્થ કાર્ય–કારણાતીત પરબ્રહ્મ છે.

જે પ્રમાણે તરંગમાળાનું ઉદય–સ્થાન, નિલય (નિવાસ) સ્થાન અને વિલય સ્થાન જળ છે. તે પ્રમાણે જ સ્થાવર–જંગમાત્મક જગતનાં ઉદયસ્વરૂપ, નિલયસ્થાન અને વિલય

સ્થાન પણ શિવ જ છે. આ જ કારણ છે કે શિવ સ્વયં લિંગ છે. તેનો વહ્નિ ધૂમ્રવત્ ગમક (અનુમાપક) હોવાથી સ્થાવર જંગમાત્મક જગત પણ લિંગ છે.

*સૂક્ષ્મત્વાત્ કારણત્વાચ્ચ લયનાઙ્ગમનાદપિ ।*

*લક્ષણાત્ પરમેશસ્ય લિઙ્ગમિત્યભિધીયતે ॥*[૧૭]

*શિવ એવ સ્વયં લિઙ્ગં લિઙ્ગં ગમકમેવ હિ ।*

*શિવેન ગમ્યતે સર્વં શિવો નાન્યેન ગમ્યતે ॥*

*અતઃ સત્યચિદાનન્દ લક્ષણઃ પરમેશ્વરઃ ।*

*સ્વયમેવ સદા લિઙ્ગં ન લિઙ્ગં તસ્ય વિદ્યતે ॥*[૧૮]

શિવનાં પરમતત્ત્વ તરીકે સગુણ–સાકાર સ્વરૂપ પણ એટલુ અદ્‌ભુત છે કે, તેના પર બધા મોહિત થાય છે. ભગવાનની તેજોમયી મૂર્તિનું દર્શન કરી સ્ફટિક, શંખ, કુન્દ, દુગ્ધ, કર્પૂરખંડ, શ્વેતાદ્રિ, ચન્દ્રાદિ બધા જ લજ્જિત થાય છે. મનોહર ત્રિનયન, બાલચન્દ્ર તેમજ જટામુકુટ અને તેનાં પર દુગ્ધતુલ્ય સ્વચ્છાકૃતિ ગંગાધરા મનને હઠપૂર્વક હરી લે છે. શિવ સકલ વિરૂધ્ધ ધર્માશ્રય છે. તેઓ ત્રિદેહ મુકત હોવાથી દિગ્મ્બર છે. જ્ઞાનાગ્નિદગ્ધ જગત કે જે અકિંચિત્ કર છે, તેને જ લીલાપૂર્વક અંગરાગ બનાવનાર શિવ ભસ્માંગરાગી છે. બધાનાં વિશ્રામ સ્થળ શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ રૂપ શિવ અક્ષય વટતુલ્ય છે. સાંખ્ય, યોગ અને વેદાન્તરૂપ ત્રણ અદ્‌ભૂત જટાઓ શિરોભૂષણ છે. વૈશ્યાનર, હિરણ્યગર્ભ અને પ્રાજ્ઞેશ્વરરૂપ અગ્નિ, સૂર્ય અને ચન્દ્ર સદાશિવનાં ત્રિનેત્ર છે. શિવ ચન્દ્રતૂલ્ય આહલાદક, સૂર્યતૂલ્ય તમોનાશક અને અગ્નિતુલ્ય રાગાદિનાશક છે. વાયુ ભક્ષણકારી ગુફાઓમાં રહેનાર યોગીન્દ્ર, મુનિન્દ્ર, ભુજંગતુલ્ય છે. શંકર તેઓને ભૂષણરૂપે સ્વીકૃત કરે છે. તે કારણથી જ ભુજંગાભરણ કહેવાય છે. વૈરાગ્ય બોધ અને ઉપરતિરૂપ ત્રિશૂલને ધારણ કરનાર પશુપતિ, વાસનાક્ષય, મનોનાશ અને અજ્ઞાનવિધ્વંશક હોવા ઉપરાંત જીવોનો ઉદ્ધાર કરે છે. અહંનો લય સુષુપ્તિ છે, અહંનું વિસ્મરણ 'સમાધિ' છે. અહંનો બોધ 'મુકિત' છે. સુષુપ્તિ, સમાધિ અને મુક્તિરૂપ સ્મશાનમાં સ્વપ્રકાશ સદાશિવનો સદા નિવાસ છે. શાન્તિ, દુઃખ નિવૃત્તિ,

સર્વકામપ્રાપ્તિ, કૃતકૃત્યતા, પ્રાપ્તપ્રાપ્તવ્યતા, જ્ઞાતાજ્ઞાતવ્યતા આદિ શિવગણો છે. આમ શિવ એ પરમતત્વ હોવાથી સર્વત્ર વ્યાપ્ત છે અને ત્રિદેવોથી અલગ પણ છે.

શિવને પરમતત્ત્વ તરીકે વર્ણવતા શૈવપુરાણોએ જે સ્વરૂપનું વર્ણન કર્યુ છે તેનું જ કંઈક સ્વરૂપ વેદોમાં પણ વર્ણવાયું છે. કારણ કે પુરાણોએ શિવને પરમ તત્ત્વ કહ્યા તો યજુર્વેદના પ્રધાનદેવ પણ 'રુદ્ર' જ છે. યજુર્વેદ શિવના સ્વરૂપને વર્ણવતા કહે છે કે –

'नमः शम्भवायच मयोभवायच नमः शंकराय च

मयस्कराय च नामः शिवाय च शिवतराय च। [૧૯]

ભક્તોને ભોગ–મોક્ષ સુખનાં દાતા. કલ્યાણ સ્વરૂપ, કલ્યાણકારી શિવને નમસ્કાર છે. આમ યજુર્વેદનો ૧૬ મો અધ્યાય તો રુદ્રની મહિમા ગાન કરવાને કારણે 'રુદ્રાધ્યાય' નામથી પ્રસિદ્ધ થઈ ગયો છે. પુરાણો આવાં ચંદ્રના સ્વરૂપને પ્રણવ અને લિંગ સ્વરૂપ તેમજ પંચમુખ તરીકે પણ વર્ણવે છે.

આમ, પ્રણવને પણ શિવ સ્વરૂપ કહેવાયેલ છે. વેદો ઉપરાંત સ્મૃતિઓ તેમજ ઈતિહાસ પુરાણોમાં સર્વત્ર શંકરના સ્વરૂપનું અતિસ્પષ્ટ વર્ણન મળે છે. મુખ્યતઃ સ્કન્દપુરાણ, લિંગપુરાણ આદિમાં તો પરમાત્મા શિવનું મહાત્મ્ય તેમજ સ્વરૂપ અતિઉત્તમ રીતે વર્ણિત છે. તેમાં ભગવાન શંકરનાં અનેક રૂપો તેમજ મહાત્મ્યનું વર્ણન છે. પરંતુ ભગવાન શિવનાં પ્રણવ સ્વરૂપનું વર્ણન જેવું શિવપુરાણમાં સ્પષ્ટ અને વિસ્તૃત છે તેનું અન્ય કોઈપણ અન્ય પુરાણમાં નથી. તેથી શિવપુરાણમાં વર્ણિત પ્રણવનાં સ્વરૂપને જોઈએ તો તે કંઈક આ પ્રમાણે છે. એક વખત ભગવાન સુરમ્ય કૈલાસ પર્વત પર ભગવતી પાર્વતી સાથે વિરાજિત હતાં અને દિક્ષા વિધિનાં ક્રમથી પ્રણવાદિ મહામન્ત્રોનું પ્રસન્નતાપૂર્વક વર્ણન કરી રહ્યા હતાં. તે સમયે પાર્વતી પતિદેવને પ્રસન્ન જોઈ કહેવા લાગ્યા કે – "હે દેવ ! આપે મને પ્રણવ સહિત મન્ત્રનો ઉપદેશ આપ્યો છે, તેથી હું સર્વપ્રથમ પ્રણવ સ્વરૂપને જાણવાં માંગુ છું. હે શિવ જો આપની મારા ઉપર કૃપા હોય તો તેનું વર્ણન કરો." આની પ્રાર્થના સાંભળી ભગવાન શિવ કહેવા લાગ્યા કે –

પ્રણવાર્થનું પરિજ્ઞાન જ મારા સ્વરૂપનું જ્ઞાન છે. પ્રણવ સ્વરૂપ મન્ત્ર જ બધી વિદ્યાઓનું બીજ છે. તે વટબીજની જેમ અતિસૂક્ષ્મ પરંતુ મહાન અર્થસભર છે. તે વેદોનું આદિ અને સાર છે. ત્રણ ગુણથી અતીત તેમજ સર્વજ્ઞ, સર્વસ્રષ્ટા, સર્વપ્રભુ, સર્વગત, શિવસ્વરૂપ હું જ તે ૐકારમાં સ્થિત છું. ત્રણ ગુણોથી ન્યૂન–પ્રાધાન્ય યોગથી જગતમાં જે કંઈપણ વસ્તુઓ છે, તે વ્યષ્ટિ અને સમષ્ટિ રૂપે પ્રણવ જ છે. આ પ્રણવ સર્વાર્થસાધક તેમજ અક્ષરબ્રહ્મ છે. તેથી આ પ્રણવથી જ સર્વપ્રથમ શિવજી આ જગતનું નિર્માણ કરે છે. જે શિવ છે તે જ પ્રણવ છે. જે પ્રણવ છે, તે જ શિવ છે, કારણ કે વાચ્ય અને વાચકમાં કયારે પણ ભેદ નથી હોતો. તેથી જ બ્રહ્મર્ષિઓ મને એકાક્ષર ઓંકારરૂપ બ્રહ્મસ્વરૂપ કહે છે. પ્રત્યેક મુમુક્ષુ વ્યકિતએ પ્રણવને જ સર્વકારણ, નિર્વિકાર, નિર્ગુણ, શિવસ્વરૂપ સમજવું જોઈએ. કૈવલ્ય સંહિતામાં પણ ભગવાન સ્વામિકાર્તિક ઋષિ વામદેવને કહે છે કે – 'હે નામદેવ ! તમારા સ્નેહને કારણે હું આપના જ્ઞાનને માટે આ શ્રુતિ તાત્પર્યનું વર્ણન કરૂ છું. સદાશિવનો યોગ જ પરમાત્મા છે. પરમાત્માની પરાશકિતથી જ ચિત શકિત ઉત્પન્ન થાય છે, અને ચૈતન્ય શકિતથી આનન્દ શકિત, તેમાંથી ઈચ્છાશકિત, તેમાંથી જ્ઞાનશકિત અને જ્ઞાનશકિતથી પંચમી ક્રિયાશકિત ઉત્પન્ન થઈ છે. આ શકિતઓથી જ ક્રમશઃ આ સમ્પૂર્ણ જગતની ઉત્પતિ થઈ છે.

ચિદાનંદ શકિતથી નાદ અને બિન્દુ, ઈચ્છાશકિતથી મકાર, જ્ઞાનશકિતથી ઉકાર અને ક્રિયાશકિતથી સકાર ઉત્પન્ન થયો છે. આમ પ્રણવની સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. આ પ્રણવથી જ પંચબ્રહ્મની, તાત્પશ્ચાત્ કલાદિકમથી આકાશાદિની ઉત્પતિ થઈ છે.[૨૦] સ્વામિ કાર્તિકયજીએ જે પ્રમાણે પરમાત્માની પંચશકિતથી પ્રણવનાં અકરાદિ પંચવર્ણોની ઉત્પતિ બતાવી છે. તે રીતે જ સ્વયં ભગવાન શંકરે પણ પોતાના મુખે પ્રણવની ઉત્પતિ વર્ણવી છે. ભગવાન શંકર બ્રહ્મા, વિષ્ણુને કહે છે કે –

ૐકાર મારા મુખથી ઉત્પન્ન હોવાથી મારા સ્વરૂપનો જ બોધક છે. તે વાચક છે, હું વાચ્ય છું. આ મન્ત્ર મારી આત્મા છે, આનું સ્મરણ કરવાથી મારૂ જ સ્મરણ થાય છે, મારા ઉત્તર દિશા તરફના મુખથી આકાર, પશ્ચિમ મુખથી ઉકાર, દક્ષિણ મુખથી મકાર, પૂર્વ મુખથી બિન્દુ અને મધ્ય મુખથી નાદ ઉત્પન્ન થયો છે. આમ, પાંચે મુખથી

નીકળેલ આ બધાથી 'ॐ' આવો એકાક્ષર બન્યો છે. સમ્પૂર્ણ નામ ઢપાત્મક જગત્, સ્ત્રી–પુરૂષાદિ ભૂત સમુદાય અને ચારે વેદ બધાં આ મન્ત્રથી જ વ્યાપ્ત છે. અને આ શિવશકિતનું બોધક છે.[૨૧] આ પ્રસંગમાં ભગવાન શંકરે પ્રણવ મન્ત્રથી 'નમઃ શિવાય' મન્ત્રની પણ ઉત્પતિ કહેવાઈ છે. જેમ કે –

अस्मात् पञ्चाक्षरं जज्ञे बोधकं सकलस्य तत् ।

अकरादिक्रमेणैव नकारादि यथाक्रमम् ।।

અર્થાત્ આ પ્રણવથી જ પંચાક્ષરમન્ત્ર ઉત્પન્ન થયો છે. અર્થાત્ અકારથી નકાર, ઉકાર થી મકાર, મકાર થી શિ, બિન્દુ થી વા અને નાદથી યકાર ઉત્પન્ન થયેલ છે. આનું નામ પ્રણવ શા માટે છે ? તે પણ વિચારણીય છે. વિધેશ્વર સંહિતામાં કહેવાયું છે કે....

यो हि प्रकृति जातस्य संसारस्य महोदधेः ।

नवं नीवान्तरमिति प्रणवं वै विदुर्बुधाः ।। [२२]

વિધેશ્વર સંહિતા અહીં કહે છે કે – (પ્ર) પ્રકૃતિથી ઉત્પન્ન સંસાર સાગરને માટે (नवम्) આ પ્રવણ નૌકારૂપ છે. તેથી જ પંડિતો તેને પ્રણવ કહે છે. અથવા એમ પણ કહી શકાય કે –

प्रः प्रपञ्चो हि नास्ति वो युष्माकं प्रणवं विदुः ।

प्रकषेण नयेद्यस्मान्मोक्षं वः प्रणवं विधुः ।।

(પ્ર) પ્રપંચ (ન) નથીં (વઃ) તમારાથી એટલે કે જેને જપવાથી સંસાર નથી રહેતો તેનું નામ 'પ્રણવ' છે. અથવા એમ પણ કહી શકાય કે – (પ્ર) પ્રકૃષ્ટ રૂપેણ (ન) મોક્ષ અપાવે તે (વઃ) જપનાર આ સૌને. તેથી પણ તેનું નામ 'પ્રણવ' છે. આમ, પ્રણવનાં વિભિન્ન અર્થો વિદ્વાનોએ કર્યા છે. જેનાં અમુક શ્લોકો આ પ્રમાણે છે.

स्वजापकानां योगिना स्वमन्त्रपूजकस्य य ।

स्वकर्मक्षयं कृत्वा दिव्यज्ञानं तु नूतनम् ।।

तमेव मायारहितं नूतनं परिचक्षते ।

प्रकषेण महात्मानं नवं शुद्ध स्वरूपऽम् ।।

नूतनं वै करोतीति प्रणवं तं विदुर्बुधाः ।

શિવનું આ પરમતત્વ દર્શક પ્રણવ સ્વરૂપ મહાત્માઓને અત્યન્ત નવીન શુદ્ધ રૂપ પ્રદાન કરે છે. નૂતન કરનાર હોવાથી પંડિતો આને પ્રણવ કહે છે. કૈવલ્ય સંહિતામાં ઉલ્લેખ છે કે સ્વયં શિવજી સ્વમુખેથી કહે છે –

ब्रह्मादिस्थावरान्तानां सर्वेषां प्राणिनां खलु ।

प्राणः प्रणव एवायं तस्मात् ईरितः ।। [२३]

અર્થાત્ બ્રહ્માથી લઈ સ્થાવર પર્યની સમ્પૂર્ણ પ્રાણિઓનો આ પ્રણવ જ પ્રાણ છે. આમ, સર્વત્ર પ્રણવની ચર્ચામાં પ્રણવને શિવનો વાચક, તેમજ પરબ્રહ્મ માને છે. સર્વાધિષ્ઠાન, સર્વપ્રકારશક, પરબ્રહ્મ પરમાત્માને જ શ્રુતિઓમાં 'शान्तं शिवं चतुर्थम्मन्येन्ते' કહેવાયું છે. તે સચ્ચિદાનંદ પરમાત્મા જ પોતાને શિવ–શકિતનાં રૂપમાં પ્રગટ કરે છે. તે પારમાર્થિક રીતે નિર્ગુણ, નિરાકાર હોવા છતાં પણ પોતાની અચિન્ત્ય દિવ્ય લીલાશકિતથી સગુણ–સાકાર સચ્ચિદાનંદવનરૂપમાં પણ પ્રગટ કરે છે. તે શિવ–શકિત, રાધા–કૃષ્ણ, અંધારીશ્વર આદિ સ્વરૂપોથી પ્રગટ થાય છે.

આ પ્રમાણે વિવિધ પુરાણોનો સંશોધનાત્મક અભ્યાસ કરતા સર્વત્ર શિવને જ પરમતત્વ તરીકે દર્શાવાયા છે. શિવને જ 'પ્રણવ' સ્વરૂપ, શિવને જ ઢદ્ર સ્વરૂપ અને સમ્પૂર્ણ જગતનાં આદિ પિતા કહીને સંબોધાયાં છે. તેથી ઉપરોકત તમામ ઉદ્ધરણો ટાંકતા તે સિદ્ધ કરી શકાય છે કે – પુરાણોમાં શિવ જ પરમતત્વ તરીકે નિરૂપિત છે. જેના ઘણાં પ્રમાણો પણ છે. સૌથી મોટું પ્રમાણ તેનું 'પ્રણવ' સ્વરૂપ છે. કારણ કે સમગ્ર સનાતન સંસ્કૃતિમાં ૐ સર્વત્ર સર્વશ્રેષ્ઠ છે. ૐ માં જ નાદ બ્રહ્મ છે. અને એ વાત પણ સર્વમાન્ય છે કે ૐ એ શિવનો જ વાચક છે. ૐ ને સૌ કોઈ બ્રહ્મનું વાચક પણ માને છે તેથી બ્રહ્મ કે વિષ્ણુ નહીં, અપિતુ શિવ જ પરમતત્વ છે, જે પુરાણો દ્વારા સર્વત્ર વર્ણિત અને પ્રતિપાદ્ય પણ છે.

## ૫.૨ શિવ તમોગુણનાં અધિષ્ઠાતા તરીકે :

પુરાણોમાં ત્રિદેવોના સ્વરૂપનાં વર્ણનો અન્તર્ગત ત્રિદેવને–ત્રિગુણનાં અધિષ્ઠાતા દર્શાવાયા છે. જેમાં બ્રહ્મા–વિષ્ણુ અને શિવને અનુક્રમે સત્વ–રજ અને તમોગુણનાં અધિષ્ઠાતા દર્શાવાયા છે. અહીં એક પ્રશ્ન સ્વાભાવિક પણે થાય કે – શું આ ત્રણે ગુણો અનુક્રમે ઉત્તમ – મધ્યમ અને અધમ છે ? જો એવું હોય તો પછી શિવનું સ્થાન ત્રિદેવોમાં સૌથી નિમ્ન કક્ષાનું હોવું જોઈએ. અહીં વિરોધાભાસ જણાવ છે. કારણ કે પુરાણો શિવને – ૐ, પ્રણવ અને પરમ તત્વ તરીકે પણ વર્ણવે છે. સાથે સાથે તમોગુણના અધિષ્ઠાતા પણ કહે છે. આ સમગ્ર શંકાઓનું સમાધાન પણ પુરણો જ આપણને આપે છે. સ્કન્દપુરાણનાં કેદારખંડમાં કહેવાયું છે કે –

अष्टदशपुराणेषु दशभिर्गीयते शिवः ।

चतुर्भिर्भगवान् ब्रह्मा द्वाभ्यो देवी तथा हरिः ।।[२४]

અહીં કહેવાયું છે કે – અષ્ટાદશ પુરાણોમાં દશ પુરાણોતો માત્ર ભગવાન શિવની મહિમાનું જ ગાન કરે છે. ચાર બ્રહ્માનું અને બે દેવી તેમજ શ્રી હરિનું માહાત્મ વર્ણવે છે. ત્રિદેવોમાં વિષ્ણુને માટે બે પુરાણ, બ્રહ્માને માટે ચાર અને શિવને માટે દશ પુરાણો છે. જેથી એક વાત સ્પષ્ટ થાય છે કે શિવ તત્વ જ સૌથી વધુ વર્ણ્ય અને મુખ્ય છે.

તમોગુણના અધિષ્ઠતા શિવ છે, કારણ કે શિવ જ પ્રલયકારી દેવ છે. ત્રિગુણની જયારે વાત થાય ત્યારે તેને ઊભા ક્રમમાં નહીં પરંતુ આડા ક્રમમાં જોવા જોઈએ.

સત્વગુણ – રજોગુણ – તમોગુણ

આ ક્રમનો અર્થ છે કે, ત્રણે ગુણો પ્રત્યેક સર્જન માટે અનિવાર્ય છે. તમોગુણને નારણે જ મનુષ્ય વિશ્રામ, પ્રજોત્પતિ વગેરે આવશ્યક કાર્યો કરી શકે છે. તમોગુણ વિહિન મનુષ્ય બ્રહ્મામાં લીન થઈ જાય છે. સૃષ્ટિ માટે ત્રણે ગુણોનું સામંજસ્ય અત્યાવશ્યક છે.

શિવનું સ્વરૂપ જોતાં જ તામસિક જણાય છે. શિવ સ્મશાનમાં રહે છે. સ્મશાન વિસર્જનનું પ્રતિક છે. તેના ગળામાં સર્પ છે. જે પણ નિમ્ન કક્ષાનો જીવ ગણાય છે. શિવ

વિષપાન કરે છે, તે પણ અત્યંત કાળકૂટ છે. આ બધા તત્વોથી શિવ ચારછાદિત રહે છે. તેથી જ શિવ તમોગુણનાં અધિષ્ઠાતા છે. તે પરમશકિત માત્ર શિવ જ છે કે જે આ બધાને સારી રીતે વશમાં કરી શકે છે. તેથી જ પુષ્પદન્ત કહે છે કે હે શિવ ! ભલે આપ સ્મશાનમાં નિવાસ કરતા હો, ભલે આપ તમોગુણનાં અધિષ્ઠાતા હો, ભલે આપ ભૂત–પ્રેતથી વિંટળાયેલ હો, પરંતુ છતા આ મંગલમય છો, ભકતોનાં કલ્યાણ સ્વરૂપ છો –

स्मशानेष्वाव्क्रीडा स्मरहर पिशाचाः सहचरा

श्चिताभस्मालेपः स्रगपि नृकरोटीपरिकरः ।

अमङ्गल्यं शीलं तव भवतु नामैवमखिलं

तथापि स्मर्तृणा वरद परं मङ्गलमसि ।।

સૃષ્ટિ શરૂઆતમાં પણ તમોગુણથી અત્યંત આવશ્યકતા હતી, તેથી જ શિવે સૃષ્ટિ પણ રચી હતી, જો કે અમુક ક્ષતિઓને કારણે પુનઃસૃષ્ટિની રચના બ્રહ્મા દ્વારા થઈ. તે પહેલા સનન્દન, સનાતન આદિ ચાર કુમારોની સૃષ્ટિ બ્રહ્માએ કરી, પરંતુ સંતાન તેમજ સંસારને પ્રત્યે તેમના ઔદાસીન્યને કારણે બ્રહ્માના ક્રોધની સીમા ન રહી. તે સમયે જ તેનો નેત્રમાંથી સૂર્ય સમાન દેદીપ્યમાન રુદ્રની ઉત્પતિ થઈ એવું પણ પુરાણોમાં વર્ણન છે. રુદ્રનાં શરીરની વિશેષતા એ હતી કે તેનું અર્ધ શરીર નરનું અને અર્ધશરીર નારીનાં આકારનું હતું. બ્રહ્માજીનાં આદેશથી શિવે પોતાના શરીરને દ્વિધા વિભાજીત કર્યું અને એક પુરુષ, એક સ્ત્રી એમ બે શરીર બન્યાં. પુરુષ ભાગને પુનઃ અગિયાર ભાગોમાં વિભક્ત કર્યો, તેમજ સ્ત્રી ભાગને સૌમ્ય–ક્રૂર, શાન્ત–અશાન્ત, શ્યામ–ગૌર આદિ અનેક રૂપોમાં વિભક્ત કર્યો. રુદ્ર દ્વારા આવિર્ભાવિત આ સૃષ્ટિ રૌદ્રિ સૃષ્ટિનાં નામથી પુરાણોમાં ઓળખાઈ.[૨૫] આ સૃષ્ટિ પણ તમોગુણ પ્રધાન હતી.

માત્ર તમોગુણ, માત્ર રજોગુણ કે માત્ર સત્વગુણથી સૃષ્ટિ શકય નથી. ત્રણે માત્રાનાં યોગ્ય સંતુલનથી સૃષ્ટિ થાય છે. સત્વગુણ વિશિષ્ટ, રજોગુણ, તમોગુણથી સૃષ્ટિ ઉત્પતિ, રજોગુણ વિશિષ્ટ સત્વ, તમથી પાલન અને તમોગુણ વિશિષ્ટ રજ, સત્યથી સંહાર શકય બને છે. તેવી રીતે જ જયારે મનુષ્યના મસ્તિષ્કમાં તામસિક વૃતિઓ પોતાનું વર્ચસ્વ દર્શાવે

છે. ત્યારે શિવ આરાધના દ્વારા તે તામસિક વૃતિઓ ઉપર પણ અંકુશ મેળવી શકાય છે. કામદેવને વશમાં કરનાર, કામ દહન કરનાર શિવ છે. તેથી શિવઆરાધનાથી કામ – વિજય મેળવી, બ્રહ્મચારી બની શકાય છે. શિવ મૃત્યુનાં દેવ હોવાથી ભયંકર બિમારીઓ તેમજ મહારોગથી બચવા માટે પણે મૃત્યુનાં પ્રલયનાં દેવ શિવની આરાધના જ કરી અને મૃત્યુને પણ જીતી શકાય છે. આજના સમયમાં પણ સૌથી વધુ લોકપ્રિય કોઈ મંત્ર હોય તો તે બે મંત્રો જ છે. એક મહામૃત્યુંજય મંત્ર અને બિજો ગાયત્રી મંત્ર, કે જેને આમ મનુષ્યો પણ જાણે છે. મૃત્યુંજય મન્ત્ર શિવને પ્રસન્ન કરે છે.

मृत्युऽजय महादेव त्राहि मां शरणागतम् ।

जन्म–मृत्यु–जरा–व्याधि पीडितं कर्मबन्धनैः ।।

આ પુરાણોક્ત મૃત્યુંજય મન્ત્ર પણ શિવની ઉપાસના માટે પ્રયુક્ત થાય છે. અને વૈદકવી મૃત્યુંજય મન્ત્ર પણ પ્રયુક્ત થાય છે. તે પણ એટલો જ લોકપ્રિય અને સર્વવિદિત છે જેમ કે–

ॐ त्र्यंबकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् ।

उर्वाढकमिव बन्धनान्मृत्योर्मुक्षीय माऽमृतात्।।[२६]

ઉપરોકત બન્ને મંત્રો દ્વારા જયારે શિવ અભિષિકત થાય છે. ત્યારે ભકતોને માટે દિર્ઘાયુ તેમજ આરોગ્યપ્રદ શિવ નિવડે છે. આમ શિવ તમોગુણનાં અધિષ્ઠાતા હોવાથી તમોગુણ દૂર કરવા માટે પણ શિવ–આરાધના જ એકમાત્ર ઉપાય છે.

પુરાણોમાં વેદોમાં કહેવાયું છે કે, શિવ એ બધાનું આત્મસ્વરૂપ છે. વૈદિકોને ત્યાં શિવપૂજાની સામગ્રીઓમાં કોઈપણ તામસ પદાર્થનો પ્રયોગ નથી થતો. મદ્ય–માંસ નો તો શિવલિંગપુજામાં કયારે પણ ઉપયોગ નથી થતો. તેથી શિવ તામસદેવતા છે તેવું કહેવું કયારે પણ ઉચિત નહીં કહેવાય, શિવ તમોગુણનાં અધિષ્ઠાતા છે. તમોગુણ ઉપર શિવનું વર્ચસ્વ છે, નહીં કે શિવ ઉપર તમોગુણનું. ત્રિમૂર્તિ અન્તર્ગત 'શિવ' કારણાવસ્થામાં નિયન્તા મનાય છે. કારણ અથવા અવ્યકતની અવસ્થા અવષ્ટમ્ભાત્મક હોવાથી તમઃ પ્રધાના કહી શકાય.

'तम आसीत्तमस्यागूढमग्रे'

**આ શ્રુતિ 'તમ' ને જ સૌનું આદિ કારણ કહેવાયું છે. તેમાં જ વૈષમ્ય થવાથી સત્વ અને રજની ઉત્પતિ થાય છે. તમોગુણનું નિયન્ત્રણ કરવું બધી જ રીતે કઠીન છે. ભગવાન શિવ તમોગુણનાં નિયન્તા છે. તેમના વશમાં નથી. ભગવાન શિવ ભયાનક પણ છે અને શાન્ત પણ છે. સર્વ સંહારક, કાલકાલ મહાકાલેશ્વર મહામૃત્યંજય ભગવાનમાં ઉગ્રતા ઉચિત જ છે. બ્રહ્મોક્ષત્રોલક્ષિત સમસ્ત પ્રપંચ જેનું ઓદન છે. મૃત્યુ જેનું દાળ, શાક છે. મૃત્યુ સહિત સંસારને જે ખાઈ જાય છે, તેનું ઉગ્ર હોવું સ્વાભાવિક છે. શિવથી ભિન્ન જે કંઈપણ છે. તે બધાનાં સંહારક શિવ છે. તેથી જ વિષ્ણુને તેનું સ્વરૂપ જ મનાય છે. અન્યથા ભિન્ન હોય તો તેના પર પણ સંહાર્યતા આવી જશે. વસ્તુતઃ હરિ–હર, શિવ–વિષ્ણુ સર્વથા એક જ છે. તેમાં અણુ માત્ર પણ ભેદ નથી.** 'भीषास्माद्धातः पर्वतै' **ભગવાનનાં ભયથી જ વાયુ, અગ્નિ, સૂર્ય, મૃત્યુ પોતાનું કામ કરે છે.** 'महद्धयं वज्रमद्यतम्' **સમદ્યત મહાવજ્ર સમાન ભગવાથી બધા ડરે છે. તેથી જ ભગવાન શિવને મન્યુ અથવા ચંડકોપ સ્વરૂપ મનાયા છે.** 'नमस्ते ढद्र मन्यवे' **હે ઢદ્ર ! આપના મન્યુસ્વરૂપની હું વંદના કરું છું. તે શકિતરૂપધારિણી બનીને જ ચંડિકા તરીકે ઓળખાય છે. છતાં પણ તે જ્ઞાનિઓ અને ભકતોને માટે રસ સ્વરૂપ છે.**

'रसौ वै सः', 'एष हयेवानन्दयाति' (श्रुति)

**ભગવાન રસ સ્વરૂપ છે. નિખિલ રસામૃતમૂર્તિ ભગવાનથી જ સમસ્ત વિશ્વને આનન્દ પ્રાપ્ત થાય છે. તેથી ભગવાનની અઘોરા, શિવાતનુ, ઘોરતનુથી પૃથક વર્ણિત છે–**

या ते रूद्र शिवा तनूरघोराऽपापकाशिनी ।

तया नस्तन्वा शन्तमया गिरिशन्ताऽभि चाकशीहि ।।

**આ પ્રમાણે ભગવાન શિવની કલ્યાણમયી, શન્તમા, શિવા, તનૂ, પરમકલ્યાણમયી મૂર્તિ છે.**

'अघोरेभ्योऽथ घोरेभ्यो घोरघोरतरेभ्यः ।

सर्वेभ्यः सर्वशर्वभ्यो नमस्ते अस्तु रूद्ररूपेभ्यः।।'

રુદ્રાધ્યાયમાં આવી તમોગુણનાં અધિષ્ઠાતા ભગવાન શિવની ઘોર અને અઘોર. વિવિધ મૂર્તિઓનું વર્ણન થયું છે. ભગવાનનાં ઉગ્ર, શ્રેષ્ઠ અને ભીમરૂપો વર્ણિત છે.

'नमः शम्भवाय च मयोभवाय च नमः शंकराय च

मयस्काराय च नमः शिवाय च शिवतराय च ।। २७

આ મન્ત્રમાં શિવને શિવસ્વરૂપ, કલ્યાણદાતા, મોક્ષદાતા કહેવાયા છે. આમ વિવિધ પુરાણો અને શ્રુતિઓમાં તમોગુણનાં અધિષ્ઠાતા દેવ તરીકે શિવ અનાદિ, અપૌરુષેય, પરમેશ્વરતત્વ, શાન્તત્વ, સર્વપુજયત્વ તરીકે સિદ્ધ કરાયા છે. શિવની મૂતિ પણ તે પ્રમાણે જ અનાદિ સિદ્ધ છે. તેઓ વિશ્વમૂર્તિ એવં અનન્તમૂર્તિ છે, તેથી જ યૌગિક, તાન્ત્રિક, આધ્યાત્મિક, વૈદિક, ભાવનામયી, પદાર્થમયી. આમ અનેક રીતે તેમજ સૂક્ષ્મ, સ્થૂળ, મૂર્ત–અમૂર્ત પંચમુખ, અર્ધનારીશ્વર, લિંગ, આદિના રૂપમાં તેમજ સૂર્ય, વિષ્ણુ આદિનાં રૂપમાં તે શિવ જ ઉપાસ્ય દેવ છે. તેમનાં આ તામસરૂપની ઉપાસના પણ યોગ્ય અને પરમકલ્યાણમય છે. તેનું સ્મરણ, જપ, ધ્યાન, ભાવના આદિ સર્વ અને મંગલમય છે. તેમની કૃપાથી જ તેમની ઉપાસનાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

તમોગુણના અધિષ્ઠાતા ભગવાન શિવ સત્, ચિત્ અને આનન્દ ઈશ્વરનાં આ ત્રણે રૂપોમાં આનન્દ સ્વરૂપ, જેનું બીજું નામ સામ્યાવસ્થા અથવા અક્ષુબ્ધ ભાવ છે. તે ભગવાન શિવ જ છે. તેથી જ શિવપુરાણ કહે છે કે – આ તામસ સ્વરૂપ શિવ જ સૂર્ય સમાન પરમે તેજોમય અંડથી ઉત્પન્ન છે. જેમકે –

तल्लिङ्गमासंज्ञितं साक्षात् तेजो महेश्वरं परम् ।

तदेव मूलपूकृतिर्माया च गगनात्मिका ।। २८

સંક્ષેપમાં કહીએ તો શિવ તમોગુણનાં અધિષ્ઠાતા છે એ વાતનું સમર્થન કરતાં પુરાણો શિવને પરબ્રહ્મ કહેતા સંકેત આપે છે કે શિવનાં વશમાં તમ છે. શિવ તામસ નથી. તામસિક વૃતિઓનાં શમન માટે શિવારાધના એક માત્ર જ ઉપાય છે.

## ૫.૩ શિકતના અધિષ્ઠાતા શિવ.

પુરાણો અનુસાર વિશ્વની ઉદ્‌ભવ, સ્થિતિ અને સંહારકારિણી શકિત જગદમ્બિકા છે. એક પરમ શકિત છે. જે તમામ શકિતઓની અધિષ્ઠાત્રી છે. શકિતનાં વિવિધ સ્વરૂપોનાં વર્ણનો પુરાણમાં પ્રાપ્ત થાય છે. શૈવ પુરાણો પણ શકિતનાં સ્વરૂપો વર્ણવતા તેને મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી આદિ નામોથી સંબોધે છે. અને તે શકિતને શિવની પત્નિ પણ કહે છે જેમ કે –

लोकत्रयस्थितिलयोदयकेलिकारः

कार्येण यो हरि हर द्रुहिणत्वमेति ।

देवः सः विश्वजनवाङमनसातिवृत

शक्तिः शिवं दिशतु शश्वदनश्वरं चः।। [૨૯]

જે 'શિવ' જીવોનાં ઉપકારાર્થ ત્રણેલોકની સ્થિતિ, નાશ અને ઉત્પતિ આદિ કાર્યો સમ્પન્ન કરતાં વિષ્ણુ, ઢદ્ર અને બ્રહ્મા આદિ રૂપો ધારણ કરે છે. તેમજ જે 'શિવ' ની 'શકિત' સમસ્ય પ્રાણિયોની વાણી અને મનથી અત્યના અગમ્ય છે, તે સ્વયંપ્રકાશ શિવ (પરેમશ્વર) આપ લોકોને સર્વદા અક્ષય કલ્યાણ (મોક્ષ) પ્રદાન કરે.

આ શકિતના આધિપતિ, અધિષ્ઠાતા શિવ છે. એવું પુરાણો કહે છે, કારણ કે શિવથી ભિન્ન શકિત નથી અને શકિતથી ભિન્ન શિવ નથી. શિવમાં 'ઈ' કાર જ શકિત છે. ઈકાર નિકળી જવાથી શવ બાકી રહી જાય છે. શિવ કૂટસ્થ તત્વ છે. શકિત પરિણામિની તત્વ છે. નાના પ્રકારની વિચિત્રતાઓથી પરિપૂર્ણ સંસારના રૂપમાં અભિવ્યકત શકિતનો આધાર અને અધિષ્ઠાન શિવ જ છે. શિવ જ અવ્યક્ત, અદશ્ય, સર્વગત તેમજ અચલ, અરૂપ, અજન્મા, આત્મા છે. અને શકિત દશ્ય, ચલ, રૂપવાન જન્મ લેનારી વ્યકત સતા છે. વિશ્વના અનન્ત, શાન્ત અને ગંભીર વક્ષઃસ્થળ પર અનન્તકોટી બ્રહ્માંડોનું રૂપધારણ કરી તેમજ તેમાં સર્ગ, સ્થિતિ અને વિનાશની વિવિધ લીલા કરતી શકિત અનવરત નૃત્ય કરતી રહે છે. જેમ પુષ્પમાં ગન્ધ, ચન્દ્રમાં ચન્દ્રિકા, સૂર્યમાં પ્રભા, નિત્ય અને સ્વભાવ

સિદ્ધ છે તે પ્રમાણે શિવમાં શકિત પણ સ્વભાવ સિદ્ધ જ છે. શકિતના ઉમા, દુર્ગા, લક્ષ્મી, સરસ્વતી આદી નામો છે. શિવ પુઢષ છે અને ઉમા લક્ષ્મી. શિવ સૂર્ય છે તો ઉમા છાયા. શિવ ચન્દ્ર છે તો ઉમા તારા, શિવ યજ્ઞ છુ તો ઉમા વેદી, શિવ અગ્નિ છે તો ઉમા સ્વાહા, શિવ અર્થ છે તો ઉમા અક્ષરદ્યોતિકા. આમ સર્વત્ર શિવ શકિત વિદ્યમાન છે. શાસ્ત્રોનું કથન છે કે – શિવનો સાક્ષાત્કાર કરવો ખૂબ કઠીન છે. સૌ પ્રથમ શકિત સમક્ષ આત્મસમર્પણ કરવું પડે છે. શકિતની સહાયતા વિના શિવનો સાક્ષાત્કાર નથી થતો. શકિતની આરાધના વગર શિવ અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ સંભવ નથી. તેથી જ ભારતમાં આદિકાળથી જ સંયુક્ત શિવ–શકિતની ઉપાસના થતી રહી છે. શિવના સ્વરૂપોનું ધ્યાન કરતાં સંસ્કૃત કવિઓએ ગૌરીપતિ, શકિતના અધિપતિ શિવની જ સ્તૃતિ વધારે કરી છે. જેમ કે–

विश्वोद्भव स्थितिलयादिषु हेतुमेकं

गौरीपतिं विदिततत्त्वमनन्तकीर्तिम् ।

मायाश्रयं विगतमायमचिन्त्यरूपं

बोधस्वरूपममलं हि शिवं नमामि।। [૩૦]

જે શિવ વિશ્વની ઉત્પતિ, સ્થિતિ અને લય આદિનાં એકમાત્ર કારણ છે. ગૌરી ગિરિરાજકુમારી ઉમાના પતિ છે, તત્વજ્ઞ છે. જેની કિર્તીનો કયાંય અંત નથી. જે માયાના આશ્રિત હોવા છતાં તેનાથી અત્યન્ત દૂર છે. તેમજ જેનું સ્વરૂપ અચિન્ત્ય છે. તેવાં વિમલ બોધ સ્વરૂપ ભગવાન શિવને હું પ્રણામ કરું છું.

શકિતની સમ્મુખ આત્મસમર્પણનો અર્થ છે કે – શકિતને સહારે માનવ દેહાભિમાન અથવા અહંકારથી ઉપર ઉઠી શકે છે. જીવનની સૂક્ષ્મ અને સ્થૂળ. જે કંઈપણ પ્રક્રિયાઓ છે તે બધી જ શકિતનું જ કાર્ય છે. શકિત ઈશ્વરીય તત્વ મનાય છે. શકિત જ સમસ્ત ચર અને અચરમાં વ્યાપ્ત છે. શિવની આરાધના જ શકિતની આરાધના છે. ભારતીય દર્શનમાં વિદ્વાનોએ એવું માન્યું છે કે શિવ અને શકિતની વિષમતા અને વિધિનું સામંજસ્ય જ પરમ

તત્વનું રહસ્ય છે. ચરકસંહિતામાં મહાપ્રલય પછીની સ્થિતિનો ઉલ્લેખ કરતાં કહેવાયું છે કે 'તે સમયે મૃત્યુ અને જીવન ન હતું. રાત્રિ–દિવસનો વિભાગ કરના સૂર્ય પણ ન હતો.' પ્રશ્ન થાય છે કે તે સમયે શું હતું ? ઉતરમાં કહેવાયું છે કે તે સમયે સમાધિસ્થ સૂત્રાત્મા, શ્વાસ–પ્રશ્વાસ–ઢ૫, કલ્પ, સૃષ્ટિ અને પ્રલય આદિ વ્યવહાર રહિત, શાન્ત સમુદ્ર સમાન અનન્તાકાશરૂપિણી, નિત્ય, જ્ઞાન–શકિત (ઉમા) સાથે અખંડ, પરિપૂર્ણ શિવ જ અસ્તિત્વરૂપ ક્રિયાવાન હતાં. તે શિવની અનન્ત શકિતનાં કોઈ એક ભાગમાં જ માયા બિજરૂપે હતી. જેમ બીજની શકિત પોતાની ઉત્પતિ પહેલા બીજ માં જ રહે છે. તેમજ અવ્યક્ત શકિત નિત્ય ઉમાથી ભિન્ન નથી. ઉમા પણ આગન્તુક માયાથી ભિન્ન નથી.

ઉમા શકિત છે, તે શિવની શકિત છે. નિત્યસ્વરૂપા છે. જ્ઞાનનું રૂપ ન હોય તો ચેતનનું રૂપ કયાંથી હોય ? તેથી શિવ જ્ઞાનનાં સ્વરૂપ અને નિરાકાર છે. અપરિણામિની શકિતની પારિચાયિકા પરિણામિની બીજ શકિત છે. શિવ જ બ્રહ્મ છે. શિવ જ પ્રણવ છે. જે પ્રણવ છે તે જ સર્વવ્યાપી છે. તે જ અનન્તશકિત સ્વરૂપા ઉમા (શકિત) છે. જે ઉમા છે તે જ તારકમન્ત્ર છે. તે જ ૐકાર છે. તે તારકમન્ત્ર છે, તે જ બ્રહ્મવિદ્યા છે. તે તારક છે, તે જ સૂક્ષ્મ જ્ઞાન–શકિત છે. જે સૂક્ષ્મ છે તે જ શુદ્ધ છે. તે જ અદ્વિતિય શિવ છે તે જ ઈશાન છે તે જ ભગવાન છે, તે જ મહેશ્વર છે તે જ મહાદેવ છે.

"यः ॐकारः स प्रणवः यः प्रणवः स सर्वव्यापी यः सर्वव्यापी सोऽनन्तः योऽनन्तस्ततारं यतारं तत्सूक्ष्मम्...।।[31]

આ પ્રમાણે શ્રુતિઓએ પણ શિવને જ પરમતત્વ તરીકે વર્ણવતા શકિતનાં અધિષ્ઠાતા, શકિતનાં અધિપતિ કહ્યા છે. શકિતનું સ્વરૂપ વર્ણવતા માર્કન્ડેયપુરાણમાં કહેવાયું છે કે–

सृष्टिस्थितिविनाशानां शकितभूते सनातनि ।

गुणाश्रये गुणमयि नारायणी नमोऽस्तु ते ।।[32]

'બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં રૂપે સૃષ્ટિની ઉત્પતિ, પાલન અને વિનાશ કરનારી હે સનાતની શકિત ! હે ગુણાશ્રયે ! હે ગુણમયી નારાયણી દેવી ! આપને નમસ્કાર હો' આમ દેવતાઓ મહાશકિતની સ્તુતિ કરતા માર્કન્ડેયપુરાણમાં શિવની પરમાશકિતને જ જગતનું કારણ કહે છે. તદુપરાંત બ્રહ્મવૈવર્તપુરાણમાં શિવની આ શકિતને સ્વયં ભગવાન શ્રીકૃષ્ણનાં

મુખે આ પ્રમાણે વર્ણવાઈ છે.

त्वमेव सर्वजननी मूलप्रकृतिरीश्वरी ।

त्वमेवाधा सृष्टिविद्यौ स्वेच्छया त्रिगुणात्मिका ।।

कार्यार्थे सगुणा त्वं च वस्तुतो निर्गुणा स्वयम् ।

परब्रह्मस्वरूपा त्वं सत्या नित्या सनातनी ।।

तेजः स्वरूपा परमा भक्तानुग्रहविग्रही ।

सर्वस्वरूपा सर्वेशा सर्वाधारा परात्परा ।।

सर्वबीजस्वरूपा च सर्वपूज्या निराश्रया ।

सर्वज्ञा सर्वतोभद्रा सर्वमङ्गलमङ्गला। ।। ૩૩

શિવની પરમાશતિનું વર્ણન કરતા બ્રહ્મવૈવર્ત પુરાણનાં ઉપરોકત શ્લોકોમાં કહેવાયું છે કે તમે જ વિશ્વજનની, મૂલ–પ્રકૃતિ, ઈશ્વરી છે. તૂ જ સૃષ્ટિનાં ઉત્પતિ સમયે આદ્યાશકિતનાં સ્વરૂપમાં વિદ્યમાન રહે છે. અને સ્વેચ્છાએ ત્રિગુણાત્મિકા બની જાય છે. વસ્તુતઃ સ્વયં ભૂ નિર્ગુણ છો, છતાં પણ પ્રયોજનવશ સગુણ બની જા છો. તૂ પરબ્રહ્મ સ્વરૂપ, સત્ય, નિત્ય એવં સનાતની છો. પરમતેજઃ સ્વરૂપ અને ભકતો પણ અનુગ્રહ કરવાનાં હેતુ શરીર ધારણ કરે છે, તૂ જ સર્વસ્વરૂપા, સર્વેશ્વરી, સર્વાધાર અને પરાત્પર છો. તૂ સર્વબીજ સ્વરૂપ સર્વપૂજ્યા, અને આશ્રયરહિત છો. તૂ સર્વજ્ઞ, સર્વપ્રકારે મંગલ કરનારી અને સર્વમંગલોની પણ મંગલ છો.'

ઉપરોકત શ્લોકથી મહાશકિતનાં વિજ્ઞાનાનન્દઘન સ્વરૂપ સાથે સર્વવ્યાપી સગુણ બ્રહ્મ અનુ સૃષ્ટિની ઉત્પતિ, પાલન અને વિનાશને માટે બ્રહ્મા, વિષ્ણુ અને શિવના રૂપે હોવાનું પણ સિદ્ધ થાય છે. શ્રુતિઓનું કથન છે કે જેમાં સમસ્ત વસ્તુઓ શયન કરે છે તે જ શિવ છે. તે જ અદ્વૈત છે, તે જ નિરાકાર છે, નિર્વિકાર છે તે જ નિર્ગુણ બ્રહ્મ છે. તે જ અદ્વૈત છે, તે જ નિરાકાર છે, નિર્વિકાર છે, તે જ નિર્ગુણ બ્રહ્મ છે. શિવ જયારે પોતાનાં સ્વરૂપમાં રહે છે અને જયારે પોતાની શકિતને ક્રિડાભૂત કરી, અર્થાત પોતાની ગોદમાં લઈ એક થઈ રહે છે, ત્યારે સૃષ્ટિનો પ્રાદુર્ભાવ બંધ થઈ જાય છે. પુનઃ જયારે પોતાની માયાને અથવા પોતાની શકિતને અંગિકાર કરે છે, ત્યારે તે પોતાના સ્વરૂપમાં સ્થિત રહીને સગુણભાવ

ધારણ કરે છે. સગુણાવસ્થામાં જ તેઓ વિશ્વસ્થ થઈ જાય છે. સમસ્ત દેવતાઓ જ શિવ–શકિત છે. સમસ્ત સ્થાવર–જંગમ તે જ શિવ–શકિતની સમ્મિશ્રિત અવસ્થા છે. બધાં દેવો મળીને એક પરમાત્મા છે અને તે પરમાત્મા જ 'શિવ' છે.

શિવ જયારે વિસ્તાર રહિત અદ્વિતીયરૂપમાં સ્થિત રહે છે. ત્યારે માનો કે વિવિધસ્થ વિલાસમયી પ્રકૃતિનટી તેનામાં વિલીન રહે છે. શકિત શિવમાં સક્રિય, અવ્યક્તરૂપમાં સ્થિત છે. શકિત છે, પરંતુ દશ્ય નથી થતી. શકિત બાહ્યક્રિયાથી વિપરિણિત કરે છે ત્યારે તે જ ક્રિયામયી શકિત (પ્રકૃતિ) શિવને વિવિધ સ્વરૂપોમાં પ્રગટ કરીને તેની ક્રિડાનું ઉપકરણ પ્રસ્તુત કરે છે. એક શિવ જ વિવિધ રૂપો ધારણ કરી પોતાની સાથે જ રમે છે. શિવ સગુણ પણ છે, નિર્ગુણ પણ. તે સાકાર હોવા છતાં નિરાકાર પણ છે. અપાણિપાદ હોવા ઉપરાંત ગ્રહણ અને ગમન કરનાર. 'सर्वेन्द्रियगुणाभासम्' હોવા છતાં ઈન્દ્રિયવિહીન. દૂર પણ અને નજીક પણ છે. નિર્વિકલ્પક હોવા છતાં સવિકલ્પક છે. શિવ મન–બુદ્ધિથી પર હોવા ઉપરાંત પણ બુદ્ધિગમ્ય છે. શિવ અણુથી પણ પરમઅણુ છે. મહાન થી પણ મહાન છે. શિવ સૃષ્ટિ, સ્થિત અને વિનાશ કરનાર છે. તે શિવ જ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર છે. તે ત્રણે રૂપોમાં સ્થિત એક જ શિવ છે. શ્વેતાશ્વતરોપનિષદ્‌માં લખ્યું છે કે 'સર્વનિયન્તાઓનાં મહાન નિયન્તા, દેવતાઓનાં પરમ દૈવત, પ્રજાપતિ બ્રહ્માજીનાં પણ સ્વામી સ્વયંપ્રકાશસ્વરૂપ એવં પૂજ્ય મહેશ્વર મહારુદ્ર ભગવાન શિવ છે.

तमीश्वराणां परमं महेश्वरं
तं देवतानां परमं च दैवतम् ।
पति पतीनां परमं परस्तात्
विदाम देवं भुवनेश्मीऽयम् ।। [૩૪]

શક્તિનાં અધિષ્ઠાતા શિવનાં ભક્તોએ મનોરમ અને ઘણી વખત આશ્ચર્ય પમાડે તેવા પણ સ્વરૂપો બનાવ્યા છે. જેમ કે, ત્રિશૂલ, ત્રિનેત્ર, મુંડમાળાધારી, દિગમ્બર, સ્મશાનવાસી આદિ સ્વરૂપે સ્તુતિઓ કરી છે. કોઈ ભક્તે શિવને અર્ધનારીશ્વર, કોઈએ મદનજિત્, કોઈએ ભસ્મધારી આદિ કહ્યા છે. વાસ્તવમાં શિવનાં ત્રિનેત્ર, ત્રિશૂલ અને મુંડમાળ ા આદિ ધારણ કરવાનું રહસ્ય પણ શિવતત્ત્વ મર્મજ્ઞો જણાવે છે. શિવનાં ત્રિનેત્ર– ત્રિકાળ નાં બોધક છે. ત્રિનેત્ર, સૂર્ય, ચન્દ્રમા અને અગ્નિ સ્વરૂપ છે. મુંડમાળા – મરણધર્મા પ્રાણિને સદા–સર્વદા મૃત્યુનું સ્મરણ કરાવે છે. મૃત્યુનું સ્મરણ થતા જ પ્રાણી સાવધાન થઈ જાય છે.

સાવધાન થતાં જ જીવ પોતાને દુષ્કર્મોથી દૂર રાખવાનો પણ પ્રયાસ કરે છે. શિવ દિગમ્બર હોવા છતાં ત્રિલોકસ્વામી છે. અર્ધનારીશ્વર હોવા છતાં ઉમારહિત છે. ભસ્મધારી હોવા છતાં અનેકાનેક રત્નરાશિઓના અધિપતિ છે. તે શિવ અજન્મા પણ છે, તે જ અનેક રૂપોમાં આવિર્ભૂત પણ થાય છે. ગુણાતીત પણ છે. ગુણાધ્યક્ષ પણ છે. અવ્યક્ત પણ છે, વ્યક્ત પણ છે.

સગુણ અર્થાત્ માયાસંવલિત બ્રહ્મ જેની 'પુઢષ' સંજ્ઞા છે, શિવની ઈચ્છાનુસાર ગુણોનાં ક્ષોભથી રજોગુણથી બ્રહ્મા, સત્વગુણથી વિષ્ણુ અને તમોગુણથી ઢદ્ર ઉત્પન્ન થયાં.ફ આ ત્રણે બ્રહ્માંડના ત્રિદેવ છે. અને શિવ અનેક કોટિ બ્રહ્માંડોના નાયક છે. શિવપુરાણની વાયવીય સંહિતાનું વચન છે કે –

पुढषाधिष्ठितात् पूर्वमव्यक्तादीखराज्ञया ।

बुद्धयादयो विशेषान्ता विकाराश्चाभवन् क्रमात् ।।

ततस्तेभ्यो विकारेभ्यो रूद्रो विष्णुः पितामहः ।

जगतः कारणत्वेन त्रयोदेवा विजज्ञिरे ।।

सृष्टि स्थितिलयाख्येषु कर्मसु त्रिषु हेतुताम् ।

प्रभूत्वेन सहैतेषां प्रसीदति महेश्वरः ।।[૩૫]

પ્રથમ ઈશ્વરની આજ્ઞાથી પુઢષાધિષ્ઠિત આવ્યક્તથી ક્રમશઃ બુદ્ધિથી લઈ વિશેષ પર્યન્ત વિકાર ઉત્પન્ન થયાં. તેમાં બ્રહ્મા, વિષ્ણુ અને ઢદ્ર આ ત્રણ દેવ જગત્નાં કારણરૂપ ઉત્પન્ન થયાં, આ ત્રણે ક્રમશઃ સૃષ્ટિ, સ્થિતિ અને લયના કાર્યમાં મહેશ્વર દ્વારા નિયુક્ત છે. આ ત્રિદેવોમાં પરસ્પર કોઈ જ ભેદ નથી. ત્રણે એક જ છે. અને ત્રણેનું કાર્ય પણ મળીને એક જ થાય છે. અર્થાત ત્રણે એક–બીજાનાં કાર્યમાં સહાયતા આપતાં એકમત થઈને કાર્ય કરે છે. જે આ ત્રણે ભેદ સમજે છે. એક ને મોટાં એન બીજાને નાના સમજે છે. તે શિવપુરાણમાં પ્રતિપાદિત વચન અનુસાર રાક્ષસ અથવા પિશાચ સમાન છે, જેમાં સંદેહ નથી. શિવપુરાણમાં કહેવાયું છે કે –

एते परस्परोत्पन्ना धारयन्ति परस्परम् ।

परस्परेण वर्धन्ते परस्परमनुव्रताः ।।

क्वचिद्ब्रह्मा क्वचिद्विष्णुः क्वचिद्रुद्रः प्रशस्यते ।

नानेव तेषामाधिक्यमैश्वर्य चातिरिच्यते ।।

अयं परस्त्वयं नेति संरम्भाभिनिवेशिनः ।

यातुधाना भवन्त्येव पिशाचा वा न संशनः ।।[૩૬]

**આ શ્લોકમાં શકિતનાં અધિષ્ઠાતા અને ત્રિદેવોને શિવનાં જ સ્વરૂપો કહ્યા છે. શિવ ગુણત્રયથી અતીત છે. ચાર વ્યૂહોમાં તેને વિભક્ત કરી શકાય છે. (૧) બ્રહ્મા, (૨) કાલ, (૩) રુદ્ર અને (૪) વિષ્ણુ. શિવ જ બધાનો આધાર છે અને શકિતની ઉત્પતિનાં સ્થાન પણ છે, તે વિષય અન્તર્ગત શિવપુરાણમાં કહેવાયું છે કે –**

देवो गुणत्रयातीतश्यतुर्व्युहो महेश्वरः ।

सकलः सकलाधारः शवतेरूत्वतिकारणम् ।।

सोऽयमात्मत्रयस्यास्य प्रकृतेः पुरूषस्य च ।

लीलाकृतजगत्सृष्टि रीश्वरत्वे व्यवस्थितः ।।

**શિવ ગુણત્રયાતીત છે. ચતુર્વ્યુહાત્મક શિવનું સ્વરૂપ છે. તે શિવ જ સકલ જગતનો આધાર છે. શકિતની ઉત્પતિનું કારણ પણ ભગવાન શિવ જ છે. ત્રિદેવ રૂપે અને પ્રકૃતિ–પુરુષ સ્વરૂપે તે જ લીલાં કરે છે. આમ શિવને ત્રિદેવથી પૃથક્ પણ બતાવાયાં છે. શિવનાં કયા અંગમાંથી કયા દેવ ઉત્પન્ન થયા છે, તે પણ શિવપુરાણમાં કહેવાયું છે. શિવપુરાણ શિવને પરબ્રહ્મ અને સ્વરૂપતઃ ગુણાતીત વર્ણવતા કહે છે કે –**

दक्षिणाङ्गान्महेश्वरस्य जातो ब्रह्मात्मसंज्ञकः ।

वामाङ्गादभवद्विष्णुस्ततो विद्यैतिसंज्ञितः ।

हृदयान्नीलरूद्रोऽभूच्छिवस्य शिवसंज्ञितः ।।

**આ વર્ણનથી એક વાત એ પણ સિદ્ધ થાય છે કે – ત્રિદેવોમાં પણ એક દેવ રુદ્ર છે,**

તેથી જ રુદ્ર એક જ છે, યદ્યપિ એકાદશ ગુણ–કર્મને કારણે તેનાં એકાદશ કામ અને એકાદશ નામો પણ છે. સદાશિવથી જે ચૈતન્ય શકિત ઉત્પન્ન થઈ અને જેનાથી ચિન્મય આદિ પુરુષો થયા, તે જ યથાર્થમાં શિવનાં લિંગ છે, કારણ કે તેનાથી જ ચરાચર વિશ્વની ઉત્પતિ થઈ, તે જ બધાનાં લિંગ અથવા કારણ છે, અને તેમાં જ વિશ્વનો લય પણ થાય છે. શિવપુરાણમાં લખ્યુ છે કે –સમસ્ત લિંગ પીઠ (આધાર) અર્થાત પ્રકૃતિ પાર્વતી અને લિંગને ચિન્મય પુરુષ સમજવો જોઈએ. આ બન્નેનાં સંયોગથી સૃષ્ટિની ઉત્પતિ થઈ છે જેમ કે –

पीठमम्बामयं सर्व शिवलिङ्ग च चिन्मयम् ।[૩૭]

શિવપુરાણમાં શિવનાં વાકય છે કે જે લિંગ (મહાચૈતન્ય) ને સંસારનું મૂળકારણ અને આ કારણ જગતને લિંગમય (ચૈતન્યમય) સમજીને આ આધ્યાત્મિક દષ્ટિથી લિંગની પૂજા કરે છે તે જ મારી યથાર્થ પૂજા કરે છે જેમ કે,

योऽर्चयाऽर्चयते देवि पुरूषद मां गिरेः सुते ।

लोकं लिङ्गात्मकं ज्ञात्वा लिङ्गे योऽर्चयते हि माम् ।।

न मे तस्मात् प्रियतरः प्रियो वा विद्यते ततः ।

આ પ્રમાણે શિવપુરાણનાં અનેક સ્થળોમાં[૩૮] અને લિંગપુરાણમાં પણ આવે છે કે– સૃષ્ટિની આદિમાં અર્થાત કોઈપણ બ્રહ્માંડના પ્રારંભમાં બ્રહ્મા અને વિષ્ણુને લિંગના દર્શન થયાં, જેનો આદિ–અંત બન્નેને ન મળ્યો. તત્પશ્ચાત્ તે લિંગમાં પ્રણવનાં અક્ષરો પ્રગટ થયાં. પ્રણવના અક્ષરોનાં પ્રગટ થવાનું તાત્પર્ય નાદ અર્થાત શબ્દ બ્રહ્મ પ્રગટ થતું. જે સૃષ્ટિનાં સમસ્ત પદાર્થોનું આદિ–કારણ છે. આ વિષ્ણુ અને બ્રહ્મા તે બ્રહ્માંડ અન્તર્ગત ત્રિદેવ – બ્રહ્મા, વિષ્ણુ હતાં, નહિ કે મહાવિષ્ણુ જેમાં અને સદાશિવમાં ભેદ નથી. લિંગથી અહીં મહાચૈતન્યમય આદિપુરુષથી તાત્પર્ય છે, જેના સંકલ્પ અથવા ઈચ્છાશકિતમાં સમ્પૂર્ણ વિશ્વ ની હિત છે અને તેનાથી જ આ વિશ્વની ઉત્પતિ થઈ છે.

જે શકિતના શિવ અધિષ્ઠાતા છે, તે શકિતનું નામ પાર્વતી છે. જો કે અન્ય પણ ઘણાં નામો છે. આ પાર્વતી કઈ રીતે શિવની સાથે લૌકિક રીતે જોડાય છે તેની કથા પુરાણો વર્ણવે છે કે – જે સમયે હિમાલયે પાર્વતીનો સ્વયંવર કર્યો તે સમયે તેનાં નિમંત્રણથી અનેક દેવો, નાગ, કિંનર આદિ ભેગા થયાં. શિવ પણ એક બાળકનાં રૂપમાં આવ્યા અને પાર્વતીના ખોળામાં બેસી ગયા. બાળકના આવા અભદ્ર વ્યવહારને જોઈ બધા દેવગણો ખૂબ જ ક્રોધિત

થઈ એક એક કરીને તે બાળક પર પ્રહાર કરવા ઉદ્યત થયાં. પરંતુ તે બાળક કોઈ સાધારણ બાળક ન હતું. તે તો સ્વયં સદાશિવ હતાં. સદાશિવે પોતાના શસ્ત્રો દ્વારા દેવાતાઓનાં અંગોને સ્તંભિત કરી કુંઠિત કરી દીધા. દેવતાઓનાં આ પરાભવને જોઈ બ્રહ્માએ ધ્યાનપૂર્વક વિચાર કર્યો, ત્યારે જણાયું કે, આ બાળક સ્વયં શિવ છે. ત્યારે તેઓ મહાદેવને પ્રણામ કરી અને આ પ્રમાણે સ્તુતિ કરે છે કે –

सृष्टा त्वं सर्वलोकानां प्रकृतेश्च प्रवर्तकः ।

बुद्धिस्त्वं सर्वलोकानामहंकारस्त्वमीश्वरः ।।

भूतानामिन्द्रियाणां च त्वमेवेश प्रवर्तक ।

तवाहं दक्षिणाद्धस्तात् सृष्टेः कारणा ।।

वामहस्तान्माबाहो देवो नारायणः प्रभुः ।

इचं च प्रकृतिर्देवी सदा ते सृष्टि कारणा ।।

पत्नीरूपं समावस्थाय जगत्कारणमागता ।

नर्मस्तुभ्यं महादेव महादैव्य नमो नमः ।।

प्रसादात् तव देवेश नियोगाच्च मया प्रजाः ।

देवाधास्तु इमाः सृष्टा मंठस्त्वद्योगमोहिताः ।।

कुरू प्रसादमेतेषा यथापूर्व भवन्तित्वमे ।। [૩૯]

બ્રહ્માજીની આવી સ્તુતિથી પ્રસન્ન થઈએ કૃપા કરી દેવતાઓને વિવિધત પુષ્ટ કર્યા. આ સ્તુતિથી જ્ઞાત થાય છે કે – ભગવાન શિવની બ્રહ્માજીએ પૂર્ણ બ્રહ્મ, પરેમશ્વરનાં રૂપમાં આરાધના કરી છે. આ શ્લોકોમાં જે પુઢષની વન્દના થઈ છે. તેથી શ્રેષ્ઠતર અને ઉચ્ચતર કોઈપણ ન હોઈ શકે. સમસ્ત લોકનાં શ્રષ્ટા એવં પ્રકૃતિના પ્રવર્તક એક માત્ર પર બ્રહ્મ પરમેશ્વર જ તો છે. શિવ વિવાહ સમયે વિષ્ણુને માટે બ્રહ્માજીના વાકયો પણ ઉલ્લેખનીય છે જેમ કે –

'હે વિષ્ણુ ! આપ અને ભગવતી પાર્વતી શિવજીનાં વામ અંગથી ઉત્પન્ન થયા છો. શિવજીની માયાથી જ ભગવતી હિમાલયની કન્યા પણ ઉત્પન્ન થઈ છે. સમસ્ત જગતની,

આપની અને અમારી આ પાર્વતી જ માતા છે અને શિવજી જ પિતા છે. શિવની મૂર્તિઓથી જ આ જગત ઉત્પન્ન થયું છે. ભૂમિ, જળ, અગ્નિ, આકાશ, પવન, સૂર્ય, ચન્દ્ર આ બધી શિવજીની જ મૂર્તિઓ છે. આ પાર્વતી શુકલ, કૃષ્ણ, લોહિત વર્ણોથી યુકત અજા, અર્થાત માયા છે અને આપ પણ પ્રકૃતિરૂપ છો. હવે અમારા અને હિમાલયનાં વચનથી શિવજીને માટે પાર્વતીને આપવા ઉચિત છે.'

આમ, ઉપરોકત પ્રાર્થનાથી પરમ શિવ ભકત વિષ્ણુ ભગવાને ઊભા થઈ, શિવજીને પ્રણામ કર્યા અને તેમના ચરણો ધોઈ, તે ચરણોદકને બ્રહ્માજીનાં અને પોતાનાં મસ્તક પર પ્રોષિત કરી પાર્વતીને શિવને માટે અર્પિત કર્યા.

## ❑ શકિતનો શિવ પ્રેમ :

શિવ અને પાર્વતી એક–બીજાનાં પરસ્પર આધારધેય છે. શિવ–પાર્વતીનાં વિવાહ પછી એક સમય લીલાંધારી પરેમશ્વર શિવ એકાન્તમાં બેઠા હતાં. સતી પણ ત્યાં વિરાજિત હતાં. આપસમાં વાતો થઈ રહી હતી. તે વાર્તાલાપ દરમ્યાન ભગવાન શિવનાં મુખથી સતીનાં શ્યામવર્ણને જોઈ 'કાલી' એવો શબ્દ નિકળી ગયો. 'કાલી' આ શબ્દ સાંભળી સતીને ખૂબ જ દુઃખ થયું, અને તે શિવને કહેવા લાગ્યાં કે 'મહારાજ ! આપે મારા કૃષ્ણવર્ણને જોઈ માર્મિક વચનો કહ્યા છે. તેથી હું હવે એવી જગ્યાએ જઈશ કે જયાં મારૂ નામ ગૌરી પડે.' આવું કહી પરમ ઐશ્વર્યવતી સતી પોતાની સખિઓની સાથે પ્રભાસ તીર્થમાં તપસ્યા કરવાં જતી રહી. ત્યાં ગૌરીશ્વર નામક લિંગને વિધિવત સંસ્થાપિત કરી, સાંગોપાંગ પૂજા અને દિન–રાત એક પગ પર ઉભી રહી, કઠીન તપસ્યા કરવાં લાગી. જેમ–જેમ તપ વધતું ગયું. તેમ તેમ તેનો વર્ણ પણ ગૌર થતો ગયો. આમ ધીરે ધીરે તેના અંગો પૂર્ણરૂપે ગૌર થઈ ગયાં.

ત્યારપછી ભગવાન ચન્દ્રમૌલિ ત્યાં પ્રગટ થયાં અને સતીને ખૂબ જ આદરથી 'ગૌરી' એવા નામથી સમ્બોધિત કરી કહ્યું – 'પ્રિયે, હવે તમે ઉઠો, અને પોતાનાં ઘરે ચાલો. હે કલ્યાણી, અભીષ્ટ વર માંગો, તમારે માટે કંઈપણ અદેય નથી. આપની તપસ્યાથી હું પ્રસન્ન છું.' ત્યારે સતીએ હાથ જોડી પ્રાર્થનાપૂર્વક કહ્યું કે – 'હે મહારાજ ! આપના ચરણોની દયાથી મને કોઈ વાતની ખામી નથી. મારે પોતાનાં માટે કંઈ જ નથી જોઈતું. પરંતુ, એક પ્રાર્થના અવશ્ય કહીશ કે જે નર અથવા નારી ગૌરીશ્વર શિવનાં દર્શન કરે, તે સાત જન્મો સુધી સૌભાગ્ય સમૃદ્ધિથી પૂર્ણ થઈ જાય. અને તેના વંશમાં કોઈને પણ દારિદ્રય તેમજ દૌભાગ્યનો ભોગ ન બનવું પડે. મારા દ્વારા સંસ્થાપિત આ લિંગની પૂજા કરવાથી પરમ

પદની પ્રાપ્તિ થાય. ગૌરીની આ પ્રાર્થનાને શ્રી મહાદેવે પરમ હર્ષ સાથે સ્વીકૃત કરી અને ગૌરીને લઈ તેઓ કૈલાસ પધાર્યા.[૪૦] આમ શિવ–શકિતનાં પતિ બન્યા અને શકિતના પ્રેમપાત્ર તેમજ અધિષ્ઠાતા બન્યાં. તેથી જ પુરાણો શકિતનાં અધિષ્ઠાતા શિવનાં સ્વરૂપનું ધ્યાન કરતાં સ્તુતિ કરે છે કે –

शान्तं पद्मासनस्थं शशधरमुकुंद पञ्चवक्त्रं त्रिनेत्रं

शूलं वज्रं च खड्गं परशुमभयदं दक्षभागे वहन्तम् ।

नागं पाशं च धण्टां प्रलयहुतवहं साङ्कुशं वामभागे

नानालङ्कारयुक्तं स्फटिकमणिनिभं पार्वतीशं नमामि ।।

પાર્વતીશ ભગવાન શિવનાં આવાં વિવિધ સ્વરૂપોનાં વર્ણન ભકતોએ કર્યા છે. શકિતના વિવિધ નામો છે. પછી તે પાર્વતી હોય કે લક્ષ્મી હોય. શિવ બધી જ શકિતઓનાં અધિષ્ઠાતા છે, તેથી જ લક્ષ્મી પણ શિવ પ્રત્યે તેટલી જ નિષ્ઠા દાખવે છે, જેટલી પાર્વતી. લક્ષ્મીની શિવ નિષ્ઠાનો એક પ્રસંગ જોઈએ તો – એક વખત લીલામય ભગવાન વિષ્ણુએ લક્ષ્મીજીને ભૂલોકમાં અશ્વયોનિમાં જન્મ લેવાનો શાપ આપ્યો. ભગવાનની પ્રત્યેક લીલાઓમાં જે રહસ્ય હોય છે તેને તેઓ પોતે જ જાણતાં હોય છે. શ્રી લક્ષ્મીજીને આનાથી ખૂબ જ દુઃખ થયું, પરંતુ તેમની પ્રાર્થના ઉપરાંત ભગવાન વિષ્ણુએ કહ્યુ – 'દેવી ! જો કે મારૂ વચન મિથ્યા તો ન થઈ શકે, છતાં પણ થોડો સમય તમે અધયોનિમાં રહેશો, ત્યાર પછી મારા જેવો જ એક પુત્ર તમને ઉત્પન્ન થશે. તે સમયે આ શાપથી તમારી મુકિત થશે અને તમે મારી પાસે આવી જશો.

ભગવાનનાં શાપથી લક્ષ્મીજીએ ભૂલોકમાં આવી અશ્વયોનિમાં જન્મ લીધો. અને તેઓ કાલિન્દી તેમજ તમસાનાં સંગમ પર ભગવાન શંકરની આરાધના કરવામાં લાગી ગયાં. તેઓ ભગવાન ત્રિલોચન, સદાશિવનું અનન્ય મનથી દિવ્ય હજાર વર્ષો સુધી ધ્યાન કરતાં રહ્યા. તેમની તપસ્યાથી મહદેવજી ખૂબ જ પ્રસન્ન થયાં અને લક્ષ્મીજીની સામે વૃષભ પર આરૂઢ થઈ, પાર્વતી સમેત દર્શન આપી કહેવા લાગ્યા કે – 'દેવી ! આપનો જગતની માતા છો, અને ભગવાન વિષ્ણુની પરમપ્રિયા છો. આપ ભુક્તિ – મુક્તિ આપનાર સમ્પૂર્ણ સચરાચર જગતનાં સ્વામી ભગવાન વિષ્ણુની આરાધના છોડી, મારૂ ભજન શા

માટે કર રહ્યા છો ? વેદોમાં કહેવાયું છે કે 'સ્ત્રિઓએ હંમેશા પોતાનાં પતિની જ ઉપાના કરવી જોઈએ. તેમને માટે પતિ સિવાય કોઈ અન્ય દેવતા જ નથી. પતિ ગમે તેવો હોય, તે સ્ત્રીનો આરાધ્ય દેવ હોય છે.[૪૧] ભગવાન નારાયણ તો પુઢષોત્તમ છે, આવાં દેવેશ્વર પતિની ઉપાસના છોડી આપ મારી ઉપાસના શા માટે કરો છો ? ત્યારે લક્ષ્મીજીનો શાપ આપ્યો છે. આ શાપનો અન્ત પુત્ર થાય ત્યારે કહ્યો છે, પરંતુ આ સમયે હું પતિદેવથી વંચિત છું. તેઓ તો વૈકુંઠમાં નિવાસ કરી રહ્યા છે. હે દેવદેવ ! આપની ઉપાસના મેં એટલા માટે કરી છે કે, આપમાં અને શ્રી હરિમાં જરા પણ ભેદ નથી. આપ અને હરિ બન્ને એક જ છો. માત્ર રૂપનો ભેદ છે. આ વાત શ્રી હરિએ જ મને કહી છે. આપની અને તેમની એકતા જાણીને જ મેં તમારી આરાધના કરી છે. હે ભગવન્ ! જો તમે મારા પર પ્રસન્ન હો, તો મારૂ આ દુઃખ દુર કરો.'

આશુતોષ, શકિત અધિપતિ ભગવાન શિવ લક્ષ્મીનાં આવા વચનો સાંભળી ખૂબ જ પ્રસન્ન થયાં અને હરિને પ્રાપ્ત કરવા તેમજ મહાન પરાક્રમશાળી પુત્ર પ્રાપ્ત કરવાનું વરદાન પણ આપ્યું. ત્યાર પછી તેઓ પાર્વતી સાથે કૈલાશ જતાં રહ્યા. બુદ્ધિમાન ચિત્રરૂપને દૂત બનાવી વૈકુંઠ મોકલ્યો. ચિત્રરૂપથી ભગવાન શિવનો સંદેશ મેળવી તેમજ દેવી લક્ષ્મીની આવી સ્થિતિ જાણી ભગવાન વિષ્ણુ અશ્વનું રૂપ ધારણ કરી લક્ષ્મીજીની પાસે ગયાં, અને સમયાંતરે દેવી લક્ષ્મીને 'એકવીર' નામનો પુત્ર ઉત્પન્ન થયો. તેનાથી જ 'હૈહય–વંશ' ની ઉત્પતિ થઈ. ત્યારે જ લક્ષ્મીજીનાં શાપની પણ નિવૃત્તિ થઈ ગઈ. તેઓ દીવ્ય શરીર ધારણ કરી ભગવાન વિષ્ણુ સાથે વૈકુંઠ સિધાર્યા. તેમની શિવ આરાધના સફળ થઈ.

ઉપરોકત તમામ ઉદાહરણો દ્વારા શકિતના અધિષ્ઠાતા શિવ જ સિદ્ધ થાય છે. આવા ભગવાન શિવને માટે તુલસીદાસજીએ પણ પ્રાર્થના કરતા કહ્યું છે કે –

भवानीशंकरौ वन्दे श्रद्धाविश्वासरूपिणौ ।

याभ्यां विना न पशयन्ति सिद्धः स्वान्तःस्थमीश्वरम् ।।

આ ઉપરાંત પણ શિવનતી અનેકાનેક શકિતઓ છે. જેમ કે જયારે નટરાજ ભગવાન શિવ નૃત્યમાં – શિવ – સૂત્રજાળમાં બ્રહ્માંડનો છન્દ અભિવ્યકિતનો વગેરે બધુ જ સમાયેલું

છે. ભગવાન શિવ જયારે તાંડવ નૃત્ય કરે છે, ત્યારે એકલા નથી હોતાં. સૃષ્ટિનાં વિકાસમાં બધી જ સહાયક શકિતઓ પાદુર્ભૂત થઈ અને એકત્રિત થઈ પોતાનું યોગદાન આપે છે. જેમ કે –

वाग्देवी धृतवल्लकी शतमखो वेणुं दधत् पद्मज

स्तालानन्दकरो रमा भगवती गेयप्रयोगान्विता ।

विष्णुः सान्द्रमृदङ्गवादनपटुर्देवाः समन्तात् स्थिताः

सेवन्ते तमनु प्रदोषसमये देवं मृडानीपतिम् ।।

આ બધા જ દેવી–દેવિઓ અને તેમનાં વાદ્યોની સૃષ્ટિની લીલામાં પોત–પોતાનો અર્થ અને ગૂઢાર્થ રહસ્યો છુપાયેલા છે, પરંતુ સ્થૂળરૂપે એટલું તો સ્પષ્ટ છે કે – શિવ તાંડવમાં શિવ એકાકી પ્રતીક છે. પરંતુ નૃત્યમાં યોગદાન બધી જ ઈશ્વરીય શકિતઓનું છે. આજે પણ ચિદમ્બરમનાં મન્દિર તરફ ધ્યાન આપીએ તો નટરાજ પંચમ પ્રકારની અંદર છે. તત્વતઃ તેઓ પંચમહાભૂતે અને પ્રચમહાપ્રાણોની અંદર છે. અહીં છે તેમનું આકાશ સ્વરૂપ અર્થાત્ કયાંય જરા પણ અવકાશ નથી. તેઓ સર્વાન્તરાત્મા પણ છે અને સર્વભૂતનિવાસી પણ. અહીં નટરાજની શકિત સ્વરૂપ નાટ્યેશ્વરી પણ છે, અને નાટ્યેશ્વર સુધીની આ આધ્યાત્મિક અન્તયાત્રાનાં સાક્ષી તાંડવના સહયોગી દેવગણો પણ છે. અહીં સંગીતના આદ્ય પ્રવર્તક તુમ્બઢ અને દેવકથાનાં ગાયક નારદ પણ છે. આ સંગીત, વ્યાકરણ અને નૃત્યની ત્રિવેણીરૂપ સાધના સ્થળી છે અને કુંડલિની જાગરણની પ્રત્યુષ વેળાએ ઈડા, પિંગલા તેમજ સુષુમ્નાની લીલાં–વિલાસનું અભિવ્યકત સ્વરૂપ પણ છે.

સંક્ષેપમાં કહીએ તો શિવ એક જ માત્ર એવા દેવ છે કે જે તમામ સચરાચર જગતમાં વ્યાપ્ત શકિતોનાં અધિપતિ છે. ભૌતિક સ્વરૂપે જોતાં પણ એ વાત પુરાણ ખૂબ જ સરળ તાથી સમજાવે છે કે – નવરાત્રિનાં બધા જ સ્વરૂપો નવદુર્ગાના છે, તે નવદુર્ગા અર્થાત પાર્વતી અને પાર્વતી એટલે શિવની પત્નિ. આમ એક રૂપકાત્મક રીતે જોઈએ તો શકિત અર્થાત પાર્વતીનાં અધિપતિ, અધિષ્ઠાતા પતિ શિવ છે અને આધ્યાત્મિક દષ્ટિથી જોઈએ તો પણ આ સમસ્ત જગતની ચેતન–અચેતન શકિતઓનાં અધિષ્ઠાતા પણ શિવ જ છે. તેથી જ શિવને દેવ નહી પરંતુ મહાદેવ કહેવાય છે.

# ૫.૪ શિવ–શિવાનું અદ્વૈત

શૈવપુરાણોમાં સર્વત્ર શિવ અને પાર્વતીને અભિન્ન દર્શાવાયા છે. પ્રકૃતિ અર્થાત ઉમા અને પુઢષ અર્થાત શિવ. શકિતનાં અધિપતિ શિવ હોવાથી સર્વત્ર શિવના અર્ધનારીશ્વર સ્વરૂપનું પણ વર્ણન જોવા મળે છે. કૂર્મપુરાણમાં તો આ સૃષ્ટિની શરૂઆત વર્ણવતા કહેવાયું છે કે જયારે બ્રહ્માજીએ સૃષ્ટિને માટે તપ કર્યું, ત્યારે ભગવાન શંકરે તેમને અર્ધનારીશ્વર સ્વરૂપમાં દર્શન આપ્યાં. આ અર્ધનારીશ્વર રૂપથી જ મૈથુની સૃષ્ટિની શરૂઆત થઈ. પુઢષ રૂપે ઢદ્ર આવિર્ભૂત થયાં અને સ્ત્રી રૂપે લક્ષ્મી અથવા પાર્વતીનો જન્મ થયો. આ અર્ધનારીશ્વર ભગવાન શિવની પુરાણોમાં આ પ્રમાણે વંદના થઈ છે.

नीलप्रवाररूचिरं विलसत्त्रिनेत्रं

पाशारूणोत्पलकपालत्रिशूलहस्तम् ।

अर्धाम्बिकेशमनिशं प्रविभक्तभूषं

बालेन्दुबद्धमुकुद प्रणमामि रूपम् ।।[૪૨]

અહીં ભગવાન શિવને અર્ધામ્બિકેશ કહેવાયા છે, અને ભગવાન શંકરના નીલમણિ અને પ્રવાલ સમાન સુન્દર (નીલ લોહિત) શરીરનું વર્ણન છે. શિવના ત્રિનેત્ર છે, ચારે હાથોમાં પાશ, લાલ કમળ, કપાલ અને શૂલ છે. અર્ધ શરીરમાં અમ્બિકાજી અને અર્ધશરીરમાં મહાદેવજી પોતે છે. બન્ને અલગ અલગ શૃંગારોથી સજ્જિત છે, લલાટ પર અર્ધચન્દ્ર છે, મસ્તક પર મુકુટ સુશોભિત છે, એવા સ્વરૂપને નમસ્કાર છે. પુરાણો ઉપરાંત અનેકાનેક વિદ્વાનો પણ ભગવાન શિવના અર્ધનારીશ્વર સ્વરૂપ અને શકિત વિશિષ્ટ શિવાદ્વૈત સ્વરૂપથી એટલા આકર્ષિત થયાં છે કે આ નામનો એક આખો સમ્પ્રદાય પણ અસ્તિત્વ પામી ચૂકયો છે. શ્રીકંઠ આદિ અનેક વિદ્વાનો આ સમ્પ્રદાયનાં મૂર્ધન્યો રહ્યા છે. એ વાત પ્રસિદ્ધ છે કે આચાર્ય શ્રીકંઠ ભટ્ટ ભાસ્કર પછી તેમજ આચાર્ય રામાનુજ પહેલા વિક્રમની ૧૧મી શતાબ્દીમાં થયા છે. તેઓએ બ્રહ્મસૂત્ર ઉપર શૈવભાષ્યની રચના કરી હતી. સર્વતન્ત્ર સ્વતન્ત્ર અપ્પય દીક્ષિતે ૧૬મી શતાબ્દિમાં પ્રસ્તુત શૈવભાષ્ય ઉપર 'શિવાર્કમણિદીપિકા' નામે પ્રમેયબહુલ ટીકા લખી છે. આચાર્ય શ્રીકંઠ સમન્વયવાદી હતાં. તેમનું અનુસરણ કરતાં અપ્પય દિક્ષિતે તેના ભાષ્યનો સાર સંક્ષિપ્ત રૂપે 'આનન્દલહરી' અથવા 'શિવાનન્દ લહરી' નામક લઘુગ્રન્થોમાં ૬૦ અર્ધનારીશ્વર અથવા શિવ શિવાદ્વૈત સ્વરૂપ વિશે અમુક વિદ્વાનોનાં મન્તવ્યો રાત્રે જરૂર

ઉલ્લેખનીય છે. જેમ કે, બાદરાયણે શુદ્ધ અથવા નિર્ગુણબ્રહ્મનાં નિર્ણયાર્થ બ્રહ્મસૂત્રની રચના કરી હતી. પરંતુ ભાષ્યકારોએ સગુણ બ્રહ્મના નિર્ણય રૂપમાં પણ તે સૂત્રોને યોજિત કર્યા છે. તો પછી પ્રશ્ન થાય છે કે શું સૂત્રકારને સગુણ–બ્રહ્મ સર્વથા અવિવક્ષિત હતું ? અપ્પય દીક્ષિત કહે છે કે –

શુદ્ધ બ્રહ્માદ્વિતીયં કથમતિ હૃદયં નાધિરોહેત સુસૂક્ષ્મં

તત્ર સ્થૈર્યાય બુદ્ધેસ્તનુગુણમહિતં તદ્વિરં ધ્યેયમાદૌ .

ઈત્યાયૈર્ભક્તિસિદ્ધયૈ સગુણમિહ પરં બ્રહ્મ નાન્યત તતોઈસ્તિ

ત્યેવં વેદાન્તવાક્યૈઃ સહ તદનુગુણં યોજિત સૂત્રજાતમ્ ..૪૩

અત્યન્ત સૂક્ષ્મ, શુદ્ધ, અદ્વિતીય બ્રહ્મ કોઈપણ પ્રકારે હૃદયમાં આરૂઢ નથી થઈ શકતું. તેથી તેમાં બુદ્ધિની સ્થિરતા માટે પ્રારંભમાં ચિન્મય શરીર એવં મંગલમય ગુણગણોથી જ્ઞામ્બશિવનું ચિરકાળ સુધી ધ્યાન કરવું જોઈએ. આ વાતને નજર સમક્ષ રાખી આચાર્ય શ્રીકંઠે ભકિતની સિદ્ધિ માટે આમાં સગુણ બ્રહ્મનું જ પ્રતિપાદન કર્યું છે. તેમજ તેથી પરે અન્ય કશું જ નહીં આમ ઔપનિષદ – વેદાન્ત વાકયો સાથે તદનુરૂપ બ્રહ્મસૂત્રોની પણ વ્યાખ્યા કરી છે.

વસ્તુતઃ સૂત્રકાર બાદરાયણને પારમાર્થિક ચૈતન્યમાત્ર સ્વરૂપ બ્રહ્મ સ્વીકૃત હોવા ઉપરાંત ઐશ્વર્યશાળી સગુણ રૂપ સ્વીકૃત છે. આ વાત 'एवंमप्युप न्यासात् पूर्वभावादविरोध बादरायण: ।' ૪૪ સૂત્રથી સ્પષ્ટ થાય છે. અહીં પ્રસંગ છે કે મુકતાત્માનું સ્વરૂપ શું હોય છે ? તેનાં જવાબમાં જૈમિનિનો મત છે કે ઉપનિષદોમાં કહેવાયું છે કે –

'તે મુક્તાત્મા, અપહૃતપાપ્મત્વ, સત્યસંકલ્પત્વ, સર્વજ્ઞત્વ, સર્વેસારત્વ સમ્પન્ન સગુણ બ્રહ્મને પ્રાપ્ત થાય છે.

'ब्राह्मेण जैमिनिरूपन्यासदिभ्य:' ૪૫

પરંતુ આચાર્ય ઔડુલોમિકાનો પક્ષ છે કે તે ચિન્માત્ર બ્રહ્મને પ્રાપ્ત થાય છે.

'ચિતિતનમાત્રેણ તદાત્મકત્વાદિત્યૌડ્લોમિઃ"૪૬

આચાર્ય બાદરાયણ (બ્રહ્મસૂત્રકાર) ઉકત બન્ને મતોને અવિરોધી માનીને સ્વીકારે છે. આમ શકિત અને શિવનું અદ્વૈત સિદ્ધ થાય છે. અન્ય ઘણાં વિદ્વાનોએ પણ આ શિવ અને

શકિતને અભિન્ન દર્શાવ્યા છે. જયાં જયાં શકિત છે. ત્યાં ત્યાં શિવ છે. અને જયાં જયાં શિવ છે ત્યાં ત્યાં શકિત છે એવું સિદ્ધ પણ કરી બતાવ્યું છે. આ વાતને આગળ વધારતાં અપ્પય દીક્ષિત આનન્દ લહરીમાં કહે છે કે –

सूत्राणामेतदर्धान्तरमधिगमितं सूत्रकाराशयस्थं

केषाञ्चित् तेष्वभीष्टं गुणवति विगुणेऽप्यन्वयं दर्शयद्भिः ।

शुद्धब्रह्मैकनिष्ठैरपि शुचिहृदयेः शंकराचार्यपादैः

श्रीकण्ठायैस्तु भाष्ये तदिह सुविहतं सर्वसूत्रार्थढढम् ।। [૪૭]

શિવ શિવનાનં અદ્વૈત વિષયમાં આચાર્ય શ્રીકંઠની માન્યતા છે કે આનન્દ અથવાં આનન્દમય, પરમવ્યોમ અથવા ચિદાકાશ તેમજ પ્રાણ. આ સંજ્ઞાઓ દ્વાર બોધ્ય ભગવતી ચિત–શકિતથી સમન્વિત શિવરૂપ બ્રહ્મ જ ઉપનિષદો એવં બ્રહ્મ સૂત્રોનાં પ્રતિપાદ્ય છે.

शम्भुं शक्त्या विशिष्टं प्रथयति

परमं ब्रह्म वेदान्तराशिः ।[૪૮]

આ શૈવી ચિત શકિત જ સમ્પૂર્ણ ચેતન–અચેતન પ્રપંચના આકારમાં પરણિત થાય છે. 'જન્માવસ્ય યતઃ' ૪૯ આ સૂત્રના ભાષ્યમાં શ્રીકંઠ લખે છે કે 'निखिलजगदण्डषण्डबुदबुदनिकृरम्बजलधिस्थानीया परमप्रकृतिरूपा परमशकितर्हि चिदम्बरमुच्यते।' અર્થાત સમસ્ત બ્રહ્માંડ સમૂહ જેનાં બુદબુદા સમાન છે, એવી સમુદ્રરૂપ પરાપ્રકૃતિ પરમ શકિત જ ચિદાકાશ નામે ઓળખાય છે. 'ईक्षतेर्नादिशब्दम्'. [૫૦] આ ઈક્ષત્યધિકરણનાં ભાષ્યમાં શ્રીકંઠ લખે છે કે, 'स्थूलसूक्ष्मचिदचित्प्रपञ्चरूपशकितविशिष्टः परमेश्वर एव कार्यकारणरूप सप्तदविषयः ।' અર્થાત્ 'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्'[૫૧] આદિમાં એક દ્વિતીય 'સત્' તત્વ વિદ્યમાન હતું. પેણે ઈક્ષણ અથવા સંકલ્પ કર્યો, 'तदैक्षत बहुस्यां प्रजायाये'૫૨ કે હુ અનેક થઈ જાઊં. આ શ્રુતિમાં જે સત્ પદ આવ્યું છે તે સ્થૂળ અને સૂક્ષ્મ, ચેતન તેમજ જડ પ્રપંચરૂપ શકિતથી વિશિષ્ટ કાર્યકારણરૂપ પરમેશ્વર ભગવાન શંભુનું વાચક છે. સંક્ષેપમાં કહીએ તો આ જ શકિત વિશિષ્ટ શિવાદ્વૈત દર્શન છે. શિવોપાસના શકિત સમેત હોવી જોઈએ, ત્યારે જ મુમુક્ષુઓનું કલ્યાણ થશે. તેથી જ કહેવાયું છે કે,

तस्मात् सह तया शक्त्या हृदि पश्यन्ति ये शिवम् ।

तेषा शाखतिकी सिद्धिर्नेतरेषामिति श्रुतिः ।।

**આચાર્ય અપ્પયદીક્ષિતે શકિત સ્વરૂપનાં સંબંધમાં શ્રીકંઠનો મત કંઈક આ પ્રમાણે વ્યક્ત કર્યો છે.**

शम्भोज्ञानक्रियेच्छाबलकरणमनः शान्तितेजः शरीर

स्वर्लोकागारदिव्यासनवरमहिषी भोग्यवर्गादिरूपा ।

सर्वेरेतैरूपेता स्वयमपि च परब्रह्मणस्तरस्य शक्तिः

सर्वाश्चिर्यैकभूमिर्मुनिभिरभिनुता ेदतन्त्राभियुक्तैः ।।[५३]

**પરબ્રહ્મ ભગવાન શંકરની શકિત જ જ્ઞાન, ક્રિયા, ઈચ્છા, બલ, કરણ, મન, શાન્તિ, તેજ, શરીર, સ્વલોક, ગૃહ, દિવ્યાસન, શ્રેષ્ઠ મહિષી તેમજ ભોગ્યવર્ગનો રૂપમાં વિખ્યાત છે. સ્વયં જ્ઞાનેચ્છાદિકોથી યુક્ત પુરૂષરૂપ હોય છે. આ શકિત જ સમ્પૂર્ણ આશ્ચર્યોની એક માત્ર જનની છે. મુનિગણ, વેદ, તન્ત્ર તેમજ આચાર્ય આની સદૈવ સ્તુતિ કરતાં રહે છે.**

वन्दामहे महीर्यासमंसलम्बिजटाभरम् ।

यत्कङ्कणझणात्कारखशब्दानुशासनम् ।।

**સર્વત્ર શિવ અને શકિતને અદ્વૈત જ વર્ણવાયાં છે. સૃષ્ટિમાં જે પરમ પરાત્પર છે તે જ શિવ છે. માણ્ડુક્યોપનિષદમાં શિવનાં સ્વરૂપનું આ પ્રકારનું વર્ણન કંઈક આ પ્રમાણે છે.**

'नान्तः प्रज्ञं न बहिष्प्रसं नोभयतः प्रज्ञं न प्रज्ञानधनं न प्रज्ञं नाप्रज्ञम् । अदृष्टभव्यवहार्यमग्राह्यमलक्षणमचिन्त्यभव्यपदेश्यमेकात्मप्रत्ययसारं प्रपञ्चोपशम शान्तं शिवमद्वैत चतुर्थ मन्यन्ते स आत्मा स विज्ञेयः ।[५४]

**અર્થાત જેની પ્રજ્ઞા બહિર્મુખ નથી, અન્તર્મુખ પણ નથી, ઉભયમુખ પણ નથી. જે પ્રજ્ઞાનધન નથી, પ્રજ્ઞ નથી અને અપ્રજ્ઞ પણ નથી. જે વર્ણનથી અતીત છે, વ્યવહારથી અતીત છે, ગ્રહણ અને લક્ષણથી અતીત છે, ચિન્તા અને નિર્દેશથી પણ અતીત છે. આત્મપ્રત્યયમાત્ર સિદ્ધ, પ્રપંચાતીત, શાન્ત, શિવ, અદ્વૈત અને તુરીયપદસ્થિત છે. તે જ નિરૂપાધિક જાણવાં યોગ્ય છે. તેનું જ નામ મહેશ્વર, સ્વયંભૂ અને ઈશાન છે. શ્રુતિ પણ કહે છે કે –**

तमीश्वराणां परमं महेश्वरं

तं देवतानां परमं च दैवतम् ।

पतिं पतीनां परमं परस्ताद्

विदाम् देवं भुवनेश्मीऽयम् ।।

यस्मिम्निदं यतश्चेदं येनेदं य इदं स्वयम् ।

योऽस्मात्परस्माच्च परस्त प्रपद्यै स्वयम्भुवम् ।।

तमीशानं वरदं देवीमीड्यं

निचाप्येमां शान्तिमत्यन्तमेति ।।

ભગવાન શિવ શકિતથી અભિન્ન હોવા ઉપરાંત ઈશ્વરોનાં પણ પરમ મહેશ્વર, દેવાતાઓનાં પણ પરમ દેવતા, પતિઓનાં પરમપતિ, પરાત્પર, પરમ પૂજ્ય અને ભુવનેશ છે. જેમાં આ વિશ્વ છે, જેનાથી આ વિશ્વ છે, જેના દ્વારા આ વિશ્વ છે, જે સ્વયં વિશ્વ છે. જે આ વિશ્વનાં પરથી પણ પર છે. તે સ્વયંભૂ ભગવાનની હું શરણ લઉં છું. તે જ ઈશાન અને વરદાતા પૂજ્ય દેવને જાણવાથી જીવ આત્યન્તિકી શાન્તિનો અધિકારી બની જાય છે.

આ ભગવાન સદાશિવ પોતાની શકિતથી યુક્ત થઈ સૃષ્ટિ રચે છે. શ્વેતાશ્વતરોપનિષદ્ માં લખ્યું છે કે –

मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम् ।

तस्यावयवभूतैस्तु व्याप्तं सर्वमिदं जगत् ।।[૫૫]

'માયા પ્રકૃતિ છે અને મહેશ્વર પ્રકૃતિના અધિષ્ઠાતા અર્થાત માયી છે. માયા દ્વારા તેના જ અવયવભૂત જીવોથી સમસ્ત સંસાર પરિવ્યાપ્ત થઈ રહ્યો છે.' આ પ્રમાણે આ અવ્યય સદાશિવ સૃષ્ટિની રચના માટે બે થઈ જાય છે. વિભક્ત થઈ જાય છે. કારણ કે સૃષ્ટિ, દ્વૈત વગર (આધાર આધેય) શકય નથી બનતી. આધેય (ચૈતન્ય પુરૂષ) આધાર વગર (પ્રકૃતિ, ઉપાધિ) વ્યક્ત નથી થતો. તેથી જ આ સૃષ્ટિમાં જેટલા પદાર્થ છે. તેમાં અભ્યાન્તરચેતન અને બાહ્ય પ્રાકૃતિક આધાર અર્થાત ઉપાધિ (શરીર) દેખાય છે. दृश्यादृश्य બધા જ લોકોમાં હંમેશા આ બન્ને પ્રાપ્ત થાય છે. તેથી જ આ અનાદિ ચૈતન્ય પરમ પુરૂષ

પરમાત્માની શિવસંજ્ઞા સદ્યુન્મુખ હોવા પર અનાદિ લિંગ છે. અને તે પરમ આધેયને આધાર આપનારી અનાદિ પ્રકૃતિનું નામ યોનિ છે. કારણ કે તેઓ બન્ને આ અખિલ ચરાચર વિશ્વનાં પરમ કલ્યાણનાં કારણ છે. 'શિવ' લિંગરૂપમાં પિતા 'પ્રકૃતિ' યોનિરૂપમાં માતા છે. ગીતામાં આ ભાવને સ્પષ્ટ કરતાં જણાવાયું છે કે –

मम योनिर्महद ब्रह्म तस्मिन गर्भ दधाम्यहम् ।

सम्भवः सर्वभूतानां ततो भवति भारत ।। [૫૬]

અર્થાત 'મહદબ્રહ્મ' (મહાન પ્રકૃતિ) મારી યોની છે. જેમાં હું બીજ આપી ગર્ભનો સંચાર કરૂં છું. અને તેમાંથી જ બધાં ભૂતોની ઉત્પતિ થાય છે. આ અનાદિ સદાશિવ લિંગ અને અનાદિ પ્રકૃતિ યોનિથી જ સમસ્ત સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. આમાં આધેય બીજ પ્રદાતા (લિંગ) અને આધાર બીજને ધારણ કરનારી (યોની) નો સંયોગ આવશ્યક છે. આ બન્નેનાં સંયોગ વગર કંઈપણ ઉત્પન્ન ન થઈ શકે. આ પરમભાવને મનુએ આ પ્રમાણે વ્યક્ત કર્યો છે. –

द्विधा कृत्वात्मनो देहमर्धेन पुरूषोऽभवत् ।

अर्धेन नारी तस्यां स विराजमसृजत् प्रभुः ।। [૫૭]

સૃષ્ટિ સમયે પરમ પુઢષ પોતાના જ અર્ધાંગથી પ્રકૃતિને ઉત્પન્ન કરી તેની સહાયતાથી સમસ્ય સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. અને આમ શિવનો લિંગ યોનિ ભાવ અને અર્ધનારીશ્વરભાવ બન્ને એક જ વસ્તુ સિદ્ધ થાય છે. સૃષ્ટિનાં બીજને આપનાર પરમલિંગ રૂપ શ્રી શિવ જયારે પોતાની પ્રકૃતિરૂપા નારી (યોની)થી આધાર–આધેયની જેમ સંયુક્ત થાય છે, ત્યારે જ સૃષ્ટિની ઉત્પતિ થાય છે. નહીતર નથી થતી. આમ શિવ પોતાની તેજોમયી પ્રકૃતિને ધારણ કરી તેનાથી આચ્છાદિત થઈ વ્યકત થાય છે, અન્યથા તેમનું વ્યક્ત થવું અસમ્ભવ હોય છે. તેથી જ કહેવાયું છે કે –

'त्वया ह्यतं वामवपुः शरीरं त्वं शम्भोः ।'

'હે દેવી ! આપે શ્રી શિવનાં અડધા શરીરને હરી લીધું છે. તેથી જ આપ તેનાં શરીર છો.' આ લિંગ યોની જેનો વ્યવહાર શ્રી શિવપૂજામાં થાય છે. તે પ્રકૃતિ અને પુઢષનાં સંયોગથી થનારી સૃષ્ટિની ઉત્પતિનાં સૂચક છે. આમ આ પરમ પરાત્પર જગત્પિતા અને દાયમયી જગન્માતાના આદિ સંબંધનાં ભાગની દ્યોતક છે. તેથી આ પરમ પવિત્ર અને

મધુર ભાવ છે. આમાં અશ્લિલતાનો આક્ષેપ કરવો યોગ્ય નથી. આ અનાદિ પ્રકૃતિ પુઢષનો સંબંધ પરમ સૃષ્ટિ–યજ્ઞ છે. જેનું પરિણામ આ સુન્દર સૃષ્ટિ છે. તેથી જ શુદ્ધ મૈથુન, જેનો ઉદ્દેશ્ય કામોપભોગ નહી પરંતુ પિતૃઋણથી ઉદ્ધાર પામવા ઉત્પતિ ધર્મનું પાલન કરે છે. કામાચાર નથી કરતા તે પરમ યજ્ઞ છે. અને આ પ્રમાણે વિચાર કરવાથી પરમ કર્તવ્ય પણ સિદ્ધ થાય છે. આ દષ્ટિથી પ્રત્યેક જન્તુનું પરમ પવિત્ર કર્તવ્ય છે કે તે લિંગ યોનિનું ઉત્પતિધર્મના પાલન માટે જ ઉચિત વ્યવહાર કરવો જોઈએ. અને આનો યજ્ઞાર્થ–ધર્માર્થ વ્યવહાર ન કરીને માત્ર કામોપભોગ નિમિત વ્યવહાર કરવો દુરૂપયોગ છે. અને અવશ્યપણે જ પાપજનક છે.

આ પ્રમાણે શિવલિંગનો અર્થ જ્ઞાપક અર્થાત્ પ્રગટ કરનાર છે. કારણ કે આનાં વ્યકત થવાથી સૃષ્ટિની ઉત્પતિ થઈ છે. બીજો અર્થ આલય છે, અર્થાત્ આ પ્રાણિઓનું પરમ કારણ છે અને નિવાસ સ્થાન છે. ત્રીજો અર્થ છે, 'लीयते यस्मिन्निति लिङ्गम्' અર્થાત્ બધા જ દશ્યો જેમાં વિલીન થઈ જાય તે પરમ કારણ લિંગ છે. કહેવાયું છે કે –

लीयमानमिदं सर्वं ब्रह्मण्येव हि लीयते ।

આ શિવનું પ્રતિક લિંગ પરમાનન્દનું કારણ છે, જેનાથી ક્રમશઃ જયોતિ અને પ્રણવની ઉત્પતિ થઈ છે. લિંગપુરાણમાં [૫૫] કહેવાયું છે કે, સૃષ્ટિનાં પ્રારંભમાં બ્રહ્મા અને વિષ્ણુની વચ્ચે આ વિવાદ ચાલી રહ્યો હતો કે, બન્નેમાં શ્રેષ્ઠ કોણ છે ? એટલામાં તેને મહાન જયોતિર્લિંગ દેખાય છે. તેના મૂળ અને પરિણામને શોધવા માટે બ્રહ્મા ઉપર જાય છે. વિષ્ણુનાં સ્મરણ કરવાથી વેદ નામનાં ઋષિ ત્યાં પ્રગટ થયાં અને તેમણે સમજાવ્યું કે પ્રણવમાં 'અ' કાર બ્રહ્મા છે, 'ઉ' કાર વિષ્ણુ અને 'મ' કાર શ્રી શિવ છે. 'મ' કાર જ બીજ છે, તે જ બિજ લિંગ રૂપે સૌના કલ્યાણનું પરમ કારણ છે. ઉપરોકત કથામાં વિષ્ણુનો તાત્પર્ય છે. બ્રહ્માંડના વિષ્ણુ, નહીં કે મહાવિષ્ણુ જે અનેક બ્રહ્માંડોનાં નાયક છે. તેમજ જેનામાં અને સદાશિવમાં કોઈ ભેદ નથી. આવા ભગવાન શિવશંકરના અને પાર્વતીના સ્વરૂપની એકતા વર્ણવતા સુંદર શ્લોકો સંસ્કૃત સાહિત્યમાં ઉપલબ્ધ છે. જેમાં વર્ણન છે કે – જે નિર્વિકાર હોવા છતાં પોતાની માયાથી વિરાટ વિશ્વનો આધાર ધારણ કરી લે છે. સ્વર્ગ અને અપવર્ગ (મોક્ષ) જેના કૃપાકટાક્ષનાં વૈભવથી જ જાણી શકાય છે. તેમજ યોગીજન જેને સદા પોતાનાં હૃદયમાં અદ્વિતીય – આત્મજ્ઞાનાનન્દ સ્વરૂપમાં જુએ છે, તે તેજોમય ભગવાન શંકરને, જેનું અર્ધશરીર શૈલરાજકુમારી પાર્વતી થી સુશોભિત છે, તેમને નિરન્તર મારા પ્રણામ હો.

यो धत्ते निजमययायेव भुवनाकारं विकारोज्झितो

यस्याहुः करूणाकटाक्षविभवौ स्वर्गापवर्गाभिधौ ।

प्रत्यग्बोध सुखाद्वयं हृदि सदा पश्यन्ति यं योगिन

स्तस्मै शैलसुताञ्चितार्धवपुषे शश्वन्नमस्तेजसे ।।

તદુપરાંત ભગવાન શિવ, શકિતના અધિષ્ઠાતા અને ગૌરીપતિ, અર્ધનારીશ્વરનાં સ્વરૂપને કર્પૂરગૌર, કરૂણાના અવતાર, સંસારમાં જાણવાં યોગ્ય માત્ર અંતિમ ધ્યેય તરીકે પણ વર્ણવાયું છે. શિવ ભુજંગનો હાર ધારણ કરે છે, સદૈવ ભવાની સહિત છે. તેવાં શિવનું સ્વરૂપ આ પ્રમાણે વર્ણવાયું છે.

कर्पूरगौर करूणावतारं संसारसारं भुजगेन्द्रहारम् ।

सदावसन्तं हृदयारविन्दे भवं भवानीसहितं नमामि ।।

શિવપુરાણની વાયવીય સંહિતા (પૂર્વભાગ)નાં ૧૩મા અધ્યાય અને ૧૪મા અધ્યાયમાં કથા આવે છે કે, જયારે બ્રહ્માની માનસિક સૃષ્ટિથી પ્રજાની વૃદ્ધિ ન થઈ. ત્યારે તેમણે પ્રજાવૃદ્ધિનો સાચો ઉપાય જાણવા તપસ્યા કરી. તપસ્યાને કારણે બ્રહ્માનાં મનમાં આદ્યશકિત ઉત્પન્ન થઈ. તે શકિતનાં આશ્રયથી બ્રહ્મા ત્ર્યંમ્બકેશ્વર શિવનું ધ્યાન કરવા લાગ્યા. શિવધ્યાનનાં પ્રભાવથી સંતુષ્ટ થઈ અર્ધનારીશ્વર આર્થાત અર્ધ સ્ત્રી (શકિત) અને અર્ધ પુઢષ (શિવ) નાં રૂપમાં બ્રહ્મા સમક્ષ પ્રગટ થયાં. બ્રહ્માએ શિવ અને તેની શકિત બન્નેની સ્તુતી કરી. સ્તુતિથી પ્રસન્ન થઈ શ્રી શિવે પોતાનાં શરીરથી એક દેવીની ઉત્પતિ કરી. જેની સંજ્ઞા પરમાશકિત હતી. બ્રહ્માએ તે દેવીને કહ્યુ – 'મે અત્યાર સુધી મનથી દેવતા આદિની ઉત્પતિ કરી છે તે વારંવાર ઉત્પન્ન થઈ, વૃદ્ધિ નથી પામતી. તેથી જ હવે હું મૈથુની સૃષ્ટિ દ્વારા પ્રજાની વૃદ્ધિ કરવા માંગુ છું. તે પૂર્વ આપથી અક્ષય નારી–કુળની ઉત્પતિ ન થઈ. જેથી હું સ્ત્રીને નથી બનાવી શકયો. તેથી તમે કૃપા કરી મારા પુત્ર દક્ષને ત્યાં કન્યા રૂપે જન્મ લો. આ કથાથી ત્રણ પરમોત્તમ સિદ્ધાન્ત પ્રગટ થાય છે. એક શિવલિંગ રૂપમાં સંસારનાં સમસ્ત ચરાચરનાં ઉત્પાદક છે. બીજી વાત કે પરાત્પર શિવની પ્રાપ્તિ તેની શકિત સંબંધ થી જ થાય છે. જેમ બ્રહ્માને થઈ. ત્રીજી વાત કે માનવીય પ્રજાનું કારણ અર્ધનારીશ્વર હોવાથી બધા જ પુરૂષ શિવરૂપ અને બધી જ સ્ત્રીઓ શકિત રૂપિણી છે, જેમ શિવપુરાણમાં કહ્યું કે –

शंकरः पुरूषः सर्वे स्त्रियः सर्वा महेश्वरी ।[५८]

ભગવાન શિવનાં અનેક રૂપોમાં શિવ–શકિતનું અદ્વૈત સ્વરૂપ, અર્ધનારીશ્વર સ્વરૂપ સર્વો સર્વોત્તમ છે. કદાચ પ્રથમ દષ્ટિએ જોતાં વિચિત્ર અને અસ્વાભાવિક દેખાય. પરંતુ વધારે ધ્યાનપૂર્વક જોતાં પ્રતિત થાય છે કે જાણે તેની અંદર સમસ્ત માનવ જાતિનો એક મહાન આદર્શ છુપાયેલો છે. ઈલોરાની એક ગુફામાં ભગવાન શિવનાં આ અર્ધનારીશ્વર રૂપની ખૂબ જ મોટી અને ભવ્યમૂર્તિ છે. તેને જોતાં એવું જણાય છે કે, તેના નિર્માતા એ એ અધ્યાત્મિક ભાવને સારી રીતે હૃદયંગમ કર્યો હશે, જે તેમાં આપણને દેખાઈ આવે છે. મૂર્તિની અંદર નર અને નારીનું સુંદર સંમિશ્રણ થયું છે. તેના બન્ને અંગોનું એવી સુન્દરતાપૂર્વક મિશ્રણ દર્શાવ્યું છે કે દર્શક પણ મૂર્તિમંત બની જાય છે.

સત્, ચિત અને આનન્દ ઈશ્વરનાં આ ત્રણ રૂપોમાં આનન્દરૂપ, જેનું બીજું નામ સામ્યાવસ્થા અથવા અક્ષુબ્ધ ભાવ છે તે ભગવાન શિવનો છે. મનુષ્ય પણ ઈશ્વરથી જ ઉત્પન્ન તેનો જ અંશ છે, તેથી તેની અંદર પણ આ ત્રણે રૂપો વિદ્યમાન છે. તેમાંથી સ્થૂલ શરીર તેનો સદશં છે, તેમજ બાહ્યચેતના ચિદંશ છે અને જયારે આ બન્ને મળીને પરમાત્માના સ્વરૂપની પૂર્ણ ઉપલીબ્ધિ કરાવે છે ત્યારે તેનાં આનંદાંશની અભિવ્યકિત થાય છે. એક બીજી જ દષ્ટિથી વિચાર કરતા સમજાય છે કે ઈશ્વરનું સત્સ્વરૂપ તેનું માતૃરૂપ છે. અને ચિત્ સ્વરૂપ પિતૃ સ્વરૂપ છે. તેનું ત્રીજું આનન્દ સ્વરૂપ છે. જેમાં માતૃભાવ અને પિતૃભાવ બન્નેનું પૂર્ણરૂપેણ સામંજસ્ય થઈ જાય છે. અથવા એમ પણ કહી શકાય કે શિવ અને શકિત બન્ને મળીને અર્ધનારીશ્વર રૂપમાં આપણી સામે આવી જાય છે. તેમાં જ આપણને સ્ત અને ચિત આ બન્ને રૂપોની સાથે–સાથે તેનાં ત્રીજા સ્વરૂપ આનન્દસ્વરૂપનાં પણ દર્શન થાય છે. બાદલિબનાં સર્ગ સંબંધી અધ્યાય (Genesis)માં લખ્યું છે કે – 'ઈશ્વરે મનુષ્યનાં રૂપમાં પોતાની જ પ્રકૃતિ બનાવી, તેમણે તેની અને સ્ત્રીનાં રૂપમાં સૃષ્ટિ કરી.' (God created man in his own image, male and female created He team.) સ્ત્રી અને પુઢષ બન્ને જ ઈશ્વરની પ્રતિકૃતિ છે, સ્ત્રી તેનું સદ્રુપ છે અને પુઢષ ચિદ્રુપ પણ 'આનન્દ' ના દર્શન ત્યારે જ થાય છે.

જ્યારે આ બન્ને પૂર્ણતયા મળીને એક થઈ જાય છે. પ્રશ્ન એ થાય છે કે આ પૂર્ણ એકતાનું સ્વરૂપ  શું હશે? સામાન્ય રીતે લોકો શિવને યોગીશ્વર કહે છે, પરંતુ વાસ્તવમાં તેઓ ગૃહસ્થોનાં ઈશ્વર છે, વિવાહિત દમ્પતીઓનાં ઉપાસ્ય દેવતાં છે. તેમાં કંઈક તત્વ છે. તેથી જ વિવાહિત સ્ત્રીઓ પણ તેને પૂજે છે. વાત એ છે કે, શિવજી સ્ત્રી અને પુરુષની પૂર્ણ એકતાની અભિવ્યક્તિ છે. તેથી જ તેઓને પૂજે છે. આપણે કોઈ પણ વસ્તુને તેના ગુણ દોષનો વિચાર કરતાં તેના યથાર્થ સ્વરૂપે જોવી જોઈએ. અને તે સ્વરૂપમાં જ તેની પૂજા પણ કરવી જોઈએ. આપણે પરસ્પર વિરોધી દ્વન્દ્વોની વિષમતાને દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. કારણકે આ જ યોગ છે. કહેવાયું છે કે – 'समत्त्वं योग उच्यते' અર્થાત્ સમતાનું નામ જ 'યોગ' છે. સ્થૂળ જગતની બધી જ વિષમતાઓથી ઘેરાયેલ રહેવા છતાં પોતાની ચિત્તવૃત્તિને શાન્ત એવં સ્થિર બનાવી રાખવી એ જ યોગ છે.

ભગવાન શિવ પોતાનાં પારિવારિક સંબંધોથી આપણને આ યોગની જ શિક્ષા આપે છે. બાહ્યદરત્રષ્ટિથી શિવનો પરિવાર વિષમતાનું જીવતું જાગતું ઉદાહરણ છે. બધાંનાં જૂદા જૂદાં રસ્તાઓ છે. કોઈનો કોઈ સાથે મેળ નથી. શિવ બળદ પર આરૂઢ થાય છે તો ભવાની સિંહ પર, શિવ ભુજંગભૂષણ છે તો શ્રી સ્વામિ કાર્તિકેયની સવારી મોરની છે. ગણેશ મૂષક વાહન છે, શિવના ગળામાં તો ભૂજંગ છે જ. શિવે મસ્તક પર ગંગાજી ધારણ કરેલ છે, તો પાર્વતીને નિરંતર તે સૌતન લાગે છે. આવી જંજાળવાળી ગૃહસ્થી હોવાં ઉપરાંત માનસિક શાન્તિ અને પારિવારિક સુખ તો શિવનું જ ઉલ્લેખનીય છે. ભગવાન શિવતો પ્રેમ અને શાન્તિનાં અગાધ સમુદ્ર સમાન સાચા યોગી છે. તેમના મંગલમય શાસનમાં બધાંજ પ્રાણિઓ પોતાનાં સ્વાભાવિક વેરને ભૂલી પરસ્પર સંસારનાં અન્ય જીવો સાથે પૂર્ણ શાન્તિમય જીવન  વ્યતીત કરી રહ્યાં છે. પોતાનો સ્વયં કોઈની સાથે દ્વેષ છે જ નહી, પોતે  તો આનન્દરૂપ જ છે. જે કોઈ પણ તેનાં સંપર્કમાં આવે છે, તે પણ આનન્દરૂપ બની જાય છે. તેમની ચારે તરફ આનન્દનાં પરમાણુઓ જ ફેલાયેલાં રહે છે. આજ મહેશ્વરનો સૌથી મોટો ગુણ છે. તેથી જ શિવ 'કલ્યાણસ્વરૂપ' અને શંકર અર્થાત્ 'આનન્દદાતા' છે.

બધાં જ વિરોધીઓ સાથે સામંજસ્ય સ્થાપી શાંતિની ઉપલબ્ધિ કરવી જોઈએ, જે બુધ્ધિથી પરેની વસ્તુ છે. આ અમૂલ્ય શિક્ષા જ આપણને શિવના ચર્રિમાંથી મળે છે.

આપણે સંસારમાં રહીને જ શિવની આ શિક્ષાનો અમલ કરવો જોઈએ. આપણે સૌએ પાર્વતી જેવી યોગ્ય પત્નીનું વરણ કરી, કાર્તિકેય અને ગણેશ જેવાં વિરુદ્ધ સ્વભાવવાળી સંતતિનું પણ પ્રેમપૂર્વક લાલન પાલન કરવું જોઈએ. પોતાની ધર્મપત્ની સાથે પૂર્ણ એકાત્મતાનો અનુભવ કરી, તેની આત્મામાં આત્મા મેળવીને જ મનુષ્ય આનન્દરૂપ શિવની ઉપલબ્ધિ કરી શકે છે. વાસ્તવિક યોગનું સ્વરૂપ આ જ છે, જેની સિદ્ધિ સંસારમાં રહીને જ થઈ શકે છે. જંગલ અથવા હિમાલયના શિખર ઉપર રહીને કોઈ સમતાનો વ્યવહાર કરી શકે છે, પરંતુ પોતાના દૈનિક જીવનમાં, વિવિધ આપત્તિઓનો સામનો કરતાં કરતાં પણ જે અક્ષુબ્ધ રહી શકે તે જ સાચો શિવભક્ત છે. આ જ સાચી મમતા, જે સત્ અને ચિત્નાં પૂર્ણ સંયોગથી ઉત્પન્ન થાય છે. જે અર્ધનારીશ્વર વિગ્રહમાં અભિવ્યક્ત થઈ છે. આ શિવ–શિવાનાં વિગ્રહમાં પુરુષ અને પ્રકૃતિનાં સંયોગ દ્વારા માયા અર્થાત્ દ્વન્દ્વમય જગત્ના આવરણ ને ભેદી, આનન્દરૂપ પૂર્ણતાને પ્રાપ્ત કરવાનો સંકેત છૂપાયેલ છે. ત્યારે બધાં જ વિરોધાભાસો નષ્ટ થઈ જાય છે, અને મનુષ્ય તે સ્થિતિમાં પહોંચી જાય છે કે જ્યાં પુરુષ પણ ન હોય અને પ્રકૃતિ પણ ન હોય. સ્ત્રી અને પુરુષ કંઈ જ ન હોય. માત્ર એક અદ્વિતીય વસ્તુ 'एकमेवाद्वितीयम्' માત્ર શેષ રહે છે. તે જ અનન્ત આનન્દની મૂર્તિ અર્ધનારીશ્વર ભગવાન શિવ છે.[૬૦]

## ❑ નાથયોગ પરંપરાની દૃષ્ટિએ અદ્વૈતશિવ : –

શિવ–શિવાનાં અદ્વૈત વિષયક વિચારો શૈવપૂરાણોમાં તો છે જ, તદુપરાંત આજ સુધીમાં જે જે વિવિધ સમ્પ્રદાયો થયાં તેમાં પણ વર્ણિત છે. આવાં જ સમ્પ્રદાયો માંનો એક સમ્પ્રદાય છે, નાથયોગ . આ સમ્પ્રદાય મુજબ ભગવાન્ શિવે આદ્યા શક્તિ જગદીશ્વરી પાર્વતી ગૌરીને જગત્ હિત માટે સ્વીકૃત કર્યા, તેમજ મહાયોગ જ્ઞાનનું ઉપદેશામૃત પ્રદાન કર્યું. નિઃસંદેહ શિવ–શિવા અદ્વૈતજ છે. આદ્યા શક્તિએ આવાં ભગવાન શિવને ‘યોગરાજ ’પણ કહ્યાં છે.

'नमस्ते योगराजाय सर्वज्ञाय नमोनमः ।[૬૧]

ભગવાન શિવે કરૂણાપૂર્વક શિવવિદ્યા–મહાયોગ વિદ્યાનો, જે ગુણપ્રાય કહેવાઈ છે, તેનો ભગવતી પાર્વતીને ઉપદેશ આપી, જનસાધારણ ને માટે યોગસાધના ને સહજ વિષય

બનાવી દીધો છે. ભગવાન શિવે ક્ષીરસાગરમાં સૌમ્યશૃંગ પર ઉપદેશ આપતાં પહેલાં પરામ્બા જગદીશ્વરી ને કહ્યું હતું  કે –

'शिव विद्या महाविद्या गुप्ता चाग्रे महेश्वरी ।'[૬૨]

યોગરાજેશ્વર ભગવાન શિવે સ્વસંવેદ્ય, પરમ પ્રતિપાદ્ય, અલખનિરંજન સ્વરૂપ, દ્વૈતાદ્વૈતવિવર્જિત નાથયોગમાં સ્વીકૃત પરમાત્વ તત્વનું સ્વરૂપ વિવેચન કરી, આ વાતને સ્પસ્ટ કરી દીધી છે કે, પરબ્રહ્મ, પરમતત્વ શિવનાં સ્વરૂપ –વિવેચનનો પ્રાણાધાર દ્વૈતાદ્વૈત –વિલક્ષણ માહેશ્વર યોગજ્ઞાનમાં અભિવ્યક્ત શ્રી નાથતત્વ જ છે.

एकं ज्ञानं नित्यमाद्यन्तशून्यं
नान्यत् किंचित् वर्तते वस्तु सत्यम् ।
यद्भेदोऽस्मिन्निन्द्रियोपाधिना वै
ज्ञानस्यायं भास्यते नान्यथैव ॥[૬૩]

દ્વૈતાદ્વૈત વિવર્જિત પરમતત્વ જ એક માત્ર સ્વસંવેદ્ય પરમજ્ઞાન જ સર્વોપરિ નિત્ય સનાતન છે, જેનું ન આદિ છે, ન અંત. તદતિરિક્ત કોઈપણ વસ્તુ સત્ય નથી. ઈન્દ્રિયોની ઉપાધિ દ્વારા જે કંઈ પણ ભેદ પ્રતિત થાય છે, પૃથક્–પૃથક્ દેખાય છે, તે પરમતત્વ જ્ઞાન જ ભાસિત થાય છે, અન્ય કંઈ જ નહીં. તે દ્વૈતા–દ્વૈતવિલક્ષણ પરમતત્વ જ મહાયોગજ્ઞાનથી સમ્બન્ધિત પરમાદ્વય શિવસ્વરૂપનો, અલખનિરંજનનો પર્યાય છે. આ પરમાદ્વૈત શિવ સ્વરૂપની મહાપ્રકાશિકા આદ્યાશક્તિ જ શિવની સિસૃક્ષા શક્તિ છે. મહાયોગી ગોરખનાથજીએ મહાયોગજ્ઞાનનાં પ્રકાશમાં આ વિલક્ષણ સર્વોપરી પરમતત્વ પરમેશ્વર પરાત્પર શિવસ્વરૂપનું પ્રકાશન કરતાં કહ્યું છે કે –

'अत एव परमकारणं परमेश्वरः परात्परः शिवः स्वस्वरूपतया सर्वतोमुख सर्वाकारतया स्फूरितुं शक्नोतीत्यतः शक्तिमान् शिवोऽपि शक्तिरहितः शक्तः कर्तुं न किंचन । स्व शक्त्या सहितः सोऽपि सर्वस्याभाषको भवेत् ।[૬૪]

આદિનાથ શિવ, સૂક્ષ્મ, સ્થૂળ સમસ્ત ભૌતિક પદાર્થોનાં પરમ કારણ પરમેશ્વર છે. તેઓ પોતાનાં સ્વરૂપમાં પરાત્પર છે, ચૈતન્યસ્વરૂપ બધાંમાં વ્યાપ્ત છે. શક્તિયુક્ત

શિવ જ સર્વ સમર્થ છે. તેઓ શક્તિ હોય તો પણ કંઈ પણ કરી શકવામાં અક્ષમ છે. નિજશક્તિથી યુક્ત શિવ જ વિશ્વના સાક્ષી છે. તેમની સ્વસ્વરૂપબોધાત્મક વિજ્ઞપ્તિ છે કે–

'शिवशक्ति समायोगाज्जायते परमा स्थितिः ।[૬૫]

શક્તિ અને શક્તિમાન્ માં નામ માત્રનું પણ અંતર અથવાં પાર્થક્ય નથી. તે બે છે જ નહી, સ્તર અથવાં તાત્વિક પ્રૂયિાથી ભલે બે ભાસિત થાય , પરંતુ શક્તિ અને શિવ એક જ છે, એક જ સત્તા છે. કહેવાયું પણ છે કે –

शिवस्याभ्यन्तरे शक्तिः शक्तेराभ्यन्तरः शिवः ।
अन्तरं नैव जानीयाच्चन्द्रचन्द्रिकयोरिव ॥[૬૬]

સમ્પૂર્ણ સામરસ્યનાં ધરાતલ પર શક્તિ અને શક્તિમાન્ બન્ને એકબીજાથી અભિન્ન છે. કૂટસ્થ અસંગ–શિવ સર્વત્ર વ્યાપક છે. શિવને ધારણ કરનારી શક્તિ સ્વભાવતઃ વ્યાપક છે. શિવમાં શક્તિ છે, શક્તિમાં શિવ છે. જેવી રીતે ચન્દ્રમા અને તેની ચાંદનીમાં ભિન્નતા નથી, તેમ શિવ અને શિવામાં પણ ભેદ નથી. બન્નેમાં કૂટસ્થ અને અસંગતતાની દૃષ્ટિથી વ્યવહારમાં ભેદ પરિલક્ષિત થાય છે, અને પારમાર્થિક સત્તા તે સ્વરૂપતઃ અખંડ, અભેદ, અને અદ્વય છે. શિવ અને શક્તિ એક જ છે.

ઉપરોક્ત કારણોને લીધે જ અલખ, નિરંજન પરમેશ્વર, અદ્વય પરમેશ્વર, દ્વૈતાદ્વૈત વિલક્ષણ મહેશ્વરની અભિન્ન શિવમયી શક્તિ સ્વરૂપતાનાં સામરસ્ય સ્વરૂપાયિત અદ્વયત્વનું નિર્વચન આ પ્રમાણે કરવામાં શક્તિ અને શક્તિમાન્માં અખંડ એકરૂપતા સહજ સ્થાપિત થઈ જાય છે, કે અખંડ શુદ્ધ ચૈતન્ય સચ્ચિદાન્દ સ્વરૂપ પરબ્રહ્મ સ્વસંવેદ્ય અલખ નિરંજન પરમશિવ સર્વત્ર વિદ્યમાન છે. આ ચેતન જ સમસ્ત વિશ્વપ્રપંચનો આધાર છે. પ્રકૃતિ, માયા આદિ તત્વો પર મહિમા સહિત શક્તિ સર્વત્ર પ્રકાશિત થઈ રહી છે. સમસ્ત માનસિક વ્યાપારોમાં આ જ શક્તિની સત્તા અભિવ્યક્ત છે. આશય છે કે બધાં જ પ્રકારની સત્તાઓની વ્યવસ્થામાં સંવિત્ જ પ્રકાશમાન છે. તે જ સમસ્ત વ્યવહારિક સત્તાઓનાં સીમિત પરિવર્તનશીલ તેમજ અનેક વસ્તુ રૂપોમાં સ્વયંને પ્રગટ કરી રહ્યું છે. બધી જ પ્રકારનાં માનસિક અનુભવોમાં સ્વયંને અનેક આત્મ(ગત) રૂપોમાં પ્રગટ કરી,

કૌશલ્યથી તે સંવિત્ જ અનેક સીમિત વિશેષતાઓ ધારણ કરી લે છે. આમ પરાસંવિત્ સ્વરૂપ શિવશક્તિનાં સામરસ્યનું સ્પષ્ટ નિર્ણિતરૂપ એ છે કે, વ્યષ્ટિ– સમષ્ટિ ભૂત ભૌતિક સમસ્ત પદાર્થોને અનુભવરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ ચેતન બ્રહ્મ પરમ શિવ, પરમેશ્વર જ નિજા, પરા, સૂક્ષ્મ શક્તિરૂપો દ્વારા, સમસ્ત પિંડો, અને સચરાચરનો આધાર છે. શિવભક્તનું આ જ સહજ સામરસ્ય અભિપ્રેત શિવશક્તિ સ્વરૂપ સમ્પૂર્ણ નાથનું સ્તવન છે. જેમકે –

निर्गुणं वामभागे च सव्यभागेऽद्भूता निजा ।
मध्यभागे स्वयं पूर्णस्तस्मै नाथायते नमः ॥[६७]

જેમની ડાબી બાજુએ નિગુર્ણ સ્વરૂપ (બ્રહ્મ) અને જમણી બાજુએ અદ્ભૂત નિજાશક્તિ ઈચ્છાશક્તિ (પરમેશ્વરી પરામ્બા મહામાયા) વિરાજમાન છે, વચ્ચે જે સ્વયં પૂર્ણ અખંડ (પરમશિવ) સર્વાધાર,દ્વન્દ્વાતીત (અલખ નિરંજન દ્વૈતાદ્વૈત વિવર્જિત સ્વરૂપ વિદ્યમાન છે. તે શ્રીનાથ (આદિબ્રહ્મ, આદિનાથ પરમેશ્વર)ને નમસ્કાર છે. હઠયોગ પ્રદીપિકાનાં રચયિતાએ નાદબિન્દુકલાત્મા શિવસ્વરૂપ ગુરૂને નમસ્કાર કરતાં કહ્યું છે કે તેની ઉપાસનાથી યોગી, નિરંજન પદ પ્રાપ્ત કરે છે.–

नमः शिवाय गुरवे नादविन्दुकलात्मने ।
निरंजनपदं याति नित्यं यत्र परायणः ॥[६८]

અખંડ જ્ઞાનસ્વરૂપ નિરંજન જ સર્વભાવપદાતીત છે. આ દ્વૈતાદ્વૈત વિર્વજિત શિવ સ્વરૂપ પરમાત્માતત્વ જ નાથયોગ નું પણ પ્રાણામૃત છે. આમ નાથયોગ પરમ્પરામાં પણ શિવ–શિવાનું અદ્વૈત વર્ણવેલ છે.

સંક્ષેપમાં કહીએ તો શિવ–શક્તિ સર્વથા અભિન્ન અદ્વૈત છે. માત્ર કાર્યભેદ ને કારણે સ્વરૂપભેદ છે. સત્તા એક જ છે, સત્ય એક જ છે. ઉમા, લક્ષ્મી, મહાકાલી, દુર્ગા આદિ બધી શક્તિઓ પણ એક છે. અને એ શક્તિનાં અધિષ્ઠાતાં ભગવાન શિવ પણ ઉમા અને પાર્વતીથી અભિન્ન છે, એવો શૈવપુરાણોનો મત છે.

## ૫.૫ શિવનું પ્રલયકારી સ્વરૂપ

શિવનું એક નામ 'રુદ્ર' પણ છે. વ્યાકરણીય સ્ત્રષ્ટિએ જોતાં રુદ્ર શબ્દનો અર્થ વિગ્રહ થાય છે– 'रोदतीति रूद्र :'। અર્થાત્ જે રડે છે તે રુદ્ર . કારણકે જન્મ સમયે (બાળક) શિવ રડતાં હતાં તેથી તેનું નામ રુદ્ર પડયું છે. પરંતુ બીજો એક વિગ્રહ એવો પણ થાય છે કે 'रोदयतीति रूद्रः' અર્થાત્ જે રડાવે તે રુદ્ર. આ બીજા વિગ્રહને જોતાં શિવનું એક સ્વરૂપ નઝર સમક્ષ ઉત્પન્ન થાય છે. તે સ્વરૂપ છે. 'શિવનું પ્રલયકારી સ્વરૂપ. વેદો અને પુરાણોમાં શિવનાં વિભિન્ન સ્વરૂપો વર્ણવાયા છે. તેમાં શિવનાં પ્રસ્તુત સ્વરૂપની પણ સર્વત્ર ચર્ચા છે.

શૈવપુરાણોનાં મતે તમોગુણ અધિષ્ઠાતા ભગવાન શિવ જ સૃષ્ટિનાં સંહાર કર્તા છે. શિવનું કાર્ય છે સૃષ્ટિનો સંહાર કરવો. તેથી જ્યારે પરમસત્તા દ્વારા નિર્ધારિત વય મર્યાદા પૂર્ણ થાય ત્યારે ત્યારે શિવ સ્વરૂપ મહાશક્તિ સૃષ્ટિનાં સંહારનું કાર્ય કરે છે. આ સંહાર, વિનાશ કે પ્રલય વિવિધ રીતે થાય છે. ઘણી વખત વિભિન્ન આસુરિ શક્તિઓના સંહાર માટે શિવ અથવા શિવા પૃથ્વી પર અવતરિત થાય છે, તો કયારેક આત્યન્તિક પ્રલય પણ શિવની ભ્રૃકુટી વિલાસ દ્વારા થાય છે.' भ्रुकुटिविलास सृष्टि लय होइ' આ વિધાન શિવ માટે પણ એટલુંજ સાર્થક છે, જેટલું દેવો અથવા વિષ્ણુ માટે છે. શિવનાં દ્વાદશ જ્યોર્તિલિંગોમાં એક નામ 'મહાકાલ' છે. આ મહાકાલ શબ્દાર્થ જ ભયંકરતા અને પ્રલય આદિથી આપણને નિર્દિષ્ટ કરે છે. એવું કહેવાય છે કે ભગવાન શિવ ત્રિનેત્રેશ્વર છે. શિવને ત્રણ આંખો છે, પરંતુ શિવ હંમેશા ત્રણ આંખો વડે કામ નથી લેતાં, અન્ય દેવોની જેમ શિવ પણ બે આંખો વડે જ દર્શન કરે છે. પરંતુ શિવનું તૃતીય નેત્ર અગ્નિ સ્વરૂપ છે. જ્યારે ભગવાન અગ્નિ નું કામ પડે ત્યારે જ તે તૃતીય નેત્ર ખોલે છે. આ શિવનું નેત્ર પ્રલય સમયે ખુલે છે. આ નેત્રની અગન જ્વાળા ઓમાં સમ્પૂર્ણ ચરાચર જગત્ બળીને ભસ્મસાત્ થઈ જાય છે.

ભગવાન શિવે આ તૃતીય નેત્ર આ પહેલા પણ એક વખત ખોલ્યું હતું. તે પ્રસંગ છે મદન દહન નો. આ પ્રસંગમાં પણ હેતુ તો આસુરી શક્તિનાં વિનાશનો જ છે. જેને

સંક્ષેપમા જોઈએ તો– જ્યારે આ પૃથ્વી ઉપર તારકાસુર નામનો ભયંકર અસુર ઉત્પન્ન થયો, અને ત્રણે લોકને પોતાની શક્તિ વડે ત્રાહિમામ કરવા લાગ્યો, ત્યારે દેવોએ તેની સાથે યુદ્ધ કર્યુ. પરંતુ તારકાસુરની તાકાત સામે બધા જ દેવો પરાસ્ત થયાં. તારકાસુરે એવું વરદાન મેળવી લીધું હતું કે તે શિવનાં પુત્ર દ્વારા જ મરે. તેથી તારકાસુરને એમ હતું કે શિવ તો મહાયોગી છે. શિવ ક્યારે પણ લગ્ન જ નહીં કરે, તેથી તેની સંતાન પણ નહીં થાય અને હું અમર થઈ જઈશ. પરંતુ પ્રત્યેક દેહધારીને મૃત્યુનો સામનો કરવો જ પડે છે. દેવો ને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે દેવતાઓ ભગવાન બ્રહ્મા અને વિષ્ણુ પાસે ગયા. ત્યાર પછી બધાં જ દેવો બ્રહ્મા, વિષ્ણુ સમેત શિવને પ્રાર્થના કરવા લાગ્યાં કે હે દેવ, આપ વિધિના કલ્યાણ માટે સમાધિમાંથી જાગો અને વિવાહ કરો. જેથી આપના સંતાન દ્વારા તારકાસુર મરે. તેમજ સૃષ્ટિનું કલ્યાણ થાય.

દેવોની સ્તુતિ થી શિવ પ્રસન્ન થયાં, તેમજ વચન આપતાં કહ્યું કે તમો નિશ્ચિત પણે સ્વધામ ગમન કરો. હું થોડાં સમય પછી વિવાહ કરીશ. દેવતાઓ ખુશ થઈ પોત પોતાના લોકમાં ગયાં, અનેક વર્ષો વીત્યાં. શિવ પુનઃસમાધિસ્થ થઈ ગયાં. પુનઃ દેવો ચિંતિત થયા. તે સમયે દેવોએ પોતાના પ્રતિતિધિ તરીકે કામદેવને શિવની સમાધિ ભંગ કરવાનું કાર્ય સોપ્યું. પુરાણોમાં અને શ્રીરામચરિત માનસમાં પણ વર્ણન છે કે કામદેવે પોતાની તમામ શક્તિ ઓ શિવ ઉપર પ્રક્ષિપ્ત કર્યા બાદ જ્યારે પરાસ્ત થાય છે ત્યારે અંતે સુમન બાણ શિવ ઉપર સંધાન કરી પ્રહાર કરે છે અને શિવની સમાધિ ભંગ થાય છે. શિવની સમાધિ તૂટતાં જ શિવને ક્રોધ આવે છે અને શિવનું તૃતીય નેત્ર કે જે અગ્નિ સ્વરૂપ છે તે ખૂલી જાય છે. સામેનાં એક વૃક્ષમાં છૂપાયેલ મદન અર્થાત્ કામને ભગવાન પોતાના તૃતીયનેત્રની અગ્નિજ્વાળાઓમાં બાળી નાખે છે. ત્યારથી શિવનું એક અન્ય નામ પણ પડે છે – 'મદન દહન'.

શ્રી રામચરિત માનસ માં તુલસીદાસ જી આ પ્રસંગનો ઉલ્લેખ કરતા કહે છે કે–

'तब सिव तीसर नयन उधारा । चितवन काम भयउ जरी छारा ।।'

આમ શિવ મદન દહન કરી સમાધિ માંથી ઉભા થાય છે. દેવો પુનઃ પ્રાર્થના કરે

છે અને ભગવાન શિવ લગ્ન કરવા માટે તૈયાર થાય છે. શિવનાં પાર્વતી સાથે વિવાહ થાય છે અને કાર્તિકેય સ્વામીનો પણ જન્મ થાય છે. કાર્તિકેય યુવાન બને છે ત્યારે દેવોની સેનાનાં નાયક બને છે. તારકાસુર સાથે ગાઢ યુદ્ધ થાય છે. તારકાસુરનો કાર્તિકેયના હાથે વધ થાય છે. આમ શિવ જગત્ કલ્યાણ માટે અને આસૂરી શક્તિને માટે, પ્રલય નીવડવા માટે પોતાની સમાધિ પણ ત્યાગે છે, અને યોગીમાંથી ગૃહસ્થ પણ થાય છે.

પુરાણોમાં શિવનાં પ્રલયકારી સ્વરૂપને વર્ણવતાં શિવની સ્તુતિ પણ કરાઈ છે. જેમાં શિવને મહાકાલ કહેવાયાં છે.

सृष्टारोऽपि प्रजानां प्रबलभवभयाद् यं नमस्यन्ति देवा

यश्चित्ते सम्प्रविष्टोऽप्यवहितमनसां ध्यानमुक्तात्मनां च ।

लोकानामादिदेवः स जयतु भगवान्छ्रीमहाकालनामा

बिभ्राणः सोमलेखामहिवलययुतं व्यक्तलिङ्गं कपालम् ॥

પુરાણો ભગવાન શિવનાં સ્વરૂપને વર્ણવતા કહે છે કે તે પ્રજાના સૃષ્ટા છે, આદિદેવ છે. યોગિઓનાં મનમાં રહેનારા છે, એવા શિવનું નામ છે મહાકાલ. દ્વાદશજ્યોતિર્લિંગોમાં ઉજ્જૈનમાં સ્થિત જ્યોતિર્લિંગ મહાકાલેશ્વર છે. જેનાં વિશે એવું કહેવાય છે કે સપ્ત મોક્ષદાયિની પુરિઓમાં અવન્તિકા (ઉજ્જૈન) પણ એક પુરી છે. જેમકે–

अयोध्या मथुरा माया काशी कांचि अवन्तिका ।

पुरीद्वारावती चैव सप्तैता मोक्षदायिका ॥

આ અવન્તિકા નગરી ઉત્તરભારતનું એક પ્રમુખ શૈવ ક્ષેત્ર છે. ઉજ્જૈનનાં મહાકાલ વનમાં શિપ્રા નદીનાં તટ પર ભગવાન મહાદેવનું 'મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ' પ્રતિષ્ઠિત છે. અવન્તી અથવાં અવન્તિકા ભગવાન શિવને ખૂબ જ પ્રિય છે. આ નગરી ખૂબ જ લોકપ્રિય અને લોકપાવની છે. મહાકાલેશ્વર લિંગની સ્થાપનાનાં વિષયમાં પુરાણોમાં અનેક આખ્યાનો પ્રાપ્ત થાય છે. એક કથા અનુસાર ઉજ્જયિનીનાં રાજા ચન્દ્રસેનની શિવાર્ચના જોઈ શ્રીકર નામક એક પાંચ વર્ષનો ગોપ બાળક ખૂબ જ ઉત્કંઠિત થયો. તે એક સામાન્ય પત્થરને ઘરમાં પ્રસ્થાપિત કરી, તેની શિવ સ્વરૂપે ઘરમાં ઉપાસના કરવા

લાગ્યો પરિવારજનોએ બાળકની આ ક્રિયાને સામાન્ય રમત સમજી, તેમ આ આદત ભુલાવવાં માટે અનેક પ્રકારે પ્રયત્નો કર્યા. પરંતુ શિવભક્ત શ્રીકરની શિવભક્તિ નિત્ય પ્રતિદિન વધતી જ ગઈ. અન્તમાં પોતાનાં ભક્તને દર્શન આપવાં માટે ભગવાન જ્યોતિર્લિંગ રૂપમાં મહાકાલવન માં પ્રગટ થયા અને ત્યાંજ સ્થિત થઈ ગયાં.

એક બીજા ઈતિહાસ પ્રમાણે એવું પણ છે કે કોઈ સમયે આ અવન્તિકાપુરીમાં એક અગ્નિહોત્રી વેદપાઠી બ્રાહ્મણ રહેતો હતો, જે પોતાનાં દેવપ્રિય, પ્રિયમેધા, સુકૃત અને સુવ્રત નામક ચાર પુત્રોની સાથે શિવનિષ્ઠા તેમજ ધર્મનિષ્ઠાની પતાકા ફરકાવતો હતો. તેની કીર્તિ સાંભળી બ્રહ્માજીથી વરદાન મેળવી, એક મહામદાન્ધ દૂષણ નામક અસૂર, જે રત્નમાલ પર્વત પર રહેતો હતો, તે પોતાનાં દલ–બલ સહિત ધસી આવ્યો. લોકોમાં ત્રાહિત્રાહિ થઈ ગઈ અન્તતઃ તે બ્રાહ્મણ તેમજ બ્રાહ્મણપુત્રોની શિવભક્તિનાં પ્રતાપથી ભગવાન્ ભૂતભાવન એક ગર્તથી પ્રગટ થઈ ગયાં અને તેમણે એક હૂંકાર માત્રથી તે અસૂરને સેના સહિત વિનષ્ટ કરી દીધો. પછી સંસારના કલ્યાણ માટે ત્યાં જ સદા વાસ કરવાનું, તે બ્રાહ્મણને વરદાન આપી અન્તર્ધ્યાન થઈ ગયા. ત્યારથી જ ભગવાન શંકર જ્યોતિર્લિંગ સ્વરૂપે ત્યાં સ્થિત થયાં. દ્વાદશ જ્યોતિર્લિંગની સ્તુતિ માં મહાકાલનો ઉલ્લેખ છે કે –

सौराष्ट्रे सोमनाथं च श्रीशैले मल्लिकार्जुनम् ।
उज्जयिन्यां महाकालमोंकारममलेश्वरम् ॥

આમ મહાકાલ વનમાં ભગવાન શિવ સદાને માટે જ્યોતિર્લિંગ સ્વરૂપે પ્રતિષ્ઠિત થયાં. શિવનું આ મહાકાલ સ્વરૂપ તમોગુણ પ્રધાન હોવાં છતાં ભક્તોને માટે તમોગુણ નાશક અને શિવભક્તિ તેમજ કલ્યાણ દાયક છે. શિવનાં આવાં અન્ય એક સ્વરૂપને વર્ણવતા શૈવપુરાણાન્તર્ગત વ્યાખ્યાઓમાં એક શ્લોકમાં શિવનાં મહામૃત્યુંજય સ્વરૂપને આ પ્રમાણે વર્ણવ્યું છે. –

हस्ताभ्यां कलशद्वयामृतरसैराप्लावयन्तं शिरो
द्वाभ्यां तौ दधतं मृगाक्षवलये द्वभ्यां वहन्तं परम् ।

अङ्कन्यस्तकरद्वयामृतधरं कैलाशकान्तं शिवं

स्वच्छम्भोजगतं नवेन्दुमुकुटं देवं त्रिनेत्रं भजे ॥

ભગવાન ત્ર્યમ્બક દેવ અષ્ટભૂજ છે. તેમનાં એક હાથમાં અક્ષમાલા અને બીજા હાથમાં મૃગમુદ્રા છે. બે હાથોથી બે કળશોમાં અમૃત રસ લઈ તેનાંથી પોતાનાં મસ્તકને આપ્લાવિત કરી રહ્યાં છે, બે હાથો વડે તે જ કળશોને ધારણ પણ કરી રહ્યા છે, શેષ બે હાથ ભગવાન શિવે પોતાનાં ઉપર રાખ્યા છે, તેમાં પણ બે અમૃત પૂર્ણ ઘટ છે. તેઓ શ્વેતપટ્ટા પર વિરાજિત છે. મુકુટ પર બાલચન્દ્ર સુશોભિત છે, મુખમંડલ પર ત્રણ નેત્ર શોભાયમાન છે. એવાં દેવાધિદેવ કૈલાસપતિ શ્રી શંકરને હું પ્રણામ કરૂં છું. આમ શિવનું મહામૃત્યુંજય સ્વરૂપ વર્ણવાયું છે.

શૈવપુરાણોમાં સ્રષ્ટિક્ષેપ કરતાં શિવનાં પ્રલય સ્વરૂપનું દર્શન કરતાં મહાકાલ સ્વરૂપ અને મહામૃત્યુંજય સ્વરૂપ આપણી સામે ઉપસ્થિત થાય છે. શિવનાં આ બન્ને સ્વરૂપો પણ એક સંદેશ આપે છે. શિવ કાલનાં પણ કાલ અર્થાત્ મહાકાલ છે. તે સંસાર ના પ્રલયનું કારણ છે . સાથે સાથે દીર્ઘાયુષ્ય માટે ભક્તો શિવના મહામૃત્યુંજય ના સ્વરૂપની અર્ચના પણ કરે છે, કારણકે શિવનાં આ સ્વરૂપમાં અનેક અમૃતકુંભો સૂચવે છે કે શિવ માટે અમૃત તુચ્છ છે. શિવ અમૃતનું દાન કરે છે, અને વિષનું પાન કરે છે. શિવ સૌ પ્રથમ પોતે વિષ પાન કરે છે ત્યારબાદ સૃષ્ટિનો સંહાર કરે છે. જેનાથી એક સંદેશો એવો પણ મળે છે કે કાળ કોઈને નથી છોડતો. શિવ મહાકાલ છે, છતાં તેને વિષપાન કરવું પડે છે. આ સંસાર માં માત્ર એવાં લોકો જ અમરતા પ્રાપ્ત કરે છે કે જે શિવભક્તિ કરે છે, જે તપ કરે છે. કૈવલ્ય આદિ ઉપનિષદોમાં શિવનાં સ્વરૂપને પરબ્રહ્મ તરીકે વર્ણવાયું છે. તેમજ નારાયણ ઉપનિષદમાં વિષ્ણુને પરબ્રહ્મ કહ્યાં છે. શિવ શાસ્ત્રોમાં શિવને અને વિષ્ણુશાસ્ત્રોમાં વિષ્ણુને નિર્દોષ અને પૂર્ણ કલ્યાણગુણ કહેવાયાં છે. શ્રી શિવ અને વિષ્ણુ બન્ને ભોગ અને મોક્ષ આપનારાં છે. તેમ છતાં બન્નેનાં કાર્યો અલગ અલગ છે. તેથી જ બન્ને શક્તિઓ બન્ને પુરુષાર્થોનું દાન નિયતરૂપે કરે છે. શ્રી શિવ સર્વદા મોક્ષનો ભોગ કરે છે. શ્રીમદ્ ભાગવત માં કહેવાયું છે કે –

हसन्ति यस्याचरितं हि दुर्भगाः

स्वात्मन् रतस्याविदुषः समीहितम् ।

यैर्वस्त्रमाल्याभरणानुलेपनैः

श्वभोजनं स्वात्मतयोपलालितम् ॥

आत्मारामोऽपि यस्त्वस्य लोककल्पस्य राधसे ।

शक्त्या युक्तो विचरसि घोरया भगवान् शिवः ॥

એ વાત લોક સિદ્ધ છે કે સ્વામી સ્વયં જે પદાર્થનો ઉપભોગ કરે છે , તે અન્ય કોઈને નથી આપતાં. શિવજી ‘મય ’ અને ‘બાણાસુર’ જેવાં અતિપ્રિય લોકોને મોક્ષ પણ આપે છે પરંતુ નિયતરૂપ નહીં. વિષ્ણુ નિર્ગુણ બ્રહ્મ રહેવાં છતાં પણ સાત્વિક જગત્ નાં નિયામક છે. તેમજ શિવજી પણ નિર્ગુણ બ્રહ્મ હોવાં ઉપરાંત તામસ્ જગતનાં નિયામક છે. આ જ વાત  વલ્લભાચાર્યજીએ પણ સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થમાં કહી છે.

जगत्तु त्रिविधं प्रोक्तं ब्रह्मविष्णु शिवास्ततः ।

देवतारूपवत् प्रोक्ताः ............... ॥

આ સમ્પૂર્ણ જગત્ રાજસ, સાત્વિક અને તામસ આ ત્રણ પ્રકારનું બનેલું છે. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ ઉક્ત ત્રણે પ્રકારનાં જગતને નિયમમાં રાખવા માટે નિર્ગુણ બ્રહ્મ હોવાં ઉપરાંત જે તે જગત્ નાં ઉપાસ્ય દેવ પણ કહેવાયાં છે.

આવી અવસ્થામાં શ્રી શિવજી સર્વસાધારણરૂપે મોક્ષનું દાન નથી કરતા. આ બાલબોધમાં શ્રી વલ્લભાચાર્યજીનો શિવજીનાં વિષયમાં એવો જ આશય નીકળે છે કે શ્રી શિવજી નિર્ગુણ પરબ્રહ્મનાં અવતાર છે, સ્વયં બ્રહ્મ છે, નિર્દોષ છે, તામસ્ જગતનાં અધિષ્ઠતા છે, સૃષ્ટિ સંહારકર્તા છે, ઉપાસ્થ દેવ છે, જગતનાં હિતકર્તા છે, મોક્ષશાસ્ત્રનાં પ્રવર્તક છે, મોક્ષ આપવાની ક્ષમતા રાખે છે અને મોક્ષદાતા પણ છે. શ્રી વલ્લભાચાર્યજીનો એક 'पत्रावलम्बन' નામનો ગ્રન્થ પણ છે, આ ગ્રન્થ આચાર્યપદે ઉતરાવસ્થામાં લખ્યો હતો. તેમાં તેઓ શિવજી માટે લખે છે કે,

स्थापितो ब्रह्मवादो हि सर्ववेदान्तगोचरः ।

काशीपतिस्त्रिलोकेशो महादेवस्तु तुष्यतु ।।

**આ બ્રહ્મવાદ મેં સ્થાપિત કર્યો છે, જેનાથી કાશી, વિશ્વનાથ, ત્રિભુવનનાથશ્રી મહાદેવ મારા પર પ્રસન્ન થાય. આવા સ્વરૂપને વર્ણવતા વિભિન્ન પુરાણો નથી થાકતાં. સંક્ષેપમાં કહીએ તો શૈવપુરાણોમાં શિવના પ્રલયકારી સ્વરૂપની ચર્ચાઓ થઈ છે. જે શિવનું ભયંકર સ્વરૂપ છે. શિવનું ઉગ્રસ્વરૂપ છે. પરંતુ એ વાત પણ નોંધનીય છે કે શિવનું પ્રલયકારી સ્વરૂપ માત્ર શિવની જવાબદારી માટે, શિવના કાર્ય સ્વરૂપે, કહો કે એક વ્યવસ્થા સ્વરૂપે છે. ભકતોને માટે તો શિવ સદા મંગલકારક અને કલ્યાણકારી જ છે, જે શિવની ઉદારતા છે અને ભક્તવત્સલતા પણ છે. તેથી જ ભક્તો શિવને શ્રદ્ધા અને વિશ્વાસ કહીને સંબોધે છે.**

## ૫.૬ શિવનું કલ્યાણકારી સ્વરૂપ

શિવનાં વિભિન્ન પાંચ સ્વરૂપોની ચર્ચા કર્યા બાદ હવે પુરાણોમાં દૃષ્ટિપાત કરીએ શિવના કલ્યાણકારી સ્વરૂપનાં દર્શન કરવાં માટે. શિવજીનું આ સ્વરૂપ એવું છે કે, જે સર્વત્ર વ્યાપ્ત છે. કલ્યાણકારી સ્વરૂપને શોધવું નથી પડતું પરંતુ શિવનું કલ્યાણકારી સ્વરૂપ સર્વત્ર નજરેપડે છે. શૈવપુરાણો માં જ નહીં વેદો અને ઉપનિષદો માં પણ શિવનાં કલ્યાણકારી સ્વરૂપનું વર્ણન થયું છે. શિવપુરાણ ભગવાન શિવનાં આવાં સ્વરૂપને વર્ણવતા કહે છે કે –

भवभक्तिपरा ये च भवप्रणतचेतसः ।
भवसंस्मरणा ये च न ते दुःखस्य भाजनाः ॥[७०]

જે ભગવાન શિવની ભક્તિમાં તત્પર છે, જે મનથી શિવને જ શરણાગત છે, તેમજ શિવનું જ ચિંતન કરે છે, તેઓ ક્યારે પણ દુઃખના ભાગી નથી થતાં. સૃષ્ટિનાં સમસ્ત ઉદ્યોગોનો ઉદ્દેશ્ય સુખની પ્રાપ્તિ છે. ભગવત્કૃપાનું અવલમ્બન કરનાર પુરુષાર્થી અને મનસ્વીઓ ને માટે વિજય પ્રાપ્ત કરવો સહેલો છે. જો માનવ ચતુર્વિધ પુરૂષાર્થ ને માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નશીલ રહે તો તેને સુખની શોધ કરવાની આવશ્યકતા નથી રહેતી. સુખ તો સ્વયં તેનું અનુગામી બની જાય છે . ચતર્વિધ પુરૂષાર્થ સૌ પ્રથમ સોપાન છે. ધર્મ સંપાદન ભગવાન સદાશિવ ધર્મની સાક્ષાત્ પ્રતિમૂર્તિ છે, અને તેનાં વિધિવત્ પૂજનથી જીવનમાં ક્યારે પણ દુઃખની અનૂભૂતિ થતી નથી. કદાચ તેથી જ શિવનાં મંગલમૂર્તિ અને કલ્યાણકારી સ્વરૂપ તરફ લોકો આકર્ષાય છે, અને શિવ આરાધનામાં તત્પર થઈ જાય છે.

શિવ કોઈ સમ્પ્રદાય વિશેષ, કોઈ જાતિ વિશેષ અથવાં કોઈ ધર્મ વિશેષનાં માત્ર દેવ નથી અપિતુ ભારતની બહાર અન્ય દેશોમાં, અન્ય ધર્મના લોકો પણ શિવની નિરંતર ઉપાસના કરે છે.શિવનો અર્થ થાય છે કલ્યાણ. શિવ પોતાનાં નામની અંદર પણ કલ્યાણને સમાવિષ્ટ કરીને વિરાજિત છે. જેથી શિવભક્તોનું 'શિવ' – 'કલ્યાણ' થશે કે નહીં? તે ચર્ચા જ ન થાય. શિવનાં કલયાણકારી સ્વરૂપનું વર્ણન વેદો તેમજ ઉપનિષદો પણ કર્યા વિના રહી શક્યા નથી. શ્વેતાશ્વતરોપનિષદ્માં શિવનાં કલ્યાણકારી સ્વરૂપને વર્ણવાતા

કહેવાયું છે કે –

या ते रूद्र शिवा तनूरघोरापापकाशिनी ।
तया नस्तनुवा शन्तमया गिरिशन्ताभिचाकशीहि ॥[૭૧]

અહીં શિવનાં કલ્યાણકારી સ્વરૂપને વર્ણવાતા કહેવાયું છેકે ' રુદ્રદેવ ! આપની જે ભયાનકતાથી શૂન્ય તેમજ પુણ્યકર્મોથી પ્રકાશિત થનારી કલયાણમયી સૌમ્યમૂર્તિ છે, જેનું દર્શન કરી મનુષ્ય પરમ આનન્દમાં મગ્ન થઈ જાય છે, જે ગિરિશન્ત અર્થાત્ પર્વત પર નિવાસ કરતાં સમસ્ત લોકોને સુખ પહોચાડનાર પરમેશ્વર ! તે પરમ શાંત મૂર્તિથી જ કૃપા કરી આપ અમારી તરફ જૂઓ. આપની કૃપા સ્ત્રષ્ટિ પડતાં જ અમો સર્વથા પવિત્ર થઈ, આપની પ્રાપ્તિ કરવા યોગ્ય બની જશું. શ્રૃતિ, સ્મૃતિ, પુરાણ અને ઈતિહાસનાં અનેક સ્વર્ણિમ પૃષ્ઠ ચન્દ્રાર્ધભૂષણનાં અનાદિ અનન્ત પરમોપાસ્ય, પરાત્પર, શોક–સન્તાપ –નિવારક પરમૈશ્વર્યશાળી હોવાનાં પ્રમાણથી ભર્યા પડયાં છે. મંગલની આકાંક્ષા રાખનાર લોકોની ઉપાસના અવશ્ય કરવી જોઈએ, કારણકે તેઓ અદ્વિતીય છે.

नास्ति शर्वसमो देवो नास्ति शर्वसमा गतिः ।
नास्ति शर्वसमो दाने नास्ति शर्वसमो रणे ॥[૭૨]

ચતુર્વિધ પુરુષાર્થનું અન્તિમ લક્ષ્ય 'મોક્ષ' છે, જેની કામના હેતુ સિદ્ધ, યોગી ,વિરકત, સન્યાસી, ગૃહસ્થ, નર, નારી, બધાં જ પ્રયાસ કરે છે, કારણકે કેમ અમો આ ભવ બન્ધન થી છૂટી શકીએ ? જીવનભરનો સમસ્ત ભૌતિકવાદી પ્રયાસ મોક્ષ વગર નિષ્ફળ થઈ જાય છે. અને 'पुनरपि जननं पुनरपि मरणम् ' નું અનવરત ચૂ ચાલતું જ રહે છે. માનવ જેવી શ્રેષ્ઠ યોનિ પામીને પણ આ પરમ પુરુષાર્થ ની પ્રાપ્તિ (મોક્ષ) વગર જીવન નાનાવિધ કલેશોમાં સ્વયંને નાંખી દે છે. પરમકષ્ટહારી વૃષભધ્વજનાં શરણ આવાગમનનાં આ ચક્કરથી છૂટવા માટે નો એક સરળતમ ઉપાય છે – શિવની આરાધના. અન્ય દેવો લાંબા સમયે તુષ્ટ થાય છે અને વરદાન આપે છે. જ્યારે ભોળાનાથ શિવ આશુતોષ છે, જેથી તુરંત પ્રસન્ન થઈ જાય છે અને ભક્તોનું કલ્યાણ કરવા તત્પર બની જાય છે. તેથી જ શિવ પુરાણમાં શિવનાં કલ્યાણકારી સ્વરૂપને વર્ણવાતાં કહેવાયું છે કે–

ब्रह्माणं विदधे पूर्वं वैरांश्चोपादिशत् स्वयम् ।
यो देवस्तमहं बुद्ध्वा स्वात्मनुद्धि प्रसादतः ॥
मुमुक्षुरस्मात् संसारात् प्रपद्ये शरणं शिवम् ॥[૭૩]

તાત્પર્ય એ છેકે બ્રહ્માની નિમણુંક કરી તેમને શ્રુતિઓના જ્ઞાનથી અલંકૃત કરનારા તેમજ સ્વરૂપ વિષયક બુદ્ધિને પ્રકાશિત કરનાર પરમેશ્વર શિવને જાણી, હું આ ઘોર સંકટમય સંસાર બંધનથી મુક્ત થવાં માટે તેમની શરણ ગ્રહણ કરું છું.' માનવ જ્યારે સ્વયં કામ, ્રોધ, લોભ, અને અહંકારની જહેરીલી વૃત્તિઓથી આવૃત્ત થઈ અમાનવીય કૃત્ય કરવાં લાગે છે, ત્યારે એવું ભાસિત થાય છે કે તે પરિવાર, સમાજ અને દેશને માટે વિષધર પણ બની જશે. આ અસહ્ય વિષથી બચવાનો કોઈ ઉપાય જ નહીં રહે. સાગરમન્થનનું આખ્યાન આ વાતની પુષ્ટિ કરે છે કે, દેવ તેમજ દાનવો સમક્ષ પણ આવી જ ઉપસ્થિતિ થઈ ગઈ હતી–

भीताः प्रजाः दुद्रुवुरङ्ग सेश्वरा–
अरक्ष्यमाणाः शरणं सदाशिवम् ॥[૭૪]

આ અસાધ્ય વિષથી બચવાનો કોઈ ઉપાય જ ન હતો. પ્રજાપતિઓએ જ્યારે પિનાકપાણિને પ્રાર્થના કરી, ત્યારે પોતાનાં સમીપ આસનસ્થ દેવીને સંબોધતા શિવ કહે છે કે– 'દેવી ! અત્યંત દુઃખની વાત એ છે કે સમુદ્રમંથનમાં નીકળેલ કાળકૂટ વિષથી પ્રજા પર અકારણ જ આપત્તિઓનો પહાડ તૂટી પડયો છે. તેઓ પોતાનાં પ્રાણોની રક્ષા ઈચ્છે છે. આવી વિષમ પરિસ્થિતિમાં મારૂં કર્તવ્ય છે કે તેઓને નિર્ભય કરી દઉં.

'एतावान् हि प्रभोरर्था यद् दीनपरिपालनम् ।'

શક્તિ સામર્થ્યવાન જીવન ત્યારે જ સફળ થાય છે, જયારે તે દીન દુઃખિઓની રક્ષા કરે છે.

प्राणै स्वैः प्राणिनः पान्ति साधवः क्षणभङ्गुरैः ।
बद्धवेरैषु भूतेषु मोहितेष्वात्ममायया ॥[૭૫]

સજ્જન પુરુષ પોતાના અનિત્ય દેહની બલી આપીને પણ અન્યોનાં પ્રાણોની

રક્ષા કરે છે. હે કલ્યાણી ! સ્વનિર્મિત મોહપાસમાં આબદ્ધ પ્રાણીઓ માયાથી મોહિત થઈ પરસ્પર વેરની ગાંઠો બાંધી લે છે. તેથી હે દેવી ! હું તત્કાલ આ વિષનું ભક્ષણ કરૂં છું જેથી મારી પ્રજાનું કલયાણ થાય.આમ કહી ભગવાન્ ત્રિલોકેશ્વર, ભૂતભાવન, સદાશિવ, ગરલ પાન કરી સર્વદાને માટે નીલકંઠ બની જાય છે.

तप्यन्ते लोकतापेन साधवः प्रायशो जनाः ।
परमाराधनं तद्धि पुरुषस्याखिलात्मनः ॥[૭૬]

પરોપકારી સજ્જન પુરુષ પ્રાયઃ પ્રજાના સંકટ નિવારણાર્થે પોતાને સંકટમાં નાંખી દે છે. પરંતુ આ તેને માટે વિપત્તિ નહી, પણ બધાનાં હૃદયમાં વિરાજિત વિરાટ્ ભગવાનની પરમારાધના છે. ગંગાવતરણનું આખ્યાન ભગવાન્ શશાંક શેખરની લોકોપકારી મહિમાનું યશોગાન જ છે. હિમાલયની જ્યેષ્ઠ કન્યા હેમવતી ગંગાને મૃત્યુલોકમાં જવાનો આદેશ બ્રહ્માએ આપ્યો, પરંતુ સ્વર્ગથી નીચે પડવાનો ગંગાનો વેગ એવો પ્રબળ હતો કે તે એક મહાન સમસ્યા બની ગયો. બ્રહ્માએ સ્પસ્ટ કહ્યું કે –' गंङ्गायाः पतनं राजन् पृथिवी न सहिस्यते ' રાજન્ ! ગંગાનાં વેગને પૃથ્વી સહન નહી કરી શકે. માત્ર ત્રિનેત્રધારી શંકરજ આ પ્રચંડ વેગને રોકવાની ક્ષમતા ધરાવે છે.

ભગવાન શંકરની અનુકંપાએ જે ધરાને ગંગા જેવી અદ્ભૂત ભેટ આપી તે ઔઢ રદાની નાં વિશે જેટલું કહો તેટલું ઓછું છે. ભગવાન આશુતોષ વસ્તુતઃ વાલ્મીકીય રામાયણનાં મુખ્ય પ્રતિપાદ્ય છે. રામકથાનાં રૂપમાં વાલ્મીકી રામાયણનાં અનેક સર્ગ તેમની પ્રશંસા માટે ભર્યા પડયાં છે. મહર્ષિ વાલ્મીકી પોતાના આરાધ્યનાં પણ વન્દનીય આશુતોષનાં ગુણગાન કરતાં થાકતાં નથી. ચિરંતન, અનાદિ, વિશ્વદીપ્તિ, અનિવૃત્તાત્મા, એવા સદાશિવનાં વિષયમાં કદાચ સ્વયં યુગાવતાર શ્રીકૃષ્ણ પણ પોતાનાં સ્વમુખે શ્રદ્ધાભાવ વ્યક્ત કરે, તો તેમાં કશું જ આશ્ચર્ય નહીં થાય. કારણકે ભગવાન્ શિવનો સ્વભાવ જ છે કલ્યાણ અને કરૂણાસ્વરૂપ. તેથી જ શ્રી કૃષ્ણ કહે છે કે–

त्वत्परो नास्ति मे प्रेयांस्त्वं मदीयात्मनः परः ।
ये त्वां निन्दन्ति पापिष्ठा ज्ञानहिना विचेतसः ॥

पच्यन्ते कालसूत्रेण यावच्चन्द्र दिवाकरौ ॥[७७]

**આવા કલ્યાણકારી શિવને માટે શ્રીકૃષ્ણએ કહ્યું કે – હે દેવ ! મારૂં તમારાથી વધી અન્ય કોઈ જ  પ્રિય નથી. આપ મને મારી આત્માથી પણ વધુપ્રિય છો. જે દુષ્કર્મોમાં રત અજ્ઞાની અને બુદ્ધિહીન પુરુષ આપની નિંદા કરે છે. તેઓ અનન્તકાળ સુધી નરક માં પડે છે. મહાકવિ કાલિદાસે પણ રઘુવંશ માં સર્વપ્રથમ છન્દમાં શબ્દ અને અર્થની જેમ અવિચ્છેદ્ય એકતાને ઉપમાન બનાવી પોતાનાં આરાધ્ય ' શિવ–શિવા' નું અદ્‌ભૂત સમન્વિત ચિત્રિત કર્યું છે. –**

वागर्थाविव सम्पृक्तौ वागर्थप्रतिपत्तये ।
जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ॥[७८]

**તેમજ અભિજ્ઞાન શાકુન્તલ નાટકનાં મંગલાચરણમાં પણ કાલિદાસે શિવનાં આ સ્વરૂપની વન્દના કરતાં દેવાધિદેવ મહાદેવ પ્રતિ પોતાનાં શ્રદ્ધા સુમન અર્પિત કર્યા છે.–**

या सृष्टिः स्रष्टुराद्या वहति विधिहुतं या हविर्या च होत्री
ये द्वे कालं विधत्तः श्रुतिविषयगुणा या स्थिता व्याप्य विश्वम् ।
यामाहुः सर्वबीजप्रकृतिरिति यया प्राणिनः प्राणवन्तः
प्रत्यक्षाभिः प्रपन्नतनुभिरवतु वस्ताभिरिष्टाभिरीशः ॥[७९]

**કલ્યાણમય શિવનાં સ્વરૂપનું સર્વત્ર વર્ણન જોવા મળે છે. કદાચ આવાં સ્વરૂપને કારણે જ શિવનાં ભોળાનાથ, આશુતોષ વગેરે નામો પડયાં છે. સૃષ્ટિકર્તા, પ્રજાપતિની પ્રથમસૃષ્ટિ અર્થાત્ જલમૂર્તિ, વિધિપૂર્વક અપાયેલ આહૂતિઓનું વહન કરનારી અગ્નિમૂર્તિ, હવિ પ્રદાન કરનારી યજમાનમૂર્તિ, દિવસ–રાત એમ બે સમયોનું નિર્માણ કરનારી સૂર્ય–ચન્દ્રમૂર્તિ, જે કાનનો વિષય અથવાં દેવતાં અને સંપૂર્ણ વિશ્વમાં વ્યાપ્ત છે તે આકાશમૂર્તિ, સમ્પૂર્ણ ચરાચરની પ્રાણિઓની બીજભૂતા ધરિત્રી દેવી અને જે સમસ્ત પ્રાણિઓનાં પ્રાણ સંચાર કરનારી વાયુમૂર્તિ. આ પ્રત્યક્ષ આઠ મૂર્તિઓથી વ્યાપ્ત ભગવાન સર્વેશ્વર શિવ આપ સૌની રક્ષા કરે. ભૂતભાવનનાં અનન્ત નામ અને અનન્ત વિભૂતિઓ છે જેમકે–**

मुण्डो विरूपो विक्रान्तो दण्डी दान्तो गुणोत्तमः ।
पिङ्गलाक्षो जनाध्यक्षो नीलग्रीवो निरामयः ॥

મંગલમૂર્તિ કરુણાસ્વરૂપ શિવને જેમ અનેક રૂપોમાં યાદ કરાય છે, તેમ ભક્તો પોત પોતાના આરાધ્યનું પૂજન, અર્ચન વન્દન પણ કરતાં આવ્યા છે. જેમ વિભિન્ન સ્થળો એવં દિશાઓથી પ્રવાહિત હોવાં છતાં પ્રત્યેક સરિતાનું વિલયસ્થાન સાગર જ છે. બસ એવી જ રીતે બધાંનોઆશ્રય ભગવાન સદાશિવ જ છે. મહિમ્નસ્તોત્રનાં રચયિતાં પુષ્પદન્તાચાર્ય કંઈક આવાં જ ભાવોને મુખરિત કરી, શિવનાં સ્વરૂપને વર્ણવવાનો પ્રયાસ કરે છે.

त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च ।
रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥[૮૦]

બધાં જ આગમ, સાંખ્ય, યોગ, શૈવસિદ્ધાન્ત, વૈષ્ણવ આદિ પોતપોતાની રૂચિ અનુસાર 'આ શ્રેષ્ઠ છે', 'આ હિતકર છે ' આદિ સીધાં, અવળાં માર્ગો નું ભલે અવલમ્બન કરતાં હો, પરંતુ જેમ બધા જ જળસ્રોતોનું એક માત્ર ગન્તવ્ય સ્થાન સાગર છે, તેમ ભગવાન સદાશિવ એક માત્ર જ બધાનાં ગન્તવ્ય અથવા ગમ્ય છે. શિવમહાપુરાણનું મનોયોગ પૂર્ણ સ્વાધ્યાય કરતાં જણાય છે કે ભગવાન્ વેદવ્યાસે કલ્યાણનાં પ્રતીક શિવની મંગલમૂર્તિનું ચિત્રણ એવી કુશળતાથી કર્યું છે, કે સર્વત્ર જીવનનાં માર્ગદર્શક મંગલસૂત્રો મુખરિત થઈ ઉઠે છે. જેમ વાયવીય સંહિતાનાં ત્રીજા અધ્યાયમાં બ્રહ્મા અને મુનિવરોનાં પરસ્પર પરમતત્વવિષયક જીજ્ઞાસાનું સમાધાન કરતાં બ્રહ્માજીએ કહ્યુ કે –

यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।
आनन्दं यस्य वै विद्वान् न बिभेति कुतश्चन ॥
यस्मात् सर्वमिदं ब्रह्म विष्णुरूद्रेन्द्रपूर्वकम् ।
सहभूतेन्द्रियैः सर्वैः प्रथमं सम्प्रसूयते ॥

कारणानां च यो धाता ध्याता परमकारणम् ।
न सम्प्रसूयतेऽन्यस्मात् कुतश्चन कदाचन ॥[૮૧]

મુનિવરો ! જેનો સાક્ષાત્કાર કરી મનસહિત વાણી તૃપ્ત થઈ જાય છે, જેમનાં આનન્દમય સ્વરૂપનો અનુભવ કરનાર પુરુષ સર્વદા નિડર રહે છે, જેનાથી ભૂતાદિક, ઈન્દ્રાદિક, બ્રહ્માદિક, વિષ્ણુસહિત આ સમસ્ત જગત પહેલાં પ્રગટ થાય છે, જે કારણોનાં પણ કારણ છે, જેના વગર બીજા કોઈથી પણ જગતની ઉત્પત્તિ નથી થતી, તે માત્ર રુદ્ર જ છે. જ્યાં સાક્ષાત્કાર જેવાં દુરૂહ વિષય પર સાધકને સહજ દિશા નિર્દેશ પ્રાપ્ત થાય છે. ત્યાં જ પરોપકાર જેવાં સર્વમાંગલિક વિષયનો સમાવેશ શિવપુરાણમાં થયો છે. શિવરાત્રિ વ્રત કથામાં સત્યની પ્રતિષ્ઠાનું પ્રતિપાદન કરતી મૃગી શિકારીથી યાચના કરે છે કે –

उपकारकरस्यैव यत् पुण्यं जायते त्विह ।
तत् पुण्यं शक्यते नैव वक्तुं वर्षशतैरपि ॥

ઉપકાર કરનારપ્રાણિને આ લોકમાં જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તેનું વર્ણન સો વર્ષોમાં પણ ન કરી શકાય. વિવાહ પછી ગિરિજાને વિદાય આપતી વખતે એક સતી સાધ્વી બ્રાહ્મણ પત્નીને માધ્યમ બનાવી, ગિરિરાજ કિશોરીને પાતિવ્રત્યની અપાયેલ શિક્ષા સમસ્ત નારી જાતિ માટે પ્રકાશસ્તમ્ભ છે. પ્રાણિમાત્રનાં મંગલની કામના કરનાર ભગવાન્ મંગલમૂર્તિ મહાદેવની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. ક્યાં અદ્‌ભૂત, અક્ષત, અવિનાશી, અપ્રમેય,અજન્મા, નિર્મળમાયારહિત, અતુલ મહિમાવાન્ મહેશ્વર, પરાત્પર શિવ અને ક્યાં અલ્પજ્ઞ પ્રાણી. શિવપુરાણમાં ભગવાન્ શિવનાં કલ્યાણકારી સ્વરૂપને પ્રાર્થના કરાઈ છે કે –

जयाद्भुत जयाक्षुद्र जयाक्षत जयाव्यय ।
जयामेय जयामाय जयाभव जयामल ॥
अनन्तकान्तिसम्पन्न जयासादृश्यविग्रह ।
अतर्क्यमहिमाधार जयानुकूल मङ्गल ॥[૮૨]

હે પ્રભો ! આપ અદ્‌ભૂત છો, આપની જય હો,આપ અક્ષુદ્ર (મહાન) છો, આપની

જય હો, આપ અવિનાશી એવં અવ્યય છો, આપની જય હો, હે અપ્રમેય પરમાત્મન્ ! આપની જય હો, માયારહિત મહેશ્વર ! આપની જય હો, હે અજન્મા શિવ ! આપની જય હો, હે નિર્મળશંકર! આપની જય હો, આપ અનન્ત કાન્તિ સમ્પન્ન છો. આપનાં શ્રીવિગ્રહની ક્યાંય પણ તુલના નથી. આપની જય હો. આપ અતકર્ય મહિમાનાં આધાર, શાન્તિમય મંગલ નિકેતન છો, આપની જય હો. આમ સુંદર સ્તુતિમાં ભગવાન્ શિવનાં કલ્યાણમય સ્વરૂપને વર્ણવાયુ છે.

સચ્ચિદાનંદમૂર્તિ કલ્યાણસ્વરૂપ પરમારાધ્ય ભગવાન્ શંકર સર્વોપરિ દેવ છે. તેમજ સમ્પૂર્ણ સૃષ્ટિનાં સ્વામી પણ છે. તેમણે જ આ જીવ જગતનું નિર્માણ કર્યુ છે. જીવ જગત્નાં મૂળ કર્તા શિવ છે, તેમજ તેઓ જ જાગતિક કાર્યોનાં કારણ પણ છે. જાગતિક મલ વિષય આદિથી જીવ બંધાયેલ છે. તેમજ શિવકૃપાથી જ તે પાશમુક્ત થઈ શકે છે. જે ઈન્દ્રિય ગોચર નથી, જે વ્યવહારમાં ન લાવી શકાય, જે ગ્રહણ કરવા માટે યોગ્ય નથી, જેનું કોઈ લક્ષણ નથી, તેથી જ અચિન્ત્ય, વાણીથી અકથનીય, સર્વત્ર એક આત્મા જ તેની ઓળખ છે. જેમાં કોઈ માયાકૃત પ્રપંચ નથી, જે સજાતીય વિજાતીય ભેદશૂન્ય એક અદ્વિતીય વસ્તુ છે. તે તુરીયાવસ્થારૂપ શિવ છે. તે જ આત્મા છે. તેને જાણવો જોઈએ.[૮૩] આશુતોષ ભગવાન્ શ્રી શિવ જ્યારે પ્રસન્ન થાય છે ત્યારે સાધક (ભક્ત) ને પોતાની દિવ્ય શક્તિ આપે છે, જેથી અવિદ્યાનાં અન્ધકારનો નાશ થઈ જાય છે. અને સાધકને પોતાનાં ઈષ્ટની પ્રાપ્તિ થાય છે. શ્રીમદ્ ભાગવત્ મહાપુરાણમાં[૮૪] સતીનાં દક્ષયજ્ઞમાં દગ્ધ થવાનાં પ્રસંગમાં શ્રી શિવને ‘જગદ્ગુરુ’ કહેવાયેલ છે, જેથી સ્પસ્ટ થઈ જાય છે કે ભગવાન્ શિવ – સદ્ગુરુ પણ  છે. શાસ્ત્રોનો આદેશ છે કે ગુરુની પ્રાપ્તિ તેમજ તેમની કૃપા વગર ઈષ્ટની પ્રાપ્તિ નથી થતી. જેનો અર્થ  છે કે મનુષ્ય શિવજીને પ્રસન્ન કરી તેમની કૃપાનો પાત્ર નથી બની જતો ,જ્યાં સુધી તેને ઈષ્ટ સાક્ષાત્કાર નથી થઈ શકતો. તુલસીદાસજી આ ગુરૂ તત્વનાં રહસ્યનું વર્ણન કરતાં શ્રીરામ ચરિતમાનસ નાં પ્રારંભમાં કહે છે કે –

भवानीशंकरौ वन्दे श्रद्धाविश्वासरूपिणौ ।

याभ्यां विना न पश्यन्ति सिद्धाः स्वान्तःस्थमीश्वरम् ॥

वन्दे बोधमयं नित्यं गुरूं शंकररूपिणम् ।

यमाश्रितो हि वक्रोऽपि चन्द्रः सर्वत्र वन्द्यते ॥

**તદુપરાંત ભગવાન શ્રીરામ સ્વમુખે કહે છે કે –**

होइ अकाम जो छल तजि सेइहि ।

भगति मोरि तेहि शंकर देइहि ॥

औरउ एक गुपुत मत सबहि कहउ कर जोरि ।

शंकर भजन बिना नर भगति न पावइ मोरि ॥[૮૫]

**ભગવતી સીતાએ પ્રથમ જનકપુરમાં શિવ ધનુષની સેવા દ્વારા ભગવાન્ શિવની પ્રસન્નતા પ્રાપ્ત કરી, ત્યારપછી તેમની વિદ્યા શક્તિ ગિરિજાનાં વરદાનથી પોતાનાં આરાધ્ય શ્રીરામને પ્રાપ્ત કર્યા. ભગવાન શ્રીકૃષ્ણએ પણ પોતાનાં દીક્ષાગુરૂ મહામુનિ ઉપમન્યુ દ્વારા દીક્ષિત થઈ, શ્રી શિવજીની આરાધના કરી હતી. તેથી યોગ, જ્ઞાન અને ભક્તિ આ ત્રણેનાં પરમ આચાર્ય તેમજ બધી જ વિદ્યાઓ, શાસ્ત્રો, કલાઓ અને જ્ઞાન વિજ્ઞાનનાં પ્રવર્તક મંગલમૂર્તિ આશુતોષ ભગવાન્ શ્રી શિવની ઉપાસના વિના સાધક અભીષ્ટ લાભ પ્રાપ્ત નથી કરી શકતો . શિવોપાસના દ્વારા જ પરમતત્વ અથવાં શિવતત્વની પ્રાપ્તિ સંભવ છે. તેમની કૃપાદ્રષ્ટિ પ્રાપ્ત કરવા માટે તેમનું જ અવલમ્બન ગ્રહણ કરવું જોઈએ. તેઓ પોતાનાં ભક્તની થોડી પણ આરાધનાથી શીઘ્ર જ પ્રસન્ન થઈ તેમનું તત્કાલ કલ્યાણ કરી દે છે.**

**પરાત્પર સચ્ચિદાનંદ પરમેશ્વર શિવ એક જ છે. તેઓ કલ્યાણ સ્વરૂપ અને વિશ્વાતીત છે. તેઓ ગુણાતીત પણ છે અને ગુણમય પણ છે. તે એક હોવા છતાં અનેક છે. જ્યારે તેઓ પોતાનાં વિસ્તાર રહિત અદ્વિતીય સ્વરૂપમાં સ્થિત રહે છે, ત્યારે માનો કે વિવિધ વિભાસમયી અસંખ્ય રૂપોવાળી વિશ્વરૂપ જાદૂની રમતની જનની પ્રકૃતિદેવી તેનામાં વિલીન રહે છે, પરંતુ તે દેખાતી નથી, બાહ્ય ક્રિયારહિત છે. પુનઃ જ્યારે તે જ શિવ પોતાની શક્તિને વ્યક્ત અને ક્રિયાન્વિત કરે છે, ત્યારે તે ક્રિડામયી શક્તિ પ્રકૃતિ શિવને**

જ વિવિધ રૂપોમાં પ્રગટ કરી, તેની ક્રિડાનો સામાન ઉત્પન્ન કરે છે. તેથી જ કલ્યાણ સ્વરૂપ શિવ શંકર માટે કહેવાયુ છે કે –

लोकत्रय स्थितिलयोदय केलिकारः

कार्येण यो हरिहरद्रुहिणत्वमेति ।

देवः स विश्ववजनवांग्मनसातिवृत्त

शक्तिः शिवं दिशतु शश्वदनश्वरं वः ॥

એક જ દેવ વિવિધ રૂપો ધારણ કરી આપ મેળે જ પોતાની સાથે ક્રિડા કરે છે. આ જ વિશ્વનો વિકાસ છે. અહીં શિવ–શક્તિ બન્નેની લીલાં ચાલે છે. શક્તિ ક્રિયાન્વિત થઈ શક્તિમાન સાથે પ્રત્યક્ષ પ્રકટ વિલાસ કરે છે. આ પરાત્પર પરમેશ્વર શિવ, મહાશિવ, મહાવિષ્ણુ, મહાશક્તિ, ગોકુલવિહારીશ્રીકૃષ્ણ,સાકેતાધિપતિશ્રીરામ આદિ નામોથી પ્રસિદ્ધ છે. સચ્ચિદાનન્દ વિજ્ઞાનાનન્દઘન પરમાત્મા શિવ જ ભિન્ન ભિન્ન સર્ગ અને મહાસર્ગોમાં ભિન્ન ભિન્ન નામ રૂપોથી પોતાની પરાત્પરતાને પ્રગટ કરે છે. જ્યાં જટાજૂટધારી શ્રી શિવરૂપ બધાનાં આદિ ઉત્પન્નકર્તા અને સર્વપૂજ્ય મહેશ્વર ઉપાસ્ય છે, તેમજ અન્ય નામ રૂપધારી ઉપાસક છે, ત્યાં તે શિવ જ પરાત્પર મહાશિવ છે, તેમજ અન્યાન્ય દેવ તેમનાથી અભિન્ન હોવાં છતાં તેમનાં જ સ્વરૂપથી નાનાવિધ સ્વરૂપે પ્રગટ થાય છે. સત્વ, રજ,અને તમ આદિ ગુણોને લઈને આવશ્યકતા અનુસાર કાર્ય કરે છે. તે મહાસર્ગમાં ભિન્ન ભિન્ન બ્રહ્માંડોમાં બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, આદિ દેવતા ભિન્ન ભિન્ન હોવાં છતાં બધાં એક જ પરાત્પર મહાશિવનાં ઉપાસક છે.

શૈવપુરાણોનો સ્પસ્ટ મત છે કે – કલ્યાણ સ્વરૂપ, મંગલ સ્વરૂપ ભગવાન્ શિવ વાસ્તવમાં મહાદેવ છે, કારણકે શંકરને ભોળાનાથ માનીને લોકો તેઓને ગંજેડી, ભંગેડી, નશેબાજ સમજી તેમનો ઉપહાસ કરે છે. વિનોદમાં ભક્તો બધું સહન કરી શકે છે, ભક્તનો આરોપ ભગવાન સ્વીકાર પણ કરી લે છે, પરંતુ વસ્તુતઃ શિવને પાગલ, સ્મશાનવાસી, ઔઘડ, નશેબાજ આદિ સમજે છે તે મોટી ભૂલ છે. શંકરનો સ્મશાન નિવાસ, તેમની ઉન્મત્તતા તેમનું વિષપાન, તેમનું સર્વાંગીપણું આદિ ખૂબ જ ગૂઢ રહસ્યોને સમાવિષ્ટ કરેલ

છે, જેનાં પર ભગવાન શિવની પરમકૃપા થાય તે લોકો જ તેનાં રહસ્યોને સમજી શકે છે.

જેવી રીતે વ્યભિચારપ્રિય મનુષ્યો ભગવાન્ શ્રીકૃષ્ણની રાસલીલાને વ્યભિચારનું રૂપ આપી, તેનાં માધ્યમથી પોતે વ્યભિચાર નું સમર્થન કરે છે, તે પ્રમાણે જ સદાચારહીન, અવૈદિક ક્રિયાઓમાં રત, નશેબાજ મનુષ્ય શિવનાં અનુકરણનો ઢોંગ બનાવી, પોતાનાં દોષોનું સમર્થન કરવાં માંગે છે. વસ્તુતઃ શિવભક્તને સદાચાર પરાયણ રહીને ગાંજો, ભાંગ અપવિત્ર વસ્તુઓનું સેવન તેમજ અપવિત્ર આચરણ આદિથી સદા બચતું રહેવું જોઈએ. એ જ શંકરનો આદેશ છે.

ભગવાન શિવને પરાત્પર બ્રહ્મ માનીને ઉપાસના કરનારને માટે તો શિવબ્રહ્મ અને કલ્યાણ સ્વરૂપ છે જ, અપિતુ અન્ય સ્વરૂપોનાં ઉપાસકો માટે પણ પરમગુરૂ છે. વિષ્ણુનાં ભક્તને માટે સદ્‌ગુરૂ રૂપે શિવની ઉપાસના આવશ્યક છે. વૈષ્ણવ ગ્રંથોમાંઆનો સ્પષ્ટ ઉલ્લેખ અને સાધકોનાં અનુભવોનું પ્રમાણ પણ છે. શક્તિનાં ઉપાસક શક્તિમાન શિવને કેવી રીતે છોડી શકે? શિવ વગર માત્ર શક્તિ શું કરી શકે? જ્યારે ગણેશ તો શિવનાં પુત્ર છે. પુત્રની પૂજા અને પિતાનું અપમાન ક્યારે પણ ન થઈ શકે. સૂર્ય દેવ ભગવાન શિવનાં તેજોલિંગનાં જ સમાન્તર છે.  યોગીઓને માટે તો પરમયોગીશ્વર શિવની આરાધના ખૂબ જ આવશ્યક છે. જ્ઞાનનાં સાધક પરમકલ્યાણ સ્વરૂપ શિવની પ્રાપ્તિ જ ચાહે છે. ન્યાય, વૈશેષિક, આદિ દર્શનો પણ શિવવિદ્યાનાં પ્રચારક જ છે. મન્ત્રતો શિવઉપાસના માટે જ બન્યું છે. આવી અવસ્થામાં જે કોઈ પણ સ્ત્રષ્ટિથી શિવને પરમ, પરાત્પર, પરમાત્મા, મહાજ્ઞાની, મહાવિદ્વાન, યોગીશ્વર, દેવાધિદેવ, જગદ્‌ગુરુ, સદ્‌ગુરુ, મહાન ઉપદેશક, ઉત્પાદક, સંહારક કંઈ પણ માની, તેની ઉપાસના બધાંને માટે યોગ્ય જ છે. સુખ અને કલ્યાણની ઈચ્છા સ્વાભાવિક હોવાથી પ્રત્યેક જીવ કલ્યાણરૂપ શિવની જ ઉપાસના કરે છે. આમ શૈવપુરાણોમાં સર્વત્ર શિવનું કલ્યાણકારી સ્વરૂપ વર્ણિત છે.

## ૫.૭ યોગના અધિષ્ઠાતા શિવ

પ્રાચીન સમયથી જ ભારતીય સનાતન સંસ્કૃતિનું એક મુખ્ય અંગ યોગ રહ્યું છે. આજના સમયમાં પણ જો કોઈ સૌથી વધુ લોકપ્રિયતા મેળવનારી વસ્તુ હોય તો તે યોગ છે. યોગ માત્ર ભારતીયો જ નહીં, અપિતુ વિશ્વનાં અનેક દેશોનાં લોકો પોતાના દૈનિક જીવનમાં અપનાવી ચૂક્યાં છે. 'શિવ'ને યોગીશ્વર કહેવાય છે. શિવનું સમ્પૂર્ણ જીવન યોગમય છે. શિવ સાક્ષાત્ અષ્ટાંગયોગની પ્રતિમૂર્તિ છે. સૌપ્રથમ યોગનો પરિચય કરાવનાર આચાર્ય શિવ જ છે. તેથી શૈવપુરાણો અને અન્ય પુરાણો પણ શિવને યોગનાં અધિષ્ઠાતા તરીકે વર્ણવે છે. મનુષ્યનાં કલ્યાણ માટે યોગ મુખ્ય સાધન છે. તેથી જ આપણાં પ્રાચીન ઋષિ મુનિઓ ખૂબ જ આદર સાથે યોગ શાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરતાં હતાં. આનાથી તેઓને કૈવલ્ય સુખની પ્રાપ્તિ થતી હતી. વિષાદનો વિષય છે કે આજકાલ વિકાસનાં નામ પર આ શાસ્ત્રનો હ્રાસ થઈ રહ્યો છે. ભગવાનની પ્રેરણાથી જ આ શાસ્ત્રનો ઉદ્ધાર થઈ શકે છે. યોગનાં વિષયમાં શિવજી કહે છે કે–

मदुक्तेनैव मार्गेण मय्यवस्थाप्य चेतसः ।
वृत्त्यन्तरनिरोधो यः स योग इति गीयते ॥[८६]

અર્થાત્ મારા બતાવેલા માર્ગ અનુસાર મારામાં મન લગાવી બીજી વૃત્તિઓનો નિરોધ કરવો જ યોગ છે. જો કે માયાવૃત્ત સંસારમાં આ યોગનું સાધન અસાધારણ વાત નથી ,છતાં પણ એક ધાન કૂટનારી સ્ત્રી એક હાથથી જેમ ખાંડણીયો ચલાવે છે, બીજા હાથેથી ઉછળતાં ધાનને ભેગું કરી ઉખલમાં નાંખે છે, વચ્ચે વચ્ચે પોતાના બાળકને સ્તનપાન પણ કરાવી લે છે, અને ગ્રાહકો સાથે ધાનનું મોલ તોલ પણ કરી લે છે, ઉખલમાં પોતાનો હાથ ન આવી જાય તેની પણ કાળજી રાખે છે, તેવી જ રીતે ચંચળ સ્વભાવવાળા આ મનને બહારનાં કામોથી નિવૃત્ત કરી અન્તરાકાશમાં સ્થિત કરવું જ યોગ છે. તે યોગ મન્ત્ર, લય, હઠ, રાજ, શિવ, આમ પાંચ પ્રકારનો છે. આ મોક્ષદાયી યોગ શાસ્ત્રનો બોધ સર્વપ્રથમ શિવજીએ પોતાનાં અઠયાવીસ શિષ્યોને કરાવ્યો. તદનન્તર એ શિષ્યોએ પણ પોતાનાં ચાર, ચાર શિષ્યોને આ યોગ શાસ્ત્રનો ઉપદેશ આપ્યો. આ વિષયનો શિવાગમ, સ્કન્દપુરાણ અને લિંગપુરાણમાં સવિસ્તાર વર્ણિત છે.

श्वेतसु तारो मदनः सुहोत्रः कङ्क एव च ।

लौगाक्षिश्च महामायो जैगीषव्यस्तथैव च ॥

दधिवाहश्च ऋषभो मुनिरूग्रोऽभिरेव च ।

सुबालको गौतमश्च तथा वेदशिरो मुनिः ॥

गोकर्णश्च गुहावासी शिखण्डी चापरः स्मृतः।

जटामाली चाट्टहासो दारूको लाङ्गली तथा ॥

महाकालश्च शूली च दण्डी मुण्डी तथैव च ।

सहिष्णुः सोमशर्मा च नकुलीश्वर एव च ॥

अष्टाविंशतिसंख्याका योगाचार्या युगक्रमात् ॥[८७]

આ પ્રમાણે શિવમહાપુરાણની વાયવીય સંહિતામાં પણ શ્રીવેદ વ્યાસજીએ અઠ્ઠયાવીસ યોગનાં આચાર્યોને અને એકસો બાર ઉપાચાર્યોને આ યોગશાસ્ત્રની શિક્ષા આપવાની વાત કરી છે. મહર્ષિ પતંજલિએ આ આગમોનાં સાર થી યોગસૂત્રોની રચના કરી, મુમુક્ષુજનોનો ખૂબ મોટો ઉપકાર કર્યો છે. યોગાભ્યાસથી શિવૈક્યને ચાહનાર સાધકે ગુરૂમુખથી શિવ દીક્ષા દ્વારા ઉપદિષ્ટ થઈ, પ્રતિદીન બ્રાહ્મમૂર્તમાં શિવધ્યાન પૂર્વક ઉઠીને શૌચ, આચમન, દન્તધાવન આદિથી નિવત્તૃ થઈ, જલસ્નાન અને ભસ્મસ્નાનથી શુદ્ધ થવું જોઈએ. તદનન્તર એકાન્તમાં દર્ભ, વસ્ત્ર અથવા કમ્બલનાં આસન પર પૂર્વ અથવાં ઉત્તર દિશા તરફ મુખ કરીને બેસવું. સંકલ્પ કરી ત્રણ વખત પ્રાણાયામ કરી, ગુરૂપદિષ્ટ મહામન્ત્ર અનુસાર ઋષિ, દેવતાં, છન્દ, બીજ, શક્તિઓને મસ્તકથી લઈ પગ સુધી, તે–તે સ્થળે સ્થાપિત કરી પોતાનાં આશ્રમોચિત અંગન્યાસ કરન્યાસાદિ ષડંગન્યાસો કરી, કલ્પોક્ત વિધાનથી મન્ત્ર પુરશ્ચરણ પૂર્વક રૂદ્રાક્ષ માળાં અથવાં હાથની આંગળીઓથી ધ્યાન સહિત જપ કરવો જોઈએ. આ જ મન્ત્ર યોગ છે. આ યોગશાસ્ત્રને પણ શિવે પોતાનાં મતનાં વીર, નન્દી, ભૃંગી, વૃષભ સ્કન્દ નામક પાંચ ગોત્રપુરૂષોને માટે મૂલપંચાક્ષરી, માયા પંચાક્ષરી, શક્તિ પંચાક્ષરી, સ્થૂળ પંચાક્ષરી, તેમજ પ્રાસાદ પંચાક્ષરી આમ પાંચ વિભાગોમાં વિભક્ત કર્યા છે. આ મતનાં સંસ્થાપક પાંચ આચાર્યો પોતપોતાનાં શિષ્યોને યથાગોત્ર બીજાક્ષરોનાં વિન્યાસથી ઉપદેશ આપી શિવયોગ સમ્પન્ન બનાવી દે છે. લય યોગનું

સ્વરૂપ આ પ્રમાણે કહેવાયું છે કે –

यस्य चितं निजध्येये मनसा मरूता सह ।
लीनं भवति देवेश लययोगी स एव हि ॥

સદાશિવ બ્રહ્મયોગીનાં કથનાનુસાર ચૈતન્ય સહિત થઈ પોતાના ધ્યેયમાં અથવાં વૈકૃત પ્રાણાયામથી પ્રગટ થયેલાં નાદમાં મન અને પ્રાણિઓની સાથે લય થઈ જવું જ લય યોગ છે. અને આજ યોગી જો યમ, નિયમ આદિ અષ્ટાંગપૂર્વક યોગ કરે તો તે હઠયોગી કહેવાય છે, જેમકે–

महामुद्रा महाबन्धो महादेवश्र्व खेचरी ।
उड्डियाणं मूलबन्धस्ततो जालंधराभिधः॥
करणी विपरीता सा वज्रोली शक्तिचालनम् ॥

આ શ્લોકો અનુસાર મુદ્રાબન્ધોનાં અનુસંધાનથી ષટ્કર્મોનાં આચરણથી માત્ર કુંભકમાં વાયુને રોકીને શિવનું ધ્યાન કરે છે તે હઠયોગી કહેવાય છે. આ હઠયોગમાં પરંપરાગત હોવાથી બાહ્ય, મધ્ય અને આન્તર્ય નામક ત્રણ લક્ષ્યોમાં ષડધ્વાતીત અને ષડધ્વોપાદાનકારણ જે બ્રહ્મ છે, તેનો સાક્ષાત્કાર કર્યા બાદ બાહ્ય પ્રપંચ વ્યાપારથી ડરી, બધાં જ વિષયોનો ત્યાગ કરી માત્ર સમાધિનિષ્ઠ થઈ જતું જ 'રાજયોગ' છે. ઉપરોક્ત ચારે યોગ અધિકારી ભેદથી 'મૃદુ, મધ્ય, અતિમાત્ર, અને અતિમાત્રતર' આમ ચાર પ્રકારનાં છે.

- ❑ જે બલહીન સંસારી પરાધીન, અલ્પજ્ઞ, રોગશીલ, ભોગાસક્ત અને બાહ્ય કાર્યાનુકૂલ થઈને પણ યોગાભ્યાસ કરે, તે મૃદુયોગી છે. આ મન્ત્ર યોગાસક્ત છે.
- ❑ જે સુખ દુઃખોનાં ભાગી, સજ્જનસંગી, સર્વેન્દ્રિયોનાં ઉદ્રેકથી શૂન્ય, શુદ્ધાન્તઃ કરણવાળા યોગાભ્યાસનો પ્રેમી હોય તે મધ્ય યોગી છે. આ લય યોગાસક્ત છે.
- ❑ જે શમ દમાદિ સદ્ગુણોથી યુક્ત, ધૈર્ય સત્ત્વ, શૌચાદિનિષ્ઠ, નિશ્ચલ અને નિષ્કામ યોગાનુરાગી હોય તે અતિમાત્ર યોગી છે. તે હઠયોગનો અધિકારી છે, અને
- ❑ જે સકલ શાસ્ત્રોનો જ્ઞાતા, સર્વભોગત્યાગી, સર્વ બાહ્ય વ્યાપાર શૂન્ય, વિકારરહિત

થઈ યોગાભ્યાસ કરે તે અતિમાત્રતર યોગી તે રાજયોગનો અધિકારી છે.

મુક્તિદાયક અને ઉત્તમોત્તમ રાજયોગ અધિકારી ભેદથી સાંખ્ય, તારક, અમનસ્ક નામથી ત્રણ પ્રકારનો છે. પૃથ્વીથી લઈ જે પચ્ચીસ તત્વ છે, તેનાં જ્ઞાનથી થનારો યોગ 'સાંખ્યયોગ' છે. સમાધિ મનને પ્રકૃતિમાં લીન જેવું કરી અન્તર્મુદ્રા જ્ઞાનથી યુક્ત થવું જ અમનસ્ક યોગ છે. ત્રણ યોગ સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય નામક ત્રિવિધ મુક્તિનાં સાધન છે.

राजवत् सर्वयोगानां राजयोग इति स्मृतः ।

આ વચન અનુસાર રાજયોગ જ બધાં યોગમાં શ્રેષ્ઠ છે. આ યોગને જ અમુક લોકો શિવયોગ કહે છે. પરંતુ શિવસિદ્ધાન્ત તો આને શિવયોગનું પ્રવેશ દ્વાર જ માને છે. શ્રીશિવયોગી પુંગવ ચન્ન સદાશિવજીનાં વચનો જોઈએ તો –

प्रतिपाद्यस्तयोर्भेदस्तथा शिवरतात्मनाम् ।

तस्मान्मनीषिग्राहयोऽयं शिवयोगोऽस्तु केवलः ॥

તે શિવયોગ ન હોઈ શકે જે પતંજલાદિ શાસ્ત્રોમાં વર્ણિત છે. અર્થાત્ સાક્ષાત્કાર જ 'તારકત્રય' છે, પ્રકૃતિમાં મનનો લય જ 'અમનસ્ક' છે. પુરુષનો સાક્ષાત્કાર જ 'રાજયોગ' છે.

'तदात्मवत्वं योगित्वं जिताक्षः सोपपद्यते'

આ શ્રુતિ અનુસાર જીતેન્દ્રિય સાધકનું પરશિવ બ્રહ્મમાં આત્માને બાંધવું જ ' શિવયોગ' છે. આ શિવયોગ પાંચ પ્રકારનો છે.

ज्ञानं शिवमयं भक्तिः शैवी ध्यानं शिवात्मकम् ।

शैवव्रतं शिवार्चेति शिवयोगो हि पंचधा ॥

શિવજ્ઞાન, શિવભક્તિ, શિવધ્યાન, શિવવ્રત નામનાં આ ચાર ભેદ શિવપૂજાનાં અંગો હોવાથી શિવપૂજા જ અસલી શિવયોગ છે. જે આનાથી શિવનાં બ્રહ્મ અભિમુખ થશે

તેને જ મહાસુખની પ્રાપ્તિ થઈ શકશે. કહેવાયું પણ છે કે –

शिवार्चन विहीनो यः पशुरेव न संशयः ।

शतसंसारचक्रेऽस्मिन्नजस्रं परिवर्तते ॥

આ શિવપૂજારૂપી શિવયોગનો હઠયોગ તો સાધનમાત્ર છે. 'शिवयोगः साधकान् स्यात् साधनं हठः' આ હઠયોગનાં યમ, નિયમ, આસન અને પ્રાણાયામરૂપી ચાર બાહ્યાંગો અને પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, અને સમાધિરૂપી ચાર આભ્યન્તરાંગો પણ છે. આ અષ્ટાંગોથી યુક્ત અને શિવયોગનાં સાધક મુમુક્ષુ જ શૈવપદ વાચ્ય છે. કહેવાયું છે કે –

स्वात्मनैव सदाष्टाङ्गैः पूजयेच्छिवमन्वहम् ।

शैवः स एव विद्वान् स च योगविदां वरः ॥

વીરશૈવોમાં આ અષ્ટાંગ 'ષટ્સ્થળ'નાં નામથી પ્રસિદ્ધ છે. લિંગપુરાણનાં ઉત્તર ભાગમાં એકવીસમાં અધ્યાયમાં શ્રી વ્યાસે આ વાતનો વિસ્તાર આ પ્રમાણે કર્યો છે –

यमेन नियमेनैव मन्ये भक्त इति स्वयम् ।

स्थिरासन समायुक्तो माहेश्वरपदान्वितः ॥

चराचरलयस्थानस्लङ्गामाकाश संज्ञकम् ।

प्राणायामसमायुक्तः प्राणलिङ्गी भवेत् पुमान् ॥

प्रत्याहारेण संयुक्तः प्रीसदति न संशयः ।

ध्यानधारणसम्पन्नः शरणस्थलवान् सुधीः ॥

लिङ्गैक्योऽद्वैतभावात्मा निश्चलैक्य समाधिना ।

एवमष्टांगयोगेन वीरशैवो भवेन्तरः ॥[૮૮]

શૈવપુરાણો અનુસાર યોગનાં અધિષ્ઠાતા ભગવાન્ શિવ જ છે. અને સાચો યોગ શું છે? તે સંદર્ભમાં શ્રી સદાશિવયોગીએ પોતની 'શિવપ્રદીપિકા' માં કહ્યું છે કે જે નિષ્ઠારૂપી

સ્થિર આસન પર આસીન થશે, તે જ માહેશ્વર છે. જે ચરાચરનાં લયસ્થાન અને આકાશસંજ્ઞારૂપી ક્ષુદ્ર પ્રસાદલિંગમાં પ્રાણવાયુ સાથે મનને સ્થિર કરે તે જ પ્રાણલિંગી છે. જે વ્યક્તિ તે પ્રાણલિંગમાં થનારા મનઃ પ્રાણોનો નિશ્ચયતા પૂર્વક પ્રત્યાહાર કરશે તે જ પ્રાસાદી  અને જે તે મહાલિંગમાં ધ્યાન ધારણાદિથી મુક્ત થઈ માત્ર નિશ્ચલ શિવયોગથી શિવાદ્વૈતભાવ સમ્પન્ન હશે, તે જ લિંગૈક્ય પ્રાપ્ત છે.

આ પ્રમાણેનો અષ્ટાંગ સમ્પન્ન યોગી ષટ્સ્થળોની સિદ્ધિ પામશે. તેથી જ આ શિવયોગને અનેકાનેક શાસ્ત્રોમાં વિસ્તૃત વર્ણવેલ છે. માત્ર શિવયોગ જ નહીં,અપિતુ તમામ પ્રકારનાં યોગનાં અધિષ્ઠાતા ભગવાન્ આશુતોષ શિવ જ છે. તેથી જ કહેવાયું છે કે –' नमो योगीष्ठाय ' યોગીશ્વરને નમસ્કાર. તેથી જ આર્યગણ ઉપદેશ આપે છે કે–

तस्मात् सर्वप्रयत्नेन कर्मणा ज्ञानतोऽपि वा ।

त्वमप्यष्टाङ्गयोगेन शिवयोगी भवानघ ॥

અર્થાત્ ‘અષ્ટાંગ યોગ જ શિવસિદ્ધાન્ત છે.’ તેથી જ હે અનઘ! તૂ પણ કર્મરૂપી અષ્ટાંગયોગથી શિવયોગની સિદ્ધિ પ્રાપ્ત કરી, શિવ સાયુજ્ય મુક્તિો ભાગી બન.’ પુરાણો કહે છે કે સમ્પૂર્ણ સંસારમાં શિવયોગથી પવિત્ર શાન્તિ ફેલાય.

कीटोभ्रमरयोन भ्रमरो भवति ध्रुवम् ।

मानवः शिवयोगेन शिवोभवति निश्चयात्॥

ભગવાનશિવને યોગનાં અધિષ્ઠાતા તરીકે પ્રસ્થાપિત કરવા માટે સૌથી આધારપૂર્ણ જો કોઈ પરમ્પરા અથવાં મત હોય, તો તે છે – નાથયોગ પરમ્પરા. નાથયોગ પરમ્પરા સમ્પૂર્ણપણે શિવોપદિષ્ટ યોગશાસન આધારિત છે. તેથી આ પરંપરામાં આચાર્યોએ વિભિન્ન રીતે શિવને ગુરૂ માન્યા છે અને યોગનાં અધિષ્ઠાતા કહ્યાં છે. વિસ્તારથી જોઈએ તો

*** નાથયોગ પરમ્પરા અનુસાર યોગનાં અધિષ્ઠાતા શિવઃ**

નાગયોગ પરમ્પરા અન્તર્ગત ગોરક્ષપીઠાધીશ્વર મહની શ્રી અવૈદ્ય નાથજી મહારાજ

નું કહેવું છે કે[૮૯] અમારા નાથયોગનો મૂળ આધાર શિવોપદિષ્ટ મહાયોગજ્ઞાન છે, અને આદ્યન્ત આ જ પરમ્પરાને અમારા આદિ ગુરૂ મહાયોગીન્દ્ર, મત્સ્યેન્દ્ર નાથ, શિવગોરક્ષ મહાયોગી ગોરખનાથ, મલન્ધરનાથ, યોગિરાજ ભતૃહરિ, ગોપીચંદ, ચૌરંગીનાથ, ..... નાથ, રેવણનાથ, નાગનાથ, ગહિનીનાથ, રતન નાથ, લક્ષ્મણનાથ, બાલગુદાઈ, સિદ્ધપુરુષ ગંભીરનાથ અને મહન્ત દિગ્વિજયનાથજી આદિએ સ્વસંવેદ્ય પરાત્મબોધ અલખનિરંજનનાં સાક્ષાત્કાર નાં આધારે પોતાની શિવમયી યોગવૃતિ થી પ્રાણાન્વિત કરી લોકકલ્યાણ અને આત્મહિતની સિદ્ધિ કરી. સમસ્ત નાથસિદ્ધ અવધૂત અને યોગિઓનાં જીવનચરિત ભગવાન આદિનાથ પરમયોગેશ્વર શિવની કૃપાથી સમ્પલાવિત અને સંસ્કારિત છે. ભગવાન શિવે આદ્યાશક્તિ જગદીશ્વરી પાર્વતી ગૌરીને જગત ના હિતસાધન નિમિત સ્વીકાર કરી, સૌ પ્રથમ મહાયોગ જ્ઞાન નું ઉપદેશામૃત પ્રદાન કર્યુંહતું. તેથી જ શિવને યોગનાં આદિ પ્રવર્તક, આદિગુરુ અથવાં  અધિષ્ઠાતા કહેવાય છે. પાર્વતીએ પણ શિવને સૌપ્રથમ'યોગીરાજ' વિશેષણ થી સંબોધિત કરી, તેનું સ્તવન કર્યુ છે કે –

नमस्ते योगराजाग सर्वज्ञाय नमोनमः ।[૯૦]

ભગવાન શિવે ગુપ્તપ્રાય કહેવાયેલ શિવવિદ્યા મહાયોગ વિદ્યાનો ઉપદેશ કરૂણાપૂર્વક ભગવતી પાર્વતીને જનસાધારણ ને માટે યોગસાધનાનો વિષય બનાવી દીધો છે. શિવે ક્ષીરસાગરમાં સૌમ્યશૃંગ પર ઉપદેશ આપતાં પહેલાં પરામ્બા ભગવતી ને કહ્યુ કે –

शिवविद्या महाविद्या गुप्ता चाग्रे महेश्वरी ।[૯૧]

યોગરાજેશ્વર ભગવાન શિવે સ્વસંવેદ્ય પરમ પ્રતિપાદ્ય અલખનિરંજન સ્વરૂપ દ્વૈતાદ્વૈતવિવર્જિત નાથયોગમાં સ્વીકૃત પરમાત્વતત્વનું સ્વરૂપ વિવેચિત કરી, એ વાત સ્પસ્ટ કરી દીધી કે પરબ્રહ્મ પરમતત્વ શિવનાં સ્વરૂપ વિવેચન નો પ્રાણાધાર દ્વૈતાદ્વૈત વિલક્ષણ માહેશ્વર યોગજ્ઞાનમાં અભિવ્યક્ત શ્રીનાથતત્વ જ છે.

एकं ज्ञानं नित्यमाद्यन्तशून्यं

नान्यत् किंचित् वर्तते वस्तु सत्यम् ।

यदभेदो ऽस्मिन्निन्द्रियोपाधिना वै

ज्ञानस्यायं भास्यते नान्यथैव ॥[૯૨]

દ્વૈતાદ્વૈત વિર્વજિત પરમતત્વ જ એકમાત્ર સ્વસંવેદ્ય પરમજ્ઞાન સર્વોપરિ નિત્ય સનાતન છે, જેનું ન આદિ છે, ન અન્ત. તદતિરિક્ત અન્ય કાંઈ પણ વસ્તુ સત્ય નથી. ઈન્દ્રિયોની ઉપાધિ દ્વારા જે કંઈ પણ ભેદ પ્રતીત થાય છે, પૃથક્ પૃથક્ દેખાય છે, તે તત્વ જ્ઞાન જ ભાષિત થાય છે, અન્ય કશું જ નહીં. તે દ્વૈતાદ્વૈત વિલક્ષણ પરમતત્વ જ મહાયોગ જ્ઞાનથી સમ્બન્ધિત પરમાદ્વૈત શિવસ્વરૂપની મહાપ્રકાશિકા આદ્યાશક્તિ શિવની સિસૃક્ષા શક્તિ છે. મહાયોગી ગોરખનાથજીએ મહાયોગજ્ઞાનનાં પ્રકાશમાં આ વિલક્ષણ સર્વોપરિ પરમતત્વ પરમેશ્વર પરાત્પર શિવસ્વરૂપનું પ્રકાશન કરતાં જણાવ્યું છે કે –

अतएव परमकारणं परमेश्वरः परात्परः शिवः स्वस्वरूपतया सर्वतोमुखः सर्वाकारतया स्फूरितुं शक्नोतीत्यतः शक्तिमान् शिवोऽपि शक्तिरहितः शक्तः कर्तुं न किंचन। स्व शक्त्या सहितः सोऽपि सर्वस्याभासको भवेत् । [૯૩]

આદિનાથ શિવ સૂક્ષ્મ, સ્થૂલ, સમસ્ત,ભૌતિક પદાર્થોનાં પરમકારણ પરમેશ્વર છે. તેઓ પોતાનાં સ્વરૂપમાં પરાત્પર છે. ચૈતન્યરૂપ બધામાં વ્યાપ્ત છે. શક્તિયુક્ત હોય, ત્યારે જ શિવ સમર્થ છે. તેઓ શક્તિ રહિત હોય ત્યારે કંઈ પણ કરવામાં સમર્થ નથી થતાં. નિજશક્તિથી યુક્ત હોય ત્યારે જ તેઓ વિશ્વનાં સાક્ષી છે. તેમની સ્વરૂપ બોધાત્મક વિજ્ઞપ્તિ છે કે –

शिवशक्ति समायोगाज्जायते परमा स्थितिः ।[૯૪]

શક્તિ અને શક્તિમાનમાં નામ માત્રનું પણ અન્તર અથવાં પાર્થક્ય નથી. તે બન્ને અલગ નથી, સ્તર અથવાં તાત્વિક પ્રક્રિયાથી ભલે ભિન્ન ભાસિત થાય, પરંતુ તેઓ એક જ છે. એક સત્તા છે. સમ્પૂર્ણ સારસમ્યનાં આધારે એમ પણ કહી શકાય કે ભલે ભગવાન શિવ યોગનાં અધિષ્ઠાતા હોય અને શિવે પાર્વતીને યોગનો ઉપદેશ આપ્યો હોય, તેમ છતાં શકિત અને શકિતમાન બન્ને એકબીજાથી અભિન્ન છે. ફૂટસ્થ અસંગ–શિવ સર્વત્ર વ્યાપક છે. શિવને ધારણકરનારી શકિત સ્વભાવતઃ વ્યાપક છે, શિવમાં શકિત છે. શકિતમાં શિવ છે. જેવી રીતે ચન્દ્રમાં અને ચાંદનીમાં સ્વરૂપતઃ ભેદ–ભિન્નતા અથવા દ્વૈત નથી. તેમજ

શિવ અને શકિતમાં પણ ભેદ નથી. બન્નેમાં કૂટસ્થતા અને અસંગતતાની દષ્ટિથી વ્યવહારમાં ભેદ પરિલક્ષિત થાય છે, અને પારમાર્થિક સત્તામાં તે સ્વરૂપતઃ અખંડ, અભેદ અને અદ્વય છે. શિવ શકિત એક છે. તેથી જ અલખ નિરંજન પરમેશ્વર, અદ્વય, પરમેશ્વર, દ્વૈતાદ્વૈતવિલક્ષણ મહેશ્વરની અભિન્ન શિવમયી શકિત સ્વરૂપતાનાં સારસમ્ય સ્વરૂપાચિત અદ્વયત્વનું નિવેચન આ પ્રમાણે કરવામાં શકિત અને શકિતમાનમાં અખંડ એકરૂપતા સહજ સ્થાપિત થઈ જાય છે, કે અખંડ, શુદ્ધ, ચૈતન્ય, સચ્ચિદાનંદ સ્વરૂપ પરબ્રહ્મ, સ્વ સવેધ અલખનિરંજન પરમશિવ સર્વત્ર વિદ્યમાન છે. આ ચેતન જ સમસ્ત વિશ્વપ્રપંચનો આધાર છે. પ્રકૃતિ, માયા આદિ તત્વો પર મહિમા સહિત શકિત સર્વત્ર પ્રકાશિત થઈ રહી છે. સમસ્ત માનસિક વ્યાપારોમાં આજ શકિતની સત્તા અભિવ્યકત થાય છે. આશય છે કે બધા જ પદાર્થોની સમસ્ત વ્યવસ્થાઓનાં અંગો અને ગુણોને એકત્ર કરનાર તેમજ બધા જ પ્રકારની સતાઓની વ્યવસ્થાઓમાં સંવિત જ પ્રકાશમાન છે. તેજ સમસ્ત વ્યવહારિક સતાઓનાં સીમિત પરિવર્તનશીલ તેમજ અનેક વસ્તુરૂપોમાં સ્વયંને પ્રગટ કરી રહ્યું છે. યોગનાં અધિષ્ઠાતા ભગવાન શિવ જ છે. બધા પ્રકારનાં માનસિક અનુભવોમાં સ્વયંને અનેક આત્મ(ગત) રૂપોમાં પ્રગટ કરી, કૌશલથી તે સંવિત જ અનેક સીમિત વિશેષતાઓ ધારણ કરી લે છે. આમ, પરાસંવિત સ્વરૂપ શિવશકિતમાં સામરસ્ય તેનું સ્પષ્ટ નિર્ણિત રૂપ છે કે, વ્યષ્ટિ, સમષ્ટિ ભૂત ભૌતિક સમસ્ત પદાર્થોને અનુભવરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ ચેતન બ્રહ્મ, પરમ શિવ પરમેશ્વર જ નિજા, પરા, સુક્ષ્મા શકિત રૂપો દ્વારા, સમસ્ત પિંડો, અચરાચરનો પરમ આધાર છે. યોગનાં અધિષ્ઠતા ભગવાન શિવ અને શકિતનો આ જ સહજ સામરસ્ય અભિપ્રેત શિવશકિત સ્વરૂપ સમ્પૂર્ણનાથનું સ્તવન છે.

निर्गुणं वामभागे च सव्यभागेऽद्भुता निजा ।

मध्यभागे स्वयं पूर्णस्तस्मै नाथायते नमः ।। ૯૫

જેમની ડાબી બાજુએ નિર્ગુણ સ્વરૂપ (બ્રહ્મ) અને જમણી બાજુએ અદ્‌ભૂત નિજાશકિત – ઈચ્છાશકિત (પરેમશ્વરી પરામ્બા મહામાયા) વિરાજિત છે. અને વચ્ચે જે સ્વયં પૂર્ણ અખંડ (પરમ શિવ) સર્વાધાર द्वन्द्वातीत (અલખ નિરંજન દ્વૈતાદ્વૈત વિનર્જિત

સ્વરૂપ) વિદ્યમાન છે, તે શ્રીનાથ (આદિબ્રહ્મ, આદિનાથ પરમેશ્વર) ને નમસ્કાર છે.

શૈવપુરાણોમાં અને હઠયોગ પ્રદીપકાનાં રચિયતાએ પણ સ્પષ્ટ કહ્યું છે કે, ભગવાન શિવ જ યોગનાં આદિગુરૂ, આદિપ્રવર્તક છે. હઠયોગ પ્રદીપિકાનાં રચયિતાએ નાદવિન્દુકલાત્મા શિવસ્વરૂપ ગુરૂને નમસ્કાર કરતાં કહ્યું છે કે, તેમની ઉપાસનાથી યોગી નિરંજન પદ પ્રાપ્ત કરે છે.

नमः शिवाय गुरूवे नादविन्दु कलात्मने ।

निरंजनपदं याति नित्यं यत्र परायणः ।।[૯૬]

અખંડ જ્ઞાનસ્વરૂપ નિરંજન જ સર્વભાવપદાતીત છે. આ દ્વૈતાદ્વૈત વિવર્જિત શિવ સ્વરૂપ પરમાત્મતત્વ જ નાથયોગનું પ્રાણભૂત છે. સંક્ષેપમાં કહીએ તો વેદોમાં શિવ માટે જે સ્તુતિ થઈ છે તે મુજબ જો બધી વિદ્યાઓનાં અધિષ્ઠતા ભગવાન શિવ હોય, તો પછી યોગવિદ્યાના અધિષ્ઠતા શિવ હોય તે स्वतः सिद्ध છે.

''इशान ' सर्वविद्यानामीश्वरः सर्वभूतानां ब्रह्माधिपतिर्ब्रह्मणोऽधिपतिर्ब्रह्मा शिवो मे अस्तु सदा शिवोम् ।''

અર્થાત્ જે સંમ્પૂર્ણ વિદ્યાઓનાં ઈશ્વર, સમસ્તભૂતોનાં અધીશ્વર બ્રહ્મવેદનાં અધિપતિ, બ્રહ્મ–બલ–વીર્યના પ્રતિપાલક તેમજ સાક્ષાત્ બ્રહ્મા એવં પરમાત્મા છે, તે જ સચ્ચિદાનંદમય નિત્ય કલ્યાણ સ્વરૂપ શિવ મારા બની રહો, તદુપરાંત અન્યત્ર પણ શિવને વંદન કરતાં 'નમો યોગીષ્ઠાય' કહેવાયું છે. આમ, સર્વત્ર શિવને જ યોગના અધિપતિ, યોગનાં અધિષ્ઠાતા કહેવાયા છે. અથવા કહો કે પતંજલિએ યોગશાસ્ત્ર લખ્યું તે પતંજલિ શેષાવતાર છે અને ભગવાન શિવનો સાથી શેષ છે. આમ અનેકવિધ રીતે યોગની શરૂઆત કરનાર, યોગનું જ્ઞાન સૌપ્રથમ પ્રસારિત કરનાર, યોગનાં આદિ આચાર્ય, અધિષ્ઠતા ભગવાન શિવ જ સિદ્ધ થાય છે. તેથી જ શૈવપુરાણો શિવને યોગનાં અધિષ્ઠતા સ્વરૂપે પણ વંદન કરે છે.

## ૫.૮ શિવની અષ્ટમૂર્તિઓ

શૈવપુરાણોમાં શિવનાં જે વિભિન્ન સ્વરૂપોની ચર્ચાઓ થઇ છે, તે સ્વરૂપોમાં એક સૌથી વધુ વૈજ્ઞાનિક સ્વરૂપ હોય તો તે છેં શિવની અષ્ટમૂર્તિઓ આધુનિક યુગમાં જયારે અધ્યાત્મ માત્ર કર્મકાંડમાં જ સીમિત થઇ રહયું છે. ત્યારે પુરાણોની વૈજ્ઞાનિકતા અને પ્રાસંગિતા શિવનાં અષ્ટમૂર્તિરૂપી સ્વરૂપના નામ માત્રથી જ સિદ્ધ થઇ જાય છે. શિવની આ અષ્ટમૂર્તિઓ માત્ર કથા નથી, પરંતુ પ્રકૃતિનાં વિવિધ તત્વો છે. જેનો આશય પણ સ્પષ્ટ છે કે– શિવ એ કોઇ દૈવી શકિત માત્ર જ નહીં, અપિતુ આપણી ચોતરફ વિખરાયેલ પ્રકૃતિ સ્વરૂપ છે. પુરાણો શિવની અષ્ટમૂર્તિઓનું વર્ણન કરતા કહે છે કે– શર્વ, ભવ, રુદ્ર, ઉગ્ર, ભીમ, પશુપતિ, ઇશાન તેમજ મહાદેવ – આ સદાશિવની પ્રસિદ્ધ આંઠ મુર્તીઓ છે. શિવની 'શાર્વી' મૂર્તિ પૃથિવીમયી છે. 'ભાવી' મૂર્તિ જલમયી છે. 'રૌદ્રિ' મૂર્તિ તેજોમયી છે. 'ઔગ્રી' મૂર્તિ વાયુમયી છે. 'ભૈમી' મૂર્તિ આકાશમયી છે. 'પશુપતિ' મૂર્તિ ક્ષેત્રરૂપા, 'ઇશાન' મૂર્તિ સૂર્યરૂપિણી, 'મહાદેવ' મૂર્તિ ચન્દ્રામયી છે. સોમ, સૂર્ય અને અગ્નિ આ ત્રણ તેજ ના જ ભેદો છે. શેષ પૃથ્વી, જલ, વાયુ, આકાશ અને આત્મા (ક્ષેત્રજ્ઞ, પશુપતિ) આ પંચમૂર્તિ પણ છે. આમ ક્ષેત્રજ્ઞ તેમજ પંચભૂત રૂપથી સદાશિવ – તત્વની અભિવ્યકિત છે. જેમકે–

'शर्वाय क्षितिमूर्तये नमः, भवाय जलमूर्तये नमः, रूद्राय अग्रिमूर्तिये नमः उग्राय वायुमूर्तये नमः, भीमाय आकाशमूर्त नमः, पशुपतये यजमानमूर्तये नमः, महादेवाय सोममूर्तये नमः, ईशानाय सूर्यमूर्तये नमः।'

भूमिरापस्तथा तेजो वायु व्योर्म च चन्द्रमा : ।

सूर्य : पुस्तथा चेति मूर्तयश्चाष्ट कीर्तिता : ।।[૯૭]

ॐ महादेवाय नमः, ॐ महेश्वराय नमः, ॐ शूर्पकर्णाय नमः, ॐ पिनाकध्रुते नमः

આદિ શિવનાં અષ્ટાક્ષર મન્ત્રો છે. આ અષ્ટમૂર્તિ અને અષ્ટ વિભાગાપન્ન પ્રણવનાં દ્યોતક છે. અકાર, ઉકાર, મકાર, નાદ, શબ્દ, કાલ અને કલાથી યુકત પ્રણવ 'દીર્ઘ' પ્રણવ છે. દીર્ઘ પ્રણવનાં અકાર, ઉકાર, મકાર, નાદ, બિન્દુ, કલા, અનુસંધાન અને ધ્યાન આ

અષ્ટભેદો પણ માન્ય છે. આમાં 'અકાર' સદ્યોજાત છે. 'ઉકાર' વામદેવ છે, મકાર 'અઘોર' છે. 'નાદ' તત્પપુરૂષ છે, 'બિન્દુ' ઈશાન છે, 'કલા' વ્યાપક છે, અનુસંધાન નિત્ય છે, 'ધ્યાન' બ્રહ્મસ્વરૂપ છે , આ પ્રમાણે સર્વવ્યાપક અષ્ટાકાર છે, 'अकारोकारमकारनादविन्दुकलानुसंधानध्यानाष्टविधा अष्टाक्षरं भवति ।' [૯૮] આ પ્રમાણે પુરાણોમાં શિવની આંઠ મૂર્તિઓનો વિશદ ઉલ્લેખ મળે છે , શિવના અષ્ટાક્ષર મન્ત્રનું પણ વર્ણન મળે છે. લિંગપુરાણમાં[૯૯] આ મૂર્તિઓનાં અધિકારી દેવોનાં નામો અપાયા છે.[૧૦૦] જો કે , આ નામો વૈદિક છે. શિવનાં નામો તો વેદોમાંથી જ લેવાયા છે. પણ તેમનું ભિન્ન–ભિન્ન મૂર્તિઓની સાથે અભિસન્ધાન, અભિધાનરૂપથી સંબંધ બતાવવાનું કામ પુરાણોનું છે. પ્રત્યેક મૂર્તિઓની ભાર્યા તેમજ એક પુત્રની કલ્પના તે–તે મૂર્તિઓની સાથે મનાઈ છે , જેમકે –

| ક્રમ | | શિવનું નામ | | પત્ની | | પુત્ર |
|---|---|---|---|---|---|---|
| ૧. પૃથ્વી – આત્મક શિવનું નામ છે | – | શર્વ | – | વિકેશી | – | અંગારક |
| ૨. જલાત્મક | – | ભવ | – | ઉમા | – | શુક્ર |
| ૩. અગ્નિ | – | પશુપતિ | – | સ્વાહા | – | ષણ્વમુખ |
| ૪. વાયુ | – | ઈશાન | – | શિવા | – | મનોજવ |
| ૫. આકાશ | – | ભીમ | – | દિશાઓ | – | સર્ગ |
| ૬. સૂર્યાત્મા | – | રુદ્ર | – | સુવર્ચલતા | – | શનૈશ્વર |
| ૭. સોમાત્મા | – | મહાદેવ | – | રોહિણી | – | બુધ |
| ૮. યજમાન | – | ઉગ્ર | – | દિક્ષા | – | સન્તાન |

આ પ્રમાણે શૈવપુરાણોમાં ભગવાન શિવની અષ્ટમૂર્તિઓને સુંદર રીતે વર્ણવાઈ છે. શિવતત્વ શિવદ છે. શિવમાં 'શ' શયન અને સુખ વાચક છે. સુખશયન સુષુપ્તિ અથવા સમાધિ છે. સુષુપ્તિ અને સમાધિમાં દૈહિક તાપનું વારણ અને ક્ષાલન થાય છે. 'ઈ'

અભિષ્ટોપલબ્ધિરૂપ કામ છે. અભિષ્ટોપલબ્ધિ થી ભૌતિક તાપનું વારણ થાય છે. 'વ' અમૃતબીજ, વરૂણ અને વિશ્લેણ છે. વરૂણાાદિ અધિદૈવ છે. તેમનાં અનુગ્રહથી દૈવિક તાપનું વારણ થાય છે. સર્વાત્મ સ્વરૂપ શિવતત્વ વિજ્ઞાનથી સમાધિ સિદ્ધિ અભીષ્ટોપલબ્ધિ અને દૈવાનુગ્રહની પ્રાપ્તિ સદા સંભવ છે.આ પ્રમાણે વિવિધ તાપોની શાન્તિ શિવસ્વરૂપ વાસ્તવ વસ્તુનાં પરિશીલનથી સહજ સંભવ છે. આ પ્રમાણે જ શકારનો અર્થ છે નિત્યસુખ અને આનન્દ ઈકારનો અર્થ છે પુરૂષ અને વકારનો અર્થ છે અમૃત સ્વરૂપા શકિત. આ બધાંનું સમ્મિશ્રિત સ્વરૂપ જ શિવ છે. તેથી આ રૂપમાં ભગવાન શિવને આત્મસ્વરૂપ જાણી તેમની અર્ચના કરવી જોઈએ.

सं नित्यसुखमानन्दमिकारः पुरूषः स्मृतः ।

वकारः शक्तिस्मृतं मेलनं शिव उच्यते ।।

तस्मादेवं स्वमात्मानं शिवं कृत्वार्चयेच्छिवम् ।।[१००]

સદાશિવનું 'શિવ' આ સ્વરૂપપરક નામ છે. 'શંકર' એ સ્વભાવપરક નામ છે, અને 'પ્રલયંકર' એ પ્રભાવપરક નામ છે. જે પ્રમાણે ભગવાન સૂર્ય પ્રકાશસ્વરૂપ છે, તેથી પ્રકાશ વિકિર્ણ કરવો તેનો સ્વભાવ છે, તેમજ તમ અને શૈત્યનું વારણ તેમનો સ્વભાવ છે. તે પ્રમાણે જ વિશ્વેશ્વર મહાદેવ શિવ સ્વરૂપ છે, કલ્યાણ–સ્વરૂપ હોવાથી તે શંકર છે. પ્રાણિઓનું સદાય મંગલ કરતાં રહેવુંતેનો સ્વભાવ છે. મંગલપ્રદ હોવાથી તે અમંગલોનાં વિધ્વંસક, પ્રલયંકર પણ છે. અકંગલધ્વંસ શિવનો પ્રભાવ છે. સદાશિવ તત્વનાં મુખ્ય ત્રસણ સ્વરૂપો છે. ૧. કાર્યબ્રહ્મ, ૨. કારણબ્રહ્મ અને ૩. કાર્ય–કારણાતીત પરબ્રહ્મ– મૃત–ઘટાદિ તુલ્ય સ્થૂલ–સૂક્ષ્મોપદિત ચિતપદાર્થ 'કાર્ય બ્રહ્મ' છે. ઘટાદિ ઉત્પાદિની શકત્યુપહિત મૃતુલ્ય માયોપહિત ચિતપદાર્થ 'કારણબ્રહ્મ' છે. માત્ર મૃત્તુલ્ય ચિત્પદાર્થ કાર્ય – કારણાતીતપરબ્રહ્મ છે.

જે પ્રમાણે તરંગ માળનું ઉદય સ્થાન, નિલય (નિવાસ) સ્થાન અને વિલયસ્થાન જળ છે. તે પ્રમાણે સ્થાવર–જંગાત્મક જગતનાં ઉદય સ્થાન, નિલય સ્થાન ઓ વિલય સ્થાન ભગવાન શિવ જ છે. તે જ કારણ છે કે ભગવાન શિવ સ્વયં લિંગ છે. તેમનો

વહિનધૂમવત ગમક (અનુમાપક) હોવાથી સ્થાવર–જંગાત્મક જગત પણ લિંગ છે, તે વિષયમાં ઉપનિષદમાં કહેવાયું છે કે –

सूक्ष्मत्वात कारणत्वाच्च लयनाद्गमनादपि ।

लक्षणात् परमेशस्य लिङ्गमित्यभिधीयते ।।[१०२]

शिव एव स्वयं लिङ्गं लिङ्गं गमकमेव हि ।

शिवेन गम्यते सर्व शिवो नान्येन गम्यते ।।

अतः सत्य चिदानन्द लक्षणः परमेश्वरः ।

स्वयमेव सदा लिङ्गं न लिङ्गं तस्य विद्यते ।।[१०३]

શૈવપુરાણો શિવની અષ્ટમૂર્તિસ્વરૂપની ચર્ચા કરે છે, જેથી શિવનું સાકાર સ્વરૂપ પણ સિદ્ધ થઈ જાય છે. આ અષ્ટમૂર્તિઓના ઉપાસ્ય રૂપોની ચર્ચા પણ શૈવપુરાણોમાં જોવા મળે છે. જેમકે –

## ❑ અષ્ટમૂર્તિના ઉપાસ્ય રૂપો :–

શૈવપુરાણાન્તર્ગત શિવની અષ્ટમૂર્તિના ઉપાસ્ય દેવો પણ વર્ણિત છે. જેમા ક્ષિતિ–લિંગ–શિવકાંચી , જલતત્વલિંગ–જંબુકેશ્વર ઈત્યાદિનો સમાવેશ છે. વિસ્તાર પૂર્વક જોઈએ તો –

## ૧) ક્ષિતિ–લિંગ–શિવકાંચી :–

પંચમહાભૂતોના નામથી જે લિંગો પ્રસિદ્ધ છે, તે બધા દક્ષિણ ભારતમાં સ્થિત છે. આમાંથી એકામ્રેશ્વરનું શિવકાંચીમાં છે. અયોધ્યા આ મોક્ષદાયિની સપ્ત પુરીઓમા આ કાંચીપુરી પણ છે, આ પુરીને હરિહરાત્મક પુરી પણ કહેવાય છે, કારણ કે આમાં શિવકાંચી અને વિષ્ણુકાંચી નામક બે ભાગો છે. કાંચીપુરમ સ્ટેશનથી એક મીલ દુર સર્વતીર્થ નામક એક સરોવર છે. આ સરોવર થી જ લગભગ એક ફર્લા દુર ભગવાન એકામ્રેશ્વર નું ભવ્ય એવં વિશાળ મંદિર છે. મુખ્ય મંદિરોમાં ત્રણ દ્વાર ભીતર શ્રી એકામ્રેશ્વર શિવલિંગ સ્થિત

છે, લિંગ મૂર્તિ શ્યામ છે. લિંગમૂર્તિ પાછળ શ્રી ગૌરી શંકરની યુગલ મૂર્તિ છે, ભગવાન એકામ્રેશ્વર પર જલ નથી ચડાવાતું, ચમેલીના સુગન્ધિત તેલથી જ ભગવાનનો અભિષેક થાય છે. મુખ્ય મંદિર નીબે પરિક્રમાઓ છે, શિવગણ, ગણેશજી, નન્દીશ્વર, કાલિકાદેવી આદિના નાના–નાના મંદિરો છે. જગમોહનમાં અષ્ટ યોગિનિયોની મૂર્તિઓ પણ છે.

ભગવાન એકામ્રેશ્વરના પ્રાગટયના વિષયમાં કહેવાય છે કે, એક વખત ભગવતી પાર્વતીએ કુતૂહલવશ ભગવાન શંકરના નેત્રો બંધ કરી દીધા, ફલ સ્વરૂપ ત્રણેય લોકમાં મહાઅંધકાર ફેલાઈ ગયો. અસમયે આ પ્રલય કારી પ્રદ્રૃશ્ય જોઈ ભગવાન શંકરે આના પ્રાયશ્ચિત સ્વરૂપ પાર્વતીજીને તપસ્યા કરવાનો આદેશ આપ્યો, તદનુસાર ભગવતી ઉમાએ વાલુકામય લિંગ બનાવી કઠોર તપસ્યાની શરૂઆાત કરી. ભગવતી પાર્વતી દ્વારા પ્રતિષ્ઠિત સ્થાવર લિંગકાંચીનું એકમાત્ર એકામ્રનાથ ક્ષિતિલિંગની પણ પૂજા, જલતત્વ–લિંગ કે જે જમ્બુકેશ્વરમાં સ્થિત છે. આ લિંગનું પણ એટલું જ મહત્વ છે, જેમ કે–

## ૨) જલતત્વ–લિંગ–જમ્બુકેશ્વર :–

પંચતત્વ લિંગોમાં જમ્બુકેશ્વર આપોલિંગમ (જલતત્વલિંગ) મનાય છે. ત્રિચિનાપલ્લીમાં શ્રી રંગમ થી એક મીલ દુર એક જલ પ્રવાહ ઉપર જમ્બુકેશ્વરલિંગ સ્થાપિત છે. આ મૂર્તિની વિશેષતા એ છે કે, લિંગ મૂર્તિની નીચેથી જલ ઉપર આવતું રહે છે. સ્પાપત્ય શિલ્પની  દ્રષ્ટિથી પણ આ મંદિર ખુબ જ ઉત્તમ મનાય છે. મંદિરની બહારના ભાગમાં પાંચ પર કોટા છે. અહિંના જમ્બુ અર્થાત જાંબુના વૃક્ષનું પણ સારૂ એવું માહાત્મ્ય છે. આ મહિમાને કારણે જ જલમૂર્તિનું નામ પણ જમ્બુકેશ્વર પડયું છે. ત્યાર પછીની મૂર્તિ છે, તેજોલિંગ મૂર્તિ.

## ૩) તેજોલિંગ–અરૂણાચલ :–

અરૂણાચલમનું જ તમિલનામ છે, તિરૂવણણમલૈ. અહીં ભગવાન શંકરનું દિવ્ય અગ્નિ સ્વરૂપ તેજોલિંગ અવસ્થિત છે. અરૂણાચલેશ્વર શિવનું મંદિર ખુબ જ વિશાળ છે, અને આ મંદિરનું ગોપુર દક્ષિણ ભારતનું સૌથી પહોળુ ગોપુર મનાય છે. ત્રણ ગોપુર પાર કર્યા પછી અરૂણાચલેશ્વરનું નિજ મંદિર છે. એવું કહેવાય છે કે – ભગવતી પાર્વતીએ

અમુક સમય સુધી અરૂણાચલતીર્થમાં તપસ્યા કરી હતી. જેના ફલ સ્વરૂપ અરૂણાચલ પર્વતમાં અગ્નિશિખાના રૂપમાં એક તેજોલિંગનો પ્રાદુર્ભાવ થયો. આ અગ્નિશિખા સ્વરૂપ તેજોલિંગ છે. અહી કાર્તિક પૂર્ણિમાં સમયે વિશેષ મહોત્સવ થાય છે. મંદિરની પરીક્રમા માં પણ અનેક દેવી દેવતાઓની મૂર્તિઓના ભવ્ય વિગ્રહો પ્રતિસ્થિત છે. આવું સુંદર લિંગમૂર્તિ સ્વરૂપ છે – તેજોલિંગનું.

## ૪) વાયુલિંગ–કાલહસ્તીશ્વર :–

તિરૂપતિ બાલાજીથી થોડું જ દુર સ્વર્ણમુખીના પવિત્ર તટ પર ભગવાન શિવ શ્રી કાલહસ્તીશ્વર નામથી વાયુલિંગ સ્વરૂપે પ્રતિસ્થિત છે. આ મંદિર ખુબ જ સુંદર અને ઉંચું છે. મંદિરના ગર્ભ ગૃહમાં પ્રકાશનો અભાવ છે, ભગવાનના દર્શન દિપકના પ્રકાશ માં જ થાય છે. લોકોનો એવો વિશ્વાસ છે કે અહી એક વિશેષ વાયુના લહેરના રૂપમાં ભગવાન સદાશિવ સદા વિરાજમાન રહે છે. મંદિરની પરિક્રમામાં અનેકો દેવી દેવતાઓની મૂર્તિઓ પ્રતિસ્થિત છે, અહીંની શિવની મૂર્તિ ગોળ નહી, પરંતુ ચોરસ છે. આ મૂર્તિની સામે મહાન ભકતગણ કણ્ણપ્પની પણ એક પ્રતિમા છે. આ વિલક્ષણ શિવ ભકતે પોતાના બન્ને નેત્રો કાઢી, ભગવાન શિવને સમર્પિત કરી દિધા હતા. આ ભકતની ભકિતને જોતા આપણને ભગવાન વિષ્ણુની શિવ ભકિત ની યાદ આવી જાય છે કે, જયારે ભગવાન વિષ્ણુ શિવ પુજા કરવા બેઠા હતા, એક હજાર કમળ દળોથી તેઓ શિવ આરાધના કરવા માગતા હતા. પરંતુ પરીક્ષાર્થ એમાથી એક કમળ ભગવાન શિવે ઓછું કરી દિધું ત્યારે ભગવાન વિષ્ણુએ પણ પોતાનું નયન કમળ કાઢી અને ઉભા થયા વગર જ ભગવાન શિવની સહસ્ત્ર કમળ દળ યુકત પુજા ની વિધી સમાપ્ત કરી હતી.

એવી પણ કથા છે કે સૌપ્રથમ કરોળીયાએ, સાપે અને હાથીએ અહીંયા આરાધના કરી હતી, અને તેના નામ પરથી જ ભગવાન શંકરના આ લીંગનું 'શ્રી કાલહસ્તીશ્વર' એવું નામ પડયું. એવો વિશ્વાસ કરી શકાય કે કાશીની જેમ અહીં પણ ભગવાન શંકર મૃત્યુ પ્રાપ્ત કરવાવાળાઓના કાનમાં તારકમંત્ર સંભળાવીને એમને મૃકિત આપે છે. નજીકમાં જ એક પહાડ પર મૉ દુર્ગાનું પણ મંદિર છે. મહાશિવરાત્રીના તહેવાર પર અહીં ખૂબ મોટ ઉત્સવ થાય છે.

## (૫) આકાશલીંગ – ચિદમ્બરમ્

ચિદમ્બરમ્ દક્ષિણ ભારતનું મુખ્ય તિર્થ છે. પંચતત્વ લીંગોમાં ભગવાનનું આકાશ – તત્વવાળું લીંગ ચિદમ્બરમ્માં જ પ્રતિષ્ઠિત છે. અહીંનું મંદિર કાવેરી નદીના કિનારે ખુબ સુંદર સ્થળ પર બનેલું છે. અહીંનાં મૂળમંદિરમાં કોઈ મૂર્તિ નથી. એક બીજા જ મંદિરમાં તાંડવનૃત્કારી ચિદમ્બરેશ્વરની નટરાજની સુંદર મૂર્તિ છે. ચિદમ્બરમ્નો અર્થ છે – ચિત્, જ્ઞાન, આકાશ અર્થાત્ ચિદાકાશ. ભગવાન નટરાજનું નિજ મંદિર પાંચમાં ઘેરાવમાં છે. મંદિરમાં નૃત્ય મુદ્રામાં ભગવાન નટરાજની ખૂબ જ સુંદર સેનાની મૂર્તિ છે. શ્રી નટરાજની જમણીબાજુ કાળી દિવાલમાં એક યંત્ર કોતરેલું છે. ત્યાં સોનાની માળાઓ લટકતી રહે છે. આ નીલ શૂન્યાવકાશ જ આકાશ તત્વ લીંગ છે. આ સ્થાન પર સવારે પડદો પડેલો હોય છે, અભિષેકના સમયે દર્શન થાય છે. મંદિરમાં સોનાથી મઢેલો એક મોટો દક્ષિણવર્ણ શંખ સ્થાપિત છે, જેની વિશેષ મહિમા છે.

## (૬) સૂર્ય – મૂર્તિ

ભગવાન સૂર્ય સવૃસાક્ષી પ્રત્યક્ષ દેવતા છે. શિવ અને સૂર્યમાં કોઈ ભેદ નથી. શાસ્ત્રનું વચન છે.

आदित्यं य शिव विद्याच्छिवमादित्यरूपिणम् ।
उभयोरन्तरं नास्ति ह्यादिव्यस्य शिवस्य च ।।

અર્થાત્ શિવ અને સૂર્ય તત્વ એક જ છે, બન્નેમાં કોઈ જ અંતર નથી. આથી પ્રત્યેક સૂર્યમંદિર ભગવાન શિવની સૂર્યમૂર્તિનું બોધક છે.

## (૭) ચંદ્ર મૂર્તિ :

કાઠિયાવાડના સોમનાથ અને બંગાળમાં ચટગાઁવની નજીક આવેલું ચન્દ્રનાથ જયોર્તિમય ભગવાન શિવની ચંદ્રમૂર્તિનું પ્રતિક છે. સોમનાથનું મંદિર પ્રભાસ ક્ષેત્રમાં છે. આ બન્ને ક્ષેત્રોમાં ભગવાન શિવ ચંદ્રના રૂપમાં પૂજ્ય છે.

## (૮) યજમાનમૂર્તિ – પશુપતિનાથ

ભગવાન શિવની આઠ મૂર્તિઓમાં નેપાળના પશુપતિનાથ મહાદેવ યજમાનમૂર્તિના પ્રતિક છે. નેપાળક્ષેત્રને પાશુપતક્ષેત્રમાં ગણના થઈ છે. નેપાળ – માહાત્મ્ય, સ્કન્દપુરાણ, શિવપુરાણ તથા વારાહપુરાણ વગેરેમાં આ ક્ષેત્રની મહિમા વર્ણવી છે. અહીં વાગમતી નામની એક પવિત્ર નદી છે, એ નદીના દક્ષિણ કિનારા પર કાઠમંડુ નગરના દેવપતન નામના સ્થાન પર ભગવાન પશુપતિનાથ મહાદેવનું સુપ્રસિદ્ધ મંદીર છે. મંદીર પેગૌડા શૈલીમાં નિર્મિત છે. અહીંના લીંગના પ્રાદુર્ભાવના સંબંધમાં એ પ્રસિદ્ધ છે કે શ્લેશમાન્તક નામના વનમાં સિધ્ધાચલની નજીક દેવનદી વાગમતીના કિનારે એક જગ્યાએ કામધેનું હંમેશા સ્વેચ્છાએ દુગ્ધપાત કરી જતી હતી. બ્રહ્માજી, ભગવાન વિષ્ણુને સાથે લઈને આ સ્થાન પર આવ્યા અને સ્વયંભૂ જયોતિ સ્વરૂપના દર્શન કરી એમની પ્રાર્થના કરવા લાગ્યા. આ તેજપુંજની ઉપર બ્રહ્મા અને વિષ્ણુએ ભગવાનની રત્નમયી પંચમુખી લિંગમૂર્તિની પ્રતિમા સ્થાપિત કરી અને ભગવાનને ત્યાં તે જ રૂપમાં પ્રતિષ્ઠિત થવાની પ્રાર્થના કરી. ભગવાને પ્રસન્ન થઈને ત્યાં જ તેજ રૂપમાં રહેવાનું સ્વીકાર્યુ. વર્તમાનમાં આ મણિમય સ્વર્ણલીંગના દર્શન પ્રાપ્ત થાય છે. અહીંનું મદિર ખૂબ જ ભવ્ય છે. મહાશિવરાત્રીના પર્વ પર અહીં મોટો મેળો હોય છે. મંદીરના પટાંગણમાં ગણેશ, સૂર્ય, ભૈરવ, વિષ્ણુ, વાસુકી, જયમંગલા, નીલસરસ્વતી, શીતલાદેવી, અષ્ટમાતૃકા, નવગ્રહ, નવકંઠ, વીરભદ્ર, મહાકાલી, વિઢપાક્ષ, નન્દી, ભૃઙ્ગી વગેરે દેવ–દેવીઓની મૂર્તિઓ પ્રતિષ્ઠિત છે. નેપાલ ક્ષ્યોત્રના કોશી–ત્રિશૂલીના મધ્યમાં સ્થિન કુશેશ્વર, ભીમેશ્વર, કાર્પેશ્વર, કાશ્યપેશ્વર, સ્ફટિકેશ્વર, ચન્ડેશ્વર, ધનેશ્વર, ઈન્દ્રેશ્વર, કાલેશ્વર, અસિનેશ્વર વગેરે ચોસઠ શિવલીંગોની યાત્રા તથા ગુહ્યેશ્વરી દેવીના દર્શનોની પણ અહીં ખૂબ મહિમા છે.

# પાદટીપ

૧. शिवपुराण, रूद्रसंहिता ९/३५-३६

૨. शिवपुराण, रूद्रसंहिता ९/६१

૩. **આ પ્રમાણે જ રામ અને શિવની એકતા પણ પદ્મપુરાણ દર્શાવે છે.**

ममास्ति हृदये शर्वो भवतो हृदये त्वहम् ।

आवयोरन्तरं नास्ति मुढाः पश्यन्ति दुर्धियः ।।

૪. शिवपुराण, रूद्रसंहिता ९/५५

૫. विष्णुपुराण

૬. शिवपुराण, वायवीय, पूर्वभाग १०/६

૭. शिवपुराण, वायवीय, उत्तरभाग

૮. **વિસ્તાર માટે દ્રષ્ટવ્યઃ**

वायुपुराण -अध्याय २७

૯. **આ સંકેત મૂળમાં જ અપાયો છે.**

नामभिश्छान्दसैश्चैव इदं स्त्रोत्रमुदीरचत् ।

— वायुपुराण - २४/९०

૧૦. वायुपुराण - अध्याय - २४/१०५-१०६

૧૧. यजुर्वेद - १६/५१

૧૨. श्वेताश्वतरोपनिषद् - १/११

૧૩. शैव सिद्धान्तसार

१४. शैव सिद्धान्तसार

१५. ऋग्वेद

१६. शिवपुराण विद्येश्वरसंहिता – १८

१७. योगशिखोपनिषद – २/१०

१८. सूतसंहिता – ४/२०–२८

१९. यर्जुवेद – १६/४१

२०. कै.सं.अ. – १६/५३–५७

२१. विद्येश्वरसंहिता – ८ / १६/२०

२२. विद्येश्वरसंहिता – १७/४

२३. कै.सं.अ. – ३/१४

२४. स्कन्दपुराण / केदारखण्ड – १

२५. विष्णुपुराण – १/७/११–१५ और

मार्कण्डेयपुराण – ५२ २–१०

२६. ऋग्वेद – ७/५९/१२

२७. यर्जुवेद – १६/४१

२८. शिवपुराण

२९. जगद्धरभट्टः – ३

स्तु.कुसु.त.स्तो.

३०. कल्याण

शिवोपासनाङ्क पृष्ठ – १८

६७ वर्ष, विशेषङ्क – ५८६

३१. अथर्वशिरउपनिषद् – १८

३२. मार्कण्डेयपुराण – ५२/२०

३३. ब्रह्मवैवर्तपुराण – १८
प्रकृति २/६६/७–१०

३४. श्वेताश्वतरोपनिषद – ६/७

३५. शिवपुराण
वायवीयसंहिता – अ.२

३६. शिवपुराण

३७. शिवपुराण
विद्येश्वरसंहिता – अ.९

३८. उदाहरतणतः – वायवीयसंहिता उ.अ. – २७

३९. लिङ्गपुराण पूर्वार्ध
अध्याय – १०२

४०. स्कन्दपुराण प्रभासस्कण्ड – अ. ६८

४१. तदोक्तं वचनं कार्य नारीणां देवता पतिः ।
नान्यस्मिन् सर्वथा भावः कर्तव्यः कर्हिचित् कुचित ।।
पतिशुश्रुषणं स्त्रीणां धर्म एव सनातनः ।
याद्शस्ता्शः सेव्यं सर्वथा शुभकाम्यया ।। – देवी भावगवत – ६/१८/२२–२३

४२. शिवोपासनाङ्क
कल्याण – पृष्ठ – १८
वर्ष – ६७ – विशेषाङ्क

४३. आनन्दलहरी – ५२

४४. ब्रह्मसूत्र ४/४/७

४५. ब्रह्मसूत्र ४/४/५

४६. ब्रह्मसूत्र ४/४/६

४७. आनन्दलहरी – ५६

४८. आनन्दलहरी

४९. ब्रह्मसूत्र १/१/२

५०. ब्रह्मसूत्र १/१/५

५१. छान्दोग्योपनिषद् – ६/२/१

५२. छान्दोग्योपनिषद् – ६/२/३

५३. आनन्दलहरी – ७

५४. माण्डूक्योपनिषद्

५५. श्वेताश्वतरोपनिषद्

५६. श्रीमद् भगवद्गिता – १४/३

५७. मनुस्मृति – १/३२

५८. लिङ्गपुराण – अ.१७

५९. शिवपुराण
वायवीयसंहिता पूर्वार्ध
अध्याय – ४/५५

६०. कल्याण
शिवोपासनाङ्क – ६७ वर्ष अंक

'अर्धनारीश्वर भगवान सदाशिव'
श्री एरच जे. एस. तारापुरवाला

૬૧. योगबीज – १९०

૬૨. शिवसंहिता – ५/२४८

૬૩. शिवसंहिता – १/१

૬૪. सिद्धसिद्धान्तपद्धति – ४/१३

૬૫. योगबीज – १२९

૬૬. सिद्धसिद्धान्तपद्धति – ४/२६

૬૭. गोरक्षसिद्धान्त संग्रह – १

૬૮. हठयोगप्रदीपिका – ४/१

૬૯. **રાજા ચન્દ્રસેન અને શ્રીકર ગોપની ભકિતમગી રોચક કથા** 'भक्तो के चरित' **શિર્ષક થી શિવોપાસનો ક – કલ્યાણ વર્ષ ૬૭ માં આપેલ છે.**

૭૦. शिवपुराण (रू.सृ.खं.)

૭૧. श्वेताश्वतरोपनिषद् – ३/५

૭૨. महाभारत
अनुशासन पर्व – १५/११

૭૩. शिवपुराण
वायवीयसंहिता ५. खण्ड – ४/५५

૭૪. श्रीमद् भागवत – ८/७/१९

૭૫. श्रीमद् भागवत – ८/७/३९

७६. श्रीमद् भागवत – ८/७/४४

७७. श्रीमद् भागवत – ६/३१

७८. रघुवंश – १/१

७९. अभिज्ञानशाकुन्तल – मङ्गलाचरण

८०. शिवमहिम्नंस्त्रोतम्

८१. शिवपुराण
वायवीयसंहिता / पू.खण्ड ३/१–३

८२. शिवपुराण
वायवीयसंहिता / पू.खण्ड ३१/४०८

८३. माण्डूक्योपनिषद्

८४. श्री रामचरित मानस
लंकाकाण्ड –३/३

८५. श्री रामचरित मानस
उत्तरकाण्ड ४५

८६. शिवोपासनाङ्क
सरसढवे वर्षका विशेषङ्क
पृष्ठ – १२० 'शिवयोग'

८७. स्कन्दपुराण / लिङ्गपुराण

८८. लिङ्गपुराण – उत्तरभाग
अध्याय – २१

८९. शिवोपासनाङ्क
'नाथयोग परम्परा और योगराज शिव'

श्री अवेद्यनाथजी महाराज

पृष्ठ - ११५

૯૦. योगबीज - १९०

૯૧. शिवसंहिता - ५/२४८

૯૨. शिवसंहिता - १/१

૯૩. सिद्धसिद्धान्तपद्धति - ४/१३

૯૪. सिद्धसिद्धान्त पद्धति - ४/२६

૯૫. गोरक्षसिद्धान्त संग्रह - १

૯૬. हठयोगप्रदीपिका - ४/१

૯૭. नारायणपूर्वतापिन्युपनिषद्

૯૮. नारायणपूर्वतापिन्युपनिषद्

૯૯. लिङ्गपुराण - उत्तरार्ध अध्याय - १२/१३

**૧૦૦. આ મૂર્તિઓનાં વિશિષ્ટ વર્ણન માટે દ્રષ્ટવ્ય :–**

वायुपुराण - २७–०

**અન્ય પુરાણોમાં પણ શિવની આ મૂર્તિઓનાં નામોનું વર્ણન મળે છે. જેમ કે –**

लिङ्गपुराण - अ० प३/ प१ - प६

૧૦૧. शिवपुराण - विद्येश्वरसंहिता - १८

૧૦૨. योगशिखोपनिषद् - २/१०

૧૦૩. सूतसंहिता - ४/२७ - २८

# પ્રકરણ – ૬

# ઉપસંહાર

# પ્રકરણ : ૬ ઉપસંહાર

सत्यं शिवं सुन्दरम् ભગવાન શિવના સત્ય રૂપ, શિવ અર્થાત્ કલ્યાણ સ્વરૂપ અને સુંદર રૂપ ને શૈવ પુરાણમાં વિભિન્ન પદ્ધતિથી વર્ણિત કરાયા છે. એક કર્મકાંડની દૃષ્ટિથી શિવની પ્રતિમા અથવા લિંગ માત્ર જ નહી, પરંતુ પુરાણોએ શિવના તે દિવ્ય સ્વરૂપોને પણ વર્ણવ્યા છેકે જેથી આ સંશોધન કર્તાએ પ્રસ્તુત સંશોધન કાર્ય અન્તર્ગત શિવના વિભિન્ન સ્વરૂપોને અત્રે ગ્રંથિત કર્યા છે. શિવના આ બધા જ સ્વરૂપો આલોચકોનું ધ્યાન આકર્ષિત કર્યા વિના ન રહી શકે, કારણ કે આ સંપુર્ણ જગતને પ્રાણ આપનારી શકિત જ ભગવાન શિવની પરાશકિત છે. તદુપરાંત શિવમાં જ શકિત સમાયેલી છે, જેથી શિવ શિવાનું અદ્વૈત પણ છે. ત્રિદેવ સ્વરૂપે કાર્યરત બ્રહ્મા, વિષ્ણુ અને સદાશિવ પણ બીજુ કંઈ નહી, પરંતુ સદાશિવના જ વિભિન્ન કાર્ય સ્વરૂપો તેમજ પ્રકૃતિના પાંચ મહાભૂતો પણ શિવના સ્વરૂપો, આમ, 'સર્વં શિવમયમ્' જેવી દૃષ્ટિ સિદ્ધ થાય છે. જેમ શિવ મહિમ્ન સ્ત્રોતમમાં કહેવાયું છે. તેમ રસ્તાઓ અલગ–અલગ છે. પરંતુ ગન્તવ્ય લક્ષ્ય એક જ છે. નદિઓ અલગ–અલગ રસ્તાઓથી અંતે તો સાગરને જ મળે છે, તેમ મનુષ્યો પણ વિવિધ ધર્મોનો આશ્રય લઈ પોત–પોતાના ધર્મગ્રંથોમાં વર્ણવાયેલ પરમતત્વ સુધી પહોચે છે, ત્યારે જણાય છે કે એ પરમ લક્ષ્ય તો એક જ છે – 'શિવતત્વ'

'ऋचीनां वैचित्र्या दृजुकुटिलनानापथजुषां–

नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ।'

શિવતત્વને શબ્દમાં બાંધવુ, અથવા શબ્દો સુધી સીમિત રાખવુ અઘરું જ નહી, અશકય પણ છે, શિવના સ્વરૂપોને વર્ણવવા માટે દશપુરાણો તો શ્રી વેદવ્યાસજીને લખવાં પડયાં છે, છતાં લોકોને સંતોષ નથી થયો, તેથી જ પુરાણોત્તરકાળમાં અનેકાનેક સમ્પ્રદાયો ઉદભવ્યાં, કે જે શિવનાં વિશેષ સ્વરૂપનાં ચાહકો હતા. જેમ કે– નાથ સમ્પ્રદાય, અઘોરી સમ્પ્રદાય, શાકત સમ્પ્રદાય આદિ અનેકાનેક. વિદ્વાનોએ શિવ તત્વને વર્ણવવા માનવ મસ્તિષ્કનો પરાકાષ્ઠાએ જઈ પુરાણો જેવા જ ગ્રંથો પણ લખ્યાં. સ્તોત્રોની તો કોઈ સીમા જ નથી. તદુપરાંત આ સંશોધન કર્તાએ સંશોધન દરમ્યાન એ પણ જોયું કે સમ્પૂર્ણ ભારત

વર્ષમાં દ્વારિકાથી–દિબ્રુગઢ (પશ્ચિમ થી પુર્વે) અને કાશ્મિરથી કન્યાકુમારી (ઉત્તરથી દક્ષિણ) સુધી સર્વત્ર સમાન રીતે વ્યાપ્ત, લોકોના મસ્તિષ્કમાં પરમ ઈષ્ટ તરીકે જો કોઈ હોય તો તે પણ શિવ જ છે. અમુક પ્રદેશમાં દેવી ભકતો વધુ છે, તેઓ પણ શિવને જ દેવીના અધિપતિ તરીકે સમ્માન પૂર્વક પુજે છે, અમુક પ્રદેશમાં ગણેશની પુજા થાય છે, ત્યાં પણ ગણપતિના પિતા તરીકે શિવની વધુ અર્ચના સ્વાભાવિક છે.

શિવનું સાકાર સ્વરૂપ એવું અદભુત છે કે, તેના પર બધાં જ મોહિત થઈ જાય છે. ભગવાનની તેજોમયી મૂર્તિનું દર્શન કરી, સ્ફટિક, શંખ, કુંદ, દુગ્ધ, કર્પૂરખંડ, શ્વેતાદ્રિ, ચન્દ્રાદિ બધાં જ લજિજત થઈ જાય છે. મનોહર ત્રિનયન, બાલચન્દ્ર તેમજ જટામુકુટ અને તેના ઉપર દુધની જેમ સ્વચ્છાકૃતિ ગંગાની આકૃતિ, બળપૂર્વક ભકતોના મનનું હરણ કરી લે છે. શિવ સકલ વિરૂદ્ધ ધર્માશ્રય છે. તેઓ ત્રિદેહમુકત હોવાથી દિગમ્બર છે. જ્ઞાનાગ્નિ દગ્ધ જગતને માટે અકિંચિત્કર છે, તેને જ લીલા પુર્વક અંગરાગ બનાવનારા શિવ ભસ્માંગરાગી છે. બધાંનાં વિશ્રામસ્થળ શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ શિવ અક્ષય્યવટતુલ્ય છે. સાંખ્ય, યોગ, અને વેદાન્તરૂપી ગણ અદભૂત જટાઓ શિરોભૂષણ છે.વૈશ્વાનર , હિરણ્ય–ગર્ભ અને પ્રાજ્ઞેશ્વર રૂપ અગ્નિ, સૂર્ય અને ચન્દ્ર સદાશિવ ભગવાનના ત્રિનેત્ર છે. શિવ ચન્દ્રતુલ્ય આહલાદક, સૂર્યતુલ્ય તમોનાશક અને અગ્નિતુલ્ય રાગાદિનાશક છે. વાયુભક્ષણ કરી ગેફામાં રહેનાર યોગિન્દ્ર, મુનીન્દ્ર, ભુજંગતુલ્ય છે. શંકર તે લોકોને ભૂષણ સ્વરૂપે સ્વીકૃત કરે છે. એ જ કારણ છે કે હર ભુજંગાભરણ કહેવાય છે. વૈરાગ્ય બોધ અને ઉપરતિરૂપ ત્રિશૂલને ધારણ કરનાર પશુપતિ વાસનાક્ષય, માનોનાશ અને અજ્ઞાનવિધ્વંસ કરી જીવોનો ઉદ્ધાર કરે છે. અહંનો લય સુષુપ્ત છે. અહંનું વિસ્મરણ 'સમાધિ' છે. અહંનો બાધ 'મુકિત' છે. સુષુપ્તિ , સમાધિ અને મુકિતરૂપ શ્મશાનમાં સ્વપ્રકાશ સદાશિવ જો સદા નિવાસ છે. શાન્તિ, દાન્તિ, દુઃખ નિવૃતિ, સર્વકામાવાપ્તિ, કૃતકૃત્યતા, પ્રાપ્તપ્રાપ્તવ્યતા, જ્ઞાતજ્ઞાતવ્યતા આદિ–બધાં શિવગણો છે. આમ શિવનું આધ્યાત્મિક સ્વરૂપ પણ ખૂબ નિરાળુ છે.' ઉપાસ્ય' તે તત્વ છે , જેની ઉપાસનાથી અભ્યુદય અને નિઃશ્રેયસિદ્ધિ સંભવ છે. 'ઉપાસક' તે વિદ્યા છે, જેનાં આલમ્બનથી ઉપાસ્યરૂપતા સંભવ છે. 'ઉપાસક' તે સાધક છે, જે ઉપાસ્યનો આશ્રય અને વિષય બનીને ઉપાસ્ય સાધર્મ્યને માટે યત્નશીલ છે. શિવનાં

સગુણ (સકલ) બન્ને રૂપોની ઉપાસના પ્રશસ્ત છે. વેદ વિગ્રહ અને લિંગનું આવલમ્બન કરી , ક્રમશઃ સકલ અને નિષ્કલ ઉભયરૂપ શિવોપાસના સંભવ છે. સાર્ષ્ટિ, સાલોમય, સારૂપ્ય અને સામીપ્યમોક્ષની સિદ્ધિ સકલોપાસના થી સુગમ છે. જયારે સાયુજયમોક્ષની સિદ્ધિ સકલ–નિષ્કલ ઉભયવિધ ઉપાસનાથી સંભવ છે.

સ્વયંને કર્તા, દ્રષ્ટા, ધ્યાતા, પ્રમાતાદિ, માનનારા મનીષિઓ અર્થાત ત્રિપુટીનાં માત્ર શિરોભાગમાં આત્મબુદ્ધિ સમ્પન્ન સાધક લિંગોપાસના કરી, કૈવલ્યપદ સુગમતાપૂર્વક પ્રાપ્ત કરી શકે છે. નામ, રૂપ, લીલાં અને ધામાવલમ્બનથી નિરાકારોપાસના સંભવ છે. વિષયાશકિતની નિવૃતિ અને અન્તઃસુખની અભિવ્યકિત સાકાર તેમજ સગુણોપાસનાની સિદ્ધિનાં દ્યોતક છે. શિવાત્મકવિજ્ઞાનથી અવિદ્યા, કામ અને કર્મની નિવૃતિ તેમજ પરમાનન્દ – રૂપથી અવસ્થિતિ નિર્ગુણોપાસનાની સિદ્ધિ, સમાધિ સિદ્ધિથી પ્રબિન્ધ નિવૃત્તિ, પ્રબિન્ધ નિવૃતિથી શિવાત્મ વિજ્ઞાનની અભિવ્યકિત, શિવાત્મ વિજ્ઞાનથી અનાત્મ સંસર્ગ– વિનિર્મુક્ત શિવાત્મ રૂપથી વ્યવસ્થિતિ રૂપા મુકિત સંભવ છે. આ પ્રમાણે શૈવપુરાણો કહે છે કે તમે શિવની સગુણ અને ર્નિગુણ બન્ને ઉપાસના પ્રશસ્ત રીતે કરી શકો છો. નિર્ગુણ સ્વરૂપ શિવને તો વેદો એ પણ વર્ણિત કર્યા, ઉપનિષદોએ પણ 'તત્વમસિ' આદિ કહીને આત્મા, પરમાત્માને એક બતાવ્યો, પણ જયારે સગુણ શિવની વાત આવે ત્યારે માત્ર શિવની પંચમુખી, પાર્વતી સાથે વિરાજિત, ભુજંગભુષણ અથવા શિવની લિંગ પૂજાની મૂર્તિ માત્ર નઝર સમક્ષ ઉપસ્થિત થાય છે, પરંતુ શૈવપુરાણો આ બધાથી થોડી અલગ અને ઉંચી વાત કરતા શિવની અષ્ટમૂર્તિઓની અને પંચમૂર્તિઓની ચર્ચા કરે છે. આ સ્વરૂપો પણ એવા છે કે જેથી માત્ર અધ્યાત્મવાદિ અથવા માત્ર કર્મકાંડી લોકો જ નહી, પરંતુ 'રેસનાલિસ્ટ ' સમુદાય પણ શિવના સ્વરૂપને, ઈશ્વરના સ્વરૂપને સરળતયા સમજી અને માની શકે .

શિવ પુરાણની સનત્કુમાર સંહિતાનાં છઠાં અધ્યાયમા લખ્યું છે કે, શિવની પંચમૂર્તિઓમાં પ્રથમ મૂર્તિ ક્રિડા કરે છે, બીજી તપસ્યા કરે છે, ત્રીજી લોક સંહાર કરે છે, ચોથી પ્રજા ની સૃષ્ટિ કરે છે, અને પાંચમી જ્ઞાન–પ્રધાન હોવાથી સદ વસ્તુયુકત સંપુર્ણ સંસારને પોતાનામાં આચ્છન્ન કરી રાખે છે. તે ઈશાન મૂર્તિ જ બધાની પ્રભૂ, બધામાં

વર્તમાન, સૃષ્ટિ અને પ્રલય કર્તા તેમજ સૌની રક્ષક છે. શિવપુરાણની વાયવીય સહિંતાના ચતુર્થ અધ્યાયમાં લખ્યુ છે કે શિવની ઈશાન નામની પરમોતમ પ્રથમ મૂર્તિ સાક્ષાત પ્રકૃતિ–ભોકતા, ક્ષેત્રજ્ઞ પૂરૂષમાં અધિષ્ઠિત રહે છે. તત્પુરૂષ નામની બીજી મૂર્તિ સત્વાદિ ગુણાશ્રય, ભોગ્ય પ્રકૃતિમાં અધિષ્ઠિત રહે છે. ત્રીજી ઘોર નામની મૂર્તિ ધર્માદિ અષ્ટાંગ–યુકત બુદ્ધિમાં અવસ્થિત રહે છે. ચતુર્થ મૂર્તિ , કે જેને વામદેવ કહેવાય છે , તે–અહંકારની અધિષ્ઠાત્રી છે. અને પાંચમી સદ્યોજાત મૂર્તિ મનની અધિષ્ઠાત્રી છે. ઉપરોકત પંચમૂર્તિઓ પણ પ્રખ્યાત છે. પરંતુ શિવની અષ્ટમૂર્તિઓની ઉપાસના વધૂ પ્રખ્યાત છે. ' શિવ ' પરમાત્મા અથવા પરબ્રહ્મનું જ નામાન્તર છે. તેઓ શાન્ત, શિવ, અદ્વેત અને ચતુર્થ છે. તેઓ વિશ્વાદ્ય, વિશ્વબીજ, વિશ્વદેવ, વિશ્વરૂપ, વિશ્વાધિપ અને વિશ્વાન્તર્યામી છે. અર્થાત બધું જ શિવ મય છે. શિવથી અતિરિકત કંઇ જ નથી. આ સમસ્ત જગત પૃથ્વિ આદિ પંચમહા ભૂતોમાં સંગઠિત છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, ચંન્દ્ર, સૂર્ય અને જીવાત્મા આ અષ્ટમૂર્તિઓ દ્વારા સમસ્ત ચરાચર નો બોધ થાય છે. તેથી દેવાધિદેવ ભગવાન શંકરનું નામ પણ 'અષ્ટમૂર્તિ' છે. તેથી જ ભગવાન શિવની પુજા કરવાથી સમસ્ત વિશ્વની , પ્રકૃતિની ઉપાસના આપોઆપ થઈ જાય છે. આ જ શિવ ની વાસ્તવિક આરાધના છે.

પુરાણો પછીનાં સમયમાં પણ શિવતત્વ ખૂબ જ વર્ણિત થયું છે. વેદ અને ઉપનિષદોનાં રહસ્યમય તેમજ સાહગર્ભિત મન્ત્રોની આજ સુધી વ્યાખ્યાઓ થતી રહેશે. ભારત ઉપરાંત અન્ય દેશોમાં પણ હિન્દુ સિવાયનાં સમુદાયમાં પણ શિવ ભકિત જોવા મળે છે. હરિદ્વાર, ૠષિકેશ આદિના આવતા વિદેશી ભકતોમાં પ્રાયઃ શિવભકતો અથવા શિવપંથી આચાર્યોના અનુયાયીઓ જ દીર્ઘ માત્રામાં આજે પણ જોવા મળે છે. 'ત્ર્યમ્બક' મંત્ર આજે આબાલ વૃદ્ધ પર્યન્ત સૌને કંઠે સાંભળવા મળે છે. એક વાત પ્રામાણિકતાપુર્વક સ્વીકારવી યોગ્ય સમજુ છે કે આ સંશોધન કાર્યમાં શિવના બધા જ સ્વરૂપો અથવા પૂર્ણ સ્વરૂપોનો સમાવેશ નથી થઈ શકયો, કારણ કે આ વિષય એટલો ગહન છે કે આ એક વિષય ઉપર હજી ઘણાં ગ્રન્થો લખી શકાય, તેથી જ માર્ગદર્શકશ્રી ના માર્ગદર્શન પ્રમાણે વિષય વસ્તુને તેની સીમિત મર્યાદાઓમાં જ રાખી, શિવતત્વને વર્ણવાયુ છે. જો તે મર્યાદાની બહાર નીકળવાનો પ્રયાસ પણ થાય તો તે સમુદ્રની માફક મસ્તિષ્કમાં ફરી વળે સંશોધન

કાર્ય દિશા ભ્રમિત થઈ જાય.

તેથી સૌ પ્રથમ સંશોધન કાર્યની શરૂઆતમાં પ્રસ્તાવના રજૂ થઈ છે, જેમાં અષ્ટાદશ પુરાણાન્તર્ગત શૈવપુરાણો તેમજ પૌરાણિક ઈતિહાસનું વર્ણન થયું. પુરાણનો વિસ્તૃત અર્થ અને ત્યાર પછી પુરાણોની ઉત્પતિ અને પૌરાણિક સાહિત્યના વિકાસ સંદર્ભે સંશોધન થયું. દ્વિતીય પ્રકરણ અન્તર્ગત વિષયોમાં પુરાણોનું વિસ્તૃત વિભાજન થયું. જેમાં પુરાણ લક્ષણોની સર્વપ્રથમ ચર્ચા થઈ, ત્યાર પછી ગુણ આધારિત પુરાણોનું વિભાજન થયું, દેવ આધારિત વિભાજન થયું, અને સમ્પ્રદાય આધારિત વિભાજન થયું. ઉપરોકત વિભાજનોથી અષ્ટાદશ પુરાણોના વર્ણ વિશે શંકા નથી રહેતી. શૈવપુરાણોની એકાદશ સંખ્યા પણ સિદ્ધ થાય છે. તેથી તૃતીય પ્રકરણ છે– શૈવપુરાણોનો સંક્ષિપ્ત પરિચય. આ પ્રકરણમાં શિવ, ભવિષ્ય, માર્કન્ડેય, લિંગ, વારાહ, સ્કંદ, મત્સ્ય, કૂર્મ, વામન, બ્રહ્માડ અને વાયુ પુરાણોનો અનુક્રમે સંક્ષિપ્ત માં પરિચય થયો છે.

ભગવાન શિવના સ્વરૂપનું યથાર્થ પ્રતિબિંબ આ બધા જ પુરાણોમાં પ્રાપ્ત થાય છે. શિવની વિવિધ શકિતઓ, શિવની લિલાઓ, શિવના કાર્યો તેમજ શૈવ સમુદાય માટેની બધી જ માહિતી આ પુરાણોમાં ઉપલબ્ધ છે. સંશોધનમાં આ પ્રત્યેક સ્વરૂપો અને શકિત ઓને સંક્ષિપ્તમા વર્ણવાયા છે. શૈવ પુરાણોએ શિવના સ્વરૂપોની વ્યાખ્યા કરી છે , જેથી સામાન્ય મનુષ્યો પણ સરળતાથી શિવના સ્વરૂપો ને સમજી શકે. પરંતુ શૈવ પુરાણોનો આધાર તો પરવર્તિ વેદ, ઉપનિષદ, બ્રાહ્મણગ્રન્થો તેમજ આરણ્યકો જ છે. તેથી સંશોધન મહાનિબંધ નું ચતુર્થ પ્રકરણ છે– 'સંસ્કૃત ગ્રન્થોમા શિવનું સ્વરૂપ' આ પ્રકરણ અન્તર્ગત સંહિતા, બ્રાહ્મણ ગ્રન્થો, આરણ્યકો, ઉપનિષદો, રામાયણ, મહાભારત તેમજ પ્રશિષ્ટ સાહિત્યમાં વર્ણવાયેલ ભગવાન શિવના સ્વરૂપને ચિત્રત કરાયુ છે. આ બધા જ ગ્રન્થોમાં શિવનું સ્વરૂપ અત્યંત રમણીયતાપુર્ણ તેમજ ભકિતપરક છે. તત્પશ્ચાત પંચમ પ્રકરણમાં તમામ સંશોધનના સાર સ્વરૂપે શૈવપુરાણોમાં વર્ણિત શિવના સ્વરૂપોના અંતિમ તેમજ સંશોધનાત્મક નિરૂપણો થયા છે, જેમાં મુખ્યતયા સંશોધિત સ્વરૂપો આંઠ છે.

૧. શિવનું પરમતત્વ તરીકેનું સ્વરૂપ

૨. તમોગુણના અધિષ્ઠાતા તરીકેનું સ્વરૂપ

૩. શકિતના અધિષ્ઠાતા તરીકેનું સ્વરૂપ

૪. શિવ–શિવાનું અદ્વૈત સ્વરૂપ

૫. શિવનું પ્રલયકારી સ્વરૂપ

૬. શિવનું કલ્યાણકારી સ્વરૂપ

૭. યોગના અધિષ્ઠાતા તરીકેનું સ્વરૂપ

૮. પુરાણોમાં વર્ણિત શિવની અષ્ટમૂર્તિઓ

આ બધાં જ સ્વરૂપો પ્રશિષ્ટ સાહિત્ય અને આધુનિક સંસ્કૃત સાહિત્યમાં પણ વર્ણિત છે. તમામ ગ્રન્થોના ગહન અધ્યયન પશ્ચાત સંશોધક દ્વારા શિવના ઉપરોકત સ્વરૂપો અહી પ્રદર્શિત કરાયા છે. ભગવાન શિવના વિભિન્ન સ્વરૂપોનું વર્ણન કરતો શ્લોક અત્રે ઉલ્લેખનીય છે કે –

चिताभस्मालेपो गरलमसनं दिक्पटधरो –

जटाधारी कण्ठे भुजगपतिहारि पशुपति

कपालीभुतेशो भजतिजगदीशैकपदवी

भवानीत्वत्पाणि ग्रहणपरिपातुः फलमिदम् ।

દૈવી અપરાધ ક્ષમાપન સ્ત્રોતમ્નો આ શ્લોક જેમ ભગવાન શિવના સ્વરૂપને વર્ણવે છે, તેમ ભગવાન શિવના બધાં ભૌતિક તેમજ આધ્યાત્મિક સ્વરૂપો આ મહાશોધ નિબંધ માં પ્રસ્તુત થયા છે. અંતિમ પ્રકરણ ઉપસંહાર રૂપે પ્રસ્તુત છે. છ પ્રકરણો પછી પરિશિષ્ટ નિર્દિષ્ટ છે જેમાં ભગવાન શિવના વિશિષ્ટ સ્વરૂપોના ચિત્રો પ્રદર્શિત થયા છે. આ બધા જ સ્વરૂપો સાહિત્યમાં વર્ણનાત્મક છે પરંતુ ભકતોએ તેમાં પોતાની કલ્પનાઓ ઉમેરીને શિવના સ્વરૂપોને વધુ સગુણ બનાવ્યા છે. શિવ સમ્પ્રદાય વિષયક યંત્રો તેમજ ભૌગોલિક માનચિત્રોનો ઉલ્લેખ પણ પરિશિષ્ટ–૧માં થયો છે. અંતે અકારાદિ ક્રમે સંદર્ભ ગ્રન્થોની

સૂચિ પ્રસ્તુત કરી છે. આ સંશોધન–મહાનિબંધના સંદર્ભગ્રન્થોને અત્રે સંસ્કૃત, હિન્દી, ગુજરાતી અને અંગ્રજી એવા ક્રમથી ભાષાનુસાર વર્ગીકૃત–સૂચિ બનાવેલ  છે. અંતે ઉપયોગી નીવડેલ સામયિકો,  કોશગ્રન્થો વગેરેની યાદી આપી છે. શોધ મહાનિબંધને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યુ છે.

# પરિશિષ્ટ – ૧

# શિવ વિષયક યંત્રો

# તેમજ માનચિત્રો

# भारत के प्रधान शिवपीठ



# शिव का नित्यधाम महाकैलाश



# श्री महामृत्युंजय-कवच-यन्त्रम्



# सप्तद्वीपी एवं चर्तुद्वीपी भूगोल



सप्तद्वीपी भूगोल

राय कृष्णदास जी के सौजन्य से



चतुर्द्वीपी भूगोल

# પરિશિષ્ટ – ૨

# શિવના વિભિન્ન સ્વરૂપોનાં ચિત્રો

# हर



# भव



# शर्व



# अर्धनारीश्वर



# महामृत्युंजय



# सदाशिव



# पञ्चानन



# शिव





शिव विवाह

# પરિશિષ્ટ – ૩

# સંદર્ભગ્રન્થોની

# અકારાદિક્રમે સૂચિ

# संस्कृत

| क्रम | ग्रन्थ-नाम | ले./अनु./संपा./प्रका. |
|---|---|---|
| १ | अग्निपुराणम् | आचार्य बलदेव उपाध्याय<br>चौखम्बा प्रकाशन-वाराणसी |
| २ | अष्टादशपुराणदर्पण | ज्वालाप्रसाद मिश्र<br>प्रका:गंगाविष्णु श्रीकृष्णदास,<br>बम्बई ,सन्:१९७९ |
| ३ | अष्टादशपुराणपरिचयः | श्रीकृष्णमणी त्रिपाठी<br>वाराणसी, सन्:२०१३ |
| ४ | कूर्मपुराणम् | आचार्य तारिणीश झा१२,<br>सम्मेलन मार्ग,इलाहाबाद,<br>प्रथम संस्करण,सन्:१९९३ |
| ५ | कल्किपुराणम् | डॉ. अशोक चैटर्जी<br>अनुसन्धान संस्थान, संस्कृत<br>विश्वविद्यालय वाराणसी सन्:१९७२ |
| ६ | कालिकापुराणम् | आचार्य बलदेव उपाध्याय<br>चौखम्बा प्रकाशन-वाराणसी |
| ७ | धर्म कल्पद्रूम | भारतधर्म महामण्डल-काशी |
| ८ | धर्म विज्ञान | भारतधर्म महामण्डल-काशी<br>सन्:१९३९ |
| ९ | नारदीय भक्तिसूत्र | गीताप्रेस-गोरखपुर |

| | | |
|---|---|---|
| १० | पुराणतत्वमीमांसा | श्रीकृष्णमणी त्रिपाठी<br>वाराणसी, सन्:१९६१ |
| ११ | पुराणानुशीलन | म.म.गिरिधरशर्मा चतुर्वेदी<br>बिहार राष्ट्रभाषा परिषद्<br>पटना, सन्:१९७० |
| १२ | पुराणपर्यालोचनम् | पण्डित श्रीकृष्णमणि त्रिपाठी<br>चौखम्बा सुरभारती प्रकाशन-<br>वाराणसी, सन्:१९७७ |
| १३ | ब्रह्माण्ड महापुराणम् | डॉ. के.वी.शर्मा<br>चौखम्बा कृष्णदास अकादमी<br>वाराणसीसंस्करणः पुनर्मुद्रित<br>वि.सं.:२०६६ |
| १४ | भविष्य महापुराणम्<br>(प्रथम खण्ड) ब्राह्मपर्व | पण्डित बाबूराम उपाध्याय<br>प्रथम संस्करण, सन्: १९९५ |
| १५ | भविष्य महापुराणम्<br>(द्वितीय खण्ड)<br>मध्यम एवं प्रतिसर्गपर्व | पण्डित बाबूराम उपाध्याय<br>द्वितीय संस्करण,सन्: २००६ |
| १६ | भविष्य महापुराणम्<br>(तृतीय खण्ड) उत्तरपर्व | पण्डित बाबूराम उपाध्याय<br>सन्: २००३ |
| १७ | मनुस्मृति | कुल्लुक भट्ट<br>मोतीलाल बनारसीदास<br>दिल्ली,सन्:१९८३ |

| | | |
|---|---|---|
| १८ | मार्कण्डेय महापुराणम् | स्व.कन्हैयालाल मिश्र<br>हिन्दी साहित्य सम्मेलन<br>प्रयाग, इलाहाबाद,<br>प्रथम संस्करण,सन्: १९९६ |
| १९ | रूद्राष्टाध्यायी | गीताप्रेस–गोरखपुर<br>सोलहवाँ पुनर्मुद्रण,<br>सन्:२०६६ |
| २० | लिङ्ग महापुराणम् | पं. द्वारकाप्रसाद मिश्र शास्त्री<br>चौखम्बा संस्कृत सीरीज<br>आफिस,वाराणसी,<br>प्रथम संस्करण,सन्:२००८ |
| २१ | वामनपुराण | पं. श्यामसुंदरलालजी त्रिपाठी<br>खेमराज श्रीकृष्णदास प्रकाशन<br>बम्बई–४ ,सन्:२००२ |
| २२ | वाराहपुराणम् | श्री हृषीकेश शास्त्री<br>चौखम्बा अमरभारती प्रकाशन<br>वाराणसी,द्वितीय संस्करण ,<br>सन्:१९८२ |
| २३ | वायुपुराणम् | रामप्रताप त्रिपाठी शास्त्री<br>हिन्दी साहित्य सम्मेलन<br>प्रयाग,इलाहाबाद,<br>तृतीय संस्करण– शक :१९२७<br>सम्वत्: २०६२, सन्: २००५ |

| | | |
|---|---|---|
| २४ | शिव महापुराण | विद्यावा. पं.ज्वालाप्रसादजी मिश्र खेमराज श्रीकृष्णदास बम्बई-४, वि.सं.:२०६५, |
| २५ | शिवस्तोत्र रत्नाकर | गीताप्रेस-गोरखपुर उन्नीसवाँ पुनर्मुद्रण सन्:२०६६ |
| २६ | श्रीमत्स्यपुराणम् (प्रथमभाग) | डॉ.श्रद्धा शुक्ला नाग पब्लिशर्स-११ए,यू.ए. जवाहर नगर, दिल्ली, प्रथम संस्करण, सन्: २००४ |
| २७ | श्रीमत्स्यपुराणम् (द्वितीयभाग) | डॉ.श्रद्धा शुक्ला नाग पब्लिशर्स-११ए,यू.ए. जवाहर नगर, दिल्ली, प्रथम संस्करण |
| २८ | श्रीमद्भगवद्गीता | गीताप्रेस-गोरखपुर |
| २९ | श्रीमद्भागवत-रहस्य | स्वामी अखण्डानन्द सरस्वती बम्बई,द्वितीय संस्करण सन्:१९६३ |
| ३० | सांख्यकारिका | ईश्वरकृष्ण विद्याविलासप्रेस-बनारस सन्:१९०५ |

| | | |
|---|---|---|
| ३१ | सनातनधर्मालोक | दीनानाथ शानधर्मालोक<br>दीनानाथ शास्त्री सारस्वत<br>दिल्ली,सन्:१९६०-६५ |
| ३२ | सनातनधर्मोद्धार: | पं.नकछेदराम द्विवेदी<br>हिन्दू विश्वविद्यालय-काशी |

# हिन्दी


| क्रम | ग्रन्थका नाम | ले./अनु./संपा./प्रका. |
|---|---|---|
| १ | आर्यसंस्कृतिके आधारग्रन्थ | बलदेव उपाध्याय<br>नन्दकिशोर एन्ड सन्स-काशी<br>सन्:१९६३ |
| २ | पुराण विमर्श | बलदेव उपाध्याय<br>नन्दकिशोर एन्ड सन्स-काशी सन्:१९६३ |
| ३ | पुराणस्थ वैदिक सामग्री काअनुशीलन | रामशङ्कर भट्टाचार्य<br>हिन्दी साहित्य सम्मेलन-प्रयाग |
| ४ | भागवत सम्प्रदाय | बलदेव उपाध्याय<br>नागरी प्रचारणी सभा-काशी |
| ५ | भारतीय वाङ्मयर्मे श्रीराधा | बलदेव उपाध्याय<br>बिहार राष्ट्रभाषा परिषद्-पटना |
| ६ | भारतीय दर्शन | बलदेव उपाध्याय<br>शारदा मन्दिर-काशी,<br>सन्:१९७७ |
| ७ | भारतीय दर्शन | डॉ. राधाकृष्णन्<br>राजपाल एन्ड सन्स-दिल्ली<br>सन्:१९६६ |
| ८ | भारतीय दर्शनसार | बलदेव उपाध्याय<br>सस्ता साहित्य मण्डल-दिल्ली |
| ९ | भारतवर्षका बृहद् इतिहास (प्रथमभाग) | भगवद् दत्त-दिल्ली,<br>सम्वत्:२००८ |

| | | |
|---|---|---|
| १० | मार्कण्डेय पुराण | वासुदेवशरण अग्रवाल<br>हिन्दुस्तानी एकेडमी–इलाहाबाद<br>सन्:१९६१ |
| ११ | मध्य एशियाका इतिहास<br>(प्रथमखण्ड) | राहुल सांकृत्यायन<br>बिहार राष्ट्रभाषा परिषद्–पटना<br>सन्:१९५६ |
| १२ | मध्यकालीन साहित्यर्मे<br>अवतारवाद | चौखम्बा–काशी<br>प्रकाशन वर्ष: सन्:१९६१ |
| १३ | राम–कथा | फाघर कामिक बूल्के<br>हिन्दी परिषद्–प्रयाग,<br>द्वितीय संस्करण,सन्:१९६४ |
| १४ | वामनपुराण का एक<br>सांस्कृतिक अध्ययन | डॉ. मालती त्रिपाठी–वाराणसी |
| १५ | वैष्णव,शैव और अन्य<br>धार्मिकमत | रामकृष्ण गोपाल भांडारकर<br>अनु. महेश्वरी प्रसाद<br>भारतीय विद्याभवन–वाराणसी<br>सन्:१९६७ |
| १६ | वैष्णव सम्प्रदायोंका<br>साहित्य और सिद्धान्त | आचार्य बलदेव उपाध्याय<br>चौखम्बा प्रकाशन–वाराणसी<br>सन्:१९७८ |
| १७ | संस्कृत साहित्यका<br>इतिहास | ए.बी.कीथ<br>अनु. डॉ. मंगलदेव शास्त्री<br>मोतीलाल बनारसीदास–दिल्ली<br>सन्:१९६० |
| १८ | संस्कृत साहित्यका<br>इतिहास | पं. बलदेव उपाध्याय<br>द्वारका मन्दिर–वाराणसी, |

# ગુજરાતી

| ક્રમ | પુસ્તકનું નામ | લે./અનુ./સંપા./પ્રકા. |
|---|---|---|
| ૧ | કાવ્યપ્રકાશ | ગૌતમ પટેલ અને અન્ય<br>સી. જમનાદાસની કંપની-અમદાવાદ,<br>સન્: ૧૯૯૫ |
| ૨ | પાણિનીય શિક્ષા | ડૉ. જયદેવભાઈ શુક્લ<br>ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ,<br>સન્: ૧૯૭૬ |
| ૩ | ભાષા વિજ્ઞાન | ડૉ. કાન્તિલાલ બળદેવરામ વ્યાસ<br>એન.એમ.ત્રિપાઠી, પ્રા.લિ. મુંબઈ |
| ૪ | મધ્યયુગીન ભારત (ખંડ-૨) | ડૉ. છોટુભાઈ નાયક<br>ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદ |
| ૫ | ઋગ્વેદ પ્રવેશિકા | એલ.વી.જોષી<br>નારાયણ કંસારા અને અન્ય<br>સરસ્વતી પુસ્તક ભંડાર-અમદાવાદ, સન્: ૧૯૯૭ |
| ૬ | ઋગ્વેદ-૭ મંડલ | વસંતકુમાર મ. ભટ્ટ<br>સરસ્વતી પુસ્તક ભંડાર-અમદાવાદ, સન્: ૧૯૯૯ |
| ૭ | વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓ | ચન્દ્રકાન્ત બક્ષી<br>અશોક પ્રકાશન, સન્: ૨૦૦૮ |
| ૮ | વેદ પરિચય | આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર<br>યુનિ. ગ્રન્થ નિર્માણ બોર્ડ, પાર્શ્વ પબ્લિકેશન<br>-અમદાવાદ, સન્: ૨૦૦૩ |
| ૯ | વૈદિક સાહિત્યનો ઈતિહાસ | ડૉ. રવીન્દ્ર પી. પટેલ<br>પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ |
| ૧૦ | વૈષ્ણવપુરાણોનાં સ્તોત્રોમાં ભકિત અને દર્શન | પ્રો. જીતેન્દ્ર દેસાઈ<br>પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, સન્: ૨૦૦૩ |
| ૧૧ | સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ | મેકડોનલ<br>અનુ. પ્રા.એમ.પી.દવે<br>પોપ્યુલર પબ્લિસિંગ હાઉસ-સુરત<br>આવૃત્તિઃ દ્વિતીય, સન્: ૧૯૬૮ |

| | | |
|---|---|---|
| ૧૨ | સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ | પ્રો. જીતેન્દ્ર દેસાઈપાર્શ્વ પબ્લિકેશન<br>અમદાવાદ, સન્ઃ ૨૦૦૩ |
| ૧૩ | સંસ્કૃત સ્તોત્રકાવ્ય ઉદ્ભવ–વિકાસ<br>અને સ્વરૂપ | ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ<br>શ્રી દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી–<br>દ્વારકા,આવૃત્તિઃ પ્રથમ,<br>સન્ઃ ૧૯૭૮ |
| ૧૪ | સંસ્કૃત સ્વાધ્યાય મંજૂષા | ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ<br>સંસ્કૃત સાહિત્ય અકાદમી–ગાંધીનગર<br>આવૃત્તિઃ પ્રથમ, સન્ઃ ૧૯૯૯ |

## ENGLISH BOOKS


| | |
|---|---|
| History of Classical Sanskrit Literature | M. Krishnamacharia, Motilal Banarasidas, Varanasi, First Reprint, 1970 |
| History of Dharmashastra II.pp.815-1002) | P. V. Kane: (Vol. V, part Poona, 1962 |
| History of Sanskrit Literature | V. Varadachari, Allahabad, 1952 |
| History of Sanskrit literature, Vol. I | S. N. Dasgupta and S.K. Dey Uni of Calcutta, 1962 |
| History of South India | K. A. Nilkantha Sastri Oxford Uni. Press, Madras, 1965 |
| Purana (A research bulletin wholly devoted to the study of Purana.) | All India Kashiraja Trust, Ramanagar Fort, Varanasi, 10 Vol., published in1959-1978. |
| Sakti or Divine Power | S. K. Das, Uni. of Calcutta, 1934 |
| Studies in Puranic Geography and Ethnology- Skadvipa. | Dr. Buddha Prakash Published by all India Kashiraj Trust, |

# કોશ,અંક વગેરે


| | |
|---|---|
| अमरकोश | पंडित अमरसिंह<br>प्रकाशकः अत्यभामाभाई पांडुरंग<br>निर्णयसागर प्रेस, मुंबई, १९८८ |
| कल्याण पुराणकथाङ्क | राधेश्याम खेमचा गीताप्रेस<br>– गोरखपुर, वर्ष–६३, ई.स.१९८९ |
| प्राचीन चरित्रकोश | म.म. सिद्धेश्वर शास्त्री चित्राव<br>भारतीय चरित्रकोश मंडल<br>पुना. ई.स. १९६४ |
| वराहपुराण अङ्क | गीताप्रेस–गोरखपुर<br>कल्याण कार्यालय,<br>वर्ष–५१, जनवरी, १९७७ |
| वेदकथाङ्क | गीताप्रेस–गोरखपुर<br>कल्याण कार्यालय,<br>संस्करण : चतुर्थ पुनर्मुद्रण<br>वि.सं. २०६६ |

| | |
|---|---|
| शिवोपासनाङ्क | गीताप्रेस-गोरखपुर कल्याण कार्यालय, वि.सं.-२०४९,ई.स. १९९३ |
| हिन्दूधर्मकोश | डॉ. राजबली पाण्डे उत्तरप्रदेश हिन्दी संस्थान लखनौ, ई.स. १९८८ |
| તત્ત્વદર્શન | ભારતીય સંસ્કૃતિ સંવર્ધક ટ્રસ્ટ, સાંદીપનિ વિદ્યા નિકેતન-પોરબંદર |
| યુગશકિત ગાયત્રી (ગુજરાતી) | પંડિત લીલાપત શર્મા, ગાયત્રી તપોભૂમિ-મથુરા |